Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112692

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिक्षण साहित्य

५६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

તંત્રી

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

112692



વર્ષ ૧૬ અંક ૧

જાન્યુઆરી નવજીવન, અમદાવાદ ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

જાન્યુઆરી, ૧૯૫૭

વર્ષ ૧૬ અંક ૧

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
ગુજરાતી ભાઈબહેનોને	જીવણજી દેસાઈ	૧
'અમારો ઉદ્દેશ'	મો૦ ક૦ ગાંધી	૨
હિંદી પ્રચારના મુખ્ય સિદ્ધાંતો	મગનભાઈ દેસાઈ	૫
નાગરી લિપિમાં સુધારા	મગનભાઈ દેસાઈ	૬
૧૭૫૭–૧૮૫૭–૧૯૫૭	મગનભાઈ દેસાઈ	૭
ગાંધીજી અને સંતતિનિયમન	મગનભાઈ દેસાઈ	૯
સુએઝ હંગેરી અને મુંબઈ	મગનભાઈ દેસાઈ	૧૧
માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૧૩
મુંબઈના નવા રાજ્ય માટે સલામતીઓ	મગનભાઈ દેસાઈ	૧૫
ચિંતન અને મનન		૧૭
હીરાનો કાંટો	ચક્રવર્તી રાજગોપાલાચાર્ય અનુ૦ મુ૦ ક૦	૧૮
ગ્રામવિકાસ માટે સર્વોદય યોજના	વિ૦	૨૦
વીસમી સદીના ગુજરાતી પ્રકાશનો	દશરથલાલ શાહ	૨૧
શિક્ષણ અને સમાજ		૨૩
શિક્ષણ સંસ્થાઓમાં શિસ્તનો પ્રશ્ન	વિશનજી હી૦ મારુ	૨૪
रॉबिन्सन क्रूसोकी आपबीती	અનુ૦ निर्मला परलीकर	૨૫
आचरणका असर	मुकुलभाई कलार्थी અનુ૦ गिरिराजकिशोर	
નવું વાચન		
સિદ્ધ વૈતાલ : રોહિણી (ખંડ ૧)	મુ૦ ક૦	૩૦
કંચુકીગંધ	મુ૦ ક૦	૩૦
નવો હલકો	મુ૦ ક૦	૩૦
હૈયાને અજવાળે	મુ૦ ક૦	૩૧
મોતી	મુ૦ ક૦	૩૧
સંભારણાં	મુ૦ ક૦	૩૧
મહીના ઓવારે	મુ૦ ક૦	૩૧
બાપુનાં સંભારણાં	મુ૦ ક૦	૩૧
કલાકારની કલમે	મુ૦ ક૦	૩૧
ગાંધીજીનું ગૃહમાધુર્ય	મુ૦ ક૦	૩૧
મારા અનુભવો	મુ૦ ક૦	૩૧
સંભારણાં—૨	મુ૦ ક૦	૩૧
મહારાજની વાતો	મુ૦ ક૦	૩૧
ગૂર્જર વાર્તા-વૈભવનાં છ પુસ્તકો —ધર્મકથાઓ; ઐતિહાસિક કથાઓ; સામાજિક કથાઓ; હાસ્યકથાઓ; લોકકથાઓ; ઇતર કથાઓ	મુ૦ ક૦	૩૨
ઉલ્લાસિકા	મુ૦ ક૦	૩૨
બોધકથાઓ	મુ૦ ક૦	૩૨
અમર બાપુ	મુ૦ ક૦	૩૨
गाँवकी पुकार	મુ૦ ક૦	૩૨
ग्राम संकल्प	મુ૦ ક૦	૩૨
યુગ પલટાય છે	મુ૦ ક૦	૩૩

સૂચના

આ માસિક દર મહિનાની પંદરમી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતિ છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતિ છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં અમદાવાદ (કલ્યાણ ભુવન, રિલીફરોડ); મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ; (લાખાજીરાજ રોડ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, કૉનોટ સર્કસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધીભવન, યશવંત રોડ); વડોદરા (કોઠી સામે, રાવપુરા); લખનૌ (વિષ્ણુઆશ્રમ અમીનુદ્દૌલા પાર્ક) અને પટના (ગોવિંદ મિત્ર રોડ, પટના–૪) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪; પરદેશમાં રૂ. ૬ અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ–૧૪**

અમારાં નવાં પ્રકાશનો

સરદારની શીખ [સરદારના પત્રોમાંથી ઉતારો: કિં. રૂ. ૦–૧૦–૦ ટપાલરવાનગી ૦–૪–૦.

સત્યમય જીવન લે૦ કિશોરલાલ ઘ૦ મશરૂવાળા; કિં. રૂ. ૧–૩–૦ ટપાલરવાનગી ૦–૫–૦.

સહજાનંદ સ્વામી લે૦ કિશોરલાલ ઘ૦ મશરૂવાળા; કિં. રૂ. ૦–૧૦–૦; ટપાલરવાનગી ૦–૪–૦

આચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રાય લે૦ ચૂનીલાલ પુ૦ બારોટ; કિં. રૂ. ૧–૮–૦; ટપાલરવાનગી ૦–૪–૦

નવજીવન પ્રકાશન મંદિર,
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112692

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૫ — અમદાવાદ — ઈ. સ. ૧૯૫૬

વાર્ષિક અનુક્રમણિકા

૧. લેખસૂચિ

૧૮૪૦ થી ૧૮૮૫ ના ગુજરાતનું સત્ત્વ	વિષ્ણુપ્રસાદ ર૦ ત્રિવેદી	૧૧
૨૫૦૦ વર્ષ દરમ્યાનની મુખ્ય બૌદ્ધ ઘટનાઓ		૧૬૩
આણુબૉમ્બની આ વાત નથી!	ચક્રવર્તી રાજગોપાલાચાર્ય	૩૫૯
અપરિગ્રહ	ગાંધીજી	૨૧૫
અમેરિકાની ચેતવણી	ગો૦	૨૭૫
અમેરિકામાં હબસીઓનો સત્યાગ્રહ	મ૦	૧૪૫
अंग्रेज़ी का खतरा	કાકા કાલેલકર	૧૫૭
અંગ્રેજીના પક્ષમાં વધુ દલીલ	ગો૦	૨૮૧
અંબર ચરખો – આંકડામાં	ગો૦ ૫૦	૧૭૯
આચાર્ય નરેન્દ્રદેવજી	મગનભાઈ દેસાઈ	૬૭
આત્મનિરીક્ષણની જરૂર	મગનભાઈ દેસાઈ	૩૨૨
આનું નામ તે છોકરાં!	ચંદ્રકાન્ત ઉપાધ્યાય	૧૫૩
આહાર વિષેની બે દૃષ્ટિ	ડૉ. રજનીનાથ ઘારેખાન	૧૪૦
ઈસપ અને સોલન	મુકુલભાઈ કલાર્થી	૪૦
ઉતાવળ કે ઢીલ?	મગનભાઈ દેસાઈ	૧૨૯
ઉત્તરબુનિયાદી શિક્ષણ	કે. એલ. શ્રીમાળી	૯૦
एक थी मा	નરેશ મંત્રી	૩૧૯
એક યુવકના પ્રશ્નો	મગનભાઈ દેસાઈ	૧૪૬
कर्तव्यपरायणता	ચન્દ્ર ભરદ્વાજ	૧૨૪
कुटुम्ब-नियोजनकी समस्या	વિનોબા	૧૫૯
કુસુમ	હેમેન્દ્રકુમાર રાય	૧૮૨
કેળવણીનો એક કોયડો	ચંદ્રકાન્ત ઉપાધ્યાય	૧૧૩
કેંગેરીનો અગ્નિએશિયાઈ શિબિર	રમેશ મ૦ ભટ્ટ	૩૭૫
ખુલાસો	મ૦	૨૫૪
ગંભીર ભૂલ ગણાય	મગનભાઈ દેસાઈ	૨૦૦
ગાંધીજી અને ગોળીબાર	મગનભાઈ દેસાઈ	૩૭૩
ગાંધીજીની દૃષ્ટિએ વિનોબા	મુકુલભાઈ કલાર્થી	૩૦૮
ગાંધીજીનો એક પત્ર		૧૬૫, ૨૯૪, ૩૩૮, ૩૭૪
ગુજરાતી ગ્રંથો — ૧૯૫૫	દશરથલાલ શાહ	૩૩૫
ગુનાખોરીની રસિક વાર્તાઓ–'હૉરર–કૉમિક્સ'	ગો૦	૨૧૬
ગુજરાત વિદ્યાપીઠ	મગનભાઈ દેસાઈ	૧૭૭
ગુજરાત વિદ્યાપીઠની પ્રવૃત્તિ	વિ૦	૭૪
ઘરડાં મા	મુકુલભાઈ કલાર્થી	૧૮૬
ચર્મઉદ્યોગનો વિકાસ	વિ૦	૨૨
ચિંતન અને મનન		૧૩૨, ૨૦૯, ૨૪૯, ૨૮૦, ૩૦૪, ૩૩૭, ૩૬૮
"ચેતના"	ઇન્દ્રકુમાર 'રંજન'	૩૪૯
ચેપ	ચંદ્રકાન્ત ઉપાધ્યાય	૨૫૪
છઠ્ઠું નઈ તાલીમ સંમેલન		૧૭૮
જગતની દુઃખ-ત્રિમૂર્તિ	મગનભાઈ દેસાઈ	૧૦૯
જાપાનમાં વેશ્યાવાડાની બંધી	ગો૦	૨૭૨
જિજ્ઞાસુની પ્રશ્નોત્તરી	ગાંધીજી	૧૯૭, ૨૩૬
જીવલેણ ગાડું	મુકુલભાઈ કલાર્થી	૧૧૮
જેકિલ અને હાઈડ	મગનભાઈ દેસાઈ	૩૬૪
जैसे को तैसा	હિમાંશુ જોષી	૨૨૨
તકરારનો છેડો	ગો૦	૧૬૧
તામિલ કવિવર કુરલ	ગાંધીજી	૯૭
તિરુવલ્લુવર	મુકુલભાઈ કલાર્થી	૬
ત્રિવેણી સંગમ	મુ૦ ક૦	૩૧૧, ૩૩૩,
૩૦મી જાનેવારીના પુણ્ય સ્મરણમાં	મનુબહેન ગાંધી	૩૩
દવાદારૂનો ઉપયોગ–દુરુપયોગ	ગો૦	૨૭૩
દાક્તરી વિદ્યાની જોહાકી	ગો૦	૧૧૦
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૨, ૧૩૩, ૧૭૧, ૨૩૨, ૨૯૫, ૩૩૯
દેશને અંગ્રેજી જોઈએ કે વૈજ્ઞાનિકો?	જુગતરામ દવે	૨૯૮
देहाती और शहरी लोग	વિનોબા	૧૨૬
ધાકનો માર્યો	ચંદ્રકાન્ત ઉપાધ્યાય	૨૧
નવી ઔદ્યોગિક નીતિ અને ગ્રામોદ્યોગ	રમેશ ભટ્ટ	૧૬૭
નવું મુંબઈ રાજ્ય	મગનભાઈ દેસાઈ	૩૨૧
નવું રાષ્ટ્રીય જોખમ	મગનભાઈ દેસાઈ	૨૫૮
નોકરીની પરીક્ષાનું માધ્યમ	મગનભાઈ દેસાઈ	૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરદેશી માલનો અવિશ્વાસ — કવિ ખુલાખી — ૧૦
પરિશ્રમાલયો શા માટે? — રમેશ મ૦ ભટ્ટ — ૧૧૪
પરીક્ષાપદ્ધતિ — કિશોરકાંત યાજ્ઞિક — ૨૭૯
પશુસંપત્તિ વિષયક કેટલાક આંકડા — ગો૦ ૫૦ — ૨૫૨
પાઠ્યપુસ્તક-નીતિનો ગંભીર દોષ — મ૦ — ૩૭૬
પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમ — ૮૩
પ્રથમ પરિચય — મગનભાઈ દેસાઈ — ૨૮૩
પ્રદર્શન દ્વારા લોકશિક્ષણ — બબલભાઈ મહેતા — ૩૫૫
પ્રશ્નોત્તર — ગાંધીજી — ૨૦
પ્રાણીશાસ્ત્રની પરિભાષા — બંસીલાલ ગાંધી ૫૩, ૮૦, ૨૭૮
પ્રાદેશિક રાજ્ય, ભાષા અને વિસ્તાર — મગનભાઈ દેસાઈ — ૩૫૩

બાપુજીનાં માતુશ્રી — મુકુલભાઈ કલાર્થી — ૨૯૩
બાપુ-સ્મૃતિ — શાંતિલાલ કૃપાશંકર મહેતા — ૩૭
બાપુ-સ્વરૂપ ગાંધીજી — મુકુલભાઈ કલાર્થી — ૩૨૪
બાળકમાં માતપિતાએ લુપ્ત થવું જોઈએ? — ગો૦ — ૩૩૧
બાળકોને શાળામાં લાંબો સમય ગોંધી ન રાખો — ગો૦ — ૨૦૭
બુનિયાદી શાળામાં ખેતીનું શિક્ષણ — વિ૦ — ૫૬

ભક્તરાજ નરસિંહ મહેતાને ચરણે — ગુરુદયાલ મલ્લિક — ૨૬
ભણેલી બેકારીનો વિકટ પ્રશ્ન — ગો૦ — ૧૮૭
ભાખરા નાંગલ — હસિત બૂચ — ૧૮
ભાષા અને પ્રન્તકીય આત્મા — ગો૦ — ૧૩૭
भाषा और संस्कृति — કવિ 'દિનકર' — ૯૪
ભાષાવાર પ્રાંતરચનાનો સાર — મગનભાઈ દેસાઈ — ૨૯૦

મદ્રાસ યુનિવર્સિટીનું માધ્યમ — મગનભાઈ દેસાઈ — ૬૭
માધ્યમ અંગે સુધારો કે ગૂંચવાડો? — મગનભાઈ દેસાઈ — ૬૫
માધ્યમ-ફેર વિષે ગાંધીજીના વિચારો — ગાંધીજી — ૧૯૩
માધ્યમિક શાળાઓમાં
સ્વભાષા-શિક્ષણ — મુકુલભાઈ કલાર્થી — ૨૪૬
માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય — મગનભાઈ દેસાઈ ૫, ૫૧, ૮૭, ૧૧૬, ૧૪૭, ૨૪૩, ૨૭૧, ૩૭૦
મોક્ષનો માર્ગ — મુકુલભાઈ કલાર્થી — ૨૮૬
મોઘું કોણ — મિલ કે અંબરચરખો?
— હસમુખ નાયક — ૨૪૦
મોતનો અભય — ગાંધીજી — ૩૮
"મોતનો સપાટો" — ગાંધીજી — ૧
યુનિવર્સિટીની સ્વાયત્તતા — મ૦ — ૩૩૦
'યુનો'ના જન્મદિને — રમેશ મ૦ ભટ્ટ — ૩૧૩
રાજકારણની પરિભાષા — રમેશ મ૦ ભટ્ટ, રામલાલ પરીખ — ૩૦૨
રાજ્યશાસ્ત્રની પરિભાષા — રમેશ મ૦ ભટ્ટ, રામલાલ પરીખ — ૨૦૫, ૨૪૧
'રાષ્ટ્રીય આવક'નો ભ્રમ — રમેશ મ૦ ભટ્ટ — ૨૫૦
रॉबिन्सन क्रूसोकी आपबीती — अनु० निर्मला परलीकर — ३८१

લોકમાન્ય ટિળક — મગનભાઈ દેસાઈ, પાંડુરંગ ગણેશ દેશપાંડે — ૨૨૫
લોકશાહી અને ભાષા — મગનભાઈ દેસાઈ — ૧૦૧
લોકશાહી અને સર્વોદય — મગનભાઈ દેસાઈ — ૯૯

વડોદરા યુનિવર્સિટી — મગનભાઈ દેસાઈ — ૭૩
વડોદરા યુનિવર્સિટીનો ઠરાવ — મગનભાઈ દેસાઈ — ૧૭૪
વડોદરા યુનિવર્સિટીમાં માધ્યમ-ફેર — મગનભાઈ દેસાઈ — ૧૩૧
વણેસા-પીસાદમાં શ્રમયજ્ઞ — ૨૪
વાચકોને — મગનભાઈ દેસાઈ — ૬૫
વાડ ચીભડાં ગળે — ચંદ્રકાન્ત ઉપાધ્યાય — ૫૫
વિજ્ઞાનનો યુગ અને તેનો અભ્યાસ — ર૦ દે૦ આઠવલે — ૧૯
વિજ્ઞાન-શિક્ષણ વિષે એક વહેમ — મગનભાઈ દેસાઈ — ૧૯૫
વિદેશીઓની દૃષ્ટિએ ગાંધીજી
— મગનભાઈ કોદરભાઈ પટેલ — ૨૬૩
વિદ્યાર્થીઓ અને રાજકારણ — ગાંધીજી — ૨૫૭
'વિદ્યાર્થીઓ અને શિસ્ત' — રમેશ મ૦ ભટ્ટ — ૪૯
વિદ્યાર્થીપ્રવૃત્તિનાં પાયાનાં મૂલ્યો — રમેશ મ૦ ભટ્ટ — ૩૪૨
વીસમી સદીનાં ગુજરાતી પ્રકાશનો — દશરથલાલ શાહ — ૩૬૬

શરાબની કથા — મુકુલભાઈ કલાર્થી — ૭૯
શાંતિવાદી રાજકારણ — મ૦ — ૩૩૬
શિક્ષકોની જવાબદારી — ૩૨૮
શિક્ષણના માધ્યમનો સિદ્ધાંત અને
કાર્યક્રમ — મગનભાઈ દેસાઈ — ૨૩૦
શિક્ષણમાં સડાની નિશાનીઓ — મગનભાઈ દેસાઈ — ૨૩૯
શિક્ષણનાં સ્વાતંત્ર્ય — મગનભાઈ દેસાઈ — ૨૮૯
શિક્ષણમાં ક્રાન્તિની જરૂર — મગનભાઈ દેસાઈ — ૩૨૭
શ્રી કિશોરલાલભાઈના પુણ્ય સ્મરણમાં
— મુકુલભાઈ કલાર્થી — ૩૦૫
શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટ — જીવણજી દેસાઈ — ૧૦૮
सच्चा हरि-जन — ગુરુદયાલ મલ્લિક — ૧૯૦
સત્ય-ધર્મ — મુકુલભાઈ કલાર્થી — ૧૦૫
સત્યનો પ્રભાવ — મુકુલભાઈ કલાર્થી — ૩૬૯
સન ૧૯૫૪નાં ગુજરાતી પુસ્તકો — દશરથલાલ શાહ — ૩૧૫
સરકારી 'લોકરાજ' અને 'ડાહ્યા' — ગો૦ — ૧૫૪
સામાજિક અનિષ્ટોનાં મૂળ — રમેશ મ૦ ભટ્ટ — ૧૫૧
સામ્યયોગ અને સામ્યવાદ—
એક સમીક્ષા — વિમલાબહેન ઠકાર — ૧૫
સારનાથ-મૃગદાયની કથા — ગો૦ — ૨૧૧
સારો વહીવટકર્તા — ચક્રવર્તી રાજગોપાલાચારી — ૪૩
साहित्यका सार — વિનોબા — ૧૨૮
સિવિલ સર્વિસ વિષે ગાંધીજી — ગાંધીજી — ૩૯
સુએઝના પ્રશ્નની પૂર્વભૂમિકા — રમેશ મ૦ ભટ્ટ — ૩૬૧
સોનાનું ઘડિયાળ — ચંદ્રકાન્ત ઉપાધ્યાય — ૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वदेश-प्रेम	મુકુલભાઈ કલાર્થી	૩૮૪
સ્વરાજ્ય, ગ્રામરાજ્ય અને રામરાજ્ય	વિનોબા	૯૯
હિંદની નિરક્ષરતા અને પાયાની કેળવણી	ગો૦	૧૬૬
હિંદનો ભાષાકીય સવાલ	મગનભાઈ દેસાઈ	૨૦૨
હિંદીની પરીક્ષાઓની સરકારી માન્યતા	મગનભાઈ દેસાઈ	૨૯૦
હિંદીનું માધ્યમ ઊંચનીચના ભેદને ટકાવનારી દીવાલ નહીં બને?	બબલભાઈ મહેતા	૨૧૦

૨. નવું વાચન — પુસ્તક સૂચિ

[‘મુ૦ ક૦’ સિવાયના લેખકોનાં નામોનો જ નિર્દેશ કર્યો છે એટલે નામ વિનાના લેખો ‘મુ૦ ક૦’ના સમજવા.]

અકાર્બનિક રસાયણ-શાસ્ત્ર	બં૦ ગાં૦	૨૨૦ (૨૫૪)
અણોજો		૩૭૮
‘અનાર્ય’નાં અડપલાં અને બીજા પ્રકીર્ણ લેખો		૩૭૭
અરણ્યકાંડ		૩૪૫
આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ		૩૪૬
આત્મકથા		૩૪૫
આપણા રાજ્યબંધારણનો પરિચય	રા૦ ૫૦	૧૮૯
આરોગ્ય અને મૂંઝવણમાં માર્ગદર્શન	બં૦ ગાં૦	૧૫૫
આસમાની ચલ્લી		૩૭૯
આંગણાનાં પંખી	બં૦ ગાં૦	૩૪૮
આંબાનો રોપ		૩૭૮
ईशोपनिषद्भाष्य	અં૦ ના૦	૨૧૯
ઉત્તરરામચરિત		૩૧૭
ઊર્મિ અને આશા		૩૧૭
એ——આવજો!		૩૨
કરણઘેલો		૨૧૯
કલાપીનો કાવ્યકલાપ		૧૨૩
કવિતા ૧૯૫૫		૧૫૫
કાદવની લક્ષ્મી		૩૭૯
કાવ્યલહેરી		૧૫૫
કિન્નરી		૬૪
ક્રાન્તિ		૨૧૮
ગાંધી-ગુરુ		૧૫૫
ગાંધીજીનું ગીતાશિક્ષણ		૨૫૬
ગાંવકા ગોકુલ	ના૦ બા૦	૧૮૮
गाँवकी पुकार	વિ૦	૩૧૮
ગીતાહૃદય		૧૨૪
ગુજરાતી પર અરબીફારસીની અસર ભા. ૧, ભા. ૨	ચૂ૦	૬૪, ૩૪૮
ગુલામોનો મુક્તિદાતા		૩૪૬
ગોદાન		૩૨
ગોરખનાથ		૨૧૯
ગોવર્ધન શતાબ્દી ગ્રંથ		૩૭૮
ગ્રંથાગાર		૩૪૫
ઘરદીવડા		૩૪૭
ચકમક		૨૧૮
જનતાને કંઠે		૩૭૯
જનમટીપ	ચૂ૦	૬૩
જાતક કથાઓ		૩૪૬
જીવન સૌરભ		૩૭૭
જીવલેણ ગાડું		૧૨૩
જ્ઞાનદીપ		૩૪૭
ડમરો અને તુલસી		૩૨
ડૉક્ટર નરેન્દ્ર		૯૩
તંદુરસ્ત રહો		૩૪૮
તિબેટના ભીતરમાં		૨૫૫
ત્રિવેણી તીર્થ		૧૨૩
દીપ્તિ		૩૭૮
ધર્મની બાળપોથી		૨૧૮
નંદનવન		૩૭૯
નાગરિકતા પરિચય	રા૦ ૫૦	૧૮૯
નૂતન ભારતનું દર્શન		૯૩
પરિક્રમા		૨૫૪
પહેલું અખંડ ઉડ્ડયન		૩૭૭
पावन-प्रसंग		૨૧૮
પ્રસૂન	મો૦ શં૦ ૫૦	૨૨૦
પ્રાચીન ફાગુ-સંગ્રહ		૨૫૫
પ્રાતઃસ્મરણીય મહાત્મા ગાંધીજી		૩૪૫
પ્રાયોગિક રસાયણ	બં૦ ગાં૦	૨૨૧
ફૂલ ફાગણનાં		૧૮૯
ફોરમ		૨૬૮
બિન્દી		૩૭૮
બોધિસત્ત્વ		૩૧૭
ભગવાન બુદ્ધ		૩૪૬
ભારતીય શિલ્પકળા		૩૧૬
ભાવપ્રકાશ	બં૦ ગાં૦	૩૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂતકાળના પડછાયા ૨૮૮
ભૂદાન આરોહણ ૩૪૭
ભૂદાન ગીતો ૩૭૯
ભૂદાન પ્રશ્નોત્તરી ૩૪૭

મદનમોહના ૩૧૬
મસ્તીની પળોમાં ૧૫૫
મહર્ષિ દધીચિ અને બીજાં બે આખ્યાનો ૩૪૬
મહારાત્રિ ચૂ૦ ૬૩
મહાવીર-વાણી ૩૧૬
મહેનતનાં ગીતો ૩૧૬
મંગલ મંદિર ૨૫૫
માઝમ રાત ચૂ૦ ૩૪૮
માતૃભાષાનું અધ્યાપન ૬૪, ૨૫૬
મૈત્રકકાલીન ગુજરાત રા૦ પ૦ ૧૮૯

યંત્રરસિયો હેન્રી ફોર્ડ ૩૭૭
યુક્તિપ્રકાશ ૩૧૬
યોગશતક ૩૭૭

રચનાત્મક રાજનીતિ ૩૪૭
રણમલ લાખા ચૂ૦ ૬૩
રસાયન વિજ્ઞાનના સિદ્ધાંતો બં૦ ગાં૦ ૧૮૮
રંગનાથી વર્ગીકરણ દશરથલાલ શાહ ૩૪૭
રામનામના વેપારિયા ૩૪૭
રામરસ ૨૫૫

વારસદાર ચૂ૦ ૬૪
વાંચો, વિચારો અને અનુસરો ૧૨૪
विनोबाके साथ ૨૫૬
વિષવિમોચન ચૂ૦ ૬૩
वेदका राष्ट्रीय गीत અં૦ ના૦ ૨૧૯
વેળા વેળાની છાંયડી ૨૮૭

વ્યક્તિ-ચિત્રો ૨૫૫

શરણાઈના સૂર ચૂ૦ ૬૩
શાકુંતલ ૩૪૬
શાર્ઙ્ગધર સંહિતા બં૦ ગાં૦ ૧૫૬
શ્યામની મા ૨૧૮
શ્રી અને સરસ્વતી ૨૮૮
શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ ૩૭૮
શ્રેષ્ઠ અમેરિકન વાર્તાઓ ચૂ૦ ૬૩

સફાઈદાર ૯૩
સબૈ ભૂમિ ગોપાલકી ના૦ બા૦ ૧૮૮
સમવાયી શિક્ષણ ૨૫૬
સમાજશાસ્ત્ર ૩૭૭
સરમુખત્યાર ૩૧૬
સર્વોદય સમાજની ઝાંખી ૨૦ ભ૦ ૨૧૯
સંત તુકારામની વાણી મ૦ પ્ર૦ ૩૪૫
સંદીપન ૩૪૫
સંસ્કૃત સાહિત્યમાળા ૩૭૭
સાક્ષર કથાઓ ૩૭૮
સાક્ષાત્કારને પંથે તુકારામ ૧૨૩
સામ્યયોગી વિનોબા ૩૭૯
સાહિત્યાલોક ૧૮૮
साहित्यिकोंसे ૩૧૬
સોરઠની સંધ્યા ૨૮૮
સ્ટડીઝ ઇન ગુજરાતી લિટરેચર ચૂ૦ ૬૨
સ્વભાવદર્શન ૩૪૬

હરિનો મારગ ૩૪૭
હવા! તુમ ધીરે બહો! ચૂ૦ ૬૩
હાજી કાસમ તારી વીજળી ચૂ૦ ૬૩
હિંદી-ગુજરાતી કોશ મગનભાઈ દેસાઈ ૩૫૮
હિંદુસ્તાની ગદ્ય સંગ્રહ ના૦ બા૦ ૧૮૮

૩. માસિક વિવેચન

[‘મ૦’ની નોંધો સિવાયની જે છે, તેમના લેખકની જ સંજ્ઞા બતાવી છે. એટલે નહીં સંજ્ઞાવાળી નોંધો ‘મ૦’ની સમજવી.]

ઉર્દૂ અને હિંદી ૩૧
એની એ વાત! ૬૦
નરકનું ત્રિવિધ દ્વાર ૫૮
પરદેશના મહેમાનો ૨૭
પંચશીલનો ઉદ્દેશ ૩૦
પ્રાથમિક પુસ્તકોનો સવાલ ૫૯
બે ઠરાવો (નનામું) ૬૧
ભાષા અને ભૂગોળ ૩૧
મફતની પદવી ન છાજે ૨૮
મુંબઈને હિંદની બીજી રાજધાની કરો ૩૦
રશિયાની આર્થિક મદદ ૨૯
રાજ્યરચના વિકાસ અને એકતા ૫૮
રાષ્ટ્રીય શાળા—ખાદી વિદ્યાલય નારણદાસ ખુ૦ ગાંધી ૬૦
વાહનવ્યવહારની ખૂનરેજી ગો૦ ૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કુશ્વેવનાં વાખ્ખાણ	૨૮	સ્વ૦ જાવડેકર	૨૭
સંસ્થાનવાદનો અંત	૨૯	સ્વ૦ સાકરલાલ દવે	૨૭
સામ્યવાદના ધૂસણનો ડર	૨૯	હિંદ અને રશિયા	૨૮

૪. છેલ્લું પૂઠું

આત્માको जेलसे छुड़ाओ! — વિનોબા — ૫મા અંકનું
આપણી માતાઓનું ગૌરવ — રાજાજી — ૭મા „
જુવાનોને શીખ — ‘દીઘનિકાય’ — ૯મા „
જ્ઞાન અને વિજ્ઞાન — ‘મનસ’ — ૧૧મા „
‘નવી નીતિમત્તા’ સામે લાલબત્તી — ઓર્ટેગા વાય. ગેસેટ — ૪થા „
બોધિસત્ત્વનાં સુભાષિતો — ૬ઠ્ઠા „
મનુષ્યની સાચી કામધેનુ — રાજાજી — ૧૨મા „
રાષ્ટ્રવાદ અને કોમવાદ — શ્રી આપ્પાસાહેબ પટવર્ધન — ૩જા અંકનું
વધારેમાં વધારે લોકોની કુશળતા — આચાર્ય એલ. પી. જૅક્સ — ૮મા „
સહકાર એટલે? — આચાર્ય એલ. પી. જૅક્સ — ૧લા „
સ્વતંત્ર મનુષ્યોનું પ્રજાસત્તાક — એવરેટ ડીન માર્ટિન — ૧૦મા „
સ્વતંત્ર લોકોનું ગણરાજ્ય — એવરેટ ડીન માર્ટન — ૨જા „

૫. લેખકસૂચિ

અં૦ ના૦ — ईशोपनिपद्भाष्य २१९; वेदका राष्ट्रीय गीत २१९

આડતિયા, ૨૦ દે૦ — વિજ્ઞાનનો યુગ અને તેનો અભ્યાસ ૧૯

ઇન્દ્રકુમાર ‘રજ્જન’ — “चेतना” ૩૪૯

ઉપાધ્યાય, ચંદ્રકાન્ત — આતું નામ તે છોકરાં ૧૫૩, કેળણીનો એક કોયડો ૧૧૩; ચેપ ૨૫૪; ધાકનો માર્યો ૨૧; વાડ ચીભડાં ગળે ૫૫, સોનાનું ઘડિયાળ ૮૧

કલાર્થી, મુકુલભાઈ — ઈસપ અને સોલન ૪૦; ગાંધીજીની દૃષ્ટિએ વિનોબા ૩૦૮; ઘરડાં મા ૧૮૬; જીવલેણ ગાડું ૧૧૮; તિરુ વલ્લુવર ૬; બાપુજીનાં માતુશ્રી ૨૯૩; બાપુસ્વરૂપ ગાંધીજી ૩૨૪; માધ્યમિક શાળાઓમાં સ્વભાષા-શિક્ષણ ૨૪૬; મોક્ષનો માર્ગ ૨૮૬; શરાબની કથા ૭૯; શ્રી કિશોરલાભાઈના પુણ્ય સ્મરણમાં ૩૦૫, સત્ય-ધર્મ ૧૦૫; સત્યનો પ્રભાવ ૩૬૯; स्वदेश-प्रेम ૩૮૪

કવિ ‘દિનકર’ — भाषा और संस्कृति ૯૪

કવિ બુલાખી — પરદેશી માલનો અવિશ્વાસ ૧૦

કાલેલકર, કાકા — अंगेज़ीका ख़तरा ૧૫૭

ગાંધીજી — અપરિગ્રહ ૨૧૫; ગાંધીજીનો એક પત્ર ૧૬૫, ૨૯૪, ૩૩૮, ૩૭૪; જિજ્ઞાસુની પ્રશ્નોત્તરી ૧૯૭, ૨૩૬; તામિલ કવિવર કુરલ ૯૭; પ્રશ્નોત્તર ૨૦, માધ્યમ-ફેર વિષે ગાંધીજીના વિચારો ૧૯૩; મોતનો અભય ૩૮; “મોતનો સપાટો” ૧; વિદ્યાર્થીઓ અને રાજકારણ ૨૫૭; સિવિલ સર્વિસ વિષે ગાંધીજી ૩૯

ગાંધી, નારણદાસ ખુ૦ — રાષ્ટ્રીય શાળા – ખાદી વિદ્યાલય ૬૦

ગાંધી, બંસીલાલ — પ્રાણીશાસ્ત્રની પરિભાષા ૫૩, ૮૦, ૨૭૮

ગાંધી, મનુબહેન — ૩૦મી જાનેવારીના પુણ્ય સ્મરણમાં ૩૩; દિલ્હીમાં ગાંધીજી ૨, ૧૩૩, ૧૭૧, ૨૩૨, ૨૯૫, ૩૩૯

ગિરિરાજ કિશોર (અનુ૦) — स्वदेश-प्रेम ૩૮૪

ગો૦ — અમેરિકાની ચેતવણી ૨૭૫; અંગ્રેજના પક્ષમાં વધુ દલીલ ૨૮૧; ગુનાખોરીની રસિક વાર્તાઓ — ‘હૉરર-કૉમિક્સ’ ૨૧૬; જાપાનમાં વેશ્યાવાડાની બંધી ૨૭૨; તકરારનો છેડો ૧૬૧; દવાદારૂનો ઉપયોગ–દુરુપયોગ ૨૭૩; દાક્તરી વિદ્યાની જોહાકી ૧૧૦; બાળકમાં માતપિતાએ લુપ્ત થવું જોઈએ? ૩૩૧; બાળકોને શાળામાં લાંબો સમય ગોંધી ન રાખો ૨૦૭; ભણેલી બેકારીનો વિકટ-પ્રશ્ન ૧૮૭; ભાષા અને પ્રજાકીય આત્મા ૧૩૭; સરકારી ‘લોકરાજ’ અને ‘ડાહ્યા’ ૧૫૪; સારનાથ–મૃગદાયની કથા ૨૧૧; હિંદની નિરક્ષરતા અને પાયાની કેળવણી ૧૬૬

ગો૦ ૫૦ — અંબર ચરખો – આંકડામાં ૧૭૯; પશુ સંપત્તિ વિષયક કેટલાક આંકડા ૨૫૨

ઘારેખાન, ડૉ. રજનીનાથ — આહાર વિષેની બે દૃષ્ટિ ૧૪૦

ચૂ૦ — ગુજરાતી પર અરબીફારસીની અસર (ભા. ૧, ૨) ૬૪, ૩૪૮; જનમટીપ ૬૩; મહારાત્રિ ૬૩; માઝમ રાત ૩૪૮; રણમલ લાખા ૬૩; વારસદાર ૬૪; વિષવિમોચન ૬૩; શરણાઈના સૂર ૬૩; શ્રેષ્ઠ અમેરિકન વાર્તાઓ ૬૩; સ્ટડીઝ ઇન ગુજરાતી લિટરેચર ૬૨; હવા! તુમ ધીરે બહો! ૬૩; હાંજી કાસમ તારી વીજળી ૬૩

જોષી, હિમાંશુ — जैसेको तैसा ૨૨૨

ઠકાર, વિમલાબહેન — સામ્યયોગ અને સામ્યવાદ — એક સમીક્ષા ૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિવેદી, વિષ્ણુપ્રસાદ ર૦ — ૧૮૪૦ થી ૧૮૮૫ના ગુજરાતનું સત્ત્વ ૧૧

દવે, જુગતરામ — દેશને અંગ્રેજી જોઈએ કે વૈજ્ઞાનિકો ? ૨૯૮
દેશપાંડે, પાંડુરંગ ગણેશ — લોકમાન્ય ટિળક ૨૨૫
દેસાઈ, જીવણજી — શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટ ૧૯૮
દેસાઈ, મગનભાઈ — આચાર્ય નરેન્દ્રદેવજી ૬૭; આત્મનિરીક્ષણની જરૂર ૩૨૨; ઉતાવળ કે ઢીલ ? ૧૨૯; એક યુવકના પ્રશ્નો ૧૪૬; ગંભીર ભૂલ ગણાય ૨૦૦; ગાંધીજી અને ગોળીબાર ૩૭૩; ગુજરાત વિદ્યાપીઠ ૧૭૭; જગતની દુઃખ-ત્રિમૂર્તિ ૧૦૯; જેકિલ અને હાઈડ ૩૬૪; નવું મુંબઈ રાજ્ય ૩૨૧; નવું રાષ્ટ્રીય જોખમ ૨૫૮; નોકરીની પરીક્ષાનું માધ્યમ ૮૬; પ્રથમ પરિચય ૨૮૩; પ્રાદેશિક રાજ્ય, ભાષા અને વિસ્તાર ૩૫૩; ભાષાવાર પ્રાંતરચનાનો સાર ૨૬૦; મદ્રાસ યુનિવર્સિટીનું માધ્યમ ૬૭; માધ્યમ અંગે સુધારો કે ગૂંચવાડો ? ૬૫; માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય ૫, ૫૧, ૮૭, ૧૧૬, ૧૪૭, ૨૪૩, ૨૭૧, ૩૭૦; લોકમાન્ય ટિળક ૨૨૫; લોકશાહી અને ભાષા ૧૦૧; લોકશાહી અને સર્વોદય ૯૯; વડોદરા યુનિવર્સિટી ૭૩; વડોદરા યુનિવર્સિટીનો ઠરાવ ૧૭૪; વડોદરા યુનિવર્સિટીમાં માધ્યમ ફેર ૧૩૧; વાચકોને ૬૫; વિજ્ઞાન-શિક્ષણ વિષે એક વહેમ ૧૯૫; શિક્ષણના માધ્યમનો સિદ્ધાંત અને કાર્યક્રમ ૨૩૦; શિક્ષકોની જવાબદારી ૩૨૯; શિક્ષણમાં ક્રાન્તિની જરૂર ૩૨૭; શિક્ષણમાં સડાની નિશાનીઓ ૨૩૯; શિક્ષણમાં સ્વાતંત્ર્ય ૨૮૯; હિંદનો ભાષાકીય સવાલ ૨૦૨; હિંદી ગુજરાતી કોશ ૩૫૮; હિંદીની પરીક્ષાઓની સરકારી માન્યતા ૨૯૦

ના૦ બા૦ — ગાંવકા ગોકુલ ૧૯૮; સબૈ ભૂમિ ગોપાલકી ૧૯૮; હિંદુસ્તાની ગદ્ય સંગ્રહ ૧૯૮,
નાયક, હસમુખ — મોંઘું કોણ — મિલ કે અંબર ચરખો ? ૨૪૦

પટેલ, મગનભાઈ કોદરભાઈ — વિદેશીઓની દૃષ્ટિએ ગાંધીજી ૨૬૩
પરલીકર, નિર્મલા (અનુ૦) — रोबिन्सन क्रूसोकी आपबीती ૩૮૧
પરીખ રામલાલ — રાજકારણની પરિભાષા ૩૦૨ રાજ્યશાસ્ત્રની પરિભાષા ૨૦૫, ૨૪૧

બ૦ ગાં૦ — અકાર્બનિક રસાયણશાસ્ત્ર ૨૨૦; આરોગ્ય અને મૂંઝવણમાં માર્ગદર્શન ૧૫૫; આંગણાનાં પંખી ૩૪૮; તંદુરસ્ત રહો ૩૪૮; પ્રાયોગિક રસાયણ ૨૨૧; ભાવપ્રકાશ ૩૪૮; રસાયન વિજ્ઞાનના સિદ્ધાંતો ૧૮૮; શાર્ઙ્ગધર સંહિતા ૧૫૬
બૂચ, હસિત-ભાખરા નાંગલ ૧૮

ભટ્ટ, રમેશ મ૦ — કોંગ્રેસનો અગ્નિ એશિયાઈ શિબિર ૩૭૫; નવી ઔદ્યોગિક નીતિ અને ગ્રામોદ્યોગ ૧૬૭; પરિશ્રમાલયો શા માટે ૧૧૪, 'યુનો'ના જન્મદિને ૩૧૩; રાજકારણની પરિભાષા ૩૦૨. રાજ્યશાસ્ત્રની પરિભાષા ૨૦૫, ૨૪૧; 'રાષ્ટ્રીય આવક'નો ભ્રમ ૨૫૦, વિદ્યાર્થીપ્રવૃત્તિનાં પાયાનાં મૂલ્યો ૩૪૨; 'વિદ્યાર્થીઓ અને શિસ્ત' ૪૯; સામાજિક અનિષ્ટોનાં મૂળ ૧૫૧; સુએઝના પ્રશ્નની પૂર્વભૂમિકા ૩૬૧
ભરદ્વાજ, ચન્દ્ર — કર્તવ્યપરાયણતા ૧૨૪

મ૦ — અમેરિકામાં હબસીઓનો સત્યાગ્રહ ૧૪૫, ખુલાસો ૨૫૪; પાઠ્યપુસ્તક-નીતિનો ગંભીર દોષ ૩૭૬; યુનિવર્સિટીની સ્વાયત્તતા ૩૩૦; શાંતિવાદી રાજકારણ ૩૩૬ (ઉપરાંત જુઓ 'માસિક વિવેચન' એ લેખસૂચિનો ખંડ પણ.)
મલ્લિક, ગુરુદયાલ — ભક્તરાજ નરસિંહ મહેતાને ચરણે ૨૬, सच्चा हरिजन ૧૯૦

મહેતા, બબલભાઈ — પ્રદર્શન દ્વારા લોકશિક્ષણ ૩૫૫; હિંદીનું માધ્યમ ઊંચનીચના ભેદને ટકાવનારી દીવાલ નહીં બને ? ૨૧૦
મહેતા, શાંતિલાલ કૃપાશંકર — બાપુ-સ્મૃતિ ૩૭
મંત્રી, નરેશ — एक थी मा ૩૧૯
મુ૦ ક૦ — અણુબોમ્બની આ વાત નથી ! ૩૫૯ (અનુ૦); કુસુમ ૧૮૨ (અનુ૦); ત્રિવેણી સંગમ ૩૧૧, ૩૩૩; (ઉપરાંત જુઓ 'નવું વાચન' એ લેખસૂચિનો ખંડ પણ)
મો૦ શં૦ ૫૦ — પ્રસૂન ૨૨૦

યાજ્ઞિક, કિશોરકાન્ત — પરીક્ષાપદ્ધતિ ૨૭૯

રાજગોપાલાચાર્ય, ચક્રવર્તી — અણુબોમ્બની આ વાત નથી ! ૩૫૯; સારો વહીવટકર્તા ૪૩
રા૦ ૫૦ — આપણા રાજ્યબંધારણનો પરિચય ૧૮૯; નાગરિકતા પરિચય ૧૮૯; મૈત્રક કાલીન ગુજરાત ૧૮૯
રાય, હેમેન્દ્રકુમાર — કુસુમ ૧૮૨

વિ૦ — गाँवकी पुकार ૩૧૮; ગૂજરાત વિદ્યાપીઠની પ્રવૃત્તિ ૭૪; ચર્મ ઉદ્યોગનો વિકાસ ૨૨; બુનિયાદી શાળામાં ખેતીનું શિક્ષણ ૫૯
વિનોબા — कुटुम्ब नियोजनकी समस्या ૧૫૯; देहाती और शहरी लोग ૧૨૬; साहित्यका सार ૧૨૮; સ્વરાજ્ય, ગ્રામરાજ્ય અને રામરાજ્ય ૬૯

શાહ, દશરથલાલ — ગુજરાતી ગ્રંથો – ૧૯૫૫ ૩૩૫; રંગનાથી -વર્ગીકરણ ૩૪૭; વીસમી સદીનાં ગુજરાતી પ્રકાશનો ૩૬૬; સન ૧૯૫૪નાં ગુજરાતી પુસ્તકો ૩૧૫
શ્રીમાળી, કે. એલ. — ઉત્તરબુનિયાદી શિક્ષણ ૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં કેટલાંક ગુજરાતી પ્રકાશનો

ગાંધીજીનાં પુસ્તકો

અનાસક્તિયોગ	૦-૮-૦	ગીતાપદાર્થકોષ	૦-૪-૦	બાળપોથી	૮-૩-૦
અહિંસાનો પહેલો પ્રયોગ	૧-૦-૦	ગીતાબોધ	૦-૪-૦	ભાષાવાર રાજ્યરચના	૦-૩-૦
આત્મકથા	૨-૦-૦	‘ ત્યાગમૂર્તિ ’	૨-૦-૦	મંગળપ્રભાત	૦-૩-૦
આત્મકથા (સસ્તી આવૃત્તિ)	૧-૮-૦	દ૦ આ૦ ના સત્યાગ્રહનો		ચરવડાના અનુભવ	૧-૦-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦	ઇતિહાસ	૩-૦-૦	રચનાત્મક કાર્યક્રમ	૦-૫-૦
આરોગ્યની ચાવી	૦-૭-૦	દિલ્હી ડાયરી	૩-૦-૦	રામનામ	૦-૧૦-૦
આશ્રમજીવન	૦-૬-૦	ધર્મમંથન	૨-૦-૦	વર્ણવ્યવસ્થા	૧-૦-૦
સૉક્રેટીસનો બચાવ	૦-૨-૦	ધર્માત્મા ગોખલે	૦-૯-૦	વ્યાપક ધર્મભાવના	૨-૮-૦
ગોસેવા	૧-૮-૦	નિત્ય મનન	૧-૦-૦	શિક્ષણનું માધ્યમ	૦-૩-૦
કેળવણીનો કોયડો	૨-૮-૦	‘ નીતિનાશને માર્ગે ’	૦-૧૦-૦	સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ	૧-૦-૦
ખરી કેળવણી	૨-૮-૦	પાયાની કેળવણી	૧-૪-૦	સર્વોદય	૦-૩-૦
ગામડાંની વહારે	૦-૪-૦	પ્રેમપન્થ – ૧ થી ૬ (દરેકની)	૦-૪-૦	હિંદ સ્વરાજ	૦-૬-૦
ગાંધી–સરકાર પત્રવ્યવહાર	૨-૮-૦	બાપુના પત્રો ૧-૩	૪-૧૨-૦		

શ્રી મહાદેવ દેસાઈનાં પુસ્તકો

એક ધર્મયુદ્ધ	૦-૧૨-૦	મહાદેવભાઈની ડાયરી ૧-૫	૨૫-૦-૦	વિરાજવહુ	૧-૪-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦	મારી જીવનકથા — નેહરુ	૬-૦-૦	સંત ફ્રાંસિસ	૦-૬-૦
બે ખુદાઈ ખિદમતગાર	૦-૧૨-૦				

શ્રી કાકા કાલેલકરનાં પુસ્તકો

અવારનવાર	૨-૦-૦	જીવનલીલા	૨-૦-૦	બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦	જીવનસંસ્કૃતિ	૫-૦-૦	રખડવાનો આનંદ	૪-૦-૦
જીવતા તહેવારો	૨-૦-૦	ધર્મોદય	૧-૪-૦	લોકમાતા	૧-૮-૦
જીવનનો આનંદ	૪-૦-૦	પૂર્વ આફ્રિકામાં	૩-૦-૦	સ્મરણયાત્રા	૨-૦-૦
જીવનપ્રદીપ	૨-૦-૦	બાપુની ઝાંખી	૧-૦-૦	હિમાલયનો પ્રવાસ	૧-૮-૦

શ્રી કિશોરલાલ મશરૂવાળાનાં પુસ્તકો

અહિંસાવિવેચન	૨-૮-૦	ગીતામંથન	૨-૮-૦	વિદાય વેળાએ	૧-૦-૦
ઊધઈનું જીવન	૧-૦-૦	જીવનશોધન	૩-૦-૦	સત્યમય જીવન	૧-૪-૦
કેળવણીના પાયા	૧-૮-૦	તિમિરમાં પ્રભા	૧-૮-૦	સમૂળી ક્રાન્તિ	૧-૪-૦
કેળવણીવિકાસ	૧-૪-૦	બુદ્ધ અને મહાવીર	૧-૦-૦	સહજાનંદ સ્વામી	૦-૧૦-૦
કેળવણીવિવેક	૧-૪-૦	ભાવિ હિંદનું દર્શન	૦-૧૦-૦	સ્ત્રી–પુરુષ–મર્યાદા	૧-૮-૦
ગાંધીજી અને સામ્યવાદ	૧-૪-૦	રામ અને કૃષ્ણ	૧-૦-૦	સંસાર અને ધર્મ	૨-૦-૦
ગીતાધ્વનિ	૦-૮-૦				

શ્રી નરહરિ પરીખનાં પુસ્તકો

કરંડિયો	૧-૪-૦	ત્યારે કરીશું શું?	૨-૮-૦	યંત્રની મર્યાદા	૧-૦-૦
ગ્રામવિદ્યાપીઠની ભૂમિકા	૦-૧૪-૦	પ્રાચીન સાહિત્ય	૧-૦-૦	શ્રેયાર્થીની સાધના	૩-૦-૦
ચિત્રાંગદા	૦-૧૦-૦	મહાદેવભાઈનું પૂર્વચરિત	૦-૧૨-૦	સરદાર વલ્લભભાઈ ભા. ૧-૨	૧૧-૦-૦
જાતે મજૂરી કરનારાઓને	૦-૪-૦	માનવ અર્થશાસ્ત્ર	૬-૦-૦	સરદાર વલ્લભભાઈનાં ભાષણો	૫-૦-૦

શ્રી જુગતરામ દવેનાં પુસ્તકો

આશ્રમી કેળવણી ૧-૩	૪ ૮-૦	ગાંધીજી	૦-૧૦-૦	પ્રહ્લાદ નાટક	૦-૧૦-૦
આંધળાનું ગાડું	૦-૪-૦	ગીતાગીતમંજરી	૧-૦-૦	લોકપોથી	૦-૪-૦
કૌશિકાખ્યાન	૦-૩-૦	ગ્રામભજનમંડળી	૦-૧૦-૦	હળપતિ-મુક્તિ	૦-૬-૦
ખેડૂતનો શિકારી	૦-૬-૦	ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧-૦-૦		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મગનભાઈ દેસાઈનાં પુસ્તકો

અપંગની પ્રતિભા	૧-૮-૦
આપણા દેશમાં આપણું રાજ્ય	૦-૭-૦
કેનોપનિષદ	૧-૧૨-૦
જગતનો આવતી કાલનો પુરુષ	૧-૪-૦
જેકિલ અને હાઈડ	૦-૧૨-૦
નળાખ્યાન	૩-૦-૦
મુંડકોપનિષદ	૨-૦-૦
યોગ એટલે શું?	૩-૪-૦
વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦-૬-૦
સત્યાગ્રહની મીમાંસા	૩-૮-૦
સત્યાગ્રહની સપ્તપદી	૨-૦-૦
સુદામાચરિત	૦-૧૪-૦
સ્વરાજ એટલે શું	૦-૭-૦
હિંદની અંગ્રેજ વેપારશાહી	૪-૦-૦
હિંદી ગુજરાતી કોશ	૬-૦-૦

શ્રી ગોપાલદાસ પટેલનાં પુસ્તકો

ગૌતમ બુદ્ધ	૧-૮-૦
ગ્રામવિદ્યાપીઠ	૧-૧૨-૦
પ્રાચીન શીલકથાઓ	૦-૭-૦
મનુષ્યની સર્વાંગીણ કેળવણી	૧-૪-૦
મ૦ સ્વામીનો અંતિમ ઉપદેશ	૩-૦-૦
યોગશાસ્ત્ર	૨-૮-૦
વેર અને બદલો	૦-૭-૦
શ્રીમદ્ ભાગવત	૩-૮-૦
શ્રીમહાવીર-કથા	૫-૦-૦
શ્રી રાજચંદ્ર	૩-૮-૦
સર્વોદયની કેળવણી	૧-૪-૦
સર્વોદયની જીવનકળા	૩-૦-૦

અન્ય લેખકોનાં પુસ્તકો

અચલાયતન	૧-૦-૦
અમારાં બા	૧-૮-૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦-૧૪-૦
અર્થશાસ્ત્રપ્રવેશિકા	૨-૮-૦
અસહકારનો વિચાર	૦-૮-૦
અંકગણિત શીખવવાની પદ્ધતિ	૩-૮-૦
આત્મનિરીક્ષણ	૧-૦-૦
આત્મસિદ્ધિશાસ્ત્ર	૧-૮-૦
આધુનિક ભારત	૬-૦-૦
આવું કેમ સૂઝ્યું?	૦-૧૨-૦
આશ્રમભજનાવલિ	૦-૧૦-૦
આહાર અને પોષણ ૧-૨	૧-૬-૦
ઇન્દુને પત્રો	૧-૦-૦
ઈશાવાસ્યવૃત્તિ	૦-૧૦-૦
એકલો જાને રે	૨-૦-૦
કલકત્તાનો ચમત્કાર	૧-૦-૦
કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવિ	૧-૦-૦
કાવ્યપરિચય ૧-૨ (દરેકની)	૧-૮-૦
કેળવણી વડે ક્રાંતિ	૩-૦-૦
ખિસ્સાકોશ	૧-૦-૦
ગાંધીજી — એક અધ્યયન	૪-૦-૦
ગાંધીજીના પાવન પ્રસંગો	૦-૬-૦
ગાંધીજીની સાધના	૨-૪-૦
ગાંધીજી સાથે ગોળમેજીમાં	૧-૦-૦
ગાંધી-નાસ્તિક સંવાદ	૦-૧૦-૦
ગીતા પ્રવચનો	૧-૦-૦
ગોપાલન	૩-૦-૦
ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ	૧-૮-૦
ગ્રામવિદ્યાપીઠની ભૂમિકા	૦-૧૪-૦
ઘરમાખી	૦-૭-૦
જગતના ઇતિહાસનું રેખાદર્શન	૧૨-૦-૦
જગતના ઇતિહાસનું સંક્ષિપ્ત રેખાદર્શન	૬-૦-૦
જીવનદૃષ્ટિ	૧-૪-૦
જીવનની સુવાસ	૦-૬-૦
જીવનનું પરોઢ	૮-૦-૦
જીવનસિદ્ધિ	૧-૦-૦
ટાઇફોઈડ	૦-૯-૦
ટૉલ્સ્ટૉય અને શિક્ષણ	૦-૧૦-૦
ઠક્કરબાપા	૨-૮-૦
દારૂબંધી શા સારુ	૦-૧૦-૦
પાણી	૦-૧૪-૦
બહેનોને	૦-૬-૦
બાપુ	૧-૪-૦
બાપુના કારાવાસની કહાણી	૬-૦-૦
બાપુની પ્રસાદી	૨-૦-૦
બાપુની સેવામાં	૨-૦-૦
બાપુ — મારી મા	૦-૮-૦
બા બાપુની શીળી છાયામાં	૨-૪-૦
બિહારની કોમી આગમાં	૩-૦-૦
બુદ્ધચરિત	૩-૦-૦
બુદ્ધલીલા	૧-૧૨-૦
બોધક ટીકડીઓ	૦-૧૪-૦
બોધિચર્યાવતાર	૧-૦-૦
બૌદ્ધસંઘનો પરિચય	૨-૦-૦
ભૂદાનયજ્ઞ	૧-૪-૦
મઝધાર	૨-૮-૦
મધુકર	૨-૦-૦
મરુકુંજ	૧-૦-૦
મલેરિયા	૦-૭-૦
મંદિરપ્રવેશ અને શાસ્ત્રો	૩-૦-૦
મારી જીવનકથા-રાજેન્દ્રપ્રસાદ	૮-૦-૦
મારી વ્યાપક કેળવણી	૨-૦-૦
મારું ગામડું	૧-૪-૦
મારું હિંદનું દર્શન—નેહરુ	૯-૦-૦
મીઠું	૦-૧૨-૦
યંત્ર સામે બળવો	૦-૧૦-૦
રચનાત્મ કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	૦-૩-૦
રામકૃષ્ણ ઉપનિષદ	૧-૮-૦
રાષ્ટ્રભાષાનો સવાલ	૦-૭-૦
લોકમાન્ય ટિળક	૩-૦-૦
લોકશાહી	૨-૦-૦
વણાટપ્રવેશ	૧-૦-૦
વિચારદર્શન	૧-૮-૦
વિજ્ઞાનની પરિભાષા	૦-૧૦-૦
વિનીત જોડણીકોશ	૭-૮-૦
વિવેક અને સાધના	૩-૦-૦
વિશ્વશાંતિ	૦-૪-૦
શિક્ષણ અને સંસ્કૃતિ	૧-૪-૦
શીલ અને સદાચાર	૦-૬-૦
શ્રાદ્ધના તેર દિવસ	૦-૬-૦
શ્રી જમનાલાલજી	૦-૬-૦
સમૂહજીવન અને છાત્રાલય	૧-૦-૦
સર્વોદયનો સિદ્ધાંત	૦-૧૨-૦
સંક્ષિપ્ત કરણઘેલો	૧-૦-૦
સંક્ષિપ્ત જીવનકથા - નેહરુ	૧-૮-૦
સાધુચરિત ત્રિવેદીસાહેબ	૨-૮-૦
સાપ	૨-૮-૦
સીતાહરણ	૧-૦-૦
સુસંવાદ	૦-૫-૦
સેવાધર્મ	૨-૮-૦
સ્થાનાંગ-સમવાયાંગ	૧૦-૦-૦
સ્થિતપ્રજ્ઞદર્શન	૧-૮-૦
સ્વદેશી સમાજ	૦-૧૨-૦
સ્વરાજ્યશાસ્ત્ર	૦-૮-૦
હજરત મહંમદ અને ઇસ્લામ	૧-૪-૦
મહાસભાનું બંધારણ	૦-૬-૦
હિંદુસ્તાની વ્યાકરણ પ્રવેશ	૦-૬-૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૬–અંક ૧] અમદાવાદ [જાન્યુઆરી, ૧૯૫૭

ગુજરાતી ભાઈબહેનોને

નવજીવન ટ્રસ્ટ-ડીડમાં નીચે મુજબની કલમ મૂકવામાં આવી છે :

"उद्देश — ગુજરાતી ભાષાના સાધનદ્વારા ગુજરાતના જીવનમાં ઓતપ્રોત થવા, અને એ રીતે હિંદની શુદ્ધ સેવા કરવા ઇચ્છનારા, સંસ્કારી અને ગુજરાતી ભાષાપરાયણ સેવકો દ્વારા લોકશિક્ષણનું કાર્ય કરી હિંદસ્વરાજ પ્રાપ્ત કરવાના શાંતિમય ઉપાયોનો પ્રચાર કરવો.

૪. આ ઉદ્દેશની પૂર્તિને સારુ :

એક "નવજીવન" પત્ર ચલાવવું; તેની મારફત શાંતિમય સ્વરાજ મેળવવાનું પ્રચારકામ કરવું. વિશેષે :

(ક) રેંટિયા તથા ખાદીનો પ્રચાર કરવો;

(ખ) અસ્પૃશ્યતાનિવારણનો પ્રચાર કરવો;

(ગ) હિંદુમુસલમાન તેમ જ હિંદમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવો;

(ઘ) ચર્માલય, દુગ્ધાલય ઇ૦ના પ્રચાર દ્વારા ગોરક્ષાના રચનાત્મક ઉપાયો પ્રજા સમક્ષ રજૂ કરવા;

(ઙ) સ્ત્રીઓની ઉન્નતિના ઉપાયોનો પ્રચાર કરવો જેમ કે: (૧) બાળવિવાહ નિષેધ, (૨) મર્યાદિત વિધવા-વિવાહપ્રચાર, (૩) સ્ત્રી કેળવણી;

(ચ) અંગ્રેજી ભાષાએ દેશભર પ્રજામાં મેળવેલી અસ્વાભાવિક પ્રતિષ્ઠાને તોડી તેની જગાએ રાષ્ટ્રભાષા હિંદી અગર હિંદુસ્તાનીની સ્થાપના માટે પ્રચાર કરવો;

(છ) પ્રજાની ધાર્મિક, સામાજિક, આર્થિક તેમ જ રાજકીય ઉન્નતિ થાય એવા બીજા ઉપાયોનો છાપા દ્વારા તેમ જ પુસ્તકપ્રકાશન દ્વારા પ્રચાર કરવો;

(જ) સંસ્થા દ્વારા ચલાવવામાં આવનારાં વર્તમાનપત્રો, ચોપાનિયાં, પુસ્તકો, ઇ૦માં જાહેરખબરો ન લેવી, તેમ જ સંસ્થાના મુદ્રણાલયમાં સંસ્થાના ઉદ્દેશોનું વિરોધી છાપકામ ન લેવું;

(ઝ) સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ તેમ જ તેનો હિસાબ દરેક વર્ષે, વહીવટનું વરસ પૂરું થયા પછી ત્રણ માસની અંદર, બહાર પાડવો.

(ઞ) સંસ્થાની કુલ પ્રવૃત્તિઓ સ્વાશ્રયના ધોરણ ઉપર જ ચલાવવાનો સદાય આગ્રહ રાખવો."

આ કલમની રૂએ ટ્રસ્ટની શી જવાબદારી ઊભી થાય છે એ વિષે ટ્રસ્ટીઓ હમેશ જાગ્રત રહ્યા છે. 'હરિજન' પત્રો ચાલતાં હતાં, ત્યારે આ પ્રશ્ન એટલો ઊઠતો નહોતો. હવે જ્યારે તે બંધ કરવાં પડ્યાં છે, ત્યારે ઉપરની જવાબદારી પરત્વે કાંઈ કરી શકાય તો શું કરવું, એ સવાલ થાય છે.

અત્યારે ટ્રસ્ટ ગુજરાતીમાં બે પત્રો ચલાવે છે— ૧. 'શિક્ષણ અને સાહિત્ય' (માસિક), ૨. 'લોકજીવન' (પાક્ષિક). એ દ્વારા ઉપરની કલમમાં સોંપાયેલું કામ અમુક ઢબે અદા થાય છે એમ કહી શકાય. છતાં વિશેષ કાંઈ કરવું ઘટે તો શું, એ વિષે વિચાર કરી ટ્રસ્ટે અત્યારના સંજોગોમાં એવો ઠરાવ કર્યો છે કે, ટ્રસ્ટની કલમ 'નવજીવન' ચલાવવું એમ કહે છે, તો 'શિક્ષણ અને સાહિત્ય' માસિક છે તે એ નામે બંધ કરી હવેથી 'નવજીવન' નામથી ચલાવવું. આથી તેના ઉદ્દેશો કે કામમાં કોઈ મોટો ફરક થાય છે એમ ન કહેવાય, કેમ કે 'શિક્ષણ અને સાહિત્ય' પણ ઉપરની કલમમાં બતાવેલા ઉદ્દેશ અને કામોને જ વરેલું હતું; — વિશેષ કરીને કેળવણી. એટલે 'નવજીવન' માસિક નવે નામે છતાં 'શિ૦ સા૦'ના ચાલુ કામને તો આગળ લેશે. તેથી 'નવજીવન'નું પુસ્તક નવા ક્રમે પહેલું ગણાવા છતાં, તેમાં 'શિ૦ સા૦' ભળીને ચાલે છે, એ ઢબે તેનું કામ આગળ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નવજીવન' પત્ર પૂ૦ ગાંધીજીએ ૧૯૧૯ના સપ્ટેંબરમાં શરૂ કર્યું હતું. ૧૯૩૦ની સ્વરાજની લડત દરમિયાન તે બંધ થયું. બાદ ૧૯૩૪થી 'હરિજનબંધુ' શરૂ થયું. ૧૯૫૬માં તે બંધ થયા પછી, હવે 'નવજીવન' નામે માસિક પત્ર શરૂ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. 'હરિજનબંધુ'ના ગ્રાહકોને અને બીજાં સૌ ભાઈબહેનોને વિનંતી છે કે, તેઓ આ પત્રને અપનાવી તેને ઉત્તેજન આપે.

આ નવી શરૂઆતને અંગે એક બે ફેરફાર કર્યા છે તે જણાવું :—

'શિ૦ સા૦' દર માસની પહેલી તારીખે બહાર પડતું તેને બદલે હવેથી 'નવજીવન' દર માસની ૧૫મીએ બહાર પડશે. એટલે જાનેવારી ૧૯૫૭નો અંક નવે નામે તે માસની ૧૫મીએ બહાર પડશે. વાર્ષિક લવાજમ ચાર રૂપિયા જ રહેશે.

બીજું, 'શિ૦ સા૦' માટે સંપાદકમંડળ રાખવામાં આવ્યું હતું; તંત્રી તરીકે શ્રી મગનભાઈ દેસાઈ હતા. હવેથી સંપાદકમંડળ નહીં રહે, તંત્રી છે તે ચાલુ રહેશે.

કેટલાક 'હ૦ બં૦'ના ગ્રાહકોનાં લવાજમ હજી અમારી પાસે જમા છે. તેમને અગાઉ જણાવ્યું હતું તેમ, તેમને હવે, તેમની બાકી જમા રકમ પેટે, આ માસિક પત્ર મોકલીશું. તેનો તેઓ સ્વીકાર કરશે એવી વિનંતી છે.

આ ઉપરાંત જે ભાઈબહેનો નવા ગ્રાહક બનીને 'નવજીવન' મંગાવવા ચાહે, તે અમને બનતી ત્વરાએ લખી જણાવશે એવી આશા રાખું છું.

૧૮-૧૨-'૫૬ જીવણજી ડા૦ દેસાઈ
વ્યવસ્થાપક-ટ્રસ્ટી

તા૦ ક૦ ઉપરનું નિવેદન જાહેર કર્યા પછી, માસિકનું નામ 'નવજીવન' બદલવા માટે સરકાર પાસે 'ડેકલેરેશન' લેવા જતાં જાણવા મળ્યું કે, કોઈ પત્ર એ નામથી રાજ્યમાં જો ચાલતું હોય તો એ નામનું 'ડેકલેરેશન' બીજાને આપી ન શકાય, એવો કાયદો ૧૯૫૬માં થયો છે. તેથી કરીને સરકારે હજી સુધી નામ-બદલી કરવાની પરવાનગી આપી નથી; તે 'નવજીવન' નામ વિષે તપાસ કરીને આ બાબતમાં જણાવશે. આથી કરીને કરવા ધારેલા નામનો ફેર અત્યારે કરી નથી શકાતો, અને જૂને નામે જ 'શિ૦ સા૦'નું આગળનું પુસ્તક ચાલે છે. પરંતુ પ્રગટ તારીખનો ફેરફાર વગેરે બાબતો અમલમાં આવે છે.

૯-૧-'૫૭ જી૦ દે૦

"અમારો ઉદ્દેશ"

['નવજીવન' સાપ્તાહિક ગાંધીજીએ સપ્ટેંબર, ૧૯૧૯માં શરૂ કર્યું. તેનો પહેલો અંક તેની ૭મીએ બહાર પડ્યો, તેમાં 'અમારો ઉદ્દેશ' એ મથાળે પહેલો અગ્રલેખ લખેલો, તે નીચે ઉતાર્યો છે. આજેય તેને યાદ કરીને આપણે પુનિત થઈ શકીએ છીએ. એમાં બતાવેલો ઉદ્દેશ એમના જેવા માટેય "આ બધી ગજ વગરની વાતો" હોય, તો આપણી તો વાત જ શી કરવી? પરંતુ આજેય આદર્શ તો એ જ છે. હિંદમાં સ્વરાજ આવ્યા પછી પણ જે નવજીવન પ્રગટ કરવું છે, તેનો માર્ગ પણ આ ઉદ્દેશમાં ચીંધ્યો છે તે જ હોવો જોઈએ.

૧૭-૧૨-'૫૬ મ૦]

જ્યારે 'યંગ ઇન્ડિયા'નાં લખાણોની દેખરેખનું કામ મેં માથે લીધું, ત્યારે મને પોતાને અને કેટલાક મિત્રોને પ્રશ્ન થયો કે, હું ઇંગ્રેજી લખાણો લખવા, સુધારવા, વિચારવા, તારવવામાં મારો કાળ ગાળું તેના કરતાં હું ગુજરાતી વર્તમાનપત્ર ચલાવું એ મને વધારે ન છાજે? વિશેષ અગત્યનો પ્રશ્ન તો એ ઊઠ્યો કે, હું કઈ રીતે હિંદની વધારે સેવા કરી શકું?

'યંગ ઇન્ડિયા' ચલાવવું એ તો મારી ચોખ્ખી ફરજ હું તે વેળા જોઈ શક્યો. મારા ઇંગ્રેજી જ્ઞાનનો ઉપયોગ પ્રજાને સારુ હું કરી શકું એ મને ખબર છે. પણ મારે ગુજરાતી વર્તમાનપત્ર પણ સાથે ચલાવવું જોઈએ એમ કેટલાક મિત્રોને અને મને જણાયું. અનુકૂળ સંજોગો આવી મળ્યા. મેં છાપખાનાની માલેકી ધરાવી છે. 'ઇન્ડિયન ઓપિનિયન' ઘણા કાળ સુધી ચલાવ્યું છે. છતાં તેના તંત્રી તરીકે મેં મને ગણવા નથી દીધો. તંત્રી તરીકે જાહેરમાં ઓળખાવાનો આ પહેલો પ્રસંગ આવ્યો છે. તેને મેં વધાવી લીધો છે. પણ હું ધ્રૂજી રહ્યો છું. મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબદારીનું મને પૂરું ભાન છે.

આ દક્ષિણ આફ્રિકા નથી. ત્યાં તો મારું ગાડું ગમે તેમ ચાલતું હતું. પણ અહીં? વર્તમાનપત્રોની ખોટ નથી. લેખકો ઘણા છે. મારું ભાષાજ્ઞાન ઘણું ઓછું છે. વીસ વર્ષ સુધી બહાર રહેલા મને હિંદુસ્તાનના પ્રશ્નોની ઓછી જ માહિતી હોય. આ વિવેકની ભાષા નથી, પણ મારી દશાનો તાદૃશ ચિતાર છે.

આવી અપૂર્ણતા છતાં મારે હિંદને કંઈ આપવાનું છે તે બીજાની પાસે તેટલા જ પ્રમાણમાં નથી એમ હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું. ઘણા પ્રયત્ને મેં કેટલાક સિદ્ધાંતો મારા જીવનમાં ગોઠવ્યા છે ને તેને અમલમાં મૂક્યા છે. તેથી મને જે સુખ મળ્યું તે મેં બીજામાં નથી જોયું એમ મને ભાસ્યું છે. ઘણા મિત્રોએ આ વાતની સાક્ષી પૂરી છે. એ સિદ્ધાંતો હિંદને આપી મારા સુખનો અનુભવ હિંદને કરાવવાની મને ભારે અભિલાષા છે. એનું એક સાધન વર્તમાનપત્ર છે.

સત્યાગ્રહ એ મારે મન પોથી માંહેલું વેંગણ નથી. મારું તો એ જીવન છે. સત્ય વિના સર્વ મને તો શુષ્ક લાગે છે. અસત્યથી દેશને લાભ ન જ થાય એવી મારી ખાતરી છે. પણ કદાચ અસત્યથી તાત્કાલિક લાભ જણાતો હોય તોપણ સત્યનો ત્યાગ ન જ કરાય એમ હું દૃઢતાપૂર્વક માનું છું.

એ સત્યની-શોધ કરતાં હું સમજણો થયો ત્યારથી શીખ્યો છું. તેને સેવતાં ચાલીસ વર્ષ વીત્યાં છે. એમ છતાં મન વચન અને કર્મની એકતા સંપૂર્ણતાએ નથી આવી શકી એમ હું જાણું છું.

તેથી શું? આદર્શને આપણે જેમ વળગવા જઈએ છીએ તેમ તે વેગળો જતો દેખાય છે. તેમ તેમ આપણે વધારે વેગે ધસવું એ જ પુરુષાર્થ છે. પડશું, આખડશું તોયે ઊઠશું. પાછી પાની કે પાછી પૂંઠ ન કરીએ એટલું જ બસ છે.

પણ એવી શોધ કરતાં મને અનેક રત્નો મળ્યાં છે. તે મારે હિંદની પાસે મૂકવાં છે. એની જાહેર ખબર રૂપ આ ‘નવજીવન’ છે.

એ શોધો કરતાં મેં જોયું કે, કાયદાઓને ઇરાદાપૂર્વક માન આપવું એ આપણી ફરજ છે. પણ તે માન આપવાની ફરજ અદા કરતાં મેં એમ પણ જોયું કે, જ્યારે કાયદો અસત્યનો પોષક હોય ત્યારે તેનો ભંગ કરવો એ પણ ફરજ છે. એવો ભંગ કઈ રીતે થાય? સત્યની રીતે રહેતાં આપણે પોતે કાયદાનો ભંગ કરવાની સજા વહોરી લેવી. આનું નામ વિનયી ભંગ છે. એવો ભંગ કોનાથી થાય, ક્યારે થાય, કયા કાયદાઓ અસત્યના પોષક હોય, એનો નિર્ણય માત્ર અમુક નિયમો ઘડીને નથી કરી શકાતો. એ અનુભવે જ થાય. આને સારુ વખત જોઈએ અને સાધન જોઈએ. તે સાધન ‘નવજીવન’ થાઓ.

પ્રતિકૂળ વાતાવરણમાં ઘણી ભારે લડાઈ લડતાં છતાં સરકારી વર્ગ સાથે સત્યાગ્રહીઓ મીઠાશ જાળવી શક્યા હતા, કેમ કે સત્યાગ્રહમાં રોષને કે દ્વેષને અવકાશ નથી. સત્યની છાપ સામા પક્ષ ઉપર પડે છે. એટલે તેને અવિશ્વાસ નથી રહેતો. તેથી લડતાં છતાં બંને પક્ષ વચ્ચે માન ને મીઠાશ જાળવી શકાય છે. દાખલાઓ ને દલીલોથી ‘નવજીવન’ બતાવશે કે, હિંદમાં પણ આપણે અધિકારી વર્ગ સાથે મતભેદ હોય ત્યાં લડતા હોઈએ છતાં જ્યાં તેવું નથી ત્યાં તેને મદદ દઈએ ને તેની મદદ લઈએ.

પણ સત્યાગ્રહની સીમા કંઈ સરકાર ને પ્રજા વચ્ચેના સંબંધમાં સમાપ્ત નથી થતી. સંસારી સુધારાને સારુ પણ એ જ અમૂલ્ય શસ્ત્ર છે. આમાં સ્ત્રીઓની સ્થિતિ, આપણા કેટલાક નઠારા રિવાજો, હિંદુ-મુસલમાનો વચ્ચે ઊભા થતા સવાલો, અંત્યજને લગતી અડચણો — આવા અનેક પ્રશ્નોના નિવેડા આવી શકે છે. એટલે આ બધા પ્રશ્નોની ચર્ચા ‘નવજીવન’ પ્રસંગોપાત્ત કરશે.

રૉલેટ કાયદા વિષેની લડત એ સત્યાગ્રહનો પદાર્થપાઠ છે. એટલે તે લડત પ્રજાની સમક્ષ નિરંતર ‘નવજીવન’ રાખશે. એ કાયદો તેની મુદ્દત પહેલાં રદ થશે એ વિષે મને શંકા નથી, કેમ કે સત્યને વિષે ને સત્યાગ્રહીઓની શક્તિને વિષે મને પૂરો ભરોસો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદનો આર્થિક ઉદ્ધાર સ્વદેશીમાં જ છે એવી મારી દૃઢ માન્યતા છે. સ્વદેશીમાં ધર્મનાં મૂળ છે. ધર્મનો ત્યાગ કરીને કોઈ પ્રજા ઉન્નતિ પામી નથી ને પામશે નહીં. એટલે સ્વદેશીનો ભારે પ્રચાર પણ ‘નવજીવન’ કરશે.

મારે હિંદની સેવા કરવી છે તો હું અંગ્રેજી ભાષામાં જ મારો આત્મા કેમ ન રેડું, એવો પ્રશ્ન કોઈ ઉઠાવે, તો હું કહેવા ઇચ્છું છું કે, જન્મ અને કર્મથી ગુજરાતી હોઈ હું ગુજરાતના જીવનમાં ઓતપ્રોત થઈ જાઉં તો જ હું હિંદની શુદ્ધ સેવા કરી શકું. વેપારની દૃષ્ટિએ પણ મારી શક્તિનો સારામાં સારો ઉપયોગ હું ગુજરાતને મારું મુખ્ય ક્ષેત્ર ગણીને જ આપી શકું. વળી ઇંગ્રેજી ભાષાની મારફતે હું મારો સંદેશો કોને આપું? ઇંગ્રેજીનો મોહ મિથ્યા છે, એ તો ‘નવજીવન’ પ્રતિક્ષણ બતાવ્યા કરશે. આપણા અભ્યાસક્રમમાં કે જીવનમાં ક્યાંયે ઇંગ્રેજીને સ્થાન નથી એમ કહેવાનો આશય નથી. ઇંગ્રેજી ભાષાનો વ્યાપાર અત્યારે અસ્થાને થાય છે એટલું જ કહેવાનો આગ્રહ છે.

હિંદુસ્તાન ખેડૂતોની ઝૂંપડીઓમાં વસે છે. વણકરોની કળા હિંદુસ્તાનની ભવ્યતાનાં સ્મરણ કરાવે છે. તેથી મને પોતાને ખેડૂત અને વણકર કહેવડાવવામાં હું અભિમાન માનું છું. ‘નવજીવન’ મારે તો ખેડૂતોનાં ઝૂંપડાંમાં ને વણકરોનાં ઘરોમાં પહોંચાડવું છે. મારે તેઓની ભાષામાં તે લખવું છે. તેથી ખેડૂતો ઇત્યાદિનાં સુખદુઃખની વાતો ‘નવજીવન’ હમેશાં તેઓની ભાષામાં કરશે. ખેડૂત ભયભીત રહેશે, કરજના બોજા તળે કચરાયેલા રહેશે, તેઓનાં શરીર રોગી હશે, તો હું હિંદુસ્તાનનો નાશ જ જોઉં છું.

ઘેર ઘેર સ્ત્રીઓ ‘નવજીવન’ વાંચે એમ હું હમેશાં પ્રભુ પ્રત્યે માગીશ; સ્ત્રીઓના વિના ધર્મની રક્ષા કોણ કરે? સ્ત્રીઓ અજ્ઞાન અને મૂઢ દશામાં રહે, સ્ત્રીઓને હિંદુસ્તાનની દશાની ખબર ન હોય, તો ભવિષ્યની પ્રજાની શી વલે થાય? તેથી ‘નવજીવન’ સ્ત્રીઓને જાગ્રત કરશે, અને પુરુષ વર્ગને સ્ત્રીઓ પ્રત્યેની તેમની ફરજનું ભાન કરાવવા પ્રયત્ન કરશે.

આ તો મેં મારી મહત્ત્વાકાંક્ષાઓની વાનગી માત્ર આપી છે. તેના સારરૂપ તો આટલું જ કહેવા ઇચ્છું છું કે, ‘નવજીવન’ની પ્રવૃત્તિ એવી ચાલશે કે જેથી રાજા પ્રજા વચ્ચે વેરભાવ મટી મિત્રતા થાય, અવિશ્વાસ મટી વિશ્વાસ થાય, હિંદુમુસલમાન વચ્ચે અંતઃકરણની એકતા થાય, હિંદુસ્તાન આર્થિક સ્વતંત્રતા મેળવે અને હિંદુસ્તાનમાં સર્વત્ર પ્રેમ સિવાય બીજું કંઈ જોવામાં ન આવે. જગત પ્રેમમય છે. નાશમાંયે ઉત્પત્તિ ભરી છે.

આ બધી ગજા વગરની વાતો છે. ભલે હોય. છતાં એ દશામાં થયેલો પ્રયત્ન નિષ્ફળ ન જ જાય એવું ધર્મવાક્ય છે, તેને હું વળગીશ. પણ આવા સંદેશા તે કંઈ અભણ હિંદુસ્તાનને, તેયે વળી પ્રેસના જુલમી કાયદા ચાલે છે ત્યાં, અપાય ખરા? એવો નિરાશાવાદીનો પ્રશ્ન હોઈ શકે. પ્રેમ અજ્ઞાનની સાંકળોને તોડી શકે છે એવો નીતિ-અનુભવ કોને નથી થયો? અને પ્રેમને — સત્યને પ્રેસ ઍક્ટનો ભય શો? પ્રેસ ઍક્ટના ભય વિના જે વાત જેવી લાગશે તેવી જ ‘નવજીવન’માં કહેવામાં આવશે. એવી વ્યવસ્થાપક, ઉપતંત્રી, તંત્રી વગેરે જેઓ ‘નવજીવન’માં ગોઠવાઈ ગયા છે તેની પ્રતિજ્ઞા છે. ‘સિક્યુરિટી’ કે શરીર બચાવવા ખાતર કહેવાનું કહેતાં આંચકો ‘નવજીવન’ નહીં જ ખાય. પણ સત્ય કહેતાં વિનયનો ત્યાગ નહીં થાય. ‘નવજીવન’માં ક્યાંયે વગર વિચાર્યું વાક્ય નહીં હોય, નકામું વિશેષણ નહીં હોય. ખરું જોતાં સત્યને વિશેષણના શણગારની જરૂર હોતી નથી. શુદ્ધ હકીકતમાં જે કળા છે તે નકામાં વિશેષણોથી ખરડાયેલી હકીકતોમાં નથી જ હોતી.

ગુજરાતની માતાઓ અને ગુજરાતના વિદ્વાન ‘નવજીવન’ને વધાવો, આશીર્વાદ આપો અને ‘નવજીવન’ તેમના આશીર્વાદને યોગ્ય થાઓ, એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરું છું.

મોહનદાસ કરમચંદ ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદી પ્રચારના મુખ્ય સિદ્ધાંતો

["હિંદીની પરીક્ષાઓની સરકારી માન્યતા" એ લેખનું અનુસંધાન]

[ઑક્ટોબર, '૫૬ના અંકના પા. ૨૯૦ ઉપર આ વિષય પર પહેલો હપતો આવી ગયો છે. આ તેનો આગળનો હપતો છે. ગયા હપતામાં આપણે સ્વતંત્ર બંધારણ આવતા પહેલાંનો તબક્કો — એટલે કે ૧૯૫૦ના પ્રારંભ સુધીનો વિચાર કર્યો હતો. બીજો તબક્કો ૧૯૫૦થી શરૂ થાય, તે આ હપતામાં ચર્ચ્યો છે.]

૧

હિંદી પ્રચારના મુખ્ય મુદ્દા

ઈ. સ. ૧૯૪૯ના સપ્ટેંબરની ૧૪મી તારીખે હિંદની બંધારણ-સભાએ તેનો ભાષાવિષયક ઠરાવ બહાર પાડ્યો. તેની સાથે રાષ્ટ્રભાષા વિષે વિચારણાનો પ્રજાકીય પ્રયત્ન, એક દૃષ્ટિએ જોતાં, તેની આખરી હદે પહોંચ્યો એમ કહી શકાય. તે જોઈએ તે પહેલાં એ પ્રજાકીય પ્રયત્નના મુખ્ય મુદ્દા ટૂંકમાં ગણાવવા હોય તો તે નીચે પ્રમાણે હતા :–

૧. હિંદ દેશ અનેકભાષી હોવાથી, આખા દેશના આંતરવ્યવહારને માટે, તેની પાસે એક સર્વસાધારણ આંતરભાષા હોવી જોઈએ.

૨. આ ભાષા અંગ્રેજી નહીં હોય. દેશની જ એક ભાષા તે હોવી જોઈએ.

૩. એ ભાષા ઉત્તર હિંદમાં બોલાતી સામાન્ય ભાષા હિંદી કે હિંદુસ્તાની હોઈ શકે; કેમ કે તે ભાષા દેશની વસ્તીની મોટામાં મોટી સંખ્યાના લોકો સમજે છે અને વાપરે છે.

૪. એવી ભાષાનું સ્વરૂપ ખૂબ વ્યાપક અને સર્વગ્રાહી હોવું જોઈએ. તે ભાષાની એ સાહિત્યિક શૈલી — હિંદી અને ઉર્દૂ — એ બંનેના સુભગ મેળરૂપ એવી લોકભાષા, જે લોકોમાં ચાલે છે ને ઉર્દૂ લિપિ કે નાગરી લિપિમાં લખાય છે ને વંચાય છે, તે પ્રકારની આ ભાષા હોવી ઘટે. અને તે ઢબે તેને ખીલવવી જોઈએ; અને તેનું સાહિત્ય પેદા કરવું ઘટે છે.

૫. એટલે સંસ્કૃતમયી હિંદી શૈલી કે અરબી-ફારસી-ભરી ઉર્દૂ શૈલી — એમાંની એકે તે ભાષાના સાચા સ્વરૂપની સૂચક નથી; તે બંને અધૂરી છે. ઉપરાંત, તેમાં કોમી દ્વેષ અને પ્રાંતિક કે પ્રાદેશિક સંકુચિતતા તથા સાંસ્કૃતિક અનુદારતાના દોષ પણ છુપાયા છે. હિંદની રાષ્ટ્રીય આંતરભાષા આ દોષોથી મુક્ત હોવી જોઈએ; બલ્કે, તે દોષોને દૂર કરવામાં તેણે પોતાનો ફાળો આપવો જોઈએ.

૬. તથા, એ ભાષા હિંદની બીજી મહાન ભાષાઓની હરીફ કે તેનું વાજબી સ્થાન કે હક પચાવી પાડી ન શકે; તે ભાષા તેમની અનુપૂર્તિ રૂપ — એ ભાષાઓ રૂપી દૂધમાં સાકર પેઠે ભળી જનારી ને તેવો ગુણ પ્રેરનારી હોવી જોઈએ.

૭. તેથી કરીને, આંતરભાષા કોઈ અહિંદી પ્રદેશના રાજ્યવહીવટનું કે શિક્ષણનું માધ્યમ નહીં બને; તે સ્થાન તો તે તે પ્રદેશભાષાને જ ઘટે. પણ આંતરભાષા તે દરેક પ્રદેશમાં આવશ્યક બીજી ભાષા તરીકે ભણાતી અને જરૂર મુજબ વપરાતી હશે.

ઉપરના મુખ્ય મુદ્દા યાદ રાખીને તેમને આધારે આંતરભાષા હિંદીનું પ્રચારકાર્ય કરવું જોઈએ.

બંધારણસભાએ જે ઠરાવ કર્યો, તે ઉપરના લગભગ ૩૦ વરસના સતત હિંદી-પ્રચારકાર્યના પરિણામ રૂપે હતો; તેથી જ તે શક્ય બન્યો એમ ચોકસ કહી શકાય.

બંધારણના ૧૭મા ખંડમાં કલમ ૩૪૩ થી ૩૫૧માં આ વિષય આવે છે. તે જોઈએ તો ઉપરના બધા મુદ્દાઓનો તેમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. ૧૯૪૮માં રાધાકૃષ્ણન કમિશનનો રિપોર્ટ બહાર પડ્યો, તેમાં પણ ઉપરના બધા સિદ્ધાંતો સ્વીકારીને હિંદીને શિક્ષણમાં સ્થાન આપવાની ભલામણ કરવામાં આવી છે.

બંધારણનો આ ઠરાવ થયા બાદ જે પરિસ્થિતિ પેદા થઈ, તેનો વિચાર આવતા અંકમાં કરીશું.

— ચાલુ]

૫-૧-'૫૭ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગરી લિપિમાં સુધારા

નવસારી માધ્યમિક શિક્ષક સંઘની તા. ૬-૭-'૫૬ને રોજ મળેલી સભાએ નીચે પ્રમાણેનો ઠરાવ કર્યો છે, તે તેના પ્રમુખ લખી મોકલે છે :

ઠરાવ

"મુંબઈ સરકારના કેળવણી ખાતા તરફથી ૨૧ સપ્ટેમ્બર, ૧૯૫૪ના ઠરાવ નં. એસ.સી.આર ૧૫૪, સુરત જિલ્લા શિક્ષણાધિકારી તરફથી તા. ૧૯-૫-'૫૬ને દિને શાળાઓ ઉપર મોકલી આપવામાં આવ્યો છે. એ ઠરાવ દેવનાગરીની પ્રચલિત લિપિમાં સુધારાને લગતો છે. એમાંના કેટલાક સુધારા ગૂંચવાડો ઊભો કરે એવા છે. ખાસ કરીને નીચેના બે સુધારા તદ્દન અશાસ્ત્રીય છે :

૧. હ્રસ્વ ઇની માત્રા અક્ષરની ડાબી બાજુને બદલે જમણી બાજુ કાઢવાનો અને શિરોરેખા પસાર કર્યા પછી અધવચ્ચે અટકાવી દેવા માટેનો સુધારો.

૨. "ख"ના "र"ના પાંખાને નીચે "व" સાથે મેળવી દેવાનો.

"સુધારા નં. ૧ ને અમલમાં લાવતાં હ્રસ્વ ઇ અને દીર્ઘ ઈની માત્રાનો કોઈ ફેર રહેવાનો નથી. હાથે લખેલાં લખાણોમાં એક બાજુ ફ અને બીજી બાજુ દીર્ઘ ઈથી હ્રસ્વ ઇ છૂટી પાડવાનું અશક્ય થશે. જો હ્રસ્વ ઇ અને દીર્ઘ ઈ વચ્ચેનો ભેદ જોડણીમાંથી કાઢી જ નાંખવો હોય તો તેમ સ્પષ્ટ કહેવાનું જોઈએ. અને એ ભેદ જો ચાલુ રાખવાનું ઇષ્ટ છે એમ સ્વીકારવામાં આવતું હોય, તો ઉપર સૂચવેલો સુધારો તદ્દન અશાસ્ત્રીય છે.

સુધારા નં. ૨ નું પરિણામ એ આવશે કે, કંઈ નહીં તો હાથે લખેલાં લખાણમાં (સુધારેલો) હિંદી "ख" અને ગુજરાતી "અ" સરખા થઈ જશે, એથી ગુજરાતી બાળકોના મનમાં વિના કારણ ગૂંચવાડો ઊભો થશે.

"જ્યારે લિપિ જેવી મહત્ત્વની બાબતમાં સુધારો સૂચવાય, ત્યારે નિષ્ણાતો અને જવાબદાર લોકો માટે તો એવી આશા જરૂર રાખવામાં આવે કે, લાગતી વળગતી બધી બાબતોનો એઓ વિચાર કરે. દેવનાગરી લિપિમાં સુધારો કરતી વખતે તો એમાંથી ઊતરી આવેલી બીજી લિપિઓનો પણ ખ્યાલ કરવાની જરૂર છે. પરંતુ લિપિ સુધારવા બેઠેલી સમિતિએ આનો ખ્યાલ રાખ્યો દેખાતો નથી.

"વળી, શિક્ષણનો એક સામાન્ય નિયમ એવો રહેવો જોઈએ કે, એક ઇન્દ્રિયથી મળેલું જ્ઞાન બીજી ઇન્દ્રિયની વિરુદ્ધ ન જાય. નહીં તો બુદ્ધિભ્રમ પેદા થયા વિના ન રહે. આથી આજે જ્યારે હિંદીનાં બધાં પાઠ્યપુસ્તકો જૂની લિપિમાં લખાયાં છે, ત્યારે આવો લિપિસુધાર શાળાઓ મારફતે લાદવાનું ઇષ્ટ નથી. વિદ્યાર્થી વાંચે એક લિપિમાં અને લખે બીજી લિપિમાં એવી અપેક્ષા રાખવી, એ વિદ્યાર્થી માનસ ઉપર અત્યાચાર ગુજારવા જેવું છે.

"આથી નવસારી માધ્યમિક શિક્ષણ સંઘની તા. ૬-૭-'૫૬ને રોજ મળેલી આ સભા ઠરાવ દ્વારા શિક્ષણખાતાને તેમ જ એસ. એસ. સી. પરીક્ષા સમિતિને વિનંતી કરે છે કે, આ સુધારાના અમલમાં ઉતાવળિયો આગ્રહ ન રાખે, અને જૂની લિપિ પ્રમાણેના લખાણને માન્ય રાખે."

એએક માસ ઉપર મળેલો આ પત્ર સાચી ફરિયાદ રજૂ કરે છે. નાગરી લિપિમાં જો ખરો સુધારો કરવા જેવો હોય, તો તે શિરોરેખા દૂર કરવાનો છે. તેમ કરતાં સુધરેલી લિપિ જે થઈ રહે તે જ ગુજરાતી લિપિ નથી? પણ એ પ્રશ્ન બીજો થયો.

ચાલુ નાગરીમાં લખનૌ લિપિ પરિષદે જે સુધારા સૂચવ્યા છે, તેમાં હ્રસ્વ इનો ફેરફાર સુધારો નહીં, પણ કુધારો લાગવા પૂરો સંભવ છે. તે તો રદ થવો જ જોઈએ.

પરંતુ પ્રશ્ન બીજો છે. મુંબઈ સરકારે એવો હુકમ કર્યો છે કે, હિંદી ચોપડીઓ હવે પછી આ નવી સુધારેલી લિપિમાં જ હોય તો મંજૂર થશે! અને ગમત એ છે કે, તેવાં બીઆં જ મળતાં નથી, છતાં આવા હુકમ નીકળ્યા છે! પરિણામે, નવી ચોપડીઓ મંજૂર થવા મોકલી શકાતી નથી અને જૂની ચોપડીઓ ચાલુ રાખ્યે જવાય છે, જોકે તેમની લિપિ તો નવી નથી જ!

અને સરકારે એસ. એસ. સી. માટે નિયત કરેલી હિંદી ચોપડીમાં કઈ લિપિ છે?

આથી કરીને ફરિયાદનું કારણ સાચું ઠરે છે. સરકારે ન્યાયને ખાતર પણ નવી ચોપડીઓમાં ચાલુ લિપિ વાપરવા પર જે પ્રતિબંધ મૂક્યો છે, તે દૂર કરવો જોઈએ અને તેમને બહાર પડવા દેવી ઘટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા લિપિમાં જે ફેરફાર કરવા હોય તે સર્વસંમત ન હોય તો તેનો અત્યાગ્રહ ન શોભે. સાંભળવા મુજબ, ઉત્તર પ્રદેશમાં પણ આ નવા ફેરફારો પસંદ નથી. આ જો ખરું હોય તો તો ઉપરની ફરિયાદ સવિશેષ વજૂદવાળી બને.

૭–૧૧–'૫૬ મ૦

૧૭૫૭–૧૮૫૭–૧૯૫૭

૧

આપણા દેશે ચાલુ સૈકામાં એવી જબર પ્રગતિ કરીને કૂદકો માર્યો છે કે, તે પોતાના ઇતિહાસની સમીક્ષા એક એક સૈકાની ગણતરીથી કરી શકે છે;— એક પછી બીજું વરસ કે દસકાથી નહીં. ૧૭૫૭માં બંગાળાનો નવાબ દેશની આઝાદી જતી જોઈને પહેલો અંગ્રેજો સામે ઝૂઝયો. અમીચંદાઈ જેવી જાત જાતની અવળચંડાઈ એથી અંદરથી પોલો બની ગયેલો આપણો દેશ તેમાં પાછો પડયો. તે કાળે અંગ્રેજો તો રાજવી પણ નહોતા બન્યા; માત્ર વેપારીઓ જ હતા અને તેય વળી બંગાળાના નવાબની આણમાં! છતાં તેની સામે થવાનો અત્યાચાર તેઓ કરી શકયા એ આપણા લોકની ત્યારની કરુણ દશા સૂચવે છે. બીજી બાજુ તેઓના દેશમાં લોકો કદાચ કલાઈવ વગેરેનાં આવાં ઉદ્દંડ અને અવિચારી કરતૂતો પસંદ ન કરે તો મુશ્કેલી! એટલે કલકત્તાની 'કાળી કોટડી'નું તૂત રચી, સત્યની આંખમાં ધૂળ નાંખીને, કેટલાક ગોરા ઉસ્તાદોએ કામ લીધું. આમ અંગ્રેજી રાજ્યનું મંગળાચરણ શરૂ થયું.

બરોબર સો વરસે આ અંગ્રેજ વેપારીની આગેકૂચ પૂરી થઈ. દેશ પૂરો પરદેશીઓના હાથમાં ગયો. દેશી રાજાઓને, અજગર બકરું ગળે એમ ગળાતા દેશની એ વિપરીત ગતિની ખબર નહોતી પડી એમ નહીં; પણ તેઓની નબળાઈ એની એ જ ચાલુ હતી, કે જેને લઈને સો વરસ ઉપર બંગાળનો નવાબ હારેલો. તેમણે બને તેટલા ભેગા મળીને પાછી બાદશાહી સ્થાપવા અંગ્રેજો સામે "બળવો" પણ કર્યો. આ એમનું કાર્ય 'બળવો' કહેવાયું, કેમ કે અંગ્રેજી કંપનીનું રાજ્ય સ્થપાયું હતું, અને તેને પોતાની સામેના આ યુદ્ધ વિષે સખત હાથે કામ લેવું હતું. એટલે તેને 'સ્વાતંત્ર્યયુદ્ધ'નું રૂડું નામ તો શેનું જ આપે! પરંતુ તે યુગનાં અને દેશકાળનાં માપથી જોઈએ તો અંગ્રેજોને દેશમાંથી કાઢવાને માટેનો એ પ્રયત્ન હતો, તેની ના ન કહી શકાય.

૧૭૫૭ થી ૧૮૫૭નાં ૧૦૦ વરસના ગાળામાં ઠરીઠામ થયેલા અંગ્રેજ લોકોએ ૧૮૫૭ થી તેમના કામનું નવું પાનિયું શરૂ કર્યું: રાણીનું રાજ્ય સ્થપાયું. લોકોને નિઃશસ્ત્ર કરીને કલમનું રાજ્ય આદર્યું. તેમાંથી બને તેટલો ટુકડો દેશીઓને આપવા માટે નોકરી, ભણતર, ઇ૦ની ગોઠવણો થઈ. પછીથી ધારાસભાઓ ઇ૦ પણ યોજાયું. આ બધામાં આપણા ઉપલા લોકો જોડાયા. તેમણે આ નવા રાજ્યનું સ્વરૂપ પણ કેવું છે, તે જોયું. તેમાંથી સ્વમાન અને સ્વરાજનો વિચાર જન્મ્યો અને તે સારુ પ્રયત્નો શરૂ થયા.

આ પ્રયત્નોનું સ્વરૂપ ત્રણ પ્રકારે વર્ણવી શકાય —

૧. ૧૮૫૭ના પ્રયત્નના જોટાનું — સશસ્ત્ર 'બળવો' યોજવાનું.

૨. સરકારી નોકરીઓનું બને તેટલું 'હિંદીકરણ' સાધવું અને ધારાસભામાં સ્થાન મેળવી બંધારણપૂર્વક રાજ્ય ચલાવવામાં ભાગ લેવો.

૩. પ્રજાએ એક બની અસહકાર દ્વારા નિઃશસ્ત્ર શાંત બળવો કરવો.

ત્રીજી રીત ફાવી; પહેલી નિષ્ફળ ગઈ અને આમ પ્રજામાં હતાશા જ પ્રેરતી રહી, જોકે તેમાં ખૂબ વીરતા અને સાહસ પ્રગટ થયાં; બીજી રીત ખીલતી ગઈ ખરી, પણ તે વડે સ્વરાજ ન આવે એવો અનુભવ થયો. ત્રીજી રીત તરફ વળતાં, ૧૦૦ પૂરાં નહીં, ૯૦ વરસમાં આપણે પાછા આપણું રાજ્ય કરતા થયા — અંગ્રેજો દેશમાંથી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ નેવુ વર્ષમાં આપણે નવી દુનિયા પણ અનાયાસે જોઈ. વિજ્ઞાન, યંત્રોદ્યોગ, રાષ્ટ્રવાદ, અને વિશ્વ-યુદ્ધ ઇ૦ જોયાં જાણ્યાં. એ બધી નવી વાતોને સમજતા અને વાપરી જાણતા પણ થયા. પરંતુ આઝાદી આવી તે એ વડે નહીં. જે અમીચંદાઈ—, અરે અંગત સ્વાર્થોની સંકુચિતતાઓ અને તેને લઈ ને આચરાતી અવળચંડાઈ આપણા દેશને અંદરથી કોરી ખાતી હતી, તે બધા મેલને ગાંધીજીએ ધોઈ કાઢવાનો મંત્ર આપ્યો અને આપણું તે દ્વારા પ્રગટતું સાચું સત્ત્વ દેખાડીને કામ લેવાનો કાર્યક્રમ યોજીને આપણને આગળ લીધા. નાતજાત, ધર્મ, ભાષા, ઇ૦ અનેક કારણોથી અવળી બુદ્ધિએ ચડેલા દેશમાં — કદાચ અંગ્રેજી વિદ્યામાંથી તેના પાઠો મળ્યા તેથી — વેરવિખેર પડેલી પ્રજા-શક્તિને આમ આપણે કેન્દ્રિત કરી અને સ્વરાજ સિદ્ધ કર્યું. તેવે વખતે આપણે ૧૮૫૭ના આપણા પૂર્વજોના સાહસને યાદ કરીએ, એ એક રીતે ઉચિત છે. તેમ જ ૧૭૫૭થી માંડીને જોઈએ તો બીજાં નાનાં સાહસો પણ નથી એમ નથી, પરંતુ એ બધાંની ભાત ૧૯૪૭ના રંગથી જુદી હતી. તે ભાત જગતનો પૂર્વરંગ હતો, એ ભૂલવું ન ઘટે. આજે જગતનો શાંતિ- અને યુદ્ધનિષેધ યુગ બેઠો છે. હિંદે તે બેસાડ-વામાં, તેના શાંત નિઃશસ્ત્ર બળવાની સફળ રીત વડે, મોટો ફાળો આપ્યો છે. ૧૮૫૭નો શતાબ્દી ઉત્સવ માણતી વખતે આ મોટી વાત ભૂલવી ન જોઈએ; કારણ કે પાછાં આપણે ત્યાં હિંસા, સ્વાર્થ ઇ૦ની પામરતાની અવળચંડાઈ ઓ, પ્રજાના જૂના માનસમાંથી પાછી ડોકાઈ રહી હોય, એમ જોવા મળે છે.

અરે, ૧૮૫૭ના શતાબ્દી ઉત્સવથી હિંસાનાં ગાન થવા લાગ્યાં છે! પંડિત જવાહરલાલે ૧૦૦ વર્ષમાં થયેલા અર્વાચીનતાના ફેર વિષે ધ્યાન ખેંચ્યું; પણ એથી મોટો ફેર તો હિંસાબળ કે શસ્ત્રબળ પ્રત્યેની દૃષ્ટિમાં જે ફેર પડ્યો તે છે. તે વિષે જાગ્રત ભાવે ધ્યાન ખેંચવું જોઈએ. નહીં તો ૧૮૫૭ની ઉજવણી અનુચિત ઠરે; તેનાં પરિણામ તો પ્રતિગામી આવે જ. દેશની અંદર પણ આજે હિંસાખોરી જોર પર આવે છે કે શું? તે વખતે ૧૮૫૭ના ભાવો જાગ્રત કરવામાં ખબરદારી રાખવી જોઈએ. અસ્તુ.

૨

'૧૭૫૭' પછી '૧૮૫૭' બરોબર ૧૦૦ વરસે થયું. તે પરથી લોકમાનસનો મુગ્ધ વહેમભાવ એવી રીતનો વળ્યો કે, એટલે હવે ૧૯૫૭માં પણ કશુંક થવાનું! જ્યોતિષ વિષે અમુક મુગ્ધ ભાવ હોય છે. તેને મળતો આ લોકભાવ આજે ખડો થઈ રહ્યો છે. ભૂદાન હિલચાલે એને અમુક ઢબે પ્રેર્યો પણ ગણાય. આ વગર કામ લેવાયું હોત તો સારું. પરંતુ કેવળ શબ્દોની રમૂજનો અલંકાર-રસ પેદા કરતું એક જોડ-કણું જોયું કે,

'આવો મિત્રો સન સત્તાવનને
સત્ આવનનું વર્ષ બનાવીએ!'

વિનોદને ખાતર, એ જ રીતે જો આગળ વધીએ તો, 'સત્તાવન'નો 'સત્+આવન વિગ્રહ બરોબર નથી; એ તો 'સદાવન'નો વિગ્રહ થયો. પણ 'સત્+તાવન (એટલે કે તાવણી)', 'સત્તા+વન', 'સત્તા+આવન' ઇ૦ જેવા વિગ્રહો કલ્પીને અર્થોની રમૂજ કરી શકાય. જેમ કે, ચૂંટણીમાં સત્યનું 'તાવન' તો થશે જ. અને એથી આજે 'સત્તા'ના 'વન'માં પ્રવેશ થવા લાગ્યો છે. છતાં અંતે કોકની 'સત્તા'નું તો 'આવન' થશે જ. પણ ખરું જોઈએ તો 'સત્'નું 'તાવન' ચાલુ જ છે; સૌના સતનું થઈ રહ્યું છે. અને આજે જગત એ સત્ય તરફ વળી રહ્યું છે કે, શાંતિ, સહકાર, શ્રમ, શોષણ-નિષેધ એ માનવ જગતનું સત્ય છે. તેને સિદ્ધ કરવાની તાવણી આજે જ્યાં ત્યાં ચાલે છે. હિંદમાં તો કદાચ જોરથી ચાલે છે. ૧૮૫૭નો પણ સાચો પાઠ તો એ જ છે કે, નહીં કે શસ્ત્ર એ બળ છે; ખરું બળ ઐક્ય, રાષ્ટ્રનિષ્ઠા છે; તે ન હોવાથી છતે શસ્ત્રબળે હાર્યા. ૧૭૫૭ પછી બસો વરસે જગત નવા જ યુગમાં પ્રયાણ કરતું થયું છે, તેનું દર્શન કરવું એ ૧૮૫૭ની શતાબ્દીનો સારભાગ છે.

૮-૧-'૫૭ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી અને સંતતિનિયમન

એક ભાઈના પત્રમાંથી જાણવા મળ્યું કે, શ્રી કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટમાં કુટુંબનિયોજન યા સંતતિનિયમન અંગે તે ટ્રસ્ટે ગામડાંમાં કામ કરવા વિષે ચર્ચા થવાની છે. તેમાં ગાંધીજીના તે વિષેના વિચારો પ્રસ્તુત ગણાય અને મહત્ત્વના પણ ખરા, એ ઉઘાડું છે. તેથી તે ભાઈએ મને 'ગાંધીજીના એક નિકટના સાથી' ગણીને બે સવાલ પૂછ્યા છે.

પહેલો સવાલ ગાંધીજીના વિચારો આ બાબતમાં ખરેખર શા હતા, એ વિષે છે. તે વિષે એ ભાઈ પોતાની સમજમાં એમ વર્ણવે છે કે, સંતતિનિયમન-શાસ્ત્રમાં જે 'સેફ પિરિયડ' ગણાય છે, એટલે કે, સ્ત્રીના માસિક કાળનો એવો ગાળો કે જ્યારે ગર્ભાધાન અસંભવ હોઈ તે સમય 'સલામત' કહેવાય છે, તે કાળની રતિક્રીડાને ગાંધીજી છૂટમાં મૂકતા હતા. આમ પોતાની સમજ જણાવી તે મને પૂછે છે કે, એ બરોબર છે?

બીજો સવાલ એ પૂછે છે કે, ગાંધીજી કસ્તૂરબા ટ્રસ્ટના ચૅરમૅન હતા, અને તે આજે જો જીવતા હોત, તો તે એમ કહેત કે, ટ્રસ્ટ જો સંતતિનિયમનનું કામ ઉપાડે, તો તે એમના વિચારો સામેનું છે?

આ બે સવાલો અંગે તે ભાઈએ તો અંગત પત્રથી જ મને પૂછ્યું છે. અને તેનો મેં જવાબ એમને આપ્યો છે. તેમનો અંગત પત્ર તથા નામ ઠામ તો મારે જણાવવાં ન ઘટે. વાચકે તે જાણવાની જરૂર પણ નથી જોતો. પરંતુ એ સવાલોમાં તો સૌને રસ છે અને તેમનું મહત્ત્વ જાહેર હિતનું પણ છે. એટલે એ સવાલો ઉપર જણાવીને, તેમનો મેં જે જવાબ લખ્યો છે તેમાંથી નીચે ઉતારું છું:

"મારે માટે તમે કહ્યું કે, હું પૂ. બાપુજીનો નિકટનો સાથી હતો. તેમ જ શ્રી અમૃતકુંવર બહેન પણ હતાં, એમ તમે જણાવો છો. છતાં, દાખલા તરીકે, સંતતિ-નિયમનનો વિષય જ જુઓ. તે એવો છે કે, એક જ મહાત્માના સાથીઓ હોવા છતાં આ પરત્વે તેઓ જુદા જુદા વિચારો ધરાવતા હોય. જેમ કે, શ્રી અમૃતકુંવરબહેન પ્રધાન તરીકે છે અને તે સ્થાનેથી આજે સંતતિનિયમનના કામનો પ્રચાર, સરકારી નાણાં વડે, કરી રહ્યાં છે! હું આ પરત્વે તેથી સાવ વિરુદ્ધ વિચારનો છું અને માનું છું કે, ગાંધીજી પાસેથી જે વિચારો મેં કેળવ્યા છે, તે મને કૃત્રિમ સંતતિ-નિયમનની તદ્દન સામે લઈ જાય છે અને ગાંધીજી તેને બિલકુલ પસંદ કરતા નહોતા. આજે આમ સાથીઓમાં ફરક પડેલા છે. અને તે આ વિષય પરત્વે જ નહીં, પરંતુ રાષ્ટ્રહિતના બીજા પણ અનેક મુદ્દાઓ છે, કે જે બાબતમાં ગાંધીજી જોડે કામ કરનારાઓ આજે જુદા વિચારો ધરાવે છે. આ હકીકત હું કોઈની સામે ફરિયાદ રૂપે અથવા તો કોઈની ટીકા રૂપે નથી કહેતો. એટલું જ બતાવવા એ લખી છે કે, આજે રાષ્ટ્રનું નવનિર્માણ કરવા લાગ્યા છીએ ત્યારે, દરેક જણ પોતપોતાની સાનસમજ અને જીવનદૃષ્ટિ પ્રમાણે, ગાંધીજીએ જે વિચારો દેશને અને દુનિયાને આપ્યા, તેમનો ક્યાસ બાંધીને તેમને સ્વીકારે છે કે તેમાં ફેરફાર કરે છે. અને તે એમ જ બને તથા તેમાં કાંઈ ખોટુંય નથી. માત્ર એટલું સંભાળવું જોઈએ ખરું કે, પોતાને ગમે તેમ લાગતું હોવા છતાં, ગાંધીજીના શા વિચારો હતા તે બાબતમાં પ્રામાણિક રજૂઆત કરવી જોઈએ. પોતાતરફી લાભ ખેંચી લેવાના લોભમાં, કે તેની અણસમજ અથવા તો ગેરસમજમાં તેમને અન્યાય ન કરી બેસવાની માનસિક પ્રામાણિકતા અને તટસ્થતા, તેમના પ્રત્યેના આદરભાવથી પ્રેરાઈને પણ, સાચવવી જોઈએ. કેટલીક બાબતોમાં આ બાબતમાં ભૂલચૂક થતી જોવા મળે છે, તેથી મેં આ લખ્યું છે. સંતતિનિયમન પરત્વે કોઈએ એમ કર્યું હોય હોય તો મને ખબર નથી. કહેવાની મતલબ કે, ગાંધીજીના આ પરત્વેના વિચારો સૌ જાણે છે કે, તે વિરુદ્ધ હતા. તેથી શ્રી અમૃતકુંવરબહેન પણ ક્યાં ગાંધીજીનું નામ લે છે? જો લઈ શકાય તો કોણ એ લાભ જતો કરે? પણ કોઈ તેમ નથી કરતું અને એ યોગ્ય છે.

તમે મને પૂછેલા બે પ્રશ્નોનો ઉત્તર આપવા જતાં, તેની પૂર્વભૂમિકા તરીકે ઉપરનું મેં — કાંઈક લાંબું લાગે એવું — લખી નાખ્યું છે, તે દરગુજર કરશોજી. બે પ્રશ્નો હવે તેમના ક્રમમાં લઉં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ઉ૦ —.ગાંધીજીના વિચારનું તમે નોંધેલું વિવરણ મને બરોબર લાગતું નથી. સંતતિની ઇચ્છા સિવાયના સંભોગને તે સ્વીકારતા જ નહોતા. 'સેફ પિરિયડ' પરત્વે તેમણે, બીજી કૃત્રિમ રીતિની તુલનામાં કાંઈક ફેર છે, એવી વિવેકભરી કદર (ઘણું કરીને મિસિસ સેન્ગર જોડેની ચર્ચામાં) બતાવેલી; પણ તેને તેમણે પોતે માન્ય રાખી હતી એમ નહીં. આ હું તેમનાં લખાણો ફરી જોઈ જોઈને નહીં, પણ અગાઉ જોયેલાં તેની યાદદાસ્ત ઉપરથી કહું છું. એમને મતે, માણસને માટે એ જ ગતિ છે — સંયમ વિ૦ ભોગ. સંયમ તરીકે તે આજીવન બ્રહ્મચર્યને માન્ય રાખતા; પરંતુ તેની પેઠે જ સંયમપૂર્ણ ગૃહસ્થાશ્રમને પણ તે એટલો જ યોગ્ય ગણતા. તે આ બધું ચર્ચતા હતા એ સંતતિનિયમન યા કુટુંબનિયોજનના ટૂંકા કે સંકુચિત ઉદ્દેશથી નહીં, પરંતુ માનવ વ્યક્તિ અને તેના સમાજનાં પૂર્ણ વિકાસ અને ઉન્નતિની વિશાળ દૃષ્ટિ સામે રાખીને કહેતા હતા. તેમાં અતિવસ્તીનો પ્રશ્ન જ નહીં, પણ વસ્તી સારી સુવ્યવસ્થિત હોય, એ સવાલને પણ આવરી લેતા હતા. કેવળ અતિવસ્તીની ટૂંકી દૃષ્ટિએ તે વિચારવા જ ના પાડતા હતા; કેમ કે એથી તો નીતિનાશ અને અધઃપતનનાં જ બારણાં ઉઘડશે, એમ તે ઠોકી ઠોકીને કહેતા મેં એમને જોયા જાણ્યા છે. વિશેષ વિવેચન કરવાનો લોભ છોડી બીજો પ્રશ્ન લઉં.

૨. બીજો પ્રશ્ન જરા કઠણ ગણાય. ગાંધીજી આજે જીવતા હોત તો તો સવાલ જ ન હોત; તે જ પોતાનો જવાબ આપત. તે નથી, પછી એમના ઉત્તરની ધારણા કરવાની શી જરૂર? છતાં ધારણા કરીએ તે, અંતે જોતાં તો, તે કરનારનો જ ગાંધીજીના મંતવ્ય વિષેનો વિચાર કે કયાસ જ થઈ રહ્યો. એટલે પછી મેં શરૂમાં કહ્યું તે જ રહે છે કે, તેમના વિચારોના અર્થના શાસ્ત્રાર્થમાં કે ખેંચાખેંચમાં ન પડતાં, એમને જે દુનિયાને કહેવા જેવું લાગ્યું તેને પ્રામાણિક નમ્રતાથી સમજવા મથવું, અને આપણને તેમાં મતભેદ લાગે તો તે ધરાવવો, એટલે બીજા પ્રશ્નનો જવાબ મારા પહેલા ઉત્તરમાં આવી ગયો. ૧૯૪૮ થી આજ સુધીમાં એવું કાંઈ પાયાગત નવું નથી બન્યું કે જે તે અગાઉ ગાંધીજીના ધ્યાનમાં નહોતું આવ્યું. પરંતુ તેથી હું એમ તો નથી જ કહેવા ચાહતો કે, આજે તે શું કહેત કે ન કહેત. મને એમ લાગે છે ખરું કે, સંતતિનિયમન પરત્વેના તેમના વિચારો માનવ જીવનના આધ્યાત્મિક મૂળ જેટલા ઊંડા હતા; તેમાંથી તેમણે કૃત્રિમ સાધનો પરત્વેનો પોતાનો અભિપ્રાય તારવ્યો હતો, એમ મેં માન્યું છે. એટલે તેમાં ભાગ્યે ફેર પડવાનો સંભવ લાગે છે. કેટલાક એમના વિચારો તેમના જીવન સાથે જડાયેલા હોય એવા પાકા લાગતા હતા, તેમાં આ કૃત્રિમ સાધનોને લગતા વિચારો પણ છે. સાધન અને સાધ્ય વચ્ચેના અતૂટ સંબંધનો સિદ્ધાંત પણ અહીં લાગુ પડે છે, એમ હું માનું છું. પણ એ બધી ચર્ચા અહીં વધારે પડતી લાગે. સંભોગનું માનવોચિત પ્રયોજન સંતતિ જ હોઈ શકે, કામભોગ નહીં, એ એમનો દૃઢ મત હતો. તે ફરે તો જ એમના વિચારોમાં ફરક પડી શકે, એટલું તો એમની 'નીતિનાશને માર્ગે' ચોપડી પરથી ચોક્કસ કહી શકાય.

છેવટે સવાલ રહે છે કસ્તૂરબા ટ્રસ્ટના ધર્મનો કે, એ સંસ્થા કૃત્રિમ સંતતિનિયમનને પોતાના કાર્યક્રમમાં લઈ શકે? ગાંધીજીના વિચારોની દૃષ્ટિએ આ બાબતમાં તેણે શું કરવું એને છાજે? આ બાબતમાં કસ્તૂરબાનો પણ વિશેષ વિચાર ટ્રસ્ટે કરવો જોઈએ; કેમ કે એમનું સ્મારક તે હોઈને આ તેનો ધર્મ છે. કસ્તૂરબા કૃત્રિમ સાધનોને માન્ય રાખે કે? તો પછી તેમનું સ્મારક ટ્રસ્ટ તે ખાતર પણ એની લપમાં ન પડે, એ વાજબી નહીં? આજે સમાજના ભણેલા અને ઉપલા વર્ગો આ પ્રશ્નની ખૂબ હોહા કરી રહ્યા છે. વડી સરકાર તેને આશ્રય આપી રહી છે, એટલું બસ નથી? ગાંધી સ્મારક નિધિ કે કસ્તૂરબા સ્મારક નિધિ એમાંથી અળગા રહે તો શું નુકસાન? બલકે, બાપુના વિચારોની એટલી પણ કદર રહે તો તેમાં અમુક યોગ્યતાભર્યો પૂજ્યભાવ આપણે એમના પ્રત્યે બતાવ્યો એમ નહીં? એમાંથી મારો મત સહેજે કલ્પી શકાશે.”

૫-૧-'૫૭ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુએઝ, હંગેરી અને મુંબઈ

મથાળું વિચિત્ર લાગવા સંભવ છે. એમ લાગશે કે, આ ત્રણને ભેગી શી લેવાદેવા છે? પહેલાં બે સ્થાન તો આજે એકસરખા કારણે જગબત્રીશીએ ચડી ચૂક્યાં છે, અને તેઓ ભેગાં આજે ગવાય છે. પણ મુંબઈનું શું એવું છે કે તેને એ બે સાથે જોડવામાં આવ્યું છે?

૧

ઓગણીસમા સૈકામાં જામેલા યુરોપીય સામ્રાજ્ય-વાદના બે મુખ્ય પ્રતિનિધિ દેશો તે ઇંગ્લંડ અને ફ્રાન્સ. બીજા વિશ્વયુદ્ધ બાદ આ વાદનો અસ્ત શરૂ થઈ ગયો છે. એ બુઝાતા દીવાની છેલ્લી ઝબક જેવો હુમલો આ બે રાષ્ટ્રોએ, ઇઝરાયલને એની સંતલસમાં લઈ ને, ઓચિંતો અણધાર્યો ઇજિપ્તમાં સુએઝ પર કર્યો. કહો કે, ઇજિપ્તના વડા પ્રધાન નાસેર પર સશસ્ત્ર છાપો માર્યો! એમ કરીને, સુએઝના યુનોમાં પહોંચેલા સવાલમાં વચ્ચે પડી હિંસા દ્વારા દખલ કરી, અને એ રીતે આંતરરાષ્ટ્રીય કાયદો એ બે રાષ્ટ્રોએ હાથમાં લઈ લીધો.

૨

હંગેરી દેશ રશિયન સામ્યવાદી વર્તુલનો દેશ છે. માર્ક્સવાદનું આ પરિણામ પણ વીસમી સદીનો નવો સામ્રાજ્યવાદ જ છે. એમાં મુખ્ય એક ફેર એ છે કે, ૧૯મી સદીના તેના પુરોગામી પેઠે, રશિયન સોવિયેટ સામ્રાજ્યવાદ બીજા દેશો પર કબજો કરીને બેસતો નથી; તે કબજો લે છે વૈચારિક ઢબનો. તેના વર્તુલના દેશે સામ્યવાદ — અને તે રશિયાની કલ્પનાનો, એટલે કે, સરમુખતિયારશાહી પ્રમાણે ચાલતો, — સ્વીકારીને ચાલવું જોઈએ. પછી રશિયા તેના મિત્રરાજ્ય તરીકે તેની મદદમાં રહે. એમ એકત્રિત બનેલું આવું રાજ્ય જગત જીતવા આગળ વધે. ઓછામાં ઓછું તે પોતાના વાદની રક્ષામાં અને મૂડીવાદ સામે અડીખમ તો ઊભું જ રહે. તેમાંથી કોઈ નીકળવા માગે તો જવા ન દે.

બીજી બાજુ, એને મળતી બીજી એક નવી ઢબનું સામ્રાજ્ય મૂડીવાદી ઢબે અમેરિકાએ પણ ખીલવ્યું છે. તે વૈયક્તિક સાહસ દ્વારા ખીલવાતી લોકશાહી પદ્ધતિથી ચાલવામાં માને છે. પરંતુ બીજા રાષ્ટ્રને મિત્ર કે પડોશ રાજ્ય તરીકે આર્થિક, લશ્કરી વગેરે મદદ આપે લે. આ નવી ઢબ પણ પરમુલકનો ખુલ્લો કબજો ન લે, પણ તેને પોતાના વર્ચસ્વમાં તો રાખે જ.

આમ, આ નવો વીસમી સદીનો સામ્રાજ્યવાદ બે ઢબનો છે: રશિયન અને અમેરિકન. તે બંને ઢબ આજે સામસામે આખડે છે, — જોકે ઠંડે પેટે — ‘કોલ્ડ વૉર’થી.

૩

આ ઠંડી લડાઈનું રણક્ષેત્ર જાગ્યું છે હંગેરી. સુએઝની સાથે સાથે જ આ પણ જાગ્યું. હંગેરી દેશ ઉપર વર્ણવેલી રશિયાની સૂક્ષ્મ આણમાંથી નીકળવા મથે છે. રશિયા તેમાં વચ્ચે પડે છે અને તેને શસ્ત્રોથી રોકે છે. શસ્ત્ર ઉઠાવીને હંગેરીના લોક તેની સામે થયા છે. આથી હજારોની કતલ અત્યારે ત્યાં થઈ રહી છે. અહીં પણ અમુક ઢબે આંતરરાષ્ટ્રીય કાયદો રશિયાએ હાથમાં લીધો. યુનો આમાં પણ વચ્ચે પડવા ચાહે છે. સુએઝ જેટલી સફળતા હજી તેમાં મળી નથી.

૪

હવે મુંબઈ રાજ્યનું જોઈએ. આ રાજ્યની પુનર્રચના અંગે પણ મારામારી અને ગોળીબાર — મતલબ કે હિંસા ફાટી નીકળી. આમાં પણ ઉપરના બે દાખલા જેવી જ અમુક વિચિત્રતા રહેલી છે. આપણો દેશ પંચશીલપરાયણ ગણાય છે. તેણે પણ જગતના ઇતિહાસમાં નવી ક્રાંતિ — એક નવું પ્રયાણ કર્યું છે. તે એ કે, શાંતિ દ્વારા સ્વતંત્રતા તેણે મેળવી અને જગતમાં શાંતિનું સામ્રાજ્ય ફેલાવવાનો તેનો ઇરાદો છે. તેમાં તે શસ્ત્ર તથા આક્રમણ ઇ૦ ને વર્જ્ય માને છે. પણ તેને ત્યાં પણ રાજ્યરચનાના પ્રશ્નમાં હિંસા ફાટી નીકળી અને ગોળીબાર કરવા પડ્યા. કાયદો હાથમાં લઈને ધાર્યો લાભ મેળવવા માટે લોકો પોતે જ રચેલા બંધારણનેય બાજુએ રાખીને વર્તવા પર વળી ગયા!

૫

આ રીતે જોતાં જણાશે કે, મથાળામાં મૂકેલાં ત્રણે સ્થળોમાં અમુક ઘટનાઓ જે હાલમાં બની રહી છે, તેમાં સામ્ય રહેલું છે. રાજ્યલોભથી મોહવશ થઈને ત્રણે જગાએ કાયદો હાથમાં લેવાયો. અતિલોભ વિચાર-વિવેકને ઘેરો ઘાલે છે અને પછી ક્રોધવશ મોહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મે છે, એ ગીતાબોધ વૈયક્તિક જીવનમાં જ નહીં; સમૂહ-જીવનમાં પણ લાગુ પડે છે, તે અહીં જોવા મળ્યું.

ઇતિહાસની ગતિની દૃષ્ટિથી જોઈએ તો, છેલ્લાં ત્રણેક સૈકાં દરમિયાન ત્રણ ચાર મોટાં લોકબળો પેદા થયાં :–૧. ૧૯મા સૈકાનું, ફ્રેન્ચ ક્રાંતિ બાદનું, ઇંગ્લંડ ફ્રાન્સનું સામ્રાજ્યબળ; ૨. તે ક્રાંતિમાંથી પેદા થયેલું અમેરિકન મૂડીવાદી અધિરાજ્યબળ અને માર્ક્સવાદી નવી ક્રાંતિમાંથી જન્મેલું મજૂરવાદી રશિયન અધિરાજ્ય — એમ બે નવાં વીસમી સદીનાં સામ્રાજ્યબળો; તથા ૩. શાંતિથી ક્રાંતિ સાધનારું હિંદુસ્તાનનું અહિંસક ક્રાંતિબળ.

હવે ઉપર વર્ણવેલી આ ત્રણ ચાર બળોની હિંસા-ગતિ વિચારીએ, તો જગતમાં પ્રવર્તવા મથી રહેલી માનવતાની દૃષ્ટિએ એ કેવળ પ્રતિક્રાંતિ છે, એ ઉઘાડું છે. કારણ કે, આજના વિશ્વની ક્રાંતિનો મંત્ર યુદ્ધ-નિષેધ, શાંતિ, અને પરસ્પરસહાયના પાયા પર વિકસતો ઉદાત્ત પ્રજાવાદ જગતમાં સ્થાપવો એ છે.

૬

જગતનો અર્વાચીન યુગ સામ્રાજ્યવાદના અસ્તનો અને શાંતિવાદના જન્મકાળનો છે. ૧૯મા સૈકાનો સામ્રાજ્યવાદ એશિયા આફ્રિકામાં મુખ્યત્વે ફેલાયો. આજે તે આખા વિસ્તારમાં નવજાગૃતિ, નવી આકાંક્ષા, નવું જોશ ઊઠતાં દેખાય છે. પ્રશ્ન એ છે કે, પ્રતિક્રાંતિ-કારી સામ્રાજ્યવાદી હિંસાબળ તેમને રોકશે કે ખીલવા માટે માર્ગ આપશે?

વીસમા સૈકાનો રશિયન-અમેરિકન સામ્રાજ્યવાદ પણ અફાટ અર્થબળ અને શસ્ત્રબળને જોરે નભે છે. તે હવે તેમ ન નભી શકે. તેમાં સપડાયેલાં રાષ્ટ્રો તે સામે ઊઠશે — ઊઠવા લાગ્યાં છે. અરે, તે નવા વાદના આ બે પ્રતિનિધિઓ પોતપોતાની સંપત્તિ લઈને દુનિયાનાં રાષ્ટ્રો પાસે જાય છે. તેને માટે વ્યાપારી અને લશ્કરી ધ૦ કરારો થાય છે. એવા જાત જાતના કરારો — અંગ્રેજીમાં ટૂંકમાં કહેવાતા ‘સિયાટો’, ‘નાટો’, ‘મેડો’ ધ૦ — આ નવા સામ્રાજ્યવાદનાં કલહબીજો જ છે. ૧૮-૧૯મા સૈકામાં પહેલા સામ્રાજ્યવાદના ઉદયકાળે ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગાલ, હોલેંડ, ઇંગ્લંડ એક રીતે લડતાં હતાં. નવા ૨૦મા સૈકાના સામ્રાજ્યવાદમાં અત્યારે ૨૦મા સૈકાની ઢબે પણ એને જ મળતી આંતરરાષ્ટ્રીય સાઠમારી ચાલે છે. એમાં યુદ્ધદેવ જીતશે કે ‘યુનો’ દ્વારા પ્રગટતું થયેલું નવું શાંતિબળ જીતશે? શાંતિવાદી ‘યુનો’ બળ જીતવું જોઈએ, એમ માનવ જગત આશા રાખે છે.

૭

હિંદુસ્તાન ઉપરોક્ત બંને સામ્રાજ્યવાદનો ઇન્કાર કરે છે. અમેરિકા માને છે તેમ, એ ઇન્કાર લૂખી કે કોરી તટસ્થતા માત્ર નથી. તેણે પોતાનું રાષ્ટ્રબળ શાંતિની સેવામાં સંગઠિત કરવું જોઈએ. તેને સારુ તેણે પોતાનું ઘર જ સંભાળવાનું આવે છે; નહીં તો તેણે નવા સામ્રાજ્યવાદની સાઠમારી અને હિંસાની જે પ્રતિક્રાંતિ છે તે બાજુમાં પાછા પડયા વગર રસ્તો નહીં રહે. સુએઝ અને હંગેરીમાં શાંતિનો ઝંડો લઈને ઝૂઝનાર રાષ્ટ્ર પોતાના ઘરમાં બીજો ઝંડો લઈ શકે? જો એમ થાય તો આંતરરાષ્ટ્રીય ઝંડો ઝાલનાર હાથ જ જૂઠો પડે. પરિણામે જગતના ટુકડા કરી રહેલો ૨૦મી સદીનો નવો સામ્રાજ્યવાદ જ વિજયી થાય. એનો અર્થ હિંદની નવી ક્રાંતિનો ઝંડો એટલો નીચો ઊતરે. હિંદની નવક્રાંતિને પરિણામે આવેલા સ્વાતંત્ર્યથી હવે જે રાષ્ટ્રજીવન પેદા કરવું છે, તે તેનો ઝંડો આમ નીચો થવા ન દઈ શકે.

હિંદમાં જે પ્રકારના નવજીવનનો ઉદય થાય છે, તેની આવી આંતરરાષ્ટ્રીય કે અખિલ-જગતીય જવાબદારી પણ ઊભી થાય છે, એ તરફ હિંદનો લોકમત પૂરતો જાગ્યો ન કહેવાય. તેને બદલે અત્યારે આપણે તો આંતરિક ભેદોથી જ નાના બની રહ્યા છીએ, જેનો નમૂનો રાજ્યપુનર્ઘટના નિમિત્તે જોવા મળ્યો.

૮

આમ ઉપરનાં ત્રણ સ્થળોની ઘટનાઓને જગતની અહિંસક પ્રગતિની દૃષ્ટિએ જો જોઈએ, તો શ્રી વિનોબાએ હમણાં પલણી-મદુરામાં સર્વ સેવા સંઘ મળ્યો ત્યારે જે દુ:ખ વ્યક્ત કર્યું, તેમાં આપણને સૌને સહાનુભૂતિ થયા વગર ન રહે. તેમણે કહ્યું કે, ‘ગયા ત્રણ ચાર મહિનામાં જગતમાં તથા હિંદમાં પણ કેટલીક એવી ઘટનાઓ બની કે જેને લઈને પ્રત્યેક મનુષ્યના હૃદયમાં તીવ્ર પ્રતિક્રિયા થઈ.’ અને એમ કહીને તેમણે સુએઝ, હંગેરી, તથા મુંબઈના દાખલા ચર્ચ્યા, કેમ કે આ ત્રણે સ્થાનોએથી આજે એક જે મોટો સવાલ ઊઠે છે તે એ છે કે, જગત શાંતિ તરફ પ્રગતિ કરે છે કે પાછું, જ્ઞાનવિજ્ઞાન અને પ્રગતિને નામે છતાં, લોભ અને ક્રોધમાં સામ્રાજ્યવાદના ઘોર યુદ્ધમાં જ સબડતું રહે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ કોઈ ઇચ્છે છે તો આ પ્રશ્નનો એક જ જવાબ — શાંતિની જ પ્રગતિ થવી જોઈએ. તો પછી ૧૯મા સૈકાનો અને ૨૦મા સૈકાનો — બંને સામ્રાજ્યવાદોનાં બળ પાછાં હઠવાં જોઈએ. એટલે કે, જગતનાં રાષ્ટ્રોએ હળીમળીને સુખે રહેતાં શીખવું જોઈએ. તેનું અર્થશાસ્ત્ર, તેનું શ્રમવિભાજનશાસ્ત્ર, તેનું આંતર વ્યવહારશાસ્ત્ર નિર્માણ થવાં જોઈએ. તથા ઉપરના ત્રણે બનાવોમાં બતાવેલા પ્રકારની હિંસા ફાટી નીકળે તો તેને પહોંચી વળવાનું શાંતિબળ પણ સંગઠિત બનવું જોઈએ. આનો માર્ગ શોધવો એ હવે પછીની નવી માનવક્રાંતિ છે.

૯

વીસમા સૈકાના ઉત્તરાર્ધમાં આ નવી (ફ્રાન્સ અને રશિયાની પહેલી બે માનીએ તો આ ત્રીજી) ક્રાંતિનો પ્રશ્ન જાગે છે. બરોબર જો જોઈએ તો જગતના ઇતિહાસમાં નવું જ પાનું શરૂ થાય છે. હિંદુસ્તાન એ નવયુગમાં ઉદય પામે છે — તેના નવા રાષ્ટ્રજીવનની યાત્રા શરૂ કરે છે, એ આ પ્રાચીન દેશને માટે કેવું ભવ્ય ગણાય! પરંતુ જ્યારે આપણી ધરતી જોઈએ છીએ ત્યારે અંદરઅંદરના ભેદો અને વૈમનસ્યની ક્ષુદ્રતા જોતાં કેવો સંતાપ થાય છે! એ સંતાપનો અગ્નિ પણ મુબારક બને, પણ તે એક શરતે કે, જો તેને બરોબર જીરવીને તેમાંથી જીવનનું કુંદન શુદ્ધતર કરી લઈએ. હિંદનું પ્રજાજીવન, આજે જોવા મળતાં જાત જાતનાં પાખંડો અને પ્રપંચમાંથી નીકળીને, આ ઢબે સત્યનિષ્ઠ અને કાર્યપ્રવર બને, એવો પાઠ જગતની વર્તમાન સ્થિતિ આપણને આજે શીખવે છે.

૧૯-૧૨-'૫૬ **મગનભાઈ દેસાઈ**

માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય

[ગયા અંકથી ચાલુ]

આત્માનું તૃતીય પ્રાજ્ઞ પદ સુષુપ્ત અવસ્થા છે. તે અવસ્થામાં તેનો સ્વરૂપ-પ્રકાર આગળના બે પ્રકાર — (જાગ્રત તથા સ્વપ્ન અવસ્થાનાના અનુક્રમે વૈશ્વાનર અને તૈજસ) — થી જુદો છે. તે કઈ કઈ રીતે તે ઉપનિષદકારે પાંચમા મંત્રમાં વર્ણવ્યું. પછીના મંત્રમાં આ પ્રાજ્ઞ પદની વિશેષ ઓળખાણ આપે છે, અને કહે છે —

एष सर्वेश्वरः, एष सर्वज्ञः, एषोऽन्तर्यामी, एष योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम् ॥ ६ ॥

પદાર્થ

एषः = આ सर्वेश्वरः = સર્વનો — સૃષ્ટિમાં અનુભવી શકાતા સર્વ ભાવો કે પદાર્થોનો ઈશ્વર — સ્વામી, एषः = આ सर्वज्ञः = સર્વને જાણનાર, एषः = આ अन्तर्यामी = સર્વના અંતરમાં રહેલો હોઈને તેમનું નિયમન કરનાર, एषः = આ सर्वस्य = સર્વની योनिः = જન્મસ્થાન, प्रभवाप्ययौ = પ્રભવ તથા અપ્યય; જન્મ તથા મરણ; ઉદય તથા અસ્ત हि = જ भूतानाम् = ભૂતમાત્રનાં; સર્વ ભૂતોનાં.

અન્વય

एषः (प्राज्ञः) सर्वेश्वरः, एषः सर्वज्ञः, एषः अन्तर्यामी, एषः सर्वस्य योनिः भूतानाम् प्रभवाप्ययौ हि ॥

અર્થ

આ (પ્રાજ્ઞ) સર્વનો ઈશ્વર છે; આ સર્વજ્ઞ છે; આ અંતર્યામી છે; આ સર્વની યોનિ કે જન્મસ્થાન છે — ભૂતોનો પ્રભવ તથા લય આ જ છે.

[સુષુપ્તિમાં જોવા મળતું આત્માનું પ્રાજ્ઞ સ્વરૂપ, એક રીતે જોતાં, તરત જણાશે કે, પહેલાં બે કરતાં વિલક્ષણ છે. પહેલાં બે સ્વરૂપો દરેક જીવ પરત્વે જુદાં જુદાં દેખાય છે. જાગૃતિ અને સ્વપ્નમાં મને થતું પ્રજ્ઞાન બીજા સૌને થતા પ્રજ્ઞાનથી નોખું છે. મતલબ કે, આ બે પાદસ્થાને વૈયક્તિક જુદાઈ રહેલી છે. હવે જોઈએ કે, પ્રાજ્ઞસ્થાને આવી જુદાઈ છે? હોઈ શકે? આ મુદ્દો વિચારીએ તો આત્માના તૃતીય પાદ પ્રાજ્ઞની વિલક્ષણતા તરત પકડાશે.

પ્રાજ્ઞસ્થાને અગાઉની દશા જેવી જુદાઈ સંભવતી નથી, એ પાંચમા મંત્રમાંથી સ્પષ્ટ છે. નિદ્રામાં દેશકાલ-જ્ઞાનનો લોપ છે; તેથી જુદાઈ નહીં, પરંતુ તેના મૂળમાં રહેલી પ્રજ્ઞાનશક્તિ જ ત્યાં એકીભૂત રહેલી હોય છે. આ પ્રજ્ઞાનને, તે તે નિદ્રાગ્રસ્ત વ્યક્તિ પરત્વે, કોઈ ઉપાધિ કે જુદાઈ અર્પતું કાંઈ નથી. જીવમાત્રમાં ત્રીજે પાદે આત્મા એકસરખા સ્વરૂપવાળો બને છે. આ પ્રાજ્ઞ રૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિ પરત્વે ખાસ નથી રહેતું; જીવોમાં રહેલું ચેતન એક ઘનાકાર ત્યાં હોય છે. તેને જ ચિદ્‌ઘન પણ કહે છે. તે દશાએ ચિત્તનું પ્રજ્ઞાન, સુખદુઃખાદિનો ભોગ વગેરે બધા જીવોમાં એકરૂપ થાય છે. ભૂતમાત્રની સમગ્ર સૃષ્ટિનું ચેતન તત્ત્વ એક છે તે આ ત્રીજા પાદે જઈને જોતાં સ્પષ્ટ થાય છે. પૂર્વની બે અવસ્થાઓમાં જે સ્થૂલનો તથા પ્રવિવિક્ત એવા સૂક્ષ્મનો અનુભવ કે ભોગ મણાય છે, તે પણ વિવિધ અને જુદો હોય છે; ત્રીજા પાદે તે ભોગ સુખદુઃખથી નિરપેક્ષ એવો એક આનંદમય બને છે. તેમાં પણ પૂર્વ દશાઓનો દ્વૈત-ભાવ કે અનેકભાવ નથી રહેતો. ચિત્ત, કે જે પ્રજ્ઞાન તથા ભોગનું દ્વાર છે, તે બહારથી કે અંદરથી કાંઈ પ્રજ્ઞાન (અને તેને પરિણામે ભોગ પણ) ગ્રહણ કરતું નથી. નિદ્રા દશાએ· તેની તે શક્તિ પોતાને મૂળ કે બીજ રૂપે જ સ્થિર રહે છે. ચિત્તનું ચિત્તત્વ જ તે કાળે હયાત છે. કહો કે ચિત્તની જે સર્વ જાણવાની સર્વજ્ઞતા-શક્તિ છે, તે જ તે કાળે જોવા મળે છે. જાગ્રત તથા સ્વપ્નનાં બંધનોમાં ભલે એ શક્તિ પરિમિત બને, અલ્પજ્ઞ લાગે; પણ નિદ્રાકાલે તે શક્તિ તેની મૂળ પ્રકૃતિમાં તો છે જ, અને એ મૂળ પ્રકૃતિનું લક્ષણ સર્વજ્ઞતા છે. મતલબ કે, આ વિશ્વ કે સૃષ્ટિની દૃષ્ટિએ જોઈએ તો, આ ત્રીજા પ્રાજ્ઞ પદે આવતાં, આ સૃષ્ટિનાં ભૂતમાત્ર દ્વારા વ્યક્ત થયા કરતું તેનું ચેતન કારણ હાથ લાગે છે. તે પ્રાજ્ઞ છે, પ્રજ્ઞાનમૂર્તિ છે, સર્વજ્ઞ છે, સર્વની નિયામકશક્તિ છે; જગતની બધી જુદાઈનું મૂળ કારણ એ છે; તેથી તેમાંથી બધું નીપજે છે અને છેવટે ત્યાં જાય છે.

આ એક નવો ભાવ છે. જીવ કરતાં તે જુદો પડે છે. તેથી તે રીતે તેને નિરૂપવા માટે એને 'શિવ' ઇ૰ અનેક નામે વર્ણવાય છે. ઉપનિષત્કારે તેને सर्वेश्वर, सर्वज्ञ, अन्तर्यामी, ઇ૰ નામે વર્ણવ્યો છે. ભૂતમાત્રનું પ્રભવસ્થાન એ છે; તેનું લયસ્થાન પણ એ જ છે. આ પાદમાં રહેલો આત્મા એ જ છે, જેને 'પરમાત્મા' 'પુરુષોત્તમ' 'પરમેશ્વર' વગેરે કહીને આપણે પૂજીએ છીએ, જેની સ્તુતિ કરીએ છીએ. ગીતાકાર આ જ વસ્તુ અ૰ ૭થી માંડીને ૧૫માં કહે છે. કવિઓએ આને જ સંબોધીને સ્તુતિગાન કર્યાં છે. જેમ કે, જુઓ ધ્રુવજીની સ્તુતિ ભાગવતકાર આપે છે—

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्ताम्
संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन्
प्राणान् नमो भगवते पुरुषाय तस्मै ॥

[હે સર્વશક્તિમાન્! તમે મારા હૃદયમાં પ્રવેશ કરીને પોતાના તેજથી મારી સૂતેલી વાણીને જગાડો છો; મારા હાથ, પગ, કાન, ત્વચા વગેરે બીજી ઇંદ્રિયો અને પ્રાણોને સજીવન કરો છો. એવા હે ભગવન્! હું તમને નમસ્કાર કરું છું.]

નીચેની કડીઓમાં કવિ નિદ્રાવસ્થાને જ કારણમાં લઈને સ્તુતિ કરે છે—

નિદ્રા મહીં નહિ હતું તન-ભાન જ્યારે,
જેણે જુઓ પૂરણ રક્ષણ કીધું ત્યારે;
તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરું રે,
કાર્યો બધાં દિવસનાં પછીથી કરું રે.

આ સંસાર કે પ્રપંચ નિદ્રાદશાએ શમે છે; પણ બીજી રીતે કહીએ તો ત્યાંથી તે પ્રગટે છે. એટલે કે, તેનું બીજકારણ તે દશાએ જોવા મળે છે. તે સર્વેશ્વર છે, તે એનો સ્રષ્ટા છે. સંસાર કે જગતની દૃષ્ટિએ જોઈએ તો તેની ઉપાધિએ કરીને કહેવું પડે છે કે, ચેતન એવું એકમાત્ર જે આત્મતત્ત્વ કે મૂળ પદાર્થ છે તે આમ 'ઈશ્વર' કે 'શિવ' કે 'પુરુષોત્તમ' કે 'પરમાત્મા' તરીકે જોવા જાણવા અને અનુભવવા મળે છે. ત્યાં જઈને ભૂતમાત્ર બધાં વિરમે છે. તે સર્વનું પ્રભવ- તથા પ્રલય- સ્થાન છે. સર્વનું જીવન એ છે, સર્વનું બીજ એ છે. (ગીતા અ૰ ૭-૯; ૧૦)

છતાં આ પણ આત્મતત્ત્વની એક અવસ્થા જ છે. જગતની ઉપાધિએ કરીને તે પેદા થાય છે. તેથી આગળ તે તત્ત્વ જોવું જોઈએ, કે જ્યાં એ નિરુપાધિક છે. તર્કથી આમ કહી શકાય; તો શબ્દોમાં એને ઉતારી શકાય. ઉપનિષત્કાર એને ચતુર્થ પાદ કહે છે તે એટલા પૂરતું જ. બાકી તે કાંઈ તેની ચોથી અવસ્થા નથી, કેમ કે તે જ એનું મૂળ રૂપ છે. એ જ આત્મા છે અને બીજું કાંઈ નથી. આ રૂપનું વર્ણન હવે પછીના મંત્રમાં ઉપનિષત્કાર આપે છે. તે હવે પછી જોઈશું.]

૫-૧-'૫૭ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈના નવા રાજ્ય માટે સલામતીઓ

૧

મુંબઈનું નવું રાજ્ય બે ભાષાઓ બોલનારી પ્રજાનું જોડિયું રાજ્ય છે. તેથી ભાષાવિષયક પ્રશ્ન જ નહીં, આર્થિક વગેરે બાબતોનો પણ સવાલ જાગે છે. કારણ કે, સમાન ભાષાના સંબંધે કરીને અરસપરસ એક વિશેષ મમતા-માયા પેદા થાય છે. તેથી કરીને તે તે ભાષા બોલનાર લોકોમાં પોતાનું અલગ સ્વત્વ અને સ્વાર્થ જાગે છે. આથી કરીને વ્યવહારમાં બીજી ભાષાવાળા સમૂહ પ્રત્યે અમુક પરાયા-અને-નિરાળાપણું આવે છે. આમ, નાતજાતનાં મમતામાયા પેઠે જ, ભાષાને લઈને ય પ્રજામાનસમાં પરિણામ થાય છે.

આ હકીકત જૂના મુંબઈ રાજ્યકાળમાં પણ હતી અત્યારે નવું રાજ્ય થાય છે તેથી નવી જ પેદા નથી થતી. હા, એટલું ખરું કે, અત્યારે તે વિષે લોકો તીવ્રતા વધારે બતાવે છે. જેમ કે, મહાગુજરાતવાદી મંડળો આ બાબત ઉપર પોતાની ચળવળનું મુખ્ય મંડાણ કરે છે. પણ આ તો કેવળ રાજકીય ચળવળ છે; બાકી જે વાતને આધારે તે ચલાવાય છે, તે નવી નથી. એટલે કે, નવા જોડિયા રાજ્યને લઈને તે નવેસર જાગતી નથી.

જો જૂની વાતો યાદ કરીએ તો, સરકારી નોકરી બાબતમાં, જૂના વડોદરા રાજ્યમાં મરાઠી ગુજરાતી વચ્ચે આંતરો રખાય છે, એવી ફરિયાદ તે રાજ્યમાં સતત ચાલતી હતી. મુંબઈ રાજ્યમાં પણ ઘણા ગુજરાતી સરકારી નોકરો — ખાસ કરીને જેઓ પૂનામાં ગયા હોય, તેઓ પણ આવી જ ફરિયાદ કરતા.

તથા રાજ્યના ઘણા પૈસા મહારાષ્ટ્રમાં રસ્તા ઇ૦ કરવામાં વપરાય છે, તે પ્રમાણમાં ગુજરાતમાં નથી વપરાતા, — એવી બીજી ફરિયાદ પણ ચાલતી આવી છે.

આમ, નોકરી તથા જાહેર બાંધકામ અને વિકાસનાં કામોમાં ભાષાને ધોરણે વગસગ ચાલે છે અને એ વચ્ચે આંતરો રખાય છે, એ જાતની કજિયા-ભરી ફરિયાદ જૂનેથી મુંબઈ રાજ્યમાં જોવા મળે છે.

૨

આ વાતને આગળ કરીને વળી કહેવામાં આવે છે કે, ગુજરાતી લોક લઘુમતીમાં હોઈને આ અન્યાય પાકો થશે! એથી પણ કડવી ભાષા વાપરીને કહેવાય છે કે, મુંબઈ નગર જ નહીં, આખું 'મહા'-ગુજરાત જ મહારાષ્ટ્રને સોંપી દેવાયું! લઘુમતીના આ કારણે કેટલાક લોક વિદર્ભ સાથે જોડિયું રાજ્ય રચાય એ પસંદ નહોતા કરતા, જેથી ગુજરાતીઓની ટકાવારી સુધરે. આવી બધી દલીલો અહીં ચર્ચવાની જરૂર નથી. એ અહીં ટાંકી છે તે એટલું જ બતાવવા માટે કે, કેવા કેવા ભાવો અત્યારે સ્વરાજ-યુગમાં પણ લોકોનાં મન ડહોળી રહ્યા છે.

૩

અહીંયાં બીજું પણ એક લક્ષણ નોંધવા જેવું છે. તે એ કે, અરસપરસ મનમાં પેદા થતા ઉપરના ભાવો કેવળ ભાષાભેદથી જ — એટલે કે ગુજરાતી અને મરાઠી વચ્ચે જ નથી જાગતા, પણ ગુજરાતી ગુજરાતી વચ્ચે પણ, — પ્રદેશ પરત્વે — જાગે છે. જેમ કે, કાઠિયાવાડી, કચ્છી અને ગુજરાતી વચ્ચે; તેમ જ મરાઠવાડી, મહારાષ્ટ્રી, અને વિદર્ભ-નાગપુરી વચ્ચે. અહીંયાં કારણ ભાષા નહીં, પણ એક ભાષા છતાં અલગ રાજ્યોમાં અત્યાર સુધી રહેવાથી દરેકની અલગતા કેળવાઈ એ છે. અને આ અલગતાના ભાવો પણ એવી જ માયામમતા જગવે છે. અરે, આગળ જઈને જોઈએ તો, આ નાના નાના પ્રદેશોના જિલ્લા તાલુકા જેવા વિભાગો વચ્ચે પણ આવો સ્પર્ધાભાવ અને જુદાઈ જોવા મળે છે! ગોહિલવાડ, હાલાર, સોરઠ ઇ૦ વચ્ચે; કે ખેડા, અમદાવાદ, સુરત, વડોદરા ઇ૦ વચ્ચે; — આવા ભાવો જોવા મળે છે. એટલે, નવા જોડિયા રાજ્યથી આમ બને છે અથવા તો ભાષાભેદથી બને છે એમ નથી. પણ બીજા રાજ્યવ્યવસ્થાભેદો પણ જુદાઈનું માનસ પેદા કરે છે. જ્ઞાતિવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ, રાષ્ટ્રવાદ, ધર્મવાદ, કોમવાદ, ઇ૦ની અંદર રહેલું વાડાબંધીનું ઝેર અથવા સંકુચિતતા જ મૂળે જોતાં આ તો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

મુંબઈ રાજ્યમાં આ બધું હવે શાંત કરીને, આવી વાડાબંધી દૃષ્ટિ દૂર કરીને, બધા સમૂહોનું એકીકરણ કરવાનો પ્રશ્ન આવે છે. તેમ કરવા જતાં, ઉપરની ભાવનાઓ અને તેને લઈને કામ કરતી જુદાઈનું માનસ આડું આવી પ્રશ્નરૂપ બને છે, એ હકીકતની ના ન કહેવાય. આનો લાભ લઈને આજે, ઉપર જોયું તેમ, મહાગુજરાતવાદી મંડળો પેલી જુદાઈના કિલ્લા રચી પોતાની ચળવળ માટે આવેગ પેદા કરે, તો તે વાડાબંધીને ઉશ્કેરણી જેવું થઈ જાય. આ અનિષ્ટથી પણ સાવધ રહેવાની જરૂર ઊભી થાય છે.

આનો ઉપાય યોજવો જોઈએ. તે સંબંધમાં જાણવા જેવી એક નવી વસ્તુ છે, જે જોઈએ તેટલી જાહેર નથી થઈ. તે એ છે કે, નવું જોડિયા રાજ્ય રચવાની સાથે પાર્લમેન્ટે ઉપરની મુશ્કેલીનું ધ્યાન રાખ્યું છે અને તેને પહોંચી વળવાને માટે ઘટતી સલામતીની જોગવાઈ બંધારણમાં જ કરી છે.

૫

સલામતીની તે કલમ ૩૭૧મી છે. પહેલાં એ કલમ જૂનાં બ-વર્ગીય — એટલે કે 'દેશી' રાજ્યો પરત્વે હતી. તેમાં એમ કહ્યું હતું કે, આ રાજ્યોના વહીવટ અંગે જો જરૂરી લાગે તો રાષ્ટ્રપતિ ખાસ સૂચનાઓ કાઢી શકશે, કે જે મુજબ તે રાજ્યોએ વર્તવું જોઈશે. ૧૯૫૦માં દેશી રાજ્યોનું એકીકરણ કરતી વખતે આવી સલામતીની જરૂર હતી, તેથી તેની જોગવાઈ કરી હતી. હવે નવા રચાતા નકશામાં બ વર્ગનાં રાજ્ય જ રહેતાં નથી; પણ ત્યારે નવાં રચાતાં નીચેનાં રાજ્યો — આંધ્ર, પંજાબ અને મુંબઈ પરત્વે (ઉપર બતાવ્યાં તે જાતનાં કારણોને લઈને) ચિંતા જાગે છે. તેથી બંધારણની સદરહુ ૩૭૧મી કલમ બદલીને આ નવાં રાજ્યોના પ્રશ્નો જોઈ વિચારીને, તેને અનુરૂપ નવી ઢબની સલામતી મૂકવામાં આવી છે. તેમાં મુંબઈ રાજ્ય અંગે કલમ ૩૭૧ (૨)માં નીચે પ્રમાણે જણાવ્યું છે :—

રાષ્ટ્રપતિ મુંબઈ રાજ્ય અંગે હુકમ કાઢીને તેના ગવર્નરને નીચેની બાબતો પરત્વે ખાસ જવાબદારી સોંપી શકશે, અને આ વસ્તુને બંધારણની બીજી કોઈ વાતે બાધ નહીં આવી શકે. તે બાબતો આ છે—

(૧) વિદર્ભ, મરાઠાવાડ, તે સિવાયનું રહેતું મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ, અને તે સિવાયનું રહેતું ગુજરાત—એવા છ વિસ્તારોને સારુ અલગ અલગ વિકાસ મંડળો સ્થાપવાં, અને દર વરસે તેમનાં કાર્યનો હેવાલ રાજ્યની નીચલી ધારાસભામાં રજૂ કરવો.

(૨) આખા રાજ્યના એક કુલ વિસ્તાર તરીકેની જરૂરિયાતો ધ્યાનમાં રાખતાં છતાં, ઉપર ગણાવેલા સદરહુ દરેક વિભાગમાં વિકાસ પાછળ કરવાના ખર્ચની સરખે કે ન્યાયી હિસ્સે વહેંચણી કરવી.

(૩) તેમ જ આખા રાજ્યની જરૂરિયાતો ધ્યાનમાં રાખતાં છતાં, સરદહુ દરેક વિભાગમાં ટેક્નિકલ તથા ધંધાદારી શિક્ષણ માટે પૂરતી સવડ આપવા સારુ તથા નોકરીઓમાં પણ સમાન તકો આપવા માટે સરખી ન્યાયસર ગોઠવણ કરવી.

મતલબ કે, આ એવી બાબતો છે કે જેમાં જોડિયા મુંબઈ રાજ્યના નવેસર મળતા ઉપરના છ વિભાગોનાં મન કદાચ ઊંચાં થાય અને માંહોમાંહે ઈર્ષ્યા અસૂયા જાગે. એવી બીક ન રહે તેને સારુ, રાષ્ટ્રપતિ પોતાની સત્તાથી ગવર્નરને હુકમ કરીને ઘટતી સલામતી રખાવશે. અને આ બાબત બંધારણની છે, એટલે તેના ઉપર ધારાસભાનોય અધિકાર નથી. એટલે કે, નવા રાજ્યની ભાષાકીય બહુમતી લઘુમતીથી પર તે બને છે.

એટલે, જે ભીતિઓ આજે બતાવાય છે, તે અકારણ ડરે છે. છેવટે જોતાં, હવે સ્વરાજ આવ્યું છે. જે જાગ્રત છે અને રાષ્ટ્રદૃષ્ટિ રાખીને પોતાનું હિત સંભાળશે, તેને કોઈ તરફથી આંચ આવી ન શકે, એવો બંધારણનો કોલ છે. લોકકલ્યાણ અને રાષ્ટ્રના સમગ્ર વિકાસ જેવા સવાલો કેવળ પ્રાંતીય, પ્રાદેશિક કે વાડાબંધીના દોષવાળા નથી. જાગ્રત બનેલી પ્રજા પોતાના વિકાસ માટે સમાન તકો અને સવડો મેળવી જ શકશે.

૨૯–૧૧–'૫૬ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



पापे रतिं मा कृथाः ।
— પાપકર્મમાં પ્રીતિ રાખીશ મા.

— ભર્તૃહરિ

दुक्खो पापस्स उच्चयो ।
— પાપનો સમુચ્ચય દુઃખકર છે.

— ધમ્મપદ ૯-૨

જે તલવાર ઉગામશે તે તલવારથી જ મરશે.

— ઈશુ ખ્રિસ્ત

પવિત્રતા એ સૌથી ઉચ્ચ છે. પવિત્રતાનું ધ્યેય નજરમાં રાખી જે પવિત્ર રહે છે, તેને ખરું સુખ મળે છે.

— અષો જરથુષ્ટ્ર

અભિમાની ઉપર ખુદા પ્રેમ કરતો નથી.

— હજરત મહંમદ પેગંબર

સત્ય અને અંતરનો અવાજ આપણને જે માર્ગે લઈ જશે, તે માર્ગ ગમે તેટલો વિકટ હશે, પરંતુ જૂઠાણાના માર્ગ કરતાં તો ખરાબ નહીં જ હોય, એવી પાકી ખાતરી રાખવી.

— ટૉલ્સ્ટૉય

साधो, मनका मान त्यागो ।

— ગુરુ નાનક

નમ્રતા એ સદ્ગુણોનો દૃઢ પાયો છે.

— કૉન્ફ્યૂશિયસ

પોતાને ઓળખવા માટે મૌન સર્વશ્રેષ્ઠ ગુરુ છે.

— ગુરુદયાલ મલ્લિકજી

એકાદ જીવનેય જો મદદરૂપ થવાતું હોય તો ભલે મને ફરી ફરીને અવતાર મળે. એક માણસને મદદરૂપ થવા આવી વીસ હજાર ખેપ નાખવા હું તૈયાર છું.

— રામકૃષ્ણ પરમહંસ

કોઈ પણ મહાપુરુષ એવો નહીં હોય જેણે પોતાની માતાની સાચી સેવા નહીં કરી હોય.

— વિવેકાનંદ

મારે મન તે જ સુખી છે જે શીલવાન થવાનો પ્રયત્ન કરે છે ને દિનપ્રતિદિન ભલાઈ તરફ જાય છે.

— સૉક્રેટિસ

પ્રયત્નમાં મચ્યા રહેવાનો ગુણ જેનામાં નથી, તેવાએ કરેલી સેવા કાયરે ધારણ કરેલી તલવારની બરોબર છે.

— તિરુક્કુરલ

વૈરાગ્યની ત્રણ અવસ્થા છે: પ્રભુમાં વિશ્વાસ એ પહેલી અવસ્થા, સહનશીલતા એ બીજી અવસ્થા, અને પ્રભુ પ્રત્યે પ્રીતિ એ છેલ્લી અવસ્થા.

— તપસ્વી હાતમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યની શોધ માટે બેની જરૂર છે: એક સત્યનું ઉચ્ચારણ કરે છે અને બીજો તેને સમજે છે.

—ખલિલ જિબ્રાન

દરેક બાળક એ સંદેશો લઈને જન્મે છે કે, ઈશ્વર હજી માણસજાતથી નાહિંમત થયો નથી.

—રવીન્દ્રનાથ ટાગોર

હીરાનો કાંટો

એક હતી ચકલી અને એક હતો ચકલો. બંનેએ મળીને એક બ્રાહ્મણના ઘરમાં અમુક સારી જગ્યા શોધીને પોતાનો માળો બનાવ્યો. તેઓ ત્યાં આનંદથી રહેવા લાગ્યાં. ચકલીએ એમાં ઈંડાં પણ મૂકયાં.

"જરા સાંભળ તો," ચકલાએ એક દિવસ ચકલીને બોલાવી.

ચકલી આવી.

"આપણા આ ઘરના માલિક રામશાસ્ત્રીની સાથે તેમની પત્ની શા માટે હંમેશાં ઝઘડયાં કરે છે? એની જરા તું તપાસ કર," ચકલાએ કહ્યું.

"હું શું જાણું? મારી પાસે મારું જ કામ ઢગલાબંધ પડેલું છે. બીજાનાં કામોમાં આપણે શા માટે નાહક માથું મારવું?" ચકલીએ કહ્યું.

પરંતુ ચકલાને એટલાથી સંતોષ ન થયો. તેણે ફરીને કહ્યું: "જો, તને તો બસ તારા કામની જ પડી છે, એ તો હું બરોબર જાણું છું. પરંતુ શું આપણે આ બાપડા ભોળા બ્રાહ્મણને મદદ ન કરવી જોઈએ?"

ચકલીએ હસીને કહ્યું: "જી હા; તમે પાછા બહું મદદ કરી શકો એવા છોને! હું તો કહું છું કે આવી નકામી ભાંજગડ છોડોને! અને હાં, જોજો, કોઈ બિલાડા-બિલાડી માળાની પાસે ન આવી જાય."

* * *

કેટલોક સમય વીતી ગયા પછી ચકલાને કયાંકથી કચરાના ઢગલામાંથી નાકમાં પહેરવાનો હીરાનો કાંટો જડયો. એને ચાંચમાં પકડીને તે ચકલીની પાસે ગયો અને કહેવા લાગ્યો: "જો, તારે માટે હું શું લઈ આવ્યો છું? પહેરશે કે?"

ચકલીએ કહ્યું: "મને ઘરેણાંનો શોખ નથી. કયાંકથી કીડા મળે તો લઈ આવો. બચ્ચાં ભૂખનાં માર્યાં ક્યારનાં ચિલાય છે."

ચકલાએ હીરાનો કાંટો નીચે જમીન પર ગબડાવી દીધો અને તે કીડાની તપાસ કરવા ઊપડયો.

* * *

રામશાસ્ત્રીની પત્ની જ્યારે ઘરમાં સફાઈ કરતી હતી ત્યારે તેણે જોયું કે, હીરાનો કાંટો ચળકાટ મારતો જમીન પર પડયો છે. તેણે એને ઉપાડી લીધો અને પોતાની પાસે રાખ્યો.

શાસ્ત્રીજીએ જ્યારે પોતાની પત્ની પાસે હીરાનો કાંટો જોયો ત્યારે તે ખૂબ નવાઈ પામ્યા. તેમણે ક્રોધમાં આવી જઈને પત્નીને કહ્યું: "આ કયા બદમાસની ભેટ છે? બતાવ જોઉં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્નીએ કહ્યું : "કાલે ઘરમાં ઝાડુ કાઢતી વખતે જમીન પર એ પડેલો હતો. તમે મારા પર ખોટું આળ શા માટે ચડાવો છો ?"

એ સાંભળીને બ્રાહ્મણ તેને કહેવા લાગ્યો : "તો પછી પહેલું કામ આપણે એ કરીએ કે, ગામના મુખીને એ સોંપી દઈએ. નહીં તો જો સિપાઈ ઘરમાં ઝડતી લેવા આવી પહોંચશે, તો ક્યાંય મોં દેખાડવું ભારે થઈ પડશે."

પત્ની હઠીલી હતી. તે કહેવા લાગી: "જે ચીજ મને મળી છે, તે મારી છે. હું એને શા માટે આપું ?"

* * *

અને તે સમયે બીજા એક ઘરમાં મા-દીકરી આ પ્રમાણે વાતચીત કરતાં હતાં :—

"નાહતી વખતે મેં કાંટો ઉતારીને બાજુએ મૂક્યો હતો. આપણી નોકરડી તો મા, તું જાણે જ છે કે સાવ ગમાર જેવી છે. તેણે કચરો કાઢતી વખતે ક્યાંક ફેંકી દીધો હશે," લક્ષ્મી પોતાની માને કહી રહી હતી.

"પહેલાં બધી જગ્યાએ બરોબર તપાસ કર. તારા બાપુજીને હમણાં કહેતી નહીં કે, કાંટો ખોવાઈ ગયો છે. નહીં તો તે ખૂબ નારાજ થશે," પાર્વતીદેવીએ પોતાની દીકરીને સમજાવતાં કહ્યું.

"મા-દીકરી આ શાની ગુસપુસ કરી રહ્યાં છો ? મને પણ કંઈ બતાવોને !" કોણ જાણે શી રીતે વર્માજી તે સમયે ત્યાં અચાનક ક્યાંકથી આવી પહોંચ્યા.

ધીમે ધીમે આખા ગામમાં વાત ફેલાઈ ગઈ. બધાનું કહેવું એમ હતું કે, નોકરડીએ ચોરી કરી છે. પોલીસે તેના ઘરની ઝડતી લીધી; પરંતુ કાંટો ન મળ્યો. રામશાસ્ત્રીની પત્નીને તો બીકને લીધે ખૂબ તાવ ચડી ગયો. શાસ્ત્રીજીનું દિલ પણ ધડકવા લાગ્યું. પરંતુ સારું થયું કે, તેમના ઘરમાં કોઈ પૂછતાછ કરવા ન આવ્યું તેમ જ ઘરની ઝડતી પણ લેવામાં ન આવી !

* * *

"જોયો તમાશો ?" ચકલાએ હસીને ચકલીને કહ્યું.

"તમને તો બસ મજાક સૂઝે છે. બ્રાહ્મણી બિચારી તે વારની પથારીમાં પટકાઈ પડી છે ! મને તો બીક લાગ્યા કરે છે કે રખેને તે મરી જાય !" ચકલીએ કહ્યું.

"આ બધું તારે લીધે જ છે," ચકલાએ વ્યંગમાં કહ્યું.

"મેં શું કર્યું ? મેં કંઈ બ્રાહ્મણીને ઓછું જ કહ્યું હતું કે, કાંટો ઉઠાવીને પોતાની પાસે રાખી મૂક ?"

"પતિની વાત ન માનવાને લીધે જ આ બધું થયું છે," ચકલાએ અભિમાનથી પોતાનું માથું ઊંચું કરતાં કહ્યું.

"ઠીક વાત છે. હવે પછી હું તમારું કહેવું હંમેશાં માનીશ, બસ !" ચકલીએ કહ્યું. "ચાલો, આપણે બંને જણ બહાર જઈ આવીએ અને કીડા શોધીને લઈ આવીએ."

અને બંને ચાંચ પહોળી કરતાં, પાંખ ફેલાવતાં, ફરફર કરતાં બહાર ઊડી ગયાં.

ચક્રવર્તી રાજગોપાલાચાર્ય

અનુ૦ મુ૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામવિકાસ માટે સર્વોદય યોજના

હાલમાં સારાય દેશમાં ગ્રામવિકાસ માટે વિવિધ યોજનાઓ દ્વારા કામ થાય છે. સામૂહિક વિકાસ યોજના (કૉમ્યુનિટી પ્રોજેક્ટ સ્કીમ), સઘન વિકાસ યોજના (ઇન્ટેન્સિવ ડેવલેપમેન્ટ સ્કીમ), રાષ્ટ્રીય વિસ્તરણ યોજના (નેશનલ ઍક્સ્ટેન્શન સર્વિસ) વગેરે અનેક યોજનાઓ ચાલે છે. તે બધાનો ઉદ્દેશ ગામડાંનો ઔદ્યોગિક, શૈક્ષણિક વગેરે વિવિધ ક્ષેત્રોમાં વિકાસ કરવાનો છે.

આ યોજનાઓ દેશવ્યાપી બનાવવામાં આવી તે પહેલાં મુંબઈ સરકારે સને ૧૯૪૯–૫૦થી પોતાના રાજ્ય પૂરતી સર્વોદય યોજનાને નામે એક વિકાસ યોજના શરૂ કરી છે. તેનો એકંદર હેતુ પણ ઉપરની યોજનાઓની માફક સમગ્ર ગ્રામવિકાસનો જ છે; પણ તેની કાર્યપદ્ધતિમાં કેટલોક ફેર રહેલો જોવા મળે છે. એટલે તેનું કામકાજ કેટલેક અંશે જુદું પડે છે.

પહેલું તો એ કે, તેનું નામ જ બતાવે છે કે, સર્વોદય યોજના ગાંધીજીના ગ્રામવિકાસના ખ્યાલોને મૂર્ત સ્વરૂપ આપવાના ઇરાદાથી કરવામાં આવી છે. તેનું સંચાલન સરકારી અમલદારો મારફત કરવાને બદલે કોઈ પીઢ લોકસેવક દ્વારા કરવાનું વિચારાયું છે. તે મુજબ જુદા જુદા વિસ્તારોમાં કોઈ સેવકને તેની જવાબદારી સોંપીને દરેક જિલ્લાવાર સામાન્ય રીતે એકેક કેન્દ્ર શરૂ કરવાનું વિચારાયું છે. સામાન્ય રીતે પછાત પ્રદેશમાં પચાસેક ગામનો વિસ્તાર પસંદ કરીને તેમાં વિવિધ વિકાસનાં કામો કરાય છે. તે મુજબ મુંબઈ રાજ્યમાં ત્રીસેક કેન્દ્રો શરૂ કર્યાં છે. તેમાં ગુજરાતમાં ૧૦ આવ્યાં છે.

આ યોજના શરૂમાં પાંચ વરસ માટે કરવામાં આવી હતી; પણ દેશમાં એને મળતી વિવિધ યોજનાઓ વિસ્તારવામાં આવી, તેને અનુસરીને આ યોજનાનું કામ ચાલુ રાખવામાં આવ્યું છે અને તેવાં નવાં કેન્દ્રો શરૂ કરવાનું પણ વિચારાય છે. આ કેન્દ્રોની કામગીરીનો ખ્યાલ તેમના વાર્ષિક રિપોર્ટો ઉપરથી આવે છે. હમણાં વડોદરા જિલ્લાના સાંઢાસાલ કેન્દ્રનો અને મહેસાણા જિલ્લાના વાલમ કેન્દ્રનો સને ૧૯૫૫–૫૬નો અહેવાલ બહાર પડ્યો છે તે ઉપરથી આ યોજના દ્વારા થતા કામનો ખ્યાલ નીચે આપ્યો છે.

આ બન્ને વિસ્તારો જૂના ગાયકવાડી રાજ્યના છે. તે રાજ્ય મુંબઈ રાજ્યમાં ભળી ગયું તે પહેલાં પણ ત્યાંની સરકાર તરફથી ત્યાં કામ ચાલતું હતું. વિલીનીકરણ થયા પછી તે કેન્દ્રોને સર્વોદય યોજનાનાં કેન્દ્ર તરીકે ચાલુ રાખવામાં આવ્યાં છે. તેમના કામકાજમાં કેવી કેવી વિવિધ બાબતોનો સમાવેશ થાય છે તે નીચેની નોંધ ઉપરથી જણાશે:

૧. બાલવાડીઓ તથા ગ્રામ પુસ્તકાલયો ચલાવવાં.

૨. પ્રાથમિક શાળાઓ નઈતાલીમની ઢબે ચલાવવી.

૩. વિદ્યાર્થીઓ શાળાના સમય બહાર છાત્રાલયમાં રહી શકે તે માટે રાત્રિ-છાત્રાલયો ચલાવવાં અને પ્રૌઢો માટે રાત્રિ-વર્ગો તથા ગ્રામસંપર્ક વર્ગો ચલાવવા.

૪. ઘાણી, સાબુ, ખાદીકામ, દીવાસળી જેવા ગૃહ- અને ગ્રામ- ઉદ્યોગો શરૂ કરવા, તેમનો પ્રચાર કરવો, અને તેમના શિક્ષણની વ્યવસ્થા કરવી.

૫. શ્રમશિબિરો, સ્વાધ્યાય શિબિરો યોજવાં અને પ્રદર્શનો ભરવાં.

૬. સુધારેલાં બીનો અને સાધનોનો પ્રચાર કરવો અને પશુ-ઓલાદ સુધારવા માટે ઉપાયો યોજવા. નવા કૂવા બાંધવા, ખાતરના ખાડા કરવા, પાળા બાંધવા, ખેતી-સુધારણા માટે લોન મેળવી આપવી – એ પ્રકારની ખેતી અને ઢોર-સુધારણાની પ્રવૃત્તિ કરવી.

૭. વિવિધ કામો માટે સહકારી મંડળીઓ સ્થાપવી અને ચલાવવી; અને સહકારી ધોરણે ખેતી કરવા, મકાનો બાંધવા, જંગલ મંડળીઓ ચલાવવા ઉત્તેજન આપવું.

૮. અંદરોઅંદરના કજિયા પતાવવા.

૯. માંદગીમાં દવા પૂરી પાડવાની વ્યવસ્થા કરવી અને સ્વચ્છતા તથા આરોગ્ય વધે તે માટે ઉપાયો કરવા.

૧૦. દારૂબંધી, રાષ્ટ્રભાષાપ્રચાર, અસ્પૃશ્યતા-નિવારણ, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિને ઉત્તેજન આપવું. વ્યસનો છોડાવવાં અને નિર્દોષ રમતગમતો, મેળા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજન-મંડળીઓ, પ્રવાસ-પર્યટનો અને મનોરંજનના કાર્યક્રમો યોજવા.

આમ ગ્રામજીવનનાં બધાં અંગોને આ યોજના દ્વારા યથાશક્તિ ખીલવવાનો પ્રયત્ન થાય છે. તેનું ધ્યેય કેવળ આર્થિક વિકાસ નથી પણ સમગ્ર વિકાસ છે; કોઈ એક વર્ગના ઉદયનું નથી પણ સર્વોદયનું છે; ખાસ કરીને, પછાત પ્રદેશોને આગળ લાવવાનું છે. એને માટે કેન્દ્ર દીઠ વરસે આશરે ૫૦થી ૭૫ હજારનું ખર્ચ થતું હોય છે. મુરાદ એવી છે કે, પાંચેક વરસ સુધી અમુક વિસ્તારમાં કામ થયા પછી તે પ્રવૃત્તિ ત્યાં જામે અને લોકો પોતાની મેળે તે ઉપાડી લે.

આવાં સર્વોદય કેન્દ્રો અમદાવાદ જિલ્લામાં ગુંદી વિભાગમાં, ખેડા જિલ્લામાં ભલાડા વિભાગમાં, પંચમહાલ જિલ્લામાં મીરાખેડી વિભાગમાં, અને સુરત જિલ્લામાં પૂના – માંડવી – મહુવા વિભાગમાં પણ ચાલે છે. તે દરેકની પ્રવૃત્તિ સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે થોડા ઘણા ફેરફાર સાથે ઉપર મુજબ ચાલે છે. તેની કાર્ય-પદ્ધતિ અને દૃષ્ટિમાં જરૂર લાગે તે પ્રમાણે ફેરફાર કરીને તેનો વિસ્તાર કરવાની જરૂર છે. તેમાં અમલદારશાહી અને સાહેબશાહી દાખલ નહીં કરવી જોઈએ, પણ મિશનરી ઢબે કામ થવું જોઈએ; અને લોકોને વધારે-પડતી મદદો આપીને પાંગળા નહીં બનાવતાં સ્વાવલંબી – પગભર બનાવવા જોઈએ. તેનો કારભાર પણ વધારે-પડતો કેન્દ્રિત નહીં કરતાં વિકેન્દ્રિત ઢબે ગોઠવવો જોઈએ. ખર્ચમાંથી મોટા ભાગની રકમ વ્યવસ્થા અને ઑફિસ-ખર્ચમાં નહીં વપરાતાં પ્રત્યક્ષ કામોમાં વપરાવી જોઈએ અને ગામલોકોનો તેમાં સાથ હોવો જોઈએ. અંદરની ભૂખ વગર બહારથી નાંખેલું પચતું નથી; માટે કોઈ પણ પ્રદેશમાં કામ કરવા સારુ સ્થાનિક સહકારની પરિસ્થિતિ જોવી જોઈએ. આ રીતે કામ થાય, તો થોડા ખરચમાં ઘણો લાભ થાય અને થોડાં વરસોમાં પ્રવૃત્તિના વિભાગમાં સર્વતોમુખી ઉન્નતિનાં દર્શન થાય. આવું કામ નોકરીભૂખ્યા શિક્ષિતો મારફત નહીં પણ મિશનરી વૃત્તિવાળા સેવકો મારફત જ થઈ શકે. તેનો જેટલો પ્રચાર થાય તેટલો ઇષ્ટ છે.

વિ૦

વીસમી સદીનાં ગુજરાતી પ્રકાશનો

૨

[ઈ. સ. ૧૯૦૬-૧૦]

આ બીજી પંચવર્ષી દરમ્યાન ગુજરાતી ભાષામાં ૧૭૮૬ પુસ્તકો છપાયાં જણાય છે. પહેલી પંચવર્ષી કરતાં લગભગ પોણા ચારસો જેટલાં વધુ પ્રકાશનો થયાં છે, એટલે કે ૨૫ ટકાનો વધારો થયો ગણાય.

પુસ્તકોની વિષયવાર ભાંજણી નીચે પ્રમાણે છે:

વિષય	સંખ્યા	ટકા
૧. સાહિત્ય	૮૯૭	૫૦%
૨. ધર્મ	૩૮૬	૨૨%
૩. કેળવણી	૧૮૨	૧૦%
૪. સમાજશાસ્ત્ર	૮૭	૫%
૫. વિજ્ઞાન	૬૮	૪%
૬. પરચૂરણ	૧૬૬	૯%
કુલ	૧૭૮૬	૧૦૦%

૧. સાહિત્ય: – આમાં કવિતાનાં ૫૩૬ પ્રકાશનોમાં ૧૮૬ તો નાટકનાં ગાયનોનાં છે. આમાં નીચેનું એક ઉલ્લેખનીય છે:

'પ્રકાશિકા' — શ્રી. અરદેશર ફરામજી ખબરદાર.

નાટકનાં ૬૯ જેટલાં પ્રકાશનોમાં નીચેનાં પાંચ ઉલ્લેખને પાત્ર છે:

૧. ઇન્દુકુમાર-૧ — શ્રી. નાનાલાલ દલપતરામ કવિ
૨. કાન્તા — શ્રી. મણિલાલ નભુભાઈ દ્વિવેદી
૩. બંગજાગૃતિ નાટક — શ્રી. ચૂનીલાલ વર્ધમાન શાહ
૪. મિથ્યાભિમાન નાટક — શ્રી. દલપતરામ ડાહ્યાભાઈ કવિ
૫. અભિજ્ઞાન શકુંતલા — (અનુ.) શ્રી. બળવંતરાય ક. ઠાકોર

વાર્તાનાં ૨૩૩ જેટલાં પ્રકાશનો છે. તેઓમાં એક અનુવાદિત પ્રકાશન ધ્યાનપાત્ર ગણી શકાય:

112692

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સુધાહાસિની'. (રમેશચંદ્ર દત્ત કૃત). અનુ૦ શ્રી. વિદ્યાબહેન નીલકંઠ અને શ્રી. શારદાબહેન મહેતા. ઉપરાંત ઇતર ગદ્યમાં કવિ નર્મદ કૃત 'નર્મગદ્ય'ની સાતમી આવૃત્તિ પણ આ ગાળાની છે, ને આ સાથે બીજાં વિવેચન વગેરેનાં પ્રકાશનો સહિત ૫૯ જેટલાં ઇતર પ્રકાશનો છે, જેમાં નીચેનાં બે નોંધપાત્ર જણાય છે:

૧. કવિ દયારામનો અક્ષરદેહ — શ્રી. ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

૨. કવિ પ્રેમાનંદનાં નાટકો — શ્રી. નરસિંહરાવ ભોળાનાથ

૨. ધર્મ: — ૩૮૬ ધાર્મિક પ્રકાશનોમાં લગભગ અડધાં જેટલાં, એટલે કે ૧૭૭ હિંદુ ધર્મનાં છે; બાકીનાંમાં જૈન ૯૪, ઇસ્લામી ૬૧ અને ઇતર ૫૪ જેટલાં છે. આમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' નામનો ૯" × ૧૨"ના માપનાં લગભગ છસો જેટલાં પૃષ્ઠોનો દળદાર ગ્રંથ ઉલ્લેખનીય છે.

૩. કેળવણી: — આ વખતે પણ ૧૮૨ પ્રકાશનોમાં ૧૭૬ પાઠ્યપુસ્તકો ને ગાઈડો જ છે. અને બાકીનામાં બે ધ્યાનપાત્ર નીચે પ્રમાણે છે:

૧. કેળવણી પ્રકાર — શ્રી. મહીપતરામ રૂપરામ નીલકંઠ
૨. જાપાનની કેળવણી પદ્ધતિ — અનુ૦ શ્રી. અતિસુખશંકર ક. ત્રિવેદી

૪. સમાજશાસ્ત્ર: — કુલ ૮૭માં ૪૯ તો ફક્ત ન્યાતજાતનાં પ્રકાશનો છે; અને ૨૫ જેટલાં બહેનો વિષેનાં છે, જેમાં બે ઉલ્લેખનીય છે:

૧. નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીત — સંગ્રાહક — શ્રી. નર્મદાશંકર લાલશંકર
૨. સ્ત્રીઓની પરાધીનતા — અનુ૦ શ્રી. જીવાભાઈ રેવાભાઈ પટેલ

૫. વિજ્ઞાન: — કુલ ૬૮માં વૈદકનાં ૨૯, કળા કારીગરીનાં ૧૭ અને ઇતર ૨૨ જેટલાં પ્રકાશનો છે, જેમાં નીચેનાં બે નોંધપાત્ર છે.

૧. પદાર્થવિજ્ઞાનનાં મૂળતત્ત્વો — શ્રી. ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ
૨. રસાયણશાસ્ત્ર — શ્રી. ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ

૬. પરચૂરણ: — કુલ ૧૬૬ માં તત્ત્વજ્ઞાનનાં ૫૦, ઇતિહાસનાં ૩૩ અને બાકીનાં ૮૩ જેટલાં પ્રકાશનોનો સમાવેશ થાય છે. આમાં જુદી જુદી ભાષાઓ ગુજરાતી મારફત શીખવા અંગેનાં ચાર પુસ્તકો પ્રગટ થયાં છે, તે નીચે પ્રમાણે છે: —

૧. કર્ણાટક પદ બોધિની,
૨. જાપાની ભાષાનો ભોમિયો,
૩. પોર્ટુગીઝ વાચનમાળા,
૪. બરમીઝ શિક્ષક.

તદુપરાંત શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા કૃત ભાષાશાસ્ત્રનાં બે પુસ્તકો 'જોડણી' અને 'લિપિ' પણ ખરેખર ધ્યાન ખેંચે તેવાં છે. તે સિવાયનાં પુસ્તકોમાં નીચેનાં ત્રણ પણ વાચકોને ઉપયોગી લાગતાં હોવાથી જણાવ્યાં છે:

૧. જીવનનો આદર્શ — અનુ૦ શ્રી. જીવાભાઈ રેવાભાઈ પટેલ
૨. દક્ષિણનો પૂર્વ સમયનો ઇતિહાસ — શ્રી. રામકૃષ્ણ ગો. ભાંડારકર
૩. મરાઠી સત્તાનો ઉદય — શ્રી. મહાદેવ ગોવિંદ રાનડે

ચરિત્રોનાં પુસ્તકો ગઈ વખત કરતાં બમણાં એટલે કે બાવન જેટલાં છે. પરંતુ તેમાં મુખ્યત્વે ધાર્મિક જ વધારે પ્રમાણમાં છે. પાંચ ગ્રંથો નોંધપાત્ર છે:

૧. અકબર ચરિત્ર — શ્રી મહીપતરામ રૂપરામ નીલકંઠ
૨. રાનડેનું જીવનચરિત્ર — શ્રી. સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી
૩. કૃષ્ણ ચરિત્ર — (બંકિમચંદ્ર કૃત) અનુ૦ શ્રી. કૃષ્ણલાલ મો. ઝવેરી
૪. ગેરીબાલ્ડી — લાલા લજપતરાય
૫. શ્રીયુત ગોવર્ધનરામ — શ્રી. કાંતિલાલ છગનલાલ પંડ્યા.

(ચાલુ)

દશરથલાલ શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સમાજ

[અમદાવાદની માધ્યમિક શાળાઓના આચાર્યસંઘે તા. ૨૪-૧૧-'૫૬ ને રોજ બોલાવેલ પ્રેસ-કૉન્ફરંસ સમક્ષ રજૂ કરેલા નિવેદનમાંથી આ અહીં ઉતાર્યું છે.]

સ્વરાજ માટે આપણે લડતા હતા ત્યારે કેળવણીની પુનર્ઘટનાને સ્વરાજના પાયાનું અંગ લેખી આપણે રાષ્ટ્રીય કેળવણીનું આયોજન કર્યું હતું. આ વસ્તુ કેટલી મહત્ત્વની હતી તે એ ઉપરથી જોઈ શકાશે કે, 'વર્ધા કેળવણી' નામે ઓળખાતી બુનિયાદી તાલીમની યોજનાને મહાત્મા ગાંધીએ પોતાના જીવનની સર્વોત્તમ સિદ્ધિ અને ભેટ તરીકે ઓળખાવી હતી. આ કોઈ અકસ્માત ન હતો; પણ એમાં એમનું ઊંડું જીવનદર્શન હતું. એટલે સામાન્ય રીતે એ અપેક્ષા રહેતી હતી કે, શિક્ષણનાં જે નવાં મૂલ્યો આપણા દેશમાં પ્રતિષ્ઠા પામી ચૂક્યાં હતાં, તે સ્વરાજપ્રાપ્તિ બાદ વ્યાપક બની રાષ્ટ્રને નવી પ્રાણશક્તિ બક્ષશે. એ દિશામાં સ્વરાજ-પ્રાપ્તિની શરૂઆતના દિવસોમાં બધાં રાજ્યોની સરકારોએ કાંઈ ને કાંઈ પ્રયત્નો શરૂ પણ કર્યાં; પણ એ બધામાં એકવાક્યતા રહેવા પામી નહીં અને કેળવણીનું ખાતું સંઘ-સરકારને તેમ જ રાજ્ય-સરકારોને હસ્તક પણ હોઈ, રાજ્યસરકારના આયોજન અને સંઘ-સરકારના આયોજન વચ્ચે અવારનવાર વિસંગતિઓ દેખાવા માંડી. એ વિસંગતિઓ હવે એટલી હદે પહોંચી છે કે, છેલ્લાં દશ વર્ષમાં આપણે જે કાંઈ કર્યું-કારવ્યું છે તે બધું, બનવા જોગ છે કે, થોડા જ વખતમાં ધોવાઈ જશે, અને સ્વરાજ પહેલાં જે સ્થિતિ હતી એનાથી પણ કદાચ વધુ વિષમ પરિસ્થિતિમાં મુકાઈ જઈશું.

આનું એક જ્વલંત ઉદાહરણ અંગ્રેજીના વિષયને લગતું છે. વર્ધાયોજનામાં અંગ્રેજી પ્રાથમિક કક્ષાનાં બાળકોના બૌદ્ધિક અને શૈક્ષણિક વિકાસ માટે અવરોધક તત્ત્વ તરીકે અભ્યાસક્રમની બહાર રાખવામાં આવ્યું હતું. આ સિદ્ધાંતનો મોટા ભાગની રાજ્ય-સરકારોએ સ્વીકાર કરી, પહેલાં સાત ધોરણમાંથી અંગ્રેજી ક્રમે ક્રમે કાઢી નાંખી, એ ધોરણોને અંતે અંગ્રેજી સિવાય બીજા બધા વિષયોમાં વિદ્યાર્થી મેટ્રિક સુધીનું જ્ઞાન મેળવે, તેવી યોજના કરવા સક્રિય પગલાં લેવા માંડ્યાં હતાં. આ પગલાંઓને પંદર વરસમાં અંગ્રેજીને સ્થાને હિન્દીને અધિકૃત ભાષા લેખવાના બંધારણના ઠરાવથી ઘણું મોટું અનુમોદન મળ્યું હતું. પરંતુ બંધારણના એ ઠરાવનું અને વર્ધાયોજનાના એ સ્વીકૃત સિદ્ધાંતનું જાણે અસ્તિત્વ ન હોય એ રીતે સંઘ-સરકાર તરફથી તો વર્તાવ થતો રહ્યો, ત્યારે પ્રગતિશીલ બનેલી રાજ્ય-સરકારોની સ્થિતિ ઉત્તરોત્તર કફોડી બનતી ગઈ. સંઘ-સરકાર તરફથી આ રીતની મુશ્કેલીઓ કેવી રીતે ખડી થઈ એનું જાણવા જોગ ઉદાહરણ એ છે કે, વહીવટી નોકરી માટેની તેમ જ લશ્કરી કેળવણી આદિની ખાસ તાલીમની સંસ્થાઓનું માધ્યમ અંગ્રેજી જ રાખવામાં આવ્યું. બંધારણથી ભારતના બધા નાગરિકોને સમાન તક મળતી હોવાથી, સંઘ-સરકારના આ પગલાથી પોતાના અનેક વિદ્યાર્થી-ઓની આ તક છીનવાઈ જતી જોતાં, અનેક રાજ્ય-સરકારો અસ્વસ્થ બની; અને અંગ્રેજી અંગે એમણે લીધેલા નિર્ણયો કેટલીક રાજ્ય-સરકારોએ નિરૂપાયે ફેરવવા માંડ્યા. આપણા મુંબઈ રાજ્યની સરકાર આજ સુધી તો આ બાબતમાં ઠીક ઠીક મક્કમ રહી શકી હતી; પણ હવે નવી દિલ્હીમાંથી આખા દેશ ઉપર અંગ્રેજી અંગે એક એવું તો પ્રચંડ વાવાઝોડું ફેલાઈ રહ્યું છે કે, એમાં આપણા રાજ્યની સરકાર કેટલે અંશે ટકી શકશે એ જોવાનું રહે છે.

આ પ્રશ્ન અંગે બને તેટલી વહેલી અનુકૂળતાએ એક સેમિનાર અમદાવાદમાં બોલાવાય અને આ પ્રશ્નની સર્વાંગી છણાવટ એમાં થાય, તે માટે અમારા સંઘ તરફથી સક્રિય પગલાં ભરાય એવું અમે વિચારી રહ્યા છીએ.

છાસવારે બદલાતી યોજનાઓ

અમારી બીજી મૂંઝવણ એ છે કે, કેળવણી જેવા વિષયમાં જ્યાં વધુમાં વધુ સ્થિરતા હોવી જોઈએ, ત્યાં આજે ઓછામાં ઓછી સ્થિરતા છે. એક ચીની કહેવત છે કે, તમારે જો શાકભાજી ઉગાડવાં હોય, તો એક અઠવાડિયાની ગણતરીએ આયોજન કરવું; દાણા ઉગાડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો મહિનાઓની ગણતરીએ; ઝાડ ઉગાડવાં હોય તો દાયકાઓની ગણતરીએ; અને માણસ ઉગાડવાં હોય તો સૈકાંઓની ગણતરીએ આયોજન કરવું જોઈએ. કેળવણીનું કાર્ય માણસ ઉગાડવાનું કાર્ય છે, અને આપણે એ ચીની કહેવતને આજે તો લગભગ ઉલટાવી જ નાંખી છે. આથી બાળકોનો વિકાસ શાકભાજીની જેમ કરવાની મહત્ત્વાકાંક્ષા સેવતા લગભગ થઈ ગયા છીએ. આથી દર બીજે દિવસે બદલાતા અભ્યાસક્રમો, બદલાતાં પાઠ્યપુસ્તકો, બદલાતાં સમયપત્રકો – વગેરેના પરિણામે એવી તો ભારે અવ્યવસ્થા ઊભી થઈ છે કે, કેળવણીમાં કામ કરતાં સૌ કોઈ આજે હતાશા અનુભવે છે. એમની મૂંઝવણ કે એમના અવાજ ક્યાંય સંભળાતા નથી. એમના અનુભવોનું કશું મૂલ્ય અંકાતું નથી. આપખુદ તંત્રમાં આવું બને એ સમજાય; પણ લોકશાહી રીતરસમો પ્રમાણે ચાલવાનો દાવો કરનાર તંત્રમાં જો આવી પરિસ્થિતિ ઊભી થાય, તો એ લોકશાહીની વિડંબના જ લેખાય. આમાં કોઈનો પણ વ્યક્તિગત રીતે દોષ કાઢવા કરતાં અમે આ પ્રશ્ન અંગે આખા સમાજને જવાબદાર લેખવાનું વધુ યોગ્ય માનીએ છીએ. કારણ કે, લોકશાહીની સફળતા માટે જાગ્રત અને સક્રિય પ્રજામત એક અનિવાર્ય શરત હોય છે.

વાલીઓની જવાબદારી

આજે બાળક ઘરમાંથી બહાર નીકળે કે તરત જ ફેરિયો એની રાહ જોઈને ઊભો હોય છે; જરાક આગળ જાય એટલે હોટલવાળો એની ઉપર મીટ માંડી બેઠો હોય છે; એથી સહેજ આગળ જાય એટલે સિનેમાગૃહવાળો એનાં બધાં પ્રલોભનો અને પ્રચાર-સાધનો સહિત ખડો હોય છે; અને બાળક પોળને નાકે પહોંચે ત્યાં રાજકીય પક્ષના પ્રચારકો પડાપડી કરતા હોય છે. આ બધાં ભયસ્થાનોમાંથી એ અસહાય બાળકને કોણ બચાવી શકે? શાળાઓ ઉપર મદાર બાંધવામાં આવે છે કે, એમણે એ બાળકોનું રક્ષણ કરવું જોઈએ. પરંતુ અમારો કડવો અનુભવ એ છે કે, સમાજનો અને માબાપનો અમને કશો જ સાથ મળતો નથી. ફેરિયા કે સિનેમાવાળાના ઝેર સામે તો અવારનવાર બબડાટ થતો સંભળાય છે. પણ નાની ઉંમરનાં બાળકોનો પક્ષીય રાજકારણ માટે ઉપયોગ થવાથી જે હળાહળ વિષ ભાવિ પ્રજાજીવનની રગ રગમાં પ્રસરે છે, એ સામે હરફ સરખો પણ ઉચ્ચારાતો નથી. આવાં બધાં કારણોથી વિદ્યાર્થીઓમાં જે ગેરશિસ્ત જન્મે છે, એ માટેનાં કારણો અન્ય સ્થળે શોધાય છે અને ખોટી રીતે શાળાઓ ઉપર દોષારોપણ કરવામાં આવે છે. આપણા દેશમાં જો જાગ્રત લોકમત રાજકીય પક્ષોના વ્યવહારમાં વિદ્યાર્થીઓને પવિત્ર લેખવાના સિદ્ધાન્તનો સ્વીકાર ન કરાવી શકે, તો આપણા દેશમાં વિદ્યાર્થીની શિસ્ત કદી પણ સુધરી શકશે નહીં. એટલું જ નહીં પણ તે ઉત્તરોત્તર બગડતી જશે અને આપણું રાષ્ટ્ર પોતાની પ્રાણશક્તિ ગુમાવી બેસશે.

શિક્ષણસંસ્થાઓમાં શિસ્તનો પ્રશ્ન

[કચ્છના એક શિક્ષકભાઈએ આજકાલ શાળામહાશાળાઓમાં જોવા મળતા ગેરશિસ્ત અંગે ચિંતા વ્યક્ત કરી છે. એનાં કારણોમાં જતાં તે ભાઈ શિક્ષક અને સમાજને પણ જવાબદાર ગણે છે. એ પ્રશ્ન એ રીતે પણ વિચારવા જેવો છે.]

માધ્યમિક ધોરણોથી શરૂ કરી કૉલેજો સુધી વિદ્યાર્થીઓનાં તોફાનની વિવિધ વાતોનું વર્ણન આજનો મોટો કોયડો થઈ પડ્યો છે. શિક્ષકની ગેરહાજરીમાં કાળા પાટિયા પર મન ફાવતાં અશિષ્ટ લખાણો, શિક્ષકોનાં સૂચનો પર દુર્લક્ષ, શાળાની ભીંતો પર, ફર્નિચર પર અયોગ્ય લખાણું અને કોતરકામ, પિશાબઘર આદિની ભીંતો પરનાં લજ્જાસ્પદ ચિત્રો અને મુદ્રાલેખો કઈ સંસ્થામાં જોવા નથી મળતાં? શિક્ષકની ગેરહાજરીમાં શિક્ષક પ્રત્યે તોછડાઈભરી બોલી, શિક્ષક રસ્તામાં ભેટી જાય તો રખેને "નમસ્તે" કહેવું પડશે એ વાતથી ડરી, તેને અવગણી નીચી મૂંડીએ ચાલ્યા જવું એ અર્વાચીન યુગની અને આજના વિદ્યાર્થીની કરુણ કથની છે.

પ્રત્યેક શાળાનો પ્રત્યેક બાળક અસભ્ય વર્તનવાળો હોય છે, એમ આક્ષેપ ન થઈ શકે. ઘણાં બાળકોને ઘરમાંથી જ એવા સંસ્કારો મળ્યા હોય છે કે તે અશિસ્તભર્યું વર્તન કરતાં જ નથી. તેઓ અભ્યાસી, ઉત્સાહી અને નમ્ર હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક બાળકોનાં તોફાનો કેવી સીમાએ જાય છે તે ચિત્ર પણ જાણીતું છે. સિનેમા-નાટકનાં અસભ્ય ગીતોનો ગુંજારવ, ઝુલ્ફાં, કપડાં વગેરે બાબતમાં સિને-સૃષ્ટિના અદાકારોની નકલ કરવી, ચાલુ વર્ગે સીટી વગાડવી, કાગળનાં તીરો શિક્ષકો અને વિદ્યાર્થિનીઓ પર ફેંકવાં, કોઈનું ખમીસ કે પાલવ પાછળથી ખેંચવાં, તો કોઈને ધબ્બો મારવો, ટેબલ, ખુરસી, કે બાંકડા અને શાળાઓના ફર્નિચરને શક્ય રીતે તોડવું, બારી-બારણાંના કાચની ભાંગફોડ કરવી, વગેરે બાબતો આજે શાળા મહાશાળામાં સામાન્ય થઈ ગઈ છે.

શિસ્તના આ અભાવ માટે જવાબદાર ઘણાં કારણો છે. અપ્રતિભાશાળી મુખ્ય શિક્ષક, પૂર્વપઠન વગરનો કે વિષયથી અજ્ઞાત શિક્ષક, વક્તવ્યમાં ખોડ ધરાવનાર નિર્બળ ફિક્કો નૂર વગરનો શિક્ષક, રસ જમાવવાની ખામી-વાળો, તાકાત વગરના અવાજવાળો, તથા વિદ્યાર્થીઓ વચ્ચે મર્યાદાથી બહાર હાસ્ય રમૂજ અને વિનોદમાં મશગૂલ રહેતો શિક્ષક, શાળામાં નિયમિત મોડો પડનાર શિક્ષક, શાળાના કાયદાકાનૂનોને અવગણનાર શિક્ષક, અપરાધી વિદ્યાર્થી તરફ આંખ આડા કાન કરી તેમના ગુના સદૈવ માફ કરનાર શિક્ષક — એ બધા ભાગ્યે જ શિસ્તની આશા રાખી શકે. તદુપરાંત યોગ્ય ફર્નિચર, વર્ગ, મકાન કે શિક્ષકવૃંદનો અભાવ પણ શિસ્ત માટે અયોગ્ય વાતાવરણ ઊભું કરે છે. યોગ્ય પરિસ્થતિ અને પરિબળો વચ્ચે શિક્ષક જો યોગ્ય રીતે વર્તે, તો જ તેને શિસ્ત જોવા મળે છે; વિદ્યા આપવામાં અમુક અંશે તે કામિયાબ નીવડે છે.

શિસ્ત તો ખરે જ કોઈ પણ સંસ્થાનો પ્રાણપ્રશ્ન છે. શિસ્ત નથી ત્યાં કેળવણી નથી. શિસ્ત ત્યાં જ ટકે છે કે જ્યાં પ્રાણવાન સમાજ અને શિક્ષકો છે. શિસ્તહીન સમાજમાંથી ઉદ્‌ભવેલ શાળાઓમાં શિસ્તની વાતો કરવી, તે ઊલટી ગંગા વહેવરાવવા જેવું થાય છે. ખરી રીતે શિક્ષકે, વિદ્યાર્થીએ અને સમાજે સમગ્ર રીતે સુધરવું પડશે. જ્યારે આમ થશે, ત્યારે અશિસ્તપણા રૂપી રાક્ષસ ભારત દેશમાંથી પોબારા ભણી જશે. અને કુટુંબ, સમાજ તથા દેશનો જયકાર ત્યારે જ થશે.

વિશનજી હી. મારુ

रॉबिन्सन क्रूसोकी आपबीती

४

अब मैं जहाज़ परसे जल्दी जल्दी सामान लाने लगा। जो मैं यह न करता तो वहाँ कोई बाज़ार था जहाँसे मुझे कुछ मिल सकता! और टूटा हुआ जहाज़ और टूटकर कब पानीमें बह जाये इसका भी कुछ भरोसा नहीं था। एक दिन जहाज़ पर चीज़ोंको ढूँढ़ते हुए मुझे रुपयोंकी थैली मिली। उसे देखकर मैं अपनी ज़ोरकी हँसी रोक नहीं सका। इस निर्जन टापूमें ये बेचारे सिक्के मुझे किस कामके थे? एक कील यहाँ ज़्यादा क़ीमती थीं। लेकिन इस निराशाके टापूसे किसी न किसी दिन सुधरी हुई दुनियामें जाना होगा ऐसी अमर आशा मेरे अंतरमें थी; इसलिये मैंने वे निकम्मे सिक्के भी ले लिये।

जहाज़ परसे छाँटकर लाये हुए सामानके ढेरसे मेरे कमरे और गुफामें भीड़ हो गई। मुझे लगा कि कमरेमें तख़्ते लगे हों तो अच्छा। खानेपीनेके लिये मेज़ कुर्सी न होनेसे आरामसे खा भी नहीं सकता था। मैंने सोचा इस टापू पर लकड़ी तो बहुत है; चलो ऐसी चीज़ें बना लूँ। अब तक कभी बढ़ई-काम मैंने नहीं किया था। तख़्ते चीरनेके लिये आरी तो चाहिये, वह मेरे औज़ारोंके बक्समें नहीं थी। कुल्हाड़ी मुझे मिल गई थी, उससे पेड़के बड़े तनेको छील छील कर मैं तख़्ते बनाने लगा। उसमें समय तो बहुत लगता था, लेकिन इस टापू पर मुझे और काम भी क्या था? मुझे जाना आना भी कहाँ था? एक तनेको छील छील कर तख़्ते बनाकर, उनमेंसे जैसी आई वैसी मैंने मेज़ कुर्सी बनाई और

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तख़्ते भी लगा लिये। कील और हथौड़ी मुझे जहाज़ परसे मिल गये थे।

जहाज़ परसे मैं स्याही, क़लम और थोड़ी किताबें भी ले आया था। किताबोंमें बाइबल भी थी। पहले मैंने कभी बाइबल पढ़ी नहीं थी। निराशाके इस टापू पर वह मुझे बहुत सांत्वना और आशा देनेवाली किताब बन गई। किसी दिन ईश्वर मुझे पार उतारेगा यह मेरी श्रद्धा बाइबल पढ़नेसे ही पक्की हो गई। और अकेलेपनके इस जीवनमें मुझे जो डर-सा लगता था, वह डर भी बाइबलने ही निकाल दिया। ईश्वर-प्रार्थना सचमुच मुझे ज़िन्दगीमें आधाररूप बन गई।

क़लम और स्याही किसलिये लाया था? मुझे किसे चिट्ठी लिखनी थी? चिट्ठी तो नहीं लिखता था लेकिन जब तक मेरे पास स्याही रही तब तक मैं अपनी डायरी नियमित लिखता रहा। और स्याही बनानेकी मेरी एक भी युक्ति सफल न हुई, इसलिये इस लिखनेके कामको मुझे छोड़ना पड़ा।

मैंने अपने लिये एक कामचलाऊ पंचांग भी बनाया। टापू पर आनेके बाद थोड़े ही दिनोंमें जिस जगह मैं आया था वहाँ बड़े अक्षरोंमें तख़्ते पर खोदकर लिखा, '३० सितम्बर १६५९ के दिन मैं इस जगह आया'। उसे एक खंभेमें लगाकर खंभा उसी जगह गाड़ दिया। इस तख़्तेका खंभा मेरा पंचांग था। हर रोज़ मैं इस खंभेकी यात्रा करता और उस पर चाक़ूसे एक निशान करता। सातवाँ निशान मैं बड़ा करता। एक महीनेके बाद ज़्यादा लंबा निशान करता। इस पंचांगको मैंने आख़िर तक क़ायम रखा।

५

अब मुझे इस टापू पर आये एक साल होने आया। जहाज़ परसे लाई हुई ख़ुराकके अलावा मैं शिकार करने लगा था। टापू पर मुझे पक्षी, उनके अंडे, और बकरे-बकरियाँ मिल गईं। एक क़िस्मके फल मिले, उनको सुखाकर मैं रखने लगा। थोड़े बिस्किट जहाज़ पर मिले थे वे अब ख़त्म होने आये थे। इसी अर्सेमें एक दिन अपने तंबूके पास एक दो जौके पौधे उगे हुए देखे। मेरी ख़ुशीका ठिकाना न रहा। ईश्वरकी कैसी मेहरबानी! मुझे वह यहाँ भी नहीं भूला — वह मुझे ज़रूर पार उतारेगा, ऐसी श्रद्धा मुझे हो गई। पौधेके एक दो बाल निकलीं। दाने पकनेके बाद उनको बीजके तौर पर मैंने सँभालकर रखा। बादमें तो मैंने उनसे खेती शुरू की और धीरे धीरे बढ़ाकर एक साल चले इतना नाज उनमें से मैं पैदा करने लगा।

आपको लगता होगा कि बिना बीज नाज अपने आप और एकदमसे किस तरह उगा? मुझे बादमें इसका पता चला। टूटे हुए जहाज़मेंसे जो चीज़ें लाई गई थीं उनमें एक थैली भी थी। उसमें दाने थे। दाने चूहोंने खा लिये थे। मुझे वह थैली दूसरे कामके लिये चाहिये थी। इसलिये जो पोले दाने उसमें पड़े थे उनको कुछ भी ख़याल किये बिना मैंने बाहर फेंक दिया। उनमेंसे उगनेके क़ाबिल दो चार दाने उग गये। यह बात बहुत दिन बाद मुझे सूझी। लेकिन इसमें ईश्वरकी कृपा तो थी ही। दो चार दानोंका बचकर उगना यह घटना भी मुझे ईश्वरकी मेहरबानी ही लगी।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

में अब अपनी बात आगे कहूँ । नाज तो ईश्वरने दिया; लेकिन मेरी मुश्किलोंका ठिकाना नहीं था । रात होने लगे इससे पहले मुझे घर जाना और बिस्तर पर लेटना ही चाहिये । नहीं तो दीवे बिना मैं किसीसे टक्कर खा जाऊँ । दीवेके लिये मैंने एक तरकीब निकाली । अपने शिकारकी चरबी मैं इकट्ठा करता था । थाप थाप कर मैंने एक मिट्टीका दीवा बनाया । उसको सूर्यकी गरमीसे जैसा पका वैसा पकाया । उसमें चरबी रखी । फटे हुए कपड़ेको बटकर मैंने बत्ती मनाई । इस तरहका बना हुआ दीवा रोशनी तो कम देता था फिर भी अंधेरा तो मेरा गया ।

जहाज़ परसे मिली हुई चीज़ोंमें बर्तनोंकी बहुत कमी थी । पानीके लिये घड़ा तक मेरे पास नहीं था । फिर खाना पकानेके लिये भगोने और लोटे-प्यालेकी तो बात ही क्या थी ? मेरे राज्यमें मिट्टी और लकड़ीकी तो कमी न थी । मैंने कुम्हार बनना सोचा । बचपनमें कुम्हारका चाक मैंने देखा था । लेकिन कभी मिट्टी या चाकके हाथ लगाया नहीं था । ज़िन्दगीमें पहली बार मैं कुम्हार बना । कितनी ही बार आकार बनाया और वह टूट गया । चाक तो यहाँ कहाँसे हो ? मुझे हाथसे ही आकार बनाना था । दो महीने तक यह मेरी तोड़-फोड़ चली । आंखिरमें दो बर्तन बने । उनका आकार और रूप कैसा होगा यह न पूछें । फिर भी उनका कुछ न कुछ नाम तो होना ही चाहिये, इसलिये मैं उनको घड़ा कहता । वैसे तो यह रूप दुनियामें अद्वितीय ही था । बादमें तो मैंने हांड़ी, प्याले, वग़ैरह बहुत बनाये । जैसे जैसे हाथ बैठता गया मैं अच्छे अच्छे बर्तन बनाता गया । उनको पकानेकी कला भी मैंने ढूँढ़ निकाली । इस तरह बर्तनोंकी मेरी चिंता मिटी ।

अब मेरा घर व्यवस्थित हो गया था । शिकार और खेतीके अलावा कुछ अच्छी चीज़ें बनाना, घर ठीक करना, वग़ैरह अनेक कामोंमें मेरा दिन पूरा हो जाता था । बीच बीचमें समय निकालकर मैंने अपने इस राज्य जैसे टापूको भी देख लिया ।

बादमें मुझे एक नया काम सूझा । सालमें एक दफ़े मैं बीमार हुआ । घरमें पड़ा पड़ा खाली क्या करूँ ? मुझे टोकरी बनानेकी इच्छा हुई । मेरे टापूमें सालमें दो फ़सलें होती थीं । इसलिये अब नाज तो खूब होने लगा था । टोकरे टोकरियाँ बनाऊँ तो नाज भरनेके काममें आयें यह भी इस कामको करनेका एक कारण था । जब मैं छोटा था तब झटझट टोकरी बनानेवालोंको मैं देखा करता था । अब मैं खुद यह काम करने लगा । पतली डालियाँ काटकर मैं उनसे टोकरी बनाने लगा । इस तरह पहली टोकरी बनी देखकर मैं फूला नहीं समाया । फिर तो गरमीके खाली दिनोंमें हर साल ज़रूरतके मुताबिक़ मैं टोकरियाँ बना लेता ।

नाज पीसनेके लिये चक्कीके लिये क्या किया जाय, यह भी सवाल खड़ा हुआ । मैं एक मज़बूत लकड़ी ढूँढ़ लाया और उसमेंसे ऊखल और मूसल बनाया । मैं अपना आटा उससे कूट कर बना लेता था । और जहाज़ परसे जो एक जालीदार कपड़ा मिला था उसकी छलनी बनाई ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मेरे कपड़े भी अब कब तक चलते ? वे अब फटने लगे । शिकारके चमड़े सुखाकर मैं उनका संग्रह करता रहा । उनमेंसे मुलायम चमड़ा देखकर मैंने चमड़ेका कोट, टोपी वगैरह बना लिये, और उसमेंसे एक छत्री भी बनायी जो मुझे धूप और बरसात दोनोंमें काम देती थी । आदि ज़मानेके इन कपड़ोंमें मैं कैसा दिखाई देता हूँगा ? लेकिन वहाँ मेरे सिवा मुझे देखनेवाला भी कौन था ? मुझे तो वे बहुत अच्छे लगते, क्योंकि उनसे मेरा काम ख़ूब चलता था ।

६

इस तरह मेरा वहाँ रहनसहन जम गया । सालहा-साल भी गुज़ारने पड़े तो मुझे कुछ मुश्किल पड़े ऐसा न लगता था । सिर्फ़ एक बातका दुःख था और वह यह कि मैं अकेला था । इसीलिये ईश्वरकी दी हुई ज़बान न दी हुईके बराबर थी । टूटे हुए जहाज़में एक कुत्ता ही ज़िन्दा बचा था, उसने मेरा साथ दिया और मैंने उसका । वह ही एक मेरा साथी था । उसके अलावा टापू पर आकर मैंने एक तोता और एक बिल्ली पाली । तोतेको मैंने अपना नाम बोलना सिखाया । 'बेचारा क्रूसा' वह बोलता । यह सुनकर मैं खुश होता था । मेरे इन साथियोंसे मुझे कुछ शांति मिलती ।

थोड़े सालोंके बाद ईश्वरने मेरे पास एक आदमी-मित्र भेज दिया । वह मुझे शुक्रवारके दिन मिला था, इसलिये मैंने उसका नाम '.फ्राईडे' रखा । सारी उमर वह वफ़ादार नौकरके तौर पर मेरे साथ रहा । यह आदमी पासके जंगली लोगोंके टापूका निवासी था । इस निर्जन टापू पर वह कहाँसे आया, मुझे किस तरह मिला, यह मेरे जीवनका एक स्वतंत्र और रोमांचक प्रकरण है । मेरी पूरी आपबीतीमें मैंने इसका वर्णन किया है। वाचक उसे पढ़ें । यहाँ तो मैं अब अपना आखिरका खुशीका समाचार देता हूँ ।

आख़िरकार ईश्वरने मुझे इस क़ैदमेंसे छुड़ाया । एक जहाज़ दिखाई दे रहा है, यह बात एक दिन मेरे .फ्राईडेने मुझे कही । उस जहाज़के अभागे कप्तानके सामने उसके ही साथियोंने विद्रोह किया था और वे उस बेचारेको मार डालना चाहते थे । उसकी खुशक़िस्मतीसे, मेरी और फ्राईडेकी उसको मदद मिल गई और वह बच गया । इससे वह जहाज़ जैसे मेरा ही हो गया ! उसमें बैठकर ई० स० १६८७ की ११वीं जूनको यानी उस टापू पर २८ साल रहनेके बाद मैं स्वदेश पहुँचा । तुरन्त मैं अपने माता-पितासे मिलने गया । लेकिन वे तो मर चुके थे ।

बादमें मैं देशमें शादी करके रहने लगा । फिर भी ज़िन्दगी भरकी आदत थोड़े ही छूट सकती है ! इसलिये माडागास्कर, हिंद, चीन वग़ैरह देशोंका सफ़र करनेके अलावा मैं अपने पुराने टापूको भी देख आया । अब ई० स० १७०५का साल है यानी मैं ७३ सालका हुआ हूँ । अब तो एक ही और आख़िरी लंबे सफ़रका इन्तज़ार कर रहा हूँ और वह है ईश्वरके घरका । इससे मुझे किसी तरहकी अशांति या घबराहट नहीं है । मुझे आशा है कि शांति और संतोषके साथ मैं यह आख़िरी सफ़र करूँगा ।

[संपूर्ण]

अनु० निर्मला परळीकर

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आचरणका असर

एक दफ़ा महाराष्ट्रके महान संत ज्ञानेश्वर महाराजके पास एक औरत अपने आठ-नौ वर्षके छोकरेको लेकर आई ।

महाराजके पैरोंमें पड़ कर माताने कहा, "महाराज, यह लड़का रोज़ बहुत गुड़ खाता है । मैं तो इसे कह कह कर थक गई । मेरा कहना यह ज़रा भी नहीं मानता । मेरी बातका इस पर कुछ असर नहीं होता। आप इसे गुड़ न खानेके लिये समझायेंगे तो ज़रूर यह गुड़ छोड़ देगा । मेरे ऊपर आप इतनी कृपा करें ।"

ज्ञानेश्वर महाराज शांतिसे बोले, "बाई, तुम इसे मेरे पास एक सप्ताह बाद लेकर आना । फिर मुझे इसे जो कुछ कहना होगा, कहूँगा ।" सात दिन बाद वह औरत अपने छोकरेको लेकर ज्ञानेश्वर महाराजके पास आई।

संत ज्ञानेश्वरने उस छोकरेको अपने पास बुलाकर प्यारसे कहा, "बच्चे, अब फिर गुड़ न खाना । तेरी माँ जैसा कहे वैसा ही करना । समझा ना ?"

छोकरेने हकारमें सर हिलाया !

पर उसकी माँ को ख़याल हुआ कि जो ज्ञानेश्वर महाराजको बस इतना ही कहना था तो फिर मुझे एक सप्ताह बाद क्यों बुलाया ? उसी वक़्त अगर छोकरेको इतना कह देते तो क्या हो जाता ? उसके मनमें उथलपुथल होने लगी । उसने अपनी शंकाका निवारण करनेके लिये ज्ञानेश्वर महाराजसे विनती की ।

संत ज्ञानेश्वर बोले, "बाई, जब तुम पहली बार मेरे पास आई और मुझसे कहा कि मैं छोकरेको गुड़ न खानेके लिये कहूँ, उस समय मैं ख़ुद गुड़ खाता था । मैं ख़ुद गुड़ खाऊँ और इस छोटेसे बालकको गुड़ न खानेकी सीख दूँ तो फिर मेरे वचनका क्या असर हो ? इससे मेरे मनमें हुआ कि मुझे ही पहले गुड़ छोड़ देना चाहिये । ऐसा करूँगा तभी इस बालकको गुड़ न खानेके लिये कह सकूँगा । इसलिये मैंने विचार किया कि, लाओ मैं ही पहले गुड़ छोड़ दूँ और देखूँ तो सही कि मुझसे गुड़ खाये बिना रहा जाता है या नहीं ? एक सप्ताह मैंने गुड़ ज़रा भी नहीं खाया और अब मैं खाऊँगा भी नहीं । गुड़के बिना चलेगा इस बातका मुझे विश्वास हो गया है । इसलिये अब मैं दूसरोंको गुड़ न खानेकी सीख ज़रूर दे सकता हूँ ।"

ज्ञानेश्वर महाराजकी बात सुनकर माँकी आँखोंमें पानी आ गया । संत ज्ञानेश्वरके पाँव छूकर वह पल्लेसे अपनी आँखें पोंछती हुई छोकरेको लेकर घर चली गई ।*

मुकुलभाई कलार्थी
अनु० गिरिराजकिशोर

* 'शील और सदाचार' भांथी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

સિદ્ધ વૈતાલ : રોહિણી (ખંડ ૧) : લે૦, પ્રકા૦ વૈદ્ય મોહનલાલ ચૂનીલાલ ધામી, રાજકોટ; પ્રાપ્તિસ્થાન નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ; કિં૦ રૂ. ૫–૮–૦; પૃ૦ ૩૯૨.

પ્રાચીન જૈન મહાકથાઓના વસ્તુને આધારે 'રૂપકોશા', 'મગધેશ્વરી', 'બંધન તૂટ્યાં' વગેરે બબ્બે ત્રણ ત્રણ ભાગની ગુજરાતી નવલકથાઓ લેખકે લખી છે.

જૈન કથાઓમાં વૈરાગ્યના ઉદ્દેશથી પણ શૃંગારરસનું હદ બહારનું ચિત્રણ કરવાની રીત પ્રાચીન જૈન અંગગ્રંથોથી ચાલી આવતી દેખાય છે. 'જ્ઞાતા ધર્મકથા સૂત્ર'માં બે ઈંડાંની વાત છે. તેમાં એક ઈંડાને તેનો પાલક, બચ્ચું જન્મશે કે નહીં, તે જોવા ઉથામ્યા કરે છે; તેથી છેવટે તે ઈંડું સડીને નાશ પામે છે. અને બીજા ઈંડાનો પાલક યોગ્ય કાળજી લીધા પછી શ્રદ્ધાપૂર્વક પરિણામની આશા ધીરજથી રાખે છે. તેથી તેના ઈંડામાંથી સુંદર મોર જન્મે છે. એ દાખલા ઉપરથી સાધક પણ પોતાની સાધના શ્રદ્ધાપૂર્વક અને ધીરજપૂર્વક ધપાવે, તો જ સફળતા પ્રાપ્ત કરી શકે; વારેઘડીએ સંશય કરનારો નાશ પામે છે, એવું દૃષ્ટાંત આપવાનો ઈરાદો છે. પણ આવી ધર્મજીવનના હેતુવાળી દૃષ્ટાંતકથાની શરૂઆતમાં બે જુવાન શેઠિયા નગરની એક વેશ્યાને ભાડે લઈ ઉદ્યાનમાં ક્રીડા કરવા નીકળી પડે છે, અને ત્યાં તેમને એ ઈંડાં કેવી રીતે જડે છે, એના શૃંગારિક વર્ણનથી સબડતી વાત બહેલાવવામાં આવી છે!

શ્રી. ધામીની આ વાર્તામાં પણ બે તાંત્રિકો પોતાની મંત્ર-તંત્રની વિદ્યા જુદા જુદા હેતુ અને પ્રયોજનથી વિકસાવે છે, એ વસ્તુ છે. તેમાંથી લોકકલ્યાણને બદલે સ્વસુખ માટે એ વિદ્યા સાધનારની અવનતિ બતાવવાનો હેતુ છે. પરંતુ તેના નિરૂપણમાં જે કામશૃંગારની રમઝટ જમાવાય છે, તે વાર્તાલેખકના વૈરાગ્યપ્રધાન મૂળ હેતુ કરતાં કદાચ ઊલટો હેતુ જ સિદ્ધ કરે છે. પરંતુ એ દૂષણ કે ભૂષણ પ્રાચીન જૈન વાર્તાનું જ છે. એટલે શ્રી. ધામીને તેમાં મુખ્ય અપરાધી ન કહી શકાય. તોપણ જૂની વાર્તાને નવું સુવાચ્ય સ્વરૂપ આપનાર એ દોષ હળવો ન કરી શકે, એવું સ્વીકારી ન શકાય. પરંતુ કદાચ આધુનિક સ્વરૂપ આપવામાં જ, શૃંગારરસનો વધુ બહેલાવ, એ આધુનિક લેખકને આવશ્યક લાગતું હશે. પણ ખરી રીતે, આધુનિક વાચકની વિકૃત કરવામાં આવેલી કે થયેલી રસવૃત્તિને વેચાણના લોભમાં વધુ પંપાળવાની શી જરૂર?

જૂની સાંપ્રદાયિક લોકકથાઓને આધુનિક સ્વરૂપ આપી રજૂ કરવાનું કોઈ પણ કુશળ લેખકને મન તો થાય જ. છતાં શ્રી. ચૂનીલાલ વ૦ શાહ કે શ્રી. જયભિખ્ખુ જેવી એ બાબતની હથોટી શ્રી. ધામીમાં નથી; જોકે, તે આવશે એવી આશા રાખી શકાય. શ્રી. ધામીની આટલી લાંબી લાંબી તથા મોંઘી ચોપડીઓની માગ સારા પ્રમાણમાં હશે, એમ જરૂર લાગે છે. અને જેમ ગુજરાતી વાર્તાસમૃદ્ધિમાં જૂનાં ઐતિહાસિક પાત્રોને આધારે લખાયેલી ઘણી વાર્તાઓ ઉમેરાઈ છે, તેમ આવી ધાર્મિક મહાકથાઓને આધારે લખાયેલી ચોપડીઓ પોતાનો ઉપયોગી ફાળો જરૂર આપી શકે. જૈન કથાઓમાં વાર્તાની દૃષ્ટિએ મનોરમ વસ્તુ ઘણું પડ્યું છે.

સુ૦ કે૦

કંચુકીબંધ : લે૦ શિવકુમાર જોષી; પ્રકા૦ સ્વાતિ પ્રકાશન, ૨૨૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ ૩; કિં૦ ૬–૦–૦ પૃ૦ ૪૦૭.

શ્રી. શિવકુમાર જોષીની આ પહેલી નવલકથા જ તેમના માનસનું સારું વિશ્લેષણ કરાવે એવી છે! આ નવલકથા વાંચતાં શ્રી. કાકાસાહેબ કાલેલકરનું વાક્ય યાદ આવે છે 'આજકાલની વાર્તાઓ એટલે કામવિકાર ઉપર કાવ્યમય ભાવનાઓનાં પડ ચડાવીને રૂઢ નીતિના ખ્યાલોના મૂળમાં જ ચાંપેલી સુરંગ હોય છે.'

લેખકે આ કથામાં પણ મોટી મોટી ભાવનાઓની ડંફાસ મારીને માણસમાં રહેલી કામોત્તેજક દુર્વૃત્તિઓને જ પંપાળ્યા કરી છે! ગુજરાતને સાચા વાર્તાસાહિત્યનો આસ્વાદ કરાવવાની તેમ જ ગુજરાતી પ્રજાનાં ચારિત્ર્ય અને વીર્યશક્તિનું જતન કરવાની નિર્મળ વૃત્તિ જ્યાં સુધી આપણા લેખકો સેવે નહીં અને ધંધાદારી પ્રકાશકોની મનગમતી માગને પોષવાની તેમ જ સસ્તી ખ્યાતિ મેળવવાની ધખનામાંથી જ્યાં સુધી આપણા લેખકો બહાર નીકળે નહીં, ત્યાં સુધી આવું કેટલુંય ગંદું સાહિત્ય પ્રસિદ્ધ થતું રહેશે! किं बहुना?

સુ૦ કે૦

નવો હલકો : સં૦ પુષ્કર ચંદરવાકર; પ્રકા૦ શ્રી પોપ્યુલર બુક સ્ટોર, ટાવર રોડ, સુરત; કિં૦ રૂ. ૪–૮–૦ પૃ૦ ૨૯૨.

લોકસાહિત્યના સારા જાણકાર ભાઈશ્રી પુષ્કર ચંદરવાકરનો આ લોકગીતોનો સંગ્રહ આવકારપાત્ર છે. તેમણે પરિશ્રમ ઉઠાવીને ૧૬૮ જેટલાં લોકગીતો આ સંગ્રહમાં લીધાં છે. એમાં સંસારગીતો, ગ્રામગીતો, નાટ્યગીતો, ગાંધીગીતો, મરશિયા, વગેરે ગીતોનો સમાવેશ થાય છે. 'નવો હલકો' એ શીર્ષક હેઠળ શ્રી. ચંદરવાકરે પઢારોનાં લોકગીતોનો જે પરિચય આપ્યો છે, એ તેમનો આપણા લોકસાહિત્યના ક્ષેત્રમાં ગણનાપાત્ર ફાળો ગણી શકાય. તેમણે ગીતોની સાથે વચ્ચે વચ્ચે સમજણ આપી છે, તે આ લોકગીતોને સમજવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગી થાય એવી છે. ભાઈશ્રી ચંદરવાકર આ રીતે આપણા લોકસાહિત્યના અમૂલ્ય વારસાને ગ્રંથસ્થ કરતા રહે એવી આશા સેવીએ.

સુ૦ કં૦

હૈયાને અજવાળે : લે૦ ગણેશ વાસુદેવ માવળંકર; સં૦ પુષ્કર ચંદરવાકર; પ્રકા૦ રવાણી પ્રકાશનગૃહ, ટિળક રોડ, અમદાવાદ કિં. આઠ આના; પૃ૦ ૪૮.

રવાણી પ્રકાશન મંદિરે 'લોક ઘડતર માળા' શરૂ કરી છે. એ દ્વારા જીવનના અનુભવો, કથા, નાટક ઇત્યાદિ પ્રકારના સાહિત્ય દ્વારા પ્રેરણાત્મક વાચન પૂરું પાડવાની કલ્પના છે. આજના નવશિક્ષિત પ્રૌઢોને આ શ્રેણી આવું સંસ્કારસંપન્ન વાચન પૂરું પાડે એવી છે. આ માળાના સંપાદક શ્રી. પુષ્કર ચંદરવાકર છે.

આ પ્રથમ પુસ્તિકામાં સ્વર્ગસ્થ શ્રી. ગણેશ વાસુદેવ માવળંકરનાં લખાણોમાંથી ૭ પ્રેરણાત્મક કથાઓ લીધી છે. તેમના આત્મકથનાત્મક 'સંસ્મરણો'માંથી લીધેલા આ પ્રસંગો સારું વાચન પૂરું પાડશે.

સુ૦ કં૦

મોતી : લે૦ જૉન સ્ટાઈનબેક; અનુ૦ જયંતી દલાલ; સંક્ષેપ અને સંકલના – જયંતી દલાલ તથા પુષ્કર ચંદરવાકર; પ્રકા૦, કિં૦ ઉપર મુજબ; પૃ૦ ૫૨.

અમેરિકન લેખક જૉન સ્ટાઈનબેકે આ રૂપકકથા દ્વારા માનવમાં રહેલા સદ્–અસદ્ અંશોનું હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું છે. કીનો નામના એક મોતીકઢાને એક મોતી મળી આવે છે. ગરીબીની ભીંસમાંથી છૂટવા માટે અમૂલ્ય મોતીની ઇચ્છા રાખતા કીનોને એ મોતી મળતાં કેવી ભયાનક આફતોમાં અટવાઈ જવું પડે છે, તેનું હૃદયદ્રાવક ચિત્ર લેખકે કુશળતાથી આલેખ્યું છે.

સુ૦ કં૦

સંભારણાં : લે૦ શારદાબહેન મહેતા; સં૦ પુષ્કર ચંદરવાકર; પ્રકા૦, કિં૦ ઉપર મુજબ; પૃ૦ ૪૮.

ગુજરાતના સમાજસેવાના ક્ષેત્રમાં ગણનાપાત્ર સ્થાન પામેલાં શ્રી. શારદાબહેન મહેતાની આત્મકથામાંથી આઠ પ્રસંગોને આમાં વણી લીધા છે.

સુ૦ કં૦

મહીના ઓવારે : લે૦ પુષ્કર ચંદરવાકર; પ્રકા૦, કિં, પૃ૦ ઉપર મુજબ.

નવા યુગને સમજવામાં સહાયરૂપ થાય અને ગામડાંઓમાં ખાસ કરીને ભજવી શકાય એવી ચાર નાટિકાઓ 'મહીના ઓવારે'; 'છોકરાઓનું નાટક'; 'કોણ જુદાં?'; 'પારકી છઠીની જાગનારી!' નો આમાં સમાવેશ થયો છે.

સુ૦ કં૦

બાપુનાં સંભારણાં : લે૦ મનુબહેન ગાંધી; સં૦ પુષ્કર ચંદરવાકર; પ્રકા૦, કિં૦, પૃ૦ ઉપર મુજબ.

શ્રી. મનુબહેન ગાંધી મહાત્મા ગાંધીજીની સાથે છેવટના દિવસોમાં રહ્યાં હતાં. તેમણે લખેલાં બાપુવિષયક લખાણો જાણીતાં છે. એ લખાણોમાંથી આ પુસ્તિકામાં ૯ પ્રસંગો લીધા છે.

સુ૦ કં૦

કલાકારની કલમે : લે૦ રવિશંકર રાવળ; સં૦, પ્રકા૦, કિં૦, પૃ૦ ઉપર મુજબ.

આપણા જાણીતા કલાકાર શ્રી. રવિશંકર રાવળનાં પરિચયાત્મક, વર્ણનાત્મક અને કલામીમાંસાપ્રધાન લખાણો-માંથી છ લખાણોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. 'કલાકારની સંસ્કારયાત્રા' નામના પુસ્તકમાંથી આ પ્રસંગો લીધા છે.

સુ૦ કં૦

ગાંધીજીનું ગૃહમાધુર્ય : લે૦ મનુબહેન ગાંધી; સં૦, પ્રકા૦, કિં૦, પૃ૦ ઉપર મુજબ.

ગાંધીજીએ કસ્તૂરબા ઉપર પત્રો લખીને તેમને જે દોરવણી આપી હતી, એનું નિરૂપણ આ પુસ્તિકામાં છે. ઘરસંસાર સંસ્કારસંપન્ન અને મધુર બનાવવામાં આ પુસ્તિકા સહાયરૂપ થાય એવી છે.

સુ૦ કં૦

મારા અનુભવો : લે૦ વિજયકુમાર ત્રિવેદી; સં૦, પ્રકા૦, કિં૦, પૃ૦ ઉપર મુજબ.

'માણસાઈના દીવા'નું સ્મરણ તાજું કરાવે એવા પાંચ સત્ય પ્રસંગોનું આલેખન કરતી આ પુસ્તિકા દારૂબંધી અને અસ્પૃશ્યતાનિવારણના કલ્યાણકારી સેવાકાર્યમાં સહાય-રૂપ થાય એવી છે. શ્રી. વિજયકુમારભાઈ આવા વધુ પ્રસંગો પોતાના અનુભવોમાંથી તારવીને પ્રજા સમક્ષ મૂકશે, તો જીવનઘડતર માટેના સાહિત્યમાં અવશ્ય વૃદ્ધિ થશે.

સુ૦ કં૦

સંભારણાં — ૨ : લે૦ શારદાબહેન મહેતા; સં૦, પ્રકા૦, કિં૦, પૃ૦ ઉપર મુજબ.

આ પુસ્તિકામાં ચીમનાબાઈ સ્ત્રીસમાજ, લા૦ ઉ૦ પાઠશાળા, મહિલા પરિષદ, ભગિનીસમાજ અને શેરથા–આશ્રમનો પરિચય તેમ જ ડૉક્ટર સુમંત મહેતા અને દરબાર સાહેબનો પરિચય આપવામાં આવ્યો છે. સ્ત્રી–સમાજની ઉન્નતિના અભ્યાસીઓને આ પુસ્તિકા ગમી જશે.

સુ૦ કં૦

મહારાજની વાતો : લે૦ બબલભાઈ મહેતા; સં૦, પ્રકા૦, કિં૦, પૃ૦ ઉપર મુજબ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. બબલભાઈ મહેતાએ શ્રી. રવિશંકર મહારાજ અંગે સારા પ્રમાણમાં લખીને તેમની ઓળખ સૌને કરાવી છે. એ લખાણોમાંથી પ્રેરણાત્મક સાત પ્રસંગોને આ પુસ્તિકામાં આલેખ્યા છે.

મુ૦ ક૦

ગૂર્જર વાર્તા-વૈભવનાં ૭ પુસ્તકો : પ્રકા૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ.

'સવિતા' પત્રના શતાંક અંકમાં આવેલી વાર્તાઓને છ પુસ્તકોમાં વિષયવાર સંગૃહીત કરવામાં આવી છે. એ શતાંક અંકમાં પણ એ જ મુજબ વાર્તાઓને વિષયવાર આપવામાં આવી છે અને વિષય પ્રમાણે સંપાદકો પણ જુદા જુદા નામવામાં આવ્યા છે. બધાં પુસ્તકો સચિત્ર છે. એ પુસ્તકો નીચે મુજબ છે :

ધર્મકથાઓ : સંપા૦ જયભિખ્ખુ કિં૦ રૂ. ૩-૧૨-૦; પૃ૦ ૨૩૬.

આ પુસ્તકમાં ધર્મકથાઓના સારા જાણકાર લેખકોની ૨૦ કથાઓ આપવામાં આવી છે. આ રીતે કેટલીક સારી ધર્મકથાઓ ગ્રંથસ્થ થઈ છે.

ઐતિહાસિક કથાઓ : સંપા૦ ચૂનીલાલ વ. શાહ; કિં૦ રૂ. ૪-૦-૦; પૃ૦ ૨૪૮.

આ પુસ્તકમાં ૧૯ ઐતિહાસિક કથાઓ છે.

સામાજિક કથાઓ : સંપા૦ સ્વ૦ રામનારાયણ વિ૦ પાઠક તથા હીરાબહેન પાઠક. કિં૦ રૂ. ૫-૪-૦; પૃ૦ ૩૬૦.

આમાં ૧૯ સામાજિક કથાઓ માનવ-સમાજનું સંવેદનશીલ દર્શન કરાવે છે.

હાસ્યકથાઓ : સંપા૦ જ્યોતીન્દ્ર દવે કિં૦ રૂ. ૩-૧૨-૦, પૃ૦ ૨૩૧.

આ પુસ્તકમાંની ૧૯ હાસ્યકથાઓ સૌને રસપ્રદ થઈ પડશે.

લોકકથાઓ : સંપા૦ કરસનદાસ માણેક; કિં૦ રૂ. ૩-૪-૦, પૃ૦ ૨૧૨.

આ પુસ્તકમાંની ૧૯ વાર્તાઓ લોકકથાનો આસ્વાદ કરાવે છે.

ઇતર કથાઓ : સંપા૦ વિજયગુપ્ત મૌર્ય. કિં૦ રૂ. ૨-૮-૦; પૃ૦ ૧૬૩.

આમાં ૧૧ ઇતરકથાઓ આપવામાં આવી છે.

મુ૦ ક૦

ઉલ્લાસિકા : લે૦ દુર્ગેશ શુક્લ; પ્રકા૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં૦ રૂ. ૪-૦-૦; પૃ૦ ૨૫૯.

શ્રી. દુર્ગેશ શુક્લનો 'ઉત્સવિકા' નાટિકા-સંગ્રહ સારા પ્રમાણમાં ખ્યાતિ પામ્યો છે. હવે તેમનો આ બીજો સંગ્રહ પ્રસિદ્ધ થાય છે. આમાં ૧૨ એકાંકી નાટિકાઓ છે. આ સંગ્રહ પણ સૌને ગમશે.

મુ૦ ક૦

બોધકથાઓ : સંપા૦ વાસુદેવ મહાશંકર જોષી; પ્રકા૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય; અમદાવાદ; કિં૦ સવા રૂપિયો; પૃ૦ ૧૭૮.

આ સંગ્રહમાં ૭૭ બોધકથાઓ આપવામાં આવી છે. આ પુસ્તક નવશિક્ષિતોને પ્રેરક વાચન પૂરું પાડે એવું છે.

મુ૦ ક૦

અમર બાપુ : લે૦ સત્યમ્; પ્રકા૦ શૈલેશ પ્રકાશન, સુભાષનગર, અમદાવાદ ૪; કિં૦ પાંચ આના; પૃ૦ ૧૬.

ગાંધીજી વિશેનું આ કાવ્ય પ્રશસ્તિરૂપે લખાયેલું છે.

મુ૦ ક૦

गांवकी पुकार : લે૦ સત્કરતાર બત્રા; પ્રકા૦ સત્કરતાર બત્રા, ટી. બી. અક્સ, ૪૫, આદિપુર, કચ્છ; કિં૦ બાર આના; પૃ૦ ૪૫.

ગ્રામજીવનને અનુલક્ષીને લખાયેલું આ હિંદી નાટક છે. એ સંવાદાત્મક વધારે છે. આખી વસ્તુને સુગ્રથિત રીતે આલેખી શકે એવી વસ્તુસંકલના આમાં દેખાતી નથી, તેથી એમાં પ્રચારક તત્ત્વ વધારેપડતું નજરે ચડી જાય છે.

મુ૦ ક૦

ग्राम संकल्प : લે૦ વિનોબા; પ્રકા૦ કૃષ્ણદાસ ગાંધી, અંબર ચરખા સમિતિ, અમદાવાદ ૧૩; કિં૦ આપી નથી; પૃ૦ ૧૧.

વિનોબાજીએ તા. ૧૦-૬-'૫૬ને રોજ તમ્મનૂર મુકામે સર્વ સેવા સંઘના દક્ષિણ ભારતના સંચાલક મંડળ આગળ જે પ્રવચન કર્યું હતું, તે પુસ્તિકારૂપે પ્રસિદ્ધ થયું છે. ગ્રામોન્નતિ માટે ગ્રામોદ્યોગ અને ખાદીનું મહત્ત્વ એમાં દર્શાવ્યું છે. વળી આ પુસ્તિકામાં કોમ્યુનિટી પ્રોજેક્ટના પ્રમુખ શ્રી. ડેની સાથે કાંચીપુરમ્ મુકામે તા. ૨૯-૫-૫૬ને રોજ વિનોબાજીની જે ચર્ચા થઈ હતી, એ પણ આપવામાં આવી છે. પુસ્તિકા હિંદીમાં છે.

મુ૦ ક૦

યુગ પલટાય છે : પ્રવક્તા—રવિશંકર મહારાજ; સંપા૦ મગનભાઈ પટેલ; પ્રકા૦ યજ્ઞ પ્રકાશન સમિતિ, ભૂમિપુત્ર કાર્યાલય, વડોદરા; કિં. ચાર આના; પૃ૦ ૬૦.

ભૂમિદાનયાત્રા વેળાએ શ્રી રવિશંકર મહારાજે આપેલાં પ્રવચનોમાંનો મનનીય ભાગ આ પુસ્તિકામાં આપવામાં આવ્યો છે. ભૂમિદાન અંગે વિચારનારાઓને તે ઉપયોગી થઈ પડશે.

મુ૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધી-તત્ત્વજ્ઞાનનાં કેટલાંક પુસ્તકો

આશ્રમજીવન — ગાંધીજી

પોતાના ’૩૨ના યરવડાના જેલનિવાસ દરમ્યાન ગાંધીજીએ આશ્રમજીવન શું છે, એ વિષયને મુખ્યત્વે અનુલક્ષીને આશ્રમવાસીઓને લખેલા પત્રોનો સંગ્રહ. આશ્રમજીવન એટલે શું તે સમજવા માટે આ મિતાક્ષરી પત્રો બહુ ઉપયોગી છે. આ પત્રો પહેલાં ‘આશ્રમવાસી પ્રત્યે’ એ નામે પ્રગટ થયા હતા.

કિં. રૂ. ૦–૬–૦ — ટપાલરવાનગી ૦–૨–૦

સર્વોદય — ગાંધીજી

રસ્કિનના ‘અનટુ ધિસ લાસ્ટ’ નામના પુસ્તકના વાચનથી ગાંધીજીના જીવનમાં ભારે પલટો આવ્યો અને તેમના જીવને જુદું જ સ્વરૂપ પકડયું. એ ક્રાન્તિકારી પુસ્તકનો ગાંધીજીએ પોતાની પ્રસ્તાવના સહિત તૈયાર કરેલો સાર.

કિં. રૂ. ૦–૩–૦ — ટપાલરવાનગી ૦–૨–૦

હિંદ સ્વરાજ — ગાંધીજી

૧૯૦૯માં લખેલા પોતાની જીવનફિલસૂફીના પાયારૂપ આ ક્રાન્તદર્શી અને ક્રાન્તિકારી પુસ્તકમાં ગાંધીજીએ સમગ્ર જીવન અને સંસ્કૃતિના પોતાના મૌલિક વિચારોનો નિચોડ આપ્યો છે. મહાદેવભાઈની વિસ્તૃત પ્રસ્તાવના સહિત.

કિં. રૂ. ૦–૬–૦ — ટપાલરવાનગી ૦–૩–૦

આશ્રમી કેળવણી ભાગ ૧. ૨, ૩ — જુગતરામ દવે

પોતાના સાબરમતી જેલના નિવાસ દરમ્યાન આશ્રમજીવન એ શી વસ્તુ છે તે વિગતે સમજાવવાને લખેલાં પ્રવચનો. પહેલાં એક ગ્રંથ તરીકે બહાર પડેલાં આ પ્રવચનો હવે ત્રણ સ્વતંત્ર પુસ્તક રૂપે બહાર પડયાં છે. પહેલા ભાગમાં આશ્રમવાસીના બાહ્ય આચારનું વિગતે નિરૂપણ કર્યું છે. બીજામાં આશ્રમવાસીનો સંસાર કેવો હોય તેનું દર્શન કરાવ્યું છે અને ત્રીજા ભાગમાં આશ્રમવાસીના જીવનમાં જે સિદ્ધાંતો વણાઈ જવા જોઈએ, તે આશ્રમજીવનના મુખ્ય સિદ્ધાંતોનું વિવરણ છે. અંતે કાકાસાહેબની ફલશ્રુતિ આપી છે.

દરેક ભાગની કિં. રૂ. ૧–૮–૦ — ટપાલરવાનગી ૦–૭–૦

સ્વરાજ્યશાસ્ત્ર — વિનોબા ભાવે

અનુ૦ પાંડુરંગ ગ૦ દેશપાંડે

ગાંધીજીની રાજકીય ફિલસૂફીને શાસ્ત્રીય ઢબે રજૂ કરતા શ્રી વિનોબાના મરાઠી પુસ્તકનો અનુવાદ.

કિં. રૂ. ૦–૮–૦ — ટપાલરવાનગી ૦–૩–૦

મંગળપ્રભાત — ગાંધીજી

આપણા રાષ્ટ્રીય જીવનમાં જ્યારે નિરાશાની ઘોર નિશાનું સામ્રાજ્ય ફેલાયું હતું તે સમયે જે વ્રતોએ રાષ્ટ્રીય જીવનમાં આશા, આત્મવિશ્વાસ સ્ફૂર્તિ અને ધાર્મિકતાનું વાતાવરણ ઉત્પન્ન કર્યું તે વ્રતોનું પોતાના ૧૯૩૦ના યરવડાના કારાવાસ દરમ્યાન આશ્રમના અંતેવાસીઓને લખેલું સરળ નિરૂપણ આ પહેલાં ‘વ્રતવિચાર’ નામે પ્રગટ થયું હતું.

કિં. રૂ. ૦–૩–૦ — ટપાલરવાનગી ૦–૧–૦

રચનાત્મક કાર્યક્રમ — તેનું રહસ્ય અને સ્થાન — ગાંધીજી

ગુલામીના બોજથી જેની કરોડરજ્જુ ભાંગી ગઈ હતી એવા રાષ્ટ્રને પોષણ આપી તે પોતાની સ્વતંત્રતા મેળવી શકે એવો તાકાતવાન બનાવી સમગ્ર રાષ્ટ્રની પુનર્ઘટના કરવા પોતે યોજેલા વ્યાપક કાર્યક્રમનું આમાં ગાંધીજીએ દિગ્દર્શન કરાવ્યું છે.

કિં. રૂ. ૦–૫–૦ — ટપાલરવાનગી ૦–૨–૦

રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ — રાજેન્દ્રપ્રસાદ

ગાંધીજીના ‘રચનાત્મક કાર્યક્રમ’ના મુદ્દાઓના અમલ અંગે વિગતવાર સૂચનાઓ અને માર્ગદર્શન આપતું પુસ્તક. ગાંધીજીએ કહ્યું છે: ‘એને મારા નિબંધનો જોડીદાર ગણી શકાય. શ્રી. રાજેન્દ્રબાબુના વિવેચનમાં વાચકને ઘણી રસ અને જ્ઞાન વધારવાની સામગ્રી મળશે. એમના લેખમાં એવી વિગતો છે, જે મારામાં નથી. કાર્યકર્તાઓએ બંને સંઘરવી ઘટે છે.’

કિં. રૂ. ૦–૬–૦ — ટપાલરવાનગી ૦–૨–૦

સર્વોદયનો સિદ્ધાંત

ગાંધીજી તથા પં૦ જવાહરલાલ, બાબુ રાજેન્દ્રપ્રસાદ, વિનોબા, કિશોરલાલ મશરૂવાળા વગેરે તેમના નિકટના સાથીઓના લેખો અને ભાષણોનું સંકલન કરીને તૈયાર કરેલી આ પુસ્તિકા સર્વોદયના સિદ્ધાંત અને કાર્યક્રમ જાણવા ઇચ્છનારને ઉપયોગી છે.

કિં. રૂ. ૦–૧૨–૦ — ટપાલરવાનગી ૦–૪–૦

સત્યાગ્રહની મીમાંસા — મગનભાઈ દેસાઈ

સત્યાગ્રહના મૂળ સિદ્ધાંતની સમજ, સમાજવાદ, સામ્યવાદ વગેરે બીજા સામાજિક સિદ્ધાંતોની દૃષ્ટિએ તેનું પરીક્ષણ, તેની પાછળ રહેલી સામાજિક ફિલસૂફી વગેરે બાબતોની શાસ્ત્રીય રીતે ચર્ચા કરતું પ્રથમ પુસ્તક. શ્રી. કાકાસાહેબની પ્રસ્તાવના સાથે.

કિંમત ૩–૦–૦ — ટપાલરવાનગી ૦–૯–૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજિ. નં. બી. ૪૩૪૩

पंचशील पर हमारा अमल कहाँ तक है?

हम पंचशील तो कहते हैं कि अमन और शान्तिसे कारंवाई हो। ठीक है। पर कहां तक हम मुल्कके अन्दर, मेरा मतलब है, अपने आपसके रिश्तोंमें खुद उस पर अमल करते हैं, यह दूसरा सवाल है। क्योंकि हममें अक्सर काफ़ी झगड़ा-फ़साद हो जाता है। तो पंचशीलके माने क्या हैं? उसके माने यह हैं कि जो कोई बहस या सवाल उठे, उसको शान्तिसे, बाअमन तरीकोंसे तय करना, लड़ाईसे और धमकीसे नहीं। इस बातको ज़रा आप आगे बढ़ाइए, तो हमारे और आपके शहरमें या हिन्दुस्तानमें अगर कोई अैसे सवाल उठें, तो उनका हल भी हमें एकदम-से तैश में आकर या लड़ाई के मैदान में कूद कर नहीं करना चाहिए। वह तो जहालत की निशानी है, एक कमज़ोर कौम की निशानी है और एक बिलकुल अनपढ़ बचकाना कौम की निशानी है। बल्कि अगर कोई बात ऐसी हो, जिससे हम नाराज़ भी हों, जैसा कि रोजमर्रा बहुत-सी बातें होती हैं, तो भी हम ज़ाब्ते से उसको तय करें। हर मुल्क में अदालतें होती हैं, जो लोगों के झगड़ों को तय करती हैं। जायदाद पर, मकानों पर या किसी भी बात पर लोगों के जो झगड़े होते हैं, वे एक दूसरे पर लाठी चला कर तो तय नहीं किए जाते! मुकदमा होता है, पंचायत या अदालत फैसला करती है और उसको सब तसलीम करते हैं। तो जो बात भी हमें नागवार गुज़रे, उस पर हम मैदान में कूद कर लड़ें, यह तो जहालत की बात है, जो कौम को बदनाम करती है और नुकसान पहुँचातो है।

—जवाहरलाल नेहरु

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાલદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૪ અંક ૫

મે નવજીવન, અમદાવાદ ૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

મે, ૧૯૫૫

વર્ષ ૧૪ અંક ૫

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
આઇન્સ્ટાઈન	મગનભાઈ દેસાઈ	૧૨૯
સેવાકાર્ય, વ્યક્તિ અને સંસ્થા	મગનભાઈ દેસાઈ	૧૩૧
માધ્યમિક કેળવણી	મગનભાઈ દેસાઈ	૧૩૪
વિશ્વશાંતિની સમસ્યા — ૨	ચંદ્રકાન્ત વસાવડા	૧૩૫
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૧૪૩
માધ્યમિક શિક્ષણનો વિસ્તાર કેમ કરવો ?	વિ૦	૧૪૬
અંગ્રેજીને નામે પ્રગતિનો વિરોધ	મુ૦ ક૦	૧૪૭
શબ્દવ્યૂહ અને જ્યોતિષ	મગનભાઈ દેસાઈ	૧૪૮
શિક્ષણની સ્વતંત્રતા અને સરકારી નિયંત્રણ	દ૦ વા૦ પોતદાર	૧૪૯
ખેતમજૂરોની સ્થિતિ	વિઠ્ઠલદાસ કોઠારી	૧૫૧
આરોગ્ય વિ૦ રસાયણો		૧૫૨
ઍલેક્ઝાંડર ફ્લેમિંગ	દાદા ધર્માધિકારી	૧૫૩
કોમ અને જ્ઞાતિ	મગનભાઈ દેસાઈ	૧૫૪
સાભાર સ્વીકાર		૧૫૫,૧૬૦
માસિક વિવેચન		
ગુજરાત યુનિ૦ને ધન્યવાદ	મ૦	૧૫૬
માધ્યમ કેવળ ગુજરાતી નથી	મ૦	૧૫૬
ગુજરાતી ભાષાનો વિકાસ	મ૦	૧૫૬
આસ્થાની જરૂર	મ૦	૧૫૭
નોકરીની પરીક્ષાની ભાષા	મ૦	૧૫૭
વડોદરા યુનિ૦નું માધ્યમ	મ૦	૧૫૮
મુંબઈ યુનિવર્સિટી	મ૦	૧૫૮
ગુનાનું કારણ — ગરીબાઈ કે ધનસંપત્તિ ?	મુ૦ ક૦	૧૫૮
નવું વાચન		
ગુજરાતની વાર્તા-સમૃદ્ધિ	મુ૦ ક૦	૧૫૯
મારી વાર્તાઓ	મુ૦ ક૦	૧૫૯
નિર્વાસિતા	મુ૦ ક૦	૧૫૯
રમણભાઈ નીલકંઠ	મુ૦ ક૦	૧૫૯
જપજી	મુ૦ ક૦	૧૫૯
નલ-દવયંતી રાસ	મુ૦ ક૦	૧૬૦

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (લાખાજીરાજ રોડ); દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કૉનોટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, અમદાવાદ-૧૪

અમારાં નવાં પ્રકાશનો

ગાંધીજીના પાવન પ્રસંગો : લે૦ લલ્લુભાઈ મકનજી; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

શીલ અને સદાચાર : લે૦ મુકુલભાઈ; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

ઠક્કરબાપા : લે૦ કાન્તિલાલ શાહ; કિં. રૂ. ૪-૦-૦; ટપાલરવાનગી ૧-૩-૦.

સમૂહજીવન અને છાત્રાલય : શિવાભાઈ ગો૦ પટેલ; કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

બહેનોને લે૦ રાજકુમારી અમૃતકોર; અનુ૦ કરીમભાઈ વોરા; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦

ठक्करबापा : ले० कान्तिलाल शाह; अनु० रामनारायण चौधरी; की. रु. ५-०-०; डाकखर्च १-५-०.

हरिजनसेवकोंके लिये : ले० गांधीजी; अनु० रामनारायण चौधरी; की. रु. ०-६-०; डाकखर्च ०-२-०.

अस्पृश्यता : ले० गांधीजी; अनु० रामनारायण चौधरी; कीं. रु. ०-३-०; डाकखर्च ०-२-०.

Christianity: Its Economy and Way of Life : By J. C. Kumarappa; Price Re. 1-4-0; Postage etc. 0-6-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૪-અંક ૫] અમદાવાદ [મે, ૧૯૫૫

આઇન્સ્ટાઈન

ડૉ. આલ્બર્ટ આઇન્સ્ટાઈન ગઈ ૧૮ મી એપ્રિલે પોતાના અપનાવેલા નગર પ્રિન્સ્ટનના (ન્યૂજર્સી, યુનાઇટેડ સ્ટેટ્સ) એક દવાખાનામાં અવસાન પામ્યા. તેઓ દુનિયાના સૌથી મહાન ગણિતશાસ્ત્રી અને પદાર્થ વિજ્ઞાનવેત્તા હતા. માંદગીને કારણે, થોડા જ દિવસ અગાઉ એ મહાન પંડિત દવાખાનામાં દાખલ થયા હતા. દાક્તરોની માન્યતા પ્રમાણે તેમની માંદગી બહુ ગંભીર પ્રકારની નહોતી. એથી કરીને એમનું અવસાન બહુ જ અણધાર્યું હતું; તેમના મિત્રોને પણ એની ખબર નહોતી. કહે છે કે, એમના અવસાન વખતે માત્ર એક નર્સ જ ત્યાં હાજર હતી. એ વખતે તેમની પુત્રી એ જ દવાખાનાના બીજા એક ભાગમાં હતી અને રાંઝણના દરદના ઉપચાર કરાવી રહી હતી. તેમના અવસાનના ઓચિંતા સમાચારથી દુનિયા આશ્ચર્યમાં ડૂબી ગઈ.

તેઓ ૧૮૭૯ના માર્ચની ૧૪મી તારીખે જર્મનીમાં જન્મ્યા હતા. નાનપણમાંથી જ ગણિતને માટેની પોતાની નૈસર્ગિક પ્રતિભાનું પારખું તેમણે આપ્યું હતું. પોતાના પાછળના જીવનમાં એનાથી તેમણે દુનિયાને આશ્ચર્યચકિત કરી મૂકી. તેમના આ મનગમતા વિષયના અભ્યાસમાં જ તેમણે પોતાનું આખું જીવન ગાળ્યું. એને સારુ એમણે ઇઝરાયલ રાજ્યના પ્રથમ પ્રમુખ વિઝમૅનના અવસાન પછી તેના પ્રમુખ થવા માટે તેમને કરવામાં આવેલી દરખાસ્ત જેવા ભારે માનનો પણ ત્યાગ કર્યો હતો.

આપણે જાણીએ છીએ કે, તેઓ યહૂદી હતા. હિટલરના અમલ દરમ્યાન તેઓ પોતાના વતનમાં મુશ્કેલીમાં આવી પડ્યા. પોતાનું ઘરબાર તથા માલમિલકત નાઝીઓના હાથમાં છોડીને ૧૯૩૩ની સાલમાં તેમને ત્યાંથી ભાગી છૂટવું પડ્યું. ત્યાં સુધીમાં તેઓ સાપેક્ષતાના તેમના મહાન સિદ્ધાંતના શોધક તરીકે દુનિયાભરમાં મશહૂર થઈ ચૂક્યા હતા; ૧૯૨૧ માં વિજ્ઞાન માટેનું નોબેલ ઇનામ તેમને મળ્યું હતું, તથા વિજ્ઞાનના ક્ષેત્રમાં બીજાં અનેક માનપાન મેળવ્યાં હતાં. પણ આ બધું તેમને નાઝીઓના દમનમાંથી બચાવી શક્યું નહીં. તેમણે તેમને દેશવટો આપ્યો એટલું જ નહીં, પણ તેમના માથાને માટે વીશ હજાર માર્કનું ઇનામ જાહેર કર્યું.

આઇન્સ્ટાઈન કેવળ વિજ્ઞાનવેત્તા જ નહોતા. તેઓ એક મહાન માનવતાવાદી તથા માણસ માટે સ્વતંત્રતા અને સુલેહશાંતિના ચાહક હતા. માણસના ગૌરવનું નિદર્શક અને માનવને યોગ્ય પ્રગતિની એકમાત્ર બાંયધરી સમાન વ્યક્તિસ્વાતંત્ર્યતાના તેઓ ચાહક હતા. આવી જાતની સ્વતંત્રતાની જરૂર વિષે તેઓ એટલા બધા ઉત્સુક હતા કે, 'જ્યાં સુધી મારા હાથમાં પસંદગી કરવાની હોય ત્યાં સુધી જ્યાં આગળ રાજકીય સ્વતંત્રતા, સહિષ્ણુતા અને કાયદા સમક્ષ સઘળા નાગરિકોની સમાનતા વર્તતાં હોય એવા દેશમાં જ રહીશ,' એવું તેમણે એક વાર કહ્યું હતું. હમણાં થોડા સમયથી યુનાઇટેડ સ્ટેટ્સમાં સામ્યવાદ વિરોધી ઝનૂની આંદોલન ચાલી રહ્યું છે ત્યારે આપણે જર્મનીના એ મહાન નિર્વાસિતને તેની સામે પોતાનો અવાજ ઉઠાવતા અને પોતાની પ્રામાણિક માન્યતાને કારણે જેમનું દમન કરવામાં આવતું હતું તેમની પડખે ઊભા રહેતાં તેમને જોયા હતા. જીવન પ્રત્યે તેમને ભક્તિ હતી અને અજ્ઞેયવાદી હોવા છતાં તેઓ નમ્ર અને ભાવનાશીલ હતા અને પરમ તત્ત્વમાં માનતા હતા. પોતાના વિજ્ઞાનના અભ્યાસથી તેઓ એ માન્યતા તરફ પ્રેરાયા હતા. ભૌતિક સૃષ્ટિના પાયાના સંશોધન જેટલા એ વિચારો ઊંડા અને મૌલિક હતા. આ વિશાળ સંશોધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટેનું તેમનું સાધન શુદ્ધ ગણિત હતું. અને સ્થળનાં ત્રણ પરિમાણ તથા કાળના ચોથા પરિમાણમાં એકસાથે આપણને વર્તતાં દેખાતાં માલ ('માસ') અને શક્તિના સ્વરૂપને વિષે તેમણે એક સૂત્ર આપણને આપ્યું. એક જ સર્વસ્પર્શી વિશાળ કલ્પનામાં સમગ્ર દૃશ્ય જગતને—માલ, શક્તિ, જડતા, ગતિ, સ્થળ અને કાળ વગેરે—અભ્યાસના એક જ સમગ્ર વિષય તરીકે તેમણે સમેટી લીધું અને ભૌતિક જગતનો એક સાંગોપાંગ સિદ્ધાંત, તેની ભૂમિતિ અને તેનું પદાર્થવિજ્ઞાન આપણને આપ્યા. હિંદના સાંખ્યો અને વૈશેષિકોના કાર્ય સાથે તુલના કરી શકાય એવું તેમનું કાર્ય હતું. સાંખ્યો તથા વૈશેષિકોએ ભૌતિક સૃષ્ટિનું પૃથક્કરણ કરીને તેનું મૂળભૂત પદાર્થોમાં વર્ગીકરણ કર્યું અને છેલ્લે જેનો પાર પામી ન શકાય એવા પરમ તત્ત્વનું સૂચન કરીને તેઓ અટક્યા. એવા જ પોતાના ઊંડા અનુભવો આઇન્સ્ટાઈને નીચે પ્રમાણે વર્ણવ્યા છે:

'આપણો સૌથી સુંદર અને સૌથી ઊંડો અનુભવ ગહનતાનો અનુભવ છે. સઘળા સાચા વિજ્ઞાનની પાછળ રહેલું એ બળ છે. એવા પ્રકારની ભાવનાના અનુભવથી જે અજાણ છે, જે આશ્ચર્યચકિત થઈ શકતો નથી, તે મુડદા જેવો છે. આપણે માટે જે અકળ છે તેની ખરેખર હસ્તી છે, સર્વોચ્ચ પ્રજ્ઞા તરીકે, આપણી પ્રાકૃત જ્ઞાનેંદ્રિયો જેને તેના અતિશય પ્રાકૃત સ્વરૂપમાં જ ગ્રહણ કરી શકે એવા પરમ ઉજ્જવળ સૌંદર્ય તરીકે તે વ્યક્ત થાય છે એમ જાણવું—આ જ્ઞાન, આ ભાવના સાચી ધાર્મિકતાના મૂળમાં રહેલી હોય છે.'

એથી કરીને એક વખત તેમણે જાહેર કર્યું હતું કે,

'વિશ્વસ્પર્શી ધર્માનુભવ એ વિજ્ઞાનના સંશોધક માટેનું સૌથી સબળ અને સૌથી ઉમદા પ્રેરક બળ છે.' 'મારો ધર્મ, આપણા દુર્બળ અને ક્ષુલ્લક ચિત્ત દ્વારા જે આપણે કળી શકીએ છીએ તે નાની નાની વિગતોમાં પોતાને વ્યક્ત કરતા અપરિમિત ચૈતન્ય પરત્વેનો નમ્રતાપૂર્વકનો ભક્તિભાવ એ છે. અગમ અગોચર વિશ્વમાં વ્યક્ત થતી ઉચ્ચતર ચિત્તશક્તિની હસ્તી વિષેની ઊંડી શ્રદ્ધા એ મારી ઈશ્વર વિષેની કલ્પના છે.'

એથી કરીને તેમણે કહ્યું છે:

'હું માનવમાત્રના એકરાગમાં વ્યક્ત થતા સ્પિનોઝાના ઈશ્વરમાં માનું છું; માણસનાં કર્મો અને તેના ભાવિની ચિંતા કરનાર ઈશ્વરમાં નહીં.'

પરમ તત્ત્વ તેમ જ આપણી હસ્તીના સાક્ષા[t]સ્વાનુભવને કારણે જ એ મહાન વિજ્ઞાનશાસ્ત્રી માનવજાત તથા આ ધરતી પર સુલેહશાન્તિના ચાહક બનવાને પ્રેરાયા હતા.

દુનિયા જાણે છે કે, માલ-શક્તિ-સંબંધના તેમના ગણિતના સૂત્ર દ્વારા જ, પરમાણુને ભેદી શકાય એવે જ્વલંત તર્ક — ના, એવી ખાતરીપૂર્વકની આગાહી કરવાને તેઓ પ્રેરાયા હતા. પરંતુ તેઓ એ દિશામ[ાં] એથી આગળ ન વધ્યા. અને લડતી ઝઘડતી દુનિયા ગણિતની આ જ્વલંત કલ્પનાનો માનવજાતના સંહારના દુષ્ટ હેતુને માટે ગેરલાભ ઉઠાવવાને તત્પર થઈ, ત્યાં સદૈવ તેઓ એનો વિરોધ કરતા રહ્યા અને તેમની મહાન વૈજ્ઞાનિક બુદ્ધિશક્તિની ઈશ્વરી ભેટનો, એમ કોઈ પણ રીતે મદદ કરીને તેમણે દુરુપયોગ ન કર્યો. એ મહાન વૈજ્ઞાનિક-માનવતાવાદી પોતાની આ ઉમદા ખાસિયતને કારણે ગાંધીજી તેમ જ હિંદ પર અપાર પ્રેમ રાખતા હતા. ગાંધીજીના નિર્વાણ પછી તેમણે જે હૃદયસ્પર્શી વાણીમાં તેમને અંજલિ આપી હતી તે આપણે જાણીએ છીએ. શાન્તિ માટેના જવાહરલાલજીના કાર્યની તેઓ ઊંડી કદર કરતા હતા અને એમાં તેમને સફળતા મળે એમ ઇચ્છતા હતા. તેઓ સાચા જ્ઞાની હતા, આડંબરમાત્રને તેઓ ટાળતા હતા અને વિશ્વના સ્વરૂપ તથા તેનાં ગહન રહસ્યોના ઊંડા ચિંતનમાં સતત નિમગ્ન રહીને સાદું જીવન જીવતા હતા. તેમાંથી તેમણે દુનિયાને જણાવ્યું કે, પ્રકૃતિએ અદ્ભુત પરમાણુમાં પૂરી રાખેલી અપાર શક્તિ મુક્ત કરી શકાય છે. હિંદુ પત્રમાં (એપ્રિલ ૨૦, ૧૯૫૫) એક લેખક જણાવે છે તેમ,

'મહાત્મા ગાંધીના જેટલા જ ઉત્કટ શાન્તિવાદી આઇન્સ્ટાઈન જીવલેણ અણુબૉંબ બનાવવાનું ચક્ર ગતિમાન કરવામાં જવાબદાર બન્યા એ વિચિત્રતા જ છે. ૧૯૩૯ના ઑગસ્ટમાં પ્રેસિડન્ટ રુઝવેલ્ટ પર લખેલા પત્રમાં તેમણે એવી ચેતવણી આપી હતી કે, પરમાણુ અંગેનું સંશોધન અણુબૉંબ બનાવી શકાય એટલી હદે પહોંચ્યું છે અને એ ક્ષેત્રમાં જર્મની બીજાઓથી એટલું બધું આગળ છે કે, નાઝીઓ થોડા જ વખતમાં એવો બૉમ્બ તૈયાર કરી શકશે. એ પત્રથી રુઝવેલ્ટ કાર્ય કરવાને પ્રેરાયા અને તેમાંથી જપાન પર નાખવામાં આવેલો અણુબૉમ્બ પરિણમ્યો. આ દિશામાં પગલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરાવવામાં પોતે કારણભૂત બન્યા તેને માટે તેમ જ માનવજાતને પરમાણુનું રહસ્ય આપવા માટે આઇન્સ્ટાઈન હમેશાં અફસોસ કરતા હતા. પરમાણુની શક્તિ માનવજાતને માટે આશીર્વાદરૂપ થવાને બદલે તેને માટે જોખમકારક થઈ પડી છે એ જોઈને તેમને ભારે આઘાત લાગ્યો હતો.'

પણ એમાં તેઓ કશું કરી શકે એમ નહોતું. પરમાણુમાં રહેલી જે શક્તિનું તેમણે પ્રથમ દર્શન કર્યું હતું તે હવે આગેકૂચ કરવા લાગી હતી અને એ પાગલ દોડ આજે ચાલી રહી છે. સામાન્યપણે આખી દુનિયા અને ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ પરમાણુ રહસ્યના શોધક ઇચ્છતા નહોતા તે રીતે તેનો ઉપયોગ કરવાનો ઇન્કાર કરીને જ એ પરલોકવાસી શાન્તિવાદી વૈજ્ઞાનિકને અંજલિ આપી શકે. તેઓ એમ માનતા હતા કે, સામા પક્ષ તરફથી એવી અપેક્ષા રાખ્યા વિના પણ યુનાઇટેડ સ્ટેટ્સે એમ કરવું જોઈએ, કે જે વાત રાજાજી અમેરિકાને જોરશોરથી આજે કરે છે. તેમના આત્માને શાન્તિ મળો.

૨૫-૪-'૫૫
(અંગ્રેજી પરથી) મગનભાઈ દેસાઈ

સેવાકાર્ય, વ્યક્તિ અને સંસ્થા

૧

મુંબઈ સરકારે પાંચેક વરસ પર સર્વોદય યોજના શરૂ કરી ત્યારે કર્ણાટકના એક રચનાકાર્યકર્તા કહે, આ તો સરકારી સર્વોદયની યોજના છે. એમ કહીને તે ગાંધીજીની કલ્પનાના સર્વોદયથી સરકારે વિચારેલી નીતિ સાવ જુદી પડે છે ને નિરાળી ભાત પાડે છે એમ કહેવા માગતા હતા.

ગાંધીજીએ ભાવનાપૂર્વક અને નિષ્ઠાથી વર્તતા ગ્રામસેવક દ્વારા કામ લીધું. તેથી તેમાં અંતરના અમુક ભાવોની જીવંતતા જોવા મળતી. સરકારી યોજના એક ખાતાશાહી ઢબે ચાલે. સરકારી નોકરો નોકરી કરવાની ઢબે કામ કરે. ઉઘાડી વાત છે કે, તેમાં નૈષ્ઠિક ગ્રામસેવકના જેવો ભાવ ન દેખાય. તેથી કામની આખી સિકલમાં અમુક ફરક પડે જ.

બીજો એક ફરક પણ આમાં જોવા મળે છે. ગ્રામસેવક સીધો લોકોમાં કામ કરે. સરકારી નોકર તેના તંત્ર કે ઉપરી અમલદારોની હારમાળાની આમન્યામાં રહીને કામ કરે છે. એટલે તેને ઉપરથી આજ્ઞા મળે છે. ઉપર બેઠેલા અમલદારો કે બીજા વિચારે છે, તેમ નીચે આજ્ઞા ઊતરે છે અને કામ ચાલે છે. આથી એવું બને કે, સ્થાનિક વિશેષતા જોઈને ચાલવાનું ધ્યાનમાં ન રહી શકે. મળેલી આજ્ઞામાં સરકારી સેવકને ફેરફાર કરવાની મુનસફી ન હોય. લોકસેવકનું તેમ નથી. તેને સ્થાનિક સ્થિતિ જોઈને વર્તતા રહેવાની મોકળાશ હોય છે. તે મુજબ તે કાર્યક્રમોમાં ફરક પણ કરી લે છે. આવી મોકળાશ સરકારી તંત્ર તેના નોકરોને ન આપી શકે. તે તો સ્થૂળ કામને જોઈને હિસાબ ગણે અને કામ ચલાવે. આથી કરીને પણ મોટો ફરક પડી જાય.

આ ઢબે બીજાં પણ ફરક-બિંદુઓ બતાવી શકાય. મને લાગે છે કે, ઉપર ટાંકેલો પેલો કર્ણાટકી મિત્રનો મત આ વસ્તુમાંથી પેદા થાય છે. એ પરથી જાણે સર્વોદયકાર્યના આકારમાં જ ફરક પડી જતો ન હોય, એમ લાગે છે.

આ વસ્તુ ખૂબ મૂલગત છે. અને તે આજે બીજી અનેક રીતે પ્રગટ થતી જોવા મળે છે. કદાચ, લોકસેવકની કાર્યપદ્ધતિ અને સરકારી નોકરની કાર્યપદ્ધતિમાં જે મૂળભાવ અને પ્રેરકતાનો ફરક રહેલો છે, તેમાં જ એ વસ્તુ રહેલી હોય, એમ ઊંડે જઈ વિચારતાં લાગે છે.

સરકારી નોકરને 'નાગરિક સેવક' તો કહીએ છીએ, પણ તેના કાર્યમાં મૂળ પ્રેરણા સેવાભાવ નથી; તે નોકરી કરવા આવેલો છે ને સોંપેલું કામ 'તટસ્થ' ભાવે કરે તો સારું ગણાય છે. આને બદલે કેટલીય વાર અંદરનો અણગમો કે વિરોધભાવ હોય તોય તે કામ કરતો જોવા મળે છે. ત્યારે તો એ કેવું કામ કરે, એ એક ચિંતા જ થઈ પડે, એ ઉઘાડું છે. પરંતુ સરકારી ખાતામાં તો એવું બને જ છે. નોકરોને કાંઈ કામ ગમે છે અને તેમાં પડે છે એવું નથી. જ્યાં મૂકે ત્યાં જાય અને કરવું પડે તે રીતે કામ કરે. લોકસેવકનું ઊલટું જ છે. તે કામને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાહીને અને નિષ્ઠાથી કરવા જાય, એવી એની પાસે અપેક્ષા રખાય છે.

આથી કરીને સેવકનો સંપર્ક જનતા પર એક રીતની અસર કરે અને સરકારી નોકરનો સંપર્ક બીજી. લોકસેવક પ્રજાનું કામ કરવા દ્વારા પ્રજાને ઘડનાર થઈ શકે છે; સરકારી નોકર બહુ તો પ્રજાનું કામ કરી આપે છે. અલબત્ત, સરકારી નોકર એક સજ્જન તરીકે ઉમદા હોય, તો એમાં ફરક પડે. બીજી બાજુએ લોકસેવક જો ચારિત્ર્યમાં ઊણો ઊતરે, તો તેના કામમાંય ફરક પડે. આ વ્યક્તિગત કારણો બાજુએ રાખી, સામાન્યતઃ શું બને, તે ઉપર કહ્યું છે.

૨

જો નજર કરીએ તો આ ફરકની અસર જ્યાં ત્યાં આજે જણાય છે. 'કૉમ્યુનિટી પ્રોજેક્ટ' ઇ૦ની ગ્રામ-વિકાસ યોજનાઓ આજે કેન્દ્ર સરકાર તરફથી ચાલુ થઈ છે. પંચવર્ષીય યોજનામાં તેને માટે નાણાંની જોગવાઈ થાય છે. અને થોડા વખતમાં દેશભરનાં બધાં ગામડાંમાં તેને પાથરી દેવાનો વિચાર રખાયો છે.

મુંબઈ સરકારે તેની સર્વોદય યોજના આ કેન્દ્રીય કાર્યક્રમ નીકળતા પહેલાં ઉપાડેલી. તેનું પ્રયાણ બને તેટલું ગાંધીવાદી કરવા પ્રયત્ન હતો, તે એના નામ પરથીય જણાય છે. 'કૉમ્યુનિટી પ્રોજેક્ટ' અને 'નેશનલ ઍક્સ્ટેન્શન સ્કીમ' પણ સરકારી છે. પણ તેને ગાંધીવાદી બનાવવાનો પ્રયત્ન ભાગ્યે હોય એમ તેના નામ પરથી પણ જોઈએ, તો જણાશે.

આથી કેટલાક લોક એમેય કહેવા લાગ્યા કે, દેશમાં હવે બે રચનાત્મક કાર્યક્રમો ચાલે છે — એક જૂનો ગાંધીજીનો અને હવે આ 'પ્રોજેક્ટ' ઇ૦નો નવો જવાહરલાલજીનો. એટલું જ નહીં, પેલા કર્ણાટકી મિત્રનો બતાવેલો ભેદ વળી આગળ વધે છે. વડી સરકારનો કૉમ્યુનિટી પ્રોજેક્ટ ઇ૦ પ્રયોગ તો મુંબઈ સરકારની સર્વોદય યોજનાથીય જુદો પડતો નવો એક ભેદ થયો! અને તેનું સંચાલન તથા કલ્પના વિચારણા વગેરે અખિલ ભારતીય કેન્દ્ર જેટલે ઉપરથી ચાલે છે. આથી વળી નવી જ અસર પેદા થાય છે. તે વિષે એક મિત્રે દક્ષિણમાંથી મને મોકલેલું એક લખાણ જોવા જેવું છે.

દક્ષિણમાં મદુરા પાસે ગાંધીગ્રામ ઉપરનાં બંને રચનાકાર્યોનું કેન્દ્ર ગણાય છે. શ્રી ડગલાસ એન્સિંગર કરીને 'ફૉર્ડ ફાઉંડેશન'ના એક ભાઈ ત્યાં ગયા હશે, તેમણે કરેલી વાત ત્યાંના કાર્યકર્તા શ્રી કેથાને નોંધેલી તે મને મોકલી છે. તે નીચે ઉતારું છું:—

"અહીં ગાંધીગ્રામમાં બે વરસ ઉપર હિંદમાં મને મારી ઓળખ થઈ. અહીં મને સ્પષ્ટપણે જણાવા લાગ્યું કે, ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમને સામૂહિક કાર્યક્રમ — 'કૉમ્યુનિટી પ્રોજેક્ટ' યોજનાની જરૂર છે અને આ યોજનાને ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમની જરૂર છે. અહીં જ મને પહેલવહેલું સ્પષ્ટપણે સમજાયું કે, સામૂહિક કાર્ય-ક્રમને આધ્યાત્મિક પાયાની જરૂર છે, તે ગાંધીજીના રચનાત્મક કાર્યકર્તાઓ દ્વારા પૂરે પડી શકે. અહીં જ મને પહેલાં કરતાં વધારે સ્પષ્ટપણે જણાયું કે, પ્રજાને જીવનનું ધ્યેય આપવાની જરૂર છે.

"હિંદ આવ્યો તે પહેલાં ગાંધીજી વિષે તથા તેમની ફિલસૂફી વિષે હું કંઈક જાણતો હતો એ ખરું, ગાંધીજીને મળીને જીવનની આધ્યાત્મિક સમજ પ્રાપ્ત કરવાને હિંદ મોકલવામાં આવેલા ધર્મોપદેશક પાસેથી મુખ્યત્વે કરીને હું એ શીખ્યો હતો.

"હવે હું તમારી સમક્ષ એક સવાલ મૂકવા માગું છું કે, સામૂહિક કાર્યક્રમ સાથે સમાજશિક્ષણ કેવી રીતે બંધબેસતું આવી શકે. સામૂહિક કાર્યક્રમને જીવંત અને પ્રાણવાન બનાવવો એ સમાજશિક્ષણના સંગઠનની જવાબદારી અને તક છે. લોકોને સ્વાશ્રયી બનવામાં મદદ કરવાની, સ્વતંત્રતાના ફાયદા પૂરેપૂરી રીતે સમજવામાં મદદ કરવાની, વધારે સારી રીતે જીવવા માટેનો હેતુ આપવાની આપણી ફરજ છે. સામૂહિક વિકાસ યોજના માટે જરૂરી આધ્યાત્મિક પાયો તમારે જાણી લેવો જોઈએ. 'માણસ કેવળ પેટ ભરવા થકી જ જીવી શકતો નથી' એ પણ તમારે સમજી લેવું જોઈએ. હું જ્યારે આધ્યાત્મિક પાયાની વાત કરું છું ત્યારે હું આ વસ્તુનો ઉલ્લેખ કરતો હોઉં છું. આરંભમાં ભૌતિક લક્ષ્યો પર ખાસ ભાર મુકાતો જોઈને હું અસ્વસ્થ બન્યો હતો. પણ એમાં ફેરફાર થતો જાય છે એ જાણીને મને આનંદ થાય છે.

"ગાંધીજી મુખ્યત્વે કરીને અહિંસા દ્વારા હિંદને માટે સ્વાતંત્ર્ય લાવનાર તરીકે ઓળખાશે. નેહરુ હિંદમાં રાજકીય એકતા લાવનાર તરીકે તથા અહિંસા દ્વારા રાષ્ટ્રોને માટે જગદ્વ્યાપી શાન્તિનો સંદેશો લાવનાર તરીકે ઓળખાશે. તમે હિંદનાં ૫૫૮,૦૦૦ ગામડાંઓના લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે સહિયારા પુરુષાર્થ દ્વારા નવા હિંદના ચણતર માટે નેતૃત્વ આપનાર વ્યક્તિઓ તરીકે ઓળખાઓ એવી મારી અભિલાષા છે. તમારો કાર્યક્રમ તત્ત્વતઃ સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને મહત્ત્વપૂર્ણ ગ્રામ-સંસ્કૃતિ નવેસરથી નિર્માણ કરવાની પ્રક્રિયાને નેતૃત્વ અને માર્ગદર્શન આપવાનો છે. એ પ્રત્યેક ઘટકની નવરચના જ નવા હિંદના નિર્માણમાં પરિણમશે. હિંદને માટે આ અપૂર્વ ફાળો આપવાને પડકાર અને તક તમારી સામે આવીને ઊભાં છે. તમે એ ભાડૂતી કામ તરીકે નહીં પણ જીવનના મિશન તરીકે ઉપાડી લેશો એવી મારી અભિલાષા છે.”

શ્રી ડગલાસ એમ્સિંગર ગાંધીગ્રામમાં તાલીમ લેતા સરકારી ‘કૉમ્યુનિટી પ્રોજેક્ટ’ યોજના માટેના નોકરો આગળ આમ બોલ્યા હતા, એમ લાગે છે. એમાં એમણે વળી એક નવી જ દૃષ્ટિએ આપણે ચર્ચીએ છીએ તે ફરકને જોયો ને વર્ણવ્યો છે. તેના મૂળમાં પણ તત્ત્વ તો ઉપર કહ્યું એ જ રહેલું છે.

૩

આ ફરક સમજવા એક બીજો દાખલો પણ છે. પ્રજાસેવાનાં કામો કરવા માટે સરકારી નોકરો હોય છે એ ખરું; પણ તેઓની પણ તે કામોને યોગ્ય વિશિષ્ટ-તાલીમ વિચારાય છે. અને જાત જાતનાં સેવાકાર્યો માટે તાલીમ આપી તેના સેવકો તૈયાર થાય છે. જેમ કે, મજૂરસેવા માટે, કૉમ્યુનિટી પ્રોજેક્ટ માટે, વગેરે. સેવાભાવ અને નિષ્ઠાથી દોરાઈને હૈયા-ઉકલતથી કામ કરતા સેવકોની સરખામણીમાં, તાલીમઆજ સરકારી સેવકો જુદા પડે છે. એ જુદાઈ કેવી છે તે એક દાખલા ઉપરથી દેખાશે.

કેટલાક વખત ઉપર વડોદરા યુનિવર્સિટીની સમાજવિદ્યા કૉલેજના એક અધ્યાપકે એવું નિવેદન કરેલું કે, ગાંધીજી, રવિશંકર મહારાજ વગેરે સમાજસેવક— ‘સોશિયલ વર્કર’ ના કહેવાય! આથી ત્યાં ભારે ખળભળાટ થયેલો. ઉપરનો ફરક ધ્યાનમાં લઈએ તો આ જાણીતા પ્રજાસેવકો (યુનિવર્સિટીની સમાજસેવા-વિદ્યા શાખામાં) નોકરીને હિસાબે તૈયાર કરાતા ‘સમાજસેવક’ ન કહેવાય એ ઉઘાડું છે; તેઓ પરભાષામાં તે અંગેનાં પોથાં પણ ન ભણ્યા હોય, તેઓ સરકારી કે નોકરિયાત સમાજસેવક તો નહીં જ. આ ફરકમાં રહસ્ય એ છે કે, સરકારી તંત્રની કાર્યપ્રથા એવી જુદી પડી જાય છે કે, તેનો રંગ મૂળ વાતને અને તેના મુખ્ય વિચારને જ લાગે છે. આથી ‘સરકારી’ સર્વોદય પેઠે સમાજસેવા પણ ‘સરકારી’ બનવા લાગી છે.

૪

આ વિષે એક બીજો દાખલો આપું. તે આપણા દેશની આખી પરિસ્થિતિ અને પદ્ધતિ વિષે જ વાત કરે છે. તે શ્રી વિનોબાએ ગઈ પુરી પરિષદમાં રજૂ કર્યો છે. તેમણે* ‘સરકારી અહિંસા’ નો એક પ્રકાર બતાવ્યો!

આ આખી વસ્તુ મૂળે વિચારતાં એમ લાગે છે કે, કોઈ કામ કરવાને તંત્ર કે સંસ્થાની જરૂર તો પડે જ છે. જેવું કામ તેવી તે હોય એમ ખરું. પણ જો કામ સામુદાયિક હોય તો તેને અનુરૂપ તે હોવી જરૂરી છે; નહીં તો કામમાં વેગ નથી આવતો, વ્યવસ્થા પણ ન આવે. પણ અહીંયાં જ મુશ્કેલી આવે છે. જેમ આત્મા દેહધારી બને તેની જોડે અવિદ્યાની માયા લાગે જ છે, તેમ કોઈ કાર્ય કે સિદ્ધાંત તંત્રબદ્ધ સંસ્થાધારી બને તો જ કાર્યકર બને છે; પણ તેની સાથે તેની માયા જાગે છે. સરકારી તંત્રની માયા એક રીતે કામ કરે છે; પ્રજાકીય તંત્રની માયા (કે કામ કરનાર કેવળ વ્યક્તિ હોય તો તેની પણ માયા હોય છે તે) જુદી રીતની હોય છે. કોઈ એમ કહે કે, હું તો સંસ્થાધારી નહીં બનું, તો તે વ્યક્તિસંસ્થાધારી છે તેથી આગળ નથી વધતો — એવો સંયમ કે સંન્યાસ-ધર્મ તે અંગીકાર કરે છે, એટલો જ એનો અર્થ છે. તે મુજબ તેના કામના કદમાંય ફરક પડશે જ. આજે જનશક્તિથી કામ કરવાની વાતો કરીએ છીએ ત્યારે

* આમ તેમણે કહ્યું હતું—

“બીજી વાત ગાંધીજીની અહિંસાની છે. આપણામાંથી કેટલાક લોક સરકારમાં ગયા છે, કેટલાક બહાર છે. આજકાલ અહિંસાનો સરકારી અર્થ એ થયો છે કે સમાજને ઓછામાં ઓછી તકલીફ આપવી. અમને લાગે છે કે અહિંસાની એ વ્યાખ્યા અહિંસાને માટે અતિ જોખમકારક છે. . . .” (જુઓ ‘હરિજનબંધુ’, ૧૬–૪–’૫૫, પા. ૫૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનો વિચાર લક્ષમાં રાખવા જેવો છે. રાજ્યસંસ્થા પણ જનશક્તિનો એક આવિષ્કાર છે, એ પણ લક્ષ બહાર ન જઈ શકે. અને તે સંસ્થા સમાજના નિયમન માટે અનિવાર્ય છે; તેને 'અનિષ્ટ' માનીએ તોય તે 'અનિવાર્ય અનિષ્ટ' છે, જેનું નિવારણ વ્યક્તિઓ પોતાનું નિયમન ધર્મપૂર્વક પોતે કરી લે તે દ્વારા જ થઈ શકે.

૨૨-૪-'૫૫ મગનભાઈ દેસાઈ

માધ્યમિક કેળવણી

એક વાચકે, ધી બૉમ્બે સ્ટેટ ફેડરેશન ઑફ હેડ માસ્ટર્સ ઍસોસિયેશન્સ, ધી બૉમ્બે સ્ટેટ ફેડરેશન ઑફ સેકન્ડરી ટીચર્સ ઍસોસિયેશન્સ, ધી બૉમ્બે હેડ માસ્ટર્સ ઍસોસિયેશન તથા ધી ગ્રેટર બૉમ્બે સેકંડરી ટીચર્સ ઍસોસિયેશન વગેરે સંસ્થાઓના પ્રતિનિધિઓએ પત્રકાર પરિષદ સમક્ષ કરેલાં નિવેદનોમાંથી ઉતારા મોકલ્યા છે અને તેના પર વિવેચન કરવા જણાવે છે. એ ઉતારા નીચે પ્રમાણે છે :

'શ્રી બાળ ગંગાધર ખેરના અમલ દરમ્યાન આપણી કેળવણીની પદ્ધતિમાં કેટલાક દૂરગામી અને કેળવણીની દૃષ્ટિએ સંગીન ફેરફારો કરવામાં આવ્યા હતા. એમાંનો એક સુધારો, વિદ્યાર્થીઓ પોતાના રસ અને પોતાની કુદરતી શક્તિ પ્રમાણે પસંદ કરી શકે તે માટે, તેમની આગળ ભિન્ન ભિન્ન વિષયો મૂકવાને અર્થે, એસ. એસ. સી. ઈ. બોર્ડની રચના કરવામાં આવી, એ હતો. દર વરસે યુનિવર્સિટીમાં દાખલ થવાને જરૂરી હોય તે સિવાયના વિષયો પરીક્ષા માટે પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ધીમે ધીમે પણ નિશ્ચિતપણે વધતી જાય છે. એસ. એસ. સી પરીક્ષા માટે નક્કી કરવામાં આવેલા લગભગ ૬૬ જેટલા વિષયોમાંથી વિદ્યાર્થીઓને બે ફરજિયાત અને પાંચ ઐચ્છિક વિષયોની પરીક્ષા આપવાની હોય છે. ૧૯૪૯ની સાલમાં આમ હતું.

'૧૯૫૨ની સાલમાં નવા અમલ નીચે સરકાર છ વિષયો ફરજિયાત અને એક વિષય ઐચ્છિક કરવા માગતી હતી. પરંતુ તેની સામે ચોતરફથી વિરોધનો પોકાર ઊઠવાને કારણે સરકારે નમતું જોખ્યું અને તેણે એસ. એસ. સી. ઈ. બોર્ડ પાસે બે ફરજિયાત વિષયો, ત્રણ ઠરાવવામાં આવેલા વિષયોમાંથી બે વધુ વિષયો, અને બાકીના વિષયોમાંથી બીજા ત્રણ વિષયો, એવી દરખાસ્ત માન્ય રખાવી. આ વસ્તુ ઘડિયાળનો કાંટો પાછો ફેરવવા સમાન છે.

'બીજો ફેરફાર અભ્યાસક્રમમાં કરવામાં આવ્યો છે. અભ્યાસક્રમની એવી રીતે નવેસરથી રચના કરવામાં આવી હતી કે જેને લીધે પુનરુક્તિ થતી અટકી અને એ એકકેન્દ્ર યોજનાને ધોરણે ઘડવામાં આવ્યો. બેશક, થોડાક વિષયમાં એ વધારેપડતો ભારે હતો અને તેમાં થોડી કાપકૂપની જરૂર હતી. હવે આપણી પાસે બધા જ વિષયોના અને બધાં જ ધોરણોના નવા અભ્યાસક્રમો છે એટલું જ નહીં, પણ હવે તો આપણી પાસે સામાન્ય વિજ્ઞાન—જેમાં વિજ્ઞાનની બધી જ શાખાઓનો સમાવેશ થાય છે—અને સામાજિક અભ્યાસ જેમાં ઇતિહાસ, ભૂગોળ તથા નાગરિક શાસ્ત્રનો સમાવેશ થાય છે—એવા નવા વિષયો પણ આવ્યા છે. અને આ વિષયો શિક્ષકોએ ૧૧ મા ધોરણમાં પાઠ્યપુસ્તકો વિના જ શીખવવાના છે, કેમ કે, એ ધોરણ માટેના એ વિષયોનાં પાઠ્યપુસ્તકો ૧૯૫૫ના જૂન સુધીમાં તૈયાર થશે અને સરકાર ૧૯૫૬ની સાલ સુધી થોભી શકે નહીં.

'વળી, હેડ માસ્તરોનો બોજો ઓછો કરવાને સરકારે દરેક વિષયને માટેના સમયો નક્કી કરી આપ્યા છે, તેમ જ એ સમયોનો વખત પણ નક્કી કરી આપ્યો છે. શાળાને મળતી ગ્રાંટમાં કાપની શિક્ષા વહોરવાનું જોખમ ઉઠાવીને જ હેડ માસ્તર આ યોજનામાં ફેરફાર કરી શકે. અને અજાયબીની વાત તો એ છે કે, આ બધું છેવટનું નક્કી કરવામાં આવ્યું ત્યારે કોઈ પણ શિક્ષકોના મંડળના કે હેડ માસ્તરોના મંડળના પ્રતિનિધિની સલાહ લેવામાં આવી નહોતી.'

એસ. એસ. સી. પરીક્ષાના અભ્યાસક્રમ તથા નિયમો તેમ જ હાઈસ્કૂલના અભ્યાસક્રમની છેલ્લામાં છેલ્લી માહિતી મારી પાસે નથી. એ આખીયે વસ્તુ હજી ચાક પરના પિંડાની સ્થિતિમાં હોય એમ જણાય છે. પરંતુ જે કાંઈક હું જાણું છું અથવા મિત્રો પાસેથી મને જાણવા મળ્યું છે તે ઉપરથી મને લાગે છે કે, અત્યારે જે ચાલી રહ્યું છે તેમાં કંઈક ભારે દોષ રહેલો છે અને શાળાની દુનિયા એ સંબંધમાં સંતુષ્ટ નથી. દાખલા તરીકે, અમુક વિષયો માટે સમયોની કરવામાં આવેલી ફાળવણીની બાબત. એ આટલી બધી કડક રીતે ઉપરથી અને ઉતારામાં જણાવવામાં આવ્યું છે તેમ, 'ગ્રાંટમાં કાપની શિક્ષાની ધમકીથી' શાને લાદવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એ હું જાણતો નથી. એ અંગે કશું કરવું જ જોઈએ તોય સમયોની ફાળવણીની એક નમૂનારૂપ યોજના સૂચના રૂપે રજૂ કરી શકાય અને સ્થાનિક જરૂરિયાતો તથા વિદ્યાર્થીઓની જરૂરિયાતો ધ્યાનમાં લઈને તેમાં ઘટતા સુધારાવધારા કરવાની છૂટ હેડ માસ્તરોને આપી શકાય.

'ગ્રાંટમાં કાપ'ની ધમકી, — અને મને જાણવા મળે છે કે દિવસે દિવસે એ બહુ સામાન્ય બની ગઈ છે, — તે સહિત ઉપરથી આવી વસ્તુ લાદવાની રીત એકંદરે સારી નથી લાગતી. અને લાગતુંવળગતું ક્ષેત્ર કેળવણીનું હોય ત્યારે તો ખાસ કરીને એવો ભાવ પેદા થાય છે.

શ્રી ખેરના અમલ દરમ્યાન, જુદી જુદી કેળવણી વિષયક કમિટીઓ દ્વારા લોકસંપર્ક સાધવાની આવકારપાત્ર રૂઢિ પ્રચલિત હતી. એ કમિટીઓ યોજનાપૂર્વકના કામની દિશા વિચારી કાઢતી અને સરકારને કાર્યક્રમની ભલામણ કરતી. પણ આજે દુર્ભાગ્યે એવી કમિટીઓ નથી.

માધ્યમિક કેળવણીને ૮માથી ૧૧મા ધોરણ સુધીની ચાર વરસની ઉત્તર બુનિયાદી કક્ષા તરીકે હવે લેખવામાં આવે તેમ જ અભ્યાસક્રમની અને સંગઠનની દૃષ્ટિથી તે પ્રમાણે તેની પુનર્રચના કરવામાં આવે એ બહુ જ જરૂરી છે. મુંબઈ રાજ્યમાં એનો આરંભ કરવામાં આવ્યો હતો. પણ હાલ એ વસ્તુ આખા રાજ્યમાં પ્રાથમિક કક્ષાએ પાયાની કેળવણીનો ઝડપી અમલ કરવાના કાર્યક્રમની સાથે ઠંડી પાડી દેવામાં આવી હોય એમ લાગે છે. એથી કરીને, મને લાગે છે કે, આજની ઘડીએ શિક્ષકવર્ગને તેમ જ સામાન્ય નાગરિકને જે વસ્તુ સંતાપી રહી છે તે એ કે, હાલ વખતોવખત જે હુકમો અને ખુલાસાઓ બહાર પાડવામાં આવે છે, તેમાંથી કેળવણીની પદ્ધતિનું કોઈ પણ પ્રકારનું સ્પષ્ટ ચિત્ર તેમની સમક્ષ ખડું થતું નથી. એવું ચિત્ર આપણી સમગ્ર પ્રજાને માટે પહેલાથી અગિયારમા ધોરણ સુધીની પાયાની કેળવણીની સંગીન રાષ્ટ્રીય પદ્ધતિની બાંધણી- આપનાર પ્રગતિશીલ નીતિ રજૂ કરનારું હોવું જોઈએ. એમ કરવાને માટે શિક્ષકોને પોતાના ક્ષેત્રમાં કામ કરવાની સ્વતંત્રતાની લાગણીનો અનુભવ થાય એમ થવું જોઈએ. અને સરકારી નિરીક્ષકનું કાર્ય વધુ ને વધુ પ્રમાણમાં શિક્ષણમાં મદદરૂપ અને સર્જક સ્વરૂપનું હોવું જોઈએ, 'ગ્રાંટના કાપ'ના હથિયારથી સજ્જ એવા વહીવટી સ્વરૂપનું નહીં.

૨૧-૪-'૫૫ **મગનભાઈ દેસાઈ**
(અંગ્રેજી પરથી)

વિશ્વશાંતિની સમસ્યા-૨

(ગયા અંકના પા૦ ૧૦૬થી આગળ ચાલુ)

(૩) આધ્યાત્મિક પુનર્જીવન

હિમાલયના કોઈ યોગીએ કે હાથમાં તંબૂરો લઈ પોતડીભેર ભટકતા કોઈ સંતસાધુએ સૂચવેલો જ આ માર્ગ નથી. જેનો અગાઉ ઉલ્લેખ કર્યો તે અમેરિકન સેનાધિપતિ અને રાજદ્વારી જ્યૉર્જ સી. માર્શલ યુદ્ધોત્તર શાંતિ માટે 'આધ્યાત્મિક પુનરુત્થાન' – સ્પિરિચ્યુઅલ રીજનરેશન–ને એક અતિ મહત્ત્વના મુદ્દા તરીકે ગણાવે છે. હાલની ભયાનક સ્થિતિમાં તાત્કાલિક તો લશ્કરી તાકાત વધારવા ઉપર જ શાંતિનો આધાર છે એમ કહીને પાછા તરત જ તે કહે છે: "છતાં, અનિયત સમય સુધી મોટાં લશ્કરો રાખવાં એ વ્યવહારુ- અને કામયાબ નથી. શાંતિ માટે કોઈ બીજો વ્યવહારુ અને કાયમી ઉકેલ શોધવો રહ્યો." અને કાયમની શાંતિના પ્રયાસ માટે તેઓ ત્રણ કાર્યક્ષેત્રો સૂચવે છે:

(૧) શાળાઓ – એટલે કે નવી પ્રજાને શાંતિનું સાચું શિક્ષણ આપીને.

(૨) ગરીબો માટે વધારે સારી પરિસ્થિતિ નિર્માણ કરીને.

(૩) આધ્યાત્મિક પુનર્જીવન નિર્માણ કરીને.

આમાંનો બીજો મુદ્દો – ગરીબો માટે વધારે સારી પરિસ્થિતિ – આર્થિક સમસ્યાની ચર્ચામાં આવશે. એટલે તેની ચર્ચા અહીં અસ્થાને છે. બાકીના બે એકબીજાની અંતર્ગત રહેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની યોજના સમજાવતાં જ્યૉર્જ માર્શલ કહે છે : જગતની પછાત પ્રજાઓને ભૌતિક મદદની જરૂર તો છે જ. પરંતુ માત્ર ભૌતિક મદદ પૂરતી નથી. દેશ દેશ વચ્ચે શુભેચ્છા, શ્રદ્ધા અને પરસ્પર સમજૂતી વધારવા માટે પૂર્વગ્રહો છોડી, જે કારણો યુદ્ધો જન્માવે છે તેનો અભ્યાસ કરી તેને નાબૂદ કરવાની જરૂર છે. સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં પરસ્પર અવિશ્વાસ, અસહિષ્ણુતા, બિનસલામતી – જે યુદ્ધને નોતરે છે અને મનુષ્યને પશુથી પણ વધારે હલકી કોટીએ ઉતારી પાડે છે, તેને બદલે મનુષ્યનો આત્મા વિશાળ બને, ઉદાર બને, મિત્રભાવે વર્તે, પરસ્પર મુશ્કેલીઓ ઊભી કરવાને બદલે પરસ્પર સહાય કરે – એવું પ્રજામાનસ ઘડવા પ્રયત્નો કરવા જોઈએ. અલગ અલગ ઊભા થયેલા અનેક વાદોએ પ્રજાની સ્વતંત્ર વિચારશક્તિને ગૂંગળાવી નાખી છે, અને અસહિષ્ણુતા વધારી દીધી છે. આ અલગ અલગ વાદોથી પર જઈને મનુષ્યની એકતા સ્થાપિત કરવી જોઈએ. તુસ્સી કરીને ઇટલીના એક વિદ્વાન પ્રોફેસર કહે છે : "જુદા જુદા વાદો અને ભિન્ન ભિન્ન વિચારસરણી વચ્ચેના ભેદભાવને મહત્ત્વ આપવાને બદલે માણસની આધ્યાત્મિક એકતા – સ્પિરિચ્યુઅલ યુનિટી ઑફ મૅન – ને મહત્ત્વ આપવું જોઈએ."

આજે માણસનું વ્યક્તિગત તેમ જ સામાજિક નીતિનું ધોરણ ઘણું નીચું ઊતરી ગયું છે. આ ઇટલીના પ્રોફેસર તો કહે છે: 'આજની કટોકટી મહદ્ અંશે નૈતિક કટોકટી છે. લોકો કહે છે કંઈ અને કરે છે કંઈ બીજું જ. વ્યક્તિગત તેમ જ સામાજિક બંને ક્ષેત્રે આમ બનતું જોવામાં આવે છે. અને 'સીટો'ની યોજના ઉપર પોતાના વિચારો દર્શાવતાં પં. નેહરુએ જેને 'ડબલ થિંક' અને 'ડબલ ટૉક' કહ્યું તે અનીતિનું ધોરણ આજે તો સારાયે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રને આવરી લેતું જણાય છે.

માણસજાતને જો ખરેખર ભયમાંથી ઉગારવી હોય તો તેને આ અનીતિનાં વહેણમાંથી પાછી ખેંચવી જોઈએ. સમાજનું આધ્યાત્મિક પુનરુત્થાન કર્યા વગર એમ કરવું અશક્ય છે.

મુક્ત પ્રજાઓની વિશાળ અને પાયાની સમજણ ઉપર જ શાંતિના કોયડાના ઉકેલનો ઘણો આધાર રહેલો છે. સાદાઈ અને સ્વાશ્રયની તાલીમ, તથા સર્જન દ્વારા અંતર્સુખ શોધવાની કળાનું શિક્ષણ આપવા ઉપરાંત, સમાજનું આર્થિક કલેવર બદલી એક શોષણવિહીન અને સર્વનો ઉદય થાય તેવો સમાજ ઉત્પન્ન કરી શકે તેવી શક્યતા 'વર્ધા યોજના', 'બેઝિક એજ્યુકેશન', 'નઈ તાલીમ', 'પાયાની કેળવણી', 'સર્વોદયની કેળવણી', વગેરે નામોથી ઓળખાતી, ગાંધીજીએ પોતાની 'અમૂલ્ય ભેટ' તરીકે ઓળખાવેલી શિક્ષણ પદ્ધતિમાં રહેલી છે. અને તેથી આ પદ્ધતિ – જેને 'સર્જનાત્મક સહિયારું જીવન' તરીકે વર્ણવવામાં આવે છે – આજના ભીંત ભૂલેલા યુગમાં શાંતિની મજલ કાપવાને માર્ગે એક જડીબુટ્ટી સમાન છે એવું માત્ર હિન્દના જ નહીં, પણ દુનિયાભરના ઘણા દેશના મહાન વિચારકો, કેળવણીકારો અને શાંતિચાહકોએ વિનાસંકોચ જાહેર કર્યું છે.

(૪) આર્થિક સમસ્યાનો ઉકેલ

વિશ્વશાંતિની સમસ્યાના ઉકેલના સંબંધમાં અગાઉ જે વાતો કરી તેમાં બે મુદ્દાઓનો સહેજ સ્પર્શ કર્યો હતો : (૧) જ્યૉર્જ માર્શલે પોતાની યોજનામાં ગણાવેલ ગરીબ અને પછાત દેશો માટે વધારે સારી પરિસ્થિતિ નિર્માણ કરવાનો; અને (૨) સમાજના પાયાના પરિવર્તન માટે આજના આર્થિક તંત્રનું માળખું બદલવાનો.

પહેલો મુદ્દો – ગરીબ અને પછાત દેશો માટે વધારે સારી પરિસ્થિતિ નિર્માણ કરવાનો – અમેરિકા અને રશિયા બંનેએ પોતાની નીતિમાં સ્વીકાર્યો છે. ગરીબ અને આર્થિક રીતે અસ્તવ્યસ્ત થઈ ગયેલા દેશોને ઊભા કરવા અમેરિકા આજે કરોડો ડૉલર ખર્ચે છે. 'માર્શલ યોજના', 'કોલંબો યોજના' તેમ જ 'યુનેસ્કો' અને 'હૂ' નામની સંસ્થાઓ દ્વારા એશિયા તેમ જ યુરોપના અનેક દેશોને તેના આર્થિક પુનઃસંસ્કરણ માટે આવી મદદ અપાય છે. જગતભરમાંથી આર્થિક શોષણ દૂર કરી, શ્રમજીવી વર્ગને ઊંચે ઉઠાવી સમાજમાં આર્થિક સમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેલાવવાનો સામ્યવાદને નામે ઓળખાતો રશિયાનો આદર્શ છે. બંનેનું ધ્યેય તો એક જેવું લાગે છે. 'જગતની પ્રજાઓની આર્થિક અને રાજકીય મુક્તિ' એ બંનેની આગેકૂચ માટેનો વિજયનાદ છે.

ત્યારે ઝઘડો ક્યાં છે? રશિયા કહે છે: 'સ્વતંત્ર દુનિયા'નું કારણ લઈ તે બહાના તળે અમેરિકાને દુનિયાની મૂડી પોતાના દેશમાં એકત્રિત કરવી છે. અને એમ કરીને વિશ્વસત્તા બનવું છે. અમેરિકા કહે છે: આર્થિક સમાનતાને નામે રશિયા જગતનાં અન્ય રાષ્ટ્રો ઉપર સામ્યવાદી સરમુખત્યારશાહી ઠોકી બેસાડવા માગે છે, અને ધરતી ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવા ઇચ્છે છે.

નીતિની દૃષ્ટિએ બંનેએ એક ધ્યેય સ્વીકાર્યું છે. દુઃખી, પીડિત અને ગરીબ લોકો પ્રત્યેની હમદર્દીમાંથી બંનેની નીતિનો ઉદ્‌ભવ થયો છે. છતાં બંને આજે સામસામાં આવીને ઊભાં રહ્યાં છે. આમ કેમ બન્યું હશે?

કારણ એ જ છે કે ગરીબો પ્રત્યેની જે દાઝ, તેમના પ્રત્યેની હમદર્દી જે જગ્યાએ પ્રગટે છે તે મૂળ સ્રોતને જ રૂંધી દેવામાં આવે છે, અને પછી એ દાઝ અદા કરવાના અંદરના – પાયાના – ઉપાયો કરવાને બદલે, પોતપોતાના સ્વાર્થને વળગી રહીને, કાં તો કેવળ ઉપરછલ્લા અને કા તો માનવજાતિને વિઘાતક એવા ઉપાયો યોજવામાં આવે છે. ગરીબો કે પીડાયેલાંઓ પ્રત્યે હમદર્દી જે હૃદયમાં જાગે છે તે હૃદયમાં જ માનવ જાત પ્રત્યે વિશાળ ભાવનાઓ જાગૃત કરવાને બદલે, સ્વાર્થી વૃત્તિથી પ્રેરાઈને પોતામાં અને દુશ્મનમાં એવી સંકુચિત ભાવના પેદા કરી, અવિશ્વાસ, ભય અને તિરસ્કાર ઉત્પન્ન કરી, અથવા હિંસક અને આક્રમણકારી રીતો અખત્યાર કરી પોતાની જીવન-પદ્ધતિ અને વિચારસરણી અન્યના ઉપર લાદી દેવાના પ્રયાસો કરીને, વેરનો દાવાનળ સળગાવવામાં આવે છે અને પછી તેને ઠારવાના જૂઠા પ્રયત્નો કરવામાં આવે છે. અર્ધભૂખ્યા દેશો – જ્યાં સામ્યવાદ સળગી ઊઠવાની પૂરેપૂરી તૈયારી છે – તેવા દેશોને આર્થિક સહાય આપીને પોતાની સત્તા તળે લાવી મૂકવાનો અમેરિકાનો ઇરાદો જણાય છે. તે જ રીતે કચડાયેલા દેશોને સામ્યવાદની સમાનતાનું પ્રલોભન આપી પોતાની અસર તળે શક્ય તેટલા વધુ દેશોને લાવવાની રશિયાની નેમ લાગે છે. અને આ રીતે પૂર્વ–પશ્ચિમ પક્ષો ઊભા થાય છે.

જગતમાં ઊભી થયેલી આજની કટોકટી જો ખરેખર દૂર કરવી હોય, તો આજના ઝઘડાનું જે મૂળ યંત્રવાદ અને તે દ્વારા ઊભું થયેલું આર્થિક કેન્દ્રીકરણ – તેને જડમૂળથી ઉખેડીને ફેંકી દેવાં જોઈએ. ઘણા અર્થશાસ્ત્રીઓ, વિચારકો અને રાજદ્વારીઓનો એવો અભિપ્રાય છે કે, યંત્રોદ્યોગ અને તેણે ઊભી કરેલી આર્થિક વ્યવસ્થા તદ્દન અસ્વાભાવિક અને તેથી આજના બધા રોગોનું મૂળ કારણ છે. એને પરિણામે દુનિયાની ૧૮ ટકા જેટલી વસ્તીના હાથમાં દુનિયાની આવકની ૭૦ ટકા જેટલી કમાણી એકઠી થાય છે. એ અર્થવ્યવસ્થાને પરિણામે, દુનિયાની દોલતનો અરધો ભાગ અમેરિકામાં ઠલવાય છે અને બીજા દેશોમાં કરોડો ભૂખે મરે છે. દુનિયાની આ વધારાની કમાણીનો જેટલો ભાગ ગરીબ પ્રજાઓને ગરીબાઈ, રોગ, દુર્દશા અને ભૂખમરામાંથી ઉગારવા માટે વપરાય છે, તે કરતાં તેનો ઘણો મોટો ભાગ દુનિયાની પ્રજાઓને સશસ્ત્ર કરવામાં વપરાય છે. આ હરીફાઈને માર્ગે રશિયા અને અમેરિકા બંને કૂચ કરી રહ્યાં છે.

આ પરિસ્થિતિ જો ટાળવી જ હોય તો કેન્દ્રીકરણની પ્રથાને જડમૂળથી ઉખેડી કાઢ્યા સિવાય બીજો કોઈ ઇલાજ છે જ નહીં. પોતાનું બરાબર સંભાળ્યા પછી અહીં તહીં થોડી યોજનાઓના ટુકડાઓ ફેંકવાથી કે થોડા ડૉલરો ઉછાળવાથી એ પ્રશ્ન ઉકેલાવાનો નથી. કોઈ વાદનો જબરજસ્તીથી લોકોમાં પ્રચાર કરવાથી પણ નક્કર પરિણામ આવે એમ નથી. વિશ્વપૅસિફિસ્ટ સભાને વર્ધા ખાતે સંબોધતાં પં. નેહરુએ કહ્યું હતું કે, "ગરીબ દેશોમાં લોકોને વાદો–થિયરીઝ–માં નહીં, પણ તેમની મૂળભૂત જરૂરિયાતો મળે તેમાં જ રસ છે. એમને ડેમોક્રસી કે કૉમ્યુનિઝમ કે સોશ્યલિઝમ કશાની જ પડી નથી. તેઓને ઈશ્વરમાં રસ નથી એમ કહીએ તોપણ ચાલે." તેથી તેમની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવાના ઉપાયો યોજવા એ જ સાચી શાંતિનો રાહ છે. પૈસાદાર દેશોના અને અર્થ-શાસ્ત્રીઓના પ્રયત્નો છતાં આમપ્રજાની મૂળભૂત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરિયાતો આજે કેમ પૂરી પડતી નથી? આજના આર્થિક તંત્રનું માળખું ક્યાં ખોટકાયું છે?

પાંચેક વર્ષ ઉપર પોરબંદરમાં બુનિયાદી તાલીમ અંગે એક શિક્ષક સંમેલનમાં પ્રવચન કરતાં શ્રી રવિશંકર મહારાજે આજના અર્થતંત્રના અનિષ્ટની જડ બરાબર પકડીને તેના મૂળ ઉપર ઘા કરેલો અને કહ્યું હતું કે, જગતમાં પ્રવર્તતી તંગદિલીમાંથી છુટકારો મેળવવા માટે સૌથી વધુ પ્રયાસ આર્થિક પુનર્રચના કરવા માટે કરવો જોઈએ. એવી રચનાના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ તેમણે આ પ્રમાણે દર્શાવ્યા હતા :

(૧) કાચો માલ પેદા કરનારને પોતાનું યોગ્ય જીવનધોરણ નિભાવવા પૂરતું મળી રહેવું જોઈએ. એ ખ્યાલમાં રાખીને માલના ભાવો ઠરાવવા જોઈએ.

(૨) જ્યાં કાચો માલ પેદા થતો હોય ત્યાં જ પાકો માલ બનાવી લેવો જોઈએ.

(૩) પરદેશ સાથેનો વેપાર વધારાની વસ્તુઓ પૂરતો જ હોવો જોઈએ.

આ મુદ્દાઓ નવઘડતરની યોજનાઓમાં ધ્યાનમાં લેવા જેવા છે. આ અંગે સામ્યવાદના પિતા કાર્લ માર્ક્સે પણ કેટલાક અગત્યના સિદ્ધાંતો ઘડી કાઢીને જગત આગળ એક નવી અર્થવ્યવસ્થા ધરી. પરંતુ માર્ક્સના એ સિદ્ધાંતો યંત્રવાદની મર્યાદામાં જકડાયેલા છે. અને તેથી શહેરી સંસ્કૃતિ ઉપર રચાયેલા હોઈને સમગ્ર પ્રજાને તે આવરી શકે એમ નથી. ઉપરના સિદ્ધાંતો ગ્રામ સંસ્કૃતિ ઉપર રચાયેલા છે. અને યંત્રવાદની પકડથી પર અને વ્યાપક એવી ગાંધીજીની સર્વોદયની ફિલસૂફી અને માનવજગતની વિશાળ ભૂમિકામાં એનાં મૂળ રહેલાં છે.

(૫) વિશ્વરાજ્યની સ્થાપના

જગતનાં ભિન્ન ભિન્ન રાષ્ટ્રોને ઝઘડા કરતાં અટકાવવા માટે અને તેના ઉપર અંકુશ મૂકવા માટે બધાં રાજ્યોથી પર એવું એક 'સુપરસ્ટેટ' રચવું, અને યુદ્ધના સંજોગોમાં આક્રમણકારી દેશને ઠેકાણે લાવવાની સત્તા તેને સોંપવી, આવો વિશ્વરાજ્યનો એક વિચાર કેટલાક લશ્કરી રાજનીતિજ્ઞોમાં પ્રવર્તે છે. પરંતુ આ વિચાર વ્યવહારમાં શક્ય નથી. કોઈ પણ એક દેશને આક્રમણકારી ઠરાવવાનું કામ આજના સંજોગોમાં ઘણું મુશ્કેલ છે. વળી આવું રાજ્ય ચલાવે કોણ? એની સત્તા, કેટલી અને તે ક્યાંથી મેળવવી? વગેરે અનેક પ્રશ્નો ઊભા થાય છે. એ કલ્પના સાથે બળ, લશ્કર અને શસ્ત્રો સંકળાયેલાં છે. તે આજના જગતની પરિસ્થિતિને હલ કરવા માટે તદ્દન નાકામયાબ છે. એટલે આવા લશ્કરી વિશ્વરાજ્યનો વિચાર આજે સહેજ પણ ટકી શકે એમ નથી.

આજે વિશ્વરાજ્યની જે કલ્પના કરવામાં આવે છે તે જુદી છે. રાજ્ય સાથે સામાન્ય રીતે હંમેશાં સત્તાનો ખ્યાલ આવે છે. પરંતુ રાજ્યની સાથે સત્તાને બદલે જો કલ્યાણનો ખ્યાલ સાંકળવામાં આવે તો તંગ પરિસ્થિતિ ઘણે અંશે ઢીલી કરી શકાય. વિશ્વરાજ્યની આજે જે કલ્પના છે તેમાં વિશ્વસત્તા નહીં, પણ વિશ્વકલ્યાણ–પ્રજાકલ્યાણના આદર્શ ઉપર ભાર મુકાયો છે. આવા પ્રજાકલ્યાણમુખી વિશ્વરાજ્યનો વિચાર આંતરરાષ્ટ્રીય ઝઘડાઓનું નિરાકરણ લાવવા માટે ઊભી થયેલી લીગ, સંયુક્ત રાષ્ટ્રસંઘ, વગેરે જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ઉત્પત્તિ અને તેની નિષ્ફળતામાંથી ઉદ્ભવેલો છે.

જગતનાં રાષ્ટ્રોના ઝઘડાઓનો શાંતિપૂર્વક નિવેડો લાવવા અને જગતની શાંતિને સ્થિર કરવા કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા ઊભી કરવાની જોરદાર આવશ્યકતા પહેલા વિશ્વયુદ્ધ પછી તરત જ ઊભી થઈ હતી. એ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને લીગનું ઓઠું ઊભું કરવામાં આવ્યું હતું. પરંતુ યોગ્ય બંધારણ, વ્યવસ્થા, અને શુદ્ધ દાનતને અભાવે થોડાં વર્ષોમાં જ તેનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું. બીજા વિશ્વયુદ્ધ પછી ૧૯૪૫માં સાન-ફ્રાન્સિસ્કો ખાતે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સ્થાપના થઈ. અને એના ચાર્ટરમાં માનવકલ્યાણનું ધ્યેય સ્વીકારીને તે તરફ કદમ ઉઠાવવા પ્રયાસો કરવાની જાહેરાત કરવામાં આવી.

પરંતુ આંતરરાષ્ટ્રીય શાંતિને માર્ગે તે નિશ્ચિત અને મક્કમ પગલાં ભરી શકે એવાં ચિહ્નો ઘણાં ઓછાં દેખાય છે. તેનાં કેટલાંક કારણો છે :

(૧) વ્યાવહારિક રીતે તેમાં અમેરિકાનું ઘણું વર્ચસ્વ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) તેના બંધારણમાં રહેલ 'વીટો'ની સત્તાથી પૂર્વ-પશ્ચિમ ઝઘડાઓ માટેનું તે એક પ્લૅટફૉર્મ બની ગયું છે.

(૩) યુદ્ધ દરમ્યાન થયેલ ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ અને અમેરિકાનું જોડાણ ચાલુ રાખવાના આશયની ગંધ એની પાછળ રહેલી જણાય છે.

(૪) એની કાર્યપદ્ધતિ ઘણી ધીમી છે.

(૫) આંતરરાષ્ટ્રીય તંગદિલી વધારનાર રાષ્ટ્ર સામે કોઈ પણ અસરકારક પગલાં ભરી શકવા તે શક્તિમાન નથી.

આમાંની ઘણી બાબતો સ્પષ્ટ અને તાજેતરનાં ઉદાહરણો આપીને બતાવી શકાય તેમ છે.

ચીન જેવા દેશને સાચું પ્રતિનિધિત્વ મળતું નથી એ રાષ્ટ્રસંઘની મોટી નિષ્ફળતા છે. ચાલુ વર્ષે એ માગણી જોરદાર થવાની છે એને ખાળવા માટે પૂર્વ-તૈયારી રૂપે હેન્રી કૅબટ લૉજે રાષ્ટ્રસંઘમાં લાલચીનને વગોવવા માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. ચાર વર્ષનાં જૂનાં દફતરો ખોલી ૩૯ જેટલાં યુદ્ધખોરીનાં પગલાં ભર્યાનો આરોપ તેના ઉપર મૂકવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓ પ્રત્યેના વલણનો સવાલ છેક ૧૯૪૬થી સંઘમાં પડચો છે. એને માટે જુદું કમિશન પણ નિયુક્ત કરવામાં આવ્યું છે. પરંતુ આજ સુધી તેનો કશો નિવેડો થયો નથી. આફ્રિકાની સરકારે અક્કડ અને અસહકારી વલણ અખત્યાર કર્યું છે. પૂરી માહિતી આપવાની તે ના જ કહે છે. પોતાના પ્રતિનિધિને કમિશનને મળવાની પણ મનાઈ કરી છે. સલામતી સમિતિના ઠરાવને પણ અબંધારણીય ગણે છે. કાશ્મીરનો પ્રશ્ન પણ ૬ વર્ષથી પડચો છે. આ પરિસ્થિતિમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ સુંદર આદર્શને વરેલ હોવા છતાં આંતરરાષ્ટ્રીય પ્રશ્નોને સારી રીતે હલ કરવા કામયાબ નીવડી શકે એવો સંભવ ઘણો ઓછો છે.

આથી આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનું તાત્કાલિક અને અસરકારક નિરાકરણ કરવા અને જગતની શાંતિ જાળવવા માટે વિશ્વરાજ્યની, વિશ્વ-સમવાય તંત્રની ભલામણ કરવામાં આવે છે.

બધાં સાર્વભૌમ રાજ્યો પોતપોતાની સાર્વભૌમ સત્તામાંથી અમુક હિસ્સો ઐચ્છિક રીતે છોડી વિશ્વસમવાયી સરકારને આપે, અને એ રીતે વિશ્વસમવાયી સરકાર પ્રજાઓમાંથી જ સત્તા પ્રાપ્ત કરે. બધાં રાજ્યો શાંતિનું ધ્યેય સ્વીકારી આ સમવાયી તંત્રમાં જોડાય અને તેની સત્તાને સ્વીકારે.

આ વિશ્વસમવાયી તંત્રના વિચારને નક્કર સ્વરૂપ ૧૯૩૮માં આર્થર મૂર નામે એક અંગ્રેજ પત્રકારે આપ્યું હતું. બીજા વિશ્વયુદ્ધનો ભય જગત ઉપર પૂરેપૂરો તોળાઈ રહ્યો હતો ત્યારે 'એકત્ર થાઓ અથવા નાશ પામો' એ શીર્ષક તળે એક લેખ લખીને જગતની પ્રજાઓને એકત્ર થવા અને યુદ્ધમાંથી બચવું હોય તો આવું સમવાયી તંત્ર રચી કાઢવા માટે તેણે હાકલ કરેલી. લેખક હિન્દમાં આવ્યા ત્યારે ગાંધીજી પાસે આ વિચાર એમણે મૂકેલો. ગાંધીજીએ આ વિચાર તદ્દન નવીન જ છે એમ જણાવીને તેને એક આદર્શ તરીકે સ્વીકાર્યો હતો. પછી એ વિચારનો બહોળો ફેલાવો થયેલો. કેટલીયે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ એ વિચારને અપનાવ્યો છે અને પ્રસંગે પ્રસંગે એનો અમલ કરવા આદેશ પણ કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘને અસરકારક સ્વરૂપ આપવા માટે, આવા વિશ્વરાજ્યમાં ફેરવી નાખવા ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી સૂચનો થયાં છે. હિંદમાં પણ આ વિચારને સારો આવકાર મળેલો. ૧૯૪૨માં કૉંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં તે દેખાયો; અને ૧૯૪૬માં તેનું પુનરુચ્ચારણ થયું. ૧૯૪૯માં હિન્દમાં ભરાયેલી વિશ્વ-પૅસિફિસ્ટ-સભામાં વિશ્વરાજ્યની શકયતા વિષે વિચાર અને ચર્ચા ચલાવવામાં આવ્યાં હતાં.

વિશ્વરાજ્યની આ ત્રણ કલ્પનામાં મુખ્ય ત્રણ દોષ રહેલા છે:

(૧) જગતનાં બધાં જ રાષ્ટ્રો આ સમવાયી તંત્રમાં સામેલ થાય કે કેમ એ પ્રશ્ન છે.

(૨) દરેક રાજ્યને પોતાના સાર્વભૌમત્વનો થોડો હિસ્સો વિશ્વસરકારને આપવાનો છે. આજની મહાસત્તાઓ તે સિદ્ધાંત અપનાવીને પોતાથી ઉપર એવી અન્ય કોઈ સત્તાનો સ્વીકાર કરે એવી શકયતા જરાયે જણાતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭) એમાં જે ઐચ્છિક શસ્ત્રત્યાગનો સિદ્ધાંત અંતર્ગત રહેલો છે તેનો સ્વીકાર થવાની શક્યતા પણ આજે દેખાતી નથી.

એટલે વિશ્વરાજ્યનો આદર્શ ઘણો સારો હોવા છતાં એને વ્યવહારમાં મૂકવો અત્યારની પરિસ્થિતિમાં ઘણો મુશ્કેલ અને લગભગ અશક્ય છે.

(૬) અહિંસક બળની વૃદ્ધિ

વિશ્વશાંતિની સ્થાપના કરવા માટે જે જે માર્ગો અત્યાર સુધી જોયા તેમાં 'લશ્કરી બળની વૃદ્ધિ'નો અને 'સામુદાયિક સલામતી'નો માર્ગ એ બેમાંથી એકે આ યુગમાં નભી શકે તેમ નથી, એ આપણે જોયું. — એક પાશવી બળને જ વધારનારો હોવાથી અને બીજો વ્યવહારની કસોટી ઉપર નિષ્ફળ નીવડેલ હોવાથી. ત્રીજો વિશ્વરાજ્યનો માર્ગ આદર્શ છે. પરંતુ એ આદર્શથી જગત આજે ઘણું દૂર પડેલું છે; અને આજની જગતની પરિસ્થિતિ જોતાં તેને વ્યવહારમાં મૂકી શકવાની શક્યતા નથી. તે સિવાયના બે માર્ગો: એક 'આધ્યાત્મિક પુનર્જીવનનો' અને બીજો, 'આર્થિક પુનર્રચના'નો—એ બે માર્ગોમાં આજની તંગદિલીને અને કટોકટી ઓછી કરવાની ઠીક ઠીક આશા દેખાય છે. પરંતુ એ બંને માર્ગોનો મૂળ આધાર જેના ઉપર છે તે માર્ગનો વિચાર કરવાની ઘણી જરૂર છે. અને એ માર્ગ છે અહિંસાનો—શસ્ત્રબળની સામે અહિંસક બળની વૃદ્ધિનો.

વિનાશ અને હોનારતની શક્તિમાં એક પછી એક વધુ ને વધુ ચઢિયાતાં શસ્ત્રો જેમાં શોધાતાં જાય છે, એવા આ અણુયુગમાં ઍટમ બૉમ્બ અને હાઇડ્રોજન બૉમ્બ સામે અહિંસક બળ શી રીતે કામ લાગે? એવો પ્રશ્ન સહેજે ઊઠે એ સ્વાભાવિક છે. પરંતુ શસ્ત્રબળ જ્યારે એની ટોચ ઉપર પહોંચ્યું છે, અને એનો સામનો કરવાનો બીજો કોઈ માર્ગ જ નથી રહ્યો, ત્યારે જ તેની સામે અહિંસક બળ જાગૃત કરવાની પૂરેપૂરી આવશ્યકતા ઊભી થઈ છે.

આ વિનાશકારી અણુશસ્ત્રને અટકાવવા અને તેનો સામનો કરવા માણસજાત પાસે માત્ર એક જ માર્ગ ખુલ્લો રહ્યો છે. અને તે છે તેની આત્મશક્તિનો માર્ગ. માણસોનો અભૂતપૂર્વ વિનાશ સર્જનાર હિંસા અને પશુબળ આજે જ્યારે તેના કદરૂપમાં કદરૂપ સ્વરૂપે પ્રગટ થયાં છે, અને આપણી સામે ભયંકર ડોળા ફાડી રહ્યાં છે ત્યારે તેની સામે માણસે પોતાની અંદરની આત્મશક્તિ પ્રગટાવ્યા સિવાય અને તેનું બળ વધાર્યા સિવાય બીજો કોઈ આરો જ નથી. અત્યારે જ એને માટેનો ખરો વખત છે. એક આંતરરાષ્ટ્રીય સભાને સંબોધતાં થોડા વખત પહેલા શ્રી પ્યારેલાલે કહ્યું હતું : "પશુબળના અર્કરૂપ અણુબૉમ્બનો ઉદ્ભવ તેનાથી ઊલટા પ્રકારની શક્તિ, એટલે કે આત્મબળ અચૂક પેદા કરશે. પશુબળના જુલ્મ સામે એને ખડું કરવાનું માનવજાત જે દિવસે શીખશે તે દિવસે પશુબળ નિર્વીર્ય બની જશે." આમ આ પશુબળનો સામનો કરવા માણસે પોતાની આત્મશક્તિને જાગ્રત કરી તેની સામે ખડી કરવાની આજના યુગની સૌથી મોટામાં મોટી આવશ્યકતા છે.

આ આત્મશક્તિ એટલે આમપ્રજાના એકેએક માણસનો દૃઢ નિશ્ચય — મક્કમ નિરધાર. અણુશસ્ત્ર અને તેના ઉપયોગ સામે જાગૃત બનેલા અને સચેત બનેલા પ્રજામતનો બળવાન પોકાર. કોઈ રાજ્ય કે સરકાર આ કરી શકે તેમ નથી. એ પોકાર પ્રજામાંથી જ ઊઠવો જોઈશે. વિશ્વનાં તમામ રાષ્ટ્રોની સઘળી પ્રજાઓએ એનું બળ કેળવીને રાજદ્વારીઓ ઉપર તેની અસર પાડવી પડશે. અણુશસ્ત્ર સામે ટકવાનો પ્રજા પાસે આજે બીજો કોઈ માર્ગ ખુલ્લો રહ્યો નથી. પોતાનું આત્મબળ જાગ્રત કરી શસ્ત્રો નહીં વાપરવા દેવાનો પોતાનો મક્કમ નિરધાર આમપ્રજાઓએ રાજદ્વારી નેતાઓને કાને પહોંચાડવો જોઈએ. અને તેમને કહી દેવું જોઈએ કે, "હવે ખામોશ. આવો સંહાર હવે અમે કદી સર્જવા નહીં દઈએ."

આજે ધીમે ધીમે દુનિયાના જુદા જુદા દેશોમાંથી પ્રજામતનો આવો પોકાર બહાર આવવા લાગ્યો છે. અને તેની અસર કંઈક અંશે પડવા પણ માંડી છે.

બિકિની ટાપુમાં કરવામાં આવેલ હાઇડ્રોજન બૉમ્બના ધડાકા સામે જાપાનીઓએ શાંત પણ મક્કમ રીતે પોતાનું દુઃખ વ્યક્ત કર્યું છે. અને આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાતક પ્રયોગો છોડવાની દર્દભરી અપીલ કરી છે. ૨જી એપ્રિલે હિન્દની લોકસભા સમક્ષ નિવેદન કરતાં પં. નેહરુએ દુનિયાની પ્રજાઓની ઊંડી ઇચ્છાઓ અને લાગણીઓનો પડઘો પાડ્યો છે, અને એવા પ્રયોગો તાત્કાલિક બંધ કરવાની અપીલ કરી છે. શસ્ત્રો વધારવાથી કંઈ જ ફાયદો થતો નથી. એ વાત જર્મની અને જાપાનની પ્રજા સમજી છે. અને તેથી જ તે પ્રજાઓને શસ્ત્રસજ્જ કરવાના પ્રયત્નો સામે ત્યાંનો લોકમત વિરુદ્ધ છે. હમણાં થોડા વખત પહેલાં શ્રી મગનભાઈ દેસાઈએ બરાબર જ કહ્યું છે કે, "અણુબૉમ્બના પ્રયોગોને અટકાવવાની દુનિયાની દર્દભરી માગણી કાને ધરવામાં ન આવે, તો સઘળાં રાષ્ટ્રોની શાંતિપ્રિય પ્રજાઓએ તેની સાથે વેપાર કરવાનો ઇન્કાર કરવો જોઈએ. અને તેની સાથે અસહકાર કરવો જોઈએ." આ યુગની આ એક ઊર્ધ્વગામી ઉદ્‌ઘોષણા છે. આંતરરાષ્ટ્રીય પરિષદો દ્વારા પણ આ જ વિચાર વ્યક્ત કરવામાં આવે છે.

આવા મક્કમ પ્રજામતનો પડઘો પડ્યા વગર રહેતો નથી. જીનેવા પરિષદ ભરાઈ તે વખતે અમેરિકા તો ફ્રાન્સનો સંસ્થાનવાદ ટકાવી રાખવા માટે ઇન્ડોચાઈનામાં અમેરિકન લશ્કરો ઉતારવા તૈયાર થઈ ગયું હતું. પરંતુ દુનિયાના લોકમતના દબાણથી તે અટકી ગયું.

આ રીતે જોતાં જણાય છે કે, શસ્ત્રો સામે વિરોધ પોકારીને પોતાની તાકાત વધારવી એ જ આ આત્મશક્તિ જાગ્રત કરવાનો અર્થ છે. અહિંસાના પાયાના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યા વગર આત્મશક્તિ જાગ્રત કરવાની વાત કરવી મિથ્યા છે. અને તેથી અહિંસક શક્તિને જાગ્રત કરવી, વધારવી એ જ આજના જમાનાની કટોકટીને પહોંચી વળવાનો સર્વોત્તમ ઇલાજ છે.

વિખ્યાત ફિલસૂફ અને લેખક બર્ટ્રાન્ડ રસેલ કહે છે કે,

"હાઇડ્રોજન બૉમ્બે અને તેની એક ડગલું આગળ વધેલા કોબાલ્ટ બૉમ્બે બતાવી આપ્યું છે કે, તમારે જીવવું હોય તો તમારા દુશ્મનોને તમારે જીવતા રહેવા દેવા જોઈએ — કાં તો બંને જીવતા રહે કે બંને મરે.

"તમે એમ ન કહી શકો કે, 'અમે અમારા દુશ્મનોનું નિકંદન કાઢશું અને અમે પોતે જીવતા રહીશું.' તેથી દુશ્મનોને ગાળો દેવી, દ્વેષ કરવો, સમજૂતી ઉપર ન આવવું, એથી કશો ફાયદો નથી. આ યુગના લોકોએ સમજવું જોઈએ કે, દ્વેષ અને ઝનૂનીપણું એ મૃત્યુ તરફ લઈ જવાનો માર્ગ છે, જીવન તરફ લઈ જવાનો માર્ગ નથી."

અને દુશ્મનો તરફ થતો દ્વેષ રોકવો એ જ અહિંસાની નીતિનું અને આજની શાંતિ માટેના અનિવાર્ય ઉપાયનું સર્વ પ્રથમ પગલું છે. અમેરિકા અને રશિયા બંને આજે ઊલટી રીતે જ વર્તે છે. એકબીજા પ્રત્યે દ્વેષની ભાવના પ્રયત્નપૂર્વક ઊભી કરવામાં આવે છે. બેમાંથી એકે આ ગાંડપણના આચરણમાંથી પાછું ડગલું ભરે એવી આશા નથી. એ જ લેખક કહે છે: "અમેરિકન જૂથ અને રશિયન જૂથ બંનેમાંથી એકે પોતાના શોચનીય વલણમાંથી બહાર નીકળે એવી આશા રાખવી મિથ્યા છે. કેમ કે તેઓ એકબીજા પ્રત્યે તિરસ્કાર અને કુશંકા સેવે છે. તથા એકબીજાના ઇરાદા વિષે અને પ્રમાણિકતા વિષે તેઓને ભરોસો નથી." અને પછી કહે છે: આ બંને જૂથોને અથડાતાં રોકવા તથા તેમની સાન ઠેકાણે લાવવા કોઈક સ્વતંત્ર જૂથની જરૂર છે." તેઓ એટલું પણ ઉમેરે છે કે, "પંડિત નેહરુ જેવા પુરુષ અહીં ઉપયોગી થઈ શકે. અને આવું સ્વતંત્ર બળ શ્રી નેહરુની આગેવાની નીચે સંભવી શકે."

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં આવું શાંતિ જૂથ રચવું એ અહિંસાની નીતિનું બીજું વ્યાવહારિક પગલું છે. પં. નેહરુ દ્વારા વ્યક્ત થતી હિંદની આંતરરાષ્ટ્રીય નીતિમાં તો આ શાંતિ જૂથનો સ્વીકાર પણ થયેલો જ છે, અને એનો અમલ પણ થવા માંડ્યો છે.

આ રીતે અહિંસાની અને તેના એક અંગ તરીકે 'શાંતિબળ' વધારવાની નીતિમાં આજના કલુષિત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સ્વચ્છ હવાનો સંચાર કરવા માટે સાચું સામર્થ્ય દેખાય છે. રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેના સંબંધોમાં અખત્યાર કરવા જેવી એ નીતિના મુખ્ય સિદ્ધાંતો હિન્દ-તિબેટ વચ્ચે થયેલ કરારોમાં તથા હમણાં જ નહેરુ-ચાઉ વચ્ચે થયેલ સંધિમાં જોવા મળે છે. તેના મુખ્ય સિદ્ધાંતો આ પાંચ છે:–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) એકબીજાની પ્રાદેશિક અખંડતા તથા સાર્વભૌમત્વની પરસ્પર માન્યતા
(૨) બિન-આક્રમણ
(૩) એકબીજાની આંતરિક બાબતોમાં બિન-દરમિયાનગીરી
(૪) સમાનતા અને પરસ્પર લાભ
(૫) શાંતિપૂર્વકનું સહ અસ્તિત્વ

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં આ સિદ્ધાંતોનો સ્વીકાર અને અમલ કરવાથી સુલેહ શાંતિનો નક્કર પાયો નંખાશે, અને ભય અને શંકાને બદલે વિશ્વાસનું વાતાવરણ ફેલાશે, એવું ઘણા રાજદ્વારીઓનું માનવું છે. છેલ્લા મુદ્દાના સંબંધમાં ચર્ચિલે કહ્યું હતું: "આ નીતિ વ્યાપક સ્વીકાર પામે તો દુનિયાને આજે વિભક્ત કરી રહેલા સવાલોનો ઉકેલ કરી શકાય. અને તો માનવ-જાતિનો સામુદાયિક વિનાશ ટાળી શકાય."

આ બધા ઉપરથી સિદ્ધ થાય છે કે, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં અહિંસાની નીતિ નાકામયાબ છે એમ માનવું એ મોટી ભૂલ છે. અહિંસાના જીવંત પ્રતીક સમા ગાંધીજી પોતે જ આંતરરાષ્ટ્રીય વ્યક્તિ હતા. ગાંધીજીના વિચારો અને નીતિ ઘડવામાં મુખ્યત્વે જગતના ત્રણ મહાન દેશોના લેખકોની અસર થઈ છે: (૧) 'ધી કિંગ્ડમ ઑફ ગૉડ ઇઝ વિધિન યુ' એ પુસ્તક દ્વારા રશિયાના ટૉલ્સ્ટૉયની; (૨) 'અન ટુ ધીસ લાસ્ટ' એ પુસ્તક દ્વારા ઇંગ્લૅન્ડના રસ્કીનની; અને (૩) 'સિવિલ ડિસઓબીડિયન્સ' એ પુસ્તક દ્વારા અમેરિકાના થોરોની. આમ ગાંધીજી અને તેની વિચારસૃષ્ટિ જ આંતરરાષ્ટ્રીય ભૂમિકા ઉપર રહેલાં છે. રાજકારણમાં ધર્મ અને આધ્યાત્મને મહત્ત્વ આપવાના અને તેના ઉપર ભાર મૂકવાના ગાંધીજીના આગ્રહ સાથે વિલિયમ બ્લેઈકનું કથન પણ ઘણું મળતું આવે છે: "ધર્મ એ જ રાજકારણ છે, અને રાજકારણ એટલે બંધુભાવ."

આ 'રાજકારણ એટલે બંધુભાવ'નો સિદ્ધાંત આજે સ્વીકારવામાં આવે તો જગતનું સ્વરૂપ કેટલું પલટાઈ જાય?

આ અહિંસાની નીતિ હિન્દ સિવાય જગતના અન્ય દેશોના લોકોને પણ અપનાવવા માટે ગાંધીજીએ અનુરોધ કરેલો છે. પ્રથમ એશિયાટિક કૉન્ફરન્સમાં તેમણે ઉચ્ચારેલું: "હું આશા રાખું છું કે હિન્દનો અહિંસક કાર્યક્રમ જગતભરમાં ફેલાય." ૧૯૩૧માં ઇંગ્લૅન્ડના એકારોને 'ડોલપદ્ધતિ' સામે અસહકાર કરવાની એમણે સલાહ આપી હતી. સ્વીટ્ઝર્લૅન્ડના લોકોને તેમણે કહેલું કે, યુરોપની પ્રજાઓ અહિંસક કાર્ય માટે શક્તિશાળી છે. તે જ પ્રમાણે મધ્ય યુરોપના યહૂદીઓને નાઝી દમન સામે, ઝેકોસ્લોવેકિયાને અને પોલૅન્ડને જર્મની સામે અહિંસક પ્રતિકાર કરવાની તેમણે સલાહ આપી હતી. ૧૯૪૦માં બ્રિટનને શસ્ત્રત્યાગ માટે અને સાનફ્રાન્સિસ્કોમાં મળેલી જગતની મહાન સત્તાઓને અહિંસાનો સ્વીકાર કરવાની તેમણે અપીલ કરી હતી અને એટમ બૉમ્બનો એ જ અસરકારક પ્રતિકાર છે એમ જણાવ્યું હતું. ઍલ્ડસ હક્સલે જેવો લેખક કહે છે: "આવતાં વર્ષોમાં એવી ઘણી શક્યતા છે કે સત્યાગ્રહનાં મૂળ પશ્ચિમમાં પણ જડાય." ડૉ. જી. એન. ધવન લખે છે: "જગતના રાજદ્વારી વિચારો અને આચારમાં અહિંસક સત્યાગ્રહ એ હિંદનો મહાન ફાળો છે. ઝઘડા અને હિંસા આજે સર્વત્ર વ્યાપ્ત થઈ ગયાં છે અને સભ્ય જીવનને જ જોખમમાં મૂકે છે. સત્યાગ્રહ દ્વારા આંતરરાષ્ટ્રીય સંબંધોમાં રહેલ શોષણ અને આક્રમણ સામે લડવા માટે ગાંધીજીએ એક સર્જનાત્મક, રચનાત્મક માર્ગ અને તરીકો જગત સમક્ષ ધર્યો છે." રૉય વૉકર નામે એક શાંતિવાદી જણાવે છે: "ગાંધીજીએ ખરેખર યુદ્ધ ત્યાગ્યું હતું એવો વિશ્વાસ લોકોમાં બેઠો હતો. માણસમાં જે ઉત્તમ છે તેને ગાંધીજી જાગ્રત કરતા. આજે એટમ બૉમ્બ જગવિનાશ નોતરી રહ્યો છે ત્યાં ગાંધીજીનો માર્ગ રાજદ્વારી નેતાઓએ ગ્રહણ કરવો જોઈએ અને તેના ઉપર નવરચના કરવી જોઈએ."

આ રીતે જગતના વિચારકો ગાંધીમાર્ગ દ્વારા જગતની શાંતિ સ્થાપવાની બાબતમાં વિચારે છે. એટલું જ નહીં, પણ એ જ સાચો માર્ગ છે એવી કેટલાકને ખાતરી થઈ છે. એ બળની વૃદ્ધિ કારખાનાંઓમાં થઈ શકતી નથી. એકે એક પ્રજાજન પોતાનું આત્મબળ વધારવાની કોશિશ કરીને અને સામુદાયિક રીતે શાંતિબળ વધારવાના પ્રયત્નમાં હૃદયપૂર્વક સહકાર આપીને જ એ કરી શકે.

(સંપૂર્ણ)

ચંદ્રકાંત વસાવડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી]

૧૨-૧૧-'૪૭, દિવાળી
બિરલાહાઉસ, નવી દિલ્હી

નિયમ મુજબ પ્રાર્થના. પ્રાર્થના પછી પત્રમાં લખ્યું :

"આજે દિવાળી છે, પણ દેશનું દેવાળું છે. . . . ઈશ્વરને પ્રાર્થના કરીએ કે, લોકોનાં હૃદયમાં સાચી રોશની પ્રગટ થાય. અહીંનું વાતાવરણ તંગ છે. પોલીસ કે મિલિટરી વગર ચાલતું નથી. ખૂનો અને ગોળીબાર તો સહજ બની ગયાં છે. જોઈએ શું કરી શકું છું."

"શામળદાસે નવાબી તેના સ્વભાવ પ્રમાણે ઝળકાવી. એમાં પણ હું ખુશ તો નથી. પણ મારી ખુશી નાખુશીથી કોઈએ ચિંતા કરવાની નથી. અને લક્ષ પણ આપવાનું નથી. આખર સહુ પોતાને તુંબડે તરતાં શીખે એમાં જ લોકશાહીની સાચી સફળતા રહેલી છે."

"આશ્રમમાં તમે તમારી દીકરીને મૂકવા ઇચ્છો છો તે મને ગમે છે. પણ આશ્રમમાં હું નથી એમ સમજી લેજો. પણ તેથી શું? બીજાં ઘણાં છે. આશાદેવી આર્યનાયકમ છે. કિશોરલાલભાઈ તો હમણાં ત્યાં નથી. નઈ તાલીમનું તમામ જ્ઞાન શીખી લે. ખાદી અને તેને લગતી તમામ ક્રિયા જાણી લે. હિંદી અને સંસ્કૃત તો બરાબર થવું જ જોઈએ. જો આ બધું સ્થિર મને શીખશે તો મારી દૃષ્ટિએ એ નિષ્ણાત થઈ જશે. અને પછી તો હું જીવતો રહ્યો તો મને બધું જ શિખવાડી શકશે." . . .

"મૈં નહીં જાનતા કિ યહાં કહાં તક રહના હોગા. ઇતના સમઝો કિ કરના હૈ યા મરના. બીચકા કોઈ રાસ્તા મેરે પાસ નહીં હૈ."

આજે દિનશાહજી પૂના ગયા એટલે તેમનું કામ મેં સંભાળ્યું. બાપુજી ફરવા ગયા ત્યારે હું મીરાબહેનની સેવામાં હતી. તેમને સખત શરદી થઈ છે. તેમને માલિશ કરી સ્પંજ આપ્યું. ગરમ કાઢો પાયો. બાપુજી ફર્યા પછી તેમને જોવા આવ્યા હતા.

દિવાળી હોવાથી બાપુજીને મળવા તો સવારથી જ લોકો આવતા હતા. અહીં તો કંઈ લાગતું જ નથી કે આજે દિવાળી છે.

ભોજન પછી કેટલાક મુસ્લિમ વિદ્યાર્થીઓ આવ્યા. તેમની સાથે વાતો કરતાં બાપુજી કહે :

"ખરું જોતાં જુદા જુદા વિદ્યાર્થી સંઘ ન હોવા જોઈએ. વિદ્યાર્થી સંઘ એક હોય. તેમાં ન્યાતજાત કશાના ભેદભાવને તો સ્થાન હોય જ નહીં. વળી આ નાજુક સમયમાં જો તમે મુસ્લિમ યુવાન વિદ્યાર્થીઓ ધારો અને ઇચ્છો તો ખૂબ મોટી સેવા બજાવી શકશો. તમે હિંદુ કેમ્પમાં જાઓ. ત્યાં જઈને લોકોને વીનવો કે, 'અમે છીએ તો મુસ્લિમ જાતિ. અમારો વિશ્વાસ તમને નહીં આવે એમ છતાં આ વખતે અમારા પર વિશ્વાસ રાખીને અમારી સેવા લો, એવી આગ્રહભરી વિનંતિ કરીએ છીએ.' જો તમારું મન સાફ હોય અને તમને એમ લાગતું હોય કે અમારે હિંદની સેવા કરવી છે તો આ સેવા કરતાં બીજી કોઈ રૂડી સેવા અત્યારના સંયોગમાં નથી."

પછી શહીદસાહેબ સાથે વાતો કરી. એમને બાપુજી કરાંચી મોકલવા ઇચ્છે છે. પંજાબ અને સિંધના ત્રાસ-ભર્યા સમાચાર મળે છે. શહીદસાહેબ અને રાષ્ટ્રીય મુસલમાનોએ સાથે મળીને એક જાહેર નિવેદન પણ પ્રગટ કરવાની બાપુજીએ સૂચના કરી. અને સાથે એમ પણ કહ્યું કે, 'હું કહું છું માટે નહીં પરંતુ તમને પોતાને જો આ અન્યાય છે એમ લાગતું હોય તો જ કરવું.'

૨-૨૫ વાગ્યે બાપુજીએ કાંત્યું. ૨-૪૦ વાગ્યે કુરુક્ષેત્રની છાવણીના નિરાશ્રિતો માટે બાપુજી સંદેશો આપવા રેડિયો સ્ટેશને ગયા. ત્યાંના સ્ટાફે બાપુજીને સત્કાર્યા. પછી એક ઓરડામાં લઈ ગયા. અને લાલ બત્તી થાય ત્યારે બોલવાની સૂચના કરવા અખતરો બતાવ્યો. એ અખતરો થતાં બાપુજીએ બોલવાની શરૂઆત કરી. પણ રેડિયો કલાકારે કહ્યું, હમણાં નહીં, આ તો આપે કેમ બોલવું એ બતાવી રહ્યો છું . . .

બાપુજી કહે, "ભાઈ, હું તો રહ્યો ગામડિયો માણસ. મને આમાં કંઈ ગતાગમ નથી હોં!! અને સમજ પણ ન પડે." બધાં ખડખડાટ હસી પડ્યાં. બરાબર સમય થયો એટલે બાપુજીએ બોલવાનું શરૂ કર્યું. તે આ પ્રમાણે હતું :

"મેરે દુ:ખી ભાઈઓ ઔર બહનો,

"મુઝે પતા નહીં હૈ કિ મેરી બાત આપકે સિવા ઔર કોઈ સુન રહે હૈં યા નહીં. યહ મેરા દૂસરા અનુભવ હૈ. પહલા અનુભવ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમેં હુઆ થા. મૈં તો જંગલી આદમી હૂં. ઇસ તરહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રોડકાસ્ટ ભવનસે બોલનેમેં મુઝે કોઈ દિલચસ્પી નહીં હૈ. દુઃખિયોંકે સાથ દુઃખ ઉઠાના ઔર ઉનકે સાથ મિલ જાના હી હંમેશા મેરે જીવનકા કામ રહા હૈ.

"મૈંને સુના કિ આપ લોગ વહાં અઢાઈ લાખકે કરીબન હૈં. તબ મુઝે લગા કિ મૈં આપકે પાસ પહુંચ જાઊં. કલ આનેવાલા થા. લેકિન એ. આઈ. સી. સી. કી મીટિંગ થી. ઔર ઉસમેં મેરા હાજિર રહના જરૂરી થા. શેઠ ઘનશ્યામદાસ બિરલાને સુઝાયા કિ રેડિયોસે આપસે કુછ કહૂં. ઇત્તિફાકસે જનરલ નથુસિંહજી જિન્હોંને કુરુક્ષેત્ર છાવનીકી વ્યવસ્થા કી હૈ પરસોં મુઝે આપકી મુસીબતોંકા હાલ સુના રહે થે. સરકારને આપકી છાવનીકા બંદોબસ્ત કરનેકે લિયે જો સત્તા દી હૈ વહ કેવલ ઇસી લિયે કિ ફૌજકે લોગ છાવનિયોંકી વ્યવસ્થા કરનેકે લિયે કાબેલ હોતે હૈં. નહીં કિ આપકો કિસી તરહ દબાના હૈ.

"આપકા ૨॥ લાખકા ખાસા શહર હો ગયા હૈ. લંબી ચૌડી કયા બાત કરૂં? જો દુઃખ ઉઠાતે હૈં વે અપને દુઃખકો સબસે જ્યાદા જાનતે હૈં.

"મુઝે માફ કરેં કિ મુઝકો ત્રુટિયાં હી બતાની પડતી હૈં, ખૂબિયાં નહીં. મૈં હિન્દુસ્તાનકી સેવા કરતા હૂં તો મેરે લિયે જગતકી સેવા હૈ. મૈં આપકો ત્રુટિયાં બતા દૂં, ઔર આપ ઉનકો દુરસ્ત કર દેં.

"મુઝે યહ જાનકર દુઃખ હુઆ કિ છાવનીકે અધિકારિયોં યા અપને પડોસિયોંકે સાથ આપ એક દૂસરેકો સહયોગ નહીં દેતે. યહ સચ્ચી કઠિનાઈ ઔર મુસીબત હૈ. મૈં જાનતા હૂં કિ પંજાબકી કડી ઠંડી દિન પર દિન બઢતી જા રહી હૈ. યહ સબ દુઃખ મૈં સમજતા હૂં. હુકૂમત જિતના કર સકતી હૈ ઉતના કરતી હૈ. ઐસા મૈં યકીન રખતા હૂં. આપકે પ્રધાનમંત્રી પર ઇસકા સબસે બડા બોઝ હૈ. ફિર ભી મૈં કહતા હૂં કિ અંગ્રેજ હુકૂમત રહતી તો વહ ભી ઇતની વ્યવસ્થા નહીં કર પાતી. આપકી મુસીબતેં ઔર વિપત્તિઓંકી કોઈ હદ નહીં હૈ. આપસે મેરી પ્રાર્થના હૈ કિ ઇસ સંકટકો આપ ધીરજ ઔર હિંમતસે સહન કરના સીખેં.

"આજ દિવાલી હૈ, લેકિન આજ આપ યા કોઈ દિવાલી રોશની યા દિયાબત્તી જલાકર ન મનાવેં લેકિન એક દૂસરે ભાઈ ભાઈ બહન બહન કરકે રહનેં. અગર આપ જિતને વહાં પડે હૈં રિશ્તેદાર હૈં ઐસા રહેં તો મુઝે બડી ખુશી હોગી ઔર આપકી મુસીબતોં પર આપ વિજય પાયેંગે.

"જનરલ નથુસિંહજીને મુઝે બતાયા કિ અબ જહાં કોઈ શરણાર્થી ન ભેજા જાય. મુઝે યહ સમજમેં નહીં આતા કિ મુખ્ય અધિકારિયોંસે પહલે બતાયે બિના ઇતની તાદાદમેં શરણાર્થિયોંકો વહાં કયોં ભેજા જાતા હૈં? અભી મેરે હાથમેં ખત આ ગયા. ઈસ્ટ પંજાબ એક મંત્રી પ્રતાપસિંહજી કહતે હૈં કિ હમારી તરફસે કોઈ તપસીલ નહીં હૈં. કેન્દ્રીય સરકાર પર હૈ.

"એક કેન્દ્રકી યા સૂબેકી સારી સરકારેં જનતાકી સરકાર હૈં. ઇસલિયે એકકા દોષ દૂસરે પર ડાલના ઠીક નહીં. કિસી પર ઇલ્જામ ન દેં. અપને પર લે લે તો બહુત કામ હોગા. યહ સબ સુનાતા હૂં તો આપકી જીમ્મેવારી બઢ જાતી હૈ. છાવનીકી સફાઈકે લિયે આપ ઇન્તેજારીમેં ન રહેં. ડૉકટર લોગ ભી કુછ કરનેવાલે નહીં હૈં. પંજાબકો મૈં અચ્છી તરહ જાનતા હૂં. તબસે પંજાબકી ખામિયાં જાનતા હૂં ઔર ખૂબિયાં ભી જાનતા હૂં. જો ખામી પંજાબમેં હૈ સારે હિંદમેં હૈ. વહ સફાઈકા—સાર્વજનિક સફાઈકે નિયમકા પાલન નહીં કરતા હૈ. ઔર કરનેસે જિઝકતા હૈ. ઇસીલિયે હરિજન સમાજ રખા હૈ. ૨॥ લાખ સ્ત્રીપુરુષ હૈં, હરિજન બન જાયં. સબ સફાઈકા નિયમ જાનેં તબ પહલે દરજેકા કામ હો જાયેગા.

"દૂસરી બાત આપકો જો ખાના મિલતા હૈ સબ બાંટકે મિલજુલકર ખાયેંગે તો અચ્છા રહેગા. ઐસા આપ નહીં કરતે તો વહ બુરી આદત હૈ. ઇસ દુઃખમેં હમ પડે હૈં તો જો સીખના ચાહિયે વહ સીખ લેં. હમારેમેં એક કિસમકા આલસ્ય આ ગયા હૈ. હમકો તો ખિલાના પિલાના ચાહિયે, ઐસા અધિકારી દાવા કરેંગે તો સખ્ત ગલતી હૈ. આપકા ઇન્તજામ કરના સરકારકા ફર્જ હૈ હી, લેકિન ઇસકા મતલબ યહ નહીં કિ આપકી ફર્જ ખત્મ હો જાતી હૈ.

"એક બહન મુઝે મિલને આઈ થી, વહ કહતી થી કિ અપની છાવનીમેં બહુતસી ઔરતેં ચરખા ચલાના જાનતી હૈં. સૂત નિકાલનેમેં બહુત પરિશ્રમ નહીં પડતા. આપ સબકો રાજ પર બોઝ બનનેસે ઇન્કાર કર દેના ચાહિયે. કોઈ આલસ્યમેં ન ખાય. પરિશ્રમ કરકે ખાનેકા હક્ક હૈ. સેવાભાવસે ખાના હૈ, જિતના ખાના મિલે ઉસસે સંતુષ્ટ રહના હૈ. હમેં ભિક્ષુક નહીં બનના ચાહિયે. પરસ્પર દૂધમેં જૈસે શક્કર મિલતી હૈ ઇસ તરહ મિલકર કામ કરેંગે તો જિતની કૅમ્પ હૈં સ્વાશ્રયી બનેંગી.

"મેરે પાસ કમલિયાં ઔર રજાઇએં આ ગઈ હૈં. સરદાર પટેલકી અપીલકા ભી અચ્છા જવાબ મિલા હૈ. લેકિન અગર આપ લોગ આપસમેં ઝગડેંગે ઔર કુછ લોગ અપની જરૂરતસે જ્યાદા હિસ્સા લેંગે તો આપકો હી નુકસાન હોનેવાલા હૈ. મૈં જાનતા હૂં કિ આજ ભી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ બડી હી મુસીબતેં ઉઠા રહે હૈં, મગર આપકે ગલત કામસે તો આપકી મુસીબતેં ઔર જ્યાદા બઢ જાયેંગી.

"આપ લોગ માનતે હોંગે કિ અબ પંજાબ નહીં જાના હૈ. મૈં યહ નહીં માનતા. સબ જહાંસે આયે હૈં વહાં જાના હી હૈ. જિતને મુસલમાન યહાંસે ચલે ગયે હૈં ઉનકો ભી વાપસ આના હૈ. મજબૂરીસે ગયે હૈં ઉનકી પૂરી રક્ષા કરકે વાપસ નહીં લાતે હૈં તો હમારી શર્મ હૈ. ઇસ તરહ નહીં ચલેંગે તો દેશકા નાશ હોગા."

૩ વાગ્યાથી અહીં આજે કારોબારીની બેઠક ચાલતી હતી, તે રાતે ૮ વાગ્યા સુધી ચાલુ જ રહી. બાપુજી વચ્ચે પ્રાર્થના માટે ઊઠી નીકળ્યા હતા. એટલે રેડિયો સ્ટેશન પરથી આવીને બાપુજી સીધા આ સભામાં જ બેઠા. રેડિયો સ્ટેશનથી ઘર સુધી બાપુજી ઊંઘી ગયા હતા. અમારી સાથે રાજકુમારીબહેન હતાં.

આજની પ્રાર્થનાસભામાં બાપુજીએ કહ્યું:

"આજે તો દિવાળીનો દિવસ છે. આપણા દેશમાં આ દિવસ મોટા તહેવારનો દિવસ છે. આ શુભ દિવસે હું તમને સહુને મુબારકબાદી આપું છું. અને વિક્રમ સંવત પ્રમાણે કાલે નવું વર્ષ બેસશે. આ તહેવારોમાં ગૂઢ અર્થ ભરેલો છે. લોકવાયકા એવી છે કે, રામે રાવણને યુદ્ધમાં હરાવ્યો. અને તે દહાડાથી રામરાજ્યની સ્થાપના થઈ – એટલે કે રાવણ રૂપી પાપ અને અત્યાચાર અનીતિને રામ રૂપી રોશની તેમ જ હૃદયમાં માનવતાના દીવા પ્રગટ થયા. લોકો સુખ શાંતિ માણી શક્યા, એ આ મહાન તહેવારોમાં ગૂઢ અર્થ ભરેલો છે. એટલે આપણે પણ આપણું અમાનુષી વર્તન હૃદયમાં દીવાઓ પ્રગટાવીને કાઢી નાખીએ.

"પણ આજે તો ચોતરફ આગ જલી રહી છે. હિંદમાં રામરાજ્ય નથી. અને રામના વિજયની ઉજવણી તો એ લોકો જ કરી શકે જેના દિલમાં રામ વસેલો હોય. આ છોકરીઓએ હમણાં ભજન ગાયું: દિલમાં દીવા કરો રે દીવા કરો ... એટલે બાહ્ય દીવા કે રોશની જોવા જવાને બદલે આંતરિક રોશની પ્રગટાવીને જોવાની પ્રભુ આપણને શક્તિ આપો. આ દિવસો માનવજાત માટે કસોટીના દિવસો છે. હિંદમાં આજે લાખો લોકો કારમી આફતમાં ફસાયા છે. એવે સમયે સહુ પોતાના હૃદય પર હાથ મૂકીને કહી શકશે કે, પ્રત્યેક હિંદુ, શીખ, કે મુસલમાનોને અમે અમારા ભાઈબહેન માનીએ છીએ? રામ અને રાવણ એ તો દૈવી અને આસુરી બળના માણસના હૃદયમાં ચાલતા દ્વંદ્વયુદ્ધના પ્રતીક છે. અને એથી સાચી રોશની દિલમાં પ્રગટાવવા અંતરનાં દ્વારો ખોલવાં જોઈએ.

"આજે જ પંડિતજી કાશ્મીર જઈને આવ્યા. એથી ગઈ કાલે કોંગ્રેસની બેઠકમાં હાજરી ન આપી શક્યા. લૂંટફાટ અને માનવતા ઓસરી જવાને કારણે આ રળિયામણા પ્રદેશની શોભા કલંકિત કરી છે.

"પેલી તરફ નાનકડા કાઠિયાવાડના ખૂણે આવેલું જૂનાગઢ આખી દુનિયામાં ગાજી રહ્યું છે. શામળદાસ ગાંધી અને ત્યાંના આગેવાન ઢેબરે સરદારને બોલાવ્યા એટલે તેઓ પણ જઈ આવ્યા. ઝીણાસાહેબ અને ભૂતો સાહેબ ખૂબ નારાજ છે. કારણ કે તેમને એમ લાગ્યું છે કે, હિંદી સરકારે દગો કર્યો છે અને હિંદ સરકાર જૂનાગઢને પરાણે હિંદી રાજ્યમાં જોડાવાની ફરજ પાડે છે. આ કેવળ તેમનો વહેમ જ છે. પણ દુનિયામાં વહેમનું ઓસડ નથી. એકબીજા વહેમની નજરથી જ્યાં સુધી આપણે જોયા કરીશું ત્યાં સુધી આપણને સાચું સુખ પ્રાપ્ત થવાનું નથી. અને જૂનાગઢ કે કાશ્મીરમાં આપણે જીતીએ કે ન જીતીએ તેનો મને આનંદ કે શોક નથી. જો આપણે સાચી હકીકત સમજવા ન જ ઇચ્છતા હોઈએ તો. અને આજે હિંદમાંથી લાખો મુસલમાનો પોતાનું વતન છોડી જાય છે. હિંદુ અને શીખોના પણ તેવા જ હાલ છે. એ સહુ પોતપોતાને સ્થાને નહીં જાય ત્યાં સુધી મને ચેન પડવાનું નથી.

"હમણાં અહીં કારોબારીની સભા ચાલી રહી છે. તે વિષે હું તમને આવતી કાલે જણાવીશ.

"છેલ્લે ફરી એટલું ઇચ્છું કે આ નૂતન વર્ષે પ્રભુ આપણને સન્મતિ આપે. આપણા સહુનું અને દેશનું તમામ કાર્ય રૂડી રીતે ચાલે અને હિંદની જ નહીં બલ્કે હિંદ દ્વારા આખી દુનિયાની સેવા કરવાને શક્તિ પ્રભુ આપણને આપે."

પ્રાર્થના પછી ફરવાને બદલે બાપુજી ફરી કારોબારીની ચાલતી સભામાં બેઠા. આઠ વાગ્યે સહુ ગયા. પછી ભાષણ લખ્યું. સૂતાં સૂતાં ૧૦ વાગ્યા. દેવદાસકાકા અને કાકી એકલાં આવ્યાં હતાં. સાંજે ગોપુ અને બાળકો આવ્યાં હતાં. કાકીએ બાપુજીના પગ દાબ્યા. કાકાએ બાપુજી સાથે ચાલતી પરિસ્થિતિની વાતો કરી. કાકા કહે છે કે, કોંગ્રેસના પ્રમુખ બાપુએ જ બનવું જોઈએ. તો જ આ સડો અટકશે. અને અત્યારથી નહીં અટકાવાય તો પાછળથી મુશ્કેલ બનશે. પણ બાપુજી તો હિંદુ મુસ્લિમ એકતાના કાર્ય સિવાય કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની ઇચ્છા રાખતા નથી.

દિવાળી હોવાને કારણે બિરલાજીએ લક્ષ્મીપૂજન કરેલું. અમે પણ પૂજન કર્યું. રાતે ઘરનાં બધાં બાપુજીને પ્રણામ કરવા આવ્યાં હતાં. બિરલાહાઉસનાં મકાનો પર રોશની પ્રગટ થઈ હતી. અમે બિરલામંદિર પણ દર્શન કરવા ગયાં હતાં. ખૂબ રળિયામણું લાગતું હતું.

ઠંડી તો દિવસે દિવસે વધતી ચાલી છે. બાપુજી માટે રજાઈ કરાવવી પડશે. પણ કદાચ રજા નહીં આપે. બાકી તો બધું ચાલે છે તેમ ચાલે છે.

હું મીરાબહેનની સેવા કરી ૧૧॥ વાગ્યે સૂવા આવી.

મનુબહેન ગાંધી

ચાલુ]

માધ્યમિક શિક્ષણનો વિસ્તાર કેમ કરવો?

આપણને એમ લાગે છે કે, હિંદ જેવા ગરીબ દેશમાં કેળવણી વ્યાપક કરવી હોય તો તેનું ખર્ચ કેવી રીતે કાઢવું? પણ આ પ્રશ્ન અમેરિકા જેવા ધનાઢ્ય દેશોને પણ નડે છે. ત્યાંની કેળવણી વિષે 'હિંદુ' પત્રમાં (૧૫-૨-'૫૫) શ્રી વૉલ્ટર લિપમેન જણાવે છે કે, ત્યાં ૭ લાખ બાળકોને પૂરો સમય ભણવાનું મળતું નથી અને ૧૫ લાખ બાળકો ભાડાનાં જેવાં તેવાં મકાનોમાં ભણે છે. કોઈ વર્ગમાં વિદ્યાર્થીની સંખ્યા ૩૦ થી વધુ ન હોવી જોઈએ એમ ઠરાવેલું છે. પણ પચાસ ટકા વર્ગોમાં વધુ સંખ્યા રાખવી પડે છે અને ઘણા વર્ગોમાં તો ૫૦ થી ૬૦ સંખ્યા પણ હોય છે. તે દેશમાં વરસે ૧૦ અબજ ડૉલર (આશરે રૂ. ૪૮ અબજ) કેળવણી પાછળ ખરચાય છે, છતાં આ સ્થિતિ છે. (હિંદમાં આશરે રૂ. એક અબજ ખરચાય છે.) ત્યાંની માધ્યમિક શાળાઓમાં પણ એવી જ સ્થિતિ છે. તેનો વિસ્તાર કરવા માટે એવી સૂચના કરવામાં આવી છે કે, કારખાનાંવાળાઓએ હાઈસ્કૂલો ચલાવવી અને ત્યાં ઉદ્યોગની સાથે બીજા વિષયોનું શિક્ષણ આપવાની જોગવાઈ કરવી.*

કારખાનાંમાં શિક્ષણની વ્યવસ્થા કરવાથી વિદ્યાર્થીને ઉદ્યોગના વાતાવરણમાં પ્રત્યક્ષ કામ શીખવાનું મળે અને તે કંઈક કમાણી પણ કરી શકે. પણ ઉદ્યોગ-શિક્ષણ ઉપરાંત નાગરિક તરીકેની બીજી તાલીમ ત્યાં મળે નહીં. ઉમેદવાર પદ્ધતિની માફક કામ શીખવાનું મળે, પણ બીજી રીતે શિક્ષણમાં ઊણપ રહી જાય. તેને અંગે લેખકે સૂચવ્યું છે કે, 'જનકલ્યાણ અને સેવા-કામ કરનારાઓએ અને તેનાં મંડળોએ આ ઊણપ દૂર કરવામાં મદદ કરવી જોઈએ અને વિદ્યાર્થીઓને નાગરિક ધર્મ, આરોગ્ય, અને કળા સાહિત્ય વગેરેનું શિક્ષણ આપવું જોઈએ.'

એટલે બન્ને પ્રકારના શિક્ષણની—ઉદ્યોગ અને સામાન્ય જ્ઞાનની જરૂર તો છે જ. તે કેમ આપવું તે સવાલ છે. શ્રી રાજાજીએ પ્રાથમિક શિક્ષણ માં આવી જ કંઈ સૂચના કરી હતી કે, શાળામાં ઉદ્યો નહીં ચલાવતાં ગામમાં ચાલતા ઉદ્યોગોમાં બાળકોને જોડવાં જોઈએ.

સવાલ એ છે કે, શાળાઓમાં ઉદ્યોગો ચલાવવા કે ચાલુ ઉદ્યોગોમાં વિદ્યાર્થીઓને જોડવા? શાળાઓમાં ભણતરનું વાતાવરણ હોય છે પણ ઉદ્યોગનું વાતાવરણ હોતું નથી. ત્યારે કારખાનાંમાં ઉદ્યોગનું વાતાવરણ હોય છે પણ સર્વાંગી ભણતરનું વાતાવરણ હોતું નથી. આ બેનો મેળ બેસાડવો જોઈએ. કારખાનાંની સાથે શાળાઓ જોડવામાં આવે અને તેના શિક્ષકો પોતે પણ ઉદ્યોગમાં જોડાય તો આ મેળ સારી રીતે બેસાડી શકાય. ઉદ્યોગ શીખવનારા જુદા અને બીજા વિષયો શીખવનારા જુદા એમ કરવાથી ઉદ્યોગનું શિક્ષણ મળે, પણ તે એકાંગી થાય. એટલે શાળાઓમાં શિક્ષકોએ મળીને આર્થિક રીતે પગભર ઉદ્યોગો બરાબર ચલાવવા જોઈએ અગર તો કારખાનાંઓની સાથે શાળાઓને જોડવી જોઈએ. તેમાં પણ શિક્ષકોએ પોતે તો ઉદ્યોગ કરવો જ જોઈએ, પણ કારખાનાને પગભર કરવાની અને તેને ચલાવવાની જવાબદારી તેમની ઉપર ન રહે.

આં રીતે, આપણા માધ્યમિક શિક્ષણ અંગે વિચાર કરવા જેવો છે. હવે વિવિધલક્ષી શાળાઓ સરકાર કાઢવા માગે છે ત્યારે આ બાબતનો ખાસ વિચાર કરે, તો જ આ નવો પ્રયોગ સફળ થઈ શકે.

વિ૰

* 'Let Industry Educate' By Bede Sullivan (School and Society — Oct. 30. 1954.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજીને નામે પ્રગતિનો વિરોધ

'હિંદુ' પત્રના ગઈ તા. ૨૭મી એપ્રિલના અંકમાં પ્રો. એ. આર. વાડિયાના 'ધ ફ્યુચર ઑફ ઇંગ્લિશ ઇન ઇન્ડિયા' (પ્રકા૦ એશિયા પબ્લિશિંગ હાઉસ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૧; કિં.. રૂ. ૭-૬૨-૦) નામના પુસ્તકની સમાલોચના કરવામાં આવી છે.

સમાલોચકે આ પુસ્તકમાંના કેટલાક વિવાદાસ્પદ મુદ્દાઓને સારી રીતે ચર્ચ્યા છે. તે લખે છે કે, પ્રો. વાડિયા પણ કેટલાક અંગ્રેજી ભાષાપ્રેમીઓની પેઠે પ્રાંતીય ભાષાનું સ્થાન ઉચ્ચ શિક્ષણમાં ક્યાંય જોતા જ નથી! એટલું સારું છે કે, તે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં પ્રાંતીય ભાષાને સ્થાન આપે છે. પ્રો. વાડિયા હિંદી રાષ્ટ્રભાષાને યુનિવર્સિટીમાં માધ્યમ તરીકે લેવાની વાત કરે છે. પરંતુ સાથે સાથે તે એવું પણ પ્રતિપાદિત કરે છે કે, હિંદી ભાષાને યુનિવર્સિટીમાં માધ્યમ તરીકે વાપરી શકાય એવી રીતે ઘડાતાં હજી ઘણાં ઘણાં વર્ષો નીકળી જશે. તે દરમ્યાન અંગ્રેજી ભાષાને ચાલુ રાખવામાં કશો વાંધો નથી. આ મુદ્દાને લક્ષમાં રાખીને સમાલોચક એવું વિધાન કરે છે કે, આ પણ અંગ્રેજીને ચાલુ રાખવાની એ લોકોની એક તરકીબ જ છે!

વળી પુસ્તકમાં પ્રાંતીય ભાષા કઈ કક્ષા સુધી માધ્યમ તરીકે વાપરી શકાય એમ છે, એની કશી વિચારણા જોવા મળતી નથી. વળી સાથે સાથે એ પણ વિચારવા જેવું છે કે, અંગ્રેજી ક્યા ધોરણથી દાખલ કરી શકાય એનો પણ સ્પષ્ટ ઉલ્લેખ નથી. સમાલોચક આ વાત ઉપર ટીકા કરતાં લખે છે કે, ખરી રીતે લેખકમાં કહેવાની એટલી હિંમત જ નથી કે, અંગ્રેજીને જેમ બને તેમ નીચલા ધોરણથી જ દાખલ કરવી જોઈએ! આવી રીતે આ અગત્યના મુદ્દાને આમ અધ્ધર જ રાખી લેખક પોતાનો બચાવ કરી લે છે; પરંતુ દેશને એથી કેટલી મુશ્કેલીમાં મુકાવું પડશે, એનો જાણે કોઈ કશો વિચાર જ કરતું નથી!

અંગ્રેજી ભાષાપ્રેમીઓની એક બીજી દલીલ એ છે કે, અંગ્રેજી ભાષાને પ્રતાપે જ આપણને સ્વરાજ્ય મળ્યું છે અને એ ભાષાના જ્ઞાનને લીધે જ. આપણા દેશનું ગૌરવ જળવાય છે! પરંતુ અંગ્રેજી જાણનારા લોકો આપણા દેશમાં કેટલા છે એની જો ગણતરી કરવામાં આવે તો આ દલીલમાં કેટલું વજૂદ છે એનો સહેજે ખ્યાલ આવી શકે.

વળી એ લોકો અંગ્રેજીના સમર્થનમાં એવું કહે છે કે, અંગ્રેજી જ્ઞાન ખૂબ વિશાળ ક્ષેત્રમાં વ્યાપેલું છે. તેથી એ ભાષા દ્વારા આપણે પણ સમૃદ્ધ થઈ શકીએ. તો અત્યાર સુધી થયા કેમ નહીં? અને એવો લાભ પોતાની ધનસંપત્તિ વધારીને તાગડધિન્ના કરતા ધનવાનો સિવાય બીજા કોને મળે છે? સ્વભાષી લોકોને એનો લાભ પણ કેટલાએ આપ્યો?

વળી પ્રો. વાડિયાને હિંદી ભાષા તરફ બહુ પ્રીતિ જણાતી નથી! કારણ કે એમની માન્યતા પ્રમાણે, હિંદીવાળાઓ સંસ્કૃત ભાષામાંથી ખૂબ જ ઉછીનું લે છે અને ઉર્દૂને તો ક્યાં ને ક્યાં કચડી નાખે છે! પરંતુ સમાલોચક કહે છે કે, કોઈ પણ ભાષાનું ઘડતર બીજી ભાષાઓથી અલિપ્ત રહીને થયેલું ક્યાંય પણ જોવા મળે છે ખરું? અંગ્રેજી ભાષા સુધ્ધાં ગ્રીક, લૅટિન, સંસ્કૃત, ફારસી, ફ્રેંચ અને જર્મન ભાષાથી રંગાયેલી છે. પરંતુ આવા કારણને લીધે પણ કોઈએ પોતાની માતૃભાષાને છોડી દઈને સાવકી માતૃભાષા પર સ્નેહ બતાવ્યો હોય એવું ક્યાંય જોવા મળતું નથી!

વળી પ્રો. વાડિયાએ પરિશિષ્ટમાં અંગ્રેજી ભાષા શિક્ષણના માધ્યમ તરીકે અનિશ્ચિત કાળ સુધી ચાલુ રાખવી જોઈએ, એવો મત જે જે લોકોએ દર્શાવ્યો છે તેની ભરમાર ખૂબ ખૂબ કરી છે! અને પ્રો. વાડિયા અંગ્રેજી ભાષા શા માટે ચાલુ રહેવી જોઈએ એના સમર્થનમાં એવો દાખલો ટાંકે છે કે, વિજ્ઞાનની પરિભાષાનો ખ્યાલ કરીને પણ અંગ્રેજી ભાષા અપનાવવા જેવી છે. કારણ કે એ વૈજ્ઞાનિક પરિભાષા કોઈ પણ ભારતીય ભાષામાં અનુવાદિત કરી શકાય એમ નથી. એમ કહીને પ્રો. વાડિયા એવા શબ્દોની નામાવલી આપે છે. પરંતુ સમાલોચક કહે છે, ગમ્મતની વાત તો એ છે કે, એ નામાવલિમાં એક પણ શબ્દ શુદ્ધ અંગ્રેજી નથી! તે બધા લૅટિન્ કે ગ્રીકમાંથી જ ઊતરી આવેલાં છે!

સુ૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દવ્યૂહ અને જ્યોતિષ

અર્વાચીન વેપાર-ઉદ્યોગ એવી ચીજ બની છે કે, ન કરવાનાં કામ તે કરાવે છે. બીજી રીતે સારા પ્રામાણિક લાગતા માણસો પણ, નફો, મળતરની કે વેપારધંધાની વાત આવે કે બદલાઈ જાય છે. આમેય વેપારમાં જૂઠ વગર ચાલે નહીં, એ તો કહેતી જ થઈ છે. તેમાં અર્વાચીન યુગે એવો ઉમેરો કર્યો છે કે જેને લઈને આ બાબત વળી જટિલ અને અટપટી બની છે.

દાખલો લઈએ. છાપાં જનતાની સેવાનું એક કામ ગણાય. પણ તે ધંધોય છે. અને એવો કે, તેને ચલાવવાને માટે, ન માનતા હોઈએ એવી વસ્તુઓનીય જાહેરાત લેવામાં ખટકો નથી રહ્યો! એમાં એક પ્રકારનો વિચાર-વ્યભિચાર અથવા અપ્રામાણિકતા રહી છે, એમ નથી લાગતું. જાહેરાત વગર એ ધંધો ચાલે નહીં એવું થઈ ગયું છે. અને જાહેરાત આજના વેપારનું અનિવાર્ય સાધન ગણાય છે: તેની વિદ્યા ખીલવવામાં આવી છે, જેનો સાર એ કે, આમ તેમ કહી સમજાવીને કેમ કરીને પોતાનો માલ વેચી ખાવો. છાપું એનું વાહન બની, પોતેય વેપાર ખાટે છે.

આ ઉપરાંત બીજાં બે સાધન પણ છાપાંએ યોજ્યાં છે, તે શબ્દવ્યૂહ અને જ્યોતિષ. વગર મહેનતે ન્યાલ થઈ જવાની અતિલાલસાને જોરે આ બે યુક્તિઓ અજમાવવામાં આવે છે. આર્થિક ભીડ અને બેકારીનો યુગ હોય તો એ ફાવવાને માટે ફળદ્રુપ મનોભૂમિકા લોકમાં તૈયાર મળે છે. એમાં ભણેલા ન ભણેલાનો ફરક નથી રહેતો. કદાચ પહેલા લોક એમાં વહેલા ફસાતા જણાય છે!

શબ્દવ્યૂહથી થતી ખરાબી આજે ખૂબ ઉઘાડી પડી છે. લોકો તેનાથી સમસમી ઊઠ્યા છે. કેવી બરબાદી થતી હશે તે એક અંદાજ ઉપરથી પણ કળી શકાય એમ છે. ધારો કે, એક વ્યૂહ માટે ત્રણ લાખનાં ઇનામ વહેંચાવાનાં જાહેર થયાં છે. પાંચેક લાખનાં કૂપન ભરાય તો તેનો ખર્ચો નીકળીને તેટલી રકમ ઇનામમાં અપાય એમ અંદાજીએ, તો તેના ભરનારા કેટલા ગણાય? તેમાંથી ઇનામની આંશા રાખવી એ કેવી મૂર્ખતા ને વ્યર્થતા છે? પણ ‘કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે’ એ અહીં પ લાગુ પડે છે!

હવે જ્યોતિષ જુઓ. રાશિવાર સપ્તાહના ફળને કોઠો અપાય છે. એક રાશિમાં લાખો લોકો હોય સૌને માટે એ કોઠો સરખું ફળ જ કહે, એનો અ શો? એ ફળ લખનારા પણ આબાદ ભાષા વાપરે છે કે જેનો અર્થ કોણ જાણે! પણ લોભી અં મહત્ત્વાકાંક્ષી લોકોની જોષ પરની આસ્થાને જોરે છાપ આ ખાતેય પાનાં ભરે છે અને અંક વેચી ખાય છે આના ઉપર પણ કર નાંખવા જેવો નહીં? પ્રે કમિશને કાંઈ આ વિષે વિચાર કર્યો હોય તો સારું

શબ્દવ્યૂહની બલા એવી વધી પડી છે કે તેનું સાક્ષર કામ કરવા માટેના મળતરને લોભે પંડિતો ને પ્રોફેસરો પડ્યા છે. અને આ વ્યૂહ બૌદ્ધિક અને સાહિત્ય મનોરંજન છે એમ પણ દાવા કરાય છે. આથી અ વિષે ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં ઠરાવ આવ્યો કે

> “ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભ તમામ સેનેટ સભ્યોને, યુનિવર્સિટીના તમામ અધિ કારીઓને, તેમ જ યુનિવર્સિટીસંલગ્ન મહાવિદ્યાલયે અને યુનિવર્સિટી-માન્ય વિદ્યાસંસ્થાઓના તમામ આચાર્યે તથા અધ્યાપકોને, શબ્દરચના હરીફાઈઓ સાથે કો પણ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ નહીં રાખવાન આગ્રહપૂર્વક ભલામણ કરે છે.”

શિક્ષણ, સાહિત્ય અને સંસ્કૃતિ ઇ૦ના કામની સંસ્થા આવો વિચાર ન કરી શકે એમ ન ગણાય. પરંતુ યુનિ૦નો આ વિષય નથી, એ મિષે એ ઠરાવને રદ ઠરાવવામાં આવ્યો. એવી છટકબારી ન લેવાઈ હોત તો સારું. ગુજરાતના શિક્ષણજીવનને ન સ્પર્શતી વાત શબ્દવ્યૂહ ન હોય, તો તેમાં અધ્યાપકોને લેવામાં શું કામ આવે? તે પડે શું કામ? તેઓ એવો દાવો પણ નથી કરતા કે, શબ્દવ્યૂહ તો બુદ્ધિની કસરત અને સાહિત્યની રમત છે? ઠરાવ સેનેટમાં આવ્યો એ પણ પૂરતી ટીકા સમજાવી જોઈએ.

વ્યૂહ વિષે મારી પાસે અનેક પત્રો આવે છે. એક ભાઈ કહે છે, મુંબઈનું એક જાણીતું પત્ર ત્રણે વરસથી ચાલુ ખોટ ખાઈને ય લોકને વ્યૂહ રમાડે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે ભાઈ પૂછે છે, શું ખોટ ખાઈને એમ કરવું એ ટ્રસ્ટનો ધર્મ હોઈ શકે?

બીજા એક પત્રલેખકે કેટલીક સૂચનાઓ કરી છે, તેમાંની કેટલીક જોવા જેવી છેઃ—

"જે વર્તમાનપત્રો શબ્દરચના હરીફાઈમાં પડ્યાં હોય તેમનો સંપૂર્ણતઃ બહિષ્કાર કરવાનો જનતાને આદેશ આપવો. જાહેરખબર તથા ગ્રાહક તરીકેનું Patronage ખેંચી લેવું.

"કોંગ્રેસના ટેકાને કારણે जन्मभूमि, प्रताप, संदेश વગેરે પત્રો ઠીક ઠીક ફાલ્યાં છે. હવે એમને શબ્દ-રચનાની હરીફાઈ ઉપર જીવવા દેવા કોંગ્રેસનો ટેકો હોય તે ખેંચી લેવો.

"સરકાર કાયદો કરવાને એક વર્ષ લાગશે એવું જણાવે છે. એ સમય દરમ્યાન કરોડો રૂપિયા પ્રજાના એમાં હોમાઈ જશે. એક વર્ષ સુધી જવાબદાર નેતા અને કાર્યકર્તાઓ બેસી રહી ન શકે. એમણે એ માટે એક મહાન આંદોલન ઉપાડી લેવું જોઈએ.

"શબ્દરચના હરીફાઈના પ્રયોજક સાક્ષરોનો સામાજિક બહિષ્કાર કરવો."

આ બાબતમાં કેવો ઉગ્ર વિરોધ છે તે પણ આ સૂચનોમાંથી જણાય છે. જે છાપાં શબ્દવ્યૂહ ચલાવે છે તેના સંચાલકોએ બનતી ત્વરાએ પ્રજાને જવાબ આપવો જોઈએ કે, આ વિરોધ છતાં તેઓ કયા લોકહિતને સમજીને શબ્દવ્યૂહને વળગી રહે છે? વેપારને સારુ પણ અમુક નીતિની મર્યાદા છે. લોકમાનસને ઉતારનારાં સાધનો લઈનેય વેપાર કરવો એ નીતિ છાપાંને ન છાજે એવી ગણાય.

૯–૪–'૫૫ **મગનભાઈ દેસાઈ**

શિક્ષણની સ્વતંત્રતા અને સરકારી નિયંત્રણ

ભારત સરકારે માધ્યમિક કેળવણી કમિશનનો હેવાલ પ્રસિદ્ધ કર્યો છે. થોડાક વખત અગાઉ તેણે યુનિવર્સિટી કમિશનનો હેવાલ પણ પ્રસિદ્ધ કર્યો હતો. આ બંને હેવાલો વિગતવાર છે અને સ્વાભાવિક રીતે જ તેમાં હિંદના માધ્યમિક તેમ જ ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલા મહત્ત્વના બધા જ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. બંને હેવાલો શાણી સલાહ તથા સમજપૂર્વકની દોરવણીથી ભરેલા છે.

પરંતુ, માધ્યમિક કેળવણી કમિશનના હેવાલમાં વર્ણવવામાં આવેલા ઉદ્દેશો અને ધ્યેયો સિદ્ધ કરવા માટે માધ્યમિક શાળાઓના શિક્ષકો પાસે શી તકો, શી સાધનસામગ્રી અને સ્વતંત્રતા તથા શી સત્તા છે એનો હું જ્યારે વિચાર કરું છું ત્યારે, મારે કબૂલ કરવું જોઈએ કે, હું ભારે નિરાશા અનુભવું છું. નિયમો, ધારાધોરણો, હુકમો વગેરે જુઓ અને આપણે જાણે બંદીવાન કેદીઓ હોઈએ એમ લાગે છે. સ્વતંત્રતા ક્યાં છે? પ્રયત્ન કરવાને માટે અને પ્રયોગો કરવાને માટે પ્રોત્સાહન ક્યાં છે? જ્યારે બીજી બાજુએ, રખેને આપણાથી અમુક હુકમનો ભંગ થઈ જાય અથવા અમુક ઠરાવનું ઉલ્લંઘન થઈ જાય એવા ભયથી નિરંતર તમારે દબાયેલા રહેવાનું હોય છે. પાઠ્યપુસ્તકોની અંદર શી વસ્તુ છે, એ મંજૂર કરાવવું પડે છે એટલું જ નહીં પણ તેના ટાઇપો, છાપકામ તથા તેનું પૂઠું અને તેનાં પાનાં તેમ જ તેની કિંમત પણ મંજૂર કરાવવી પડે છે! ફીનો દર પણ મંજૂર કરાવવો પડે છે! અને માફી, અર્ધ-માફી પણ ઠરાવેલી મર્યાદામાં જ હોવી જોઈએ; શાળાના રજાના દિવસો પણ પ્રગટ થયેલી યાદીને અનુસરીને રાખવા જોઈએ તથા વય મર્યાદા, વર્ગના કદની મર્યાદા, શાળાનાં મકાનોના પ્લેન, ગ્રૅજ્યુઈટી, પગાર, પેન્શન, પ્રોવિડંટ ફંડ, રજા વગેરેનું પણ બહારથી નિયમન કરવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થીઓ દાખલ કરવા પર પણ નિયમન, શાળાના હિસાબો તથા શાળાનાં પત્રકો પણ અમુક નક્કી કરેલી ઢબે જ રાખવાનાં વગેરે વગેરે.

આ બધાનું જ બહારથી નિયમન કરવામાં આવે છે અને તે લશ્કરી ઢબને અનુસરે છે.. તમે જો એને

* અહમદનગર ખાતે મળેલી મુંબઈ રાજ્ય માધ્યમિક શિક્ષક પરિષદના પ્રમુખપદેથી આપેલા ભાષણમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વશ વર્તો નહીં તો તમારું આવી બન્યું જાણો. તમને સરકાર તરફથી મળતી ગ્રાંટ કાપવાની ધમકી આપવામાં આવે છે એટલું જ નહીં પણ ખુદ શાળાની માન્યતા પણ કદાચ ખેંચી લેવામાં આવે. આ બધી તકલીફોમાં ઊતરવાને બદલે સામાન્ય સમજ અન્યથા વર્તવાનું સૂચવે છે. લોકો ચુપચુપ એ બધાને વશ થાય છે. અને વણજાર આગળ ચાલતી રહે છે. કેળવણીને જીવંત અને પ્રાણવાન તાકાત બનાવવાની ખસૂસ આ રીતે નથી. આવી દમનની પરિસ્થિતિમાં તમે વ્યક્તિત્વનું ઘડતર ન કરી શકો.

રખેને મારી આ વાત વિષે ગેરસમજ થાય એટલા માટે મારે કહેવું જોઈએ કે હું સરકારના નિયંત્રણ સામે દલીલ કરતો નથી. હરગિજ નહીં. સાચા અર્થમાં કલ્યાણકારી સરકારને માથે જવાબદારી રહેલી હોય છે. અને એનાથી તે દૂર ભાગી ન શકે. તેણે તે આગળ પડીને હિંમતપૂર્વક પાર પાડવી જ રહી. કેળવણીના ક્ષેત્રમાં તે નીચેની દિશામાં પોતાની સત્તાનો અમલ કરી શકે. એમાંની એક વિધાયક રીત એ છે કે, સરકારે પોતે જ કેળવણીની આદર્શ સંસ્થાઓ શરૂ કરવી જોઈએ અને ચલાવવી જોઈએ. એ સરકારના સીધા નિયંત્રણ નીચે હોવી જોઈએ એ સ્પષ્ટ છે. એ સરકારી સંસ્થાઓ દ્વારા સરકારે તેને કેળવણીનું જે સ્વરૂપ સર્વોત્તમ લાગતું હોય તેનો નમૂનો દેશ સમક્ષ રજૂ કરવો જોઈએ. આમ, પ્રત્યક્ષ ઉદાહરણ દ્વારા સરકારે પ્રજાને તેનું અનુકરણ કરવાને ઉત્તેજન આપવું જોઈએ. બીજી રીત, સરકારનાં ધોરણો તથા તેના આદર્શને સંતોષે એવી સંસ્થાઓને ઉદાર હાથે મદદ કરવાની છે. બેશક, કર ભરનારાઓનાં નાણાં વાસ્તવિક રીતે સૌનાં છે અને તે ન્યાયી અને વાજબી રીતે વપરાવાં જોઈએ. પરંતુ આપણે ચાહે તે કહીએ તોયે, વ્યવહારમાં સરકારની વિવેકબુદ્ધિ પ્રમાણે જ એ વપરાવાનાં. બહુ બહુ તો સરકાર પ્રતિષ્ઠિત, અનુભવી અને નિષ્પક્ષ નિષ્ણાતોની એક નિષ્પક્ષ સમિતિ નીમે અને તેમની સલાહને અનુસરે. એ ઉપરાંત, અમુક સર્વસામાન્ય નિયમ ઘડી કાઢવામાં આવે, અને સરકારને વાજબી લાગે તેવી તપાસ અને તેવું નિરીક્ષણ કર્યા પછી આર્થિક મદદ આપવા આવે.

સરકારને બીજી પણ એક મહાન જવાબદારી અ કરવાની હોય છે. એ છે દેશમાં કાયદો તથા વ્યવસ્થા જાળવણી. વ્યવસ્થા ઉથલાવી પાડવાના સ્વરૂપની પ્રવૃત્તિ અરાજકતામાં પરિણમે છે. એટલા માટે, હરેક પ્રકા વિદ્યાર્થીઓમાં કડક શિસ્તની ભાવના ખીલવવી જોઈ સામાન્ય સુલેહશાન્તિ અને વ્યવસ્થાને જોખમાવવા હેતુથી કરવામાં આવતી કોઈ પણ પ્રવૃત્તિ સંબં ઘટતાં પગલાં ભરવાં જોઈએ. પણ આને હું સર તરફથી અખત્યાર કરવામાં આવતી નિયંત્રણની ન રાત્મક બાજુ અથવા રીત કહું છું. પણ એ મર્યા બહાર શાળાઓના વ્યવસ્થાપકોની સ્વતંત્રતામાં દ કરવાનો તેને હક ન હોવો જોઈએ. કેવળ ધર્મ અ જાતિ, અથવા વર્ણ કે ન્યાતજાતને કારણે અ સરકારના નમૂનાને ન અનુસરે તે કારણે સર માન્યતા આપવાનો ઇન્કાર ન કરવો જોઈએ. સરકા છેતરપિંડી અથવા સમાજવિરોધી, ગેરકાયદે નીતિ વિરુદ્ધ કૃત્યનો અથવા વ્યવસ્થા ઉથલાવી નાખવ પ્રવૃત્તિનો અથવા કાયદો અને વ્યવસ્થાને જોખમ એવો દાખલો હાથ લાગે તો તે એવો ગુનો કર પર દેશના સામાન્ય કાયદા પ્રમાણે અદાલતમાં ચલાવી શકે છે. એકઠા મળવાનો કે મંડળ રચવા હક એ મૂળભૂત હક છે અને તે કેળવણીની સંસ્થાઓ પણ લાગુ પડવો જોઈએ. પણ મિત્રો ધ્યાન રાખ કે હું કેવળ સ્વતંત્રતા હોય અને કશું નિયંત્રણ હોય એવી હિમાયત નથી કરતો પણ ન્યાયપુરઃસર સ્વતંત્રતા અને વાજબી નિયંત્રણની હિમાયત કરું

આવી સ્વતંત્રતાની બાંયધરી મળે તે સિવાય, મ અભિપ્રાય પ્રમાણે, આપણી કેળવણીને પ્રાણ બનાવવાની, તેમાંથી સાચાં પરિણામો લાવવાની આપણી આગળ રજૂ કરવામાં આવતા આદર્શો કરવાની કશી પણ સંભાવના નથી.

(અંગ્રેજી પરથી) દ૦ વા૦ પોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતમજૂરોની સ્થિતિ

આપણા દેશમાં લગભગ સાડા ચાર કરોડ ખેતમજૂરો છે. તેમની પાસે બહુ ઓછી જમીન છે અને મોટે ભાગે તેઓ છૂટક છૂટક મજૂરી કરીને ગુજારો કરતા હોય છે. તેવા ખેતમજૂરોની કેવી સ્થિતિ છે, તેનો ખ્યાલ મેળવવા માટે આપણી મધ્યસ્થ સરકાર તરફથી દેશના જુદા જુદા ભાગોમાં લગભગ આઠ સો જેટલાં ગામડાંમાં ૧૯૫૦–૫૧ની સાલમાં વિગતવાર તપાસ કરવામાં આવી હતી. તેના ફળ રૂપે મોટા રિપોર્ટો તૈયાર થયા છે અને તેના સાર રૂપે કેટલીક માહિતી તારવીને બહાર પાડવામાં આવી છે. * તેમાંથી કેટલીક નોંધવા જેવી હકીકત અહીં ઉતારી છે.

	ભારત	મુંબઈ	સૌરાષ્ટ્ર
ક્ષેત્રફળ (ચો.મા.)	૧૨,૬૯,૬૪૦	૧,૧૧,૪૩૪	૨૧,૪૫૧
વસ્તી (લાખમાં)	૩,૬૧૨	૩૬૦	૪૧
વસ્તીની ઘનતા (ચો.મા)	૩૧૨	૩૨૩	૧૯૩
ગામડાંમાં વસ્તી (ટકા)	૮૨.૭	૬૯	૬૬.૩
ગામડાંમાં જમીનવાળા			
(ટકા)	૨૨.૨	૪૬.૯	૨૯.૧
,, ભાગ્રે-સાંથે ખેડનારા	૨૭.૨	૧૮.૯	૧૭.૧
,, ખેતમજૂરો	૩૦.૪	૨૦.૪	૨૦.૦
,, બિનખેડૂતો	૨૦.૨	૧૩.૮	૩૩.૮
કુલ ખેડાણ જમીન			
(લાખ એકર)	૨,૬૭૫	૪૧૧	૩૫
,, (કુલ જમીનના ટકા)	૪૨.૯	૫૮.૪	૬૦.૫
ખેતરોનાં માપ-એક એકર			
અને તેનાથી નીચે. (કુલ ખેતરોના ટકા)	૧૬.૮	૧૩.૧	૦.૪
૧ થી ઉપર ૨.૫ સુધી	૨૧.૩	૧૮.૦	૧.૫
૨ાથી ,, ૫ ,, ,,	૨૧.૦	૧૭.૨	૨.૯
૫થી ,, ૧૦ ,, ,,	૧૯.૧	૨૦.૬	૭.૮
૧૦થી ,, ૨૫ ,, ,,	૧૬.૨	૨૩.૧	૩૯.૨
૨૫ થી ,, ૫૦ ,, ,,	૪.૨	૬.૦	૩૫.૩
૫૦ ,, ,, ,,	૧.૪	૨.૦	૧૨.૯
પીતની જમીન			
(કુલ ખેતીની જમીનના ટકા)	૧૭.૮	૪.૩	૫.૩
વરસમાં કામના દિવસ			
(ખેતમજૂરના)			
ખેતીકામ	૧૮૯	૧૭૩	૧૯૯
બિનખેતી કામ	૨૯	૨૦	૧૮
ખાનગી કામ	૬૫	૫૭	૫૧
કામ વગરના (બેકાર)	૮૨	૧૧૫	૯૭
રોજના દર (આના)			
ખેતીકામ (પુરુષ)	૧૭.૫	૧૬.૫	૨૧.૫
,, (સ્ત્રી)	૧૦.૮	૧૧.૫	૧૯.૫
બિનખેતીકામ (પુરુષ)	૧૭.૨	૧૭.૬	૧૯.૨
,, (સ્ત્રી)	૯.૮	૯.૬	૧૨.૮
કુટુંબ દીઠ જનસંખ્યા	૪.૩	૪.૨	૪.૫
કુટુંબમાં કમાનાર			
પુરુષ	૧.૧	૧.૧	૧.૧
સ્ત્રી	૦.૮	૧.૧	૦.૯
બાળકો	૦.૧	૦.૧	૦.૧
વાર્ષિક સરેરાશ આવક (રૂ.)	૪૪૭	૩૬૮	૫૭૯
આવકના પ્રકાર (ટકામાં)			
ખેતીની મજૂરી	૬૪.૨	૭૩.૪	૭૬.૭
બિન ,, ,,	૧૧.૯	૧૦.૫	૮.૪
જમીનની આવક	૧૩.૪	૭.૫	૦.૭
બીજી ,,	૧૦.૫	૮.૬	૧૪.૨
વાર્ષિક સરેરાશ ખર્ચ (રૂ.)	૪૬૧	૩૬૭	૫૯૦
ખર્ચના પ્રકાર (ટકામાં)			
ખોરાકી	૮૫.૩	૮૪.૨	૮૦.૩
કપડાં–પગરખાં	૬.૩	૮.૩	૧૧.૮
બળતણ-બત્તી	૧.૧	૧.૬	૨.૧
ભાડું–મરામત	૦.૮	૦.૨	૧.૨
પરચૂરણ	૬.૫	૫.૭	૪.૬
દેવાદાર કુટુંબો (ટકા)	૪૪.૫	૪૦.૩	૪૫.૦
,, ,,નું સરેરાશ દેવું (રૂ.)	૧૦૫	૧૦૬	૧૧૯

ઉપરની માહિતી અંગે નોંધવા જેવા મુદ્દા નીચે મુજબ છે :

* 'Agricutural Labour' – Govt. of India.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) ઉપરની માહિતી જુદા જુદા પ્રાંતોમાં છૂટક છૂટક ગામડાંમાં કરેલી તપાસ ઉપરથી આખા દેશ માટે અંદાજે તૈયાર કરવામાં આવી છે. વસ્તીને લગતા આંકડા ૧૯૫૧ની વસ્તી ગણતરી પ્રમાણે છે.

(૨) મુંબઈ પ્રાંતની માહિતીમાં ગુજરાત માટે જુદી માહિતી આપી નથી એટલે તે જુદી આપવાનું બન્યું નથી. સૌરાષ્ટ્રની અલગ માહિતી આપવાનું બન્યું છે.

(૩) અગાઉ જુદા જુદા ભાગોમાં થયેલી તપાસોમાં જે હકીકત બહાર આવી હતી તેને આ તપાસથી સમર્થન મળ્યું છે. આ તપાસમાં કોઈ નવી વસ્તુ બહાર આવી નથી.

૪. વસ્તીની ઘનતા અને જમીનમાલિકોનું પ્રમાણ મુંબઈ કરતાં સૌરાષ્ટ્રમાં ઓછું છે ત્યારે શહેરોનું પ્રમાણ અને બિનખેડૂતોનું પ્રમાણ વધુ છે.

(૫) નાનાં ખેતરોનું પ્રમાણ સૌરાષ્ટ્રમાં ઓછું છે તે ખાસ નોંધપાત્ર છે.

(૬) રોજીના દર સૌરાષ્ટ્રમાં વધુ છે.

(૭) બધાયે ભાગોમાં, વરસમાં ત્રણ માસ ઉપરાંત દિવસો કામ વગરના જાય છે.

(૮) બધેય ઠેકાણે, દરેક કુટુંબમાં અડધાં માણસોનો બોજો બાકીનાં અડધાં કમાનાર ઉપર હોય છે; અને ત્રીજાથી ચોથા ભાગની કમાણી ખેતી સિવાયનાં કામોમાંથી થાય છે.

(૯) ખર્ચમાં ચોથા ભાગનું ખર્ચ ખાધાખોરાકીનું થાય છે અને લગભગ દસમા ભાગનું ખર્ચ કપડાં પાછળ થાય છે.

(૧૦) આવક કરતાં ખર્ચ વધુ છે અને લગભગ અડધાં કુટુંબો દેવાદાર હોય છે.

વિઠ્ઠલદાસ કોઠારી

આરોગ્ય વિ૦ રસાયણો

'એક એવો સિદ્ધાંત પ્રવર્તે છે જે જ્ઞાનમાત્રનાં દ્વાર બંધ કરી રાખે છે, ચાહે એટલી દલીલોની સામે પણ તે મચક આપતો નથી અને જે આપણને સદાકાળ અજ્ઞાનમાં ડૂબેલા રાખવાને કદી ચૂકતો નથી — આ સિદ્ધાંત કોઈ પણ વસ્તુની તપાસ કર્યા પહેલાં જ તેની ઘૃણા કરવી એ છે.' પેલી

ખાદ્ય પદાર્થો બનાવવાની પ્રક્રિયામાં ઊંધું ઘાલીને રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે તે બાબત આજકાલ ભારે ચિંતા દર્શાવવામાં આવે છે. આ રસ જાગ્રત થવાનું કારણ, અમુક અંશે, આમની સભામાં ફૂડ ઍન્ડ ડ્રગ્સ ઍમેન્ડમેન્ટ બિલતી કમિટીની કક્ષાએ ચર્ચાઓ થઈ તે પછી બહાર પડેલા હેવાલો છે. એ વખતે જણાવવામાં આવ્યું હતું કે, ખોરાકની વાનીઓને રંગ આપવા માટે, તેમને સાચવી રાખવા માટે તથા મીઠી બનાવવા માટે ૭૦૦ જેટલાં રસાયણો વાપરવામાં આવે છે. અને એ પૈકીનાં ૨૭૬ રસાયણોને સલામત તરીકે પ્રમાણપત્ર મળ્યું નથી. એ આરોગ્યને માટે હાનિકારક હોઈ શકે. નુકસાનકારક જંતુનાશક દ્રવ્યો તથા છાંટવાના પદાર્થોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

બૉર્નમાઉથ ડબલ્યુ. ના સભ્યે કહ્યું કે એ પૈકીનાં કેટલાંક રસાયણો ખરેખાત હાનિકારક છે અને બાળલકવો તથા કૅન્સર જેવા કેટલાક રોગોમાં વધારો કરવાને માટે અમુક અંશે જવાબદાર હોવા સંભવ છે એવી જાતની ભારે ચિંતા દર્શાવવામાં આવે છે.

ધી સોઅરના અગાઉના એક અંકમાં અમે સૂચવ્યું હતું કે બાળલકવાનો રોગ અપૂરતાં પોષક તત્ત્વોને કારણે થવા સંભવ છે.

આવાં સૂચનોની કાં તો અવગણના કરવામાં આવે છે અથવા તેમને ઉતારી પાડવામાં આવે છે. તેમ છતાં અમારાં હૃદય અને મન તો અફર જ રહે છે અને કુદરત તથા કુદરતના નિયમોની લગભગ સર્વાંશે અવગણના કરવામાં આવે છે તે અટકાવવાને અમે અમારો અરણ્યરુદન સમો પોકાર અથાકપણે ચાલુ રાખ્યા જ કરીશું.

વળી અમે એમ પણ સૂચવીએ છીએ કે, બ્રિટને વધારે સમતોલ અર્થવ્યવસ્થા રચવાને તાકવું જોઈએ તથા કુદરત જે અચૂક કાર્યપદ્ધતિ દ્વારા કાર્ય કરી રહી છે તે જ કાર્યપદ્ધતિ અપનાવીને પોતાની જમીનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસાળતા વધારવી જોઈએ. સંગીન જમીનમાંથી સંગીન પાક પેદા થાય છે, નીરોગ પશુ તથા માણસો પેદા થાય છે.

વ્યાધિનો સામનો કરનારું આરોગ્ય સારાં પોષક તત્ત્વો પર અવલંબે છે એ વાતનો વધુ ને વધુ સ્વીકાર થતો જાય છે. અમે માનીએ છીએ કે, જમીનમાં, આપણા ખોરાકમાં તથા પાણીમાં આપણે જેટલાં વધુ રસાયણોનો ઉપયોગ કરીએ, પાકો પર આપણે શંકાસ્પદ એવાં રસાયણો જેટલાં વધારે છાંટીએ તથા ઘઉં વગેરે ધાન્યોમાંથી થૂલું વગેરે ખોરાકની દૃષ્ટિએ મહત્ત્વનાં તત્ત્વો જેટલા પ્રમાણમાં દૂર કરીએ તેટલા પ્રમાણમાં આપણે વ્યાધિ સામે થવાની આપણી તાકાત ઓછી કરીશું. આપણે જો કૃત્રિમ અને મુડદાલ ખોરાકનો આહાર લઈશું તો આપણે ઊતરતી કોટિની પ્રજા થઈ જઈશું.

અપંગ થઈ ગયેલાને કેંચી આપવી પડે એમાં કશું આશ્ચર્ય નથી. રાષ્ટ્રીય આરોગ્ય યોજના દાંત, ચશ્મા, દવાઓ તથા ટૉનિક વગેરેની જોગવાઈ કરે છે એ ગૌરવ લેવા જેવી વસ્તુ નથી. સાચે જ, એમાં બ્રિટન માટે બડાશ હાંકવા જેવું કશું જ નથી. આપણે જો નીરોગ પ્રજા હોત તો રાષ્ટ્ર તરફથી આવી ખરચાળ વસ્તુઓ પૂરી પાડવાની જરૂર ન રહેત. આપણે જેટલા વહેલા એ તજીએ તેટલો વધારે નીરોગ, સુખ અને શાણો આ દેશ બનશે. सारुं स्वास्थ्य अे ज साची संपत्ति छे.

(ધી સોઅરમાંથી, ઑટમ-વિન્ટર, ૧૯૫૪)

(અંગ્રેજી પરથી)

ઍલેકઝાન્ડર ફ્લેમિંગ

હમણાં ૧૯૫૫ના માર્ચની ૧૧મી તારીખે પેનિસિલિન નામના ઔષધના શોધક ઍલેકઝાંડર ફ્લેમિંગનું અવસાન થયું. એક પ્રસિદ્ધ અને પ્રામાણિક લોકહિતકર્તા સ્વર્ગવાસી થયા. આગાખાન મહેલમાં પૂજ્ય બા પોતાના ઐહિક જીવનની અંતિમ ક્ષણો ગણી રહ્યાં હતાં એ વખતે એવી આશા પ્રદર્શિત કરવામાં આવી હતી કે, ઍરોપ્લેનથી વખતસર પેનિસિલિન આવી પહોંચે તો બા કદાચ બચી જાય. વિજ્ઞાનનો ઉપયોગ મનુષ્યના સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે જેટલા પ્રમાણમાં થશે તેટલા પ્રમાણમાં વિજ્ઞાન પણ ઈશ્વરની વિભૂતિ સાબિત થશે. પરંતુ કેવળ શારીરિક વ્યાધિના નિરાકરણથી મનુષ્યની શારીરિકતા જો વધવા લાગે તો વિજ્ઞાન આસુરી માયા પણ સાબિત થઈ શકે છે. મૂળભૂત સવાલ એ છે કે, મનુષ્યને પ્રકૃતિપરાયણ બનાવવામાં વૈજ્ઞાનિકતા છે? વિજ્ઞાનવાદી તરત જવાબ આપશે કે હરગિજ નહીં. વિજ્ઞાન તો પ્રકૃતિ પર વિજય મેળવવા માટે છે. પણ પાછો સવાલ થાય છે કે, પ્રકૃતિ પર વિજય શાને માટે? જીવનને સમૃદ્ધ અને વ્યાપક બનાવવા માટે જ ને? ઉપચાર અને ઔષધિઓ પર નિર્ભર રહેવાવાળા જીવનમાં પ્રકૃતિ પર વિજય છે શું? કેવળ શારીરિક વ્યાધિ અને હાનિના પ્રતિબંધથી મનુષ્યના સ્વાસ્થ્યનું રક્ષણ થઈ શકશે ખરું? આજે ચિકિત્સા અને રોગનિવારણની કળામાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે. પણ બીજી બાજુએ માથા અને હૃદયની બીમારીઓ વધી રહી છે. દાક્તર લોકો દવાની સાથે સાથે ખુલ્લી હવાનું સેવન તથા અન્ય પ્રકારનો વ્યાયામ પણ બતાવે છે. એ પણ તેમની ચિકિત્સા અને ઉપચારનું અનુપાન મનાય છે. વિજ્ઞાનની શોધોથી શારીરિક વ્યાધિનું નિરાકરણ થાય એટલું જ પૂરતું નથી. તો તો એમ માનવું પડશે કે, મનુષ્યના પરિશ્રમ અને ઉદ્યોગની સાથે તેના આરોગ્યનો કશો સંબંધ નથી. જો એમ હોય તો કારખાનાંઓમાં સ્વચ્છ હવા તથા સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ રાખવા બાબત આટલું બધું આંદોલન શાને કરવામાં આવત? સ્વચ્છ અને સ્વસ્થ જીવન માટે ગુણકારી ઔષધિઓનું જેટલું મહત્ત્વ છે એના કરતાં કેટલુંયે વધારે મહત્ત્વ એકબીજાને પ્રસન્ન અને સુખી કરવાના ઉદ્દેશથી કરવામાં આવેલા પરિશ્રમનું છે.

એક બાજુ પેનિસિલિનના શોધક આવા પરોપકારી વૈજ્ઞાનિક રોગનિવારણના અચૂક ઉપાયોની ખોજ કરે છે તો બીજી બાજુએ વિજ્ઞાનને નામે માનવી જીવનને પરાવલંબી બનાવીને માનવી શરીરને નિરુપયોગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવવાની પ્રવૃત્તિ પણ થાય છે. સ્વાસ્થ્યકર અને કલાત્મક સહપરિશ્રમ આરોગ્યને માટે એક આવશ્યક ઉપચાર નથી શું? વિજ્ઞાનથી અકસીર દવાઓની વિપુલતા અને સુખસામગ્રીની અધિકતા જ થશે કે શું? તેમાં મનુષ્યની ઉદ્યોગશીલતાનો અને તેના બીજા ગુણોનો હ્રાસ જ થશે?

આ સવાલ તરત જ મનમાં ઊઠે છે. જીવનદાયી અને આરોગ્યદાયી વૈજ્ઞાનિક ઔષધિઓના તપસ્વી શોધકોને અમે આદરપૂર્વક શતશઃ પ્રણામ કરીએ છીએ, પરંતુ તેમની તપસ્યા વિજ્ઞાનની પાછળ આસ્તિકતાની પ્રેરણા હશે અને માનવતાનું દર્શન થશે ત્યારે જ ફળદ્રુપ પુરવાર થશે. પેનિસિલિનના શોધકના અવસાનના સમાચાર સાંભળીને અનિવાર્ય રીતે આ વિચારો મનમાં ઊઠ્યા. અહીં જે કંઈ કહેવામાં આવ્યું છે તેથી શોધનું મહત્ત્વ જરા પણ ઓછું થતું નથી. એવી જીવનદાયી શોધોના સંશોધકની સ્મૃતિમાં અમે અમારી શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ.

(હિંદી પરથી) **દાદા ધર્માધિકારી**

કોમ અને જ્ઞાતિ

કોમવાદ અને જ્ઞાતિવાદ નાબૂદ કરવા જોઈએ એમ કૉંગ્રેસપ્રમુખે જાહેર કર્યું છે, એ અભિપ્રાય ટાંકીને એક ભાઈ લખે છે કે, "ભારતના આ સંક્રાંતિ-કાળમાં (કોમ અને જ્ઞાતિની) આવી મહત્ત્વની બાબતોની બહુ જ સ્પષ્ટતા થવાની જરૂર છે. આપણે સાચા રાહ ઉપર છીએ કે ઝાવસોઈ ઝાવસોઈ કરવા લાગી ગયા છીએ, એને માટે મંથન કરવા જેવા મહત્ત્વપૂર્ણ વિચારોના ભાથાની જરૂર લાગે છે." અને આ વિષે એ ચર્ચા માગે છે.

કોમ અને જ્ઞાતિ આપણા સમાજના ઘડતરમાં લાંબા કાળથી ઘણે ઊંડે ઊતરેલાં તત્ત્વો છે. એ બે સંસ્થાઓનું પુરાતત્ત્વ શોધવા ન બેસીએ; છતાં એ વસ્તુઓ આપણા દેશના સમાજજીવનમાં આજે પણ જીવતા જાગતા ભાવો છે, એની કોઈ ના ન પાડી શકે.

આમ સમાજના ઘડતરમાં લાંબા કાળથી ભાગ ભજવતાં આ તત્ત્વોની નાબૂદીનો અર્થ સદંતર તેમનો નાશ એવો ભાગ્યે જ બની શકે, કેમ કે તે સંસ્થાઓ તેના ઘટકરૂપ બની ગઈ હોઈ પાયાગત જેવી લાગે છે. એટલે તેની નાબૂદીનો અર્થ તેમાં આવી જતા દોષો દૂર કરી તેમાં સુધારો કરવો, એ જ હોય છે. તેથી કોમ અને જ્ઞાતિને એક વાદનો દરજ્જો આપીએ છીએ, તેમાં શું રહેલું છે તથા શું કામ તેમ કરીએ છીએ, એ સ્પષ્ટ થવું ઘટે. અને તેમાં કઈ વાત સમાજ-હિતને ઉપકારક નથી તે નક્કી બતાવવી જોઈએ, જેથી તેને દૂર કરવા માટે લોકો જાગ્રત પ્રયત્ન કરે.

'કોમ' ફારસી શબ્દ છે, તેનો મૂળ અર્થ રાષ્ટ્ર કે દેશની એક પ્રજા થાય છે. હિંદીમાં એ અર્થમાં તે શબ્દ ચાલે છે; પણ ગુજરાતીમાં કોમનો અર્થ ધર્મ પરત્વે સંકુચિત થઈ ગયો છે. તે મુજબ હિંદુ, મુસલમાન, પારસી, શીખ, વગેરે કોમો છે. એક રાષ્ટ્ર કે દેશની પ્રજા હોઈ ને તેઓમાં એકતા કે મેળ હોવાં જોઈએ તેને આપણે 'કોમી એકતા' કહીએ છીએ. એવું બને કે, ધર્મવાર કોમભાવ આખા રાષ્ટ્રની એક પ્રજા-ભાવના સાથે સંગત અથવા સમાન ન પણ હોય. અને જો એક જ દેશની કોમોમાં એવું બને અને તેથી રાષ્ટ્રભાવ નબળો કે પાછળ પડે તથા એને લઈ ને અલગ અલગ કોમભાવ પ્રબળ થાય, તો તે રાષ્ટ્રને નુકસાન થાય અને તે ટકી ન શકે એ ઉઘાડું છે. રાષ્ટ્રની એવી તીવ્ર જુદાઈનો ભાવ જાગે તો તે રાષ્ટ્રભાવની જગા પચાવી પાડી કોમવાદ બની જાય. એટલે રાષ્ટ્ર અને ધર્મવાર કોમ એક જ થઈ રહે, તો તે દેશના રાજ્યમાં એક પ્રબળ થયેલી કોમ સિવાયની કોમો યા તો દબાઈ ને અને રાષ્ટ્ર માટેના મમત્વ વગરની થઈ ને રહે, અથવા તેમાંથી જુદી થાય. જેમ કે પાકિસ્તાન. અને તે રાષ્ટ્ર પ્રબળ એવી અમુક કોમનું કોમી રાજ્ય બનીને અમુક મજહબી રાજ્ય બની રહે. જેમ કે, પાકિસ્તાને તેવો ઇરાદો રાખ્યો છે. હિંદમાં આપણે મજહબી રાજ્ય નથી ચાહતા, પણ બિન-મજહબી અથવા સર્વધર્મસમભાવી રાજ્ય સ્થાપવા માગીએ છીએ. કે જેમાં બધી કોમો હળીમળીને એકરાષ્ટ્ર બનીને રહે અને ધર્મની જુદાઈને પોતપોતાની આધ્યાત્મિક વસ્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનીને ચાલે. તેવા રાજ્યમાં કોમોની અતિ જુદાઈનો ભાવ અનિષ્ટ ગણાય, જે બતાવવા કોમવાદ શબ્દપ્રયોગ આપણે કરીએ છીએ.

જ્ઞાતિ-સંસ્થા હિંદુઓની સંસ્થા છે. તેની અસર મુસલમાન તથા ખ્રિસ્તી, પારસી, શીખ વગેરે કોમો પર પડી હશે, જેથી ત્યાં પણ જ્ઞાતિ જેવું જોવા મળે છે. પરંતુ તે મૂળ હિંદુ સમાજની ખાસિયત છે. મતલબ કે, કોમ કોમ વચ્ચેના સંબંધને લઈને એ સંસ્થા નથી રચાઈ; પણ એક જ કોમની અંદરના ઘટક બતાવતી સંસ્થા એ છે. તેનું મૂળ ધર્મભેદ પરત્વે નહીં પણ ધંધાભેદ પરત્વે છે, એમ તેના જાણકારો કહે છે. મૂળ ચાર વર્ણોમાંથી ચોરાશી નાતો થઈ એમ કહેવામાં આવે છે.

એનાં લક્ષણોમાં જોઈએ તો જ્ઞાતિ જન્મથી નક્કી થાય છે. તેથી જ, દા૦ ત૦ સુતારનો છોકરો બીજો ધંધો કરે કે સરકારી નોકર બને, તોય તે નાતે સુતાર જ છે. બીજું, રોટીબેટીવહેવાર તે તે નાતમાં જ મર્યાદિત રહે છે. કહો કે, જ્ઞાતિ-સંસ્થાનું રહસ્ય જન્મથી નિયત થતી જ્ઞાતિના રોટીબેટીવહેવારની વ્યવસ્થામાં રહેલું છે. આથી કરીને દરેક જ્ઞાતિ વ્યાપક હિંદુ સમાજનો એક ભાગ હોવા છતાં પોતે તેનો અંતર્ગત એક નાનકડો બીજો સમાજ જાણે બને છે. લગ્ન, જન્મમરણ, છૂટાછેડા ઇ૦ સામાજિક બાબતો નાતનો પેટાસમાજ પરાપૂર્વથી પોતાની મેળે સંભાળતો આવ્યો છે. અને તેને માટે, બહિષ્કાર ઇ૦ દ્વારા, પોતાનું નિયમનબળ પણ જ્ઞાતિસંસ્થાએ યોજી લીધું છે. દા૦ ત૦ આજે હિંદુ કોડ બિલ વિચારાય છે. તેમાં લગ્નવિચ્છેદ ઇ૦ બાબતો છે, તે વિષે કેટલીય હિંદુ જ્ઞાતિઓએ જમાનાઓથી પોતાનું નિયમન યોજી લીધું છે અને પોતાનું કામ ચલાવે છે. તેમને માટે કાયદો કરવાની જરૂર નહોતી.

ઉપરનાં લક્ષણો ઉપરાંત, જ્ઞાતિસંસ્થામાં એક ભાવ જે દેખાય છે તે જ્ઞાતિઓમાં ઊંચનીચભાવ છે. તે રોટીબેટીવહેવાર મારફતેય વ્યક્ત થાય છે. જેમ કે, અમુક નાતવાળા અમુક નાતનું પાણી ન પીએ, જોડે જમે નહીં, તો પછી બેટીવહેવારની તો વાત જ ક્યાં રહી! તેમાંય હરિજન જ્ઞાતિઓને તો અસ્પૃશ્ય ગણી કાઢી હતી! આ વસ્તુ જ્ઞાતિસંસ્થાનું 'અદકેરું અંગ' ગણીને આપણે તેને રદ સમજીએ છીએ અને કોઈ પણ રીતની અસ્પૃશ્યતાનું પાલન એક ગુનો ગણાયો છે. છતાં બીજી રીતે જ્ઞાતિભાવ હિંદુ સમાજમાં રહેલો છે અને રોટીબેટીવહેવારના સંબંધોને જોરે એક પ્રકારનું જીવંત સામાજિક બળ ધરાવે છે. કોમભાવના બળ પેઠે આ બળ પણ એક રાષ્ટ્રભાવની (તેમ જ એક કોમભાવની પણ) વ્યાપક મર્યાદામાં અને તેને પોષક બનીને જો ન વર્તે, તો તે રાષ્ટ્ર તથા તે કોમને માટે પણ એક વિચ્છેદક વાદ બની જાય, એ ઉઘાડું છે. અને તો કોમવાદ પેઠે જ જ્ઞાતિવાદનું અનિષ્ટ લાગે. તેથી તેમની નાબૂદીનો વિચાર આજે જાગ્યો છે. તે વિષે આગળ વિચાર હવે પછી કરીશું.

૪-૪-'૫૫ મગનભાઈ દેસાઈ

સાભાર સ્વીકાર

सस्तुं साहित्य वर्धक कार्यालय, अमदावाद તરફથી :

અકબર: લે૦ ચૂનીલાલ વર્ધમાન શાહ, કિં. રૂ. ૧-૦-૦; **શિશુસાથી**: લે૦ સોમાભાઈ ભાવસાર, કિં. રૂ. ૦-૨-૦; **સ્વામી સહજાનંદ**: સંપા૦ મણિલાલ લ૦ ભાલજા, કિં. રૂ. ૧-૮-૦; **દૃષ્ટાંત શતક**: સંપા૦ વાસુદેવ મહાશંકર જોષી, કિં. રૂ. ૧-૪-૦; **એકાદશી માહાત્મ્ય**: સંપા૦ હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, કિં. રૂ. ૧-૮-૦; **દયાળુ બાળકો**: અનુ૦ પદ્મા ફડિયા, કિં. રૂ. ૦-૬-૦; **દિવ્ય વાર્તાઓ**: લે૦ કરસનદાસ માણેક, કિં. રૂ. ૧-૦-૦; **અજબ કુમારી**: લે૦ મૂળશંકર હરિનંદ મૂલાણી, કિં. રૂ. ૧-૪-૦; **સુખી જીવનની પગદંડી**: અનુ૦ પ્રા૦ રશિન્ ઓઝા, કિં. રૂ. ૧-૮-૦; **લક્ષ્મીબાઈ**: લે૦ શિવમ્ સુંદરમ્, કિં. રૂ. ૦-૧૨-૦; **જોન ઑફ આર્ક**: પ્રયો૦ શિવમ્ સુંદરમ્, કિં. રૂ. ૦-૧૨-૦; **તરંગલોલા**: લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, કિં. રૂ. ૦-૬-૦; **દેવર્ષિ નારદ**: લે૦ ઉપર મુજબ, કિં. રૂ. ૦-૫-૦; **પ્રભુમય જીવન**: અનુ૦ મણિલાલ નભુભાઈ દોશી, કિં. રૂ. ૦-૧૨-૦; **બાલ રામાયણ**: પ્રયો૦ પ્રફુલ્લ પ્રા૦ ઠાકોર, કિં. રૂ. ૧-૦-૦; **વ્યાયામ અને સૂર્યનમસ્કાર**: લે૦ ડૉ૦ જીવનબંધુ પી૦ ચોકસી, કિં. રૂ. ૦-૮-૦; **ખોરાકમાં ઝેર**: લે૦ પ્રો૦ મોઝેસ ઇઝીકિયલ, અનુ૦ ગુણવંતરાય મ૦ જોશી, કિં. રૂ. ૦-૪-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

ગુજરાત યુનિ૦ને ધન્યવાદ

ગુજરાત યુનિવર્સિટીએ ગયે વરસે તેના શિક્ષણ-પરીક્ષણ-કામના માધ્યમનો ઠરાવ કર્યો, તે વાચકો જાણે છે. (જુઓ શિ૦ સા૦ જૂન, ૧૯૫૪) તેમાં તેણે તેનો સિદ્ધાંત આંકી આપ્યો કે, ગુજરાતી અને (ગુજરાતી ન જાણનારને માટે) હિંદી એમ ગુજરાતી અને / અથવા હિંદી રહેશે. તથા કૉલેજનાં પ્રથમ બે વર્ષ — ફર્સ્ટ ઇયર અને ઇંટર — માટે વરસ નિયત કર્યું કે ૧૯૫૫થી શરૂ કરી ૧૯૫૬માં બીજે વરસે ઇંટરમાં પહોંચવું.

આ વરસે હવે બી. એ. વગેરે આગળની બધી પાયરીઓ માટે પણ કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો, જેથી કાયદાએ નિયત કરેલી ૧૯૬૦ની સાલની અવધિમાં અંગ્રેજી માધ્યમને બદલી લેવાશે. કોઈને હિન્દી કે ગુજરાતી ન ફાવે તો ત્યાં સુધી અંગ્રેજી વિકલ્પે વાપરી શકશે.

આ એક મોટી વસ્તુ નક્કી કરીને આપણી યુનિવર્સિટીએ ભારે નોંધપાત્ર પ્રારંભ કર્યો છે. હિંદની યુનિવર્સિટીઓમાં તે આ પહેલ કરે છે, એમ કહેવાય. ગાંધીજીના ગુજરાતને શોભાવે એવું એ થયું છે.

મ૦

માધ્યમ કેવળ ગુજરાતી

નવસારીની ગારડા કૉલેજના સામયિક (ફેબ્રુઆરી, ૧૯૫૫ અંક)માં તેના આચાર્ય શ્રી ત્રિવેદીએ પહેલે પાને લાલ અક્ષરે આ માધ્યમ-નિર્ણયની વાત લખી છે. તેમાં તેમણે માધ્યમ ફક્ત ગુજરાતી હશે એમ લખ્યું છે. એ ભૂલ સુધારવી જોઈએ. મેં ઉપર કહ્યું એમ, ગુજરાતી સાથે હિંદી પણ માધ્યમ છે અને તે હમેશ માટે છે. માત્ર તે ગુજરાતી નહીં એવા વર્ગને માટે હશે. અને ૧૯૬૦ સુધી અંગ્રેજી પણ છે, એય નોંધપાત્ર છે, કેમ કે એ એમ બતાવે છે કે, તેમાં પાંચ વરસનો એવો વચગાળો કલ્પ્યો છે કે તે દરમિયાન સૌ આ ફેરફારમાં ગોઠવાઈ જાય. અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન તો સૌને ફરજિયાત રહેશે, જેથી તેના જરૂરી ગ્રંથોનો ઉપયોગ કરાય.

હિંદી આપણી રાષ્ટ્રીય આંતર-ભાષા છે. અન્ય-ભાષી પ્રદેશમાં કામ કરનાર માટે તે દેશભરમાં બધે માધ્યમ તરીકે રહેવાને હકદાર છે. યુનિવર્સિટીઓએ પણ આ વ્યાપક નિયમને માન આપવું રહ્યું. તેથી ગુજરાત યુનિવર્સિટીએ તેને પણ ગુજરાતીના માધ્યમ જોડે માનનું અને કાયમી સ્થાન આપ્યું છે, એ વસ્તુ ઓછી નોંધપાત્ર નથી.

આ ઠરાવ યુનિવર્સિટી કેમ કરી શકી તેય નોંધવા જેવું છે. જો કેવળ હિંદી માધ્યમની વાત વિચારાત તો અધ્યાપકો આજે કાંઈ શરૂઆત કરી શકત? સરકારી અધ્યાપકો હિંદીની પરીક્ષાઓ આપે છે છતાં તેઓ તેટલામાત્રે હિંદીમાં કામ કરતા ન થઈ શકે. સ્વભાષાનું સ્વાભાવિક માધ્યમ માન્ય થવાથી શરૂઆત કરવામાં સહેજે હિંમત થઈ શકે; એટલું જ નહીં તેની પ્રારંભિક ચોપડીઓ પણ રચાય છે એમ જાણવા મળે છે.

૨૨-૪-'૫૫ મ૦

ગુજરાતી ભાષાનો વિકાસ

કેટલાક ગુજરાતીના વિકાસનો અર્થ તેનું સાહિત્ય ભણાય અને તેના એમ. એ. વગેરે થાય, એમ માને છે. તેઓની આ માન્યતા ભૂલભરેલી નહીં તોય અધૂરી તો છે જ. ગુજરાતીનો હવે પછી, તે માધ્યમ થતાં, જે વિકાસ થશે, તે તેની એક નવી જ શક્તિ ખીલવે છે. ગુજરાતી ભાષાની આ શક્તિ, તેની મૂળ પ્રતિભા અને સ્વભાવને પકડીને, ખીલવવામાં આવે, એ હવે જોવાનું છે. કામ કામને શીખવે એ સહજ ન્યાયે આ હવે થશે. તેમાં વિદ્વાનો મદદ કરે તો કામને વેગ મળવાની સાથે ઓપ પણ મળે. ગુજરાતીના લેખકોએ આ કામને સારુ વિજ્ઞાનનો અભ્યાસ કરીને તેમાં પોતાની ભાષાશક્તિ રેડવી જોઈએ, જેથી તેની લોકભોગ્ય ચોપડીઓ મળે અને તેની ભાવવાહી પરિભાષા પ્રગટે. પરિભાષાનું કામ કેવળ શબ્દરચના નથી; તેમાં તો જ્ઞાનને ગુજરાતી દેહ આપવાપણું છે. આ કરવાને માટે વિજ્ઞાનના અધ્યાપકોએ પણ પોતાની સ્વભાષાનું વધારે આરાધન કરવું રહ્યું. આપણી ભાષાનો વિકાસ આવી ભક્તિમાંથી થયા વગર કેમ રહે?

૨૨-૪-'૫૫ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસ્થાની જરૂર

એક ભાઈ લખે છે, “કેટલાક દિવસથી મેં નિયમ કર્યો છે કે, રોજ સાંજે પ્રાર્થનામાં ઈશ્વર પાસે માગવું કે, હે ઈશ્વર, મનુષ્યો પોતાના વર્તનમાં ભાઈચારો ને પ્રેમની નીતિ અપનાવે. મને વિશ્વાસ છે કે, એનું ફળ અવશ્ય મળશે. કાંઈ નહીં તોય, મને મારો વિકાસ થતો તો લાગે જ છે.”

બીજા એક ભાઈ લંડન યુનિવર્સિટીમાં સમાજ-વિજ્ઞાન ભણી આવ્યા છે તે લાંબો પત્ર લખીને કહે છે કે, આજે જે અનીતિ અને ઇંદ્રિયારામ વધી રહ્યાં છે તેના મૂળમાં કાંઈક શૂન્યવાદની અનાસ્થા તો ન હોય? નવજુવાન વર્ગમાં અને યુનિવર્સિટીઓમાં આજે જે નિષ્ઠા અને જીવન વિષે અશ્રદ્ધા અને નાસ્તિકતા જોવા મળે છે, તે દેશના ભવિષ્યને જોખમમાં નહીં નાખી દે?

મને લાગે છે કે, ઉપરની વાતમાં ભારે તથ્ય રહેલું છે. ભૌતિક વિજ્ઞાન શીખીને એક પ્રકારની એવી વૃત્તિ બનવા લાગી છે કે જે જરૂર ભયંકર છે. અલબત્ત એમાં વિજ્ઞાનનો દોષ નથી, પણ એના શીખનારના અધવધરાપણાનો કે અધકચરાપણાનો છે. વિજ્ઞાન તો સાચું જોતાં જ્ઞાનનમ્ર બનાવે. જેમ કે, જુઓ ન્યૂટન, આઇન્સ્ટીન વગેરે. અત્યારે જે વિજ્ઞાન નામે ચાલે છે તે તો વિજ્ઞાનની મદદથી જે આરામી સુધારો જાગે છે, તેને વિજ્ઞાન કહેવાય કે સમજાય છે. એમાં, અલબત્ત, સ્વાર્થ, ઇંદ્રિયારામ અને ગુમાન ભરાયું છે. જેમ કે, અણુસ્ફોટની શોધ કરનારા વિજ્ઞાનીઓ તો નમ્ર હતા, પણ તેનો લાભ પામનાર અમેરિકા કેવું ગુમાની બન્યું છે? એમાંથી પછી લડાયક વૃત્તિઓ જન્મે છે.

જગતે જરૂર ઈશ્વરાભિમુખ થવાની જરૂર છે જ. ગાંધીજી તો કહેતા કે, સત્યાગ્રહી થવા માગનારમાં ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા તો પહેલી હોવી જોઈએ. અને મનુષ્યે જીવનમાં સત્યને અનુસરવાનું રહેલું છે, ચાહે તે તેનો ધંધો હો, દેશ હો, રાજકારણ હો, કે ધર્મ હો. અર્વાચીન યુગમાં આ દર્શન થાય તો જ યુદ્ધ-નિષેધ અને શસ્ત્રત્યાગ શક્ય બનશે.

૨૨-૪-'૫૫

મ૦

નોકરીની પરીક્ષાની ભાષા

અખિલ-હિંદ સરકારી નોકરો માટે પરીક્ષા લેવાય છે તેની ભાષા હવે હિંદી રાખવાની વાત નીકળી છે. એ સારી નિશાની છે, કેમ કે રાષ્ટ્રનું કામ આગળ જવા કરે છે એમ એમાંથી જણાય છે. પણ તેથી એ વાત ખરોખર છે એમ નથી કહેતો. અંગ્રેજી માધ્યમ હવે બદલો, એટલું એમાં સાચું છે. તેને બદલે શું, એ સૂચવવામાં એ વાત ભૂલ કરે છે.

હિંદીને આ સ્થાન આપવા માટે તથા વડી સરકારનું કામ હવે હિંદીમાં ચાલે એને માટે ઉત્તર હિંદના લોકો ઉતાવળ કરે છે. ઉપરની સૂચના એ વર્ગમાંથી હોય તો નવાઈ નહીં. આ સૂચના તેમને શોભે નહીં. કારણ ઉઘાડું છે: તેઓ અ-હિંદી લોકોમાં નાહક ભીતિ પેદા કરે છે; અને હિંદી સામે જ તેમનાં મનને ઉશ્કેરે છે, એ ઉપરાંત તેની ખરાબી છે. આ પ્રદેશના લોકોએ ભારતમાં હિંદી પ્રચાર કરતા મટવું જોઈએ, એટલે કે તેમની વર્ધા સમિતિને સમેટી લેવી જોઈએ, એમ તેથી જ હું કહેતો આવ્યો છું. તેઓ કામને બગાડે છે અને દેશમાં નાહક ઊંચાં મન કરે છે. એનાથી હિંદી પણ આગળ નથી વધતી.

તો પરીક્ષાના માધ્યમનું શું કરવું? એનો જવાબ પણ ગુજરાત યુનિ૰એ તેના માધ્યમ–વિચાર દ્વારા આપ્યો જ છે. અખિલ ભારતીય પરીક્ષાર્થી યા તો પોતાની પ્રદેશભાષામાં (કે જે બંધારણની યાદી નં. ૮માં કહી છે) કે પછી હિંદી આંતરભાષામાં જવાબ આપી શકે. ઉપરાંત હિંદી ભાષાનો એક ફરજિયાત વિષય રહે; અંગ્રેજી ભાષાનો પણ એક ફરજિયાત વિષય રહે, જેની કક્ષા હિંદીથી બીજે નંબરે રહે.

આમ કહું છું ત્યારે, મને ખબર છે કે, કેટલાક અંગ્રેજી રાજ્યની જ પ્રણાલીના વિચારમાં ગૂંચાયેલા અચરજ બતાવશે. તેઓ પ્રાંતવાદ ને સંકુચિતતા અને દેશની એકતાનો ભય ૪૦ વાતો પર પણ ચડી જશે. પણ એમણે જરા શાંતિથી વિચાર કરવો જોઈએ.

આપણે માટે શું સહજ છે? પ્રદેશભાષા સ્વાભાવિક શિક્ષણનું માધ્યમ છે, એ હવે સૌ મોટે ભાગે સ્વીકારે છે. તેની જ સાથે ઉચ્ચ શિક્ષણ લેનારો હિંદી પણ જાણશે. આવા વર્ગમાંથી આપણે મોટા નોકરો વીણવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા. તેમને માટે સહજ માધ્યમ કયું ભલા? અલબત્ત, પ્રદેશભાષા અને હિંદી ઇચ્છે તો હિંદી. હિંદી જ કહેવામાં, અહિંદીને હોડમાં પાછો નાંખવાપણું થાય, તે ત્યાજ્ય છે. 'પ્રદેશભાષા અથવા હિંદી' માધ્યમ રાખો તો જ સૌ સરખી સ્થિતિમાં હોડમાં ભાગ લઈ શકે.

અને એમ કરવામાં મુશ્કેલી નથી. મોટા નોકરો આ હવે વિણાય, તો તેમને એક પ્રદેશભાષા અને હિંદી આંતરભાષા આવડતી હશે. એટલે તેમને પ્રદેશ-રાજ્યમાં કે દિલ્હીસરકારમાં જ્યાં હોય ત્યાં ફાવશે. કેવળ હિંદીથી પ્રદેશરાજ્યમાં તે ન નભી શકે, કેમ કે તે રાજ્યો રાષ્ટ્રની પોતપોતાની ભાષાઓમાં ચાલશે. યાદ રાખવાનું એ છે કે, બધી દેશી ભાષાઓ રાષ્ટ્રની છે અને એક આંતરભાષા રહેશે.

આ કામમાં યુનિ૰ઓ પણ મદદ કરશે જ, કેમ કે તેમની માધ્યમ–નીતિ પણ આ જ વિશાળ રાષ્ટ્રીય દૃષ્ટિ પર રચાયેલી હશે, કે જે આપણે ગુજરાત યુનિ૰ના ઠરાવમાં ઊતરેલી જોઈએ છીએ. દેશમાં બધે હવે આ સિદ્ધાંતથી કામ ચાલવા માંડવું જોઈએ.

૨૨–૪–'૫૫ મ૰

વડોદરા યુનિ૰નું માધ્યમ

આ લખતાં વડોદરા યુનિ૰નો માધ્યમનો વિચાર યાદ આવે છે. તે શું વિચારે છે એ ઝાઝું બહાર પડતું લાગતું નથી. આશા રાખીએ કે, તે હવે તીવ્રપણે કાંઈક કરવાને તત્પર તો થશે જ. તેણે ગુજરાત યુનિ૰ની સાથે અને તેના ઠરાવ મુજબ થઈ જવું જોઈએ. ત્યાંના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ આ વિષે હવે નિર્ણય લે એ જરૂરી છે.

૨૨–૪–'૫૫ મ૰

મુંબઈ યુનિવર્સિટી

મુંબઈ યુનિ૰ની સ્થિતિ વિચિત્ર છે. ૧૦૦ વરસ થવા આવ્યાં તેની અસર તેનાં અંગો ઉપર હોય, એ સમજાય એવું છે. તથા અનેક ભાષા બોલતી પચરંગી વસ્તી ત્યાં છે, એ બહાનું પણ મહત્ત્વ પકડે છે. છતાં તેણેય વિચાર કરવાનું તો આવે જ છે. શાહમૃગવૃત્તિ હવે નભે નહીં.

પણ ત્યાં તો ઊલટું જોર કરાતું દેખાય છે! કેટલાક અધ્યાપકો એવું વિચારે છે કે, પ્રથમ વર્ષમાં અંગ્રેજી જ ખૂબ શીખવીનેય તે માધ્યમ ચાલુ રાખો! આ વ્યર્થતા છોડી તેમણે યુગાનુકૂલ થઈ ને પ્રગતિને વરવું જોઈએ. અંગ્રેજીને તેઓ કેમ કરીને રાખી શકવા[ન] કે છોકરાઓનું પહેલું વર્ષ વ્યર્થ વાપરવા તાકે છે?

તો મુંબઈ શું કરે? ત્યાં પણ એ જ ન્યાયે [...] સ્વાભાવિક છે: પ્રદેશભાષા સહજ માધ્યમની મદદ[...] આંતરભાષા હિંદી રહે. ભાષાઓના આવા પરસ્પરભા[...] વગર હિંદની એકતા નહીં ખીલે; તેની શક્તિ પૂ[...] પૂરી નહીં કેળવી શકાય; અને લોકશાહીનો સૂર્ય પ[...] સોળે કળાએ ન જ ઝળહળે.

ઈ. સ. ૧૯૫૭ પહેલાં આ ભાષાકીય વિચા[ર] સાફ થઈ જાય, તો આપણી રાષ્ટ્રીય ને સાંસ્કૃતિ[ક] પ્રગતિની એક જરૂરી મજલ આપણે કાપી ગણાશે.

૨૨–૪–'૫૫ મ૰

ગુનાનું કારણ — ગરીબાઈ કે ધનસંપત્તિ?

ગયા એપ્રિલ માસની 'ગ્રામઉદ્યોગ પત્રિકા'[...] શ્રી જે. સી. કુમારપ્પાએ 'જનરલ સેક્રેટરી ઑ[ફ] ધી ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ કમિશન'[...] અહેવાલમાંથી ઉતારેલા આંકડા સૂચક છે. ૧૯૫૨[ની] સાલમાં ૧,૦૦,૦૦૦ની વસ્તીને હિસાબે દુનિયાના પાં[ચ] દેશોને લગતા ગુનાના આંકડાઓ નીચે આપ[્યા] છે તે વિચારવા જેવા છે:

	ફોજદારી ગુનાઓ	મોટી ચોરીઓ	સામાન[્ય] ચોરીઓ
યુ. એસ. એ.	૧૩૨૨	૩૨૫	૯૮૩
યુ. કે.	૧૩૪૨	૨૫૯	૯૧૧
ફ્રાન્સ	૧૪૮૪	૬૫	૩૬૬
પશ્ચિમ જર્મની	૨૯૯૨	૨૬૮	૯૩૫
ભારત	૧૬૫	૪૬	૬૯

આ આંકડાઓ ઉપરથી એવું લાગે છે કે, જે[...] દેશ વધારે ધનવાન તેમ ગુનાઓનું પ્રમાણ [...] વધારે કે શું? સામાન્ય રીતે લોકોમાં એવી માન્[યતા] પ્રચલિત છે કે, ગુનાઓનું મુખ્ય કારણ ગરીબાઈ [...] છે. પરંતુ ઉપર દર્શાવેલા આંકડાઓ ઉપરથી [...] વાત સાચી સાબિત થતી નથી.

એ કમિશને ૩૪ દેશોમાં થતા ગુનાઓના આં[કડા] મેળવ્યા છે. એમાં ભારતમાં સૌથી ઓછામાં ઓ[છા] ગુના થયા છે.

સુ૰ ક[...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

ગુજરાતની વાર્તા-સમૃદ્ધિ : સંપા૦ નાનક મેઘાણી, મહેન્દ્ર મેઘાણી; પ્ર૦ લોકમિલાપ કાર્યાલય, પો૦ બૉ૦ ૩૪, ભાવનગર; કિં૦ દરેક પુસ્તકના રૂ. ૧-૧૨-૦ પાકું પૂંઠું રૂ. ૨-૦-૦

'લોકમિલાપ કાર્યાલય' તરફથી શ્રી નાનક મેઘાણી અને શ્રી મહેન્દ્ર મેઘાણીએ 'ગુજરાતની વાર્તા-સમૃદ્ધિ' નામની શ્રેણી શરૂ કરી છે. એ શ્રેણીના સાત સંગ્રહો નીચે મુજબ પ્રસિદ્ધ થયા છે:—

૧. ધૂમકેતુની વાર્તાઓ (૧૦ વાર્તાઓ; પૃ૦ ૧૪૨)

૨. રામનારાયણ વિ૦ પાઠકની વાર્તાઓ (૭ વાર્તાઓ; પૃ૦ ૧૩૩)

૩. ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓ (૯ વાર્તાઓ; પૃ૦ ૧૪૨)

૪. સુન્દરમની વાર્તાઓ (૫ વાર્તાઓ; પૃ૦ ૧૪૦)

૫. પન્નાલાલ પટેલની વાર્તાઓ (૮ વાર્તાઓ; પૃ૦ ૧૪૬)

૬. ચૂનીલાલ મડિયાની વાર્તાઓ (૮ વાર્તાઓ; પૃ૦ ૧૩૪)

૭. ઈશ્વર પેટલીકરની વાર્તાઓ (૭ વાર્તાઓ; પૃ૦ ૧૪૮)

આજે પ્રૌઢશિક્ષણનું કાર્ય ભારતના નવઘડતરમાં અગત્યનું સ્થાન ભોગવે છે. નવશિક્ષિત પ્રૌઢોને શિષ્ટ વાર્તાઓનો આસ્વાદ આપતી આ શ્રેણી આવકાર્ય છે. આ સાત સંગ્રહોમાં આપણા સાત જાણીતા વાર્તાકારોની વાર્તા-સમૃદ્ધિનો પરિચય આપી નવશિક્ષિતોમાં સુસંસ્કારી વાર્તા-રસ જાગ્રત કરવાનો પ્રયાસ સફળ રીતે થયો છે. સંપાદકોએ એ પાછળ જે પરિશ્રમ ઉઠાવ્યો છે, એ આ શ્રેણીનાં પુસ્તકોનો અભ્યાસ કરતાં દેખાઈ આવે છે. આ જ રીતે બીજા જાણીતા વાર્તાકારોની વાર્તાઓ પસંદ કરીને સંગ્રહ પ્રસિદ્ધ કરવાનું કાર્ય સંપાદક ભાઈઓ જારી રાખશે એવી આશા રાખીએ છીએ.

સુ૦ કે૦

મારી વાર્તાઓ : લે૦ ચૂનીલાલ મડિયા; પ્ર૦ વોરા ઍન્ડ કંપની, મુંબઈ-૨; કિં૦ રૂ. ૧-૮-૦; પૃ૦ ૧૪૬.

શ્રી ચૂનીલાલ મડિયાની વાર્તાના લગભગ આઠ સંગ્રહો પ્રસિદ્ધ થયા છે. તેમાંથી તેમણે પોતે જ બાર વાર્તાઓ ચૂંટીને આ સંગ્રહ સંપાદિત કર્યો છે. આ સંગ્રહની પાછળ તેમણે એ દૃષ્ટિ રાખી છે કે, 'લખનારને મન કહેવાતી ઉત્તમ વાર્તાઓ લેવાને બદલે સરેરાશ વાચકની તથા કિશોરોની ઘડાતી રસવૃત્તિને પોષક નીવડે' એવી વાર્તાઓની પસંદગી કરવી. એ રીતે આ સંગ્રહ આપણું ધ્યાન ખેંચે છે.

સુ૦ કે૦

નિર્વાસિતા : લે૦ અંબાલાલ નૃ. શાહ; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં૦ રૂ. ૩-૦-૦; પૃ૦ ૧૯૮.

કલકત્તા, કચ્છ, સૌરાષ્ટ્ર ઇત્યાદિ પ્રદેશોમાં પોતાના શિક્ષણવિષયક વિચારોને મૂર્ત સ્વરૂપ આપવા અનેક સાહસો જેમણે ખેડયાં છે અને અમદાવાદ શહેર સુધરાઈના પ્રકાશન અધિકારીપદનું ગૌરવ જેમને વર્યું છે એવા શ્રી અંબાલાલ નૃ. શાહની આવી નિરંકુશ સ્વૈરવિહાર કરતી નવલકથાને જોઈને અકળાઈ જવાય છે! વાર્તામાં ઠેર ઠેર સ્ત્રીપુરુષના વ્યવહારને બહેકાવી મૂકે એવા સ્વચ્છંદ સિવાય બીજું કશું નજરે પડતું નથી. વચ્ચે વચ્ચે વાર્તાકાર જીવન વિષેની વિચારસરણી રજૂ કરતા જાય છે એમાં પણ કશું ઊંડાણ દેખાતું નથી. આખી વાર્તા વાંચીને વાર્તાકાર છેવટે શું કહેવા માગે છે એ જ સમજાતું નથી! એમણે નિરૂપેલી નાયક-નાયિકા સનાતન અને રોહિણી એ બંનેની વિચારસરણી આજના સમાજમાં જરાયે આવકાર્ય ન જ થઈ પડે. ઊલટું જીવનમાં દંભ અને આત્મવંચના જ દાખલ થઈ જાય. આપણને સારા પુખ્ત વિચારોની લહાણી આપી શકે એટલું સામર્થ્ય આ વાર્તામાં જરાયે દેખાતું નથી. ખરી રીતે આવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ ખૂબ વિચારીને સ્વસ્થતાપૂર્વક લોકો આગળ પોતાનું સર્જન મૂકવું જોઈએ. 'જયભિખ્ખુ' જેવા વાર્તાકારે પણ શી દૃષ્ટિ નજર સમક્ષ રાખીને આવી વાર્તાને સમાજ આગળ મૂકવા પ્રોત્સાહન આપ્યું હશે? માનવ સમાજના સ્વાસ્થ્યને લક્ષમાં રાખીને પણ આવી નવલકથા તજવા જેવી ગણાય.

સુ૦ કે૦

રમણભાઈ નીલકંઠ : લે૦ બિપિનચંદ્ર ઝવેરી; પ્ર૦ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ; કિં૦ રૂ. ૬-૦-૦; પૃ૦ ૨૩+૫૨૪.

શ્રી બિપિનચંદ્ર ઝવેરીએ યુનિવર્સિટીમાં ડૉક્ટરેટ માટે લખેલો મહાનિબંધ 'રમણભાઈ નીલકંઠ' હવે પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય છે એ આનંદની વાત છે. સદ્‌ગત સર રમણભાઈ નીલકંઠનું જીવન ગુજરાતના ઘડતરમાં ગણનાપાત્ર ફાળો આપે છે. સમાજસુધારામાં તેમ જ સાહિત્યવિકાસમાં સર રમણભાઈએ પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે. સર રમણભાઈનું જીવન આપણને પ્રેરણા આપે એવું છે. શ્રી બિપિનચંદ્ર ઝવેરીએ સર રમણભાઈના જીવનનો તલસ્પર્શી અભ્યાસ કરીને બૃહદ્ જીવનચરિત ગુજરાતને આપ્યું છે એ બદલ તે ધન્યવાદને પાત્ર છે.

સુ૦ કે૦

જપજી : પ્રયો૦ વાસુદેવ મહાશંકર જોષી; પ્ર૦ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ રૂ. ૦-૧૦-૦; પૃ૦ ૯૧.

શીખોના આદ્યગુરુ નાનકસાહેબના પ્રસિદ્ધ ગ્રંથ 'જપજી'ના મૂળ સહિત ગુજરાતીમાં ભાવાનુવાદ તથા પદોના અર્થો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ભાનુમતીબહેન ત્રિવેદીએ પહેલાં પ્રસિદ્ધ કર્યાં હતા. ત્યાર બાદ આપણું ખાસ ધ્યાન ખેંચે એવો પદ્યાનુવાદ શ્રી મગનભાઈ પ્ર. દેસાઈએ કર્યો છે. મારા ખ્યાલ પ્રમાણે પ્રસ્તુત પુસ્તક એ 'જપજી' અંગેનું ત્રીજું પુસ્તક આપણી ભાષામાં હવે સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી પ્રસિદ્ધ થાય છે.

આ પુસ્તકમાં મૂળ સાથે અનુવાદ અને એ અંગેનું ચિંતન આપવામાં આવ્યાં છે. પરંતુ ઘણીખરી 'પઉડી'ઓના અનુવાદ અને ચિંતન એકસાથે જ આપી દીધેલાં હોવાથી 'પઉડી'નો મૂળ અર્થ બહુ સ્પષ્ટ સમજાતો નથી. વળી ચિંતન પણ સુસંકલિતપણે કરેલું નથી. જુદા જુદા ગ્રંથોનાં અવતરણોથી જ એ ભરી દેવામાં આવ્યું છે. તેથી સુરેખ છાપ ઊઠી શકતી નથી અને 'પઉડી'નો મૂળ અર્થ ક્યાંનો ક્યાં દબાઈ જાય છે. ખરી રીતે ચિંતનનો મુખ્ય ઉદ્દેશ તો એ જ હોવો જોઈએ કે મૂળ વસ્તુ જ છેવટે ઉપર તરી આવે.

એકંદરે આ પુસ્તકમાં પ્રયોજકની અભ્યાસશીલતા નજરે ચડે છે; પરંતુ 'જપજી' જેવા નિત્યપાઠ્ય ધર્મગ્રંથના હાર્દને પ્રયોજક હજી બરોબર પકડી શક્યા નથી, એવું આ પુસ્તકનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે.

સુ૦ ક૦

મહીરાજકૃત **નલ-દવદંતી રાસ**:-સંપા૦ ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા; પ્ર૦ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા; કિં૦ રૂ. ૪-૪-૦; પૃ૦ ૨૩ + ૧૮૦.

વિક્રમના સત્તરમા શતકના આરંભમાં રચાયેલું એ પ્રાચીન ગુજરાતી કાવ્ય મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ' ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કર્તાના હસ્તાક્ષરોમાં સં. ૧૬... જેટલા જૂના સમયમાં લખાયેલી પ્રતને આધારે સંપાદિત કર્યું છે અને તે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય તરફથી શરૂ થયેલી પ્રાચીન ગુર્જર ગ્રંથમાળાના બીજા ગ્રંથ તરીકે પ્રસિદ્ધ થાય છે.

નલ-દમયંતીની પુરાણપ્રસિદ્ધ આખ્યાયિકા ભારતના અન્ય પ્રાંતોની જેમ ગુજરાતમાં પણ ખૂબ ખ્યાતિ પામી છે, તથા જૈન તેમ જ જૈનેતર કવિઓએ પોતપોતાની રીતે એ આખ્યાયિકાનો વિનિયોગ કર્યો છે. જૈનેતર કવિઓમાં ભાલણ, નાકર અને પ્રેમાનંદનાં નળાખ્યાન જાણીતાં છે. જૈન કવિઓએ પણ નલ-દમયંતીની કથાને જુદી જુદી રીતે વર્ણવી છે. પ્રસ્તુત 'નલ-દવદંતી રાસ'માં નલ-દમયંતીની મૂળ કથામાં ઘણે ઠેકાણે ફેરફાર થયેલા નજરે પડે છે. ... અને વ્યક્તિઓનાં નામ પણ જુદાં મળે છે.

સંપાદકે ચીવટથી મૂળ હસ્તપ્રત ઉપરથી આ રાસ સંપાદિત કરીને ગુજરાતની ગણનાપાત્ર સેવા કરી છે. પુસ્તકને અંતે આપેલો શબ્દકોશ રાસ સમજવામાં સહાયરૂપ થાય છે. વળી પરિશિષ્ટમાં અજ્ઞાત કવિકૃત 'નલ-દવદંતી ચરિત્ર' આપ્યું છે, એ પણ આ રાસની સાથે સાથે જોવા રસિક થઈ પડે છે.

સુ૦ ક૦

સાભાર સ્વીકાર

गूर्जर ग्रंथरत्न कार्यालय, अमदावाद તરફથી :

ઇતિહાસની તેજમૂર્તિઓ: લે૦ ધૂમકેતુ, કિં. રૂ. ૩-૦-૦; **સક્કરબાર**: લે૦ ગુણવંતરાય આચાર્ય, કિં. રૂ. ૪-૮-૦; **ગઈ ગુજરી**: લે૦ જયભિખ્ખુ, કિં. રૂ. ૧-૮-૦; **આઝમ રાત**: લે૦ ચન્દ્રવદન મહેતા, કિં. રૂ. ૧-૪-૦; **'કલાપી'નો કાવ્યકલાપ**: સંપા૦ અનંતરાય મ૦ રાવળ, કિં. રૂ. ૩-૮-૦; **વૃક્ષ અને વેલી**: લે૦ જયંતીલાલ દેવશંકર ઓઝા, કિં. રૂ. ૨-૦-૦; **આંબાવાડિયું**: લે૦ ગિજુભાઈ બધેકા અને જુગતરામ દવે, કિં. રૂ. ૧-૪-૦; **શરદબાબુની બાળવાતો**: અનુ૦ રમણલાલ સોની, કિં. કાચું પૂંઠું રૂ. ૧-૮-૦, પાકું પૂંઠું ૨-૦-૦; **ભક્ત-કવિ તુલસીદાસ**: લે૦ કીર્તિદા દીવાનજી, કિં. રૂ. ૦-૬-૦; **નાનકડી વાતો**: લે૦ રમણલાલ નાનાલાલ શાહ, કિં. રૂ. ૦-૧૨-૦; **કીર્તિકથાઓ**: લે૦ ઉમિયાશંકર ઠાકર, કિં. રૂ. ૦-૫-૦; **બુલબુલ**: લે૦ દુર્લભજી ભ૦ જોશી, કિં. રૂ. ૦-૫-૦; **કીર્તિમંદિર**: લે૦ કેશવલાલ શાહ, કિં. રૂ. ૦-૧૨-૦.

नागर ग्रंथमाळा, मणिनगर, अमदावाद તરફથી

સંધ્યાના સાથિયા: લે૦ પંડિતરાવ રાવલ, કિં. વિનામૂલ્ય; **શ્રી હાટકેશ્વરોત્પત્તિ**: લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, કિં. ઉપર મુજબ.

वोरा एन्ड कंपनी, मुंबई તરફથી :

ઠગ (સંક્ષિપ્ત): લે૦ રમણલાલ વસંતલાલ દેસાઈ, કિં. રૂ. ૧-૮-૦; **અભિષેક**: લે૦ ચૂનીલાલ મડિયા, કિં. રૂ. ૧-૮-૦; **કરણઘેલો (સંક્ષિપ્ત)**: લે૦ નંદશંકર તુળજાશંકર, સંક્ષેપ કરનાર: કનુભાઈ વોરા, કિં. રૂ. ૧-૮-૦; **કાવ્યલહરી**: લે૦ તનસુખ ભટ્ટ, કિં. રૂ. ૧-૮-૦.

श्री हरिहर पुस्तकालय, सुरत તરફથી :

ચોખેરવાલી: લે૦ રવીન્દ્રનાથ ટાગોર, અનુ૦ રમણલાલ સોની, કિં. રૂ. ૫-૦-૦; **અભિશાપ**: લે૦ ડૉ૦ નરેશચંદ્ર સેનગુપ્ત, અનુ૦ ઉપર મુજબ, કિં. રૂ. ૪-૦-૦.

अन्य प्रकाशक તરફથી :

દિવ્યદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્ર: સંગ્રાહક: જિજ્ઞાસુ મુનિ, પ્રકા૦ શ્રી જગજીવનદાસ શિવલાલ દેસાઈ (સાયલા); પ્રાપ્તિસ્થાન: છોટુભાઈ મગનલાલ દેસાઈ, સાયલા (સૌરાષ્ટ્ર); કિં. રૂ. ૦-૮-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક વાંચવા લાયક પુસ્તકો

કિશોરલાલ મશરૂવાળા કૃત

અહિંસાવિવેચન

લેખકના અહિંસાવિષયક લેખોનો સંગ્રહ.

કિં. રૂ. ૨-૮-૦ ટપાલરવાનગી ૦-૯-૦

ઊધઈનું જીવન

સુપ્રસિદ્ધ લેખક મૅારિસ મૅટરલિંકના 'ધ વ્હાઇટ ઍન્ટ' નામના બોધક પુસ્તકનો અનુવાદ. આ પુસ્તકમાંથી ઊધઈ વિષે અનેક રસપ્રદ માહિતી મળશે.

કિં. રૂ. ૧-૦-૦ ટપાલરવાનગી ૦-૩-૦

કાગડાની નજરે

'આશ્રમનો ઉલ્લુ'ના ઉપનામથી હિંદની જાણીતી વ્યક્તિઓ અને ગાંધીવાદી સંસ્થા તથા વિચાર-સરણીને કાકદૃષ્ટિએ નિહાળીને લખેલું હાસ્યરસનું મનોરમ પુસ્તક.

કિં. રૂ. ૦-૯-૦ ટપાલરવાનગી ૦-૩-૦

કેળવણીના પાયા

લેખકના કેળવણી વિષયક નિબંધોનો સંગ્રહ. કેળવણી વિષયક માનસશાસ્ત્રની કેટલીક મૌલિક અને સૂક્ષ્મ ચર્ચા આમાં મળે છે.

કિં. ૧-૮-૦ ટપાલરવાનગી ૦-૫-૦

કેળવણીવિકાસ

પાયાની કેળવણીનો ધીમે ધીમે કેવી રીતે વિકાસ થયો અને તે આજની સ્થિતિએ આવી તે દર્શાવતા અને તેના વિકાસનાં પગથિયાંની તથા પાયાની કેળવણીમાં રહેલાં તત્ત્વની ચર્ચા કરતા લેખોનો સંગ્રહ. શ્રી નરહરિભાઈની વિસ્તૃત ભૂમિકા સહિત.

કિં. ૧-૪-૦ ટપાલરવાનગી ૦-૩-૦

કેળવણીવિવેક

કેળવણીનાં તત્ત્વોની છણાવટ કરતા લેખકના 'કેળવણીના પાયા'નો અનુગ્રંથ. આ નાના પુસ્તકમાં શ્રી કિશોરલાલભાઈ પોતાની વિશિષ્ટ શૈલીમાં પોતાના કેળવણી વિષેના વિચારો વિશદ કરે છે.

કિં. રૂ. ૧-૪-૦ ટપાલરવાનગી ૦-૩-૦

ગાંધીજી અને સામ્યવાદ

આજની બે પ્રધાન વિચારસરણી — ગાંધીવાદ અને સામ્યવાદનું તલસ્પર્શી પૃથક્કરણ. આચાર્ય વિનોબાની વિસ્તૃત ભૂમિકા સહિત.

કિં. રૂ. ૧-૪-૦ ટપાલરવાનગી ૦-૩-૦

ગીતાધ્વનિ

શ્રીમદ્ ભગવદ્ગીતાનું સમશ્લોકી ભાષાંતર.

કિં. રૂ. ૦-૮-૦ ટપાલરવાનગી ૦-૨-૦

ગીતામંથન

સામાન્ય જનસમુદાયને શ્રીમદ્ ભગવદ્ગીતાના રહસ્યનો બોધ કરાવતું પુસ્તક.

કિં. રૂ. ૨-૮-૦ ટપાલરવાનગી ૦-૧૧-૦

જીવનશોધન

લેખક પ્રસ્તાવનામાં કહે છે: 'જેમના ચિત્તમાં ઉદાત્ત ભાવનાઓ વસે છે, જેમને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ થાય, પોતાનું જીવન બીજાનું સુખ વધારવામાં કાંઈક ઉપયોગી થાય, પોતાના જન્મ સમયે પોતાના સમાજની જે સ્થિતિ હતી તેથી કાંઈક તે અભ્યુદયને માર્ગે વધે, અને તેમાં પોતાનો લેશ પણ ફાળો હોય એવી અભિલાષા જોર કરી ઊઠે છે, એમને મદદ થાય એ ઇચ્છાથી આ લેખમાળા લખવા પ્રેરાયો છું.

કિં. રૂ. ૨-૮-૦ ટપાલરવાનગી ૦-૧૧-૦

તિમિરમાં પ્રભા

ટૉલ્સ્ટૉયના સર્વશ્રેષ્ઠ નાટક 'ધ લાઈટ શાઇન્સ ઇન ડાર્કનેસ'નું ગુજરાતી રૂપાંતર.

કિં. રૂ. ૧-૮-૦ ટપાલરવાનગી ૦-૪-૦

ભાવિ હિંદનું દર્શન

આ પુસ્તકમાં શ્રી કિશોરલાલભાઈએ પોતાની કલ્પનાના હિંદનું ચિત્ર દોરી બતાવ્યું છે. આયોજન પંચના સભ્ય શ્રી રા૦ કૃ૦ પાટીલના પત્રના જવાબરૂપે એ છે. તે ઉપરાંત પરિશિષ્ટમાં રા૦ કૃ૦ પાટીલનો મૂળ પત્ર, શ્રી નરહરિભાઈ પરીખે આપેલો તેનો જવાબ તથા શ્રી કિશોરલાલભાઈના ત્રણ લેખો પણ આપવામાં આવ્યા છે.

કિં. રૂ. ૦-૧૦-૦ ટપાલરવાનગી ૦-૪-૦

વિદાય વેળાએ

સીરિયાના મહાકવિ, જ્ઞાની અને ચિત્રકાર ખલિલ જિબ્રાનની સર્વશ્રેષ્ઠ કૃતિ 'ધ પ્રૉફેટ'નો અનુવાદ.

કિં. રૂ. ૧-૦-૦ ટપાલરવાનગી ૦-૩-૦

સમૂળી ક્રાન્તિ

ધર્મ, સમાજ, અર્થકારણ, રાજકારણ, કેળવણી એ બધાં સમાજજીવનનાં અંગોના ચાલુ વહેવારમાં ધરમૂળથી ક્રાન્તિ કેમ થઈ શકે ને કરવી જોઈએ તેની મૌલિક ચર્ચા આ પુસ્તકમાં કરવામાં આવી છે.

કિં. રૂ. ૧-૪-૦ ટપાલરવાનગી ૦-૬-૦

સંસાર અને ધર્મ

સંસાર, ઈશ્વર અને ધર્મ સંબંધી લેખકના લેખોનો સંગ્રહ. આ પુસ્તકમાં 'સમૂળી ક્રાન્તિ'માં જણાવેલા વિષયોનું વિગતે નિરૂપણ છે. તે પુસ્તકના ભાષ્ય રૂપે એને ગણી શકાય.

કિં. રૂ. ૨-૦-૦ ટપાલરવાનગી ૦-૯-૦

સ્ત્રી-પુરુષ-મર્યાદા

આ પુસ્તકમાં લેખકે સ્ત્રી-પુરુષ-સંબંધના બધા પ્રશ્નો — જેવા કે યુવાનો અને લગ્ન, બ્રહ્મચર્યસાધના, સ્ત્રી-પુરુષ-સંબંધ સહશિક્ષણ, સ્પર્શમર્યાદા, લગ્નનાં પ્રયોજન, સંતતિનિયમન, 'ધર્મનાં ભાઈબહેન' વગેરે — ની ચર્ચા કરી છે. આ પુસ્તકમાંથી સ્ત્રી-પુરુષ-મર્યાદાની બાબતમાં સૌને સ્પષ્ટ માર્ગદર્શન અને સાચી વિચારદિશા મળી રહેશે.

કિં. રૂ. ૧-૮-૦ ટપાલરવાનગી ૦-૪-૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતૃભાષા

[ડૉ. પ્રાણજીવન મહેતાએ કેળવણીનું માધ્યમ શું હોવું જોઈએ એ વિષે મદ્રાસથી પ્રગટ થતા 'વેદાંત કેસરી'માં લખેલા લેખો પુસ્તક રૂપે પ્રગટ થયા ત્યારે ગાંધીજીએ લખેલી તેની પ્રસ્તાવના નીચે આપી છે.]

માતૃભાષાઓ શિક્ષણનું વાહન હોવી જોઈએ એ વસ્તુ પ્રજાસમસ્તને સારુ અગત્યની છે. માતૃભાષાનો નિરાદર એ પ્રજાની હત્યા બરાબર છે. અંગ્રેજી ભાષાના હિમાયતી ઘણી વેળા એવું કહેતા સાંભળવામાં આવે છે કે, એ ભાષા મારફતે શિક્ષણ લીધેલા હિંદી જ જાહેર અને દેશાભિમાની કામ કરી રહ્યા છે એ કાંઈ આશ્ચર્ય પમાડનારી વાત નથી. એટલુંયે તેઓએ ન કર્યું હત તો જરૂર દયાજનક સ્થિતિ હોત. પણ સમજવાનું તો એ રહ્યું છે કે, જે પરિણામ આવ્યાં છે તે આપણા શિક્ષણને સારુ જે વખત દેવામાં આવે છે તેના પ્રમાણમાં જૂજ છે. અંગ્રેજી શિક્ષિત વર્ગ જનસમાજની ઉપર કંઈ અસર કરી શકેલ નથી...

તાજામાં તાજું આ વિષય ઉપરનું કથન નામદાર વાઈસરૉયનું* છે. તેઓ આ પ્રશ્નનો કાંઈ ફડચો હજુ નથી કરી શકયા, પણ આપણી શાળાઓમાં માતૃભાષા મારફતે કેળવણી આપવી જોઈએ એ તેઓ સાહેબ બરાબર સમજે છે.

મધ્ય અને પૂર્વ યુરોપના યાહૂદીઓ જે આખી દુનિયામાં ફેલાઈ રહ્યા છે, તેમને અરસપરસના વ્યવહારને સારુ સામાન્ય ભાષાની જરૂર જણાઈ અને તેઓએ યિડીશ જેવી પ્રાકૃત બોલીને ભાષાના દરજ્જા ઉપર મૂકી દીધી છે. અને દુનિયાનાં સરસમાં સરસ પુસ્તકોના અનુવાદ એ ભાષામાં કરવામાં ફતેહમંદ નીવડયા છે. જોકે તેઓ ઘણી પરદેશી ભાષા શીખી લે છે, છતાં પરદેશી ભાષાઓની મારફતે પોતાના આત્માને સંતોષી શકયા નથી. વળી પોતાનો દરજ્જો સમજી શકે તે પહેલાં યહૂદી જનસમાજે પરદેશી ભાષા શીખવાની માથાફોડ કરવી જોઈએ એવું પણ તેઓના શિક્ષિત વર્ગે ઇચ્છયું નથી. તેથી જે માત્ર તોતડી બોલી જ કહેવાતી હતી પણ જે યહૂદી છોકરાઓ પોતાની માના ધાવણની સાથે પીતા હતા તે ભાષાને દુનિયાના સુંદરમાં સુંદર વિચારોને ઘણી મહેનતે અનુવાદ કરીને શણગારી છે. આ ખરેખર આશ્ચર્યજનક કાર્ય છે. વેબ્સ્ટરના મોટા શબ્દકોષમાં એ ભાષાને યહૂદી લોકોના અરસપરસ વ્યવહારને સારુ બીજી ભાષાઓનો બનાવેલો ખીચડો કરીને વર્ણવેલી છે. તે ભાષાને ઉપરનું સ્વરૂપ આ ચાલુ જમાનાની અંદર યહૂદી સાક્ષરવર્ગ આપી શકયા છે.

જો એ ભાષાનું વેબ્સ્ટરે કરેલું વર્ણન આજે કોઈ કરે તો પૂર્વ અને મધ્ય યુરોપના યહૂદી અપમાન થયું ગણશે. મગરૂરી પામી શકાય એવી ભાષાનો યહૂદી વિદ્વાનો યહૂદી જનસમાજને આ જમાનામાં આપી શકયા છે, તો આપણી ભાષાઓ કે જે કેળવાયેલી તરીકે ઓળખાય છે તેમાં રહેલી ખામીઓ દૂર કરવી એ સહેલું કામ છે.

દક્ષિણ આફ્રિકા પણ એ જ પાઠ શીખવે છે. અંગ્રેજી અને ડચ ભાષાનું પ્રાકૃત રૂપ જે ટાલને નામે ઓળખાય છે તેની વચ્ચે દ્વંદ્વ યુદ્ધ ચાલતું હતું. બોઅર માતાઓ અને બોઅર પિતાઓએ નિશ્ચય કર્યો હતો કે, જે બચ્ચાંઓની સાથે તેઓ બચપણમાં ટાલ ભાષામાં બોલતાં તેઓને અંગ્રેજી ભાષા મારફતે શિક્ષણ આપીને તેઓ તેને કચરી મારશે નહીં. દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજીની તરફેણમાં ઘણી જ દલીલો હતી. દલીલ કરનારા પણ સામર્થ્યવાળા હતા, પણ બોઅર સ્વદેશાભિમાનની સામે અંગ્રેજી ભાષા ટકી શકી નહીં. આ બોઅર લોકોએ તો શુદ્ધ ડચ બોલીનો પણ ઇનકાર કર્યો. તેથી યુરોપની ખેડાયેલી ડચ ભાષા બોલનારા શિક્ષકોને પણ આ વધારે સહેલી ટાલ ભાષા શીખવવી પડે છે. પરિણામ એ આવ્યું છે કે, સાધારણ પણ વીર ગામડિયાઓ જ માત્ર જે બોલીનો ઉપયોગ દક્ષિણ આફ્રિકામાં જ કરતા હતા તે બોલીમાં આ વેળા સુંદર સાહિત્ય વધતું ચાલ્યું છે.

જો આપણે આપણી માતૃભાષાઓ વિષે શ્રદ્ધા ખોઈ બેઠા હોઈશું તો આપણા પોતામાંની શ્રદ્ધાની ખામીની નિશાની છે. આપણી પડતીની એ ચોખ્ખી સૂચના છે. અને જો આપણી માતાઓ બોલે છે તે ભાષા વિષે આપણને માન ન હોય તો ગમે તેટલી ઉદારતાથી અને પરોપકાર વૃત્તિથી રચાયેલી અને અમલમાં મુકાયેલી સ્વરાજની યોજના આપણને કદીય સ્વરાજ્ય ભોગવતી પ્રજા બનાવી શકે નહીં.

ઈ. સ. ૧૯૧૭

ગાંધીજી

* લૉર્ડ ચેમ્સફર્ડ.

મુદ્રક અને પ્રકાશક: [illegible] મુદ્રણાલય, અમદાવાદ-૧૪
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ

ગોપાલદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)

ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૪ અંક ૬

જૂન નવજીવન, અમદાવાદ ૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

જૂન, ૧૯૫૫

વર્ષ ૧૪ અંક ૬

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
પાઠ્યપુસ્તકોની રામાયણ	મગનભાઈ દેસાઈ	૧૬૧
ગાંધી, નેહરુ અને વિનોબા	મગનભાઈ દેસાઈ	૧૬૪
અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષાનું માધ્યમ	મગનભાઈ દેસાઈ	૧૬૯
શરીરની લાજ ઉઘાડવાની વસ્ત્રકળા	મગનભાઈ દેસાઈ	૧૭૨
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૧૭૩
ગુજરાતી શુદ્ધલેખન	અરવિંદલાલ લ૦ મજમુદાર	૧૭૭
ડાંગ પ્રદેશમાં દારૂબંધી	ઘેલુભાઈ નાયક	૧૭૮
કર્મની સાથે ભક્તિ જોઈએ	રવિશંકર મહારાજ	૧૭૯
બીજું વિશ્વયુદ્ધ અને પ્રાંતિક સ્વરાજનો અંત	મગનભાઈ દેસાઈ	૧૭૯
ભારતની નદી-યોજનાઓ :		
એક પ્રશસ્તિ	ગો૦	૧૮૩
માસિક વિવેચન		
શ્રી રામદાસ ગુલાંટી	મ૦	૧૮૪
પંચશીલ	મ૦	૧૮૪
બેકાર માણસ ને બેકાર યંત્ર	મ૦	૧૮૪
શિક્ષણનો અવેજ લશ્કરી તાલીમ?	મ૦	૧૮૫
શિક્ષણ અને રંગદ્વેષ	મ૦	૧૮૬
લગનગાળો અને કાયદા	મ૦	૧૮૬
દાંપત્યનો આદર્શ	મ૦	૧૮૭
નવા જમાનાનું અર્થશાસ્ત્ર	મ૦	૧૮૭
મુસલમાનો અને એક-લગ્ન-પ્રથા	મ૦	૧૮૮
રમઝાનના રોજા	મ૦	૧૮૮
૨૫૦૦ મી બુદ્ધજયંતી	મ૦	૧૮૯
આંબેડકર અને બૌદ્ધ ધર્મ	મ૦	૧૮૯
‘મ્યૂઝિયમ’	મ૦	૧૯૦
હિંદનું રાષ્ટ્રીય ગ્રંથાલય	મ૦	૧૯૦
જગતની શાંતિનું રાજકારણ	મ૦	૧૯૧
નવું વાચન		
સ્વપ્નનો ભંગાર	મુ૦ ફ૦	૧૯૨

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (લાખાજીરાજ રોડ), દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કૉનોટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, અમદાવાદ-૧૪

અમારાં નવાં પ્રકાશનો

સ્થાનાંગ-સમવાયાંગ : સંપા૦ દલસુખ માલવણિયા; કિં. રૂ. ૧૦-૦-૦; ટપાલરવાનગી ૧-૮-૦.

ગાંધીજીના પાવન પ્રસંગો : લે૦ લલ્લુભાઈ મકનજી; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

શીલ અને સદાચાર : લે૦ મુકુલભાઈ; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

ઠક્કરબાપા : લે૦ કાન્તિલાલ શાહ; કિં. રૂ. ૪-૦-૦; ટપાલરવાનગી ૧-૩-૦.

સમૂહજીવન અને છાત્રાલય : શિવાભાઈ ગો૦ પટેલ; કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

टक्करबापा : ले० कान्तिलाल शाह; अनु० रामनारायण चौधरी; की. रु. ५-०-०; डाकखर्च १-५-०.

हरिजनसेवकोंके लिये : ले० गांधीजी; अनु० रामनारायण चौधरी; की. रु. ०-६-०; डाकखर्च ०-२-०.

अस्पृश्यता : ले० गांधीजी; अनु० रामनारायण चौधरी; की. रु. ०-३-०; डाकखर्च ०-२-०.

Christianity : Its Economy and Way of Life : By J. C. Kumarappa; Price Re. 1-4-0; Postage etc. 0-6-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૪–અંક ૬] અમદાવાદ [જૂન, ૧૯૫૫

પાઠ્યપુસ્તકોની રામાયણ

પાઠ્યપુસ્તકોનો પ્રશ્ન એક મોટી પંચાત થતો જાય છે. કારણ ઉઘાડું છે: શિક્ષણ વધવાની સાથે તે વેપારનો સવાલ બને છે; લેખકો માટે ભારે આવકનું સાધન બને છે. બીજાં પણ ભાત ભાતનાં કારણો ભેગાં થઈને એ એક ચિંતાનો વિષય બને છે.

જે જે ક્ષેત્રમાં આવું બને ત્યાં આજે એક એવી વૃત્તિ જન્મી છે કે, આ કામ સરકાર કરે. અનાજ-વહેંચણી શું કે કાપડ-વહેંચણી શું, લોખંડ શું કે સિમેન્ટ શું — જ્યાં જુઓ ત્યાં સરકારી નોકરશાહીને વચ્ચે નાંખવામાં આવે છે, અને એથી પ્રજાની શક્તિને ખીલવાના માર્ગોમાં દખલ નંખાય છે. લાંચરુશવત, વગસગ ૯૦ જાગે એ જુદું. આ જ વસ્તુ આર્થિક કે ઔદ્યોગિક ક્ષેત્રમાં 'નેશનલાઇઝેશન' કહેવાય છે. તેવું જ આ પુસ્તકો બાબતમાંય જોવા મળે છે. જેમ કે, થોડા વખત ઉપર પંજાબ સરકારે 'પાઠ્યપુસ્તકોનું નેશનલાઇઝેશન' શરૂ કર્યું, તે સામે જવાહરલાલજીનો મત પ્રગટ થયો હતો.

મુંબઈ રાજ્યમાં પણ આ સવાલ ચારપાંચ વરસ ઉપર આવ્યો, ત્યારે કેટલાક વહેવારિયા રાજકારણીઓએ કહ્યું કે, સરકાર જ ચોપડીઓ કાઢે, છાપે ને ચલાવે. વિચાર એમાંથી જાગ્યો હતો કે, માબાપોની ફરિયાદ હતી કે, વારંવાર ચોપડીઓ બદલાયા કરે છે તે સારું નથી.

આ ફરિયાદ મુખ્યત્વે હાઈસ્કૂલો અંગે હતી. તેમને પોતાની ચોપડીઓ પસંદ કરવાનો હક છે. પ્રાથમિક શિક્ષણમાં તેમ નથી. ત્યાં તો સરકાર ત્રણ વરસ સુધી ન બદલવાની નીતિ રાખે છે. પણ તેમાં વળી બીજી બલા છે. નામંજૂર ચોપડીઓ પણ શિક્ષકો નીચલાં ધોરણોમાં લેવડાવે છે અને તેમાંથી છૂપી દલાલી ખાય છે. ગાઇડોનો ધંધો ચાલે છે. તથા નીચલાં ૪ ધોરણોમાં જ્યાં કેવળ ભાષાની જ ચોપડી ખરીદવાની હોય છે અને બીજા વિષયો મૌખિક ભણાવવા એમ રખાય છે, ત્યાં તે વિષયોની પણ ચોપડીઓ ધમધોકાર નીકળે છે અને લાગવગથી ચાલે છે. સરકારી ઇન્સ્પેક્ટરો તેમાં કાંઈ કરી શકતા નથી. શિક્ષકો કહે એટલે બાળકોની રઢ આગળ માબાપો લાચાર થઈને તે ખરીદી આપે છે.

સરકારનું કામ ચોપડીઓનો ધંધો હાથમાં લેવાનું નથી. નહીં તો તે રીતે તો સારી નવી ચોપડીઓ માટેની પ્રેરણા જ નાબૂદ કરી મૂકે. અને ચોપડીઓ દ્વારા અમુક વિચારો સરકારી ધોરણે પ્રેરવા લલચાય, એ પણ નાનીસૂની ખરાબી ન ગણાય. તેની જ સામે રાજાજીએ થોડા વખત પર લાલબત્તી ધરીને કહેલું કે, ચોપડીઓ સરકાર ન કરાવે.

સરકારનું મુખ્ય કામ તો નિયત અભ્યાસક્રમને આધારે તૈયાર કરવામાં આવેલી ચોપડીઓમાંથી સારી જોઈ મંજૂર કરવાનું છે, એમ આજની આપણી સ્થિતિમાં કબૂલ કરવું જોઈએ. પરંતુ ત્રણ વરસ પર મુંબઈ સરકારે માત્ર અમુક જ એક ચોપડી નક્કી કરવાની વાત કરી, તેથી ભારે ચર્ચા જાગી, અને છેવટે તેણે પોતાનો ઠરાવ જાહેર કરી તે નીતિ ફેરવી અને કહ્યું કે,

> "૧૯૪૭ના પ્રાથમિક કેળવણીના કાયદાની ૩૮મી કલમની રૂએ સરકારને સત્તા છે તે મુજબ,....૧૯૫૨–૩થી લઈને ત્રણ વરસને માટે પ્રાથમિક શાળાઓમાં કઈ ચોપડીઓ ચલાવવી, તે નક્કી કરવા બાબત હવે સરકારે એવું ઠરાવ્યું છે કે, દરેક સ્કૂલ બોર્ડને પૂછવું કે, ધોરણવાર તથા વિષયવાર પસંદ કરી ત્રણ ચોપડીઓનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક એક જૂથ મંજૂર થાય તેમાંથી તે કઈ પસંદ કરે છે. ત્રણ ચોપડીઓનાં આવાં જૂથમાંથી કઈ ચલાવવી છે, તેની સીધી પસંદગી બોર્ડ પર છોડવામાં આવે છે. તેમ કરવામાં બોર્ડે એવી બાબતો ધ્યાનમાં લેવી કે, કેળવણીની દૃષ્ટિએ ચોપડીની યોગ્યતા કે ગુણ કેવાં છે? શાળામાં સતત આગળ આગળ ચાલે એવી માળા તેની છે કે કેમ? ચોપડી સ્થાનિક દૃષ્ટિએ લેવી ગોઠે એમ છે કે નહીં? વગેરે.

"સરકારની આ આજ્ઞા મુજબ, સરકારે મંજૂર કરેલી સારામાં સારી ત્રણ ચોપડીઓમાંથી ધોરણવાર તથા વિષયવાર કઈ અમુક ચોપડી લેવી, તે પસંદ કરવાનું પ્રત્યક્ષ કામ તે સ્કૂલ બોર્ડ પાસે મૂળે રહેશે; સરકાર એટલું જ જોશે કે, તે પસંદગી નિયત કરેલી ત્રણમાંથી હશે. . . ."*

આમ સરકારે કેળવણીની શુદ્ધ દૃષ્ટિને માન આપી, કાયદા મુજબ ચોપડીઓ મંજૂર રાખી તેમાંથી કઈ ચલાવવી એ નક્કી કરવાને માટે આ મુજબની પદ્ધતિ લેવાનો હુકમ કર્યો છે. હું માનું છું કે, આ હુકમ આજે ઊભો છે. પ્રધાન ફરવાથી કાંઈ સરકારી નીતિ ન ફરે. તેમાંય આપણા રાજ્યમાં તો સત્તાધારી પક્ષ તો એનો એ જ ચાલુ છે.

ઉપરના ઠરાવ મુજબ સ્કૂલ બોર્ડોએ સરકારે ૧૯૫૨માં બહાર પાડેલી મંજૂર યાદીઓમાંથી પસંદગી કરી જણાવી, તેને સરકારે સ્વીકારી. અને એ પ્રમાણે ત્રણ વરસ સુધી ચાલ્યું. તે હવે પૂરાં થાય છે, એટલે આ સવાલ ફરી ૧૯૫૫માં અત્યારે જાગ્યો છે. તે વખતે અભ્યાસક્રમ જ નહીં, ચોપડીનું કદ, કાગળ, બીબાં ઇ૦ અનેક બાબતો ફેરવવાના હુકમો નીકળ્યા છે. તે મુજબ તૈયારી કરવા પ્રકાશકો, લેખકો, ચિત્રકારો વગેરેએ તડામાર કરી ચોપડીઓ સરકારને મંજૂરી માટે સોંપી. હવે હમણાં થોડા દહાડા પર તેની મંજૂર યાદી બહાર પડી છે. તેમાં ત્રણ જ નહીં, વધુ ચોપડીઓ પણ લેવાઈ છે. તેમની પસંદગી બાબતમાં કચવાટ જાગ્યો છે અને અપીલ પણ થતી લાગે છે. પણ ખાસ નોંધપાત્ર તો એ છે કે, સ્કૂલ બોર્ડને પૂછ્યા વગર તેમણે કઈ ચલાવવી એની વેપારી ફાળવણી કરી આપી છે. ઉઘાડું છે કે, એમાં સારી લાગતી કે પરવડતી કિંમતની હોય તે પસંદ કરવાપણું બોર્ડને રહ્યું ન… આમ આ વરસે સરકારે સ્કૂલ બોર્ડોને પૂછવાનું રા… નથી. આ પગલું તેની જ નીતિ વિરુદ્ધ છે. … કેળવણીની દૃષ્ટિએ ઘાતક નીવડશે. સ્કૂલ બોર્ડોને … સ્કૂલના આચાર્યો પેઠે પસંદગી કરવા જ દેવી જોઈ… તો જ પાઠ્યપુસ્તકોના ગુણ તથા કિંમતમાં આવ… પાત્ર સ્પર્ધા રહેશે ને ઉત્તરોત્તર સારાશ ને સસ્તા… વધશે.

બલ્કે હવે તો જાણવા મળે છે કે, પ્રકાશકો પ… મંજૂર ચોપડી દીઠ જામીનગીરી માગવામાં આવી … આ હક સરકાર કયા કાયદાથી દાખવે છે કે એવું … કામ કરવું પડે છે, તે સમજાતું નથી. અભ્યાસક્ર… ઇ૦ના ફેરફારો વેળાસર ના થયા; સરકારી પુસ્ત… સમિતિઓએ ધારેલા વખતમાં કામ ન આ… પરિણામે મંજૂરી હમણાં મોડી મોડી આવી; પ… પુસ્તકો છાપવાનો સમય કેટલો રહ્યો? માંડ માસ… માસ. તે દરમિયાન બધી જ ચોપડીઓ છાપવા… ક્યાં પ્રેસ તે કરી શકે? ક્યાંથી સામટો એટલો કાગ… મેળવવો? જો સરકારે મોડું કર્યું તો તેનો ભાર બી… પર નાંખવો શું કામ? શિક્ષકો આજે શિક્ષણ ખા… સામે ફરિયાદ કરે છે કે, જેમાં તેમાં તેની ઢીલાશ … અસ્થિરતા જોવા મળે છે અને શાળા ઇ૦ ઉ… ઉતાવળ અને દોડાદોડી છેવટે ઊતરે છે! અને … બધું જોઈ માબાપો પર એવી છાપ પડે છે કે, જા… કશું ઠેકાણું નથી કે શું? આ આખું ચિત્ર બહુ દુઃ… છે. પણ જેવું હોય તેવું સમજી લઈએ તો સુધરવા… પહેલું પગથિયું તો ભરાય, તેથી આ લખું … શિક્ષણમાં સરકારી તંત્ર પૂરક બને, તેના પર સવા… થવા ન આવે, એ લોકશાહી સિદ્ધાંતનું પાલન જાગ્ર… ભાવે થવું જોઈએ. નહીં તો સ્વરાજનું એક મોટા… મોટું આધારબળ કથળી જશે. એના પાલન વ… શિક્ષણમાં સુધારાની પણ આશા ફોગટ છે.

૨૮-૪-'૫૫ મગનભાઈ દેસાઈ

ઉત્તરકાંડ

ઉપરનું લખ્યા પછી આ પ્રશ્ન ઘણો આગળ વ… છે. સરકારે હવે ચોપડીઓની આપેલી મંજૂરી … જેને નહીં આપેલી તે સામેની અપીલો — બધું …

---

* સરકારના ડી. ઈ. ના પત્ર નં. S. ૯૦/૧૧૮. D પૂના તા. ૨૫-૯-'૫૧ માંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ ગુપ્ત સમિતિને સોંપ્યું છે. આ સમિતિ શું કરી શકશે તે તો કોણ જાણે. કેમ કે સેંકડો ચોપડીઓ ટૂંક વખતમાં કઈ રીતે વાંચી પણ શકાય! પરંતુ એક વાત સારી થઈ. આમ કરીને સરકારે આ આખી પોતાની કામગીરી વિષેની ટીકાને એક રીતે માન્ય રાખી ગણાય. તેમાં તેણે પ્રજામતને ગણવાની જે જવાબદારી દાખવી, તેને માટે સરકારને ધન્યવાદ ઘટે છે.

ચોપડીઓ મંજૂર કરવાને માટે સરકારી સમિતિ દરેક વિષયવાર હોય છે. તેના પાંચ સભ્યોમાં ચાર સરકારી માણસો હોય છે, એક બિનસરકારી. આ નામો ગુપ્ત રખાય છે. પણ કહે છે કે જાણનારા જાણે છે. વ્યવસ્થિત ધોરણસર રચાતી સમિતિનાં નામો શું કામ ગુપ્ત રાખવાં? તે ગૅઝેટમાં જાહેર કરવાં સારાં. આમાં સરકારી સભ્યો હોય છે તેમાં એવો દાખલોય જાણવા મળે છે કે, સભ્ય જરૂર પૂરતી ગુજરાતી ભાષા જાણતા હતા એમ ન કહેવાય.

સરકારી સભ્યોમાં જેઓ ઘૂસી શકે અથવા લાગવગ ધરાવે — અને એ સભ્યોમાં કેટલાક હોદ્દાની રૂએ હોઈ જાણીતા હોય છે, — તેમના કરતાં નિવૃત્ત સરકારી નોકરો તો વિશેષ ફાવી શકે એ ઉઘાડું છે. જે ચોપડીઓ મંજૂરી માટે આવી, તેમાં આ બંને પ્રકારના લેખકો હતા. અને ઘણો કચવાટ જાગવાનું એક કારણ એ બન્યું કે, એમનાં લગભગ બધાં પુસ્તક મંજૂર થયેલાં જોવા મળ્યાં. કાક-તાલ-ન્યાયે પણ આ બન્યું હોય. પરંતુ ગુણની દૃષ્ટિએ પણ એ પુસ્તકો કાંઈ ભારે જબરી છાપ પાડે એવાં છે કે કેમ, એય જોવા મળતું નથી.

દરેક વિષયની સમિતિમાં પાંચમાંથી બે તે તે વિષયના જાણકાર હોય છે. તેમાંનો એક સરકારી માણસ હોય, જે બહુધા સરકારી કૉલેજોના પ્રોફેસરો હોતા હશે એમ કહે છે. વિજ્ઞાનના પ્રોફેસરો સામાન્ય રીતે ગુજરાતીમાં શીખવતા નથી. તેઓ કેટલે અંશે ચોપડીઓને ન્યાય આપી શકે તે સવાલ. સાહિત્યમાં જોવા મળે છે કે, પ્રોફેસરોની નજરમાં વધારેપડતી સાહિત્ય-દૃષ્ટિ રહે છે, જ્યારે માધ્યમિક શાળાન્ત શિક્ષણ સુધી સાહિત્ય કરતાં ભાષા તથા સંસ્કાર કેળવણીની દૃષ્ટિએ શિષ્ટ અને વૈવિધ્યપૂર્ણ વાચનની જરૂર હોય છે.

સરકારે હાઈસ્કૂલના હેડમાસ્તરોને મંજૂર ચોપડીઓમાંથી પોતાની શાળા માટે એક પસંદ કરવાનો હક આપ્યો તે હક સ્કૂલ બોર્ડને નહીં! અને ગમત તો એ છે કે, મંજૂર ચોપડીઓમાં ૨૦–૩૦ ટકા જેટલી વધારે કિંમતની ચોપડીઓ પણ છે; તેવી મોંઘી ચોપડી અમુક બોર્ડને માથે મઢવામાં કયો ન્યાય હશે! અને આટલી બધી વધુ કિંમત મંજૂર કેમ કરી? મોટો સવાલ આજે ચોપડીઓના ખરચનો છે, તેથી આ બિંદુ તો બહુ કાળજીથી જોવું ઘટે. સ્કૂલ બોર્ડો મોંઘી ચોપડી નાપસંદ કરે તો? અને એમ સાંભળ્યું કે, જે ચોપડીઓ નિયત થઈ છે તે એક જ વરસને માટે છે! તો ત્રણ વરસની મર્યાદા પણ નહીં રહે?

ચોપડીનું કદ ફેરવવાને કારણે જ નાહક સવાયો ભાવ થાય છે, એમ જાણકારો કહે છે. આ કદફેરમાં શું શિક્ષણતત્ત્વ છે? અને અમુક પ્રદેશ દરેક ચોપડીને નિયત કરી આપવામાં કઈ શિક્ષણદૃષ્ટિ છે? બલ્કે, એમાં તો સરકારે એ દૃષ્ટિનો નાશ નોતર્યો છે, કેમ કે તેથી તો આખું સરકારી કામ વેપારનિયંત્રણ જ થઈ જશે, અને સારાં પુસ્તકો થતાં સુધરતાં રહે એ પ્રેરણા નાબૂદ થઈ જશે.

સરકાર ચોપડીઓના આ કામમાં કેવળ ઉત્તમ પુસ્તકો તપાસી કાઢી તેમને મંજૂર કરવાની કામગરી યોગ્યતાપૂર્વક કરીને અટકે એ જ આનો સાચો ઉકેલ છે.

સરકારી ખાતા દ્વારા કેન્દ્રિત કાબૂ રાખી શુદ્ધિ હાંસલ કરવાનો ઇરાદો હોય તો તે ફોગટ છે. એ કામ એ તંત્રથી બની ન શકે. વિકેન્દ્રિત સત્તા દ્વારા જ લોકશાહી પોતાની શુદ્ધિ સંભાળી શકે. કંટ્રોલ-યુગના અનુભવો અહીં યાદ કરવા જેવા છે. શિક્ષણમાં તો સરકારી અને તે પણ અતિ કેન્દ્રિત કાબૂ તેનો આત્મા જ હણશે.

૨૫–૫–'૫૫ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધી, નેહરુ અને વિનોબા

सर्वभूतहिते रताः

૧

અંગ્રેજ કવિ ટેનિસનના પૌત્રે એક મનનીય લેખમાં (અંગ્રેજી માસિક એન્કાઉન્ટર ડિસેમ્બર, ૧૯૫૪) ગાંધીજી અને વિનોબા વિષે ભેગો વિચાર કર્યો છે. તે આ બંને જણને મળ્યા હતા. હવે પછી તે વિનોબા વિષે પુસ્તક લખવા ધારે છે.

લેખ બહુ મર્મદર્શી અને પ્રેરક છે. તેનું મથાળું છે ('ડિનેસ્ટી ઑફ સેઇન્ટ્સ') 'સંતોનો રાજવંશ'. હિંદમાં આપણે રાજવંશો અને તેમનું રાજ્ય જાણીએ છીએ; આ લેખક 'સંતોનો રાજવંશ' બતાવતો લાગે છે. કાંઈ નહીં તોય એવી ટકોર તો કરે જ છે. અવતારવાદ અને ગુરુવાદમાં માનનારી પ્રજા માટે આ સાવ ખોટી ટકોર ન ગણાય.

લેખકનાં કેટલાંક વિધાનો બહુ દિલચસ્પ છે. ગાંધીજીના ગયા બાદ હિંદની નેતાગીરીનું શું?—એમ તે પૂછે છેઃ "ગાંધી બાદ તેમનો વારસ કોણ થશે? તેમની સાધુતાનું તેજ વાપરી જાણનાર કોઈ રાજકારણી? કે કામચલાઉ રાજકારણી બનતો કોઈ સંત?"

આજે આપણો દેશ તો 'જવાહર પછી કોણ?' એ સવાલ પૂછવા સુધી પહોંચ્યો છે, ત્યારે આ લેખક ગાંધીજીને ગયે આઠમે વરસે 'ગાંધીજી પછી કોણ?' પૂછે છે! બંને સવાલ એક રીતે સરખા સૂચક છે. રાજાશાહી અને વડીલશાહીના ખ્યાલોમાં ઊછરેલી પ્રજાને એ સહેજે ઊઠે એવા ગણાય. પરદેશીને પણ એ ઢબે જ પ્રશ્ન સૂઝે છે, ને તે પૂછે છે, 'ગાંધી પછી કોણ?' અને પોતે જ જવાબ આપે છે, કે જે હિંદનાં છેલ્લાં પાંચ છ વરસ દરમિયાનના ઇતિહાસમાંથી તેને દેખાય છે. તે સારાંશે નીચેની મતલબનો જવાબ આપે છેઃ—

પહેલાં રાજકારણીઓ તપાસીએ. તેઓએ મહાત્મા જોડે વરસોથી કામ કર્યું હતું અને લોકપ્રિયતા મેળવી હતી. પણ શ્રી નેહરુને પશ્ચિમની અર્વાચીનતા એટલી બધી ગમે છે કે, યંત્રોદ્યોગવાદના દુનિયાના સર્વોત્તમ વિરોધી (ગાંધી) માટે લાગણીભર્યા પૂજ્યભાવથી વધુ આગળ તે જઈ ન શકે. ડૉ. રાજેન્દ્રપ્રસાદની પ્રામાણિક સાદાઈ રાષ્ટ્રપતિપદના દબદબામાં ઢંકાઈ ગઈ. ગાંધીવાદી રચનાત્મક કાર્યકર્તાઓ દેશમાં બધે પથરાયેલા હતા, પણ તે 'દમ વગરના હારેલા જેવા' થઈ રહ્યા છે. આ દશામાં વિનોબા નીકળી આવ્યા અને એમની સાધુવૃત્તિ રાજવૃત્તિમાં ઊતરી આવી છે.

અને આમ કહી ટેનિસન વિનોબાનો પરિચય આપતાં કહે છે કે, સ્વભાવથી વિનોબા બુદ્ધિપ્રધાન અભ્યાસી એકાંતપ્રિય માણસ છે. તેમની આંખમાં અમુક એવો વિનોદ અને હાસ્ય છે કે જે સંતપણાના ભાર તળે દબાયાં છે. તે અચિંત અને અંતરમાં શાંત માણસ છે. વિનોબાની ભાષાશક્તિની પણ તે નોંધ લે છે. આ બધી શક્તિ સાથે વિનોબા હિંદના જાહેર કાર્યક્ષેત્રમાં ભૂદાન લઈને બહાર પડ્યા છે. અને તેમાં તે બીજી ત્રીજી લાલચમાં જરાય તણાયા વિના આગળ ચાલ્યે જાય છે.

પરંતુ ટેનિસન સવાલ કરે છેઃ ભૂદાન પ્રવૃત્તિ કોઈ ખાસ સંસ્થા બની કે તંત્રબદ્ધ થઈને ચાલતી નથી. વિનોબા માત્ર હૃદયપલટો જ બોલ્યા કરે છે. પણ એટલી જ ભૂમિકાએ એ કેટલો વખત રહી શકે? મોડાવહેલા તેણે "ઝટ પડતી જતી કૉંગ્રેસ"ની અનુગામી પ્રવૃત્તિ બનવું જોઈશે. અને ત્યારે વિનોબાએ તેમાંથી ખસવું જોઈશે, કેમ કે તે ગાંધીજી જેવા સંત-રાજકારણી નથી, પણ એ તો રાજકારણની હદમાં કામચલાઉ ચડી આવેલો સાધુપુરુષ છે.

આમ જણાવીને છેવટે તે એક માર્મિક વિધાન એવું કરે છે કે, "રાજકારણી ગાંધીજીને વારસની જરૂર નહોતી. વિનોબા હૃદયપલટાને જ વળગીને ચાલે છે, તેનું કારણ એ છે."

૨

પરંતુ આપણે જાણીએ છીએ કે, ગાંધીજીએ જ કહેલું છે કે, મારા પછી જવાહર મારો વારસો સંભાળશે. આ વિધાન તેમણે ઘણું કરીને ગાંધી સેવા સંઘની એક બેઠકમાં (૧૯૩૮માં?) કરેલું. ત્યારે તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછવામાં આવ્યું કે, એટલે શું? એમના જેવા મહા-પુરુષ આમ કહી અમુક તમુક વ્યક્તિને વજન આપી મૂકે, તો એ લોકશાહીને ગૂંગળાવે. જાહેર કામની નેતાગીરીનો વળી વારસો કેવો?

આ પ્રશ્નની અંદર રહેલી ટકોર ગાંધીજી તરત સમજ્યા અને કહ્યું કે, એનો કાંઈ જ અર્થ નથી; એટલું જ કહેવાનું મારું પ્રયોજન હતું કે, જે અર્થમાં આજે હું દેશનું કામ કરું છું, તેવું કામ મારા પછી કદાચ જવાહરલાલ કરશે, એમ મને લાગે છે. હું કોઈ વારસો સોંપું છું એવો એનો અર્થ હરગિજ નથી. આ પછી ફરી કદી ગાંધીજીએ આવી ભાષામાં વાત ભાગ્યે કરી હતી.

મિ. ટેનિસનને આ વાતની ખબર નથી લાગતી. પણ તેમણે વિનોબા અંગે એક વાત નોંધી છે કે, ગાંધીજી એમ કહેતા કે મારું તત્ત્વજ્ઞાન વિનોબા મારા કરતાંય વધારે સમજે છે. ૧૯૪૦માં પહેલો વૈયક્તિક સત્યાગ્રહી નીમવાનો હતો, ત્યારે ગાંધીજીએ વિનોબાને નીમેલા આપણે જાણીએ છીએ.

આ બે વસ્તુ ભેગી જોઈએ તો એમ નથી લાગતું કે, ગાંધીએ અજાણમાં છતાં જાણે પોતાની પ્રતિભા-સમૃદ્ધિના બે ભાગ પાડી બે વારસ નીમ્યા? — રાજ-કારણી પ્રતિભાના વારસ જવાહર, અને સાધુતાની કે સિદ્ધાંતદૃષ્ટિની પ્રતિભાના વારસ વિનોબા! એમ કહો કે, ગાંધી-શક્તિ તેમના ગયા પછીના હિંદની પરિ-સ્થિતિની અસરે કરીને, ચુંબકથી વીજળી જેમ, બે છેડે વહેંચાઈ ગઈ! વિનોબા અને જવાહરમાં એવો જ અતિભેદ નથી દેખાતો?

૩

મને યાદ છે કે, ૧૯૩૦ બાદ જવાહરલાલજી ગાંધીજી જોડેની તેમની ચર્ચામાં જ્યારે ત્યારે એક વસ્તુ પર આવીને ઊભા રહેતા :– 'તમારી કલ્પનાના સ્વરાજમાં રાજ્યની દંડશક્તિને સ્થાન છે કે કેમ? છે તો કઈ રીતનું કેવું?'

અને એવો જ એક ઝઘડો એ બે વચ્ચે આવતો ઈશ્વર વિષે. જવાહરલાલે જાહેરમાં ક્યારેક કહેલું યાદ આવે છે કે, બાપુ 'ઈશ્વર' શબ્દ વાપરે છે, તેનો અર્થ મને જરાય સમજાતો નથી. અને ગાંધીજી જવાહરલાલના એક શબ્દ વિષે એવું જ કાંઈક કહેતા કે, આ 'આઇડિયોલૉજી' શબ્દ મને ફાવતો નથી.

હવે જુઓ કે, વિનોબા આજે દંડશક્તિ સામે દંડ લઈને પડ્યા છે! એટલું જ નહીં, એને એક મિશન બનાવી મૂક્યું છે! એક પેગંબરની અદાથી હવે તો તે બોલે છે. જેમ કે, પુરીમાં તેમણે કહ્યું કે, 'હું જોઉં છું કે, ઈશ્વર મારી મારફત અહિંસક સમાજ (એટલે કે દંડરહિત શાસનમુક્ત રાજ્ય)ની સ્થાપના કરાવી રહ્યો છે.' જેને અંગ્રેજી માનસશાસ્ત્રીઓ 'પેગંબર-ગ્રંથિ' કહે છે, તે જાણે કે વિનોબામાં ખીલી રહી લાગે છે.

હવે બીજી બાજુ જુઓ, તો જવાહરલાલ જગતમાં શાંતિસ્થાપનાનું મિશન એવી જ ધગશથી લઈ બેઠા છે. પણ તેમાં પેગંબર ગ્રંથિ નથી એ ખરું. આ ગ્રંથિ ગાંધીજીમાં પણ નહોતી; છેવટ સુધી તેમણે લોકશાહી નેતાની અનુપમ નમ્રતા ધારી. ટાગોર જેવાએ એમને એક પ્રસંગચર્ચામાં પડકાર્યા ત્યારે એમણે એક વાર એટલે સુધી કહ્યું ખરું કે, મારો ખાદીનો સંદેશો આખા જગતને માટે છે એમ હું માનું છું; પણ હું નમ્ર માણસ છું, તેથી જ તે કહેતો નથી. અથવા જ્યારે અમેરિકાએ તેમને નોતર્યા ત્યારે કહ્યું કે, 'મારું કામ અહીં છે; તેમાં ન ફાવું તો બહાર દોડાદોડી શા જોરે કરી શકું?'

અને જવાહરલાલ આજે રાજ્યની દંડશક્તિ હાથ ધરીને તેને લોકશાહી ઢબમાં ઘડવા મથે છે. જોકે સ્વભાવે તે બુદ્ધિ-બળ-અભિમાની વિજ્ઞાનવાદી 'ઇંટલે-ક્ચ્યુઅલ ઍરિસ્ટૉક્રેટ' છે; છતાં એવા વ્યક્તિત્વની સાથે તેમને અંગ્રેજી લોકશાહી ભાવના પણ સાથે જ વરેલી છે. વિનોબા પેઠે તે પણ અભ્યાસી બુદ્ધિપ્રધાન છે; ઉપરાંત કલા-રસિક માણસ છે. ભાષાશક્તિ પણ ધરાવે છે. પણ તે બધો બલ-સંભાર તેમણે હિંદ સ્વરાજ્યની રાજ્યસત્તા દ્વારા કામમાં લીધો છે.

૪

પણ જવાહરલાલ સાધુબાવા નથી. ઈશ્વર અને અધ્યાત્મની પરિભાષા તેમને આવડતી નથી; સહજ તો નથી જ. વિનોબા તે વગર વાત ન કરી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પ્રસંગોપાત્ત પુરાણકથાની ઉપમા ચગાવ્યા વગર રહે નહીં.

બીજું, જવાહરલાલે ગરીબાઈ કદી અનુભવી જ નથી. ગાંધીજી પર તે આક્ષેપ કરતા કે, તમે ગરીબાઈને આધ્યાત્મિક કારણે એક ગુણ બનાવી કાઢ્યો છે. ગાંધીજી ઊંડે જઈને જવાબ ન આપતાં કહેતા કે, 'આર્થિક ગરીબાઈ દૂર થવી જ જોઈએ; ભૂખ્યાનો ઈશ્વર રોટી પહેલો છે; પછી જ તે ઈશ્વરને યાદ કરી શકે; રોટીરૂપે ઈશ્વરને ત્યાં પ્રગટ કરવો જ જોઈએ. તેથી હું ખાદી ઇ૦ કામો કરું છું.'

વસ્તુ એમ છે કે, પશ્ચિમની જીવનધોરણ ઊંચે ઊંચે લઈ જવાની તાલાવેલીની હોડ એ અજ્ઞાન જ નહીં, ઘમંડ છે. દુનિયામાં દુઃખનું ઘર આ જીવનધોરણ-વાદે ઊભું કર્યું છે. તેણે પ્રજાઓમાંથી પરપીડા-ભંજનનો ગુણ દૂર કરી, નર્યો નાગો રાષ્ટ્રવાદ અને તે પછી વસાહતવાદ અને સામ્રાજ્યવાદ પેદા કર્યા છે. ઊંચું ધોરણ કરવા યંત્રશક્તિને કામમાં લીધી તેને જોરે બીજા દેશોનો આર્થિક અને રાજકીય કબજો લીધો, — લેવો જ પડે, નહીં તો અતિપેદાશનો નિકાલ શી રીતે થાય? આવા ચડતા કે ફાવેલા વાદને લીધે ગરીબાઈ એ ગુનો ગણાયો. વ્યક્તિઓ પાર્થિવ અને આર્થિક મહાકાંક્ષાને ગુણ માનતી થઈ; સંતોષ અને અસ્પૃહા તેવા વાતાવરણમાં મોઢું સંતાડતાં થયાં. હવે ખરું જોતાં આ ગુણો કાંઈ અધ્યાત્મના નથી; તેમાં તે ખપના છે એ ખરું. પણ તેમની પહેલી જરૂર જગતના વહેવારમાં છે. પ્રજાઓ પાસે તે નહીં હોય તો યુદ્ધો જ થશે અને મોટા ભાગની માનવતા ભૂખે મરશે. તે ગુણોના અભાવની ફળદ્રુપ ભૂમિમાં જ યુદ્ધદેવનો ખોરાક ઊગે અને પાકી શકે. આથી કરીને ગરીબાઈ એ એક સામાજિક અને રાષ્ટ્રીય જરૂરનો ગુણ બને છે. ગાંધીજી આ વસ્તુ કહેતા. પરંતુ ગર્ભ-શ્રીમંત જવાહરલાલ કદાચ મૂળ સંસ્કારે કરીનેય તે ન જ સમજી શકે. પશ્ચિમ જગતમાં ઊછર્યા, કેળવાયા, તેથી ત્યાંના જ ખ્યાલો મગજમાં ઘર કરે એમ પણ ખરું. હિંદની નવી શાંતિમય આર્થિક વ્યવસ્થા રચવામાં જવાહરલાલનો આ પૂર્વગ્રહ ભારે બાધક બને છે.

વિનોબા એથી ઊલટા જ સંસ્કાર ધરાવે છે. તે સ્વભાવે તપસ્વી છે, સંન્યાસ વૃત્તિવાળા છે, તેજ બુદ્ધિ પણ ધરાવે છે; પણ તેના કરતાં તપબળ પર તે આગ્રહ વળેલા છે. પ્રકૃતિએ જ્ઞાનનિષ્ઠાવાળા, છતાં ભક્તિ માટે પ્રેમ કેળવ્યો છે. એમ તે જ્ઞાનભક્ત છે. તેથી આપણી સંસ્કૃતિમાં સદા રહેલી બ્રાહ્મણવૃત્તિની અકિંચનતાને તે વરેલા છે. અપરિગ્રહની સામાજિક કિંમત પણ તે જાણે છે. આ વસ્તુ ગાંધીજીનેય ગમતી. પણ તેને પોતાની ઇચ્છા મુજબ તે અનુસરી ન શક્યા. આવી અભાવભક્તિએ કરીને તે એ તરફ અતિ આદર બતાવતા. તેથી 'વિનોબા મારું તત્ત્વજ્ઞાન મારાથીય વધુ સમજે છે' એમ એમણે નહોતું કહ્યું? વિનોબા મજાકમાં કહેતા, જોજો ભાઈ, ગાંધી તો દીવાનનો દીકરો છે, એટલે તેમની અપરિગ્રહની વ્યાખ્યા આપણને ન પાલવે! સ્વાવલંબી શ્રમપ્રધાન સાદાઈની આર્થિક અને સામાજિક શક્તિ વિનોબા બરોબર સમજે છે. પણ તે તો ગરીબાઈ છે એમ કહી યંત્રોદ્યોગવિજ્ઞાનવાદી જવાહરલાલ તેમાં મન મૂકીને સાથ ન દઈ શકે. આ બાબતમાં વિનોબા ગાંધીજીના ખરા વારસ છે; જવાહરલાલજી નહીં.

૫

ગાંધીજીએ પશ્ચિમ જગત પણ સારી પેઠે જોયું. જવાહરલાલે જોયું તે ઉંમરથી કાંઈક મોડું, છતાં જરાય ઓછું નહીં. વિનોબાએ એ જગત પરોક્ષતાએ જોયું, તે તેના રંગમાં મુદ્દલ નથી ગયા. બલ્કે, તે સંસ્કૃત અને વેદ ઉપનિષદની દુનિયામાં જ વિહર્યા કરતા આવ્યા છે. આ વસ્તુ હિંદની પ્રજાને સમજાય છે, ગમે છે. તે તેને પૂજે છે. તેથી કરીને તેને ગાંધીજી પણ ગમતા.

પરંતુ ઉપરના આ સામ્ય છતાં એમાં એક ફેર છે. હિંદી જનતા વિનોબામાં જ્ઞાનદેવ તુકારામ રામદાસ ઇ૦ જૂના સંતોની અદાથી જુએ છે. તેથી જેને હવે હું સંતશાહી કે ઋષિશાહી કહેવા લાગ્યો છું, તેવા માનસની પ્રક્રિયા પ્રેરાય છે. ગાંધીજી રાષ્ટ્રના પિતા પેઠે લાગતા. અમુક ઢબના વડીલશાહી માનસની પ્રક્રિયાથી કામ ચાલતું. જૂના સંસ્કારે કરીને ગાંધીજીને કદાચ એ ગમતું હોય, તોય તે ઉદાર દૃષ્ટિવાળા હતા, તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદમાં વડીલશાહી તેમણે ન થવા દીધી; લોકશાહીથી કોંગ્રેસ મારફતે કામ લીધું. અને હંમેશ માન્યું કે, તે મારાથી મોટી છે. તે જ્યારે જુદા વિચાર તરફ વળતી જણાઈ ત્યારે તેમાંથી પોતે તટસ્થ થયા, પણ ત્યાંથીય મદદ તો તેને જ કરી અને તેને જ મોટાઈ અર્પી. એનું કારણ છે: તે માનતા કે વ્યક્તિ કરતાં સંસ્થા મોટી છે. વિનોબા આ બાબતમાં કાંઈક જુદા વિચાર ધરાવતા લાગે છે.

મોટાઈ કે વૈયક્તિક મહત્તા એ સામાજિક વસ્તુ છે. વ્યક્તિની મોટાઈ દેખાય તે પણ મૂળે સમાજે કરીને છે. બાકી વ્યક્તિ તરીકે જ વિચારીએ તો તેનું આખર તો એ જ કે, સૌ આત્માએ કરીને એક છે —સમાન છે; ત્યાં આગળ કોણ મોટું અને કોણ નાનું! एकमेवाद्वितीयम् । જગતનો વ્યવહાર તેમાં ફરક પાડે છે.

સમાજનાં કામો તે તે કામને અનુરૂપ સંસ્થા કે તંત્ર વગર ન બને. વ્યક્તિ તે મારફતે વર્તે; પણ તે તેમાંથી મઠ કે મહંતાઈ ન બનાવે. સંસ્થા પોતાના નેતા પોતે મેળવે એવી જીવંત તેને રાખવા વ્યક્તિઓ નિર્મળ સેવાભાવે તેમાં જોડાય અને સત્તાલોભથી ન તણાઈ જાય. નહીં તો તેમાં તેના વિકાસનું મરણ થાય; અને લોકશાહીનું પણ સરવાળે નિકંદન થઈ રહે.

જગતનો ઇતિહાસ બતાવે છે કે, સંતજીવનની સાધુતા પણ એક શક્તિ છે. સંત ફ્રાન્સિસ, ગુરુ નાનક, ગુરુ ગોવિંદ, ગાંધીજી વગેરે અનેક નામો બતાવી શકાય. પણ તેય કોઈ સંગઠનકાર ચાહે છે. જેમ કે, સંત ફ્રાંસિસને પોપ અને કાર્ડિનલ મળ્યા. ગાંધીને જેમ કે, વલ્લભભાઈ મળ્યા.

વિનોબા પણ આ ન્યાયમાંથી મુક્ત ન થઈ શકે. કેવળ ગીતાના ઉપદેશક હોત તો વાત જુદી. તે તો ભૂદાનક્રાંતિ કરવા તાકે છે. તેને માટેના સંગઠનનું શું? ટેનિસન એનો જવાબ આપે છે તે અમુક અંશે સાચો છે. તે કહે છે કે, ભૂદાનનું સંગઠન થશે અને તે કોંગ્રેસની જગા લેશે. જવાબનો પહેલો ભાગ સાચો છે; બીજો ભાગ અધૂરો અને અધકચરો નહીં તોપણ ચર્ચાસ્પદ છે.

૬

ભૂદાનનું સંગઠન તો ઊભું થતું જોઈએ છીએ. સર્વ સેવા સંઘ એ રૂપ પકડતો જાય છે. સમગ્ર સેવાને માટે ૧૯૪૮માં સરજેલું એ તંત્ર આપણી નજર સામે કેવળ ભૂદાનતંત્ર બની રહ્યું છે. એટલું જ નહીં, કોંગ્રેસ પર પણ કટાક્ષ થવા લાગ્યું છે. વિનોબાએ પોતાની લાગણી પુરી પરિષદમાં જાહેર કરી કે, કોંગ્રેસ અહિંસક સમાજમાં બાધક છે, તેનું નિવારણ ખોળવું ઘટે. અને તેની લોકશાહી પ્રથા પર પણ વેધક કટાક્ષ કર્યું.

જવાહરલાલનું તંત્ર કોંગ્રેસ છે. તેમણે તેને દેશની પ્રબળમાં પ્રબળ સંસ્થા તરીકે ટકાવી છે. બીજી સંસ્થાઓની તુલનામાં તે તેવી સિદ્ધ થતી જાય છે. શું તેની શક્તિ અહિંસાના વિકાસને બાધક છે?— આ સવાલ સર્વોદય પરિષદે દેશમાં ઉઠાવ્યો છે.

ટેનિસને તો જવાબ આપી વાળ્યો છે કે, પડતી જતી કોંગ્રેસની જગાએ નવું ભૂદાનબળ આરૂઢ થશે. જોકે વિનોબા તેમાં ન ઊભા રહી શકે; તે હૃદયપલટાની જ વાત કરતા હશે, એવું માર્મિક વાક્ય કહી તે છૂટી પડે ખરા. તો એ નવું તંત્ર કોણ કરશે? કોનું બનશે?

સર્વોદય પરિષદ ગાંધીજીની લોક સેવક સંઘની સૂચનાને આધારે કહે છે કે, આવો સંઘ કોંગ્રેસ ન બની તો હવે એવું નૈતિક સંગઠન આપણે કરવાનું આવે છે એમ લાગે છે. વિનોબાના સ્વભાવ વિરુદ્ધ આવી વાત તેમણે કરી, એ વિચિત્ર છે. છતાં તે એમ બતાવે છે કે, કોઈ નવા વિચારને સમાજગત વેગ આપી સિદ્ધ કરવા તંત્ર કે સંસ્થા જોઈએ, એમ તે કબૂલ કરે છે; અને ઈશ્વર હવે તે પેદા કરે, એવી પ્રતીક્ષાભક્તિ અર્થે ખૂબ એકાગ્રતાથી ભૂદાનકાર્યમાં લાગી જાઓ એવું આવાહન કર્યું છે.

સમાજમાં સંતશક્તિ પેદા થાય છે ત્યારે તેને સમાજગત કરી લેવામાં ચતુર લોકો પણ સેવામાં લાગે જ છે, અને એકડા જોડે મીંડાં પેઠે તાકાત વધારે છે. ટેનિસન કહે છે કે, ગાંધીજીનો એકડો ગયા પછી સંતવંશમાં વિનોબા તે સ્થાને આવે છે. પણ વિનોબા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો સંસ્થાબંધનમાં માને નહીં, તો તે એકડાનું સ્થાન પૂરેપૂરું ન લઈ શકે. એથી ખૂટતી કડી માટે અવેજ જ આવે. તે કોણ થાય? તે કેવી રીતે નીપજશે?

૭

ભૂદાનમાં પડેલા ઘણા આગેવાનો કૉંગ્રેસ સાથે ઝાઝી પ્રીતિ રાખનારા નથી. કેટલાક તેમાંથી દુભાયેલા કે સામે પડેલા છે. આ ભારેલી હતાશાને વિનોબાએ શબ્દબદ્ધ કરી કે, કૉંગ્રેસ અહિંસક સમાજને માટે બાધારૂપ છે. પરંતુ કૉંગ્રેસ શું માને છે? તે આનો શો જવાબ આપે છે? તે ભૂદાનને મદદ કરો એમ ઠરાવે છે અને પોતાને રસ્તે આગળ જાય છે.

સરકાર પણ ભૂદાનને મદદ કરવા માટે તૈયાર છે. તેની પાસે પડેલી લાખો એકર જમીન પણ આપવા તૈયાર છે. પણ વિનોબાને રાજ્યસંસ્થા સામે જ પૂર્વગ્રહ હોઈ, તેનો ઇનકાર કરે છે. આ ઇનકાર બરોબર છે? પુરી પરિષદે આનો વિચાર નથી કર્યો.

જમીન વહેંચણીનું કામ પણ સરકારી તંત્ર ઉકેલી આપી શકે. ખરાબાની જમીનને તેનાં યંત્રથી લશ્કરી ઇજનેરી ખાતા દ્વારા સરખી કરી આપી શકે. તેની વિકાસયોજનાઓ મારફતે ગામડાંના બેજમીન લોકોને જમીન પર કામ કરવા જોઈતું સંપત્તિદાન પણ કરી આપે. સરકારી યોજનાનાં નાણાં એ રસ્તે કામમાં લેવાં ઘટે; સરકારની યોજનાઓ પણ એમાં વળે તે તેનેય ઇષ્ટાપત્તિ લાગવી જોઈએ. પણ વિનોબાનો વૈયક્તિક પૂર્વગ્રહ જ તેમાં વાંધો તો નથી પાડતો? બાકી આ ઢબે ભૂદાનપ્રવૃત્તિને આગળ લેવી એ તેની પ્રગતિની સામાન્ય દિશા હોવી જોઈએ.

પરંતુ જયપ્રકાશ જેવા તે પ્રવૃત્તિના નેતા પણ કદાચ તે ન ઇચ્છે, તેમ ન થવા દે; તેમને કૉંગ્રેસ ન ગમે — તે બીજું પોતાનું અલગ સંગઠન-બળ જગવવા માંગે. ભૂદાન એ ક્રાંતિ કરાવી શકે, એવી તેમને આશા છે. વિનોબાની પ્રતિભા તેમાં કામમાં આવી શકે, એ તેઓ સમજે છે. હિંદના સમાજવાદીઓ પોતાને મનગમતી ક્રાંતિ અર્થે ગાંધી જેવા નેતાની અપેક્ષા માનતા આવ્યા છે. માનો કે વિનોબાની લોકપ્રિયતાનો એવો ઉપયોગ થાય, તોય તેમની ઇષ્ટ ક્રાંતિ થશે કે?

ક્રાંતિ એ કાંઈ અમુક તમુક વ્યક્તિ-ફેરમાંથી નથી જનમતી; તેનો જન્મ દૃષ્ટિફેરના મૂલ્યમાં છે. કૉંગ્રેસનું કે ન હોય અને ભૂદાનનું હોય એવું એકે બિંદુ ભાગ્યે છે. હા, કૉંગ્રેસ તેના કામમાં મંદ હોય, ભૂદાન સંસ્થા એ તેમાં અતિ ઉગ્ર હોય. પણ તેથી કાંઈ મૂલ્ય-ફેર નથી નીપજતો. ભૂદાન હવે તેના પાંચ-કરોડ-એકર પ્રાપ્તિના ધ્યેયને સામાન્ય ગણીને અને 'સબ ભૂમિ ગોપાલકી' એ તત્ત્વને ધોરણે હૃદયપલટાને મુખ્ય કરીને ચાલશે, તો તેમાં સત્ત્વગુણ વધશે, પણ રજસનું શું! ટેનિસન કૉંગ્રેસ માટે કહે છે તેમ, ત્યાંય મૂળ પ્રેરણા જઈને તેને બદલે કેવળ સાત્ત્વિક પવિત્ર ભાવ જ નહીં રહે? સાત્ત્વિક બળનો જ્યારે રાજસિક એવા સમાજમાં વિનિયોગ થાય, ત્યારે ક્રાંતિ થાય છે. પણ તે અર્થે સત્ત્વગુણે રજોગુણનાં વસ્ત્ર ધારવાં જોઈએ એ કાયદામાંથી તે ન બચી શકે.

ગાંધી આ કાયદો બરોબર સંભાળી શકતા. વિનોબા તે કાયદામાં કેટલું માને છે એ જ જોવું પડે. જવાહરલાલજી સંતશક્તિ સમજે, કબૂલ કરવી પડે તો તેમેય કરે, પરંતુ તે તેમને પરાયી વસ્તુ છે. તેથી ખાદી, ગ્રામોદ્યોગ ૯૦ ગમે, પણ રુચિ અને વલણ તો અર્વાચીન યંત્રોદ્યોગવાદ અને શહેરી સંસ્કૃતિ તરફનું. છતાં પાછા આશા રાખે શાંતિ સ્થાપવાની! કુમારપ્પા કહે છે એમ, જગતની શાંતિ રાષ્ટ્રોનું અર્થતંત્ર ગાંધીનીતિ પર મૂકયા વગર ન સંભવી શકે. પણ જવાહરલાલ ક્યારેક તેવા વિચાર પર આવી શકે તોય તેને વાર લાગે. વિનોબા એથી ઊલટી જ શ્રદ્ધા રાખે. વિજ્ઞાનનો ઇન્કાર તે ન કરે; પણ તેની અતિ કે અંધ પૂજા પણ નહીં કરી શકે.

આપણા દેશની નેતાગીરીની આ સ્થિતિ છે. તેમાંથી ઉકેલ સાચી લોકશાહીને શરણે જવાથી જ મળી શકે. વિનોબા અને જવાહરલાલ બંનેને એ જ ભેગા કરી શકે. તો ભૂદાનને સરકારનો વેગ મળે ને ગ્રામોદ્યોગ કેટલી મોટી વસ્તુ છે તે જવાહરને જણાય. તે વિના હિંદમાં લોકશાહી અને સુખ-શાંતિ અશક્ય છે. યુદ્ધ રોકવા જવાહર તાકે છે તે પણ બીજી રીતે નહીં બને.

૨૯-૪-'૫૫ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષાનું માધ્યમ

અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષાઓ હિંદી દ્વારા લેવી એવી દરખાસ્ત સામે શ્રી રાજાજીએ ભારે વિરોધ ઉઠાવ્યો છે. તેમણે એ વિરોધ એ ભૂમિકા પર ઉઠાવ્યો છે કે, ભાષાની બાબતમાં કોઈ પણ પ્રકારની બળજબરી કરવી એ વખોડવા લાયક છે. તેઓ કહે છે તેમ, 'આપણે એકતા સિદ્ધ કરવી હોય તથા આપણા પોતાના સવાલો ઉકેલવામાં સફળતા મેળવવી હોય તો હિંદીના આપણા પુરસ્કર્તાઓ આ વાત સમજશે એવી આશા હું રાખું છું.' શ્રી રાજગોપાલાચારીનું એ કથન વાજબી છે. અહીં એ વસ્તુની નોંધ લેવી જોઈએ કે, એ પરીક્ષાઓ માટે હિંદીની પરીક્ષા લેવાનું પણ દાખલ કરી શકાય. એ બાબતમાં તેઓ સંમત છે.

રાજ્યબંધારણમાં અંગ્રેજીને બદલે હિંદી દાખલ કરવાની પંદર વરસની મુદત નક્કી કરવામાં આવી છે. શ્રી રાજાજી કહે છે કે, લોકોને ધમકી આપવામાં એ વસ્તુનો ગેરલાભ લેવો એ ડહાપણભર્યું નથી; અને એવો ઇશારો પણ કરે છે કે, ખુદ એ પંદર વરસની મુદતમાં પણ કદાચ આપણે ફેરફાર કરવો પડે.

શ્રી રાજાજી પોતાના એ વિરોધ માટે બીજું કારણ પણ આપે છે. તેઓ કહે છે કે, હિંદીએ હજી તેનું ધોરણ ઊંચું લાવવાની જરૂર છે. 'તે અંગ્રેજીની સમાન કક્ષાની નથી. તામિલ, બંગાળી અને મરાઠીની સમાન કક્ષાની પણ તે નથી.' એટલા માટે તેનું ધોરણ ઊંચું લાવવું જોઈએ. કોઈ તેમને પૂછી શકે કે એ તામિલ, બંગાળી અને મરાઠી અંગ્રેજીની સમાન કક્ષાની છે કે? મને લાગે છે કે, જેની ચર્ચા કરવામાં આવે છે તે મુદ્દા સાથે એવી સરખામણી પ્રસ્તુત નથી.

રાજાજીની દલીલ જોવા જઈએ તો, હિંદી અંગ્રેજીની સમાન કક્ષા પ્રાપ્ત કરે ત્યાં સુધી, તેમના અભિપ્રાય પ્રમાણે અંગ્રેજી ચાલુ રહે, એ ઉઘાડું છે. એનો અર્થ એ પણ ખરો કે, શિક્ષણ, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ, પણ અંગ્રેજીના માધ્યમ દ્વારા જ ચાલુ રહે? એ સવાલની આ બાજુને વિષે રાજાજી મૌન સેવે છે એ વિચિત્ર છે.

હિંદીએ કેવી રીતે અને ક્યારે પોતાનું ધોરણ ઊંચું લાવવું એની ચર્ચા પણ તેઓ કરતા નથી. અને તે કોણ અને કોને માટે સિદ્ધ કરશે? ઉત્તર હિંદના લોકોએ સમગ્ર હિંદને માટે એ કરવું જોઈએ એવી તેમની અપેક્ષા છે શું? અથવા રાજ્યબંધારણે બહુ જ ડહાપણપૂર્વક કલ્પ્યું છે તે પ્રમાણે, અહિંદીભાષી લોકો સહિત આપણે સૌએ, આપણી આંતરભાષા હિંદીની ખિલવણીમાં યોગ્ય હિસ્સો આપવાનો છે એમ તેઓ માને છે? એમ કરવાને માટે, અહિંદીભાષી પ્રદેશોએ પોતાનો ઘટતો ભાગ ભજવવાને તૈયાર થવું જોઈએ. આ વસ્તુ, શાળાઓ તથા કૉલેજોમાં હિંદી શીખવવાનું તત્કાળ દાખલ કરવામાં આવે તો જ સારામાં સારી રીતે થઈ શકે, અને એ વસ્તુ, હું ધારું છું કે, રાજાજીને મંજૂર છે.

આ સવાલની બીજી પણ એક બાજુ છે અને રાષ્ટ્રીય દૃષ્ટિએ એ સાચે જ અતિશય મહત્ત્વની છે. અંગ્રેજી એ આપણી એક બહુ જ નાની લઘુમતીની ભાષા છે એ સૌ કોઈ કબૂલ કરે છે. આમ છતાં તે બીજી બધી ભાષાઓને બાજુએ રાખીને પ્રભુત્વ ભોગવે છે. આ વસ્તુ અતિશય બિનલોકશાહી સ્વરૂપની છે. આપણા ભૂતપૂર્વ બ્રિટિશ અમલના આ અવશેષ નીચે આપણે સૌ એકસરખા પીડાઈએ છીએ. એ વસ્તુ બદલવી જોઈએ. તો જ આપણા લોકો દેશના વહેવારમાં વહેલામાં વહેલી તકે પોતાનું યોગ્ય સ્થાન લઈ શકશે. કેવળ હિંદીને જ નહીં પણ રાજ્યબંધારણમાં જેની યાદી આપવામાં આવી છે તે બધી પ્રદેશભાષાઓને પણ નવી રચના ઊભી કરવામાં પોતપોતાનો ભાગ ભજવવાને યોજવામાં આવે તો જ એ થઈ શકે.

આપણા વડા પ્રધાને બહુ જ સુંદર રીતે કહ્યું છે તેમ, હિંદની આપણી સઘળી મહાન ભાષાઓ આપણી રાષ્ટ્રભાષાઓ છે. એ પૈકીની હિંદી આંતરપ્રદેશ અને અખિલ હિંદના હેતુને માટે આપણી સહિયારી ભાષા છે. એ રીતે સૌએ તે શીખવી જોઈએ. પરંતુ અખિલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદની નોકરીની પરીક્ષાઓ માટે એ એક જ માધ્યમ હોય એ જુદી જ વસ્તુ છે. કેમ કે, એ વસ્તુ આપણી પ્રજાના અમુક ભાગના લોકોને અનુકૂળ સ્થિતિમાં મૂકશે. આપણી બધી ભાષાઓને મુકાબલે એ બાબતમાં અંગ્રેજીને એક લાભ હતો. તે એ કે સૌને માટે એકસરખી રીતે પરાઈ હોવાથી એની બાબતમાં સૌ સમાન કક્ષાએ હતા. જ્યારે હિંદીની બાબતમાં એવું નથી.

તો પછી કરવું શું? અંગ્રેજી ચાલુ રાખવી એ તો એનો ઉપાય બેશક નથી. હિંદીની સાથે બીજી પ્રદેશભાષાઓને પણ પરીક્ષાના માધ્યમ તરીકે રાખવી એ સૌથી સ્વાભાવિક રસ્તો છે. નજીકના ભવિષ્યમાં એ ભાષાઓ આપણી શાળાઓ તથા કૉલેજોમાં શિક્ષણનું માધ્યમ બનવાની છે. તેઓ પહેલી ડિગ્રીના અભ્યાસક્રમ સુધી હિંદીને પણ ફરજિયાત વિષય તરીકે શીખવશે. એથી કરીને અખિલ હિંદ નોકરીની પરીક્ષાઓમાં બેસનારા ઉમેદવારો પોતપોતાની પ્રદેશભાષાના માધ્યમ દ્વારા પરીક્ષા આપવાને બેશક તૈયાર થઈ જશે. આઝાદ હિંદમાં એ ભાષાઓને એ દરજ્જો બેશક મળવો જોઈએ. હિંદી કોઈ પણ રીતે તેમને આમ પાછળ ન પાડી દઈ શકે. એનો દરજ્જો આંતરભાષાનો છે. રાજ્યબંધારણે હિંદની ભાષાઓ તરીકે જેમને માન્યતા આપી છે તેમને બાજુએ રાખીને તે એકમાત્ર રાષ્ટ્રભાષા નથી.

આ સૂચનાથી, યુનિવર્સિટીના શિક્ષણ માટે તેમ જ અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષાઓ માટે એકમાત્ર હિંદીને જ માધ્યમ રાખવાને ઇચ્છતા આપણા 'એક ભાષાના ઝનૂની પુરસ્કર્તાઓ'એ ભડકવાની જરૂર નથી. એકમાત્ર હિંદીની સામે રાજાજીની જેમ રોષ દાખવવામાં આવશે. અને જો તે પરાણે લાદવામાં આવશે તો હિંદની એકતા એથી તૂટવા પામશે અને રાજ્યબંધારણનું ભાષાને અંગેનું પ્રકરણ ખંડિત થશે. આવું જોખમ ઉઠાવવાની જરૂર નથી અને તે બેશક ઇચ્છવાજોગ પણ નથી.

એથી કરીને હિંદમાં કરવા જેવી સૌથી સ્વાભાવિક વસ્તુ યુનિવર્સિટીઓમાં અને છેવટે અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષાની કક્ષાએ દ્વિભાષાનો સ્વીકાર કરવો એ જ છે. એથી કરીને અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષાની બાબતમાં હિંદીભાષી અને અહિંદીભાષી ઉમેદવારો સમાન કક્ષાએ મુકાશે. વચગાળાના સમયમાં ત્રીજા વિકલ્પ તરીકે અંગ્રેજી પણ ભલે ચાલુ રહે. આ રીતે જ, આપણી હિંદની ભાષાઓના સમજપૂર્વકના ઉપયોગ દ્વારા તથા અખિલ હિંદ માટેના સર્વસામાન્ય માધ્યમની પૂર્તિથી આપણે અંગ્રેજીને ખસેડવાની આપણા બંધારણની જરૂરિયાતનો અમલ કરી શકીશું.

આ મહત્ત્વનો સુધારો મોકૂફ રાખવાથી અથવા રાજ્યબંધારણમાં નક્કી કરવામાં આવેલી મુદતમાં ફેરફાર કરવાથી પણ કોઈને કશો લાભ થવાનો નથી. એમ કરવું એ આપણા દેશના સાચા લોકશાહી શાસન અને રાજવહીવટ માટે સ્વાભાવિક માધ્યમ અપનાવવાના પ્રયાસો શિથિલ કરવા જેવું થશે.

તેમ જ આપણી ભાષાઓ અંગ્રેજીની કક્ષાની અથવા બીજી કોઈ ભાષાની કક્ષાની નથી એમ કહેવાથી પણ કોઈને કશો લાભ થવાનો નથી. ભાષા એ પ્રજાના ચિત્ત અને આત્માનો આવિષ્કાર છે. આપણે ખરેખર સ્વતંત્ર પ્રજા બનવાનું નક્કી કર્યું હોય તો એ ભાવના વ્યક્ત કરવાને માટે, તથા તેની સાથે વિકસવાને માટે આપણી ભાષા બિલકુલ યોગ્ય છે. પ્રત્યેક ભાષાના બોલનારાઓ જેમ જેમ તેનો ઉપયોગ કરતા જાય છે તેમ તેમ તે વધારે શક્તિશાળી બનતી જાય છે અને વિકસતી જાય છે. અને હિંદની ભાષાઓએ તો પરદેશી અમલ નીચે તેમની પ્રગતિ માટે સરકાર તરફથી કશુંયે ઉત્તેજન મળતું નહોતું ત્યારે પણ પોતાનું હીર પૂરતા પ્રમાણમાં બતાવી આપ્યું છે.

એથી કરીને હિંદીને આ કે પેલી ભાષા કરતાં ઊતરતી કહેવી એ ઠીક નથી લાગતું. આપણા કરોડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશવાસીઓ એ ભાષા બોલે છે એ તેની આપણી આંતરભાષા બનવા માટેની અનન્ય પાત્રતા છે. બ્રિટિશ અમલ પહેલાંના સમયમાં તે એ કામ આપતી હતી. એ દિવસોમાં તે માનવચિત્ત વિચારી શકે એવા ભવ્યમાં ભવ્ય વિચારોનું વાહન બની હતી.

એથી કરીને, અખિલ હિંદ નોકરીઓ માટે એકલી હિંદી જ માધ્યમ બની શકે નહીં એ બાબતમાં સંમત થવા છતાં અંગ્રેજી ચાલુ રાખવાના તથા બંધારણમાં નક્કી કરવામાં આવેલી મુદતમાં ફેરફાર કરવાના તેમના ઇશારા સાથે સંમત થવાનું મુશ્કેલ છે. આપણી પોતાની ભાષાઓના હથિયારનો ઉપયોગ તત્કાલ કરવા માંડવો તેમ જ અખિલ હિંદનું માધ્યમ હિંદી પણ વહેલામાં વહેલી તકે શીખવું એ આપણે માટે ઘટારત છે.

આ રીતે કામ કરવાથી અખિલ હિંદના હેતુઓને માટે હિંદી પરદેશી માધ્યમ અંગ્રેજી કરતાં વધારે નહીં તો એટલું જ પ્રબળ બની શકે એટલી તેની કક્ષા તથા તેનો દરજ્જો આપણે સિદ્ધ કરી શકીશું. આખી વાતનો સાર એ છે કે, બંધારણની ૩૫૧મી કલમમાં કલ્પવામાં આવી છે તેવી સર્વસામાન્ય હિંદી ભાષા નિર્માણ કરીને તેને અંગ્રેજીના સ્થાને સ્થાપિત કરવી જોઈએ. એ વસ્તુ વહેલામાં વહેલી તકે સિદ્ધ કરવી એ એક પ્રજા તરીકે આપણું તથા પ્રજાના હથિયાર તરીકે સરકારનું કર્તવ્ય છે. અંગ્રેજી આજે કાર્ય કરે છે તેનો દાખલો લઈને એકમાત્ર હિંદીનું માધ્યમ ચાહે એટલું ફાયદાકારક લાગતું હોય તોયે એ વસ્તુ એ હેતુ વિફલ કરશે. અખિલ હિંદ માધ્યમ હિંદની બીજી ભાષાઓની સાથે સહકારથી જ ટકી અને વિકસી શકે. અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષામાં એ ભાષાઓને સ્થાન આપીને તેમને એટલી જ પ્રતિષ્ઠા આપવી જોઈએ. ૧૯૫૪ના એપ્રિલ માસમાં રાષ્ટ્રીય કોંગ્રેસની કારોબારી સમિતિએ ઠરાવ કરીને એ બાબતમાં જે શાણી અને કુનેહભરી દોરવણી આપી હતી* તે આપણે યાદ રાખીએ.

૧-૫-'૫૫ **મગનભાઈ દેસાઈ**

* રાષ્ટ્રીય કોંગ્રેસની કારોબારી સમિતિએ ગયે વરસે એપ્રિલની ૪થી તથા ૫મી તારીખે નવી દિલ્હી ખાતે મળેલી પોતાની બેઠકમાં અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષાના માધ્યમ વિષે જે ઠરાવ પસાર કર્યો હતો તે નીચે આપ્યો છે :

'હિંદના રાજ્યબંધારણે હિંદીનો અખિલ હિંદની રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કર્યો છે તથા અખિલ હિંદના વહીવટી હેતુઓ માટે અંગ્રેજી પરથી હિંદીમાં સંક્રાન્ત થવા માટે પંદર વરસની મુદત નક્કી કરી છે એ હકીકત લક્ષમાં લેતાં, હિંદીને અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષાઓ માટેની ભાષા બનાવવાનાં વધુ પગલાં ભરવામાં આવે એ ઇચ્છવાજોગ છે.

'આ પગલાંઓ એવી રીતે ભરવાં કે જેથી જ્યાં આગળ પ્રદેશભાષા હિંદી સિવાયની હોય એવા દેશના કોઈ પણ ભાગમાંથી પરીક્ષા આપવા આવતા ઉમેદવારો પર વધારે-પડતો બોજો પડે નહીં. હિંદી તેમ જ પ્રદેશભાષાઓના વિકાસ માટે હરેક પ્રકારનું ઉત્તેજન આપવું જોઈએ એ ખરું, પરંતુ ઉચ્ચ કક્ષાની નોકરીઓમાં દાખલ થનારાઓ માટે પરદેશી ભાષાઓનું અને ખાસ કરીને અંગ્રેજીનું જ્ઞાન મહત્ત્વનું રહેશે એ યાદ રાખવું જોઈએ.

'કાર્યવાહક સમિતિએ ભલામણ કરી છે કે અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષાઓ ક્રમે ક્રમે હિંદી, અંગ્રેજી અને મુખ્ય મુખ્ય પ્રદેશભાષાઓમાં લેવાવી જોઈએ તથા પરીક્ષા આપનાર ઉમેદવારોને એ ભાષાઓ પૈકીની કોઈ પણ ભાષાનો ઉપયોગ કરવાનો વિકલ્પ આપવો જોઈએ. હિંદી કે પ્રદેશભાષામાં પરીક્ષા આપવાનું પસંદ કરનાર ઉમેદવારને અલગ અંગ્રેજીની પરીક્ષા પણ પસાર કરવાની રહેશે.

'આ અખિલ હિંદની પરીક્ષાઓમાં પસાર થનારા સઘળા ઉમેદવારોને, અગાઉથી જ જેમણે હિંદીમાં પરીક્ષા આપી હશે તે સિવાય, વહેલામાં વહેલી તકે હિંદીની પરીક્ષા પસાર કરવાની રહેશે. બીજે પગથિયે, ઉપર જણાવ્યા મુજબ હિંદી, અંગ્રેજી કે પ્રદેશભાષાઓ એ પરીક્ષાઓમાં વાપરવાનો વિકલ્પ ચાલુ રહે છે, પણ વધારામાં, જેમની હિંદી સિવાયની ભાષા હોય તેવા ઉમેદવારોને ફરજિયાત હિંદીનો પ્રશ્નપત્ર તથા જેમની ભાષા હિંદી હોય તેવા ઉમેદવારોને હિંદની કોઈક બીજી ભાષાનો ફરજિયાત પ્રશ્નપત્ર આપવાનો રહેશે. એ બંને દાખલાઓમાં, હિંદી કે બીજી પ્રદેશભાષા-ઓમાં પરીક્ષા આપનારાઓને માટે અંગ્રેજીનો ફરજિયાત વિષય રહેશે.

'આ રીતે અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષા-ઓમાં અંગ્રેજીને ઠેકાણે હિંદી ક્રમે ક્રમે સ્થાન લેતી જશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરની લાજ ઉઘાડવાની વસ્ત્રકળા

રાજકોટથી એક ભાઈએ ત્રણ ચાર માસ પર લખેલો નીચેનો પત્ર સૌ આગળ મૂકવા જેવો ગણું છું. તે એ માટે કે, તેમાં રજૂ કરેલા વિચારો તરફ સૌનું ધ્યાન જવું જોઈએ. તે આમ લખે છે :

"૧૭, ૧૮ વર્ષ પહેલાંની વાત છે. હું ત્યારે પૂર્વ આફ્રિકામાં હતો. લંડનમાં સ્ત્રીઓએ બ્લાઉઝ કે ફ્રૉકની બાંયો ઊંચી પહેરવાની શરૂઆત કરી તે ત્યાં જઈને અટકી કે સ્ત્રીઓ બ્લાઉઝ કે ફ્રૉક બાંયો વગરનાં પહેરવા લાગી! ત્યાંના કોઈક છાપાએ આનો વિરોધ કર્યો અને એ વિરોધના લેખ વધવા લાગ્યા. છેવટે સ્ત્રીઓએ બાંય વગરનાં બ્લાઉઝ બંધ કર્યાં અને મોટે ભાગે કોણી સુધીનાં બ્લાઉઝ પહેરાવા લાગ્યાં. જોકે અત્યારે પણ ત્યાં એવા પોશાક છે કે જેને મર્યાદિત પોશાક નહીં કહેવાય. પણ સમાજની મર્યાદાઓની અને જાહેર નીતિમત્તાની જાળવણી કરવા માટે ત્યાં અમુક વર્ગ જાગ્રત છે.

"હું હમણાં મુંબઈ હતો ત્યારે મેં જોયું કે, હમણાં હમણાં શહેરોમાં આપણે ત્યાં સ્ત્રીઓએ પોશાકમાં એવાં પરિવર્તનો કરવા માંડયાં છે કે જેને શિષ્ટતા કે સંસ્કારિતાનું રક્ષણ કરનારા પોશાક ન કહી શકાય. આવાં વેશપરિવર્તનો સમાજને હાનિકર્તા છે તેવી ફરિયાદ કરનારું પણ જાણે કોઈ નથી!

"આપનું ધ્યાન નીચેના દાખલા તરફ ખેંચવાનું મન થાય છે.

"૧. ભારતમાં સ્ત્રીઓ પોતાની છાતીને ઢાંકવામાં પોતાની આબરૂ ઢાંકી બરાબર ગણે છે; જ્યારે અત્યારે શહેરોમાં તેને કૃત્રિમ રીતે ઉપસાવી પ્રદર્શન કરે છે. સ્તન-પ્રદેશ ઉપસાવેલો દેખાડનારી ખાસ બૉડિસો આવે છે. આમાં નવાઈની વાત એ છે કે, શિષ્ટ સમાજના સ્તંભ જેવાં ગણાતાં પણ આવા પોશાકો પહેરે છે અને તેમાં પોતાને સંસ્કારી ગણાવે છે. પોતાની વહુદીકરીઓ આવો પોશાક પહેરે તેમાં કોઈ પ્રતિષ્ઠિતો(?)ને હરકત નથી દેખાતી!

"૨. આટલું અધૂરું હોય તેમ આવી બૉડિસો પર આરપાર જોઈ શકાય તેવાં પાતળાં બ્લાઉઝ પહેરવામાં આવે છે.

"૩. હમણાં એક વિશિષ્ટ પ્રયોગ પાછો ઉપડ્યો છે. સિનેમા દ્વારા પ્રચલિત થયેલ આ ફૅશન ભારે પ્રચાર પામી છે. સ્તન ઢાંકયા સુધીનાં બ્લાઉઝ પહેરવાનું હમણાં શરૂ થયું છે. આવાં બ્લાઉઝ પહેરવાથી પેટનો ભાગ ખુલ્લો રહે છે. આવો પોશાક હવે મુંબઈમાં તો સામાન્ય થઈ પડયો છે."

માણસે તેની લાજ ઢાંકવા વસ્ત્રની યોજના કરી તેવો સુધારો દાખલ કર્યો. બાકી નગ્નતામાં કાંઈ અકુદરતી તો ન કહેવાય; પણ આદમ ઈવનું સ્વર્ગમાંથી પતન થયું ત્યારથી તે વિષે લાજ જાગી અને તે ઢાંકવાનો સંસ્કાર સુધરેલો ગણાયો; જંગલી જ નાગો રહે. પણ આજે વસ્ત્ર અને સીવણ કલા એવી ખીલતી જાય છે કે, ઢાંકયું ન ઢાંકયા બરોબર થઈ રહે; ઢાંકવાનો પણ એવો શૃંગાર વિકસ્યો છે કે, તે લાજને ઉઘાડવાનું કામ કરે. અને આ બાબતમાં સિનેમામાં કામ કરતા રૂપજીવી નટવર્ગે સમાજનું ગુરુપદ લીધું લાગે છે. કેવળ વસ્ત્ર જ નહીં, ચહેરા ઇ૦ને માટે જાત જાતની રંગીઓ અને પાઉડરો નીકળ્યા છે. તથા તે બધાનું શિક્ષણ આપતાં સ્ત્રી-માસિકો ચાલે છે. અલબત્ત, આ કાંઈ આ યુગનું જ લક્ષણ નથી; શૃંગાર અને કામ રસ દરેક યુગ, દરેક પ્રજામાં રહેલા છે. પણ તે ઉપર અમુક લાજ મર્યાદાનો સંયમ કે ઢાંકણ રહેવું જોઈએ, એ પણ લક્ષણ રૂપે છે. કોઈ કોઈ વાર એવો જમાનો આવે કે આ લક્ષણ કથળે. આજે આપણા દેશમાં શહેરોમાં એ જમાનો આવેલો દેખાય છે, એ ફરિયાદ પત્ર-લેખકની સાચી છે. અને તેને વાદે ગામડાં ચડે એવી બીક પણ છે જ.

આ બાબતમાં કોઈ ચોખલિયા વૃત્તિ છે એમ માને, તો તે ભૂલ કરશે. કામવાસનાનો બહેકાટ ક્યારેય માનવ સુધારાને પાલવી નથી શક્યો, એ ઇતિહાસસિદ્ધ વાત તરફ ધ્યાન દોરવાનું પ્રયોજન અહીં રહેલું છે.

૬-૫-'૫૫ મગનભાઈ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી]

તા. ૧૩-૧૧-'૪૭ – નવું વર્ષ
બિરલા હાઉસ, નવી દિલ્હી

નિયમ બાપુજી પ્રાર્થના સમયે ઊઠ્યા. હું સહુથી પહેલી પગે લાગી.

પ્રાર્થના કરતાં મને વિચાર થયો કે, ૧૫૦ વર્ષ બાદ આઝાદ હિંદનું આ નવું સુપ્રભાત ઊગે છે. પણ લોકો બિચારા એટલા બધા પરેશાનીમાં પડ્યા છે કે દિવાળી અને નવા વર્ષનું પર્વ આજે સોગિયું પર્વ બની ગયું.

પ્રાર્થના થતી હતી તેવામાં અહીંનાં જાણીતાં ગુજરાતી ભાઈબહેનો તો વહેલાં પરોઢિયે બાપુને પ્રણામ કરવા પહોંચી ગયાં. ૫-૩૦ પછી બાપુજીએ પત્રોત્તર જોયા ને લખાવ્યું.

"આજે નવું વર્ષ શરૂ થાય છે. મારા આશીર્વાદ તો છે જ. પણ હવે એ આશીર્વાદની કિંમત હોય એમ નથી લાગતું. પ્રભુ આપણને સહુને નવું બળ અને સન્મતિ આપે કે જેથી આપણે પાગલ બન્યા છીએ તેમાંથી ઊગરીએ.

"ભાષા વિષે શું લખું? મારા વિચારો સ્પષ્ટ છે કે, દેશના કરોડો માણસો બોલી શકે એ રાષ્ટ્રભાષા હોવી જોઈએ. પણ આપણે જાણે કે દરેક વિષયમાં અને બાબતમાં વિરોધ કરવો એ જન્મસિદ્ધ હક્ક ન હોય એમ જાણ્યેઅજાણ્યે કરીએ છીએ. પરિણામે એકેય કામ પાર ચડાવી શકતા નથી. જોકે મને આવી મુશ્કેલીઓ ગમે છે, અને એને પહોંચી વળું છું. પણ તેમાં આપણા બધાની શક્તિનો અને સમયનો કેટલો વ્યય થાય છે, તે વિચાર્યું છે? કંઈક એવું પણ જોવા મળે છે કે, વિરોધ કરનારો નેતામાં ગણાય છે અને એથી જેને નેતા થવાની મહત્ત્વાકાંક્ષા છે તે વિરોધ કરે છે. પણ આપણે જેવા છીએ તેવા છીએ અને તેમાંથી જ રસ્તો શોધવાનો છે.

"માર્ગે તિમિર ઘોર ઘેરાશે એટલે શું તું અટકી જશે? . . ."

* * *

"આપકા ખત મિલા. મુઝે પઢકર બડા દુઃખ હુઆ. . . . આજ હમ કહાં જા રહે હૈં, મેરે દિમાગમેં યહ બાત સમજમેં નહીં આતી કિ હમ ઐસા ક્યોં કહતે હૈં યા માનતે હૈં કિ, હમારે દેશમેં એક ભી મુસ્લિમ નહીં ચાહિયે? ઐસા કરેંગે તો મૈં આપકો કહના ચાહતા હૂં કિ આપ ફિર ગુલામ બનનેવાલે હૈં. 'આપ' ઇસ લિયે લિખતા હૂં — કિ મૈં ફિરસે ગુલામી નહીં દેખના ચાહતા હૂં. મેરી ઉમ્મિદ હૈ કિ વહ દિન આયેગા ઉસકે પહિલે ઈશ્વર મુઝે ઉઠા લેગા.

"આજ હમારા નયા સાલ હૈ. ઈશ્વર હમ સબકો સન્મતિ દે ઔર સહી રાસ્તે પર લે જાય."

* * *

". . . કલકત્તામાં શાંતિ સ્થપાઈ તેનું કારણ અને યશ ત્યાંના મુસલમાનોને છે. કારણ કે ત્યાં સુહરાવર્દી-સાહેબ અને તેમના સાથીદારોએ મને મદદ આપી હતી. દિલ્હીમાં તેના કરતાં જુદી જ પરિસ્થિતિ છે. અહીં મને એક પણ જવાબદાર એવો મુસ્લિમ નથી મળતો કે તે હિંદુઓની પાસે મરવાને ભોગે પણ જઈ શકે અથવા મુસલમાનોમાં પણ તેની અસર હોય! મૌલાના સાહેબ કે રાષ્ટ્રીય મુસલમાનો પણ એ શક્તિ ગુમાવી બેઠા છે. એટલે કલકત્તા કરતાં અહીંનું મારું કામ અતિ વિકટ છે. અહીં તો કરવાનો સંકલ્પ સિદ્ધ થશે કે કેમ તેમાં મને શંકા છે. પણ બીજો મરવાનો સંકલ્પ છે, એ તો થશે જ. એ તો મને લવલેશ ચિંતા નથી. ઈશ્વરને મારી પાસેથી જેટલું કામ લેવું હશે તેટલું લેશે.

"તમે સહુ ત્યાં બેઠા બેઠા રચનાત્મક કામ કરશો તો તેની અસર પડવાની જ છે. આપણે ગુલામીમાં રચનાત્મક કાર્યની જરૂરિયાત સમજતાં હતાં તેના કરતાં અનેક ગણી જરૂરિયાત સુરાજ્ય બનાવવામાં પડશે. માટે રખે કોઈ સમજતા કે સ્વરાજ્ય આવ્યું એટલે હવે ૧૮ મુદ્દાના કાર્યક્રમોની કશી જરૂર નથી.

"આજે તો નવું વર્ષ છે. પ્રભુ આપણો માર્ગ ઉજ્જ્વળ બનાવે અને આપણા મલિન હૃદયને સ્વચ્છ બનાવે."

પત્રો પછી બાપુજી થોડી વાર સૂતા. ઊઠ્યા ત્યારે કાકી અને બાળકો પ્રણામ કરવા આવ્યાં. ગોપુએ સહુથી પહેલા પ્રણામ કર્યા. બાપુજીએ તેને ઊંચકી લીધો અને ચૂમી કરી. રાજેન્દ્રબાબુ અને તેમનું કુટુંબ હતું. સુચેતાબહેન અને બીજાઓ ઘણાં હતાં. બાપુજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ફર્યા. કોઈ ખાસ મહત્ત્વની વાતો ફરતી વેળા નહોતી થઈ.

મસાજ, સ્નાન બાદ શહીદસાહેબ આવ્યા. બાપુજી એમને કરાંચી મોકલાવવા માગે છે. ડૉ. જીવરાજભાઈ મહેતા અને હંસાબહેન આવ્યાં. પ્રણામ કર્યા. બાપુજી હસતા હસતા હંસાબહેનને કહે: હવે મને પ્રણામ કરવાનો રિવાજ કાઢી નાખવો જોઈએ. મારી બુઢ્ઢાની બુદ્ધિમાં કંઈ ફેર પડતો હોય એમ લાગે છે. . . . અને મારા તો ડૉક્ટર પણ હવે મેં બદલ્યા છે તે જાણો છોના? હંસાબહેન ઘડીભર સ્તબ્ધ થઈ ગયાં – કહે, "વળી કોણ નવા ડૉક્ટર આવે છે?"

બાપુજી ખડખડાટ હસતાં કહે, એને તમે તમારી પાસે હોવા છતાં જોઈ શકતાં નથી?

હંસાબહેન બિચારાં આમ તેમ જોવા લાગ્યાં. પણ હું જ ઊભી હતી અને હરેરામ બાથરૂમમાં પાણી મૂકવા આવ્યા હતા. બિસેનભાઈ પોતાના ટેબલ પર કાગળો જોતા હતા — અને ટપાલી મોટો ટપાલનો થેલો ઠાલવી રહ્યો હતો. . . .

"અરે ! ! તમારી અને ડૉકટરની આંખ નકામી છે — મારો ડૉક્ટર નિરંજન નિરાકાર રા. રામ." . . બાપુજી બોલ્યા.

"અહો" . . . સહુ એકીઅવાજે બોલી ઊઠ્યાં.

એમના ગયા પછી પ્રભાવતીબહેન, ડાહ્યાભાઈ પટેલ (એમનાં પત્ની તથા બાબાની સાથે) આવેલાં. બાપુજી ભોજન કરતા હતા. એક ખાખરો બાબાના હાથમાં આપ્યો. બાબાની બાએ બાબાને કહ્યું, "બેટા 'Thank you' કહે". . . બાબાને બે ત્રણ વાર કહ્યું કે, પછી જ તને ખાખરો આપું. પણ બાબો જીદ પર હતો. છેવટે તોતડી અને કાલી ભાષામા કહ્યું, "ઠેંકયું."

બાપુજી આ તમાશો પૂરો થાય તેની રાહમાં જ હોય તેમ બાબાની બાને કહ્યું, "દરિયામાં જ આગ લાગે તો કોને કહેવું? એ તો ઈશ્વરી કોપ જ સમજવો નો?" તોપણ બાબાની બા સમજી શક્યાં નહીં. હું તો તુરત પામી ગઈ હતી. મેં કહ્યું તમે 'થેંન્કયુ' કહેવડાવો છો તેનો બાપુજી કટાક્ષ કરે છે. . .

બાપુજી કહે, "હું કટાક્ષ નથી કરતો. પણ ભાષાની ગુલામીનું ઝેર કેટલું ઊંડું છે, એનો વિચાર કરું છું. સરદાર વલ્લભભાઈ પટેલનાં પુત્રવધૂ, જે મારી દષ્ટિએ કહું તો બિચારીને અંગ્રેજીનું બહોળું જ્ઞાન તો નથી જ અને તેમ છતાં એ પોતાના બાળકને અંગ્રેજી શબ્દ શીખવવાનો આવો આગ્રહ રાખે તો કોને કહેવું! મને ખરેખર દુઃખ થાય છે. ભાષાનો કોયડો માતાઓ ઉકેલી શકે તો આજે આપણે અંગ્રેજીમાંથી મુક્ત થઈ માતૃભાષા કે રાષ્ટ્રીય ભાષાને વિકસાવી શકીએ. અંગ્રેજી ભાષા તો એટલી સમૃદ્ધ અને સુંદર છે તેમાં જરાયે શંકા નથી. અને શોખ ખાતર શીખે કે શીખવો તેનો મને જરા પણ વાંધો નથી. પણ નિર્દોષ બચ્ચાને આ રીતે શબ્દો ઠોકી બેસાડવા એ તો આપણી દઢ અને નિશ્ચિત ગુલામીનો તાદશ નમૂનો છે."

સહુ ઘડીભર સાંભળી રહ્યા. બાપુજી દુઃખભર્યા અવાજથી બોલતા હતા. અને માબાપ બાળકોને અંગ્રેજીના મોહમાં એક યા બીજી રીતે વાળવા મથે છે અને તે પણ વિવેકના બહાને!! એટલે બાપુજીને વધારે લાગ્યું.

એમના ગયા પછી પંડ્યા અને તેમનું કુટુંબ આવ્યું. ૧૧ વાગ્યે પટ્ટણી સાહેબ પ્રણામ કરવા પૂરતા જ આવ્યા. મેં તેમને પણ પ્રણામ કર્યા. મને કહે, "તારા બાપુ ત્યાં બેઠા બેઠા બાપુજીને હેરાન ન કરે એટલું લખી નાખજે." ભાવનગર રાજ્યના મહુવા શહેરના અનાજ વહેંચણી રસ્તા વ. વિષે લખેલું. . .

મેં કહ્યું, નવા વર્ષને દહાડે આપે મને તો સુંદર બોણી આપી. . . કે હવે પૂ. બાપુજીને વચ્ચે પાડ્યા વગર આપ રાજ્ય વિષેની હકીકતો સાંભળી સુધારશો . . . આ ક્યાં કોઈનું અંગત કામ હતું? જાહેર પ્રજાનું છે. અને એટલું આપ કરી આપશો તો પ્રજાના આશીર્વાદ મળશે. . .

કહે, હું તો કરવા ઇચ્છું જ છું. પણ ત્યાંનું મહાજન સાવ ખોટું છે. અને મહાજનના હાથમાં સુધરાઈ સોંપ્યા છતાં કંઈ થઈ શક્યું નથી. કારણ કે મહાજનમાં અંગત સ્વાર્થ ઘૂસી ગયો છે...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુજી કહે, "એ જ વાત છે ના? કે આપણું બગડ્યું છે. પણ તેમાં આપણા અંગત સ્વાર્થમાં જો જરાક જ નમતું મૂકીએ તો આપણે આ દુઃખો હોત જ નહીં. આજના નવા વર્ષે એ જ પ્રાર્થના કરીએ કે, પ્રભુ સહુને સદ્‌બુદ્ધિ આપે અને બીજાનું કલ્યાણ થાય તેવી ભાવના પ્રગટ થાય."

તેમના ગયા પછી સુભદ્રાબહેન ગુપ્તા અને સ્થાનિક મુસલમાન ભાઈઓ રોજ આવે છે તેમ આવ્યા. પોતાની ફરિયાદો કરી કે હજુ લોકો જાય છે. અને અમને કોઈ જાતની રાહત મળતી નથી. હિંદુઓ પાસે હથિયારો છે ત્યાં સુધી અમને જંપવા નહીં દે. . . વગેરે કહ્યું.

બાપુજીએ જવાબમાં કહ્યું, "પણ મારી પાસે એવા સમાચાર છે કે મુસલમાનો પાસે પણ પુષ્કળ હથિયારો છે. જો તમારી અસર ત્યાં સુધી પહોંચતી હોય તો તમારો ધર્મ છે કે તમારે તે હથિયારો મેળવવાં જોઈએ. અને એક નાનું પણ હથિયાર કોઈ પાસે ન હોવું જોઈએ. જો આટલું કામ તમે કરી આપો તો હું તમને કહું છું કે, હિંદુઓ એની મેળે એની પાસે નાનું એવું ચપ્પુ હશે તો તે પણ આપી દેશે. પણ મને કહેવા દો કે, અમારા ગુજરાતીમાં કહેવત છે કે 'મારું મારા બાપનું અને તારું મારું સહિયારું'. . . . તો એ સંબંધ ટકી ન શકે. તમે જોયું કે કલકત્તામાં ભયંકર કત્લેઆમ ચાર જ દહાડામાં અટકી. તેનું કારણ શું? તેનું કારણ ત્યાંના મુસ્લિમો . . . સુહરાવર્દી સાહેબે અને બીજા મુસ્લિમોએ તનતોડ મહેનત કરી અને ત્યાંના મુસલમાનોને પોતાની અસર નીચે લીધા અને સ્પષ્ટ શબ્દોમાં બધાંને સંભળાવતા કે, તમારે શાંતિ જોઈએ છે કે મરવું છે . . . જો શાંતિ ખપતી હોય તો ખબરદાર તમને ગોળીએ વીંધી નાંખે તોપણ તમારાથી એક હરફ નહીં ઉચ્ચારાય અને અમે કહીએ તેમ કરવાનું રહેશે; અને નહીંતર તમે મરો. એટલે ત્યાંની મુસલમાન આલમે પોતાની જાતને સંપૂર્ણ કાબૂમાં રાખી અને જેઓની પાસે જેવાં અને જે જે હથિયારો હતાં તે તમામ મને સુપરત કરાવવામાં અથાગ ભાગ ભજવ્યો છે. આ લોકોએ પોતાના જાનના જોખમે આ કામ કર્યું છે, એમ મારે કબૂલ કરવું જોઈએ. એટલે તમે કેવળ અહીં આવી મને સંભળાવો તેના કરતાં હવે સક્રિય કામ કરો તો મારાથી કંઈક બોલાય. પણ અત્યારે તો હું સાવ ચૂપ છું, કારણ કે લોકો મારી પાસે જવાબ માગે છે કે, તમારી પાસે મુસલમાનો આવે છે તેને કેમ કંઈ નથી કહેતા?"

સુભદ્રાબહેનને પણ બાપુજીએ આ પ્રમાણે કહ્યું. મને ખૂબ ગમ્યું. કારણ કે, આ લોકો રોજ રોજ સાચી ખોટી ફરિયાદો લઈ લઈને આવે છે, કલાક બે કલાક બગડી જાય છે. કામ કરવું નહીં, અને કેવળ બાપુજીને સંભળાવી જ જવું તેનો શો અર્થ?

એમના ગયા પછી પ્રફુલ્લદા આવ્યા. વર્કિંગ કમિટી પર ચર્ચા ચાલી. શંકરરાવજી પણ આવ્યા. આજે A. I. C. C.ના ઠરાવો વર્કિંગ કમિટીમાં લખાશે. ખેરસાહેબ પણ આવ્યા. એમની સાથે પણ ભાષા સંબંધી વાતો થઈ. તેમાં બાપુજીએ બાબાના પ્રસંગનો ઉલ્લેખ કર્યો. પ્રણામ કરવા જ આવ્યા હતા.

લીલાવતીબહેન પડી જતાં તેમને ફ્રૅક્ચર થયું. પ્લાસ્ટરમાં રાખવાં પડ્યાં. બિચારાં થોડા દહાડાની રજામાં આવ્યાં તો આવી ઉપાધિ આવી પડી! ખૂબ રડી પડ્યાં. બાપુજી કહે કે, થોડા દહાડા મને જોવાના લોભમાં તું આવી, પણ હકીકતે એ મોહ હતો. સહુએ જ્યાં હોય ત્યાં વફાદારીપૂર્વક પોતાનો ધર્મ બજાવવો એ કર્તવ્ય છે. તું એ કર્તવ્ય અને ફરજને ન સમજી એટલે ઈશ્વરે તને આ સજા આપી અને પાઠ ભણાવ્યો. તું મારી પાસે આવ્યા છતાં તારે આ વ્યાધિને લીધે મારાથી અળગું જ રહેવું પડે છે. અને સાજી થઈશ ત્યાં તો તારી રજાઓ પૂરી થશે. એટલે હવે ભવિષ્યમાં સમજીને ચાલજે અને આ વ્યાધિને દુઃખ ન માનતાં માનજે કે ભવિષ્યના સુખ માટે પ્રભુએ તને ચેતવણી આપી."

૩થી ૫ વર્કિંગ કમિટી ચાલી. વર્કિંગ કમિટીમાં બાપુજીએ પોતાનો સચોટ અભિપ્રાય આપી દીધો. અને આમ ને આમ કૉંગ્રેસમાં ડખો રહેશે તો આગળ પર પારાવાર કૉંગ્રેસને સોસવું પડશે.

કૃપાલાનીજીનું રાજીનામું લગભગ ચોક્કસ થઈ ગયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થનાસભામાં બાપુજીએ કહ્યું:

"ગઈ કાલે દિવાળી ગઈ, આજે નવું વર્ષ શરૂ થાય છે. આજે વર્ષોથી ચાલ્યા આવતા એક સુંદર રિવાજ તરફ તમારા સહુનું ધ્યાન ખેંચું છું અને તે એ કે, દિવાળી પછીના નવા વર્ષે આખા વર્ષ દરમિયાન થયેલી ભૂલચૂકની સૌ એકબીજાને વંદન કરી માફી માગે છે અને નવું વર્ષ સારું ઊગે તેને માટે નવેસરથી યોગ્ય વર્તન અને છાજે તેવા ઠરાવો પસાર કરે છે. એટલે આપણે હવે ગઈગુજરી ભૂલી જઈ એકબીજાની થયેલી ભૂલો પ્રત્યે ઉદારતા દાખવીને માણસાઈને શોભાસ્પદ થાય તેવું વર્તન રાખવાનો પ્રયત્ન કરીએ અને ઈશ્વર આપણા પ્રયત્નમાં શક્તિ રેડે તેવી પ્રાર્થના કરીએ અને આસુરી શક્તિને જીતી દૈવી શક્તિનું સામ્રાજ્ય સ્થાપો.

"હમણાં હમણાં અહીં કારોબારીની સભા ચાલે છે. જોકે હજુ ઠરાવો ઘડાયા નથી, છતાં કારોબારીના સભ્યો અને ખાસ આમંત્રણથી આવેલા ભાઈઓ સહુ એકમતે સંમત થાય છે કે, કોંગ્રેસ પોતાના જન્મથી એટલે કે છેલ્લાં સાઠ વર્ષથી કોમી સંપનું ધ્યેય નજરમાં રાખીને જ પોતાનો કાર્યક્રમ દેશને આપે છે. હવે એ સિદ્ધાંતને છોડવો એટલે કોંગ્રેસે પીછેહઠ કર્યા બરાબર છે. કારણ કે કસોટીના જમાનામાં કોંગ્રેસ સંસ્થા અડગ રહી છે. કોંગ્રેસમાં માનનારા અનુયાયીઓ ઓછા થાય તેની મને જરાયે ફિકર નથી, પણ જેઓ આ પવિત્ર સંસ્થાના સભ્યો બને તેઓ પ્રાણના ભોગે પણ આ સંસ્થાના સિદ્ધાન્તને વળગી રહે.

"આ સંસ્થામાં જો સમાનતા ન હોય તો આ સંસ્થાની મારે મન કશી કિંમત નથી. વળી હું એ પણ કહું છું કે, કોંગ્રેસ અને તેના તરફથી રાજ્ય ચલાવતી કોઈ પણ સંસ્થા શુદ્ધ લોકશાહી ઢબની પ્રજાકીય સંસ્થા રહેવી જોઈએ. અને દરેક વ્યક્તિને ધર્મની બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જ જોઈએ. એક જ રાષ્ટ્રધ્વજની છાયામાં વસતી પ્રજાને ધર્મ ઉપરાંત બીજી ઘણી બાબતોમાં સમાનતા જોવામાં આવે છે. વળી માણસો માણસો વચ્ચે ઈશ્વરે એટલી બધી સમાન શક્તિ મૂકી છે કે તેઓ ધર્મની બાબતમાં અંદરોઅંદર આટલો બધો ઝઘડો કરી મારામારીની હદે પહોંચે છે ત્યારે સાચે જ મને તો પારાવાર દુઃખ થાય છે. ધર્મમાં જબરજસ્તી તો હરગીજ હોવી જ ન જોઈએ. અને જે દેશમાં આટલી પચરંગી પ્રજા વસતી હોય ત્યાં રાજ્યકર્તાઓ જો પ્રજાની પ્રત્યે ધર્મની બાબતમાં વચ્ચે પડે, તો તેવું રાજ્ય છિન્નભિન્ન થઈ જાય છે. આપણા સદ્ભાગ્યે કોંગ્રેસ એક એ અજોડ સંસ્થા છે જે અમુક ધર્મ જ સાચો એ માનવાનો ઇનકાર કરે છે, એ આપણા દેશ માટે એ ગૌરવની વાત છે. તેમ છતાં હિંદી રાજ્યસંઘમાં વસ મુસલમાનોનો સામાન્ય જીવનવ્યવહાર પણ ઘણે સ્થ જોખમાયો છે; અને રોજ રોજ હજારો માણસે પાકિસ્તાન ચાલતા થયા છે એ હકીકત પર હું વિચા છું ત્યારે મને એક શંકા થાય છે કે આવી સ્થિ ઉત્પન્ન કરનારા લોકો કોંગ્રેસને શોભારૂપ બની શ ખરા? હું આશા રાખું છું કે, આજે નવા વર્ષે સ હિંદુ અને શીખો પોતાનું વર્તન એવું બતાવો! મુસલમાનોની એક નાનામાં નાની બાળકી કે બાળક એમ થાય કે હિંદી રાજ્યમાં જેટલી સલામતીથી એ હિંદુ કે શીખ રહી શકે છે તેટલી જ સલામતીથી પોતે રહી શકે છે.

"આવતે શનિવારે અહીં મહાસમિતિની બેઠ મળશે. તેના સભ્યો કોંગ્રેસની ઉત્તમોત્તમ પરંપરાને અનુરૂપ ઠરાવો મંજૂર કરશે, જેથી ગરીબ કે તવંગર, રાજા કે નાનામાં નાનો ખેડૂત સહુનું કલ્યાણ થાય અને પોતે જેને માટે જવાબદાર છે તે દેશને સમૃદ્ધ કરવામાં પોતાની તમામ શક્તિ રેડે!"

પ્રાર્થના પછી બાપુજી ફર્યા. ખૂબ થાકેલા હતા એથી મૌન લઈને ફર્યા. આવીને પ્રવચન લખ્યું. પંડિતજી મળવા આવ્યા હતા. તે લગભગ કલાક બેસીને ગયા. ખૂબ વાતો થઈ. તંત્રમાં જોઈએ તેવી એકતા નથી. બાપુજી અને પંડિતજી બંને જણા ખૂબ બેચેન છે. જોઈએ શું પરિણામ આવે છે.

મીરાબહેનની તબિયત પણ હજુ સારી નથી. સહેજ તાવ પણ હતો. બાપુજીને તેલ ઘસી પગ દાબીને નવા વર્ષના પ્રણામ કર્યા પછી મીરાબહેનને સુવડાવવા ગઈ. તેઓની પણ સેવા કરી આવી ત્યાં ૧૧ થયા. હું પાછી આવી તો હજુ બાપુજી જાગતા હતા. મને મીરાબહેનની તબિયત માટે પૂછ્યું. બાપુજી કહે, "હું અત્યારે ચાલી રહેલી પરિસ્થિતિના વિચારે ચડી ગયો એટલે ઊંઘ ઊડી ગઈ. આપણી હાલત ખૂબ નાજુક છે. . . . . . . .તંત્રમાંના લોકો અંદર અંદર એવી ગંદી ખટપટે ચડ્યા છે કે, એમાંથી શું પરિણામ આવશે એ હું કલ્પી શકતો નથી. ઈશ્વરે જે ધાર્યું હશે તેમ જ થશે." બાપુજી કંઈક ખૂબ ફિકરમાં છે એમ તો સાવ સ્પષ્ટ હકીકત છે.

— ચાલુ]

મનુબહેન ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી શુદ્ધલેખન

શાળાઓમાં અને કૉલેજોમાં ગુજરાતીને હવે મહત્ત્વનું સ્થાન મળ્યું છે. છેલ્લાં ત્રીસ વર્ષમાં ગૂજરાતી ભાષાનો અનેકદેશીય વિકાસ થયો છે, અને હજુ થતો જાય છે. આ અભિનન્દનીય છે. યુનિવર્સિટીમાં હવે ગુજરાતી માધ્યમ થયું હોવાથી તેનો આ વિકાસ વેગીલો બનશે એ નિઃશંક છે.

આ અંગે કેટલીક બાબતો વિચારવાની અગત્ય રહે છે. કોઈ પણ ભાષાની પ્રતિષ્ઠા તેનાં શુદ્ધલેખન, સૌષ્ઠવ, શિષ્ટતા અને સંસ્કારિતા પર અવલંબે છે. તેમાંયે સૌથી અગત્યનું અંગ શુદ્ધલેખન છે. તે અંગેના થોડાક વિચારો ગુજરાતી વિદ્વાનો સમક્ષ રજૂ કરું છું.

જોડણી

શુદ્ધલેખનતું સૌથી મહત્ત્વનું અંગ જોડણી છે. મહાત્મા ગાંધીએ એક વાર લખેલું કે, 'જેવી અરાજકતા ગુજરાતી શબ્દોની જોડણી વિશે પ્રવર્તે છે તેવી ભાગ્યે જ કોઈ બીજી ભાષામાં હશે.' અને તેથી જ એમણે 'જોડણીકોશ' તૈયાર કરવાની પ્રેરણા આપી. અંતેવાસીઓએ ખૂબ મહેનત, કાળજી અને ચીવટથી જોડણીના નિયમો રચ્યા અને 'જોડણી કોશ' તૈયાર કર્યો. સરકારે આ જોડણી માન્ય અને આધારભૂત ગણી અને આમ જોડણીની અનિશ્ચિતતાનો અંત આવ્યો અને શુદ્ધલેખનનું મહત્ત્વનું અંગ સિદ્ધ થયું.

હવે જોડણી સિવાયની બીજી કેટલીક વિગતો જોઈએ.

અવતરણચિહ્નો

ગુજરાતી લેખનમાં અવતરણ ચિહ્નોનો ઉપયોગ એકધારો નથી. દા. ત.:

(૧) તેણે પૂછ્યું, 'હવે ક્યાં જશો?'

(૨) તેણે પૂછ્યું, "હવે ક્યાં જશો?"

(૩) તેણે પૂછ્યું: 'હવે ક્યાં જશો?'

(૪) તેણે પૂછ્યું: "હવે ક્યાં જશો?"

(૫) તેણે પૂછ્યું: હવે ક્યાં જશો?

(૬) તેણે પૂછ્યું કે હવે તમે ક્યાં જશો?

આ બધીય રીત પ્રચલિત છે. આને વિશે કોઈ નિયમ બાંધી શકાય ખરો? દા. ત. (૧) અવતરણચિહ્નોમાં એક જ વાક્ય આવતું હોય તો એક જ ચિહ્નનો ઉપયોગ (જુઓ ઉપર (૧)). (૨) એકથી વધારે વાક્યો આવતાં હોય તો બે અવતરણ ચિહ્નો ("—") વાપરવાં (૩) મહાવિરામ (:) પછી અને 'કે' પછી અવતરણચિહ્નોનો ઉપયોગ ન કરવો. આવું એકધારાપણું લાવવાની શક્યતા કે અગત્ય છે ખરી?

અલ્પવિરામ

'કે' પછી અલ્પવિરામની જરૂર છે? 'નવજીવન'નાં લખાણોમાં 'કે' પછી અલ્પવિરામનો ઉપયોગ કરાય છે. (દા. ત. 'પરંતુ અમે જણાવવા માગીએ છીએ કે, જે પ્રકારની તાલીમ...' હરિજનબંધુ, ૨૯મી માર્ચ, ૧૯૫૫, પાનું ૨૭). અહીં અથવા આવાં સ્થળે અલ્પવિરામની જરૂર છે? 'તમે જાણો છો કે આ ઠીક થતું નથી' એમ લખવું યોગ્ય છે કે 'તમે જાણો છો કે, આ ઠીક થતું નથી'?

અલ્પવિરામના ઉપયોગ વિશે બીજી કેટલીક અસ્પષ્ટતાઓ:

(૧) 'દૂધ, દહીં, શાક, વગેરે' કે 'દૂધ, દહીં, શાક વગેરે'?

(૨) 'તેમણે આમ કહ્યું, પણ મને લાગે છે...' કે 'તેમણે આમ કહ્યું પણ મને લાગે છે'? 'કહ્યું' પછી અલ્પવિરામ જોઈએ જ એમ લાગતું નથી?

(૩) 'દૂધ, દહીં અને શાક'–એમ જ જોઈએ ને?

(૪) 'એ જ ભાઈ મારે કહેવું છે'; 'એ જ ભાઈ, મારે કહેવું છે'; 'એ જ, ભાઈ, મારે કહેવું છે.' આમાં છેલ્લો પ્રયોગ જ શુદ્ધ ગણવો ને?

વિગ્રહરેખા

(૧) વિગ્રહરેખા માંડ્યા પછી ઘણા લેખકો તે પૂરી કરતા નથી. પૂરી કરવી જોઈએ એમ લાગતું નથી? દા. ત. 'આ માર્ગ તમારે — ભલે ગમે કે ન ગમે તે પણ અપનાવવો જ પડશે' ને બદલે 'આ માર્ગ તમારે — ભલે ગમે કે ન ગમે તોપણ — અપનાવવો જ પડશે' આમ જ લખાવું જોઈએ ને?

(૨) વિગ્રહરેખામાં આવેલું ઉપવાક્ય કે આવેલા શબ્દસમૂહનો સંદર્ભ સમસ્ત વાક્ય સાથે બંધબેસતો આવવો જોઈએ ને? 'તેઓ સ્મશાનમાં — જ્યાં બધાને એક વાર જવાનુ છે — ગયા.' આને બદલે 'તેઓ સ્મશાનમાં — જ્યાં બધાને એક વાર જવાનું છે ત્યાં — ગયા' આમ લખવું ઇષ્ટ નથી?

અન્ય સંદિગ્ધતાઓ

'ત્યાં સુધી', 'આજ લગી', 'ત્યાર પછી', એમ લખવું કે 'ત્યાંસુધી' 'આજલગી', 'ત્યારપછી'? 'ત્યાં સુધી', 'ત્યાર પછી કે લગી' જુદા લખીએ તો વ્યાકરણમાં ત્યાં એટલે તે સમય એમ લેવું પડે ને? તેને બદલે સાથે લેવામાં આવતાં તે આખું એક જ ક્રિયાવિશેષણ અવ્યય બને છે, તેથી, તથા 'ત્યાં લગી', 'આજ લગી' ઇત્યાદિમાં એક જ સમયબિંદુ (point of time) અભિપ્રેત હોય છે, તેથી તે સાથે જ લખવા યોગ્ય નથી?

'દ્વારા', 'વડે'નો ઉપયોગ શી રીતે કરવો? 'યન્ત્ર દ્વારા', 'યન્ત્ર વડે' કે 'યન્ત્રદ્વારા' 'યન્ત્રવડે'? કયો પ્રયોગ શુદ્ધ મનાવો જોઈએ? જોડણીકોશમાં 'દ્વારા' અને 'વડે'ને અવ્યય ગણ્યાં છે, પણ તે શબ્દો વિભક્તિ પ્રત્યયની ગરજ સારતા હોય તો શબ્દને અંતે (દા. ત. યન્ત્રદ્વારા) તેને કાં ન મૂકવાં?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી અશુદ્ધિઓ

આ ઉપરાંત બીજી કેટલીક ભાષા-અશુદ્ધિ પ્રત્યે પણ લક્ષ ખેંચવાનો લોભ રોકી શકાતો નથી:

(૧) 'શ્રોતાઓનું મન હરણ કરે તેવાં આખ્યાનો . . .' આવા પ્રયોગને બદલે 'શ્રોતાઓનું મન હરે તેવાં' અથવા 'શ્રોતાઓના મનનું હરણ કરે તેવાં' અથવા 'શ્રોતાઓનું મનહરણ કરે તેવાં' પ્રયોગ જ શુદ્ધ ગણાવો જોઈએ ને?

(૨) 'તેમણે આગળ અભ્યાસ કર્યો અને બી. એ. થયા' ને બદલે 'તેમણે આગળ અભ્યાસ કર્યો અને તે બી. એ.' થયા' એમ લખાવું જોઈએ ને?

(૩) 'અનેક પ્રસંગો તેમ જ મુલાકાતોનું વર્ણન' ને બદલે 'અનેક પ્રસંગોનું તેમ જ મુલાકાતોનું વર્ણન' પ્રયોગ વધારે યોગ્ય નથી લાગતો?

આમ શુદ્ધલેખનની દૃષ્ટિએ કેટલીક સંદિગ્ધતાઓ તથા અશુદ્ધિઓ પ્રત્યે વિદ્વાન વાચકોનું લક્ષ ખેંચું છું. મને આશા છે કે, આ વિષયના તજ્જ્ઞો આ વિશે પોતાના અભિપ્રાયો દર્શાવશે અને ગુજરાતી ભાષાના લેખનમાં પ્રચલિત અન્ય સંદિગ્ધતાઓ અને અશુદ્ધિઓ પ્રત્યે આપણું લક્ષ દોરશે.

અરવિન્દલાલ લ૦ મજમુદાર

ડાંગ પ્રદેશમાં દારૂબંધી

ડાંગના રાજાઓ સાથે એક વાર મુંબઈ જવાનું થયું. ત્યાં એક ડાંગી ભાઈએ દારૂબંધીથી થયેલા ફાયદા અંગે પૂજ્ય મોરારજીભાઈને જે વાત કહી હતી તે તેની જ ભાષામાં નીચે રજૂ કરું છું:

"મોરારજીભાઈ, તુમી દારૂબંધીના કાયદા કીધા તે ખૂબ જ બેસ હુઈના. પહિલાં મા ખૂબ દારૂ પે હતા. ખીસામાંના પૈસા દારૂની દુકાન વર જ ખલાસ હુઈ જા હતા. પૈસા તો ખલાસ હુઈ જા હતા, પણ દારૂની તલબ તો કમી ની હુય હતી."

"મગ મા માથા વરના ફેંટા દુકાનવાળાલા દે હતા, તેના દારૂ પે હતા. મગ અંગ વરના ફડકાં દીહન પણ દારૂ પે હતા. અરે, કદી કદી ઘરમાંના અનાજ દઈને પણ દારૂ પે હતા. ઇસાં આમી ગરીબ લોક લૂંટાઈ જા હતા."

"પણ સવરાજ હુઈના. ગાંધી મહારાજની સરકાર આની. તેની આપલા રાજમાં દારૂબંધ કીધા. એટલે આમાલા તો મોટા ફાયદા હુઈ ગિયા. આતાં માનાં ઘર હેર જો. માના ઘરમાં બુહુ સામાન હુઈના હા. પાનીના ગુંડા આહા. થાળી આહા. દુસરાં બાસના પણ આહા. બાઈ કો પોરલા પહેરુલા ફડકાં પણ આહા. આમના ઘર પણ બેસ રહહ, સાફસફ રહહ."

"દારૂ ગિયા એટલે મા પાસી થોડા પૈસા બચના. તેમાંથી ૨૫૦ રૂપિયાની એક બંદૂક પણ મૈં લીધી. પહિલાં ઘર વર કુટાર (છાજ) ટાકેલ હતા. પણ આતાં તો માના ઘર વર પતરાં આહા."

"દારૂ ગિયા તાહાં જ ઇસાં હુઈના. એ ગિયા તાહાં જ તો આમી જગના. એ જો રહતા ઇસાંની હુઈતાં. ખરેખર, દારૂ આમના મોત આહા. તે ફરી ચાલુ ની હુય, તે હેરજો."*

પૂજ્ય મોરારજીભાઈએ શાંતિથી આ બધું સાંભળ્યું અને ફરી દારૂ ચાલુ થવાનો નથી તેની ખાતરી આપી.

(૧૯૫૪ના એપ્રિલમાં આ પ્રસંગ બન્યો હતો.)

ખરેખર, દારૂએ ઘણા માણસોને જીવતા જ મારી નાખ્યા હતા. આવા ઘણા બધા ગરીબ લોકોને દારૂબંધીએ નવજીવન આપ્યું છે.

ગ્રામ સ્વરાજ આશ્રમ, **ઘેલુભાઈ નાયક**
કીરલી (ડાંગ), ૯-૪-'૫૫

* ઉપરના ડાંગી ભાગનું ગુજરાતી નીચે આપું છું:

"મોરારજીભાઈ, તમે દારૂબંધીનો કાયદો કર્યો તે ઘણું જ સારું થયું. પહેલાં ખૂબ દારૂ પીતો હતો. ખીસામાંના પૈસા દારૂની દુકાન પર જ ખલાસ થઈ જતા હતા, પૈસા તો ખલાસ થઈ જતા પણ દારૂની તલબ ઓછી થતી નહોતી."

"પછી હું માથાનો ફેંટો દુકાનવાળાને આપી દેતો અને તેનો દારૂ પીતો હતો. પછી શરીર પરનાં કપડાં દઈને પણ દારૂ પીતો હતો. અરે, કદી કદી ઘરમાંથી અનાજ આપીને પણ દારૂ પીતો હતો. આમ અમે ગરીબ લોકો લૂંટાઈ જતા હતા."

"પણ સ્વરાજ થયું. ગાંધી મહારાજની સરકાર આવી. તેણે આપણા રાજ્યમાં દારૂ બંધ કીધો. એટલે અમને તો બહુ મોટો ફાયદો થઈ ગયો. હવે, મારું ઘર જોજો. મારા ઘરમાં ઘણો સામાન થયો છે. પાણીનો દેગડો છે. થાળી છે. બીજાં વાસણો પણ છે. સ્ત્રી અને છોકરાને પહેરવા કપડાં પણ છે. અમારું ઘર પણ સરસ રહે છે, સાફસફ રહે છે."

"દારૂ ગયો એટલે મારી પાસે થોડાક પૈસા બચ્યા. તેમાંથી ૨૫૦ રૂપિયાની એક બંદૂક પણ મેં લીધી. પહેલાં ઘર પર ઘાસ પાનનું છાજ હતું. પણ હવે તો મારા ઘર પર પતરાં છે."

"દારૂ ગયો તેથી જ આવું થયું. એ ગયો તો જ અમે જીવ્યા. એ જો હોત તો આવું ન થયું હોત. ખરેખર, દારૂ અમારું મોત છે. દારૂ ફરી ચાલુ ન થાય તે જોજો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મની સાથે ભક્તિ જોઈએ

પ્રશ્ન — મન પવનવેગે દોડે છે અને ન કરવાના વિચાર કરે છે. તેને અટકાવવા શું કરવું? અને માણસને સત્કાર્યમાંથી પાછો પાડે એવા શત્રુને કેવી રીતે અંકુશમાં લાવવો?

જવાબ — મનને કબજે કરવાનો સહેલો ઉપાય એ છે કે, આપણા મનમાં જે કંઈ કલ્યાણકારક વિચાર આવે તેને ક્રિયા મારફતે સફળ કરવાનો પ્રયત્ન કરવો. એમ કરવાથી મન કંઈક કાબૂમાં આવે છે. કેટલીક વખત ક્રિયા કરતાં કંઈક થાક લાગે છે. કોઈ કોઈ વખત કંટાળો પણ આવે છે. જ્યારે ક્રિયા સમ્યક્ જ્ઞાન થયા પછી કરવામાં આવે છે ત્યારે તે સફળ થયા વિના રહેતી નથી. છતાં પણ ક્રિયામાં કંઈક થાક દેખાય છે. કારણ કે ક્રિયા કરવાનું ભાન રહે છે. પણ જ્યારે એમાં ભક્તિ ભળે છે, ત્યારે ક્રિયા કરતાં થાક લાગતો નથી. ભક્તિથી કરેલું કર્મ અકર્મ થઈ જાય છે, નિષ્કામ થઈ જાય છે. ભક્તિની ઉત્પત્તિ પણ જ્ઞાન અને શ્રદ્ધામાંથી જન્મે છે. એ ભક્તિમાં એટલું બળ હોય છે કે જેમ એંજિનમાં વરાળ! વરાળ દેખાવમાં બળવાળી હોતી નથી, પણ એનો જ્યારે એંજિનમાં સંગ્રહ થાય છે, ત્યારે તે કેટલું બળ બતાવે છે, એ આપણે પ્રત્યક્ષ જોયું છે. એટલે વરાળને રોકવાની જેટલી ચતુરાઈની કે સાવચેતીની જરૂર છે, તેટલી જ ભક્તિને સંઘરવાની જરૂર છે.

મહાત્મા ગાંધીજીએ એક વખત કહેલું કે, હિંદુસ્તાનનું દુઃખ જોઈ મારું હૃદય બળે છે, અને અંદર આગના ભભૂકા થાય છે. પણ તમે કોઈ પૂછો કે તમે ત્યારે કેમ બળી મરતા નથી? તો તેનો જવાબ એ છે કે, એ આગને ઓલવવા માટે કમર કસીને પ્રયત્ન કરી રહ્યો છું. એ પ્રયત્ન આખી જિંદગી સુધી તેમણે કર્યો તે આપણે જોયું. તેમને થાક ન લાગ્યો. તે નિરાશ પણ ન થયા. તેનું કારણ સમ્યક્ જ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલી ભક્તિ હતી. અને એ ભક્તિને બહાર ઢોળાવા ન દીધી. એટલે એનો પૂરો લાભ લીધો. આપણે પણ એ બોધપાઠ લઈએ. અને જે કંઈ આપણને યથાર્થ લાગે તેને આચારમાં મૂકવાનો પ્રયત્ન ભક્તિપૂર્વક કરીએ, તો મન ધીમે ધીમે કાબૂમાં આવશે અને આપણે કંઈક સત્કાર્ય કરી શકીશું.

બોચાસણ
૪-૨-'૫૫

રવિશંકર મહારાજ

બીજું વિશ્વયુદ્ધ અને પ્રાંતિક સ્વરાજનો અંત

[એપ્રિલ, ૧૯૫૫ના અંકના 'આખરી ફેંસલો' લેખનો આગળનો હપતો.]

બ્રિટિશ પાર્લમેન્ટે બહુ જ સાચવી વિચારીને ૧૯૩૫ના પ્રાંતિક સ્વરાજના સુધારાનું પગલું ભર્યું હતું; છતાં તેમાંથી કોંગ્રેસે કુલ ૧૧ માંથી ૭ પ્રાંતોમાં પોતાનાં પ્રધાનમંડળ રચીને કામ હાથમાં લીધું, તે આપણે જોઈ આવ્યા.

જુલાઈ ૧૯૩૭થી તે કામકાજ શરૂ થયું, અને ઑક્ટોબર ૧૯૩૯ માં તે તદ્દન અણધારી રીતે આટોપાયું. તેનું કારણ ૧૯૩૯નું બીજું વિશ્વયુદ્ધ બન્યું. આથી ૧૯૩૦ થી શરૂ થયેલા આખરી ફેંસલાનો પૂર્વરંગ ૧૯૩૯માં પૂરો થયો અને તેનો બીજો આખરી રંગ તે યુદ્ધની દરમિયાનગીરીમાં અને તેની જ ભૂમિકામાં શરૂ થયો, અને યુદ્ધ પૂરું થયું ત્યાર પછી બે વરસમાં તેની પૂર્ણાહુતિ આવી.

૧

બે વરસના પોતાના રાજ્યકાળમાં કોંગ્રેસે કેવું કામ કર્યું તેનો કયાસ કાઢવા બેસવાની જરૂર નથી. છતાં સરકાર જોડે જાયફની લડતી જ આવેલી સંસ્થાએ ૧૯૩૭માં સરકારી સત્તા પર આવતાં કારભારું કેવુંક સંભાળ્યું, તે નોંધપાત્ર તો ખરું.

એક એવો પક્ષ કોંગ્રેસમાં હતો જે એમ મનાવવા માગતો કે, અમે પ્રાંતિક સરકારો કબજે કરીને તે દ્વારા ૧૯૩૫ના રાજકીય સુધારાના ધારાની અયોગ્યતા સિદ્ધ કરી તેને તોડી નાંખવાની ક્રાંતિ કરવા માગીએ છીએ. ૧૯૨૪ના સ્વરાજ-પક્ષ-યુગની વિચારણાની આ દલીલવાળા લોક આ વખતે પણ કાયમ હતા. સ્વ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તેના નોંધપાત્ર અગ્રણી હતા. તે વડી ધારાસભાના પ્રમુખ હતા. તે તરીકે તેમણે કૉંગ્રેસની તથા હિંદી પ્રજાની અમુક શક્તિનો અચ્છો પરચો અંગ્રેજોને બતાવ્યો હતો. હિંદીઓ પોતાનું કામ સંભાળી શકે એમ છે, એ સિદ્ધ કરવામાં આવી આવી બીનાઓએ સ્વાતંત્ર્યના ઇતિહાસમાં ભારે ફાળો આપ્યો છે. રાજકીય ક્ષેત્રમાં જ નહીં, સાહિત્ય, જ્ઞાનવિજ્ઞાન, પાંડિત્ય, ઇ૦ અનેકવિધ ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય માગ મુકાવે એવી શક્તિ ધરાવતાં નરનારીઓ પાકતાં જ આવ્યાં છે, જેણે કરીને હિંદ વિષેનો મત ઊંચો જતો ગયો છે. અસ્તુ.

પણ કૉંગ્રેસમાં ગાંધીજીના નેતૃત્વ નીચે એક બીજી જ દૃષ્ટિ રહી હતી. તે એ કે, હિંદના પ્રજાજીવનનાં અનેક ક્ષેત્રોમાં સુધારા કરવામાં પરદેશી રાજ્ય બાધક છે, તેથી સ્વતંત્રતા જોઈએ. તેથી રાજ્યસત્તા હાંસલ કરવાનું આવું પ્રયોજન પ્રાંતિક સ્વરાજને તબક્કે કાંઈક સરી શકે એમ લાગતાં, દેશમાં બે ત્રણ કામો શરૂ થયાં તે ૧. દારૂબંધીનો કાયદો, ૨. કેળવણીમાં પાયાની પદ્ધતિનો સુધારો. આ બે વસ્તુ અખિલ ભારતીય ધોરણે ગાંધીજીની દોરવણી તળે આદરવામાં આવી. પરંતુ આ વિચારવાળો પક્ષ પણ છેવટની ક્રાંતિ તો હજી કરવાની ઊભી છે, એમ જાણતો હતો.

છતાં, કૉંગ્રેસનો રાજવહીવટ કેવળ વહીવટ તરીકે જોતાં યશસ્વી નીવડ્યો અને તેની સારી પેઠે સ્તુતિ અંગ્રેજ ગવર્નરોએ પણ કરી. દેશના ઇતર રાજકીય પક્ષો વિરોધ પક્ષ તરીકે કાંઈ એવું ન કરી શક્યા કે તેમને ભારે કીર્તિ મળે. વિરોધપક્ષ તરીકે હિંદુમહાસભા પક્ષ અને મુસ્લિમ લીગ એ બે ગણનાપાત્ર હતાં. ત્રીજો લિબરલ પક્ષ લગભગ વેરવિખેર સ્થિતિમાં હતો; તેની કેટલીક નામાંકિત વ્યક્તિઓ હતી, તે વ્યક્તિ તરીકે દેશમાં આદરમાન પામતી હતી. આથી આ કાળમાં એક સુસંગઠિત પક્ષ તરીકે તે ભાગ્યે ગણી શકાય. અને આ પક્ષની સૌથી મોટી મુશ્કેલી એ રહી છે કે, ૧૯૦૯ તથા ૧૯૧૯ના બે અનુભવો છતાં, ઠેઠ સુધી એના નેતાઓ જહાલ રાજકારણની ક્રાંતિકારી દૃષ્ટિ સમજ્યા જ નહીં, અને ન પોતાને માટે માનેલી ઠરેલતા, શાણપણ તથા ડહાપણ અને સાચી પ્રગતિની નીતિ વિષેની ફસુ[?] અતિશ્રદ્ધા વિષે તેમને કદી શંકા પેદા થઈ! સુરાજ્યને સવાલ જ જાણે હોય એમ તેઓ ચાલ્યા; સ્વરાજ વગર તે ન સંભવે, માટે તે પ્રથમ મેળવવું, એ ક્રાંતિની દૃષ્ટિ તેમણે ભાગ્યે જોઈ; તો તે અપનાવવાની વાત તો વેગળી રહી. ૧૯૪૭માં ક્રાંતિ થઈ રહી ત્યારે આ પક્ષ છેવટનો શમ્યો.

૨

પરંતુ એકલા પ્રાંતિક સ્વરાજનો આ પ્રયોગ લાંબો ચાલી શકે એવું હતું નહિ. વડી સરકારની સુધારણા કરવા અંગેનો ૧૯૩૫ના કાયદાનો મહત્ત્વનો ભાગ હજી અધ્ધર હતો. તે અમલમાં ન આવે તો પ્રાંતિક સ્વરાજનું પગથિયું આગળ લઈ જતી નિસરણીનું પગથિયું ન બને; માત્ર એક ઓટલો જ થઈ રહે કે જેના પર, ઇચ્છો તો, બેઠા રહો. કૉંગ્રેસે એ ઓટલો એવી ધારણાથી સર કરેલો હતો કે, તે પર ચડીને આગળ વધી શકાશે — વડી સરકારની રચનામાં પ્રજાહિતની દૃષ્ટિએ ઇષ્ટ ફેરફાર કરવા પ્રજાકીય બળ મેળવી શકીશું.

અંગ્રેજ પાર્લમેન્ટ એ રીતે થોભી ગઈ હતી કે, હિંદને પોતાની ધારી રીતે સુધારા આપવામાં પહેલે તબક્કે થાપ ખાધી, તેથી હવે આગળ જવામાં ઉતાવળ નહીં પાલવે. અને કદાચ બીજું અને વધારે મોટું કારણ એ હોય કે, યુરોપમાં જર્મનીને કારણે એવી પરિસ્થિતિ બનતી જતી હતી કે, કદાચ તરતમાં લડાઈ જાગી જાય. લડાઈ જાગે તો હિંદનું રાજ્યતંત્ર કૉંગ્રેસ જેવી સ્વતંત્ર સંસ્થાને સોંપ્યે, હિંદમાંથી ધારી મદદ ન ખેંચી શકાય તો? કૉંગ્રેસનું પ્રાંતિક સ્વરાજનું સ્તુતિપાત્ર કારભારું જોઈને આ બીક તો વળી વધારે સાચી ગણાય — અંગ્રેજોની નજરમાં. એટલે એવું સાહસ ખેડવામાં સાર નહીં, એમ લગભગ પાર્લમેન્ટે મનમાં કલ્પી રાખ્યું હતું. લૉર્ડ લિનલિથગો વાઇસરૉય હતો; તે જરૂરી વાતોનાં વડાં કરી જાણતો હતો.

૩

યુરોપમાં લડાઈની ભીતિ સાચી ઠરી. એના ભણકારા તો વરસેકથી વાગ્યા જ કરતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી સુભાષચંદ્ર બોઝ જર્મનીમાં હતા ત્યાંથી દેશમાં આવ્યા બાદ તેમણે લગભગ આગાહી કરી હતી કે, ૧૯૩૯ માં યુદ્ધ થશે. તે પરિસ્થિતિમાં હિંદમાં કઈ રીતે કામ લેવું તે અંગે એમણે મનમાં અમુક ઘાટ પણ ઘડી રાખ્યો હતો, એમ જણાય છે.

૧૯૩૯ ની કૉંગ્રેસના પ્રમુખપદના પ્રશ્ને ખેંચાખેંચીનો મામલો ઊભો કર્યો. શ્રી પટ્ટાભી સીતારામૈયા અને સુભાષબાબુ તે માટે ઊભા થયા. દેશમાં બે વિચારધારાની રસાકસી જાગી. સુભાષબાબુ થોડે મતે જીત્યા. ગાંધીજીએ જાહેર કર્યું કે, આ હાર મારી હાર છે. કૉંગ્રેસના પ્રતિનિધિઓ આથી ચોંકયા અને આખો મામલો કેવો ગંભીર છે તેનું જ્ઞાન થયું. સુભાષબાબુને થોડા જ માસમાં જણાયું કે, પોતે પ્રમુખ તો થયા છે, પણ કૉંગ્રેસના મોટા ને મહત્ત્વના ભાગનો સાથ નથી. તેમણે રાજીનામું આપ્યું અને રાજેન્દ્રબાબુને પ્રમુખપદ સોંપાયું.

સુભાષબાબુની નીતિ શી છે તે થોડા વખતમાં જ જાણવા મળ્યું. બંગાળની એક જિલ્લા પરિષદ મળી તેણે કૉંગ્રેસને એવી ભલામણનો ઠરાવ કર્યો કે, બ્રિટિશ સરકારને છ માસની નોટિસ આપવી કે, તમે હિંદને સ્વરાજ આપો, નહીં તો અમે સામુદાયિક સત્યાગ્રહ શરૂ કરીશું. અને એમ બંગાળ કૉંગ્રેસ આ ઢબનું ગરમાગરમ વાતાવરણ પ્રેરી રહી હતી. બીજા કેટલાક પ્રાંતોમાંય તેની અસર હતી. સુભાષબાબુ પોતાની આ નીતિનું જોર દેશમાં અજમાવી રહ્યા હતા. વાત એટલે સુધી પહોંચી કે, બંગાળ કૉંગ્રેસના પ્રમુખ તરીકે સુભાષબાબુએ પોતાની ધારી નીતિ આગળ લેવા માંડી. કૉંગ્રેસ કાર્યવાહક સમિતિએ આ સામે શિસ્તનાં પગલાં ભરીને તેમને સંસ્થા-નિકાલ કર્યા.

આ કિસ્સો નાનોસૂનો નહોતો. યુરોપમાં લડાઈ આવે છે તો તે વખતે હિંદે કઈ ઢબે વર્તવાનું છે, એ મુદ્દો એમાં રહેલો હતો.

સુભાષબાબુ કૉંગ્રેસ-સંસ્થા-નિકાલ થયા પછી થોડા વખત બાદ હિંદમાંથી ગુપ્ત રીતે નાસીને જર્મની ગયા અને અંગ્રેજોના શત્રુઓ સાથે મળીને હિંદને સ્વતંત્ર કરવાની સશસ્ત્ર યોજનામાં પડ્યા. કૉંગ્રેસે પોતાની અહિંસક અને સત્યાગ્રહી નીતિથી જ આગળ વધવું છે, એ સિદ્ધાંતને ભારે આંતરિક ઘાંટીમાંથી ઉગારી લીધો અને ગાંધીજીના સામાન્ય નેતૃત્વ તળે કામ કરવાનું પાછું ચાલુ રાખ્યું.

૪

સપ્ટેમ્બર ૧, ૧૯૩૯ના રોજ યુરોપમાં યુદ્ધ ઊપડી આવ્યું અને બે જ દિવસ પછી ૩ સપ્ટેમ્બરે અંગ્રેજ સરકારે, વડી ધારાસભાને કે કોઈ પ્રજાકીય નેતાઓને પૂછ્યા ગાછ્યા કે વાતચીત કર્યા વિના, જાહેર કર્યું કે, હિંદ અંગ્રેજોના યુદ્ધમાં તેમની બાજુ જોડાય છે.

હિંદમાં રાજકીય સુધારા કરવામાં તેને શું પૂછવું, એમ કરીને સાઈમન કમિશન નીમવા કરતાંય વધુ ગંભીર ભૂલ આ થઈ. પણ તે કાંઈ અજાણમાં નહોતી. હિંદને પૂછવા જઈએ અને હા ના કે કેવી આનાકાની જાગે, તે કોણ જાણે! અને લડાઈ જેવા ઉગ્ર મામલામાં પ્રારંભે જ આમ થાય તો કેમ પાલવે? અને હિંદ તો યુદ્ધસામગ્રી અને લશ્કરી બળનો અખૂટ મોટો ખજાનો ગણાય. તે કયા પક્ષમાં જાય એ વિષે એના ચોળાચોળ જગવવા કરતાં તેને દબાવી બારોબાર કામ લેવું મુનાસબ લાગ્યું અને હિંદ વતી અંગ્રેજ સરકારે જાહેર કરી મૂક્યું! તેને સાથ આપવાનું પૂછવાનું પછી રાખ્યું!

ગેરસરકારી વર્ગોને તો પૂછ્યું નહીં, પણ કૉંગ્રેસ તો આ ઘડીએ સાત પ્રાંતોમાં રાજ્ય કરતી હતી. તે પ્રાંતોનાં પ્રધાનમંડળો હિંદી સરકારનાં મહત્ત્વનાં અંગ ગણાય; તેમનેય વિશ્વાસમાં ન લેવાયાં! આ પણ કાંઈ નાનુંસૂનું અપમાન ન ગણાય.

૫

૩ જી સપ્ટેમ્બરે યુદ્ધની જાહેરાત કરીને પછી લિનલિથગોએ ગાંધીજીને મળવા બોલાવ્યા. હિંદના સ્વરાજની આગળની ચર્ચા આ ઢબે પાછી શરૂ થઈ, જે અંતે ૧૯૪૭માં પૂરી થઈ. પરંતુ તે અગાઉ તેમાં ભારે જબરા પલટા અને ઊથલપાથલો થઈ હતી. તેનો મહા રંગભર્યો ઇતિહાસ કૉંગ્રેસની આખરી કસોટી રૂપ નીવડ્યો. તેમાં તે યશભેર પાર પડી અને ગાંધીજીની બતાવેલી જે નીતિ, ૧૯૨૦-૩૦ના દસકા દરમિયાન તેણે અનુભવે પોતાને માટે આંકી હતી, તેને પાર પાડી બતાવી, હિંદની સ્વતંત્રતાનો સવાલ લગભગ બસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસે હલ કર્યો. એમ કરતાં, તેની નબળાઈઓ તથા તે નીતિમાં જે ઊણપો હતી, તેય છેવટના ફેંસલામાં ઊતરી. એમ બન્યા વગર રહી ન શકે. છતાં, સારાંશે તે નીતિ સફળ થઈ, કે જેને પાછી કૉંગ્રેસમાં સ્થાપિત કરવાને માટે ૧૯૩૯ના આદિમાં તે સંસ્થાના ચૂંટાયેલા પ્રમુખ સાથે જ તેને ઝઘડો વહોરવાનો આવ્યો હતો. તે વહોરીનેય કૉંગ્રેસ પોતાની નીતિને વફાદાર રહી, એ આ વરસની મહા મોટી ઘાંટીની ખાસ નોંધપાત્ર ઘટના છે. પરંતુ ખરું કામ તો હવે યુદ્ધની સ્થિતિમાં શી રીતે કામ લઈ હિંદસ્વરાજનું કામ આગળ લેવું, તેમાં હતું. આ ઇતિહાસના મુખ્ય તબક્કા જોઈશું.

૬

ગાંધીજી વાઈસરૉયને એક વ્યક્તિ તરીકે જ મળી શકે, કેમ કે તે ૧૯૩૬ થી કૉંગ્રેસમાં નહોતા; ન તેની કાર્યવાહક સમિતિએ તેમને કાંઈ સુપરત કરીને મુલાકાત લેવા કહ્યું હતું. ગાંધીજીએ વાઈસરૉય આગળ આ વસ્તુ સ્પષ્ટ કરી અને કહ્યું કે, પોતે અંગ્રેજ સરકારને બિનશરતી મદદ કરે, પણ તે પોતાની અહિંસાની નીતિને વળગી રહીને અને તેની મર્યાદામાં. એટલે કે, જેઓ લશ્કરમાં ભરતી થવા ઇચ્છે તે ખુશીથી થાય; યુદ્ધ-ફંડમાં નાણાં ભરવા ચાહે તે ભરે; પણ કૉંગ્રેસ તે કરી આપવાનું માથે ન લે. કૉંગ્રેસ દેશની આંતરિક શક્તિ બરોબર સંભાળે, યુદ્ધમાં અંગ્રેજ પક્ષને નૈતિક ટેકો અને વફાદારી બરોબર આપે, અને આ યુદ્ધમાં એ રીતે હિંદની પ્રજાને અડીખમ ઊભી રાખીને આગળ દોરવે.

અંગ્રેજો ગાંધીજી જેવા મહાન નેતાના નૈતિક અને બિનશરતી ટેકાની આ વસ્તુથી રાજી થઈ જાય, એ ઉઘાડું હતું. ગાંધીજીની આ વાતના જવાબમાં વાઈસરૉય તરફથી એમ સમજાયું કે, યુદ્ધ દરમિયાન મધ્યસ્થ સરકાર એક યુદ્ધસમિતિ નીમે, તે યુદ્ધકાળમાં દેશનું કારભારું જુએ, તેમાં દરેક પ્રાંતનો મુખ્ય પ્રધાન સભ્ય રહે, અને વાઈસરૉય પ્રમુખ. આમ તાત્કાલિક જોગવાઈ કરી યુદ્ધ જીતવામાં કમર કસીને હિંદ જોડાય.

પણ કૉંગ્રેસની કાર્યવાહક સમિતિ ગાંધીજીની આવી નિર્ભેળ અહિંસા-નીતિ માનવા તૈયાર નહોતી. જો અંગ્રેજ સરકાર પૂર્ણ સ્વરાજ આપવા વાત કરે તો કેટલાક કૉંગ્રેસીઓ તો યુદ્ધમાં નાણાં અને માણસ રેલાવવા પણ કૂદી રહ્યા હતા. કાંઈ નહીં તો બિનશરતી સાથ તો ન જ 'અને, એમ સરદાર વલ્લભભાઈએ જાહેર કર્યું; રાજાજી તેમાં સંમત હતા અને જવાહરલાલજી ભાગ્યે કોઈ નવી લાઈન લેવાના હતા. તેમને ૧૯૩૦ ના ગાંધી-ઇર્વિન-કરારના જમાનાથી ગાંધીજીની મસલતની અને મુત્સદ્દીની શક્તિ વિષે ઝાઝો ભરોસોય કદાચ નહોતો,— અજોડ નેતા તરીકે તેમની શ્રદ્ધા અડગ હતી છતાં. આથી કૉંગ્રેસે એવો ઠરાવ કર્યો કે, અંગ્રેજ સરકારે તેની યુદ્ધનીતિના નેમો જાહેર કરવી જોઈએ અને તે મુજબ હિંદને સ્વરાજ આપવા તત્પર થવું, તથા તેના બાના તરીકે હિંદના કેન્દ્રીય રાજકાજમાં પણ અનુરૂપ સુધારો કરવો.

ગાંધીજીએ આ ઠરાવને વિષે જાહેર કર્યું: હું ઇચ્છું તેટલી હદે કાર્યવાહક સમિતિ અહિંસાની નીતિને ન માને, તો પછી તેણે આ જાતનો નિર્ણય લેવો ઘટે, અને તેમાં ઉચિતતા રહેલી છે; તે સમજી ઇંગ્લૅંડે આ ઠરાવ સ્વીકારીને ચાલવું જોઈએ. હિંદ જેવી મહાન પ્રજાને યુદ્ધમાં સંડોવવી હોય તો તેને વિશ્વાસમાં લેવી જોઈએ અને જે લોકશાહીના સિદ્ધાંતની રક્ષાને માટે યુદ્ધ આદર્યું એમ કહેવાય છે, તેને હિંદને માન આપીને ઇંગ્લૅંડે વર્તવું જોઈએ.

૭

આમ ગાંધીજીની વાત બાજુએ રહી અને કૉંગ્રેસે વ્યવહાર સમજીને પોતાનો જુદો પાસો નાંખ્યો. બ્રિટિશ મુત્સદ્દીઓએ હવે ગાંધીજી જોડે નહીં, કૉંગ્રેસની કાર્યવાહક સમિતિ જોડે કામ લેવાનું થયું. બિનશરતી અહિંસક સહકારની નૈતિક ભૂમિકા પરથી વાત મુત્સદ્દીગીરી પર આવી હતી. તેમાં બ્રિટને તેની યુગજૂની ભેદનીતિનો પાસો નાંખ્યો. વાઈસરૉયે પોતાની મુનસફી મુજબ માનેલા હિંદના બાવન 'નેતા'ઓને મળવા બોલાવ્યા. વધુ 'નેતાઓ' પણ મળવા તૈયાર હતા. પણ આટલી સંખ્યાથી બસ માની, બ્રિટિશ મુત્સદ્દી જવાબ તૈયાર થયો કે, કૉંગ્રેસ એક જ નથી, અને બીજા વગદાર પક્ષો છે કે જે તેથી જુદી વાત કરે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી શું કરવું એ સમજ ન પડે. અને અત્યારે યુદ્ધની ઘડીએ આ પંચાત કેમ ફાવે? અને કોંગ્રેસ જેવી મહા પ્રબળ સંસ્થા ખરે વખતે આવી આંટી નાંખી યુદ્ધમાં દખલ ઊભી કરે, એ તેને ના શોભે.

કોંગ્રેસે આંટી નાંખી તેનો આ જવાબ આવતાં તેનો માર્ગ ચોખ્ખો થઈ ગયો — તેને માટે હવે બીજો રસ્તો ન રહ્યો. તેણે ઠરાવ કર્યો કે, પ્રાંતોનાં પ્રધાન-મંડળો નવેંબર (૧૯૩૯)ના પહેલા અઠવાડિયા અગાઉ અમુક ઠરાવ કરીને છૂટાં થઈ જાય.

ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે, અંગ્રેજ સરકાર હિંદનો સહકાર ચાહે તો તેણે લઘુમતીઓ માટે ઘટતી સલામતીઓ યોજીને લોકશાહીનું તત્ત્વ હિંદના રાજ-કાજમાં દાખલ કરવું ઘટે, અને હિંદની પ્રજા પોતે પોતાનું બંધારણ ઘડે એવાં પગલાં લેવાં, તથા આ ધોરણે તત્કાળ હિંદના રાજવહીવટમાંય સુધારા કરવા જોઈએ. પણ અંગ્રેજ સરકાર તે માનતી નથી, તેથી પ્રજા તેના યુદ્ધમાં સાથ આપી શકતી નથી.

સાતે પ્રાંતોમાં એમ ઠરાવીને કોંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દીધાં. સરકારે સુધારાના કાયદાની ૯૨મી કલમ મુજબ રાજ્યતંત્ર ગવર્નરોને સોંપી દીધું અને એમ બીજા યુદ્ધકાળમાં, ૧૯મા સૈકામાં હિંદમાં જેવું આપખુદ અંગ્રેજી રાજ્ય હતું, લગભગ તેવું રાજ્ય તેના રાજ્યકાળનો અંત આવતાં શરૂ થયું.

કોંગ્રેસે હવે પોતાનું આગળનું કામ વિચારવાનું આવ્યું. તે હવે પછી જોઈશું.

૧૬-૫-'૫૫ **મગનભાઈ દેસાઈ**

ભારતની નદી-યોજનાઓ:-એક પ્રશસ્તિ

[અમેરિકાના જાણીતા વાયુપ્રવચનકાર રેમન્ડ સ્વિંગે દામોદરવેલી કોર્પોરેશન અને ભાકરા બંધની જાતે મુલાકાત લીધા બાદ કરેલા એક વાયુપ્રવચનમાંથી આ જાણવા જેવું વિવેચન છે:—]

"દામોદર ખીણ યોજનાને હિંદની પંચવર્ષીય યોજનાના મુકુટ-મણિરૂપ કહી શકાય. વિશ્વબેંક પાસેથી પણ એક લોન મેળવવાને તે અધિકારી ગણાઈ છે તેમાં નવાઈ નથી; અને બીજી લોન પણ હવે તેને તરતમાં જ મળવાની છે. એ યોજના આખા જગતના સંમાન અને પ્રશંસાને પાત્ર છે. એ યોજનામાં નિયોજન તેની સર્વોચ્ચ કક્ષાએ પ્રગટ થયું છે અને એક આઝાદ પ્રજા પોતાની આઝાદીનો નક્કર આર્થિક પાયો ઊભો કરવા તેને અમલમાં મૂકી રહી છે.

"દામોદર-ખીણ હિંદુસ્તાનને અમેરિકાની ટેનેસી-ખીણ યોજના કરતાં પણ વધુ અગત્યની છે. કારણ કે દામોદર ખીણ તો હિંદુસ્તાન માટે ધાતુઓની ખાણરૂપ પણ છે. જે યોજના એ આખા પ્રદેશનું સર્વાંગી આયોજન કરે, તે યોજના હિંદુસ્તાનની સંપત્તિમાં અઢળક ઉમેરો કરશે, એમાં શંકા નથી . . .

"દામોદર-ખીણમાં નહેરો વડે દશ લાખ નવા એકરો ખેતી હેઠળ લાવી શકાશે; અને લગભગ ચાર લાખ કીલોવૉટ જેટલી વિદ્યુતશક્તિ પેદા કરી શકાશે. આખી યોજનાની કિંમત લગભગ ૧૫ કરોડ ડોલર જેટલી થશે. પંચવર્ષીય યોજનામાં એ સૌથી વધુ નફાકારક યોજના છે.

"ભાકરા-બંધ યોજના તો હિંદના લોકોએ પરદેશની મદદ વિના આપમેળે ઉપાડેલી હિંદી યોજના છે. તેનું ખર્ચ આશરે ૩૨ કરોડ ડોલર (અર્થાત્ ૧૬૦ કરોડ રૂપિયા) જેટલું થશે; અને તે બંધ દુનિયાનો બીજા નંબરનો મોટો બંધ ગણાશે. તેનાથી ૩૦ લાખ એકર જમીનને પાણી પૂરું પાડી શકાશે – આખી દુનિયામાં એ બાબતમાં એનો કોઈ જ જોટો નથી – અને તેનાથી ૩૦ લાખ કીલોવૉટ જેટલી વિદ્યુત શક્તિ ઉત્પન્ન થશે."

મિ. સ્વિંગે ઉમેર્યું, "જગતમાં અહીં તહીં જૂના જમાનાનાં કેટલાંક વિશાળ બાંધકામો મોજૂદ છે, જે બધાં કોઈ સર્વસત્તાધીશ શાહ–સુલતાનના સંખ્યાબંધ ગુલામોએ ઊભાં કરેલાં છે. એ બાંધકામો એ સર્વસત્તાધીશ કે તેનો વંશ કે અત્યારે તેની ખતમ થયેલી સંસ્કૃતિના કોઈ હેતુના સ્મારકરૂપ છે. અહીં હિંદમાં જ તાજમહાલ જોવા આપણે જઈએ છીએ. એક મોગલ બાદશાહની બેગમની કબર તરીકે ૨૨ હજાર મજૂરોએ ૨૨ વર્ષે તેને ઊભો કર્યો હતો. કળાની એ એક અદ્ભુત કારીગરી છે.

"પણ ભાકરા બંધ તો ૨૨ કરતાં ઓછાં વર્ષોમાં અને ૭૫૦૦ મજૂરોની મજૂરીથી જ બંધાશે. પોતાની અનોખી રીતે તે પણ એક કલાકૃતિ જ છે. તે બધાં હિંદી પ્રજાજનોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–સ્ત્રીઓ, પુરુષો અને બાળકોને—અર્પણ થયેલો છે. તે તેમની સેવા બજાવીને, તેમને માટે વધુ સમૃદ્ધિ અને કલ્યાણનો યુગ પ્રવર્તાવશે. તેથી પણ વધુ તો, તે તેમને માટે મોટાં કાર્યો પાર પાડવાની તેમની સાહસશક્તિ અને શક્યતાઓનું ઉદ્બોધક પ્રતીક બની રહેશે.

"જો હિંદુસ્તાન દેશ આ બંધ પોતે સ્વતંત્રપણે પસંદ કરેલી સરકાર દ્વારા બાંધી શકે, તો લોકશાહી હિંદ નિરાંતે પોતાની મજલમાં આગળ વધી શકશે અને પોતાનો સા… કરી રહેલા કૂટ પ્રશ્નોનો નિવેડો લાવી શકશે. એમાં આપ… હિંદના સાહસિક, પરાક્રમી, અદ્યતન લોકતંત્રનાં દર્શન … છે. એ દ્વારા તે પોતાના લોકોને તેમ જ આખા જગ… કહી શકે છે કે, તે પોતાની લગભગ અનંત જવાબદારી… અદા કરવાને માગે છે."

માસિક વિવેચન

શ્રી રામદાસ ગુલાંટી

શ્રી રામદાસ ગુલાંટી તા. ૨૯-૪-'૫૫ના રોજ, તેમના ભાઈ ધૂળિયામાં દાક્તર છે, તેમને ત્યાં અવસાન પામ્યાના દુ:ખદ સમાચાર મળ્યા છે. કેટલાક વખતથી તે કૅન્સરના રોગથી પીડાતા હતા. કામધંધે તે સરકારી ઇજનેર હતા. ૧૯૩૪માં તે દેશ-સેવાના ક્ષેત્રમાં ખેંચાઈ આવ્યા અને અંત સુધી તેમાં કામ કર્યું. ગાંધીજી અને સ્વ૰ શ્રીઠક્કરબાપાએ તેમનું આ પરિવર્તન કર્યું એમ કહેવાય.

દેશને તેમની પહેલી જાણ ફૈજપુર મહાસભાના ઇજનેર તરીકે થઈ. પછી લગભગ દરેક મહાસભાની બેઠકનું બાંધકામ એ સંભાળતા હતા. ઈ. સ. ૧૯૪૭ પછી તે વલ્લભ વિદ્યાનગર, આણુંદમાં આવ્યા, ત્યાં સુધી તે ઠક્કરબાપા જોડે દિલ્હી હરિજન આશ્રમમાં કામ કરતા હતા. '૪૭ પછી તે આણુંદની ઇજનેરી કૉલેજમાં તેના ઉપાચાર્ય તરીકે જોડાયા, અને થોડા માસ ઉપર અતિ માંદા પડી ધૂળિયા ગયા ત્યાં સુધી સેવાભાવપૂર્વક તે કામ કરતા રહ્યા. તે સારા ઇજનેર તરીકે જાણીતા હતા. ખૂબ નમ્ર અને ભક્તહૃદયના સજ્જન હતા. આ ગુણોએ કરીને તે વિદ્યાર્થીઓનું આદરમાન પામતા. શિક્ષણમાં સેવાભાવ અને અર્પણબુદ્ધિથી કામ કરવાનું આજે જ્યારે વિરલ થતું જાય છે, ત્યારે ભાઈ ગુલાંટીનો દાખલો નોંધપાત્ર ગણાય. એ લાભ ગુજરાતને મળ્યો હતો, તે માટે એ એમનું ખાસ ઋણી રહેશે. ભાઈ ગુલાંટીના દેહાંતથી દેશે એક ઉમદા સેવક અને સેવાભાવી ઇજનેર ગુમાવ્યો છે. પ્રભુ એમને શાંતિ આપો.

૫-૫-'૫૫ મ૰

પંચશીલ

આંતરરાષ્ટ્રીય શાંતિ અને યુદ્ધનિગ્રહ સાધવાને મા… પં. જવાહરલાલે રાષ્ટ્રો માટે પાંચ 'શીલ' કે … વિચારી તેમને એક રૂડું નામ આપ્યું—પંચશીલ.

પંચશીલની આ વાત જગબત્રીશીએ ચડી. તે… આંતરરાષ્ટ્રીય પ્રયોગ થવાથી અંગ્રેજી છાપાંમાં … શબ્દ Panchshila એમ લખાવા લાગ્યો. દેશી ભાષા… છાપાંમાં આ ઉપરથી લખાવા લાગ્યું 'પંચશિલા' અને રેડિયો પર બોલનારો કોક જે હશે તે અંગ્રે… પેઠે ઉચ્ચાર કરવા જતાં એમ જ 'પંચશિલા' બોલ… કરે છે! કહે છે કે, દિલ્હીમાં કેટલાક 'અશોક' બદલે 'અશોકા' બોલે છે! આપણે માટે આ વસ્તુ શરમ… જનક ગણાય. અંગ્રેજીવાળા ખોટી જોડણી કરે … ખોટો ઉચ્ચાર કરે, અને પાછાં તે ધડારૂપ બને… આપણા આ સુંદર શબ્દના આવા હાલ કેમ જ … શકે? અંગ્રેજી જોડણી તરત સુધારીને 'Panchsheel' એમ કરવી જોઈએ.

૧૪-૫-'૫૫ મ૰

બેકાર માણસ ને બેકાર યંત્ર

હમણાં થોડા દિવસમાં બેએક ખબરો જાણ… મળે છે, તેથી દેશની પ્રજા વિચારમાં પડી જાય એ… એ છે. પહેલી ખબર એ આવી કે, નદીના બાંધ… મોટી ગંજાવર યોજનાના અંદાજ પાછા ભૂલ ભરેલા… લાગ્યા છે અને કરોડોનો તેમાં વધારો થશે! એ… ટકા ૫-૧૦ નહીં, ૩૦-૪૦ ઉપર છે. કોઈ વા… ઘટાડો નીકળતો નથી અને વધારો જ નીકળે અને … આવડો મોટો, એ કેવું કહેવાય? આથી આ કામે…

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'યોજના' કહેવામાંય અર્થ નથી; અડસટ્ટો પણ ન કહેવાય. 'લાખે લેખાં' કહેવાય છે; આ તો 'કરોડે અંદાજે' થયા!

હવે બીજી ખબર મળે છે કે, એક સરકારી સમિતિએ કેટલીક બંધ-યોજનાઓ ત્યાં જઈને જોઈ તો ૪૮ ટકા યંત્રો બેકાર પડેલાં! કેમ કે, તેના ખૂટતા ભાગ મળતા નથી. બીજે બધે કે જ્યાં સમિતિ નથી ગઈ ત્યાં શું હશે, એ રામ જાણે. યંત્રો આણ્યાં તેથી મનુષ્યબળ બેકાર બન્યું; હવે યંત્રો પણ બેકાર થાય તો તેનાં નાણાં રોકવાનો શો અર્થ? થઈ ન શકે એટલી બધી ઉતાવળ અને તેથી યોજનાનું કામ 'હાવસોઈ ઝાવસોઈ' જેવું થઈ જાય, એ આમાં કારણ ન હોય? કમિટી કહે છે કે, આ નવાં યંત્રોથી કામ લેવાનું આપણા ઇજનેરોને હજી આવડતું નથી. તો તે આણ્યાં શું કામ? અને એવી યોજનાઓ કરાય શું કામ? સરકારના જવાબદાર માણસોએ આ બધું જોઈ કાઢીને કામોની ગતિ જીરવાય એવી કરવી જોઈએ. અને ખોટા અંદાજ ના નભવા દેવા જોઈએ. આ જોઈને એમ થાય છે કે, નાનાં નાનાં કામો આખા દેશમાં ઉપાડ્યાં હોત ને બેકાર યંત્રોને બદલે તેમાં આ નાણું ગયું હોત તો કેવું સારું? તો નાણું ઓછું જોઈત અને અમેરિકન મદદની જાળમાં ન ફસાવું પડત અને જેટલું નાણું આપણે બચાવીને વાપરત તે ચોક્સ કામોમાં જવાથી બરોબર ઊગી નીકળત. હજી સુધરે તોય સારું.

૧૪-૫-'૫૫ મ૦

શિક્ષણનો અવેજ લશ્કરી તાલીમ?

હિંદી સરકારે 'રાષ્ટ્રીય સ્વયંસેવક દળ' નામે એક નવી સંસ્થા ઊભી કરી છે. ૩૦ દિવસનો પડાવ ગોઠવી તેમાં ૧૮ થી ૪૦ ઉંમરના પુરુષોને પ્રાથમિક લશ્કરી તાલીમ આપવામાં આવશે. તેનો હેતુ એવો બતાવવામાં આવે છે કે, દેશની સામાજિક તથા આર્થિક ક્રાંતિના ભાગ તરીકે આ પ્રયોગ છે; તે દ્વારા રાષ્ટ્રીય સેવાની ભાવના પ્રેરવાનો ઇરાદો રખાય છે; તથા લશ્કરી તાલીમ દ્વારા લોકોમાં શિસ્ત અને સ્વાવલંબનની ભાવના કેળવવાની ધારણા છે. એની પાછળ કોઈ લશ્કરી ભાવ કે તેના જેવી કોઈ જાતની ફરજિયાત સેવાનો ખ્યાલ રખાયો નથી.

આ કામ લશ્કરના માણસો સંભાળશે. હવે ખરું જોતાં, આ વસ્તુ સમાજ-શિક્ષણની છે. અને જો ૧૮ થી ૪૦ની ઉંમરના લોક પર તે પ્રયોગ થાય છે, તો પાકે ઘડે કાંઠા ચડાવવા જેવું પણ તેમાં નથી? શિસ્ત અને સેવાનો ભાવ ચાલુ શિક્ષણપ્રથા નથી પ્રેરતી, તેનો અવેજ જો આ વિચારાયો હોય, તો તે વ્યર્થ માનવો જોઈએ. કેમ કે ધર્મ પેઠે શિક્ષણનોય બીજો કોઈ અવેજ છે જ નહીં. શિક્ષણને જ સુધારવું જોઈએ.

અહીંયાં વિચારવા જેવી વાત છે તે એ કે, શું શિસ્ત અને સંયમના ગુણો લશ્કરી તાલીમથી જ આવે? એ તાલીમ એને માટે છે કે યુદ્ધને માટે? શિસ્ત અને સંયમના ગુણો સમાજમાં કેળવવા માટે દરેક પ્રજામાં ધર્મસંસ્થા અને શિક્ષણસંસ્થા રચાય છે. યુદ્ધસંસ્થા એને માટે હોય તો તે જાણી નથી. અને યુદ્ધનિર્વાણ અને શાંતિના ઊગતા વિચારોના આજના યુગમાં યુદ્ધ-સંસ્થાને આવી પ્રતિષ્ઠા આપવી, એ પણ દક્ષતાની ખામી બતાવે છે. વાત એમ છે કે, યુદ્ધમાં પણ ફાવવા માટે એ ગુણો જોઈએ. બીજાં નાગરિક કે મુલકી કામો પેઠે ત્યાં જો આ ગુણ ન હોય તો ના ચાલે. ખરું જોતાં મુલકી કામોમાં પણ નથી જ ચાલતું, તેથી તો આજે શિસ્ત સંયમ પ્રેરવા મથીએ છીએ. લશ્કરનો તો તે પાયો છે; પણ તે સ્વેચ્છાએ નહીં, તેથી તે ધંધાની તાલીમ બની રહે છે; તેમાં શિક્ષણ-ગુણ અને નાગરિકતાની તાલીમની સ્વેચ્છા નથી રહેતાં. અને કાંઈ આખા મુલકને લશ્કર માનીને તો ના ચલાય; જોકે આવું કરવાનું કેટલાકને ગમે, એમ અમદાવાદ-માં આ દળનો વર્ગ ખોલતાં કહેવામાં આવેલું! રા૦ સ્વયંસેવક દળનો ઇરાદો આમ કરવાનો નથી, એમ કહેવાયું છે, એ સારી વાત છે.

તો નાગરિકોમાં આ ગુણો પ્રેરવા માટે શું કરવું ઘટે? એક તો શિક્ષણપ્રથાએ આ ગુણો વિદ્યાર્થીઓમાં ખીલવવા જોઈએ, કે જે પાયાની કેળવણીનું મોટું ધ્યેય છે. બીજું એ કે, આ ગુણોની સક્રિય તાલીમ સમાજનાં ચાલુ કામો મારફતે અપાતી હોવી જોઈએ. એટલે કે, સમાજનાં બધાં કામોમાં જો શિસ્ત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયમ હોય તો એ બને. એટલે પ્રજામાં એ ગુણો કેળવવાનો સચોટ માર્ગ એ છે કે, સરકારી તથા પ્રજાકીય સંસ્થાઓનાં કામ એ ગુણો વ્યક્ત કરે. આજે આમાં જ ભારે ઊણપ છે, તે દૂર કરવાની જરૂર છે.

આ રાષ્ટ્રીય સ્વયંસેવક દળમાં આવનારાઓને અમુક તમુક પ્રમાણપત્ર મળશે, તે આપણા દેશના વાતાવરણમાં એક બિલ્લા જેવું કામ દેતું પતાકડું જ થઈ રહે તોય નવાઈ નહીં, કેમ કે આપણે ત્યાં એવું થતું આવ્યું છે.

૧૭-૫-'૫૫ મ૦

શિક્ષણ અને રંગદ્વેષ

દક્ષિણ આફ્રિકામાં કેપટાઉન પ્રાંતમાં એલિસ ગામ પાસે ત્યાંની એક જાણીતી 'ફોર્ટ હૅર' નામે કૉલેજ છે. તે આફ્રિકાવાસીઓ માટે છે. હિંદીઓ પણ એનો લાભ લે છે. ૧૯૧૬માં તે સ્થપાઈ હતી. કેટલાય આગળ વધેલા આફ્રિકનો આ કૉલેજમાં ભણેલા હોઈ, આ સંસ્થા ખૂબ મશહૂર છે.

હમણાં થોડા દહાડા પર તે ઓચિંતી બંધ કરવામાં આવી અને તેના કુલ ૪૦૦ વિદ્યાર્થીઓને તેમને ઘેર રવાના કરી દેવામાં આવ્યા.

આમ શું કામ કરવું પડે છે તે જણાવતાં સંસ્થાના આચાર્ય પ્રો. સી. પી. ડેન્ટે કહ્યું, વિદ્યાર્થીઓમાં એક એવું ગુપ્ત મંડળ છે કે જેનું કહ્યું ચાલે છે અને સંસ્થાના અધિકારીઓનું નહીં. આથી સંસ્થામાં શિસ્ત સાચવી શકાતી નથી.

આ કૉલેજ કાફરાઓની રાષ્ટ્રવાદી જાગૃતિના કેન્દ્ર જેવી બને, એ ઉઘાડું છે. કદાચ એ કારણે ઉપરનું પગલું ભરાયું હોય. હમણાં તે દેશમાં કાળા ગોરાનાં નોખાં ઘર, નોખાં ગામ, નોખું શિક્ષણ ઇ૦ રંગદ્વેષની અસ્પૃશ્યતાની નીતિ ચાલે છે. તે અંગે કેળવણીની પ્રાથમિક કક્ષામાં પણ અપમાનકારક કુધારા ત્યાંના ગોરા રાજવીઓ કરે છે. કૉલેજને વિખેરી નાંખવાની વાતમાં પણ આ નીતિનું છૂપું કારણ હોય તો નવાઈ નહીં. (તા. ૧૨-૫-'૫૫ના 'હિંદુ' પા. ૭ પર આવેલી હકીકતને આધારે આ છે.)

રાષ્ટ્રના ઘડતરમાં શિક્ષણપ્રથાનો લાંબે ગાળે કેવો પ્રભાવ રહેલો છે, તે આમાંથી જોઈ શકાય છે. પણ જે શિક્ષણ માનવતાનો દ્રોહ કરીને ચાલવા માગે, આ રાષ્ટ્રનું કેવું ઘડતર કરશે એ સવાલ છે: ત્યાં રાષ્ટ્રનો વાદ આગળ ઉપર જાગે તો તેમાં કાફરાઓનો કોઈ વાંક ન કાઢી શકે.

૧૯-૫-'૫૫ મ૦

લગનગાળો અને કાયદા

આ વરસે બધે અસંખ્ય લગ્નો થયાં; ખૂબ જમણો થયાં, વાજાં ગગડ્યાં, ને ધામધૂમ થઈ. ભણતાં છોકરાંને એમાંથી સારી પેઠે તેનું સમાજશિક્ષણ મળ્યું. તે પાછળ લોકે કરોડો રૂપિયા ખરચ્યા. છાપાવાળાએ પૂનામાં એક બે દિવસમાં હજારો લગ્ન જનોઈ સમારંભ થયા, તેને 'લગ્ન-જ્વર' કહીને વર્ણવ્યું! આવતી સાલ સંઘસ વર્ષ હોઈ, આવો સપાટો ચાલ્યો એમ કહેવાય છે.

પાર્લમેન્ટે પણ તેનાં અનેક કામોમાં હિંદુલગ્ન લગ્નવિચ્છેદ અને વારસો ઇ૦ બાબતોનો કાયદો વિચાર્યો. આ કાયદા કરવા માટે તેણેય ઉતાવળ કરી.

આ સુધારો વિચારતાં, પાર્લમેન્ટમાં સભ્યો ઉપલા કે મધ્યમ વર્ણના હોઈને, તેમને યાદ દેવડાવવું પડે કે, હિંદુઓમાં ૮૦ ટકા ઉપરના લોકોમાં તો જનતાશક્તિ વડે, — ધારાશક્તિથી નહીં, — છૂટાછેડા ઇ૦ વસ્તુએ જમાનાઓથી ચાલે છે. હવે એ વસ્તુઓ, અત્યાર સુધી પોતાને ઉચ્ચવર્ણી માનતા લોકો પણ પોતાને માટે માગવા લાગ્યા છે. તે એટલા 'સુધરેલા' કહેવાય કે તેને માટે તેમને કાયદો જોઈએ. પણ એથી કરીને ૮૦ ટકા જોડેની સમાનતા તરફ પ્રયાણ થાય છે એ સારું ને? અને તેટલે અંશે જ્ઞાતિવાદનો સુધારો થાય છે, એમ કહેવાય કે નહીં? ઊંચી અને નીચી જ્ઞાતિઓ વચ્ચેના ભેદોમાં એક આ મોટો ભેદ તો હવે ન રહ્યો એમ કહેવાય.

કાયદામાં એકલગ્ન-પદ્ધતિ મૂકવામાં આવી છે. એટલે કાંઈ સીતા-રામ પેઠે એક જ વાર જીવનમાં પરણવાનું એમ નહીં, અનેક વાર પરણી શકાય, માત્ર એકસાથે નહીં. પહેલાં હિંદુઓ એકસાથે અનેક લગ્ન કરી શકતા; — (મુસલમાનો તો ધર્મબુદ્ધિથી તેમ કરી શકે છે, તેમને આ કાયદો નથી લાગતો.) — હવે તેઓ એક પછી બીજું એમ અનેક લગ્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકશે એટલું જ. પણ તેને, 'અનેક લગ્ન' ન કહેવાય એ ધ્યાન રાખવું. સ્ત્રીઓને પણ એ હક રહેશે.

અને એક પછી બીજું લગ્ન કરવા માટે એકના મરણથી ઘરભંગ થયે જ નહીં, કાયદાથી પણ તમે હવે ચાહીને પણ ઘરભંગ કરી શકો છો. અને એમાં 'સુધારો' કે પ્રગતિ છે એ ભૂલવું નહીં. અરે, કેટલાંય જુવાનિયાં એવા કાનૂની ઘરભંગના હકવાળી જ લગ્ન-પદ્ધતિ પસંદ કરે છે! લગ્નમાં જોડાતી વખતે જ તેને મોડવાની જોગવાઈ વિચારી રખાય છે. ભરાતા પહેલાં છટકબારી જોઈ રાખવી એ, યંત્રશાસ્ત્રની નજરે પણ, સેફ્ટી-વાલ્વનો સાચો સિદ્ધાંત છે. જન્મ અને મરણ પરત્વે સરખી દૃષ્ટિ રાખવાનું વેદાંત લગ્ન મારફતે પણ આજે વધી રહ્યું છે!

અને પરણવાની પદ્ધતિઓમાં પણ નવા નુસખા જાગવા લાગ્યા છે. જૂના જમાનાની ગાંધર્વ, રાક્ષસ કે પિશાચ ઇત્યાદિ નામોથી ગણાવેલી પદ્ધતિઓના નમૂના પાછા જોવાં મળે છે. પણ એ તો એક મોટી રામાયણ છે. તે વળી કોઈ બીજી વાર જોઈશું.

સારાંશ કહો કે, નવી સ્મૃતિ આજે બની રહી છે; પણ તે કોઈ સમર્થ સ્મૃતિકાર વગર! 'સત્યના પ્રયોગો' પેઠે 'નવ સંસારના પ્રયોગો' આજે ચાલે છે. પણ તે પેલા ૧૦-૧૫ ટકા જેટલા ઊંચા મનાતા લોકોમાં જ. અને આ વર્ગના લોકોની મનોદશા ને વિચારસૃષ્ટિ કેવી બેહાલ છે, તે તો પ્રભુ જાણે!

૧૭-૫-'૫૫ મ૦

દાંપત્યનો આદર્શ

પાર્લમેન્ટની લગ્નના કાયદાની ચર્ચામાં હિંદુ દાંપત્ય-જીવનના આદર્શની પણ ચર્ચા જાગી. લગ્ન એ સંસ્કાર છે, કરાર નથી, એમ કહેવાયું. સંસ્કારમાં દૃષ્ટિ કેળવણીની છે, જીવનવિકાસની છે; કરારમાં વેપાર છે — સોદો છે. તેથી એકમાં ધર્મ-દૃષ્ટિ જોઈએ; બીજામાં વ્યવહાર-દક્ષતા જોઈએ. હિંદુઓનો દાંપત્ય-આદર્શ સીતારામ છે અને તે આજે પણ કાયમ છે. છૂટાછેડા દ્વારા ઐચ્છિક ઘરભંગના વાયરા વાય છે તે વખતે આ યાદ રાખવાની જરૂર છે. તેમાં એકલગ્ન એ આજીવનવ્રત બને છે. હિંદુઓની વિવાહપદ્ધતિઓમાં આ તેનો કળશ છે. તે નજર બહાર જશે તો હિંદુ સમાજ ઊંચું જોતો મટ્યો હશે. હિંદુ સમાજ એક પ્રાચીન વયોવૃદ્ધ સમાજ છે. પણ તે ઘરડો સમાજ નથી — સનાતન છે. કારણ કે દેશકાળના ફેરફાંટાઓમાં પણ તે પોતાના રામને ભૂલતો નથી. લગ્નનો કાયદો જેવો કરવો હોય તેવો ભલે કરીએ, પરંતુ તેનું હાર્દ આવી આદર્શ ભક્તિમાં રહેલું છે. તે વસ્તુ કાયદાથી નહીં, પણ સમાજના સાચા ધર્મપરાયણ જીવનથી જ સિદ્ધ થઈ શકે છે.

૧૭-૫-'૫૫ મ૦

નવા જમાનાનું અર્થશાસ્ત્ર

આપણા નાણાપ્રધાનો આજે મૂડીના ભારે ભૂખ્યા લાગે છે. એમ તો સુધરેલી દુનિયા આખી જ 'મૂડી મૂડી' કર્યા કરે છે. સાવ મૂડીવાદી બધું થઈ ગયું છે. ખેડૂત ધાન્ય મેળવે, તોય 'ધન ધન' કર્યા કરે ને 'ધાન્ય'થી ધરાઈ શકતો નથી. મૂડી જાણે અર્વાચીન માનવનો ખોરાક હોય! કેટલાક એને 'વિટામિન એમ' ('મની') પણ કહે છે.

નાણાપ્રધાનને આખા દેશના વતી મૂડીની ભૂખ લાગે છે. આ લગનનાં ધૂમ ખરચમાંથી તે કાંઈક પડાવી ન શકે? કાયદેસર લગ્નનોંધણી શરૂ થઈ છે એટલે અમુક ફીનો ચાંલ્લો તો સરકારને ત્યાં ચાલુ થયો હશે. પણ વધારે મળતર ન કરી શકાય? કેમ કે ખરચાળ વિકાસ-યોજનાઓની લગનસરા સરકારે પણ કાંઈ નાનીસૂની નથી ઉપાડી. અને એમાં પણ લોકોનાં લગ્નોના ખરચા જેવી 'હાવસોઈ ઝાવસોઈ' નથી જણાતી?

લગ્નનાં જમણની છૂટ થઈ, એટલે જમી જાણના-રાઓને મજા થઈ. જમવાનું તો ઠીક, પણ રોશની ને બીજા ભભકાનાં ખર્ચ કેટલાં જાગ્યાં છે! અરે, લગ્નના મંડપ બને છે તે જાણે સિનેમામાં જોવા મળતા રાજામહારાજાના દરબાર અને સજાવટ કરીને આવતાં સ્ત્રીપુરુષો જાણે સિનેમાનાં નટનટી, કેમ કે આપણો શૃંગાર એમના આદર્શે આજે ચાલે છે!

પણ આથી નવા નવા અને સુધરેલા ધંધાને ઉત્તેજન નથી મળતું કે? મધ્યમ વર્ગ બેકાર છે, તેઓ સહેલાઈથી કમાઈ શકે એવા ધંધા નથી વધતા કે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ કહેશે, પણ એવા કેટલા ધંધા વધે? વાત સાચી; પણ એ જ રીતે જો ધંધા વગરના ધંધા વધારવા લાગો, તો માયાના ખેલ પેઠે, વગર ધંધાના ધંધાની બેકાર સૃષ્ટિ કામ ન લાગે? આ નવો સુધારો બીજું શું છે?

પણ એવા ધંધાનો ખરચો નભે શાની ઉપર? આ સવાલ પણ અર્વાચીન અર્થશાસ્ત્રનું અજ્ઞાન બતાવે છે. સરકાર નોટો છાપીને સમૃદ્ધિ બતાવે; લોકો ભેળસેળ ને ચાલાકી કરીને ધન મેળવે; વકીલો દ્વારા બુદ્ધિદાન મેળવીને કર-ચોરી યોજે; (વેચાણવેરો ને આવકવેરો કાયદેસર આપવાનો છે, કાંઈ દૂધે ધોઈને ધર્મ નથી કરવાનો!) કાળાં બજારનો લાગ પણ જતો નથી રહ્યો. "परस्परं चोरयंतः भूरि धनमवाप्स्यथ।"

પણ છેવટે, કટાક્ષ છોડીને વાત કરું તો, દેશનો છેવટનો બોજો પ્રામાણિક શ્રમ અને માનવ સદાચાર ઉપર જ રહે છે, એ સનાતન અર્થશાસ્ત્ર છે. એ ધરતીની ઉપર જ પેલા વગર ધંધાના ધંધાની ભદ્ર સૃષ્ટિની માયા ખેલી શકે છે. એ ભાર ગજા બહારનો ન વધે તે જો દેશ નહીં સંભાળે, તો ધરતી ડોલશે — આજની ભાષામાં, ક્રાંતિ થશે, એ પણ માનવ સમાજનો સનાતન કાયદો છે. કેમ કે "धर्मो रक्षति रक्षितः" — માનવરક્ષાનો એ જ મૂળ સિદ્ધાંત છે.

૧૭–૫–'૫૫ મ૦

મુસલમાનો અને એક-લગ્ન-પ્રથા

પાકિસ્તાનના વડા પ્રધાને બીજી બેગમ કરી તેથી ત્યાંના કેટલાક જાણીતા માણસોની પત્નીઓએ વિરોધ જગવ્યો છે. ઇસ્લામ કહે છે કે, અનેક પત્ની (ચારની મર્યાદા આંકાઈ છે.) પ્રત્યે સમાનતાના ભાવથી વર્તીને પુરુષથી બહુલગ્ન કરી શકાય. પણ માનીતી-અણમાનીતી-પણું ફૂટ્યા વગર રહે જ નહીં એમ માનીને ચાલવું ઘટે, એ ન્યાયે સ્ત્રીઓ વિરોધ કરી શકે. તેની સામે ઇસ્લામને નામે પાકિસ્તાનમાં પુરુષ વર્ગે કહેવા માંડ્યું છે કે, આ આંદોલન ખોટું છે, અને સ્ત્રીઓને અમુક ધમકીઓ અપાય છે.

ઇસ્લામી દેશો બધા જ આ તેમના ધર્મની આજ્ઞાનો વિચાર કરે, એ એમનું કામ છે. હિંદના ઇસ્લામીઓ શું કહે છે?

એક-લગ્ન-પ્રથાનો કાયદો હિંદી પાર્લમેન્ટે હમણાં કર્યો તે મુસલમાનો માટે નથી. કેટલાક હિંદુઓ માને છે કે, મુલકી કાયદો સૌને માટે સમાન હોવો જોઈએ એવી બંધારણની આજ્ઞાનો આ ભંગ છે. વાત એટલી કે, મુસલમાનોનેય આ લાગુ કરો. પણ તે હિંદુઓ બહુમતીને જોરે કહે ને ઠોકી બેસાડે, તો લોકશાહી લાજે. મુસલમાનોમાં આવો સુધારાવાદ જાગે ને તેઓ માગે તો બીજી વાત. લોકશાહી એ બહુમતીરાજ્ય જ નથી, એ અહીંયાં સમજાય છે. લોકશાહી એ જ્ઞાન, સમજ અને સત્ય બુદ્ધિથી સર્વોદયનું કામ કરનારી પદ્ધતિ છે, અને તેમાં વ્યક્તિનું — તેના વિકાસનું પૂરું આદરમાન હોય, એ તેનો મૂળ પાયો છે. તેથી જ કલ્યાણરાજ્ય પણ સરમુખત્યારો અને આપખુદ રાજાઓ પણ સાધી શકે; રાજ્યના એવા માબાપવાદને લોકશાહી નથી માની શકતી. કલ્યાણરાજ્ય કે સુરાજ્ય પણ સ્વરાજ્ય વગર અકલ્યાણ- કે કુ- રાજ્ય ગણાય. પણ આ આડચર્ચા વધુ ન લંબાવી શકાય.

૧૮–૫–'૫૫ મ૦

રમઝાનના રોજા

આજકાલ રમઝાન ચાલે છે. અનેક ધાર્મિક મુસલમાનો રોજા કરતા હશે. કેરોથી આ અંગે એક જોવા જેવી ખબર (ફ્રી પ્રેસ, મુંબઈ, તા. ૧૩–૫–'૫૫) આવી છે. અલ અઝાર યુનિવર્સિટીના ઇસ્લામના ઇતિહાસના અધ્યાપકે હમણાં કહ્યું કે, "સેંકડો લોક રોજા રાખી શકતા નથી. તેઓ એકાંત જગાઓમાં જઈને ખાય પીએ છે, તે જોઈએ છીએ. જેઓથી બની શકે તેઓએ જ રોજા કરવા જોઈએ. જે ન કરી શકે તે અલ્લાને નામે દાન કરે ને ગરીબો જમાડે."

આવી મહત્ત્વની વ્યક્તિ તરફથી આ અભિપ્રાય બહાર પડતાં ઉલેમાઓમાં ખળભળાટ જાગ્યો છે અને યુનિવર્સિટીએ ચાર જણની સમિતિ નીમી તેને પૂછ્યું છે કે, રોજા રાખવા એ મુસ્લિમની ફરજ નથી એવો આ અભિપ્રાય કેટલો સાચો છે. જોઈએ સમિતિ શું કહે છે.

આ કિસ્સા પાછળ મુદ્દો મોટો છે. એમાં ઇસ્લામ વિષે નવી દૃષ્ટિથી જોવાનું શક્ય છે કે કેમ, એ વાત છુપાયેલી છે. હિંદુ ધર્મમાં અમુક ઉપવાસ કરવા જેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાય છે; દરેકે કરવા જોઈએ, પણ કેટલાય નથી કરતા. એ રીતે ઇસ્લામમાં ચાલે ? હિંદમાં બધા મુસલમાનો રોજા નથી કરતા. રમઝાનમાં અમુક મહત્ત્વના માનેલા દિવસો પાળે તોય ચાલે, એમ જોવા મળે છે. ઇસ્લામી રાષ્ટ્રોમાં શું હશે તે ખબર નથી. પણ ઉપરના કિસ્સામાંથી અનુમાન જાય છે કે, બધા જ રોજા કરે, પણ થાય નહીં તો છૂપા તેને તોડે છે. ધર્મની આવી આજ્ઞાઓ પાળવામાં આ રીતે દંભ ઘૂસે છે. તેના કરતાં સમજભેર અને ભાવપૂર્વક અને તેટલું વ્રત પાળવું, એ સારું નહીં ? —આ સવાલ, ઉપરના કિસ્સા પરથી, ઇજિપ્તમાં જાગ્યો છે. ઉલેમાઓની સમિતિ શું કહે છે તે જોવા જેવું છે.

૧૪-૫-'૫૫ મ૦

૨૫૦૦મી બુદ્ધજયંતી

બોધગયામાં આવતે વરસે ભગવાન બુદ્ધની ૨૫૦૦મી (વૈશાખી પૂર્ણિમા) જયંતી ૮ કરોડના ખર્ચે ઊજવાશે. આ દિવસ બુદ્ધ ભગવાનનો જન્મદિન, બોધિદિન તથા નિર્વાણદિન પણ મનાય છે. આ એક સુંદર વસ્તુ છે.

આવતે વરસે આ દિવસે મોટો આંતરરાષ્ટ્રીય જલસો થશે, તેમાં મુખ્યત્વે બૌદ્ધ રાષ્ટ્રો જોડાશે.

એ નિમિત્તે મુખ્ય ચાર બૌદ્ધ ધામોનો જીર્ણોદ્ધાર થશે — લુંબિની (જન્મસ્થાન), બુદ્ધગયા (બોધિસ્થાન), સારનાથ (પ્રથમ ઉપદેશ સ્થાન), કુશિનારા (નિર્વાણ સ્થાન). મહાજયંતી ગયામાં ઊજવાશે. તેનું સ્થાન ગયે વરસે ગયામાં સર્વોદય પરિષદ મળેલી તે રાખવાનું ઠર્યું છે. ત્યાં જ પાસે વિનોબાએ સ્થાપેલો સમન્વયાશ્રમ પણ છે.

સમન્વયાશ્રમ શાંકર અને બૌદ્ધ તત્ત્વની સમન્વિત કે પરિપૂર્ણ ફિલસૂફી વિચારવા માટે છે. પરિષદને નિમિત્તે આ વિચાર વધારે છણાશે એમ માનીએ. બીજી રીતે પણ આજે આ વસ્તુ ચર્ચામાં જાગી છે.

હિંદમાં બૌદ્ધ ધર્મ પેદા થયો, પણ વિકસ્યો અને ટક્યો બહાર. શંકરાચાર્યના યુગથી તે હિંદમાં મટ્યો. પરંતુ તેથી કાંઈ બૌદ્ધ સંદેશ હિંદે છોડ્યો હતો એમ નહોતું. અનેક દૃષ્ટિઓ તથા સાધનાઓના સંમેલનરૂપ હિંદુ ધર્મે તેને પોતામાં ગોઠવી લીધો. હવે પાછું જગત અનુભવે કરીને અહિંસાને યાદ કરે છે, ત્યારે હિંદ તેના સ્થૂલ કેન્દ્ર સમાં ચાર ધામનો જીર્ણોદ્ધાર કરે છે, એ ઘણી રૂડી વાત છે. ચીન, જાપાન, કંબોડિયા, બ્રહ્મદેશ, સિલોન ઇ૦ દેશો રાજ્યક્ષેત્રમાં પણ હિંદના સાથી મિત્રો છે, એ આ મહાઉત્સવની સફળતામાં ભારે રંગ પૂરશે. બુદ્ધ ભગવાનના નામે મળતાં સૌ રાષ્ટ્રો વૈયક્તિક મારનો નિર્વાણ જ નહીં, પણ યુદ્ધરૂપી મહામારીનો નિર્વાણ પણ વિચારશે ને તેનાં પણ આર્યસત્યો ને અષ્ટાંગ માર્ગ જગતને આપશે, એવી આશા રાખીએ. હિંદની એમાં જવાબદારી મોટી છે, કેમ કે તેના રાષ્ટ્રપિતા ગાંધીજી છે.

૧૮-૫-'૫૫ મ૦

આંબેડકર અને બૌદ્ધ ધર્મ

શ્રી આંબેડકર પાછા બૌદ્ધ બનવાનો મનોરથ પાર પાડવાની ધમકી આપે છે, અને આવતે વરસે આનો સમારંભ ગોઠવવા ચાહતા હોય, એમ લાગે છે. આજના જમાનામાં જગતનો ધર્મવિચાર એટલો વિશાળ બનતો જાય છે કે, ધર્માન્તર વસ્તુ જ વિચિત્ર ઠરતી જાય છે. કેમ કે જેને ખરેખર ધાર્મિક બનવું હોય, તેને તેનો જે જન્મધર્મ હોય તે તેને પૂરતું માર્ગદર્શન આપે જ છે; અને તેમાં સુધારાને હમેશ અવકાશ રહે જ છે. એટલે શ્રી આંબેડકરનું આ પગલું ધર્મદૃષ્ટિ કરતાં બીજી નજરવાળું ન હોય, એમ લાગે છે. જો હિંદુ સમાજની દાઝ એમાં કામ કરતી હોય તો તે ધર્માન્તર ધર્મ્ય નહીં ઠરે; ન તેમાંથી તેમને કે કોઈને ધર્મલાભ થશે.

અહીંયાં મને પૂ. કસ્તૂરબા અને બાપુ યાદ આવે છે. સ્વ. હરિલાલભાઈ એમના મોટા પુત્ર મુસલમાન થયા ત્યારે તે વૃદ્ધ માતાપિતાએ એક જ વાત કરી કે, એમ કરતાંય એ અમારો દીકરો ખરેખર હરિનો લાલ બને તો તે ભલે પોતાને અબ્દુલ્લા કહાવે; તેનો અર્થ પણ એ જ થાય છે.

એમ આજે હિંદનો સમાજ આંબેડકરને કહી શકે કે, તમે હિંદના વળી મોટા ને સાચા સેવક જો થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતા હો તો ભલે બૌદ્ધ બનો. પણ બીજો ભાવ તેમાં હોય, તો એમાં બૌદ્ધ ધર્મનું કે કોઈનું ભલું નહીં હોય.

૧૯–૫–'૫૫ મ૦

'મ્યૂઝિયમ'

દિલ્હીમાં રાષ્ટ્રીય સંગ્રહસ્થાનનો પાયો નંખાયો. તે પ્રસંગે બોલતાં જવાહરલાલજીએ આ જાતની સંસ્થા લોકકેળવણીની કેવી જબરદસ્ત ચીજ છે, તેનું બયાન કર્યું. શિક્ષણ ખાતાના મંત્રી પ્રો૦ હુમાયું કબીરે પ્રાસ્તાવિક નિવેદન કરતાં કહ્યું કે, એક જાણીતા પરદેશી પ્રવાસીએ દિલ્હી શહેરને રાષ્ટ્રીય રાજધાનીનું નગર નહીં, દુનિયાનું મોટામાં મોટું–સુંદરમાં સુંદર ગામડું, પણ ગામડું કહ્યું; કારણ તે નગરમાં ચાર ચીજો ખૂટે છે:– ૧. રાષ્ટ્રીય ગ્રંથાલય, ૨. રાષ્ટ્રીય રંગભૂમિ, ૩. રાષ્ટ્રીય કલાસંગ્રહાલય, અને ૪. રાષ્ટ્રીય સંગ્રહ-સ્થાન. તેમાં એક ખોટ હવે આપણે ભાગીએ છીએ. ૪૦ ૪૦.

વ્યાખ્યાન કરતાં પંડિતજીએ 'મ્યૂઝિયમ' માટે હિંદી શબ્દ શોધ્યો. 'અજાયબઘર' અને 'જાદુઘર' શબ્દો હિંદીમાં ચાલુ છે તે સૂચવાયા. પંડિતજી કહે, આ શબ્દો બીજા ભાવમાં ચાલ્યા જાય છે. અને પોતે સંગ્રહાલય શબ્દ વાપર્યો. ગુજરાતીમાં આપણે તો વરસોથી સંગ્રહસ્થાન પ્રયોગ જ કરતા આવ્યા છીએ.

સંગ્રહસ્થાન રાખવું એ ભારે ખરચાળ ચીજ છે. તેને સજવાની આવડત પણ જોઈએ. આ બાબતમાં આપણે, દરેક બાબતની જેમ, પશ્ચિમનું જ અનુકરણ કરવાના કે શું? આ વસ્તુ સાવ ત્યાજ્ય છે. કાંઈક મૌલિકતા ન આણી શકીએ, તો ભારતની આપણી ભક્તિ અને આરાધનામાં ખામી ગણાય.

મ્યૂઝિયમ અને કળા ૪૦ શહેરી વિભૂતિઓ ગણાય છે. ગામડાંમાં એ સંભવે નહીં, એવું લગભગ મનાય છે. એનું કારણ કોઈ તાત્ત્વિક નથી. એમાં કેવળ આર્થિક કારણ જ છે. આવા 'ધોળા હાથી' ગામડાંને પાલવે કેમ? ખાનગી ઢબે પણ કેમ પાલવે? સરકાર જ એને પાલવી શકે. અને સરકારો શહેરોમાં વસે છે, એટલે તેમને શણગારાય છે. અને શહેરો આજે એવાં અ-કલામય અને વિચિત્ર કઢંગાં થાય છે કે, આવાં ચપટીક છૂટાં છૂટાં આભૂષણો સજીને તેમને કોઈક ઘાટમાં આણાય છે. ગામડાં સહેજે સર્વાંગસુંદર બની શકે. તો તેઓ પોતે જ અનુપમ સંગ્રહની અને કળાની ચીજ બને. પણ એ તરફ ધ્યાન નથી, એ એક સાચી ફરિયાદ છે. દિલ્હીનું સંગ્રહાલય આ ઊણપ નગર આગળ રાખવામાં મદદરૂપ બનો. ભારત એ ગ્રામદેશ છે એવું એ સંગ્રહાલય બને અને પશ્ચિમની બાહ્ય વરણાગીનો ધોળો હાથી ન બને.

૧૪–૫–'૫૫ મ૦

હિંદનું રાષ્ટ્રીય ગ્રંથાલય

અંગ્રેજો રાજ્ય કરતા હતા ત્યારે તેમણે વિલાયતમાં આપણે ખર્ચે એક ગ્રંથાલય વસાવેલું. અને તે દર વરસે વધતું જતું હતું. ખરું તો તેથી એ થયું કે, વિરલ સરકારી ને બીજા દસ્તાવેજો તેમાં જ સંઘરાતા રહેતા. હિંદમાંથી પણ ઘણી ગ્રંથસમૃદ્ધિ લઈ જઈને ત્યાં રખાતી. સારાંશે, સેંકડો વરસનો એ સંગ્રહ કેવો વિરલ બને, એની કલ્પના જ કરવી રહી.

હવે સ્વરાજ આવ્યું એટલે હિંદની માલકીની તે ચીજ ઠરી. તે પાછી આપવી જોઈએ. તે કબૂલ થયું. પણ હિંદના ભાગલા થયા; બંને દેશ માગે, તેનું શું? આ પંચાત હમણાં જ સરસ રીતે ઊકલી ગઈ છે: હિંદમાં આખો સંગ્રહ અખંડ આવે એવો હિંદ અને પાકિસ્તાને કરાર વિચારવા માંડ્યો છે.

આ ચર્ચા ચાલતી હતી તેમાં બ્રિટિશ વિદ્વાનોએ એવો મત આપ્યો કે, આ વિરલ ગ્રંથાલય કીમતી છે, તેના ભાગલા ના પાડવા. એટલે કે, તો પછી તે વિલાયતમાં જ રહે, એમ જો તેમાં ઇશારો હોય, તો તે એ વિદ્વાનોને શોભે એવી વાત ન ગણાય. જાણવા મળે છે તો એમ કે, પાકિસ્તાનને અને બર્માને ભાગ માગવા અંગ્રેજોએ પ્રેરેલા! પણ એ તો કોણ જાણે. હિંદને પૈસે હિંદની વિદ્યાસમૃદ્ધિ હિંદ બહાર આટલાં વરસો સુધી રાખી, એ તો ક્યાં ગયું? હજી જો રાખવી હોય તો એ તો, હિંદના ભાગલા કર્યા પછી, તે હ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર ખારું પાણી રેડવા જેવું થાય! હિંદ અને પાકિસ્તાને એક બનીને ઉચિત જવાબ આપવો જોઈએ. તે એ કે, હવે ઝટપટ આ અપૂર્વ ગ્રંથસંગ્રહ દિલ્હીમાં આવી જાય. એમ જો એ સરકારો મળીને કરે, તો બંને દેશની વિદ્યાસંસ્થાઓ તથા વિદ્વાનો તેમને આશીર્વાદ આપશે. આપોઆપ હિંદનું રાષ્ટ્રીય ગ્રંથાલય એ બની રહેશે.

૧૮-૮-'૫૫ મ૦

જગતની શાંતિનું રાજકારણ

૧૯૩૮માં હિટલરે ઑસ્ટ્રિયા ઝડપી લીધું. સામેથી તેને ઇંગ્લેંન્ડ, અમેરિકા ને રશિયા, ફ્રાન્સ વગેરેએ થઈને જકડી લીધો. એમ યુદ્ધ તો અટક્યું, પણ પછી તેના વિજેતા મિત્રો જ માંહોમાંહે લડી પડ્યા ને એ ઝઘડો હજી ઊભો છે, જેને 'ઠંડી લડાઈ' અંગ્રેજીવાળા કહે છે.

છતાં ઈશ્વરની કૃપા છે કે, મંદ ગતિએ છતાં એકે એકે એના સવાલો શાંતિથી ઊકલતા જાય છે. ઑસ્ટ્રિયા હિટલર પાસેથી છોડવ્યા પછી તે તેના છોડવનારાં રાષ્ટ્રોના હાથમાં પડ્યું હતું. હવે તે તેમાંથી છૂટું થઈ સ્વતંત્ર રાષ્ટ્ર બને છે.

જર્મની પણ એવા જ કબજામાં ગયું હતું. પણ તેના બે ભાગલા પડ્યા. એકનો કબજો રશિયાએ લીધો, બીજાનો ઇંગ્લેંન્ડ–અમેરિકા–ફ્રાન્સે. આ ત્રણ દેશોએ પશ્ચિમ યુરોપનાં કેટલાંક રાજ્યોને મેળવીને 'નાટો' કહેવાતા કરાર કર્યા છે, જેથી પરસ્પર કુમક અને રક્ષા સારી રીતે થઈ શકે. હવે તેમણે પોતાના હિસ્સાના જર્મનીને સ્વતંત્રતા આપી તેને સશસ્ત્ર કરી સદરહુ 'નાટો' કરારમાં જોડ્યું છે.

ઑસ્ટ્રિયામાં ચારે જૂનાં મિત્રરાજ્યો એક થઈને વર્તી શક્યાં, તેમ જર્મનીમાં ન બની શક્યું. એટલે રશિયન કે પૂર્વ જર્મની અલગ રાષ્ટ્ર છે અને તે સોવિયેટ મહામંડળનો એક મણકો બની રહ્યું છે.

બીજું — પશ્ચિમ જર્મની સશસ્ત્ર બનીને 'નાટો'માં ભળ્યું, એને રશિયા ભારે ખતરનાક ને પોતા સામેનું પગલું ગણે છે. તેના જવાબમાં, પોતા તરફનાં યુરોપનાં સાતેક રાષ્ટ્રોને મેળવીને, રશિયાએ હમણાં વૉર્સો મુકામે, પેલા 'નાટો' સામે બીજો પૂર્વીય 'નાટો' કરાર કર્યો! ચર્ચિલ કહે છે એવી 'બળ દ્વારા શાંતિ' રાખવાની યુક્તિનો વ્યૂહ, આ રીતે, પૂરો ગોઠવાઈ ગયો!

ઑસ્ટ્રિયા સ્વતંત્ર થયું, તેમાં એક મુદ્દાની શરત એ છે કે, સ્વિટ્ઝર્લૅન્ડ પેઠે એ દેશ તટસ્થ રહેશે. આ શરત તે દેશેય સ્વીકારી છે.

રશિયા હવે કહે છે કે, એમ જ જર્મનીનેય તટસ્થ રાખો, તો હું બે જર્મનીને ભેગાં કરી સ્વતંત્ર એક તટસ્થ રાષ્ટ્ર રચવા તૈયાર છું. આમ થાય તો યુરોપના પૂર્વ પશ્ચિમ પ્રદેશ વચ્ચે તટસ્થતાનો અંતરપટ થઈ જાય.

રશિયાને જર્મની સશસ્ત્ર બને એનો ભારે ડર છે કે, તે પાછી લડાઈ જગવે. અમેરિકા-આદિ મિત્ર-રાજ્યોને એમ લાગે છે કે, જર્મની આપણા જૂથમાં સશસ્ત્ર થઈને આવે તે આપણને રશિયા-વિરોધી મોરચામાં મોટી મદદ મળે છે. ઑસ્ટ્રિયાનું પત્યા પછી જર્મનીનું આમનું ગૂંચવાયેલું કોકડું ઉકેલવાનું ઊભું થાય છે.

અને રશિયાએ હવે 'યુનો' આગળ પ્રસ્તાવ મોકલ્યો છે કે, અણુ-શસ્ત્રો તથા અન્ય સામાન્ય શસ્ત્રો પર અંકુશ અને ક્રમે ક્રમે એમની નાબૂદી વિચારવી. અને તેનો ક્રમ તે બતાવે છે. મોટી આડ છે પરસ્પર વહેમ અને અવિશ્વાસજન્ય ડરની.

અને તે બે પક્ષો હિંદ જેવા તટસ્થ ત્રીજા પક્ષ વિષે પણ પાછા વહેમાય છે કે, તે બે વચ્ચે અણુ-બનાવ જાગે ત્યારે એ ત્રીજા પક્ષની તટસ્થતા તૂટી જાય તો?

જવાહરલાલજીએ બાંડુંગ પરિષદમાં હિંદની ભવિષ્યની યુદ્ધનીતિ સાફ કરતાં જોરદાર શબ્દોમાં કહ્યું છે કે, કોઈ સંજોગમાં હિંદ હવે પછી ન–કરે–નારાયણ–ને વિશ્વયુદ્ધ આવે, તો તે તેના કોઈ પક્ષે નહીં જ જોડાય. પોતે થઈને યુદ્ધનું આક્રમણ કરવાની તો પછી વાત જ ક્યાં રહી? જગતની શાંતિમાં આ ઢબે હિંદ ફાળો આપશે. ગોવાનો ઉકેલ આપણી કસોટીરૂપ છે.

૧૯-૫-'૫૫ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

સ્વપ્નનો ભંગાર: લે૦ 'કેતન મુનશી'; પ્ર૦ એન. એમ. ત્રિપાઠી લિ૦, મુંબઈ-૨; કિં૦ સાડા ત્રણ રૂપિયા; પૃ૦ ૨૭૨

શ્રી 'કેતન મુનશી'ના ચોવીસ નવલિકાઓનો આ સંગ્રહ વાંચતાં મુખમાંથી સહેજે શબ્દો સરી પડે છે કે, ખરેખર, આમાંની ઘણીખરી વાર્તાઓ સાવ 'ભંગાર' જેવી જ છે! લેખકને ગંદકી ચૂંથવાનું જ સૂઝતું હોય એમ લાગે છે. આવી વાર્તાઓ વાંચીને એક રીતે આપણા સત્ત્વને હાનિ પહોંચવાનો ભય રહે છે. જીવન એટલે જાણે નીતિશિથિલતા! સ્ત્રી અને પુરુષ એટલે એકબીજાને વાસનામાં ઘસડી જનારા પ્રતિપક્ષીઓ! એવું એવું જ બધું એમની નજરે ચડે છે. જીવનને ઉન્નત કરે એવું કશું જાણે જગતમાં હોય જ નહીં, એવી પ્રતીતિ આ સંગ્રહની ઘણીખરી વાર્તાઓ સામાન્ય વાચકવર્ગને કરાવતી થઈ જવાનો સંભવ રહે છે.

આવી વાર્તાઓ વાંચીને કહેવાનું મન થઈ જાય છે કે, જીવનને બરાબર સમજ્યા વિના પોતાની અધકચરી અને અધોગતિમૂલક અનુભૂતિ અને એકપક્ષી વિચારસરણીને બેફામ રીતે વાચકો આગળ મૂકવાની અશ્રેયસ્કર વૃત્તિ માણસોને શા માટે થતી હશે? શું ક્યાંય સંયમ કે વિવેકની જરૂર જ નથી?

અહીં ૧૯૩૯ના 'હિબર્ટ જર્નલ'ના એક અંકમાં શ્રી એડવર્ડ લિટલટનના એક લેખનું* સ્મરણ કરવું ઉચિત જણાશે. શ્રી એડવર્ડ લિટલટન તેમાં યોગ્ય જ કહે છે કે, 'એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, ચારિત્રમાં અવનત થતા પાત્રનું રોમાંચક ચિત્ર રજૂ કરવું એ વસ્તુ, ચારિત્રમાં દૃઢ થતા જતા પાત્રના નિરૂપણ કરતાં ઘણી સહેલી છે. ચારિત્રભ્રષ્ટ થતા જતા પાત્રનું કુશળતાથી તથા સહાનુભૂતિથી નિરૂપણ કરતી કથા બહુ રસપૂર્વક વંચાય છે; જ્યારે સીધાં સાદાં તથા ધીમે ધીમે સદ્ગુણ તરફ પ્રગતિ કરતાં જતાં પાત્રોનુ નિરૂપણ કરતી કથા રસપ્રદ થઈ શકે નહીં.' આવી કંઈક મનોવૃત્તિ આજકાલના ઘણાખરા લેખકો ધરાવતા માલૂમ પડે છે. તેથી જ તેઓ 'આત્મબળ, પ્રજ્ઞા, ડહાપણની બાબતમાં ઉત્તરોત્તર થતા જતા તથા વધુ ને વધુ પ્રેમળપણામાં અને આકર્ષણશક્તિમાં પરિણમતા વિકાસના નિરૂપણ કરતાં, અસ્થિર ચારિત્રના લોકોના અવનતિને માર્ગે થતા જતા વિકારાનું નિરૂપણ કરવામાં, વધારે ને વધારે લક્ષ આ[પે] જાય છે, એમાં કશું નવાઈભરેલું નથી.'

એ નવાઈ ભરેલું ભલે ન હોય, તોપણ અ[ત્યં]ત દુઃખી થવા જેવું તો છે જ. કારણ કે, વસ્તુતાએ કે[ટલાં] બધાં પાત્રો કમકમાં ઉપજાવે તેવી ભ્રષ્ટતાથી, વિસંગતિ[ઓ] અને દુષ્ટતા ઉપરના જ પ્રેમથી ખંડિત થઈ જાય છે, [એ] વસ્તુ માનવ જીવનમાં ખરેખરી રોમાંચક નથી; પ[રં]તુ સમાજના દરેક વર્ગ કે વિભાગમાં, ભણેલામાં તેમ [જ] અભણમાં, એવી એક નાની સંખ્યા મોજૂદ હોય છે- ભલે પછી તે દેખી પણ ન શકાય તેટલી નાની હોય- કે જે, વિવિધ કામનાઓની તૃપ્તિ અર્થે નિરંતર દો[ડા]દોડ કરતા મોટા સમુદાયનું સામું બળ હોવા છતાં, પોતા[ના] જીવનમાં ઉત્તરોત્તર ચારિત્ર્યનું કોઈ અગમ્ય બળ દાખવ[તી] જાય છે, જેમનો સારાપણા માટેનો પ્રેમ, શરૂઆતમાં ગમે તે[ટલો] અલ્પ હોવા છતાં, વીરતા, ધ્યેયની ઉત્તમતા અને બીજાં[ઓ] સાથે મૈત્રીભાવની બાબતમાં ઉત્તરોત્તર વધતો જાય છે;- ખરેખરી રોમાંચક વસ્તુ તો આ છે. પરંતુ આજકાલ[ના] અપરિપક્વ લેખકો આ સત્ય સમજવા ક્યાં તૈયાર છે!

આ સંગ્રહની 'તાજની છાયામાં' એ વાર્તા તો [હ]દ વટાવી જાય છે! એના વર્ણનમાં પણ પડવું ન ઘટે એ[મ] હોઈ, આટલું કહી અટકું છું.

આવી વાર્તા વાંચીને વાર્તાકારે સંગ્રહની શરૂઆત[માં] લખ્યું છે એ વાંચી દુઃખદાયક આશ્ચર્ય થાય છે: "[મારી] વાર્તાઓમાં રસ લઈ પ્રોત્સાહન આપવા માટે શ્રી ધનસુખ[લાલ] મહેતા અને બીજા વડીલોનો... આભારી છું." વડી[લો] પણ લેખકને ઠીક મળ્યા છે! શ્રી એડવર્ડ લિટલટન કહે [છે] એમ, આપણે ત્યાં પણ આજકાલ આપણા નીતિનિયમો[ના] પાયા સાથે ચેડાં કાઢવાનું શરૂ થયું છે! આ ખરેખર [ચિં]તાજનક છે.

િકમ્ બહુના! આવી વાર્તાઓ સમાજ માટે લાભકાર[ક] નથી એટલું સત્ય લેખકને સમજાય તો ઘણું. સાહિત્ય[નું] કર્તવ્ય માનવજીવનને ઉન્નત કરવાનું છે; સ્ત્રી પુરુષ [જેવા] નાજુક સંબંધની સાથે ચેડાં કરી સામાન્ય વાચક[માં] કામપ્રકોપ ઉત્પન્ન કરી તેના જીવનને નિચોવી નાખવા[નું] કર્તવ્ય એનું ન જ હોઈ શકે.

સુ૦ ક૦

* જુઓ 'શિક્ષણ અને સાહિત્ય' જાન્યુઆરી ૧૯૪૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ-૧૪

[૧] કુમાર તથા વિનય મંદિર :—

ગૂજરાત વિદ્યાપીઠ તરફથી પાયાની કેળવણીનો પ્રયોગ કરતી ૧ થી ૭ શ્રેણી સુધીની પ્રાથમિક શાળા અમદાવાદમાં ચલાવવામાં આવે છે. તેનો વિકાસ કરીને ઉત્તર બુનિયાદી શાળા તરીકે શ્રેણી ૮ થી ૧૧ સુધીનું વિનય મંદિર પણ શરૂ કરવામાં આવ્યું છે. તેનું નવું વર્ષ **તા. ૧૩-૬-'૫૫** થી શરૂ થશે.

વિનય મંદિરના અભ્યાસને અંતે વિદ્યાપીઠ તરફથી 'વિનીત પરીક્ષા' લેવામાં આવે છે; અને જેઓ ઇચ્છે તેઓ સરકારી 'એસ૦ એસ૦ સી૦ પરીક્ષા'માં પણ બેસી શકે છે.

[૨] મ૦ દે૦ સમાજસેવા મહાવિદ્યાલય :—

ઓછામાં ઓછી ઉપર દર્શાવેલી 'વિનીત પરીક્ષા' અથવા 'એસ૦ એસ૦ સી૦ પરીક્ષા' પસાર કરી હોય તેઓ શ્રી. મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયમાં દાખલ થઈ શકે છે. તેનો અભ્યાસક્રમ ત્રણ વરસનો છે. તેનું નવું સત્ર **તા. ૨૦-૬-'૫૫** થી શરૂ થશે. તે માટેનું અરજીપત્ર **તા. ૬-૬-'૫૫** સુધીમાં ભરી મોકલવું જોઈએ.

[૩] ખાદીવિદ્યા તાલીમ વર્ગ :—

પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં કામ કરતા શિક્ષકોને કાંતણ-વણાટની તાલીમ આપવા માટે ખાદીવિદ્યાના સરકાર-માન્ય વર્ગો વિદ્યાપીઠમાં ચલાવવામાં આવે છે. તેનું નવું વર્ષ **તા. ૧-૭-'૫૫** થી શરૂ થશે. તે માટેનું અરજીપત્ર **તા. ૧૫-૬-'૫૫** સુધીમાં ભરી મોકલવું જોઈએ.

મુંબઈ સરકાર તરફથી કાંતણ-વણાટનો તાલીમ વર્ગ શોલાપુરમાં ચલાવવામાં આવે છે. તે ઉપરાંત ગુજરાત વિભાગ માટે આ વર્ગ માન્ય કરવામાં આવ્યો છે. તેમાં કોઈ પણ પ્રાથમિક માધ્યમિક શાળામાં કામ કરતા શિક્ષકો જોડાઈ શકે છે અને સરકાર-માન્ય પરીક્ષા આપી શકે છે.

ઉપરના દરેક વિભાગ માટેના નિયમો, અભ્યાસક્રમ વગેરેની પત્રિકાઓ અલગ છપાવવામાં આવી છે. તે મહામાત્ર : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪ આ સરનામે લખવાથી મળી શકશે. દરેક પત્રિકાની કિંમત **ચાર આના** છે.

ગૂજરાત વિદ્યાપીઠ કાર્યાલય
અમદાવાદ-૧૪
તા. ૨૦-૫-'૫૫

મગનભાઈ દેસાઈ
મહામાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર. નં. બી. ૪૩

સાચો પ્રયત્ન

ચાર સાચા પ્રયત્નો છે: (૧) પાપયુક્ત અકુશળ મનોવૃત્તિઓ ઉત્પન્ન ન થાય તે મા જોર કરવું; (૨) ઉત્પન્ન થયેલ પાપયુક્ત અકુશળ મનોવૃત્તિઓ ત્યાગવા માટે જોર કરવું; (૩) ઉત્પન્ન થયેલ કુશળ મનોવૃત્તિઓ ઉત્પન્ન થાય તે માટે જોર કરવું; અને (૪) ઉત્પન્ન થયેલ કુશ મનોવૃત્તિઓ સ્થિર થાય, વૃદ્ધિંગત થાય અને પરિપૂર્ણ બને તે માટે જોર કરવું — પ્રયત્ન કરવો — વીર્ય દાખવવું.

[દીઘનિકાય ૩૩, ૧, ૧૧, ૨]

સોણ કોલિવિસે ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી અને દીક્ષા પણ લીધી. ત્યાર બાદ તે સીતવનમાં વિહરવા લાગ્યો. ચંક્રમણ કરતી વખતે અત્યંત વીર્ય દાખવવાને લીધે તેના પ ચિરાઈ ગયા અને ચંક્રમણનું સ્થાન કસાઈવાડાની પેઠે લોહીથી છંટાઈ ગયું.

હવે, આયુષ્માન સોણ એકાંતમાં ચિંતન કરતો હતો ત્યારે તેને વિચાર આવ્યો કે ભગવાનના જે શિષ્યો નિર્વાણમાર્ગમાં પરાક્રમ દાખવતા વિહરે છે, તેઓમાંનો હું એક છું પરંતુ હજુ મારું ચિત્ત આસક્તિઓથી મુક્ત થતું નથી. મારે ઘેર હજુ બધા ભોગો મોજૂ છે; તો હું ઘેર જઈ ભોગો ભોગવું અને બને તેટલાં પુણ્યકર્મો કરું તો કેમ?

ભગવાન બુદ્ધે સોણનો આ વિતર્ક જાણ્યો. તેમણે તેની પાસે આવી તેને પૂછ્યું:

"સોણ, તું જ્યારે ગૃહસ્થાશ્રમમાં હતો ત્યારે વીણાના તાર બજાવવામાં કુશળ હતો, ખરું ને?"

"હા, ભગવન્!"

"તો સોણ, તારી વીણાના તાર અતિશય તંગ ખેંચેલા હોય, તો તે સમયે તારી વીણામાંથી સૂર નીકળી શકે અથવા તે વગાડી શકાય ખરી?"

"ના, ભગવન્!"

"તો સોણ, તારી વીણાના તાર અતિશય ઢીલા હોય, તો તે સમયે તારી વીણામાંથી સૂર નીકળી શકે અથવા તે વગાડી શકાય ખરી?"

"ના ભગવન્!"

"તો સોણ, તારી વીણાના તાર અતિશય તંગ ખેંચેલા ન હોય, તેમ જ અતિશય ઢીલા પણ ન હોય, પરંતુ જોઈએ તેવા સમાન ખેંચેલા હોય, તો તે સમયે તારી વીણામાંથી સૂર નીકળી શકે અથવા તે વગાડી શકાય ખરી?"

"હા, ભગવન્!"

"તે જ પ્રમાણે, હે સોણ, અતિશય જોર કરીએ તો તંગ થઈ જવાય; અને અર ઓછું જોર દાખવીએ તો ઢીલા પડી જવાય. માટે હે સોણ, જોર દાખવવાની બાબતમાં પણ તું સમતાથી વર્તીશ તો તું ઝટ સફળ નીવડીશ."

[વિનયપિટક ૧, ૧૨-૭]

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ
ગોપાલદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)
ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

વર્ષ ૧૪ — અંક ૭

જુલાઈ — ૧૯૫૫

નવજીવન, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

જુલાઈ, ૧૯૫૫

વર્ષ ૧૪ અંક ૭

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
સાહિત્યકારોનો ભૂદાનમાં ફાળો	વિનોબા	૧૯૩
કોમવાદ અને જ્ઞાતિવાદ	મગનભાઈ દેસાઈ	૧૯૯
નવી અથવા પાયાની કેળવણી	વિનોબા	૨૦૧
આપણો મોટામાં મોટો પ્રજાકીય વ્યવસાય	મગનભાઈ દેસાઈ	૨૦૩
ઍબ્રાહમ લિંકનનું જગવિખ્યાત વ્યાખ્યાન	મુકુલભાઈ કલાર્થી	૨૦૫
આયોજન અને શ્રમદાન	રામલાલ પરીખ	૨૦૭
ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ	મુકુલભાઈ કલાર્થી	૨૦૯
સિગારેટ વિ૦ કૅન્સર		૨૧૩
કૅન્સર	ચક્રવર્તી રાજગોપાલાચારી	૨૧૫
સદ્‌ગુણો વિનાની મહત્ત્વાકાંક્ષા !	ચંદ્રકાંત ઉપાધ્યાય	૨૧૬
માસિક વિવેચન		
શ્રી. એન. એમ. જોષી	મ૦	૨૧૮
સ્વ૦ દુર્ગાબહેન	મ૦	૨૧૮
કળા અને અંકુશનીતિ	મ૦	૨૧૯
ગાંધી સ્મારક નિધિ	મ૦	૨૧૯
ઉચ્ચ શિક્ષણનું માધ્યમ	મ૦	૨૨૦
અભિનંદન	મ૦	૨૨૦
ચોપડીવગુ શિક્ષણ	મ૦	૨૨૦
કેળવણીની ઉદ્યોગપદ્ધતિ	મ૦	૨૨૧
હિન્દી પ્રચાર તાલીમ વર્ગ	ગિરિરાજ કિશોર	૨૨૧
નવું વાચન		
ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો	મુ૦ ક૦	૨૨૨
ગુજરાતી સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ	મુ૦ ક૦	૨૨૨
આપણું સાહિત્ય	મુ૦ ક૦	૨૨૨
કસુંબીનો રંગ	મુ૦ ક૦	૨૨૨
ઘડતર અને ચણતર	પાં૦	૨૨૩
વૃક્ષ અને વેલી	બંસીલાલ ગાંધી	૨૨૪
સાભાર સ્વીકાર		૨૨૪

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (લાખાજીરાજ રોડ); દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કૉનૉટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, અમદાવાદ-

અમારાં નવાં પ્રકાશનો

સ્થાનાંગ-સમવાયાંગ : સંપા૦ દલસુખ માલવણિયા; કિં. રૂ. ૧૦-૦-૦; ટપાલરવાનગી ૧-૮-૦.

ગાંધીજીના પાવન પ્રસંગો : લે૦ લલ્લુભાઈ મકનજી; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

શીલ અને સદાચાર : લે૦ મુકુલભાઈ; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

ઠક્કરબાપા : લે૦ કાન્તિલાલ શાહ; કિં. રૂ. ૪-૦-૦; ટપાલરવાનગી ૧-૩-૦.

સમૂહજીવન અને છાત્રાલય : શિવાભાઈ ગો૦ પટેલ; કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

ठक्करबापा : ले० कान्तिलाल शाह; अनु० रामना चौधरी; की. रु. ५-०-०; डाकखर्च १-५-०.

हरिजनसेवकोंके लिये : ले० गांधीजी; अ रामनारायण चौधरी; की. रु. ०-६-०; डाक ०-२-०.

अस्पृश्यता : ले० गांधीजी; अनु० रामना चौधरी; की. रु. ०-३-०; डाकखर्च ०-२-०.

Truth is God : By Gandhiji; Com. R. K. Prabhu; Price Rs. 2-0-0; Post etc. 0-10-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૪–અંક ૭] અમદાવાદ [જુલાઈ, ૧૯૫૫

સાહિત્યકારોનો ભૂદાનમાં ફાળો

[તા ૨૯મી માર્ચ '૫૫ની રાતે જગન્નાથપુરીમાં સાહિત્યકારો અને પત્રકારોનો એક વાર્તાલાપ વિનોબાજી સાથે ગોઠવવામાં આવ્યો હતો. એમાં સાહિત્યકારોએ પૂછેલા કેટલાક સવાલોના જવાબ રૂપે વિનોબાજીએ જે મનનીય પ્રવચન કર્યું હતું તે અહીં આપ્યું છે.]

સાહિત્યકારોનો મહિમા

તુકારામનું એક વચન છે. તેમાં પરમેશ્વરને સંબોધીને તે કહે છે: "તારા નામનો મહિમા તું નથી જાણતો. અમે જાણીએ છીએ." એ જ પ્રમાણે સાહિત્યકારોનો મહિમા સાહિત્યકારો જાણતા નથી. પોતાને વિષે અભિમાન ધરાવનારા જે સાહિત્યકારો હશે, તે સાહિત્ય માટે અભિમાન તો ધરાવતા હશે; પરંતુ તેનો મહિમા તેઓ જાણતા હોતા નથી. જો તેઓ સાહિત્યનો મહિમા જાણતા હોત તો તેનું અભિમાન તેઓ ન કરત. સાહિત્યનો મહિમા વિશાળ છે. મને સાહિત્યનું ભાન એ કારણે છે કે હું સાહિત્યકાર નથી. પરંતુ સાહિત્યકાર ન હોવાને કારણે એના મહિમાનું ભાન થાય છે એવું કંઈ નથી. એ તો એક તક હોય છે; કોઈને તે સાંપડે છે; કોઈને નથી સાંપડતી. મને એ તક સાંપડી—અનેક ભાષાઓના સાહિત્યનો આસ્વાદ કરવાની. દરેક ભાષાનું જે વિશિષ્ટ સાહિત્ય છે તે જ મારા વાંચવામાં આવ્યું છે. મારા પર તેની અસર પણ ઘણી પડી છે. તેથી બેનીપુરીજીએ બિહારમાં કહ્યું હતું કે, જ્યાં જાઓ ત્યાં સાહિત્યકારોને બોલાવજો, એ વાત સહેજે મારા હૃદયમાં વસી ગઈ છે.

સાહિત્ય એટલે અહિંસા

મારા મનમાં જ્યારે હું સાહિત્યની વ્યાખ્યા કરવા જાઉં છું,—વ્યાખ્યા કરવાનો મને શોખ છે—ત્યારે હું એની વ્યાખ્યા કરું છું કે: "સાહિત્ય એટલે અહિંસા." આવું સાંભળીને લોકો કહેશે કે આ તો ખરો ધૂની માણસ છે! જ્યાં ત્યાં અહિંસાને લઈ આવે છે.

પરંતુ સાહિત્યકારોએ પણ એની વ્યાખ્યા એવી કરી છે કે, સર્વોત્તમ સાહિત્ય "સૂચક" હોય છે. "સૂચક સાહિત્ય" શા માટે સર્વોત્તમ મનાય છે? એટલા માટે કે સાંભળનાર ઉપર તે આક્રમણ કરતું નથી. કોઈના ઉપર ઉપદેશનો પ્રહાર થવા લાગે, તો એ ગમે તેટલો હિતકર હોય તોયે તેનો સ્પર્શ શીતળ નથી લાગતો. બાળપણમાં અમે ઈસપની નીતિ-કથાઓ વાંચતા. કથાનું તાત્પર્ય તેની નીચે છેવટે લખેલું હોય છે. તાત્પર્ય એટલે ન વાંચવાનો ભાગ, એમ અમે સમજતા હતા. જો કથાનું તાત્પર્ય થોડા શબ્દોમાં લખી શકાય, તો હું માનું છું કે કથા લખનારમાં કશી કળા જ નથી. હમણાં બેનીપુરીજીએ કહ્યું કે, 'ભૂદાનયજ્ઞ એ શબ્દ-કોના સાહિત્યમાં કેટલી વાર આવ્યો છે એ ઉપરથી લોકો હિસાબ કરે છે કે, આ સાહિત્ય ભૂદાનયજ્ઞને સહાયક છે કે નહીં? આના સાહિત્યમાં પચાસ વાર 'ભૂદાન' શબ્દ આવ્યો, પેલાના સાહિત્યમાં પાંચસો વાર આવ્યો, એવી સૂચિ બનાવીને ગણતરી કરે છે!'

સાહિત્ય-બોધનો અર્થ

ઉત્તમ કૃતિનું લક્ષણ આવું છે: જેમ રામચંદ્રજીને જોઈને અનેક લોકોએ પોતપોતાની ભાવના અનુસાર અનેક કલ્પનાઓ કરી હતી, તેમ જે બોધથી અનેકવિધ તાત્પર્યો નીકળતાં હોય તે જ સાહિત્ય-બોધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કાયદાના ગ્રંથોમાં આનાથી તદ્દન ઊલટી વાત હોય છે. એક વાક્યમાંથી એક જ અર્થ નીકળવો જોઈએ, બીજો નહીં. જો વાક્યમાંથી બે અર્થ નીકળતા હોય તો વકીલોની કમબખ્તી થાય. પરંતુ સાહિત્યનો સ્વભાવ એનાથી બિલકુલ ઊલટો છે. ગીતા ઉત્તમ સાહિત્ય છે, રામાયણ ઉત્તમ સાહિત્ય છે, કારણ કે બંનેનાં તાત્પર્યોની બાબતમાં ઘણા મતભેદ છે. જો સાહિત્યના તાત્પર્ય અંગે મતભેદ ન હોય અને તાત્પર્ય નિશ્ચિત કહી શકાય એમ હોય, તો એ સાહિત્યમાં સાહિત્ય-શક્તિ ઓછી પ્રગટ થાય છે.

પ્રસિદ્ધ ઋષિ-વાક્ય છે: 'परोक्षप्रिया: इव हि देवा: प्रत्यक्ष-द्विष:।' દેવ પરોક્ષપ્રિય હોય છે. તેમને પરોક્ષ-વાણી ગમે છે, પ્રત્યક્ષ-વાણી ગમતી નથી. આનો મર્મ પણ એ જ છે કે, પ્રત્યક્ષ ઉપદેશમાં કંઈક ખૂંચે એવું હોય છે. આપણે જ્યારે વાલ્મીકિ રામાયણ વાંચીએ છીએ, ત્યારે એમાં ખૂબ ખૂબ ઉપદેશાત્મક વચનો નથી આવતાં. કથા-ગંગા વહ્યે જાય છે; માણસ પણ તેની સાથે વહ્યો જાય છે. અનેક માણસોને અનેકવિધ તાત્પર્ય સાંપડે છે અને એકના એક માણસને પણ સમયાનુસાર અનેકવિધ તાત્પર્ય સાંપડે છે. સાહિત્યની વિશેષતા આવી વિવિધતામાં જ છે. તેથી જ્યારે અમે સાહિત્યકારો પાસેથી કાંઈ પણ અપેક્ષા રાખીએ છીએ, ત્યારે એનો અર્થ એવો નથી કે તેઓ પોતાની વિશેષતાઓ છોડી દઈને અમારું કામ કરે. તેઓની વિશેષતા એ જ છે કે તેમના સાહિત્યમાંથી વિવિધ પ્રકારનો બોધ મળતો રહે.

વાલ્મીકિની પ્રેરણા

ઈશ્વરના પ્રેમની બાબતમાં ભક્તજનો કહે છે કે, એ પ્રેમ અહેતુક હોય છે, એમાં હેતુ હોતો નથી. પ્રેમ કરવો એ ઈશ્વરનો સ્વભાવ છે. એ જ રીતે સાહિત્યમાં પણ કશો હેતુ હોતો નથી. સાહિત્ય એ એક સ્વયંભૂ વસ્તુ છે. પરંતુ હેતુ રાખવાથી જે નથી સધાતું તે સાહિત્યમાં હેતુ રાખ્યા વિના પણ સધાય છે, એ સાહિત્યની ખૂબી છે. ગીતા પણ મને એ જ માટે પ્રિય છે કે એ હેતુ ન રાખવાનું શીખવે છે. એ એક એવો ગ્રંથ છે, જે એટલે સુધી કહેવાનું સાહસ કરે છે કે, નિષ્ફળ કાર્ય કરો. નિષ્ફળ કાર્ય કરવાની પ્રેરણા આપનારો આવો બીજો કોઈ ગ્રંથ દુનિયામાં મેં ક્યાંય જોયો નથી. પરંતુ સાથોસાથ ગીતા એ પણ બરોબર જાણે છે કે, જેણે ફળની આશા છોડી, એને અનંત ફળ મળે છે. વાલ્મીકિ રામાયણના આરંભની વાત પણ એવી જ છે. 'शोक: श्लोकत्वमागत:। यत् क्रौंचमिथुनादेकम्....।' ક્રૌંચ-મિથુનનો વિયોગ વાલ્મીકિથી સહન ન થયો; શોક ઉત્પન્ન થયો અને તેની વાણીમાથી સહેજે શ્લોક સરી પડ્યો. તેનો શોક શ્લોકાકાર પામ્યો, એ વાતની તેને ખબર પણ નહોતી. ત્યાર પછી નારદે આવીને તેને કહ્યું, 'તારા મુખમાંથી આ શ્લોક નીકળ્યો છે. એ અનુષ્ટુપ છંદમાં રામાયણ ગા.' પછી આખું રામાયણ અનુષ્ટુપ છંદમાં રચાયું. સહાનુભૂતિની પ્રેરણામાંથી કાવ્ય ઉદ્‌ભવ્યું અને શોકનો શ્લોક બન્યો.

શમ અને શ્રમનો સંયોગ

મેં સાહિત્યની જે વ્યાખ્યા કરી એમાં પણ આ જ વિશેષતા છે. સાહિત્યમાં એવી શક્તિ છે કે એનાથી શ્રમનો શમ બની જાય છે શ્રમ વિના મહત્ત્વની કોઈ વસ્તુ બનતી નથી; પરંતુ સાહિત્યમાં તો શ્રમને શમનું રૂપ પ્રાપ્ત થાય છે. બીજી વસ્તુઓમાં માણસને આરામની પણ જરૂર રહે છે. ત્યાં શ્રમ અને આરામ પરસ્પર વિરોધી હોય છે. માણસ જ્યારે શ્રમથી થાકે છે ત્યારે તે આરામ લે છે અને જ્યારે આરામથી થાકે છે — આરામનો પણ થાક ચડતો હોય છે — ત્યારે તે શ્રમ કરવા મંડી પડે છે. પરંતુ સાહિત્યની એવી ખૂબી છે કે, એમાં શ્રમની સાથોસાથ શમ ચાલે છે. ચોવીસે કલાક કામ અને ચોવીસે કલાક આરામ, એ છે સાહિત્યની ખૂબી. ચિત્ત ઉપર સાહિત્યનો કશો બોજ પડતો નથી.

સાહિત્યની સર્વોત્તમ સંજ્ઞા

સાહિત્યની સર્વોત્તમ સંજ્ઞા, એનો સર્વોત્તમ સંકેત મને આકાશમાં દેખાય છે. આકાશ-દર્શનનો કોઈને ક્યારેય થાક લાગતો નથી. ખુલ્લું આકાશ હંમેશાં આપણી આંખની સામે હોય, તોપણ આંખો થાકી ગઈ એવું કદી લાગતું નથી. સાહિત્ય પણ આકાશની માફક વ્યાપક, અવિરોધી અને ગતિ આપનારું હોય છે. તોયે તે ઠસોઠસ ભરેલું છે. એ પણ આકાશનું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ણન છે. એવી કોઈ જગ્યા નથી, જ્યાં આકાશ ન હોય. જ્યાં કોઈ નક્કર વસ્તુ નથી હોતી, ત્યાં પણ આકાશ છે અને જ્યાં નક્કર વસ્તુ છે ત્યાં પણ આકાશ છે. નક્કર વસ્તુને માપવાનું એ જ માપ છે. આગગાડીમાં બેસવા જઈએ છીએ ત્યારે અંદર બેઠેલા ઉતારુઓ કહે છે કે, જગ્યા નથી. એનો અર્થ એવો હોય છે કે જગ્યા તો છે, પણ એ વ્યાપ્ત છે. આકાશ એવી જ વ્યાપક વસ્તુ છે. જ્યાં કોઈ ચીજ નથી, ત્યાં પણ તે છે અને જ્યાં કોઈ ચીજ છે, ત્યાં પણ તે છે. સાહિત્યનું સ્વરૂપ પણ આકાશના જેવું વ્યાપક છે. તેથી આકાશ જ સાહિત્યની સર્વોત્તમ સંજ્ઞા છે.

સાહિત્ય-સેવનનો થાક ન લાગવો જોઈએ. આપણે સુંદર, મધુર સંગીત સાંભળીએ છીએ ત્યારે આપણે 'હવે બસ!' એમ નથી કહેતા. જ્યાં 'હવે બસ!' આવે, ત્યાં સમજવું જોઈએ કે, એ ચીજ માણસને થકવનારી છે. સાહિત્યને માટે પણ 'હવે બસ' આવ્યું, ત્યાં સમજવું જોઈએ કે સાહિત્યની શક્તિ ઓછી પડી, એ પૂરેપૂરી પ્રગટ થઈ નથી.

ઘણાખરા લોકોને સુગંધ બહુ સારી લાગે છે અને દુર્ગંધથી ત્રાસ થાય છે. પરંતુ મને સુગંધથી પણ ત્રાસ થાય છે. કોઈ પ્રકારની ગંધ જ ન હોય તો મારું ચિત્ત પ્રસન્ન રહે છે. આ વાત ઘણાને વિચિત્ર લાગશે. પણ જે બગીચામાં ઘણાં બધાં સુગંધી પુષ્પો હોય છે, ત્યાં ક્લોરોફોર્મ જેવી અસર થાય છે. ચિંતન અસ્પષ્ટ થઈ જાય છે, મંદ પડી જાય છે. Brain — મગજને થાક ચડે છે. સુગંધના પરમાણુ નાકમાં પેસી જાય છે. નાકમાં જે પડદો હોય છે તે મગજ સાથે જોડાયેલો છે. ત્યાં એ પરમાણુઓ પોતાનું આસન જમાવે છે. અને એમના સ્પર્શથી ચિંતનમાં એક પ્રકારની મંદતા આવી જાય છે. જો નિર્ગંધ સ્થાન હોય તો કોઈ પ્રકારનો થાક ચડતો નથી. રંગની બાબતમાં પણ એવું જ છે. કેટલાક રંગ કેટલાક માણસોને ગમે છે; પરંતુ જો તે જ રંગ હંમેશાં આંખની સામે ને સામે રહે તો થાક ચડે છે. પણ આકાશના રંગનો કદી થાક લાગતો નથી. તેથી જ પ્રભુને નીલવર્ણ કહેવામાં આવે છે. નીલવર્ણનો કદી થાક લાગતો નથી.

અનુકૂળ પરિણામ

સાહિત્યની એક વ્યાખ્યા એવી છે કે, એનું પરિણામ હંમેશાં અનુકૂળ જ આવે છે. પરંતુ આવું તો ત્યારે જ થઈ શકે જ્યારે પ્રતિક્ષણ નવો અર્થ આપવાની એનામાં શક્તિ હોય. જેને દૂધ પ્રિય હોય છે તેને ગાય પ્રિય હોય છે; પરંતુ દૂધ વિનાની ગાય પ્રિય નથી હોતી. જેને દૂધ પ્રિય નથી તેને દૂધ દેનારી ગાય પણ પ્રિય નથી હોતી. પરંતુ જે જોઈએ તે આપે એવી કોઈ કામધેનુ હોય તો તે સૌને હંમેશાં પ્રિય થઈ પડે છે. એમાંથી પોતાની ઇચ્છા અનુસાર ઘણું ઘણું મળી શકે.

'દ'નો મારો પોતાનો અર્થ!

ઉપનિષદમાં 'દ' ની કથા આવે છે. એક જ અક્ષર 'દ' ના દમ, દાન અને દયા એવા ત્રણ અર્થ એમાં કરેલા છે. દેવ, મનુષ્ય અને અસુર એ ત્રણેએ પોતપોતાની ભૂમિકા અનુસાર બોધ ગ્રહણ કર્યો. ત્યારે મેં વિચાર્યું કે, એ 'દ' નો મારે માટે શો અર્થ કરવો ? હું હમણાં હિંદીમાં બોલું છું, પણ મારું મન મરાઠીમાં હોવાથી હું મરાઠીમાં જ વિચારું છું. તો મેં વિચાર્યું કે, વિન્યાને માટે 'દ' નો શો અર્થ હોઈ શકે ? અસુરો માટે એનો અર્થ 'દયા' એવો થાય છે, દેવોને માટે 'દમન' એવો અર્થ થાય છે; તો વિન્યાને માટે 'દ' એટલે દગડ. 'દગડ'નો અર્થ છે પથ્થર! હવે દેવો, દાનવો અને ઉપનિષદકારો એ ત્રણેમાંથી કોઈને પણ આ નવો અર્થ માલૂમ નહોતો. આ તો શુદ્ધ મરાઠી અર્થ છે – 'દ' એટલે દગડ. હું દગડ એટલે કે પથ્થર જેવો બની જાઉં. કોઈ પચાસ પ્રહાર કરે તોયે વાંધો નહીં. એની મૂર્તિ પણ બની શકે અને એ ઠોકર પણ વગાડી શકે. આવો બધો 'દ'નો અર્થ મારા મનમાં ઊપજ્યો. અને જ્યારે આ અર્થ મને સૂઝ્યો ત્યારે ખૂબ આનંદ થયો.

સાહિત્યમાં સ્વલ્પાક્ષરતા

ઉત્તમ સાહિત્યિક શબ્દ સ્વલ્પાક્ષર હોય છે ખૂબ પાણી નાખીને તેને ફેલાવી દેવામાં આવતો નથી. સ્વલ્પાક્ષર એટલે થોડામાં ઝઝું સૂચવેલું હોય; વળી એનામાં અનાક્રમણશીલતા હોય છે; જેથી સહેજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધ મળે. માણસ બોધ લેવા ચાહે તો લઈ શકે છે અને ન લેવા ચાહે તો ન પણ લે. દરેક વખતે બોધ લેવાનો હોય તો તો મુશ્કેલી ઊભી થાય. તેથી જ્યારે બોધ લેવાની ઇચ્છા થાય ત્યારે તે લઈ શકે છે. સમયાનુકૂળ બોધ મળે કે ન મળે, તોયે જે પ્રિય લાગે તે જ સારું સાહિત્ય છે.

કવિની વ્યાખ્યા

એક વાર હું બીમાર પડ્યો, ત્યારે હું કોઈ કોઈ વાર રામનું નામ લેતો હતો અને કોઈ કોઈ વાર મારી માનું નામ લેતો હતો. તે વખતે મારી મા કંઈ જીવતી ન હતી. હું મનમાં વિચારવા લાગ્યો કે, જે મા જીવતી નથી અને મને ગમે તેટલી પીડા થતી હોય એ મટાડી શકે એમ નથી એવી માનો મારે શો ઉપયોગ? આમ હોવા છતાં મેં એ શબ્દનો ઉપયોગ કર્યો. મા મરણ પામી હોય તોયે 'મા' શબ્દ ઉચ્ચારવાથી એના પુત્રને માંદગીમાં સારું લાગે છે અને એ શબ્દથી જ તેની જે ઇચ્છા હોય તે પૂરી થાય છે. આપણા દેશમાં આપણી ભાષાઓમાં આવા શબ્દો ઘણા છે. તેથી જ આ દેશમાં લોકો અનિચ્છાએ પણ કવિ બને છે. એ શબ્દો જ અનેકવિધ પ્રેરણા આપનારા હોય છે. તેથી માણસ ઇચ્છે કે ન ઇચ્છે તોયે તે કવિ બની જાય છે.

મારો ખ્યાલ એવો છે કે, ભારતીય ભાષાઓની સરખામણીમાં દુનિયાની બીજી ભાષાઓમાં કાવ્યશક્તિ ઓછી છે. હા, અરબી અને લૅટિનમાં છે. સંસ્કૃતમાં તો આ શક્તિ ઘણી જ વધારે છે. કારણ કે, એ ભાષા ઠીક ઠીક પ્રાચીન કાળમાં નિર્માણ થઈ છે. આજે માણસ જેવું સ્પષ્ટ રીતે વિચારે છે તેવું તે સમયે નહોતો વિચારતો, અસ્પષ્ટ રીતે વિચારતો હતો. માણસ અસ્પષ્ટ રીતે વિચારે છે, ત્યારે તે ઘણું વધારે વિચારે છે. સ્પષ્ટ વિચારે છે, ત્યારે વિશિષ્ટતા આવી જાય છે અને વ્યાપકતા ઓછી થઈ જાય છે. જેમ કે, સ્વપ્નમાં સ્પષ્ટતા નથી હોતી. પરંતુ સ્વપ્નમાં જે વિવિધતા હોય છે, તે દુનિયામાં જે વિવિધતા છે એનાથી પણ વધારે હોય છે. સૃષ્ટિમાં જે કંઇ છે તે બધું સ્વપ્નમાં છે અને સૃષ્ટિમાં જે નથી તે પણ સ્વપ્નમાં છે. સ્વપ્નના પેટમાં જાગૃતિ હોય છે. કવિની આખી સૃષ્ટિ સ્વપ્નમાં હોય છે. તેનું ચિંતન સૂક્ષ્મ, અવ્યક્ત અને તેથી અસ્પષ્ટ હોય છે.

વ્યાવહારિક ભાષામાં કવિ એટલે મૂરખ. કુરાનમાં પણ મહંમદ પેગંબર સાહેબ કેટલીક વાર કહે છે: 'હું કાંઈ થોડો જ કવિ છું!' મને સમજાતું નહોતું કે તેમણે આમ કેમ કહ્યું હશે. પછી એક જગ્યાએ તેમનું એક વચન મારા જોવામાં આવ્યું: 'હું કાંઈ થોડો જ કવિ છું, જે બોલે એક અને કરે બીજું!' કુરાનમાં ઘણું કાવ્ય છે, એમ કહેવાય છે. અરબી સાહિત્યમાં તે સર્વશ્રેષ્ઠ પુસ્તક મનાય છે. આ કંઈ માત્ર કાલ્પનિક ગૌરવની વાત નથી. કુરાન ધાર્મિક પુસ્તક છે, તેથી આમ કહ્યું હશે, એવું પણ નથી. આધુનિક અરબી સાહિત્યને બધી પ્રેરણા કુરાનમાંથી મળે છે. આવું હોવા છતાંયે તેમણે કહ્યું કે, 'હું કાંઈ થોડો જ કવિ છું, જે બોલે એક અને કરે બીજું!' આનો એક અર્થ એ છે કે, હું જે બોલીશ તે જ કરીશ; તેથી હું કવિ નથી. આને કોઈ ઉપાલંભ માનવાને બદલે મેં એમાંથી વધુ સુંદર અર્થ કાઢ્યો છે. એનો અર્થ એમ કે, 'તમારા સૌની સામે હું એક સ્પષ્ટ ચિંતન રજૂ કરવાનો છું, જેથી તમને આદેશ મળે.'

કવિનું ચિંતન હંમેશાં અસ્પષ્ટ હોય છે. એના કાવ્યના ઊંડાણને એ પોતે જ જાણતો નથી. તેના ઉપર પરસ્પર વિરોધી ભાષ્ય કરી શકાય. જો કોઈ કવિ પોતાના કાવ્ય પર ભાષ્ય લખે તો હું એનાથી બિલકુલ વિરુદ્ધ ભાષ્ય લખી શકું અને સંભવ છે કે લોકો મારું ભાષ્ય કબૂલ કરે અને કદાચ તે પોતે પણ કબૂલ કરે! કવિને જે સૂઝે છે તે એના સ્પષ્ટ ચિંતનથી બહારની વસ્તુ છે. કોઈ વસ્તુ તેને પ્રાપ્ત થાય છે. તે કંઈ બનાવતો નથી કે કંઈ રચતો નથી. સહજ રીતે તેને વસ્તુ મળી જાય છે, તેને એની ઝાંખી થાય છે. કવિને ક્રાંતદર્શી કહ્યો છે: 'कविः क्रान्तदर्शी।' કેટલાક લોકો એનો અર્થ એવો કરે છે કે, કવિ દૂરનું જુએ છે. હાં, એવો અર્થ પણ થઈ શકે. પરંતુ એનો એક અર્થ એવો પણ છે કે, કવિ બહુ જ અસ્પષ્ટ જુએ છે. જે સ્પષ્ટ વસ્તુ હોય, તેને તો સૌ કોઈ જુએ છે, પશુ પણ જુએ છે. પશુનો અર્થ પણ એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે કે, જે જુએ છે તે પશુ છે. 'पश्यति इति पशुः।' જે જુએ છે, વગર જોયે જેને ભરોસો પડતો નથી, ચિંતનથી એકે વાત જેના માન્યમાં આવતી નથી; વળી કહે છે કે, સાબિતી આપો. આમ સાબિતીથી જ માનનારા કેટલાક લોકો હોય છે. એ જ પશુત્વ છે. કવિમાં પશુત્વ હોતું નથી; તેથી એની વાણીમાં વિવિધ દર્શન હોય છે.

હમણાં બેનીપુરીજીએ દર્શાવ્યું કે, અમે ભૂદાનયજ્ઞમાં મદદ કરવા ચાહીએ છીએ. કોઈ સાહિત્યકાર વાસ્તવિક રીતે મદદ કરે તો તે દેખાશે પણ નહીં. ફલાણી નવલકથામાં વિનોબાને મદદ કરવામાં આવી છે એવી જો ખબર પડી જાય, તો એ નવલકથા નિષ્ફળ ગઈ છે એમ જાણવું. જેની ખબર જ ન પડે તે ઉત્તમ મદદ છે. ઉદાહરણ તરીકે ઈશ્વરને લો. એ એવી રીતે મદદ કરે છે કે તેની ખબર જ પડતી નથી. એ તો વગર હાથે આપશે, વગર આંખે જોશે, વગર કાને સાંભળશે અને વગર લેખણે લખશે. સર્વોત્તમ કવિ તે જ છે, જેણે કશું જ લખ્યું ન હોય. જેણે કંઈ રદ્દી લખ્યું છે, તે તો જાણે કવિ જ નથી. મહાકવિ તે જ થઈ શકે છે, જેના હૃદયમાં એટલું તો કાવ્ય ભરાઈ ગયું છે કે એ તેને પ્રગટ જ કરી શકતો નથી.

સાહિત્યનું એક લક્ષણ

એનો અર્થ એવો નથી કે, જેણે કશું લખ્યું જ નથી, તે કવિ. એનો અર્થ એટલો જ કે, એક મહાકવિ એવો હોઈ શકે જેની કાવ્યશક્તિ અત્યંત ગહન હોવાને કારણે પ્રકાશમાં આવી શકતી નથી, વાણીમાં અને પ્રકાશનમાં ઊતરી શકતી નથી. આ દૃષ્ટિએ જોઈએ તો આપણને લાગે છે કે પ્રકાશિત ન થઈ શકવું એ પણ સાહિત્યનું એક લક્ષણ છે. આજકાલ તો બધા જ સાહિત્યને પ્રકાશિત કરવાની વાત કરે છે. પણ આ પ્રકાશનની વાત નથી. સાહિત્ય તો સદા અપ્રકાશિત હોય છે.

સાહિત્યકારોને સહચિંતન માટે આવાહન

આજકાલ તો સાહિત્યકારોને ઇનામ પણ અપાય છે. અમને પણ ઇનામ મળ્યું છે! અમને એટલે અમારા પ્રકાશકને. આ દિવસોમાં કોને માથે ઇનામ આવીને પડશે એ કાંઈ કહી શકાય નહીં. તેથી જ્યારે અમે કોઈ વાર સાહિત્યકારોને મદદને માટે અપીલ કરીએ છીએ, એમની પાસે જઈએ છીએ, ત્યારે અમે એમની પાસેથી એટલું જ ચાહીએ છીએ કે, તમે સૌ અમારી સાથે સહચિંતન કરો. અમે ચિંતન કરીએ છીએ એમાં તમે પણ ભળો, એટલી જ અમારી માગણી છે. માનવને માટે આ વાત સહજ છે; આ તેનો સ્વભાવ જ છે. આપણે કેરી ખાતા હોઈએ તો પાસે બેઠેલાને આપ્યા વિના ખાઈ શકતા નથી. એટલું જ નહીં પણ પાડોશીને બોલાવીને ખવડાવીએ છીએ. જે બીજાને બોલાવ્યા વિના ખાય છે, તે રસિક નથી. જે પોતાના રસમાં બીજાને ભેળવે છે તે જ રસિક છે. તેથી અમે જ્યારે સાહિત્યકારોને બોલાવીએ છીએ, ત્યારે અમે કહીએ છીએ કે, અમે જે રસ લઈએ છીએ તે એકલા જ લઈએ એ અમારે માટે ઠીક નથી. તમે રસિક છો, તેથી તમે પણ અમારી સાથે ભળો. ભળી ગયા પછી તમે ભલે કાવ્ય લખો કે ન લખો, પણ અમને તો બેય રીતે મદદ જ થશે.

મારું તો એમ માનવું છે કે, જેમણે ઉત્તમ કાવ્ય લખ્યાં એ કશુંયે ન લખનારા કવિ જેટલા ઉત્તમ કવિ નહોતા. દુનિયા જેમને જાણે છે તે મહાપુરુષો કંઈ એટલા મહાન નથી હોતા. તેઓ કરતાં પણ મોટા મહાપુરુષો છે જેમની દુનિયાને ખબર નથી. 'अव्यक्तलिंगाः अव्यक्ताचाराः।' જ્ઞાનીનો આચાર અવ્યક્ત હોય છે, તે પ્રગટ થતો નથી. આપણને ખબર જ નથી પડતી કે, તે જ્ઞાની છે.

તમે અમારા અનુભવમાં ભળો, એટલી જ અમારી માગણી છે. અમારી સાથે ભળી ગયા પછી એનું પ્રકાશન થાય કે ન થાય, એ શબ્દોમાં ઊતરે કે કૃતિમાં ઊતરે, એક પ્રકારના શબ્દોમાં હોય કે બીજા પ્રકારના શબ્દોમાં હોય, એક પ્રકારની દૃષ્ટિનું હોય કે બીજા પ્રકારની દૃષ્ટિનું હોય — આ બધાં પૈકીનું કોઈ પણ પ્રકાશન હોય કે પછી અપ્રકાશન જ હોય, તોપણ ગમે તે રીતે અમને તો મદદ મળશે જ; અપ્રકાશનથી વધારે મદદ મળશે. અમે એટલું જ ઇચ્છીએ છીએ કે તમે અમારી સાથે અમારા અનુભવમાં સમભોગી, રસભોગી બની જાઓ. પછી શબ્દ યા કૃતિમાં પ્રગટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન થઈ શકે તો અમને એથી સૌથી વધારે મદદ મળશે. આ રીતે એ ચીજ તમારા સંકલ્પમાં રહેશે અને તમે અમારી અત્યંત નિકટમાં આવશો.

ભાર વિનાનું આવાહન

તેથી જ્યારે અમે સાહિત્યકારોને આવાહન આપીએ છીએ, ત્યારે એમના પર એ આવાહનનો કશો ભાર નથી હોતો. જો કોઈને એમ લાગે કે, વિનોબાએ અમારા પર બહુ ભારે જવાબદારી નાખી છે તો એ સાહિત્યનું સર્જન શું કરી શકશે? સાહિત્યકાર ભાર ઉપાડી નથી શકતો અને અમે કોઈના પર ભાર લાદીશું નહીં. અમે એટલું જ કહીએ છીએ કે, અમારી સાથે ભળવામાં, એ રસની અનુભૂતિ કરવામાં આનંદ છે. અમે ઇચ્છીએ છીએ કે, તમને પણ એ આનંદ પ્રાપ્ત થાઓ. આનું જ નામ છે સાહિત્યકારોને આવાહન અને સાહિત્યકારોની મદદ.

બલરામપુરમાં બંગાળના સાહિત્યકારો એકઠા મળ્યા હતા. કોઈ કોઈ વાર મારી સમાધિ લાગી જાય છે. ત્યાં અમારી સામે કોડિયાં ગોઠવ્યાં હતાં. પાંચ, સાત, નવ એ રીતે હારો કરી હતી. હું એ સામે જોઈ રહ્યો હતો. હું મનમાં વિચારતો હતો: પાંચ દીપક છે તે પંચ-પ્રાણ છે, સાત છે તે સપ્ત-છિદ્ર છે, નવ છે તે નવ-દ્વાર છે; અને અગિયાર છે તે એકાદશ ઇંદ્રિયો છે. આમ હું કલ્પના કરતો હતો ત્યાં એ કલ્પના-તરંગમાં મારી સમાધિ લાગી ગઈ. તે દિવસના મારા એ ભાષણની સાહિત્યકારો પર ખૂબ અસર થઈ. એ તન્મય થઈ ગવા હતા એમ મેં સાંભળ્યું. તેમણે કહ્યું કે, તમારા આ આંદોલનથી અમને નવ-જીવન મળ્યું છે. બંગાળના સાહિત્યની દેશભરમાં પ્રતિષ્ઠા છે. પણ એમાં વચગાળામાં કંઈક મંદતા આવી ગઈ હતી. હવે ફરી વેગ આવશે. અમે સાંભળ્યું છે કે તારાશંકર બંદોપાધ્યાય આ વિષય પર એક નવલકથા પણ લખી રહ્યા છે. પણ અમે એના પર મીટ માંડીને બેઠા નથી. અમે કોઈ પાસેથી કશી આશા રાખતા નથી. એક અવ્યક્ત અસર થઈ જાય છે.

સાહિત્ય એ વીણા જેવું છે

આ રીતે સાહિત્ય અંગેની મારી ભાવના આટલી સૂક્ષ્મ છે. સાહિત્ય તો વીણા જેવું છે. કેટલાક માણસો એમ માનતા હોય છે કે, વીણા વગાડનારો જોરથી વગાડે તો જ શ્રોતાઓ પર તેની અસર થાય. પરંતુ જે ઉત્તમ કલાવિદ હોય છે તે તો બિલકુલ ધીમા અવાજે વીણા વગાડે છે. જાણે કે હૃદય-વીણા વગાડતો ન હોય! એક વાર હું આવું જ વીણા-વાદન સાંભળી રહ્યો હતો. ધીમો શાંત અવાજ જાણે ૐકારનો ધ્વનિ સંભળાતો હોય! પરંતુ રસ-ગ્રહણનું જ્ઞાન જેમને નહોતું તેવા કેટલાક લોકો કહેવા લાગ્યા કે, 'આ કંઈ વગાડે છે કે વગાડતો જ નથી?' અમને તો કશું જ સંભળાતું નથી! પરંતુ મારે કંઈક સંગીતનો કાન છે, તેથી મને આનંદ થઈ રહ્યો હતો. કેટલાક માણસો તો એમ માનતા હોય છે કે વગાડ-નારો પરસેવે રેબઝેબ થઈ જાય ત્યારે જ એણે ખરું વગાડ્યું કહેવાય! પરંતુ પેલો તો એવી રીતનું વગાડતો હતો કે હળવેક એક તાર છેડે અને પછી શાંત; અને ફરી વળી બીજો તાર છેડે.

હૃદય-સંમીલન

એક વાર એક ગુરુની પાસે એક શિષ્ય ગયો અને કહેવા લાગ્યો: "આત્મા શું છે તે મારે જાણવું છે." ગુરુ શાંત રહ્યા. શિષ્યે ફરી પૂછ્યું ને ફરી વાર પણ ગુરુ શાંત જ રહ્યા. આમ એણે ત્રણ વાર પૂછ્યું અને ત્રણે વાર ગુરુ શાંત જ રહ્યા. ત્યારે ચોથી વાર શિષ્યે કહ્યું: "મેં ત્રણ ત્રણ વાર પૂછ્યું છતાં આપ કશો જ ઉત્તર આપતા નથી!" ત્યારે ગુરુ બોલ્યા: "મેં ત્રણ ત્રણ વાર ઉત્તર આપ્યો અને તે એવી ઉત્તમ રીતે કે એથી વધુ સારી બીજી કોઈ રીત હોય જ નહીં. તેમ છતાં તું ન સમજ્યો! જે ન બોલવાથી પણ નથી સમજતો તે બોલવાથી શાનો સમજવાનો?"

એ જ રીતે સાહિત્યકારો પણ મને કહેશે, "અરે કમબખ્ત! ન લખવા છતાંયે તું ન સમજી શક્યો તો લખવાથી શું સમજવાનો?"

તેથી મેં સાહિત્યકારો પાસેથી મદદમાં કેવળ સહાનુભૂતિ માગી છે, હૃદયની સહાનુભૂતિ માગી છે. એટલે એનો બોજો કે ભાર ન લાગવો જોઈએ. પછી ઇનામ-બિનામ આપવાની જવાબદારી અમારે માથે ન નાખશો. અમે એટલું જ ઇચ્છીએ છીએ કે સહજ ભાવે હૃદય સાથે હૃદય જોડાઈ જાય.

વિનોબા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોમવાદ અને જ્ઞાતિવાદ

(શિ૦ સા૦ના મે અંકના, 'કોમ અને જ્ઞાતિ' લેખના અનુસંધાનમાં)

કોમ અને જ્ઞાતિ આપણા સમાજની જૂની સંસ્થાઓ છે. તેમ જ તેમને અંગે પેદા થતા કોમવાદ અને જ્ઞાતિવાદના ભાવો પણ હિંદના સમાજમાં એક યા બીજે રૂપે જૂના કાળથી ચાલુ છે.

આ બંને સંસ્થાઓ — કોમ અને જ્ઞાતિ — માં એક ફેર છે તે શરૂમાં જોઈએ. કોમ એ સમાજનો ભેદદર્શક ભાગ છે; તે વડે આપણી જુદાઈની વૃત્તિ ઉપર આવે છે. જ્ઞાતિ એ ભેદદર્શક નહીં, પણ અંગદર્શક ભાગ છે; જુદાઈ બતાવતાં છતાં, તે સમાજમાં સાથ, સમન્વય અને સહકાર-મૂલક વર્ગીકરણ છે. બંનેમાં વાદ બનવાનું અનિષ્ટ એ રીતે પેસે છે કે, કોમ કોમ વચ્ચેની જુદાઈ અતિ ઉશ્કેરાય અથવા જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેનો સહકાર ઊંચનીચના વગેરે ભાવોથી દૂષિત બને. આ બંને માઠી અસર આપણા દેશના ઇતિહાસમાં પેદા થયેલી જોવા મળે છે.

૧

હિંદના ઇતિહાસના પ્રાચીન કાળમાં કોમવાદ જણાતો નથી. અનેક જાતિઓ પોતપોતાના ધર્મ પાળતી હતી, તેઓ અમુક સમન્વયદૃષ્ટિ રાખી એક-સમાજ બનતી હતી. સમાજની પ્રમુખ જાતિઓ બીજી જાતિઓને પોતામાં સમાવી લઈને એક વિશાળ કોમ બનતી હતી. તેની ઉદારતા ત્યારે હતી. તે પ્રમાણે વિશાળ વિકસતી જતી ધર્મદૃષ્ટિ અને તદનુસાર આચાર-વિચાર-ધર્મ પણ લોકમાં ખીલતાં હતાં. ઇસ્લામના ઉદય પૂર્વે આ પ્રક્રિયા આપણા દેશમાં ઠીક ઠીક પુખ્ત હદે પહોંચી હતી.

આમ એક રાષ્ટ્ર અથવા એક કોમ બનવાની પ્રક્રિયામાંથી જ જ્ઞાતિ-સંસ્થા પણ સૂઝી હશે, એમ લાગે છે. કેમ કે જે જે જાતિ એક વિશાળ સમન્વય-ધર્મ સ્વીકારી એક-સમાજ બનતી ગઈ, તેની અમુક જુદાઈ તો શરૂમાં હતી જ; તેનો અમુક કામધંધો પણ હશે જ. એક મહા જાતિ કે કોમ બનતાં છતાં, તે આ પોતાની વિશેષતા સેવતી રહી; તેનો જે આચારધર્મ હશે તે તેની સાથે રહ્યો, — માત્ર આખા સમાજની એકરૂપતામાં રહીને તે ગોઠવાઈ ગયો. કહો કે, તેમાં કોમવાદીપણું ન રહ્યું; એને બદલે જ્ઞાતિપણું બન્યું. અલગતા જઈને એક કોમ કે સમાજનું અંગાંગીપણું પેદા થયું. છતાં, એમાં જે કાંઈ જુદાઈ રહી તે ઊંચનીચતાના ભાવરૂપે અને અલગ અલગ રોટીબેટી-વહેવારની મર્યાદા તરીકે પ્રગટ થઈ. આમ જ્ઞાતિ-સંસ્થામાં જ્ઞાતિવાદ દૂષણ જાગ્યું હશે, એમ કલ્પના બેસે છે. આ દૂષણ કેટલું વિકરાળ હતું, તે હિંદમાં એક નવી અને જબરી કોમનું આક્રમણ થયું, ત્યારે તે ઉઘાડું દેખાયું.

૨

હિંદમાં મુસલમાનો એક નવી કોમ તરીકે આવ્યા. જ્ઞાતિવાદથી (અને કુલાભિમાન તેનો જ એક ફણગો છે તેથી) નિર્બળ બનેલા સમાજ ઉપર તે ધા કરી શક્યા. નવી આવનાર આ જાતિઓ જુદો ધર્મસંસ્કાર તથા જીવનસંસ્કાર ધરાવતી હતી. જૂનેથી ચાલતો જાતિ સમન્વય સાધવાનો પ્રયોગ અખત્યાર સુધીમાં જીવંત બળ મટી જઈ જડ બની ગયો હતો. એટલે નવી આવનાર આ જાતિઓ અમુક તમુક જ્ઞાતિ બનીને હિંદુ સમાજનો ભાગ ન બની. એમની જુદાઈ એ રીતે ન મટી. એટલે નવી આવનાર મુસલમાન જાતિઓ અલગ કોમ તરીકે બની એટલું જ નહીં, તેમાંથી કોમવાદ પ્રગટ થયો. ઇસ્લામ કેવળ ધર્મની મર્યાદામાં ન રહેતાં, ધર્મવાર કોમ પ્રેરે એટલો જોરથી વધ્યો. કારણ એ છે કે, તે રાજકર્તાઓનો ધર્મ બન્યો હતો.

આ ઉપરાંત, ઇસ્લામ સમાજમાં જ્ઞાતિભેદ જેવી સંસ્થા નહોતી. ખ્રિસ્તી ધર્મ પેઠે, તે ધર્મ પણ અન્યધર્મીઓને વટલાવવામાં માનતો હતો. જ્ઞાતિવાદને કારણે નીચી કે તુચ્છકાર પામતી હિંદુ કોમો એ સામાજિક કારણે વટલાતી ગઈ. તે ઉપરાંત આર્થિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણો પણ હશે. તથા ઇસ્લામના નવા ધર્મનું અમુક તેજ પણ હતું જ. ટૂંકમાં, હિંદુ કોમ સાથે મુસલમાન કોમ હિંદમાં પેદા થઈ અને કોમવાદનો ભાવ જાગ્યો.

હિંદના ઇતિહાસના રજપૂત-યુગનાં સૈકાંમાં હિંદુઓ આ નવા આક્રમણની સામે થયા; જ્ઞાતિ તથા કુલનાં અભિમાનના ભાવોથી છિન્નભિન્ન બનેલો સમાજ તેમાં છેવટે નબળો નીવડ્યો; અને નવી કોમે દેશમાં ઘર કર્યું. એમાંથી આ બે કોમો વચ્ચે એકતા અને મેળનો સમન્વય-યુગ પેદા થયો. અકબર જેવા રાજવી અને કબીર નાનક દાદુ ઇત્યાદિ જેવા સંતો આ ઉજ્જવળ યુગનાં મહા રત્નો હતાં. તેમ જ આ કાળમાં જ્ઞાતિવાદની બૂરાઈ સામે પણ રામાનંદ અને તેમના અનેક શિષ્યોએ ભારે ઝુંબેશ ઉપાડી. ટૂંકમાં આ સમયે બેચાર સૈકાં સુધી હિંદે જ્ઞાતિવાદ અને કોમવાદનાં દૂષણો સામે બરાબર યુદ્ધ કર્યું. ૧૭મા સૈકા સુધી આવતાં હિંદનો ઇતિહાસ આટલે આવ્યો હતો. આ સૈકાથી વળી એક નવો પ્રવાહ જાગ્યો, જેની અસર, કોમવાદ તથા જ્ઞાતિવાદના નિવારણની પ્રક્રિયા જે ચાલતી હતી તેના ઉપર જુદી રીતે થઈ.

૩

મોગલ કાળમાં જે સમન્વય યુગ બેઠો હતો, તેને ઔરંગઝેબે પોતાના ઝનૂની કોમભાવથી ફટકો ફાર્યો. પરિણામે હિંદુ કોમે મરાઠા અને શીખો મારફત બરોબર જવાબ વાળ્યો. પણ તેનો ન્યાય સંતયુગનાથી જુદો હતો. તેમાં સમન્વયનો માનવધર્મ નહીં, પણ કોમની અલગતાનું અભિમાન મુખ્ય હતું. તેણે કોમવાદને હિંદના સમાજશરીરમાં પાકા ઝેર રૂપે ઘર કરાવી આપ્યું. જો મરાઠા બળ આ યુદ્ધમાં પૂરું વિજયી થયું હોત, તો હિંદનો ઇતિહાસ જુદે રાહે ગયો હોત. પણ તેવું ન બન્યું. મરાઠા બળ કોમવાદી ઢબે હતું એટલું જ નહીં, તેમાં એક નવું દૂષણ પણ પ્રગટ થયું અને તે પ્રાંત-કે-પ્રદેશવાદનું. હિંદ જેવા મોટા ખંડમાં એક રાષ્ટ્રીય સત્તાના સ્વરૂપે મરાઠાબળ ન વર્તી શક્યું. શીખબળ તો તેની પ્રાંતિક મર્યાદા બહાર આગળ વધ્યું જ નહોતું. મોગલ સલ્તનત તૂટતાં ન એક મરાઠા રાજ્ય પેદા થયું અને ન એક-રાષ્ટ્રભાવ રહ્યો. અને બીજી બાજુથી અંગ્રેજ લોકનો પગપેસારો શરૂ થયો. અને એમ વળી એક નવો યુગ શરૂ થયો.

ઇસ્લામ પછી આવતો આ નવો યુગ અર્વાચીન પશ્ચિમ દેશો સાથે હિંદને સંબંધમાં આણે છે. તેનાં લક્ષણ જુદી જાતનાં હતાં. હિંદમાં પહેલી વાર યુરોપની ખ્રિસ્તી વેપારી કોમો દાખલ થવા લાગી અને તે માટે તેમણે દરિયાઈ માર્ગ લીધો હતો. આ વખતે કદાચ હિંદુ કોમે દરિયાઈ મુસાફરી ઇત્યાદિ બાબતો, સ્વરક્ષાની દૃષ્ટિએ, વર્જ્ય કરી હતી અને પોતાની કોમી રક્ષા માટે અનેક જાતનાં બંધનોની વાડ રચી લીધી હતી. તેની સરખામણીમાં અંગ્રેજો દરિયાઈ પરજ તરીકે આવ્યા અને અનેક નવી આવડતો લઈને આવ્યા. જેમ કે, શિસ્તબદ્ધ લશ્કર, તોપખાનું, સંગઠિત કાર્ય-પદ્ધતિ, વગેરે. હિંદનો સમાજ તથા તેનું રાજ્યકારણ તે વખતે એવાં હતાં કે, તેમાં અંગ્રેજો ફાવ્યા અને કળે કળે દેશનું રાજ્યતંત્ર કબજે કર્યું, અને ૧૯મા સૈકામાં તેને તેઓએ પોતાની રાણીના સામ્રાજ્યમાં સમાવી લીધું. આમ, પરદેશી રાજ્યની સ્થાપના હિંદમાં પહેલી વાર થઈ.

અંગ્રેજો ખ્રિસ્તી કોમ હતા, પણ તે તરીકેના કરતાં પરદેશી રાજ્યકર્તા કોમ તરીકે તે વર્ત્યા એ નોંધપાત્ર છે. તેમાં એક નવી જ ઢબનો કોમવાદ — ગોરા લોકની ઉચ્ચતાના દાવાનો અલગ ભાવ હિંદના સમાજને જોવા મળ્યો ને તેના ઉપર અસર કરવા લાગ્યો. આ કોમવાદ ધર્મવાર કરતાં ચામડીના રંગવાર હતો અને તે રાષ્ટ્રવાદી હતો. અંગ્રેજ કોમ એક રાષ્ટ્રીય કોમ હતી; તેણે હિંદમાં ધર્મવાર કોમના વિચાર ઉપરાંત દેશવાર રાષ્ટ્રભાવનાની વસ્તુ પણ પ્રેરી. આથી કરીને કોમનો વિચાર કેવળ ધર્મસંસ્કૃતિમાં જ ન બંધાઈ રહેતાં તે રાજકીય ઢબે પણ થવા લાગ્યો. અને તે રીતે જ્ઞાતિ તથા કોમની સાથે રાષ્ટ્ર વિષેનો વિચાર પણ પ્રેરાયો. અંગ્રેજ-કાળના ઇતિહાસમાં આ નવી વસ્તુ હતી. તેનો વિચાર અલગ લેખમાં કરીશું.

૨૭–૪–'૫૫ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી અથવા પાયાની કેળવણી

[રાજસુનાખલામાં તા. ૧૭-૪-'૫૫ને રોજ શિક્ષકો આગળ કરેલા પ્રવચનમાંથી]

હમણાં આવડીમાં કૉંગ્રેસે નવી તાલીમ વિષે ઠરાવ કર્યો. એ ઠરાવ પંડિત નેહરુએ પોતે રજૂ કર્યો. એમાં કહેવામાં આવ્યું છે કે દસ વરસ પછી સરકારી કેળવણી નવી તાલીમના રૂપમાં ફેરવાઈ જશે. એટલે આજે જે નવી તાલીમની શાળાઓ ચાલે છે તે નમૂના રૂપ હોવી જોઈએ. એમ થાય તો પછી એમની પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે તે પાર પડશે. અને સારાયે હિંદુસ્તાનમાં એમનું અનુકરણ થશે. નહીં તો આપણે કહીશું કંઈક અને થશે કંઈક. આજે તો જેમને 'બેઝિક બાયસ્ડ' શાળાઓ કહેવામાં આવે છે તે એવી રીતે ચાલે છે કે એમને નરસિંહાવતાર જ કહેવી જોઈએ. નહીં પૂરું માણુસ કે નહીં પૂરું પશુ, એવું એમનું સ્વરૂપ છે. તેથી આપણે નમૂના તરીકે કેટલીક શાળાઓ ચલાવવી જોઈએ. પણ તેની સાથે 'નવી તાલીમ એટલે શું' એ વિષે આપણા મનમાં સ્પષ્ટતા હોવી જોઈએ.

ઘણા લોકો એમ સમજે છે કે બાળકો પાસે થોડો ઉદ્યોગ કરાવ્યો, જરા રેંટિયો કંતાવ્યો એટલે નવી તાલીમ થઈ ગઈ. કેટલાક એમ સમજે છે કે જ્ઞાન તરફ વધારે ધ્યાન ન આપો એટલે એ નવી તાલીમ થઈ. અને કેટલાક કહે છે કે જ્ઞાન સાથે ઉદ્યોગનો મેળ બેસાડો એટલે નવી તાલીમ થઈ ગઈ. પછી એ મેળ સ્વાભાવિક રીતે બેસે છે કે નહીં એ જોવાની પણ જરૂર નહીં!

આ ત્રણે કલ્પનાઓમાં દોષ છે. નવી તાલીમના વિદ્યાર્થીઓ પાસે થોડોઘણો ઉદ્યોગ કરાવવાથી કામ નહીં ચાલે. ઉદ્યોગમાં તો તેઓ એટલા પ્રવીણ થવા જોઈશે કે માછલી પાણીમાં જેટલી સરળતાથી તરે છે એટલી જ સરળતાથી તેઓ કામ કરશે.

મેં સાંભળ્યું છે કે અહીં વિદ્યાર્થીઓને કંઈક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. હું તો ઇચ્છું કે છોકરાઓ છેલ્લા ચાર મહિનામાં કામ કરીને એટલા પૈસા કમાઈ લે અને શિષ્યવૃત્તિ ન લે. એટલું ન કરી શકે તો એનો અર્થ એ થયો કે એમને જે ઉદ્યોગ શીખવવામાં આવ્યો છે તે વ્યર્થ છે અને ભવિષ્યમાં તેઓ એ ઉદ્યોગ કરવાના નથી. ધારો કે તમારી શાળામાં યુદ્ધવિદ્યા શીખવવામાં આવી. પણ એ વિદ્યા એવી હોય કે જેને આધારે કોઈ લડાઈ ન લડે. તો પછી એ વિદ્યા શા કામની? ચાર કલાક ઉદ્યોગ કરીને પેટ પૂરતું કમાઈ લેવાની હિંમત આપણાં બાળકોમાં આવવી જોઈએ. થોડું કાંતવાવણવાનું શીખી લીધું, એટલાથી ન ચાલે.

કોઈ એમ પણ કહે કે, અમારે ઉદ્યોગમાં પ્રવીણ થવાની શી જરૂર? અમારે તો શાળામાં શીખવવાનું છે. મા બાળકને ખાતાં શીખવે છે. બાળક શીખી જાય એટલે એમ ન કહેવાય કે ખાવાની કળા તો એને આવડી ગઈ, હવે ખાવાની શી જરૂર? પણ આપણે જાણીએ છીએ કે ખાતાં આવડ્યું એટલેથી ચાલતું નથી; રોજ ખાવાનું મળવું જોઈએ. ખાવું એ માણુસને માટે જેમ રોજની ચીજ છે, તે જ રીતે નવી તાલીમના શિક્ષકોએ ને વિદ્યાર્થીઓએ ચાર કલાકના શરીરશ્રમને રોજની ચીજ બનાવવી જોઈએ. ઉદ્યોગમાં એમણે એટલા પ્રવીણ થવું જોઈએ કે ગામના સુથાર, ખેડૂત વગેરે એમની પાસે શીખવા આવે. ઓજારોમાં સુધારો કરવાની કળા પણ એમણે હસ્તગત કરવી જોઈએ. એમણે ખેતીના આચાર્ય બનવું જોઈએ. આજે ગ્રામઉદ્યોગો પડી ભાગ્યા છે. નવી તાલીમ મારફતે એમને બેઠા કરવા જોઈશે.

નવી તાલીમમાં પુસ્તકોનું મહત્ત્વ નથી. પણ તેથી જ્ઞાનની ઉપેક્ષા કરવામાં આવે છે એવું નથી. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે નવી તાલીમમાં તો સહેજે જેટલું જ્ઞાન મળે તેટલું બસ છે. પરંતુ આ ખ્યાલ ખોટો છે. નવી તાલીમમાં જીવનની સૌ મૂળભૂત વસ્તુઓનું પૂરેપૂરું જ્ઞાન આપવું જોઈએ. લાંબો લાંબો ઇતિહાસ અને નકામા રાજાઓની નામાવલી યાદ રાખવાની કશી જરૂર નથી. એથી તો વિદ્યાર્થીઓના મગજ પર નાહકનો બોજો પડે છે. પણ જીવનના જે પાયાના વિચારો છે, જેનાથી આપણા જીવનનો વિકાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે એ વિચારોનું જ્ઞાન આવશ્યક છે. તત્ત્વજ્ઞાન, ધર્મવિચાર, નીતિવિચાર — આ બધાનું જ્ઞાન આવશ્યક છે સમાજશાસ્ત્ર, માનવસમાજનો ઇતિહાસ વગેરેનું જ્ઞાન આવશ્યક છે. આપણા સમાજની અને બીજા સમાજની પણ વિશેષતાઓ કઈ છે, તેનું જ્ઞાન હોવું જોઈએ. વિજ્ઞાનના મૂળભૂત વિચારો વિદ્યાર્થીઓએ જાણવા જોઈએ. આરોગ્યશાસ્ત્ર, આહારશાસ્ત્ર, સ્વચ્છતા, પાકશાસ્ત્ર વગેરેનું સરસ જ્ઞાન હોવું જોઈએ. આમ, નવી તાલીમમાં જ્ઞાનની કશી ઊણપ ન હોવી જોઈએ. ભાષાનું પણ ઉત્તમ જ્ઞાન હોવું જોઈએ. પોતાના વિચારો સારી રીતે વ્યક્ત કરવાની કળા આવડવી જોઈએ. અક્ષર સુંદર હોવા જોઈએ, સાહિત્યનું જ્ઞાન હોવું જોઈએ. આમ આપણી કેળવણીમાં જ્ઞાનની ઊણપ નહીં હોય, પણ એમાં નકામી માહિતી નહીં હોય.

આજકાલ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના મગજ પર નાહક નકામી માહિતીનો બોજો નાખવામાં આવે છે અને ૩૩ ટકા માર્ક મળે એટલે તેમને પાસ કરવામાં આવે છે. એનો અર્થ એ છે કે શીખેલામાંથી ૬૭ ટકા ભૂલી જવાની છૂટ રહે છે. વાસ્તવિક જ્ઞાનમાં તો સોએ સો ટકા યાદ રહેવું જોઈએ. ૮૦ ટકા સારી રસોઈ બનાવનાર રસોઇયાને કોણ રાખશે? એ જ રીતે જ્ઞાનમાં કચાશ ન હોવી જોઈએ. જ્ઞાન કાં તો છે, કાં તો નથી; સોળે સોળ આના છે અથવા નથી. કોઈ માણસ ૮૦ ટકા જીવતો ને ૨૦ ટકા મરેલો હોઈ શકે? તે જીવતો હોય તો પૂરેપૂરો જીવતો હોય અને મરી ગયો હોય તો પૂરેપૂરો મરી ગયો હોય. અમુક ટકાની વાત એમાં ન ચાલે. એ જ રીતે જ્ઞાનમાં પણ એવું ન ચાલે. જ્ઞાન તો સંપૂર્ણ ને નિશ્ચિત હોવું જોઈએ. પરંતુ આપણી યુનિવર્સિટીવાળાઓએ ૬૭ ટકા ભૂલી જવાની છૂટ આપી છે. કારણ એ છે કે તેઓ પણ જાણે છે કે નકામું નકામું ઘણું શીખવવામાં આવે છે.

નવી તાલીમમાં એવી રીતે ભૂલી જવાની છૂટ નહીં હોય. જેટલું શીખવવામાં આવશે તે બધું જ યાદ રાખવાલાયક હશે અને વિદ્યાર્થી તે બધું યાદ રાખશે. કારણ કે એ જ્ઞાન તેના જીવનમાં ઉપયોગી થઈ પડવાનું. જે ખરેખરી વિદ્યા છે તેને માણસ ભૂલતો નથી, ભૂલી જાય છે તે વિદ્યા જ નથી. નવી તાલીમમાં આપણે એવી વિદ્યા શીખવીશું જે ભુલાશે નહીં. નવી તાલીમ લેનારા તો મહાજ્ઞાની થવા જોઈએ.

હવે જ્ઞાન અને કામનો મેળ બેસાડવાની વાત લો. એને માટે 'કોરિલેશન' શબ્દ વાપરવામાં આવે છે. મેં તો 'સમવાય' શબ્દ યોજ્યો છે. મેં જ્યારે એ અંગ્રેજી શબ્દ 'કોરિલેશન' સાંભળ્યો ત્યારે મેં કહ્યું કે આ વળી શું? બુનિયાદી તાલીમ તો આપણે બનાવી છે, કોઈ ગોરા સાહેબે નથી બનાવી. તેથી આપણે માથે 'સમવાય' શબ્દનો અનુવાદ કરવાની જવાબદારી નથી આવતી. કહે છે કે પશ્ચિમમાં કોઈ એક પદ્ધતિ ચાલે છે તેમાં આ 'કોરિલેશન' શબ્દ આવે છે. પણ આપણે બીજાઓની પદ્ધતિ નથી જોઈતી. આપણે આપણી શિક્ષણપદ્ધતિ ઘડી રહ્યા છીએ. તેથી એ અંગ્રેજી શબ્દનો ઉપયોગ કરવાની કશી જરૂર નથી. આપણે તો 'સમવાય' કરવો છે.

માટી અને ઘડો એ બે વસ્તુઓ એકબીજા સાથે એટલી ભળી ગયેલી છે કે જે માટીનો ઘડો બનેલો છે તે માટી અને ઘડો એ બે વચ્ચે શો સંબંધ છે એ કહેવું મુશ્કેલ છે. માટી અને ઘડો એ બે વસ્તુઓ છે કે એક જ? બે અલગ વસ્તુઓ છે એમ કહો તો હું કહીશ કે મારી માટી અહીં રહેવા દઈને તમારો ઘડો ઉપાડી લો. પણ આ બે વસ્તુઓ એવી રીતે એકબીજા સાથે મળી ગયેલી છે કે બંનેને અલગ કરી શકાય એમ નથી. ઘડા સાથે માટી પણ આવી ગઈ. પણ જો તમે કહો કે બંને વસ્તુ એક જ છે, તો હું કહીશ કે અહીં આ માટી પડી છે તેમાં પાણી ભરો. એ પણ બને એવું નથી. મતલબ કે આ બે એકબીજા સાથે એટલાં ઓતપ્રોત છે કે એમનું દ્વૈત પણ બતાવી શકાય તેમ નથી અને અદ્વૈત પણ બતાવી શકાય તેમ નથી. આમ જ્યાં દ્વૈત અને અદ્વૈતનો નિર્ણય ન થઈ શકે એવા સંબંધને સમવાય કહે છે. આ શિક્ષણપદ્ધતિમાં જ્ઞાન અને ઉદ્યોગનો સમવાય હશે. કયે વખતે જ્ઞાન આપવામાં આવે છે અને કયે વખતે ઉદ્યોગ શીખવાય છે એ કહી નહીં શકાય. એ જ આપણી પદ્ધતિ છે. રામચંદ્ર વિશ્વામિત્રના આશ્રમમાં ગયા. ત્યાં એમણે યજ્ઞનું રક્ષણ કર્યું અને વિદ્યા પ્રાપ્ત કરી. યજ્ઞરક્ષાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મયોગ પણ થયો અને તેની સાથે તેમને સહેજે જ્ઞાન પણ મળ્યું. આમ જ્ઞાન અને કર્મ વચ્ચે ભેદ નહીં પાડી શકાય. જ્ઞાનની પ્રક્રિયા ચાલે છે તો કર્મની પણ ચાલે છે. અને કર્મની પ્રક્રિયા ચાલે છે તો જ્ઞાનની પણ ચાલે છે. કર્મ અને જ્ઞાન એકબીજામાં એટલાં ઓતપ્રોત હશે કે કોઈ પ્રકારનો મેળ બેસાડવાનો નહીં હોય. બહારથી જ્ઞાન ગ્રહણ કરવાની વાત નહીં રહે. ઉદ્યોગની મારફત જ જ્ઞાનનો વિકાસ કરવામાં આવશે અને જ્ઞાનની મારફત ઉદ્યોગનો વિકાસ કરવામાં આવશે. આ આપણી પદ્ધતિ છે. જ્ઞાન અને કર્મને એકબીજા સાથે સાંધીને જે પદ્ધતિ બનાવવામાં આવશે તે આપણી પદ્ધતિ નહીં હોય. આપણી પદ્ધતિમાં તો જ્ઞાન અને કર્મ એકબીજામાં ઓતપ્રોત થયેલાં હશે.

નવી તાલીમ વિશે જે કેટલીક ગેરસમજૂતી છે તે વિશે મેં કહ્યું. હવે બીજી એક મહત્ત્વની વાત કહું. આજની સમાજરચના કાયમ રાખીને નવી તાલીમ નહીં આપી શકાય. આજની સમાજરચના સામે નવી તાલીમનો પૂરેપૂરો વિરોધ છે. કોઈ એમ કહે કે નવી તાલીમ તો કેળવણીનો એક પ્રકાર છે, ઉદ્યોગ મારફત કેળવણી આપવાની એક પદ્ધતિ છે, તો તે ભૂલ છે. નવી તાલીમ તો નવી સમાજરચના નિર્માણ કરશે. તે સિવાય નવી તાલીમ જીવી ન શકે. આજની સમાજ-રચનામાં જ નવી તાલીમને ગોઠવવામાં આવે અને શિક્ષકોના વેતનમાં ફરક રહે, ડિગ્રી પ્રમાણે વેતન આપવામાં આવે એ બધું ન ચાલે. નવી તાલીમમાં જ શિક્ષકોના પગારમાં ફરક રહ્યો તો પછી રાજ્યમાં ફેરફાર કેમ થશે? આજના રાજતંત્રમાં તો યોગ્યતા અનુસાર વેતન આપવામાં આવે છે, વર્ગો હોય છે. નવી તાલીમ આ બધું ખતમ કરશે. નવી તાલીમને આ બધા સામે વિરોધ ન હોય, તે એ બધાને તોડે નહીં, તો એ નવી તાલીમ જ નહીં. નવી તાલીમમાં શારીરિક શ્રમ અને માનસિક શ્રમની નૈતિક અને આર્થિક યોગ્યતા સરખી ગણવામાં આવશે અને યોગ્યતા કે જ્ઞાન પ્રમાણે વર્ગો પાડવામાં નહીં આવે. બધાં કામોની યોગ્યતા સરખી ગણવામાં આવશે. મતલબ કે આપણે આજની આખીયે આર્થિક રચના જ બદલવી છે અને તે બદલવા માટે જ નવી તાલીમ છે.

(હિન્દી પરથી) **વિનોબા**

આપણો મોટામાં મોટો પ્રજાકીય વ્યવસાય

ગયે મહિને પુરીમાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષણ પરિષદ થઈ તેમાં ભાષણ કરતાં શ્રી ખેરે હિંદમાં શિક્ષણ-સુધારણાની દશા વિષે એક માર્મિક ટીકા કરી, તે એવી મુદ્દાની હતી કે જેથી હિંદની શિક્ષણપ્રથામાં રહેલી એક ગંભીર ઊણપ પર આપણું ધ્યાન બરોબર કેન્દ્રિત થાય છે. તેમણે કહ્યું,

> "ગ્રામપ્રદેશની પ્રાથમિક શાળાઓ જુદી પડવાની જ એ બાબત તરફ આપણે જોયા વગર ચાલે એમ નથી. અત્યાર સુધી એ આપણે ભૂલતા આવ્યા છીએ, અને આપણા શિક્ષણના સુધારા શહેરી લોકો જ વિચારે છે અને ઘડે છે એમ જ નહીં, પણ શહેરી લોકોને માટે જ તેમ થાય છે."

શિક્ષણ-સુધારણાના વિષયમાં શહેરો ભણીનો આવો ઝુકાવ છેલ્લામાં છેલ્લા કેળવણીવિષયક દસ્તાવેજ માધ્યમિક શિક્ષણ કમિશનના રિપોર્ટમાંથી પણ બતાવી શકાય.

પ્રાથમિક શાળાનાં ઉપલાં ત્રણ ધોરણોમાં અંગ્રેજી શીખવવાની બાબતમાં તે રિપોર્ટમાં જે રૂઢિચુસ્ત કે લગભગ પ્રત્યાઘાતી વલણ અને વિચારદિશા જોવા મળ્યાં, તે વિષે આ પત્રમાં અગાઉ ચર્ચા થઈ જ છે. આ તેની વૃત્તિ કે વિચારદિશા શહેરો તથા શહેરીઓ તરફના આપણા કહેવાતા શિક્ષણસુધારકોના પક્ષપાતને જ આભારી હતી. બીજો દાખલો તે હેવાલની મુખ્ય ભલામણ — 'મલ્ટી-પરપઝ' હાઈસ્કૂલોની છે તેમાંથી બતાવાય એમ છે.

આ ભલામણમાં એમ છે કે, જુદા જુદા પ્રકારના વિદ્યાર્થીઓને અનુકૂળ પડે એ ઢબે વૈકલ્પિક અભ્યાસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમો ગોઠવવા. એમ ગોઠવાયેલા અભ્યાસક્રમો જોતાં નવાઈની વાત એ જણાય છે કે, તે બધા શહેરી ધંધારોજગારને માટે મુખ્યત્વે છે. તેમાં ગ્રામ-ઉદ્યોગોને એક મુખ્ય વિકલ્પ તરીકે નથી લીધા, કે જે ખાસ કરીને ગામડાંની હાઈસ્કૂલોને ખૂબ સારી રીતે ફાવી શકે.

દેશની નવી આર્થિક વ્યવસ્થાના આયોજનમાં ગ્રામ-ઉદ્યોગોને કેવું મહત્ત્વનું સ્થાન મળવા લાગ્યું છે, તે આપણે જાણીએ છીએ. ભણેલા વર્ગોને એમની સામે અમુક અવિચારભર્યો પૂર્વગ્રહ રહેલો છે; તેમ છતાં તે ઉદ્યોગોમાં એવો ભારે ગુણ સમાયેલો છે કે દેશની અર્થવ્યવસ્થાના વિચારમાં તેની કદર કરવી જ પડે છે. એને લઈને ગામડેથી માંડીને ઉપર સુધી આ ઉદ્યોગોનાં કામોને માટે સરકારી યોજનાઓ ચલાવવાને માટે ઘટતાં ખાતાં ઊઘડવાનાં. તેમને ચલાવવા માટે, તે ઉદ્યોગોના જ્ઞાનવાળા તથા સંચાલન-ની આવડતવાળા માણસોની જરૂર દેશમાં ઠીક ઠીક પ્રમાણમાં જાગશે.

'કૉમ્યુનિટી પ્રોજેક્ટ' તથા 'નેશનલ એક્સ્ટેન્શન સર્વિસ' અંગેની સરકારી ગ્રામ વિકાસ યોજનાઓ અત્યાર સુધી તેમના કાર્યક્રમમાં ગ્રામ-ઉદ્યોગોને લેતી નહોતી. થોડાક લોકનો ભણેલો વર્ગ કે જે આજે આર્થિક આયોજન વિચારે છે, દોરે છે, અને ચલાવે છે, તેમના શહેરી પૂર્વગ્રહનો આ બીજો દાખલો જોઈએ તો કહેવાય. સારી વાત છે કે, તે યોજનાઓમાં હવે ગ્રામોદ્યોગોને લેવાશે અને બીજી પંચવર્ષી યોજના-માં તેને અમુક સ્થાન મળશે, કે જેમાં ખાદી બોર્ડ તેની સાથે હશે. પણ આપણું કમનસીબ અહીંયાં એ છે કે, આજનું શિક્ષણતંત્ર આ નવાં પણ સાદાં કામો ઉપાડી લેવા માટે યોગ્ય માણસો તૈયાર નથી કરતું! થોડીક હા કહેવા જેટલી પણ શ્રદ્ધાથી, પ્રામાણિકતાથી અને તે માટે જરૂરી હિંમત દાખવીને જો બુનિયાદી તથા ઉત્તર બુનિયાદી કેળવણી આપણે ચલાવી હોત, તો સ્થિતિ તદ્દન જુદી હોત. છતાં, ભૂલ સુધારવાનો લાગ તો કદી વીતી ચૂકતો જ નથી.

શિક્ષણસુધારા પરત્વેના આ શહેરી પૂર્વગ્રહ વિષે જો જરા ઊંડા ઊતરીને તપાસીએ તો જણાશે કે, આ કેવળ શહેર અને ગામડાની ભૌગોલિક વસ્તુ નથી. ખરું જોતાં એ તો આપણા સમાજમાં અંગ્રેજી કેળવણીએ પેદા કરેલો વર્ગભેદ છે: આમ-પ્રજા અને ઉપલા વર્ગોનો આ સવાલ છે.

અંગ્રેજી કેળવણીએ એક એવો અંગ્રેજી ભણેલો વર્ગ પેદા કર્યો કે જે મુખ્યત્વે રાજ્યવહીવટના કામમાં રોકાતો હતો. પરદેશી રાજ્યછત્ર તળે જે શિક્ષણપ્રથા ખીલી, તે એ રાજ્યની આ જરૂરને પોષતી હતી. થોડાક દસકામાં આ વસ્તુએ આપણી તળપદી શિક્ષણ-પ્રથાને સાવ પલટી નાંખી. શિક્ષણીય તથા સાંસ્કૃતિક મૂલ્યો પલટાવા લાગ્યાં, અને એક એવો મધ્યમવર્ગ ઊભો થયો કે જે આ નવી પ્રથાની અંદર સરકારી નોકરીમાં કામ દેવા પૂરતી તાલીમ પામતો. આનું પરિણામ એ આવ્યું કે, રાષ્ટ્રની સમગ્ર પ્રજાની આમતાલીમનું રૂપ શિક્ષણે લેવું ઘટે, તેને બદલે તે, એની મેળે, થોડાક લોકોના અમુક ધંધાની જ તાલીમ જેવું બની રહ્યું.

આમ થવાથી, કુદરતી રીતે, શિક્ષણ તથા સંસ્કૃતિ-નાં આપણાં મૂલ્યો પણ સાવ બદલાયાં અને શિક્ષણ-પ્રથા અમુક વર્ગ-તરફી ઝોકવાળી બની. જમાનાઓથી આપણી પ્રજા પોતાનું પાયાનું શિક્ષણ પોતાની રીતે પોતે ગોઠવીને ચલાવતી હતી, તે વસ્તુ આ નવાં મૂલ્યો ને નવી પ્રથાનાં જોરથી, ગરબડમાં પડી ગઈ. જૂની ઢબમાં પ્રજાના ૮૦ ટકા ઉપર લોકો અક્ષરજ્ઞાન અને બીજી તાલીમ મેળવતા; તે ઊલટું જ થઈ ગયું, અને તેની જગાએ ૮૦ ઉપર ટકા અભણ થયા અને બાકી-ના એવી તાલીમ પામ્યા કે આજે આપણા દેશની અર્થવ્યવસ્થા નવી રચવી છે ત્યારે તેમને તેણે લગભગ જરૂરી કામ ન દઈ શકે એવા અસહાય કરી મૂક્યા છે. અભણ ૮૦ ટકા પરદેશી રાજાના જ લાભાર્થે નહીં, પરરાજ્ય રાખવામાં તેના સાગરીત બનેલા અંગ્રેજી ભણેલા ૧૦ ટકાના લાભમાં પણ મજૂરી કરી ખાતા વેઠિયા જેવા જ બની રહ્યા. બલ્કે, થોડા વખત ઉપર રાષ્ટ્રપતિએ કહ્યું એમ, આ ૧૦ ટકા આજે 'ભણેલી બેકારી' વધારવા ખાતે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ને આમ જ હજુ ચાલ્યા કરતું આપણું શિક્ષણતંત્ર, આજની રાષ્ટ્રીય જરૂરને હિસાબે જોતાં, આમ તેને પ્રતિકૂળ કે જૂનું થઈ ગયું છે; છતાં તેમાં પેદા થયેલા લોકો રાષ્ટ્રના ચાલુ શિક્ષણમાં સુધારાનો, તેના વહીવટનો, તથા તેના તંત્રનો કાબૂ ધરાવે છે. પછી જે બને તે ઉઘાડું છે કે, "આપણા શિક્ષણના સુધારા શહેરી લોકો જ (એટલે કે, હવે જૂની અને રાષ્ટ્રવિમુખ થતી જતી અંગ્રેજી કેળવણીએ પેદા કરેલા પેલા વર્ગોના લોક) વિચારે છે અને ઘડે છે એમ જ નહીં, પણ શહેરી લોકોને માટે જ તે થાય છે." આ સ્થિતિને સુધારીને સારી થવા માટે જો હિંમતભેર હવે પડકારીશું નહીં, તો ખરેખરી લોકશાહી કહી શકાય એવી ઢબના આયોજનમાં કશી સ્થિર કે સંગીન પ્રગતિ નહીં થઈ શકે.

અહીં એ વસ્તુ ધ્યાનમાં લેવી જોઈએ કે, કેળવણી એ હર કોઈ પ્રજાનો મોટામાં મોટો મહાન જીવંત વ્યવસાય છે. બીજા મોટા ઉદ્યોગો મોટે ભાગે ધન તથા યંત્ર અને થોડાક જ માણસો વડે ચલાવી શકાય છે તેમ આ વ્યવસાયમાં થઈ શકતું નથી. આમાં તો મનુષ્ય મુખ્ય છે; તેના કામની જીવંત જરૂરો મુજબ તે ધન વાપરે છે. હવેના નવા આયોજનમાં આ વસ્તુનું ધ્યાન રાખવું જોઈએ અને ઓછામાં ઓછું એટલું ધ્યાન તો એને આપવું જોઈએ જેટલું ભારે કે ચાવીરૂપ કહેવાતા ઉદ્યોગોને અપાય છે. કારણ કે, પ્રજાઓનો સૌથી શ્રેષ્ઠ મહત્ત્વનો અને જીવંત ચાવીરૂપ ઉદ્યોગ સદા માટે કેળવણી જ છે.

૧૨-૬-'૫૫ મગનભાઈ દેસાઈ
(અંગ્રેજી પરથી)

એબ્રાહમ લિંકનનું જગવિખ્યાત વ્યાખ્યાન

અમેરિકા દેશમાં ગુલામોના પ્રશ્ન ઉપર ઈ. સ. ૧૮૬૧માં ઉત્તર અને દક્ષિણનાં સંસ્થાનો વચ્ચે આંતરવિગ્રહનાં મંડાણ મંડાયાં. તે વખતે એબ્રાહમ લિંકન પ્રમુખ તરીકે હતા. આંતરવિગ્રહ ન થાય એ સારુ તેમણે ભગીરથ પ્રયત્નો કર્યાં હતા. પરંતુ તેમાં તેમનું કશું વળ્યું નહીં. અને છેવટે લાંબા કાળથી ધુમાયા પછી ગુલામીના એ વિકટ પ્રશ્નમાંથી આંતરવિગ્રહનો દાવાનળ ભભૂકી ઊઠ્યો. એની જ્વાળાએ આખા સંયુક્તરાજ્યને આવરી લીધું અને બધે લોકોમાં એકબીજા પ્રત્યે ધૂંધવાટ ફેલાયો.

એબ્રાહમ લિંકન જેવા માનવપ્રેમી અને પ્રજાતંત્રવાદીને માટે આંતરવિગ્રહનો આ ગૃહક્લેશ આકરામાં આકરી કસોટી સમાન હતો. એમાંયે શરૂઆતના દિવસો તો એમને માટે અગ્નિપરીક્ષા સમાન જ હતા.

ઉત્તરનાં સંસ્થાનોનું સૈન્ય તે વખતે બહુ કસાયેલું પણ નહોતું; ત્યારે પ્રતિપક્ષી તરીકે લડતાં દક્ષિણનાં સંસ્થાનોનું સૈન્ય તાલીમ પામેલું હતું. એટલે શરૂના સામનામાં એબ્રાહમ લિંકનના પક્ષનાં, એટલે કે ઉત્તરનાં, હજારો માણસો મરાયાં. ઘાયલ થયેલાંની સંખ્યા એથીયે વિશેષ હતી. સૈનિકોમાં આથી નાસભાગ શરૂ થઈ ગઈ. વૉશિંગ્ટન શહેર ઘવાયેલા અને નાસી છૂટેલા સૈનિકોથી ભરાઈ ગયું. આ ભીષણ દૃશ્ય નિહાળી રાજધાનીના લોકો ખૂબ વ્યાકુળ બની ગયા. અને શરૂના આ પરાજયથી ઉત્તરના પ્રદેશમાં સર્વત્ર નિરાશાનું મોજું ફરી વળ્યું અને શરણે જવાની વાતો પણ થવા લાગી.

પરંતુ એબ્રાહમ લિંકને આ કટોકટીના સમયમાં ખૂબ ધીરજ અને હિંમતથી કામ લીધું. એક રીતે કહીએ તો તેમને માટે એ ક્રૂસ પર ચડવાના જ દિવસો હતા. પરંતુ એમના શુદ્ધ ચારિત્ર્યબળે તે આ અગ્નિપરીક્ષામાંથી હેમખેમ પસાર થઈ શક્યા.

એ અરસામાં ગૅટિસબર્ગ નામના સ્થળે જે ભીષણ સંગ્રામ થયો હતો એમાં પોતાનું બલિદાન આપનારા શહીદ સૈનિકોનું સ્મારક કરવાનો વિચાર ત્યાંની સ્થાનિક સરકારે કર્યો. એ માટે ૧૮૬૩ની ઓગણીસમી નવેમ્બરનો દિવસ મુકરર કરવામાં આવ્યો. આવા ગંભીર પ્રસંગને અનુરૂપ પ્રવચન કરવા માટે તે વખતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણીતા વ્યાખ્યાતા એડવર્ડ એવરેટની ખાસ વરણી કરવામાં આવી. તેમણે પણ કેટલાય દિવસથી એ માટે તૈયારી કરવા માંડી હતી.

આવે પ્રસંગે અમેરિકાના પ્રમુખ એબ્રાહમ લિંકન તેમ જ બીજા મુખ્ય રાજ્યાધિકારીઓને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ પરાજય જેવી સ્થિતિના દિવસોમાં ઘણાખરા મુખ્ય રાજ્યાધિકારીઓએ ન જવાનું ઉચિત માન્યું. એબ્રાહમ લિંકન પણ તે દિવસોમાં ભારે મંથનમાંથી પસાર થતા હતા અને દેશને આ ભીષણ સંગ્રામમાંથી શી રીતે તારવો એની જ ઊંડી ચિંતામાં મગ્ન હતા. ગેટિસબર્ગનું નિમંત્રણ મળતાં તે પણ શું કરવું કે શું નહીં એના વિચારમાં પડી ગયા. પ્રમુખ તરીકે હાજરી તો આપવી જ જોઈએ. એટલે તેમણે ગેટિસબર્ગ જવાનું સ્વીકાર્યું.

એડવર્ડ એવરેટે પોતાનું વ્યાખ્યાન તૈયાર કર્યું હતું, તે એબ્રાહમ લિંકનને આગળથી જોઈ જવા મોકલ્યું હતું. સ્મારકના પ્રસંગની ગંભીરતા તરફ પણ તેમનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. પરંતુ એબ્રાહમ લિંકનને એવરેટનું પ્રવચન જોવા જેટલો સમય પણ છેવટ સુધી મળ્યો નહોતો! આવી સ્થિતિમાં એબ્રાહમ લિંકન ગેટિસબર્ગ ગયા.

ગેટિસબર્ગમાં લોકો ખાસ એવરેટનું વ્યાખ્યાન સાંભળવાની જ ઉત્સુકતાથી આવ્યા હતા. એટલે જ્યારે એબ્રાહમ લિંકન બોલવા ઊભા થયા ત્યારે ઘણાખરા લોકોનું ધ્યાન એ તરફ હતું પણ નહીં. પરંતુ એબ્રાહમ લિંકનનું એ ટૂંકું પ્રવચન જ્યારે પૂરું થયું ત્યારે લોકોની જાણે ઊંઘ જ કોઈએ ઉડાડી દીધી હોય એવી સ્થિતિ સૌની થઈ ગઈ. એ ટૂંકા વ્યાખ્યાનનો એક એક શબ્દ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતો હતો. લિંકનનું એ ટૂંકું વ્યાખ્યાન સર્વોત્તમ મનાય છે. એ વ્યાખ્યાનમાં તેમણે એ કટોકટીના કાળમાં પોતાને સતત પ્રેરણા આપનાર ધ્યેયની સમજ સૌને આપી હતી. આ રહ્યું એ જગવિખ્યાત વ્યાખ્યાન:

"સત્યાશી વરસ ઉપર આપણા પૂર્વજોએ આ ખંડ ઉપર એક એવી નવી પ્રજાને જન્મ આપ્યો કે જેના પાયામાં સ્વાધીનતા હતી અને 'સર્વ મનુષ્યો સમાન પેદા થયાં છે' એ સૂત્રથી તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ રીતે કલ્પાયેલી અને પ્રતિષ્ઠા પામેલી આ પ્રજા કે એવી બીજી કોઈ પણ પ્રજા લાંબા કાળ સુધી ટકી શકે કે કેમ એનું જાણે પારખું કરવા હાલ આપણે એક મહાન આંતરવિગ્રહમાંથી પસાર થઈએ છીએ.

"એ આંતરવિગ્રહના એક મહાન રણક્ષેત્ર ઉપર આજે આપણે એકઠા થયા છીએ. પોતે મરે પણ પોતાની પ્રજા જીવતી રહે, એટલા ખાતર જેમણે પોતાના પ્રાણની આહુતિ આપી છે, તેમના અંતિમ વિશ્રામસ્થાનના આ ક્ષેત્રના એક ભાગની પ્રતિષ્ઠા કરવાને આપણે અહીં આવ્યા છીએ. આપણે એટલું કરીએ એ સર્વથા ઘટિત અને યથાર્થ છે.

"પરંતુ વ્યાપક અર્થમાં આ ભૂમિની પ્રતિષ્ઠા કરવા — તેને પુનિત કરવા કે કીર્તિવંત કરવા આપણે સમર્થ નથી. જીવતા રહેલા અને અવસાન પામેલા જે વીર પુરષો અહીં લડ્યા છે, તેમણે જ એને પાવન કરી છે. એમાં વધારો કે ઘટાડો કરવા આપણી પામર શક્તિ અસમર્થ છે. આપણે અહીં જે કંઈ બોલીએ તેની દુનિયા ભાગ્યે જ નોંધ લેશે. પરંતુ એ વીર પુરુષોએ અહીં જે કરી બતાવ્યું છે, તેને દુનિયા કદી ભૂલનાર નથી. આ સ્થળે લડીને જે કાર્યને તેમણે ઉમદા રીતે આટલે સુધી આગળ ધપાવ્યું છે, તે અધૂરા રહેલા કાર્યને પાર પાડવામાં આપણી જાતનું સમર્પણ કરવું, એ આપણ જીવતા રહેલાઓની ફરજ છે.

"હવે તો અધૂરું રહેલું જે મહાન કાર્ય આપણી સામે છે, તેને આપણી જાત સમર્પણ કરીએ; આ કાર્યમાં છેવટ સુધી આપણી પૂરેપૂરી નિષ્ઠા અર્પણ કરી તે યશસ્વી શહીદો પાસેથી અધિકતર નિષ્ઠાની દીક્ષા લઈએ; આપણે એવો અડગ નિરધાર કરીએ કે, જેમણે અહીં પ્રાણ પાથર્યા છે તેમનું બલિદાન વ્યર્થ નથી ગયું; અને ઈશ્વરના આશરા નીચે આ પ્રજાને એવી નવીન પ્રકારની સ્વતંત્રતા લાધે કે જેથી કરીને જનતાની, જનતા મારફત ચાલતી અને જનતા કાજે ચાલતી સરકાર આ પૃથ્વી ઉપરથી કદી નાશ ન પામે."

મુકુલભાઈ કલાર્થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયોજન અને શ્રમદાન

૧

સ્વતંત્રતા મળ્યાં પછી દેશની આબાદી વધારવાનો એક ભવ્ય પુરુષાર્થ આપણે આરંભ્યો છે. રાષ્ટ્રની નૈસર્ગિક શક્તિ અને માનવશક્તિનું વિશાળ ધોરણે આયોજન અને સંક્રમણ આપણે શરૂ કર્યું છે. દેશની સમગ્ર પ્રજાનું રાષ્ટ્રીય ધોરણે આવડા મોટા પાયા પર કલ્યાણ કરવાનું કાર્ય ભારતીય ઇતિહાસમાં અપૂર્વ છે.

છેક ૧૯૩૮માં કોંગ્રેસે જવાહરલાલ નેહરુના પ્રમુખપદે 'રાષ્ટ્રીય આયોજન સમિતિ'ની રચના કરેલી ત્યારથી આપણા દેશમાં વ્યવસ્થિત રાષ્ટ્રીય આયોજન કરવાનો વિચાર શરૂ થયેલો. આપણું રાજ્યબંધારણ ઘડીને રાજ્યતંત્ર વ્યવસ્થિત કર્યા બાદ આપણે દેશના આર્થિક સવાલો તરફ વિશેષ ધ્યાન આપવા માંડ્યું. ૧૯૫૦ના માર્ચમાં ભારત સરકારે એક ઠરાવ કરીને આપણા વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુના પ્રમુખપદે આયોજન-પંચની રચના કરી. ૧૯૫૧ના એપ્રિલથી ૧૯૫૬ માર્ચ સુધીના પાંચ વર્ષના ગાળામાં દેશનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરવાનો આયોજિત પ્રયાસ થઇ શકે એ ઢબે પ્રથમ પંચવર્ષીય યોજના ઘડવામાં આવી. આયોજન-પંચની રચના પાછળ રાજ્યબંધારણમાં રજૂ થયેલા રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના આદેશોનો અમલ કરવાની દૃષ્ટિ રહેલી છે. ઉત્પાદનનો વધારો, રાષ્ટ્રની નૈસર્ગિક સંપત્તિનો પૂરો ઉપયોગ, રોજગારીમાં વધારો, આ ત્રણ તેનાં મુખ્ય લક્ષ્યો છે.

રાષ્ટ્રીય આયોજન આમ તો મોટે ભાગે સરમુખત્યારશાહી રાજ્યતંત્રવાળા દેશોમાં જ થઈ શકે એવી માન્યતા પ્રવર્તે છે. તેની સામે આપણે લોકશાહી રાજ્યતંત્રમાં જ રાષ્ટ્રીય આયોજનને સફળ બનાવવા મથી રહ્યા છીએ. લોકશાહી ઢબમાં આયોજન સફળ બનાવવા માટે વિશાળ પાયા પર પ્રજાનો ઐચ્છિક સહકાર જોઈએ. આવો સહકાર મળી રહે એ દૃષ્ટિએ જ પ્રથમ પંચવર્ષી યોજનાના ખરડાની લગભગ દોઢ વર્ષ સુધી તો જાહેર ચર્ચાઓ કરવામાં આવી. ચર્ચાસભાઓ અને લેખો દ્વારા અનેક દૃષ્ટિએ યોજનાનું વિવેચન કરવામાં આવ્યું. અને છેવટે આ બધી સૂચનાઓનો વિચાર કરીને સુધારાવધારા સાથે પાર્લમેંટ, કે જ્યાં લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે, તેની મંજૂરીથી યોજનાને છેવટનું સ્વરૂપ આપવામાં આવ્યું. લોકશાહી રાજ્યવ્યવસ્થામાં મળી રહેલા વિચારસ્વાતંત્ર્ય અને રાજ્યની દોરવણી હેઠળ થઈ રહેલા જંગી આયોજનનો સફળ સમન્વય કરવાની દૃષ્ટિને આપણે આયોજનની પ્રક્રિયામાં પણ વીસર્યા નથી.

પહેલાં પાંચ વર્ષમાં લગભગ ૨૨૮૦ કરોડ રૂપિયાનું ખર્ચ કરવાનું નક્કી થયું છે. ખેતી, સીંચાઈ અને વીજળી, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર, ઉદ્યોગો, આરોગ્ય, શિક્ષણ, પુનર્વસવાટ, સામાજિક કલ્યાણ, વૈજ્ઞાનિક સંશોધન, પછાતવર્ગોનો અભ્યુદય વગેરે વિવિધ ક્ષેત્રોમાં કરવાના કાર્યની ચોક્કસ રૂપરેખા આંકીને આપણે આગળ ધપી રહ્યા છીએ. એ રીતે આયોજનની આપણી દૃષ્ટિ એકાંગી નહીં પણ સમગ્ર છે. ૩૫ કરોડની વસ્તીવાળા, અનેક પ્રકારની વિવિધતાઓથી ભરપૂર, છતાં અણવિકસિત દેશનું આયોજન કરવાનું કામ સહેલું ન જ હોય. હજુ તો દેશની સાધનસંપત્તિ અને માનવશક્તિનો સાચો અંદાજ પણ આપણે મેળવી શકયા નથી. એ સંજોગોમાં પ્રથમ યોજનામાં તો દેશની ચાલુ સાધનસંપત્તિનું સંકલન કરીને પ્રજામાં આયોજનની દૃષ્ટિ કેળવવા તરફ જ ભાર મૂકવામાં આવ્યો છે અને તે દૃષ્ટિએ તે સફળ થઈ છે એમ કહી શકાય.

પ્રથમ પંચવર્ષીય યોજના પૂરી થાય તે પહેલાં જ બીજી પંચવર્ષીય યોજનાની તૈયારી પણ આપણે શરૂ કરી દીધી છે. બીજી યોજનામાં મૂળભૂત સિદ્ધાંત 'તળ આયોજન' નો નક્કી કરવામાં આવ્યો છે. રાજ્યના થોડાક નિષ્ણાતો વહીવટી ઢબે આયોજનનો ખરડો પ્રજાની ઇચ્છા જાણ્યા સિવાય ઘડી કાઢે, તેને બદલે દરેક જિલ્લામાં પ્રજાકીય સહકારથી તૈયાર થયેલી યોજનાઓનું રાષ્ટ્રીય સંકલન કરવાનું કાર્ય જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયોજન-પંચ કરે એવી આ સિદ્ધાંતની પાછળ દૃષ્ટિ રહેલી છે. આથી હવે ગામેગામથી પ્રજાકીય મંડળો વિવિધ યોજનાઓ સામેથી રજૂ કરી રહ્યાં છે.

૨

પ્રથમ પંચવર્ષી યોજનામાં પ્રજાકીય સહકારનું મહત્ત્વ નીચે મુજબ સ્વીકારવામાં આવેલું :

"આયોજનનાં મુખ્ય આધાર અને સમર્થન પ્રજાકીય સહકારમાં જ રહેલાં છે. સામાજિક કલ્યાણ માટે કાર્ય કરતી લોકશાહીનું મૂળ રાજ્યની દમનકારી સત્તામાં નહીં પણ લોકોની ઐચ્છિક સંમતિમાં રહેલું છે."

આ દૃષ્ટિએ વ્યવસ્થિત પ્રજાકીય સહકાર મેળવવાનું અને અવારનવાર પ્રજાની ઇચ્છા જાણવાનું બિનસરકારી અસરકારક સાધન હોવું જોઈએ. પહેલી યોજનાની ભલામણ મુજબ 'ભારત સેવક સમાજ' નામની સંસ્થા સ્થાપવામાં આવી. દેશભરમાં આ સંસ્થાની શાખાઓ મારફતે પ્રજાને આયોજનમાં હિસ્સેદાર બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ઉપરાંત 'રાષ્ટ્રીય સલાહકાર સમિતિ'ની રચના કરીને પણ આયોજન-પંચના કામકાજ બાબત વિદ્વાનોના અભિપ્રાયો અને લાગણીઓ જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પ્રજાકીય સહકાર વધારવા માટે સામાજિક મંડળોનો યોગ્ય વિકાસ જરૂરી છે. એટલે 'સમાજ કલ્યાણ બોર્ડ'ની રચના કરીને સ્ત્રીઓ, બાળકો તથા પછાત જાતિઓની ઉન્નતિ માટે કામ કરતી સંસ્થાઓને ૪ કરોડ રૂપિયાની મદદ આપવાની પહેલી યોજનામાં જોગવાઈ છે.

ઉપરાંત દેશના યુવકો ઐચ્છિક શ્રમથી દેશનું નવનિર્માણ કરવામાં હિસ્સેદાર બને તે માટે તેમની 'શ્રમ શિબિરો' યોજવા માટે પણ ૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. કોઈ પણ વિસ્તારના લોકો પોતાની મેળે શ્રમદાન, રોકડ કે ચીજ વસ્તુના ફાળાથી કોઈ નિશાળ બાંધવાની, કૂવા કે તળાવ ખોદવાની, રસ્તા બાંધવાની વગેરે યોજના તૈયાર કરે, તો આયોજન-પંચ આવી યોજનાઓમાં ૫૦ ટકા ખર્ચની મદદ કરે. આવી સ્થાનિક યોજનાઓ માટે ૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ છે. પ્રજાકીય સહકારને અસરકારક બનાવવાની યોગ્ય જોગવાઈ આમ રાખવામાં આવી છે.

દેશના ગ્રામવિસ્તારોની ઉન્નતિ માટે ૮૪૭ જેટલા સામૂહિક ગ્રામવિકાસ યોજનાના ઘટકો યોજવામાં આવ્યા છે. તેમાં નક્કી કરેલા વિસ્તારમાં ગામોમાં ખેતી-સુધારણા, રસ્તાઓ, સમાજશિક્ષણ, નાની સીંચાઈ યોજનાઓ વગેરે કાર્યક્રમો તરફ વિશેષ મહત્ત્વ અપાય છે. લગભગ ૮૫૦૦૦ ગામોને આવરી લેતા આ ઘટકોમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓનો સાડા પાંચ કરોડની વસ્તીને લાભ મળશે.

૩

દેશની પ્રગતિ પ્રજાકીય પુરુષાર્થથી જ વેગવંત બની શકે એ તો હવે સિદ્ધ થઈ ગયું છે. શ્રમદિન, શ્રમસપ્તાહ, શ્રમશિબિર, શ્રમસંમેલનો વગેરે કાર્યક્રમો દેશમાં વ્યાપક બની રહ્યા છે. દેશને ખૂણે ખૂણે ઐચ્છિક શ્રમથી દેશના નવનિર્માણનો નાદ ગુંજી રહ્યો છે.

શ્રમની પ્રતિષ્ઠા સ્થાપવાના આ કાર્યને પરદેશોમાં તો ભારે મહત્ત્વ આપવામાં આવે છે. યુગોસ્લાવિયાની 'યૌવન રેલવે'નો બનાવ જગમશહૂર છે. બીજા વિશ્વયુદ્ધને અંગે બધી રીતે પાયમાલ અને બેહાલ થયેલા દેશને ફરી બેઠો કરવા માટે એક પ્રચંડ પુરુષાર્થ ત્યાંના યુવકોએ આરંભેલો. ૧૯૪૬ના માર્ચમાં ૬૨૦૦ જેટલાં યુવાન ભાઈબહેનોએ શ્રમકાર્ય દ્વારા ૫૫ માઈલ લાંબી રેલવે બાંધેલી. કામ કરનાર યુવકો ઘણા બિનઅનુભવી હતા. તેમની પાસે આવડા મોટા કામને માટે જરૂરી યંત્રસામગ્રી પણ નહોતી. આમ છતાં તેમણે ૬ માસમાં આ કાર્ય પૂરું કરેલું. ત્યાર પછી ઉત્તરોત્તર આવાં કાર્યો વિશાળ પાયા પર યોજાતાં ગયાં. ૧૯૪૭માં ૭॥ માસમાં દોઢ સો માઈલ લાંબી રેલવે આ રીતે જ બાંધી. આ કાર્યમાં ૪૬ દેશોના લગભગ આઠ હજાર યુવકોએ પણ ભાગ લીધેલો. યુગોસ્લાવિયાના યુવાનો અને જગતભરના પ્રગતિશીલ નવજુવાનો વચ્ચેની દોસ્તી અને સહકારના અમર સ્મારકને હવે 'યૌવન રેલવે' તરીકે સંબોધવામાં આવે છે. દેશના યુવકો શું કરી શકે તેનો એ ભારે પ્રેરણાભર્યો દાખલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશમાં પણ હવે 'શ્રમદાન'ની પ્રવૃત્તિ વ્યાપક બની રહી છે. પંડિત જવાહરલાલને તેમના જન્મદિને ૧૯૫૪માં ૯૭૧ શાળાઓની ભેટ મળેલી. લોકો આ શાળાઓ પોતાના ઐચ્છિક શ્રમથી બાંધશે. ૧,૩૦,૪૪૦ રૂપિયા રોકડ નાણાં તરીકે અને ૩ લાખની કિંમતની ચીજવસ્તુઓ આ જ પ્રસંગે ભેટ મળેલાં. દેશની પ્રજામાં નવનિર્માણની કેવી હવા પ્રસરી છે તેનો આ નમૂનો છે.

બિહારમાં આવેલી કોસી નદી 'શોક નદી' તરીકે ઓળખાય છે. દર વર્ષે તેના પૂરથી બિહાર પર મોટી આફત આવે છે. આથી આ નદી પર બંધ બાંધીને તેને અંકુશમાં લેવાની યોજના કરવામાં આવી છે. આ યોજનાનો લગભગ ૩૦ માઈલનો ટુકડો પ્રજાકીય શ્રમથી તૈયાર થવાનો છે. રોજના લગભગ ૧૬૦૦૦ કાર્યકર્તાઓ ત્યાં કામ કરશે. લગભગ ૬૦૦૦૦ જણે ત્યાં કામ કરવાની તક મળે તે માટે નામ નોંધાવ્યાં છે. નિર્ધારિત સમય પહેલાં પણ આ બંધનું કામ પૂરું થવાની આથી શક્યતા ઊભી થઈ છે.

હવે તો શ્રમશિબિરોને શાળા–કૉલેજોના અભ્યાસ-ક્રમમાં પણ સ્થાન મળી રહ્યું છે. શિક્ષણ ખાતાની સૂચનાઓ હેઠળ દેશભરમાં હજારો યુવક–યુવતીઓ ઉનાળાની રજાઓમાં રોજના ત્રણ કલાક શ્રમ કરશે. સરકાર તેમનું ખાવાપીવાનું અને ગાડીભાડાનું ખર્ચ આપશે. આ રીતે શ્રમની પ્રતિષ્ઠાના ધોરણે સમગ્ર આયોજન કરવાની ભૂમિકા આપણા દેશમાં તૈયાર થઈ ગઈ છે. નૂતન ભારતના નવનિર્માણનાં આ શુભ એંધાણ છે.

રામલાલ પરીખ

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ

ઝાંસીની રાણીને નામે ભારતના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલાં લક્ષ્મીબાઈનો જન્મ ઈ. સ. ૧૮૩૫ની ૧૧મી નવેમ્બરને દિને બનારસમાં થયો હતો. તેમનું રાશિ પ્રમાણે નામ મનુબાઈ હતું. તેમના ગ્રહો જોઈને કાશીના એક પ્રખ્યાત જોષીએ ભવિષ્ય ભાખ્યું હતું કે, આ છોકરી આગળ જતાં મોટા રાજ્યની રાણી બનશે. પરંતુ તે વખતે કોઈએ આ વાત સાચી માની નહીં.

મનુબાઈનો પિતા મોરોપંત બાજીરાવ પેશવાના નાના ભાઈ ચિમાજી અપ્પાના કારભારી તરીકે કામ કરતો હતો. ચિમાજીના અવસાન પછી તે બિઠૂરમાં અંગ્રેજ સરકારનું આઠ લાખનું પેન્શન સ્વીકારીને રહેતા પેશવા બાજીરાવ બીજાની સેવામાં આવીને રહ્યો. મનુબાઈની માતા તે સમય દરમિયાન ગુજરી ગઈ હતી; એટલે પુત્રીની બધી સંભાળ પિતા જ લેતા હતા.

મનુબાઈ નાનપણથી જ ખૂબ તેજસ્વી હતી. તેના મળતાવડા અને હસમુખા સ્વભાવથી તે સૌની લાડકી થઈ પડી અને સૌ તેને 'છબીલી' કહીને બોલાવતા. પેશવાના કુટુંબીજનો સાથે પણ તે ખૂબ ભળી ગઈ હતી; પેશવાના દત્તક પુત્રો નાનાસાહેબ, રાવસાહેબ અને બાળાસાહેબ તો તેને પોતાની સગી બહેન જેવી જ ગણતા. કુમારોની સાથે પતંગ ઉડાવવા, ભમરડા ફેરવવા, કસરતશાળામાં અનેક જાતની કસરત કરી શરીર કેળવવું, તલવારબાજી શીખવી, ઘોડેસવાર થઈ ફરવા જવું વગેરે બાબતો પણ તે શીખી હતી.

આમ મુક્ત વાતાવરણમાં ઊછરેલી મનુબાઈ સ્વતંત્ર મિજાજની થઈ હતી, અને તેનામાં પુરુષોચિત બહાદુરીના ગુણો સ્વાભાવિક રીતે કેળવાયા હતા. વળી તે પોતાને પેશવાના કુમારોની પેઠે જ શાહી વૈભવની અધિકારી માનવા લાગી હતી. એક પ્રસંગ જાણીતો છે.

એક વાર કુમાર નાનાસાહેબ હાથી પર બેસીને ક્યાંક જતો હતો. એવામાં બાજીરાવ પેશવા ત્યાં આવી પહોંચ્યા. તેમણે નાનાસાહેબને કહ્યું, "કુમાર, આ મનુબાઈનેય તારી સાથે હાથી ઉપર બેસાડ."

પરંતુ નાનાસાહેબે ના પાડી. એટલે મનુબાઈ રીસમાં મોં ચડાવીને પોતાના પિતા પાસે ગઈ અને કહેવા લાગી : "જુઓને બાપુજી, આ નાનાસાહેબ મને હાથી ઉપર બેસાડતો નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોરોપંત પોતાની સ્થિતિ સમજતો હતો. તે બોલ્યો : "બેટા, એ તો પેશવાના કુમાર કહેવાય અને તું તો એક સામાન્ય સેવકની છોકરી કહેવાય. તારાથી આવી જીદ ન કરાય."

પરંતુ મનુબાઈએ તો પોતાની હઠ છોડી નહીં. એટલે મોરોપંત જરા ચિડાઈને બોલ્યો : "બેસ બેસ હવે મોટી હાથી ઉપર બેસવાવાળી ન જોઈ હોય તો! તારા નસીબમાં વળી હાથી ક્યાંથી?"

પિતાનું આવું મહેણું સાંભળીને મનુબાઈનું લોહી ઊછળી આવ્યું. નાનકડી બાળકી મક્કમતાથી બોલી : "બાપુજી, મારા નસીબમાં એક તો શું, પણ કેટલાય હાથી છે. એક દિવસ જોઈ લેજો."

અને ખરેખર, થોડા જ વખત પછી એ વાત સાચી ઠરી. ઝાંસીના મહારાજા ગંગાધરરાવ ઘરભંગ થયા હતા. તે બીજી રાણી લાવવા ઇચ્છતા હતા. પરંતુ તેમના કડક સ્વભાવને લીધે કોઈ તેમને પોતાની પુત્રી ઝટ આપવા તૈયાર નહોતું. એ જ અરસામાં ઝાંસીના રાજજોશી તાત્યા દીક્ષિત ફરતા ફરતા એ તરફ આવ્યા અને બાજીરાવ પેશવાના મહેમાન બન્યા. પેશવાના કુમારોની સાથોસાથ તેમણે મનુબાઈના પણ જન્માક્ષર જોયા.

એ જોઈને તે મોરોપંતને કહેવા લાગ્યા : "માનો ન માનો, પણ તમારી છોકરીના ગ્રહ ઘણા જ જોરદાર છે. એ કોઈ રાજાની રાણી બનશે."

મોરોપંત પણ મનુબાઈ માટે યોગ્ય વરની શોધ કરીને થાકયા હતા. એટલે આ સાંભળીને બોલ્યા : "જોશી મહારાજ, આપની વાત ભલે સાચી હોય, પણ હું તો અમારી જ્ઞાતિમાંથી યોગ્ય વર શોધતાં શોધતાં થાકી ગયો છું. એમ કરોને, આપ જ મારી આ કન્યા માટે કોઈ સારો વર બતાવો!"

તાત્યા દીક્ષિત થોડી વાર વિચાર કરીને બોલ્યા : "મોરોપંત, એક રસ્તો છે ખરો. અમારા મહારાજા ગંગાધરરાવ પોતાને સારુ કન્યાની શોધમાં છે જ. જો તમને વાંધો ન હોય તો પેશવા મહારાજ મારફત મનુબાઈ માટે પ્રયત્ન કરી જુઓ. છોકરીના ગ્રહ બહુ બળવાન છે. એટલે કદાચ એ કામ પાર પણ પડે."

એટલે મોરોપંતે પેશવાને આ અંગે વાતચીત કરી. બાજીરાવ પણ એ સાંભળીને ખુશ થયા અને તેમણે તરત જ ઝાંસીના મહારાજાને મનુબાઈ માટે ખૂબ જ ભલામણ કરી.

શરૂ શરૂમાં ગંગાધરરાવે જરા આનાકાની કરી. પરંતુ બાજીરાવે વધારે દબાણ કર્યું; એટલે તેમણે પોતાના ખાસ માણસોને કન્યા જોવા મોકલ્યા. જોવા આવનારા માણસો તેજસ્વી મનુબાઈને જોઈને આનંદ પામ્યા. એ લોકોએ ગંગાધરરાવ આગળ મનુબાઈનાં રૂપગુણનાં ખૂબ વખાણ કર્યાં. એટલે લગ્નનું નક્કી થયું. ઈ. સ. ૧૮૪૩માં મનુબાઈનાં લગ્ન થયાં.

લગ્ન વખતે મનુબાઈની ઉંમર આઠ નવ વર્ષની હતી. પરણીને જ્યારે મનુબાઈ સાસરે ઝાંસી ગયાં ત્યારે વરવધૂનો વરઘોડો આખા શહેરમાં ફર્યો. મનુબાઈનું અદ્‌ભુત રૂપ જોઈને ઝાંસીની પ્રજા મુગ્ધ બની ગઈ. લોકો અંદરોઅંદર કહેવા લાગ્યા : "આપણા ઝાંસીમાં સાક્ષાત્ લક્ષ્મીજીની જ પધરામણી થઈ છે!" આ વાત ગંગાધરરાવને કાને ગઈ. એ પરથી તેમણે મનુબાઈનું સાસરામાં નામ લક્ષ્મીબાઈ પાડ્યું.

ઈ. સ. ૧૮૫૧ની સાલમાં લક્ષ્મીબાઈએ એક પુત્રને જન્મ આપ્યો. પોતાની મોટી ઉંમરે પુત્ર પ્રાપ્ત થયો, તેથી ગંગાધરરાવને અત્યંત આનંદ થયો. પરંતુ થોડા વખત પછી એ પુત્રનું અવસાન થયું. ગંગાધરરાવ આ આઘાત સહી શક્યો નહીં. તે એક ગંભીર બીમારીમાં પટકાઈ પડ્યો અને દિવસે દિવસે તેની તબિયત વધારે ને વધારે બગડતી ગઈ. પોતાનો અંતકાળ નજીક આવતો જોઈને તેણે પોતાના કુટુંબના એક છોકરાને વિધિસર દત્તક લીધો. તે છોકરાનું નામ તેણે દામોદરરાવ પાડ્યું. પછી ૧૮૫૩ના અરસામાં ગંગાધરરાવનું પણ અવસાન થયું.

ગંગાધરરાવનું અવસાન ઝાંસી રાજ્ય માટે તેમ જ લક્ષ્મીબાઈ માટે ખૂબ જ દુઃખદ હતું. આખી પ્રજાના હૃદયમાં મહારાજાના અવસાનથી સૂનકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાપી ગયો. લક્ષ્મીબાઈની ઉંમર પણ તે વખતે અઢારેક વર્ષની જ હતી. આટલી નાની વયે વૈધવ્ય, દામોદરરાવની નાની વય અને ઝાંસી રાજ્યનો ભાર આ ત્રણે જવાબદારી લક્ષ્મીબાઈ ઉપર આવી પડતાં તેમની સ્થિતિ ખૂબ કરુણ બની ગઈ.

પરંતુ લક્ષ્મીબાઈના નસીબમાં હજી ઘણી વિટંબણાઓ લખાયેલી હતી. તે વખતના ગવર્નર-જનરલ ડેલહાઉસીએ પોતાની ખાલસા પદ્ધતિ અનુસાર દામોદરરાવનો રાજ્યના દત્તક તરીકેનો સ્વીકાર ન કર્યો. આ હુકમ જ્યારે લક્ષ્મીબાઈએ સાંભળ્યો, ત્યારે તેમના અંતરમાં ભારે આઘાત પહોંચ્યો. દુઃખની તીવ્રતાથી અકળાઈને અને આવા ઘોર અન્યાયથી પ્રજ્વલિત થઈને તે બોલી ઉઠ્યાં : "મેરી ઝાંસી નહીં દૂંગી !" પરંતુ એકલાં લક્ષ્મીબાઈનું કોણ સાંભળે ? આખરે ઝાંસીનું રાજ્ય ખાલસા કરવામાં આવ્યું. અને રાણીને વાર્ષિક પાંચ હજાર રૂપિયાનું પેન્શન બાંધી આપ્યું.

એટલી રકમમાંથી રાજ્યાશ્રિત લોકોનો બોજ રાણી શી રીતે ઉઠાવી શકે ? લક્ષ્મીબાઈ ખૂબ જ આર્થિક સંકડામણમાં આવી પડ્યાં. પરંતુ પ્રભુમાં અડગ શ્રદ્ધા રાખી મુશ્કેલીના દિવસો તે પસાર કરવા લાગ્યાં. લક્ષ્મીબાઈ સવારે ચાર વાગ્યે ઊઠીને નિત્યકર્મથી ઝટ પરવારી લેતાં. પછી આઠ વાગ્યે તુળસીપૂજામાં બેસી જતાં. વળી ભોજનાદિથી પરવાર્યા પછી બપોરે ત્રણ વાગ્યા સુધી તે અગિયારસો રામનામ લખતાં. ત્યાર બાદ લગભગ આઠ વાગ્યા સુધી પુરાણીઓની કથાવાર્તાઓનું શ્રવણ કરતાં.

પરંતુ લક્ષ્મીબાઈ માટે આ સ્થિતિ પણ હંમેશ માટે સર્જાઈ નહોતી. અંગ્રેજી અમલ સામે હિંદી સૈનિકોએ મેરઠ અને દિલ્હીમાં ૧૮૫૭ની ૧૦ મી મેને દિવસે વિપ્લવ જાહેર કર્યો. તેની અસર ઠેર ઠેર થઈ. ઝાંસીમાં હિંદી સૈન્યે પણ થોડા દિવસ બાદ અંગ્રેજો સામે વિરોધ જાહેર કર્યો. આથી અંગ્રેજ લોકોએ પોતાનાં સ્ત્રી–બાળકોની સહીસલામતી માટે રાણીની મદદ માગી. લક્ષ્મીબાઈએ પોતાનાથી બનતી સઘળી મદદ કરી. છેવટે મામલો ખૂબ જ વીફરી ગયો, ત્યારે અંગ્રેજોએ રાણીને બળવો શમે નહીં ત્યાં સુધી ઝાંસીનો વહીવટ સંભાળવા પણ કહ્યું.

ઝાંસીમાં અંગ્રેજોના શાસન જેવું કશું તે વખતે રહ્યું ન હતું. રાણીએ ઝાંસી રાજ્યનો સત્તા-દોર પોતાના હાથમાં લીધો. તેમણે રાજ્યવ્યવસ્થા પાછળ પૂરેપૂરું ધ્યાન આપીને રાજ્યમાં સુવ્યવસ્થા સ્થાપી. અને રાજ્યની શક્તિ વધારી. તે વખત દરમ્યાન ગંગાધરરાવનો એક દૂરનો સગો સદાશિવરાવ પોતે ગાદીનો વારસ છે એમ કહીને ઝાંસી પર ચડી આવ્યો, પણ રાણીએ પોતાના સુવ્યવસ્થિત સૈન્ય વડે તેને હરાવ્યો. વળી એ જ વખતે ઓરછા ગામનો દીવાન નથ્થેખાં પણ ચડી આવ્યો. તેને પણ સખત હાર આપી નસાડી મૂકવામાં આવ્યો. હારેલો નથ્થેખાં અંગ્રેજોને શરણે ગયો અને તેણે રાણી વિરુદ્ધ અંગ્રેજોને કહ્યું કે, રાણી બળવાખોરો સાથે ભળી ગઈ છે.

પોતાની વિરુદ્ધ અંગ્રેજોના કાનમાં વિષ રેડાયુ છે એવી કંઈક ગંધ રાણીને આવી. એટલે તેમણે અંગ્રેજોને સાચી હકીકત જણાવવા અને પોતે અંગ્રેજો વિરુદ્ધ કશું કરતાં નથી એ સમજાવવા પ્રયત્ન કર્યો. પણ તેનું કશું પરિણામ ન આવ્યું. અંગ્રેજો વતી ઝાંસીનો જે સુંદર રાજ્યકારભાર દશ મહિના લગી રાણીએ ચલાવ્યો, તેની કંઈ જ કદર અંગ્રેજોએ કરી નહીં. આથી લક્ષ્મીબાઈને બહુ માઠું લાગ્યું અને અંગ્રેજો ઉપરથી તેમનું મન સાવ ઊઠી ગયું.

અંગ્રેજોએ પોતાના સેનાપતિ સર હ્યૂ રોઝને સાઠ હજારનું સૈન્ય લઈ ઝાંસી ભણી મોકલ્યો. લક્ષ્મીબાઈએ આ કટોકટીનો સમય વર્તી લઈને પોતાના ધર્મબંધુ તથા વિપ્લવના એક આગેવાન નાનાસાહેબને પોતાની વહારે આવવા લખ્યું. આ તરફ સર હ્યૂ રોઝ જેવો બાહોશ સેનાપતિ પોતાના કસાયેલા સૈન્ય સાથે એકવીસ બાવીસ વર્ષની વિધવા રાણી અને તેય પણ રીતસરનાં યુદ્ધની બિનઅનુભવી સ્ત્રી સામે ચડી આવ્યો. પરંતુ લક્ષ્મીબાઈ હિંમત હાર્યાં નહીં. આઠ દિવસ સુધી ખૂબ જહેમત ઉઠાવીને તેમણે પોતાના ઓછા સૈન્યને પ્રોત્સાહન આપી આપીને અંગ્રેજો સામે ટક્કર ઝીલી. નાનાસાહેબ કે તાત્યા ટોપેની રાહ રાણી ઘણી તાકીદથી જોઈ રહ્યાં હતાં. પણ એ લોકોનો કશો પત્તો જ નહોતો. છેવટે મોડા મોડા તાત્યા ટોપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીની વહારે આવ્યો ખરો. પરંતુ રસ્તામાં જ અંગ્રેજોએ તેને પરાસ્ત કરી ભગાડી મૂક્યો. આ સમાચાર રાણીને મળતાં તેમણે અંગ્રેજો સામે ટકી રહેવાની આશા છોડી દીધી. છેવટે તે થોડા લશ્કરને સાથે લઈને અંગ્રેજોની છાવણીને વીંધીને ખૂબ ચપળતાથી ઝાંસીની બહાર નીકળી ગયાં. અને જેમ તેમ કરીને લક્ષ્મીબાઈ કાલ્પી પહોંચ્યાં અને ત્યાં નાનાસાહેબ અને તાત્યા ટોપેને મળ્યાં.

થોડા વખત પછી અંગ્રેજો કાલ્પી ઉપર પણ ચડી આવ્યા. લક્ષ્મીબાઈએ નાનાસાહેબ વગેરેને અંગ્રેજોનો કઈ રીતે સામનો કરવો જોઈએ, એ વિષે ઘણાં અગત્યનાં સૂચનો કર્યાં, પણ એ લોકોએ તેમનું કહ્યું માન્યું નહીં. તોયે રાણીએ પોતાનાથી બનતી સઘળી સહાય કરી. તેમણે પોતાના નાનકડા સૈન્યની સહાયથી અંગ્રેજોનો હિંમતભેર સામનો કર્યો. પરંતુ આખરે એ સૌને કાલ્પી છોડવું પડ્યું. નાનાસાહેબ વગેરેને પરાજય પછી લક્ષ્મીબાઈની સલાહ લેવાનું યોગ્ય લાગ્યું. તેઓને ખાતરી થઈ કે, લક્ષ્મીબાઈ કેવળ શૂરવીર નથી, પણ સાથે સાથે પૂરેપૂરાં મુત્સદ્દી પણ છે. એટલે તેઓએ હવે શું કરવું એની સલાહ રાણી પાસે માગી. લક્ષ્મીબાઈએ ગ્વાલિયરનો કબજો લેવા સૂચવ્યું. અને એ મુજબ થોડા જ વખતમાં ગ્વાલિયર વિપ્લવવાદીઓના હાથમાં આવી ગયું.

ગ્વાલિયર હાથમાં આવતાં નાનાસાહેબે કાંઈ પણ પૂછ્યા વિના આ વિજયના ઉત્સવમાં એક મોટો દરબાર યોજ્યો. લક્ષ્મીબાઈએ એમને સમજાવવા ખૂબ પ્રયત્ન કર્યા કે, આ વખત કંઈ સુખચેનમાં પસાર કરવાનો નથી. પણ નાનાસાહેબ વગેરે ગાનતાનમાંથી ઊંચા આવ્યા જ નહીં. એવામાં તે લોકોએ સાંભળ્યું કે, સર હ્યૂ રોઝ મોરારનો કિલ્લો જીતી લેવા આવી રહ્યો છે ત્યારે તેઓની ઊંઘ ઊડી. પરંતુ સમય હવે બહુ થોડો હતો. તાત્યા ટોપે પોતાના સૈન્યની વ્યૂહરચના ગોઠવે એ પહેલાં અંગ્રેજ સૈન્યે પોતાની વ્યૂહરચના ગોઠવી દીધી હતી.

અંગ્રેજો અને બળવાખોરો વચ્ચે થોડા જ વખતમાં ખૂનખાર યુદ્ધ શરૂ થયું. અંગ્રેજો બરોબર શસ્ત્રસજ્જ થઈને આવ્યા હતા. એટલે નાનાસાહેબ વગેરેનું કંઈ બહુ ચાલ્યું નહીં. લક્ષ્મીબાઈ આ વખતે પણ બહાદુરીથી લડ્યાં, પણ તેમની તરફ અંગ્રેજ સૈનિકોનો ભારે ધસારો હોવાથી લક્ષ્મીબાઈએ તાત્યા ટોપેના સૈન્યમાં ભળી જવા પોતાની મંડળી સાથે અંગ્રેજ સૈન્ય વચ્ચેથી માર્ગ કાઢવા ધસારો કર્યો અને તે બધાં બહાર નીકળી ગયાં. પરંતુ કર્નલ સ્મિથ નામનો એક સેનાનાયક આ જોઈ ગયો. એટલે તેની ટુકડી સાથે તે લક્ષ્મીબાઈની પાછળ પડ્યો. તે વખતે લક્ષ્મીબાઈએ પુરુષવેશ પહેર્યો હતો એટલે અંગ્રેજો રાણીને ઓળખી શક્યા નહોતા. આગળ જતાં રાણી અને તેમની પ્રિય દાસી મંડળીથી જુદાં પડ્યાં. રસ્તામાં દાસીને એક અંગ્રેજ સૈનિકે ખતમ કરી. રાણીએ તરત જ ઘોડો ફેરવીને પેલા સૈનિકને પૂરો કર્યો. અને પછી તે આગળ વધ્યાં. પરંતુ રસ્તામાં એક વહેળો આવ્યો. વહેળાને કૂદી જવા માટે રાણીએ ઘોડાને એડી મારી. પણ ઘોડો નવો હોવાથી તે વહેળો કૂદી શક્યો નહીં. એટલામાં અંગ્રેજ સૈનિકો ત્યાં આવી પહોંચ્યા અને લક્ષ્મીબાઈ પર તૂટી પડ્યા. રાણીએ કુશળતાથી અને બહાદુરીથી તે લોકોનો સામનો કર્યો. એવામાં એક સૈનિકે રાણી પર જોરથી તલવારનો ઘા કર્યો. તેથી રાણીના માથાનું ડાબું પડખું કપાઈ ગયું. તુરત જ એક બીજા સૈનિકે પોતાની બંદૂકનું સંગીન રાણીની છાતીમાં ભોંકી દીધું. આથી રાણી બેશુદ્ધ થઈ નીચે ગબડી પડ્યાં. આ સૈનિકોને ખબર નહોતી કે, પુરુષવેશમાં રાણી લક્ષ્મીબાઈ જ છે. એટલે તેમને ત્યાં જ પડતાં મૂકીને એ લોકો પાછા ફર્યા.

અંગ્રેજ સૈનિકો ચાલ્યા ગયા એટલે લક્ષ્મીબાઈનો એક સેવક રામચંદ્રરાવ ત્યાં આવી પહોંચ્યો. રાણીના મૃતપ્રાય દેહને નજીકમાં રહેતા ગંગાદાસ બાબાની ઝૂંપડીએ લઈ ગયો. ત્યાં થોડી જ વારમાં લક્ષ્મીબાઈએ દેહ છોડ્યો. આમ ભારતની વીર સન્નારીઓમાં ગૌરવભર્યું સ્થાન પામનાર ઝાંસીનાં રાણી લક્ષ્મીબાઈના જીવનનો અંત ગ્વાલિયરથી લગભગ ચાર પાંચ માઈલ દૂર નિર્જન પ્રદેશમાં આવ્યો.

મુકુલભાઈ કલાર્થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિગારેટ વિ૦ કૅન્સર

[બીડીના વ્યસનનો ફેફસાંના કૅન્સર સાથે સંબંધ એ બાબત જાણીતા કટાર-લેખક ડ્રયૂ પિયર્સન અને *તુલાનાની યુનિવર્સિટીની સ્કૂલ ઑફ મેડિસિનના ડૉ. ઍલન ઑશનર વચ્ચે થયેલો ટેલિવિઝન વાર્તાલાપ નીચે આપ્યો છે.]

ડ્રયૂ પિયર્સન — ડૉ. ઑશનર, હું ધારું છું કે આ દેશમાં કરોડો લોકો — સિગારેટ પીનારા તેમ જ બીજાઓ પણ — સિગારેટ અને ફેફસાંના કૅન્સર સંબંધી આ સવાલમાં રસ ધરાવે છે. ફેફસાંનું કૅન્સર લોકો કહે છે એટલું વધ્યું છે ખરું? એ બાબતમાં આપને શું કહેવાનું છે?

ઑ. — મિ. પિયર્સન, સાચે જ એ વધવા પામ્યું છે. શરીરના બીજા કોઈ પણ ભાગના કૅન્સર કરતાં એ વધારે પ્રમાણમાં વધી રહ્યું છે. હાલ થોડા વખતમાં એ બીજા કોઈ પણ પ્રકારના કૅન્સર કરતાં ઘણું જ વધી ગયું છે.

પિ. — ઠીક, ત્યારે હું આપને પૂછી શકું કે આપની ઇસ્પિતાલમાં કૅન્સરના કેટલા દરદીઓ આપના જોવામાં આવ્યા?

ઑ. — એકંદરે લગભગ પંદરસો ફેફસાંના કૅન્સરના કેસો અમારા જોવામાં આવ્યા છે.

પિ. — અને કેટલાના ઉપર આપે શસ્ત્રક્રિયા કરી છે?

ઑ. — પાંચસોથી કંઈક વધારે દરદીઓ પર.

પિ. — એ તો બહુ ભયંકર કહેવાય ઠીક ત્યારે ડૉક્ટર સાહેબ, સિગારેટ પીવા સાથે ફેફસાંના કૅન્સરનો કેવો સંબંધ છે તે કહેશો?

ઑ. — એ બે વચ્ચે બહુ જ સીધો સંબંધ છે. મિ. પિયર્સન, ૧૯૨૦ની સાલ પછીથી તો યુનાઈટેડ સ્ટેટ્સમાં સિગારેટના વપરાશનું પ્રમાણ અને ફેફસાંના કૅન્સરનો વધારો એ બે વચ્ચે સીધો સંબંધ બતાવી શકાય એમ છે. જેટલા પ્રમાણમાં સિગારેટનો વપરાશ વધ્યો છે, તેટલા જ પ્રમાણમાં ફેફસાંના કૅન્સરનું દરદ પણ વધવા પામ્યું છે.

પિ. — સિગારેટ પીવા સિવાય બીજા કોઈ કારણે ફેફસાંનું કૅન્સર ન થાય કે?

ઑ. — ના. મારી પાકી ખાતરી છે કે, સિગારેટ પીવાને લીધે જ એ થાય છે; એનો દોષ ખરાબ હવા પર ઢોળવાના પ્રયાસ થાય છે. પણ મારી પાકી ખાતરી છે કે ખરાબ હવા સાથે એને કશો જ સંબંધ નથી. જે શહેરોમાં હવા ખરાબ હોય છે ત્યાં આગળ, જે શહેરોની હવા સારી હોય ત્યાંના કરતાં, ફેફસાંના કૅન્સરના દરદનું પ્રમાણ વધારે જોવામાં આવ્યું નથી. ફેફસાંના કૅન્સરના દરદનું પ્રમાણ શહેરોમાં વધારે હોય છે એ ખરું, પરંતુ ગામડાંઓ કરતાં શહેરોમાં બીડી, ખાસ કરીને સિગારેટ વધારે પ્રમાણમાં પિવાય છે.

પિ. — સિગારેટની પ્રાણીઓ પર શી અસર થાય છે એ બાબતમાં આપનો કંઈ અનુભવ છે ખરો?

ઑ. — એ બાબતમાં વૉશિંગ્ટન યુનિવર્સિટીમાં (સે. લૂઈમાં) ડૉ. ગ્રેહામે સરસ કાર્ય કર્યું છે. અને એ કાર્ય ઘણું જ સૂચક છે. તેમણે માણસની પેઠે જ સિગારેટ પીનાર રૉબોટ યંત્ર લીધું. તેમણે એ યંત્રમાંથી ધુમાડો એકઠો કર્યો, તેને ઠંડો પાડ્યો અને તે દર અઠવાડિયે ત્રણ વખત પ્રાણીઓની ચામડી પર ઘસ્યો. આ રીતે કરતાં આઠ મહિનાને અંતે તેમને કૅન્સર નહીં એવું ગૂમડું માલૂમ પડ્યું. એક વરસને અંતે તેમને એક કૅન્સર માલૂમ પડ્યું. એ વખતે જો તેમણે પોતાનું સંશોધન બંધ કર્યું હોત, તો તેનું પરિણામ નકારાત્મક આવત. પરંતુ બે વરસને અંતે ૪૪ ટકા જેટલાં પ્રાણીઓને જ્યાં ધુમાડાનો ડામર ઘસવામાં આવ્યો હતો તે જગ્યાએ કૅન્સર થયેલું જણાયું અને તે માણસોને થતા કૅન્સરના જેવું જ હતું. એને લીધે પ્રાણીઓ મરી ગયાં. તે તેમના શરીરના બીજા ભાગોમાં પણ ફેલાયું અને તે આબેહૂબ માણસને થાય છે તે કૅન્સર જેવું જ હતું.

પિ. — એટલે કે, જેમને સિગારેટનો ધુમાડો લગાડવામાં આવ્યો તે પૈકી ૪૦ ટકા જેટલાં પ્રાણીઓને કૅન્સર થયું, એમ જ ને?

ઑ. — હા સાહેબ; એમ જ.

પિ. — તો, બીજા દેશોમાં શી સ્થિતિ છે? તેમણે પણ સિગારેટ અને ફેફસાંના કૅન્સર વચ્ચે રહેલા સંબંધ બાબત કશું સંશોધન કર્યું છે ખરું?

ઑ. — હા, મિ. પિયર્સન. એનું પ્રમાણ હોલેંડમાં પણ વધ્યાના આંકડા મારી પાસે પડ્યા છે. ૧૯૨૪થી ૧૯૫૧ના ગાળા દરમ્યાન પુરુષોમાં તે ચોવીસ ગણું અને સ્ત્રીઓમાં દશ ગણું વધવા પામ્યું છે.

પિ. — એટલા ટૂંકા ગાળામાં આટલું બધું વધ્યું?

ઑ. — હા જી.

પિ. — છાપાંઓમાં એવું વાંચ્યાનું મને યાદ છે કે, બ્રિટિશ સરકારે કૅન્સર અને સિગારેટના સંબંધમાં કંઈક સત્તાવાર પગલું ભર્યું છે.

ઑ. — સાચી વાત છે. બે મહિના પર, એ સવાલની તપાસ કરવાને બ્રિટિશ સરકારે નીમેલી કમિટીનો હેવાલ બ્રિટિશ પાર્લમેન્ટ આગળ રજૂ કરવામાં આવ્યો હતો. એ કમિટીએ પોતાના હેવાલમાં જણાવ્યું છે કે સિગારેટ પીવાની ટેવનો ફેફસાંના કૅન્સર સાથે નિકટનો સંબંધ રહેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિ.—એટલે કે, એ સત્તાવાર હેવાલ હતો, એમ જ ને?

ઑ.—હા સાહેબ.

પિ.—દાક્તર સાહેબ, વયની બાબતમાં અને લોકોને કઈ ઉંમરે ફેફસાંનું કૅન્સર થાય છે એ બાબતમાં કશો અભ્યાસ કરવામાં આવ્યો છે ખરો?

ઑ.—હા, મિ. પિયર્સન. દાખલા તરીકે, ફેફસાંના કૅન્સર સિવાયનાં બીજાં બધાં કૅન્સરોની વૃદ્ધિ દર્શાવતો આલેખ મારી પાસે છે. એમાં આપણે જોઈ શકીએ છીએ કે જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ તેનું પ્રમાણ વધતું જાય છે. પણ ફેફસાંના કૅન્સરનું આચરણ એથી જુદા જ પ્રકારનું હોય છે. ૫૫ વરસની ઉંમરે એ આલેખ એકદમ ઊંચે ચડે છે અને પછી નીચે ઊતરી પડે છે.

પિ.—એ પાછો એકદમ નીચે કેમ ઊતરી પડે છે?

ઑ.—મારી ખાતરી છે કે આ કારણે તે એકદમ નીચે ઊતરે છે: વરસો સુધી ખૂબ સિગારેટ પીનાર માણસના હૃદય તથા લોહી પર તંબાકુની માઠી અસર થવા પામે છે. એને કારણે તેને હૃદયરોગ થાય છે અને તે હૃદયરોગને કારણે તે મરણ પામે છે, અને આ રીતે તે ફેફસાંનું કૅન્સર થવા જેટલું લાંબું જીવતો નથી.

પિ.—એમ કહેવું એ અતિશય કરુણ લાગે છે પણ બીજા શબ્દોમાં કહીએ તો, એનો અર્થ એ થયો કે, તંબાકુને કારણે માણસ હૃદયરોગથી ન મરે તો પછી તે કૅન્સર થવાથી મરે છે.

ઑ.—બરાબર છે.

પિ.—ઠીક ત્યારે, દાક્તર સાહેબ, ચૂંગી અને ચિરૂટની બાબતમાં આપને શું કહેવાનું છે? તેઓ પણ સિગારેટની જેમ જ ફેફસાંના કૅન્સર માટે કારણભૂત બને છે?

ઑ.—ફેફસાંનું કૅન્સર માત્ર સિગારેટ પીવાને લીધે જ થાય છે. ચિરૂટ અને ચૂંગી પીનારાઓમાં એ ભાગ્યે જ જોવા મળે છે. કારણ કે ચૂંગી તથા ચિરૂટ પીનારાઓ ધુમાડાનો દમ લેતા નથી. ફેફસાંમાં ધુમાડો જવાને લીધે જ કૅન્સર થાય છે. પણ આ ચિરૂટ અથવા ચૂંગી પીનારાઓને હોઠનું, જીભનું કે મોંનું કૅન્સર થાય છે.

પિ.—મારે કહેવું જોઈએ કે, કેટલાક લોકોને માટે એ ચિત્ર મદદરૂપ થાય એવું નથી. પણ હાલ લોકો કેટલા વહેલા સિગારેટ પીવાનું શરૂ કરે છે એ બાબતમાં કશો અભ્યાસ થવા પામ્યો છે ખરો?

ઑ.—હા. એને અંગે ચોક્કસ આંકડાઓ મળે છે. હવે તો નવ ને દશ વરસનાં બાળકો સિગારેટ પીવા લાગે છે. વીસ વરસ પર આવું નહોતું.

પિ.—નવ ને દશ વરસનાં બાળકો?

ઑ.—હા. નવ ને દશ વરસનાં બાળકો; અને મેં આપને બતાવ્યો તે આલેખ દર્શાવે છે કે લગભગ પંદર વરસ અગાઉ ૬૫ વરસની ઉંમરે કૅન્સરનું પ્રમાણ વધુમાં વધુ હતું. દશ વરસ અગાઉ ૬૦ વરસની ઉંમરે એમ હતું અને હાલ ૫૦ અને ૫૫ વરસની ઉંમરે એનું પ્રમાણ વધારેમાં વધારે હોય છે. એનું કારણ એ છે કે હવે લોકો ઘણી નાની ઉંમરે સિગારેટ પીવા લાગે છે અને પરિણામે તેથી પહેલાંના કરતાં ઓછી ઉંમરે તેમને કૅન્સર થાય છે.

પિ.—હવે ડૉક્ટર સાહેબ, એ કહો કે સિગારેટની કંપનીઓએ એ બાબતમાં શું કર્યું છે?

ઑ.—મારે કહેવું જોઈએ કે, દુર્ભાગ્યે, તેમણે જે કરવું જોઈતું હતું તે કર્યું નથી. તેમણે તંબાકુને અંગે સંશોધન કરવાની એક સંસ્થા કાઢી છે. અને આ બધા સવાલોને તેમાં અભ્યાસ કરવામાં આવશે એમ માની શકાય. સિગારેટની કંપનીઓ પાસેથી મેં એવી આશા રાખી હતી કે આ બાબતમાં તેઓ અમારી નેશનલ રિસર્ચ કાઉન્સિલ અથવા અમેરિકન કૅન્સર સોસાયટી જેવી સંસ્થાઓને નાણાં આપવા જેટલી સચ્ચાઈ દાખવશે. કેમ કે કોઈ પણ સ્વતંત્ર સંસ્થા તરફથી કરવામાં આવેલા સંશોધનમાં જ પ્રજાનો વિશ્વાસ બેસે.

પિ.—સિગારેટની કંપનીઓ ઇંગ્લંડમાં બ્રિટિશ સરકાર સાથે કશું કરે છે ખરી?

ઑ.—હા, મને એમ કહેવામાં આવ્યું છે કે તંબાકુનાં હિતોએ તેમની નેશનલ રિસર્ચ કાઉન્સિલને આ સંશોધન કરવા માટે નાણાં આપ્યાં છે.

પિ.—એટલે કે, ઇંગ્લંડમાં સિગારેટની કંપનીઓ બ્રિટિશ સરકારની સાથે રહીને કામ કરે છે, એમ જ ને?

ઑ.—બરાબર.

પિ.—ઠીક ત્યારે દાક્તર સાહેબ, સિગારેટ પર લગાવવામાં આવતાં ફિલ્ટર વિષે આપનો શો અભિપ્રાય છે? એનાથી કશો ફાયદો થાય છે ખરો?

ઑ.—ના, મિ. પિયર્સન. મારી પાસે અહીં એક સ્લાઈડ છે તે એ વસ્તુ બરાબર બતાવે છે. અહીં, જાણીતી પાંચ જાતની સિગારેટો પીધા પછી જે શેષ રહે તે બતાવવામાં આવ્યું છે. એમાંની એક સિગારેટ ફિલ્ટરવાળી છે. જે આપને ફિલ્ટરવાળી લાગે તે એક સિગારેટ આપ મહેરબાની કરીને ઉપાડશો?

પિ.—લાવો જોઉં. મને લાગે છે કે આ ફિલ્ટરવાળી છે.

ઑ.—ના, એ તો આ રહી. આપ જોઈ શકશો કે એમાં વધુ નહીં તો એટલો શેષ તો રહ્યો છે જ.

પિ.—આ જ ને?

ઑ.—હા, સાહેબ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિ.—હું સાચે જ છેતરાયો. ડૉ. ઑશનર, કેટલાંક પ્રેસ એસોસિયેશનોએ આ ખબર દબાવી રાખવાનું વલણ દર્શાવ્યું હતું એ વાત સાચી છે?

ઑ.—હા, સાચી છે. છ વરસ આગળ મેં ડેનવર આગળ ફેફસાંના કેન્સર વિષે વાત કરી હતી અને મેં એ હકીકત તરફ ધ્યાન દોર્યું હતું કે મારા અભિપ્રાય પ્રમાણે ફેફસાંના કેન્સરને સિગારેટ પીવા સાથે સંબંધ રહેલો છે. એક તરુણ રિપોર્ટરે મને પકડયો અને કહ્યું કે મારે આ આખી વાત જાણવી છે. મેં તેની સાથે એ વિષે લંબાણથી વાત કરી અને તેનો હેવાલ જોયો. એ ઘણો જ સારો હતો. તે એક છાપા પર મોકલવામાં આવ્યો. પણ તે છાપવામાં આવ્યો નહોતો.

પિ.—હું ધારું છું કે, પોતાની જાહેરખબરો પર અસર કરે એવું કશું તેઓ છાપવા માગતા નથી હોતા, એમ જ ને?

ઑ.—હું ધારું છું કે એમ જ હશે . . . પણ ભગવાન જાણે.

પિ.—હું ધારું છું કે અમે છાપાંવાળાઓ હવે આ અતિશય મહત્ત્વના સવાલની બાબતમાં ઘણું સારું કામ કરી રહ્યા છીએ. પણ દાક્તર સાહેબ, એ બાબતમાં આપનો કંઈક પૂર્વગ્રહ હોય એમ ન બને?

ઑ.—મારો પૂર્વગ્રહ હોય પણ ખરો, મિ. પિયર્સન. કારણ કે છેલ્લાં પંદર વરસથી હું સિગારેટ પીવાથી જેમની દુર્દશા થઈ છે એવા લોકોની સારવાર દ્વારા મારો ગુજારો કરું છું. વસ્તુતાએ તેઓ જ મારા મોટામાં મોટા હિતેચ્છુઓ છે. અને મને જો પૂર્વગ્રહ હોય તો લોકો વધુ ને વધુ સિગારેટો પીતા થાય તેની તરફેણમાં મારો પૂર્વગ્રહ હોવો જોઈએ. જ્યારે, આપણા રાષ્ટ્રની શી દશા થશે એ બાબતમાં હું ભયભીત થયેલો છું. ફેફસાંના કેન્સરમાં જે જબરદસ્ત વધારો થયો છે તે અટકાવવા માટે કશું કરવામાં આવે તે સિવાય આપણા રાષ્ટ્રને માટે ભારે જોખમ છે.

(ન્યૂ આઉટલૂકમાંથી, જુલાઈ ૧૯૫૪)

(અંગ્રેજી પરથી)

કેન્સર

કેટલાક પ્રામાણિક દાક્તરો તથા આંકડાશાસ્ત્રીઓએ હિંમતપૂર્વક પોતાનો અભિપ્રાય દર્શાવ્યો કે, આંકડાઓના અભ્યાસ પરથી અમને લાગે છે કે, બીજી રીતે તંદુરસ્ત સ્ત્રી તથા પુરુષોને કેન્સર થવાનું એક મુખ્ય કારણ સિગારેટ પીવાની આદત છે.

હવે કેન્સર એક ભયંકર રોગ છે અને સ્ત્રી તથા પુરુષો એની બાબતમાં કોઈ પણ પ્રકારની બેદરકારી રાખવા ન માગે એ સ્વાભાવિક છે. ઉપરનો અભિપ્રાય જાહેર કરવામાં આવ્યો ત્યારે સિગારેટના વપરાશમાં એકદમ અને ઝડપી ઘટાડો થવા પામ્યો.

સિગારેટનો વેપાર એ એક અતિશય સંગઠિત વ્યવસાય છે અને એ જગદ્વ્યાપી રોજગાર છે તથા તેમાં અઢળક મૂડી તથા માનવશક્તિ રોકાયેલી છે. કેન્સર વિષેની આ વૈજ્ઞાનિક દહેશતની 'અવિચારી' જાહેરાત સિગારેટના વેપારના દાદાઓને રુચી નહીં. પણ જે દખલ થવાની હતી તે તો થઈ ગઈ અને સિગારેટના વેપારીઓને પોતાની આંખ ઉઘાડતાં અને એ બાબત હાથ ધરતાં થોડોક વખત લાગ્યો. પણ તેમણે ઝાઝી વાર લગાડી નહીં. થોડા જ વખતમાં જરૂરી બધું કરી દેવામાં આવ્યું અને હવે એક પછી એક દાક્તર—એમાંના કેટલાક બીજી રીતે બહુ નામીચા નથી અથવા પોતાની દાક્તરી અથવા આરોગ્યવિષયક શોધખોળ માટે જાણીતા નથી—પોતાની નાની નાની જાહેરાતો લઈને બહાર પડે છે અને એ જાહેરાતો દુનિયાના બધા દેશોનાં છાપાંઓમાં આકર્ષક રીતે પ્રસિદ્ધ કરવામાં આવે છે. જાહેરખબરો આપનાર વેપારીઓ સાથે રોજિંદાં છાપાંઓ કંઈક બેહૂદી પરિસ્થિતિમાં મુકાઈ જાય છે.

પોતાના નામ સાથે દાક્તરી ડિગ્રી જોડાયેલી છે એવા માણસો હવે જણાવે છે કે,

૧. કેન્સર સિગારેટ પીવા ઉપરાંત બીજાં અનેક કારણોથી થાય છે.

૨. સિગારેટ પીવાથી કેન્સર થાય છે એવું નિર્ણયાત્મક રીતે પુરવાર કરવામાં આવ્યું નથી.

૩. તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા દાક્તરી અભિપ્રાય છતાં સંખ્યાબંધ ખુશમિજાજ લોકોએ સિગારેટ પીવાનું ચાલુ રાખવાનો નિશ્ચય કર્યો છે; જેમણે સારી નામના મેળવી છે એવા લોકોએ પણ.

૪. જે કંઈ હાનિ થાય છે તે ઘણું કરીને કાગળને લીધે થાય છે, તંબાકુને લીધે નહીં; અને માનવહિતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

• Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિંતા રાખનારા સિગારેટના વેપારીઓ કાગળની ગુણવત્તા સુધારવાના કામમાં મંડી પડ્યા છે, વગેરે વગેરે.

આમ, આ અને એવા બીજા માહિતી આપનારા મુદ્દાઓ સિગારેટ-વિરોધી દાક્તરી અભિપ્રાયની સામે રજૂ કરવામાં આવે છે. એ વસ્તુ જોકે રસ પડે એવી છે ખરી, પણ નાગ સાપ જોડે ગેલ કરતાં અટકવા પહેલાં સાપનો દંશ જીવલેણ હોય છે એની નિશ્ચિત સાબિતી કોણ માગશે? ઘણાંખરાં સ્ત્રીપુરુષો તત્કાળ કે પાછળના જીવનમાં પોતાને કૅન્સર થાય એવું ઇચ્છે નહીં, અને તેઓ એ બાબતમાં કશું પણ નિશ્ચિત જોખમ ઉઠાવે નહીં. વેપાર માનવીના સુખને અર્થે હોય છે. વેપારને અર્થે લોકોને આરોગ્યની બાબતમાં જોખમ ખેડવાને કહેવું એ બરાબર નથી.

ચક્રવર્તી રાજગોપાલાચારી

(અલર્ટ માંથી, જાન્યુ. માર્ચ, ૧૯૫૫)
(અંગ્રેજી પરથી)

સદ્‌ગુણો વિનાની મહત્ત્વાકાંક્ષા!

(ગૂજરાત કુમાર-વિનય મંદિરના વાલી સંમેલનમાં થયેલી ચર્ચાનો અહેવાલ)

તા. ૨૪-૪-'૫૫ ને રવિવારે સવારે ગૂ૦ કુમાર મંદિર અને વિનય મંદિરનાં બાળકોના વાલીઓનું વાર્ષિક સંમેલન ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી શ્રી. ઠાકોરભાઈ દેસાઈના પ્રમુખપદે યોજાયું હતું.

શરૂમાં પ્રાર્થના થયા બાદ પ્રાસ્તાવિકમાં કુમાર મંદિરના આચાર્યે કહ્યું કે, આવા સંમેલનના પ્રમુખની પસંદગી કરતી વખતે અમે એ ધ્યાનમાં રાખીએ છીએ કે પ્રમુખ તરીકે જો કોઈ વાલી મળી આવે અને તેમાં પણ જો કેળવણી વિષયક દૃષ્ટિબિંદુ ધરાવતા વાલી પ્રમુખ તરીકે મળી આવે તો સારું. આજના પ્રમુખ બેઉ રીતે યોગ્ય મળ્યા તે આપણું સદ્‌ભાગ્ય છે.

પ્રાસ્તાવિક બાદ વિનય મંદિરના આચાર્ય અને કુમાર મંદિરના આચાર્યે શાળાના કામનો ટૂંકો વાર્ષિક હેવાલ વાંચ્યો હતો. તે વંચાઈ રહ્યા બાદ પ્રમુખશ્રીએ હાજર રહેલા વાલીઓને આ કેળવણી અંગે પોતાના અભિપ્રાયો દર્શાવવા અને પોતાના બાળકના વિકાસ બાબતમાં કે અન્ય બાબતમાં કંઈ સૂચનો કરવા જેવાં હોય તો તે જણાવવા સૂચવ્યું હતું. તે ઉપરથી, કેટલાક વાલીઓએ પોતાના અભિપ્રાયો જણાવ્યા હતા.

એક બહેને ઘરકામ બરાબર આપવા, એક ભાઈએ પાક્ષિક પરીક્ષા બંધ કરવા, તો કોઈએ ઉદ્યોગકામ ઓછું કરવા જણાવ્યું હતું. વળી બે-ત્રણ વાલીઓએ એમ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉદ્યોગ-કામ વધારે કરાવવું, સારા સંસ્કાર આપવા આવી શાળાઓમાં જ બાળકોને મોકલવાં, વગેરે.

ત્યાર બાદ, પ્રમુખશ્રીએ વાલીઓના પોતાનાં બાળકોના અભ્યાસ પરત્વેના વિચારો સંબંધી બોલતાં જણાવ્યું હતું કે,

"માબાપો પોતાનાં બાળકોના વિકાસનો વિચાર આત્મીયતાના સંબંધથી કરે એ સ્વાભાવિક છે. એ સારી વાત છે. પણ તેમ કરતી વેળા મોટી મુસીબત એ થાય છે કે, પોતાની જે હોંશ પોતે પૂરી પાડવા કશું ન કરી શક્યાં, એ હોંશ પોતાનાં છોકરાછોકરી મારફત પૂરી પાડવા તેઓ સહેજે ઇચ્છે છે. આ મોટી ગફલત છે. પછી જ્યારે એ હોંશ ફળતી નથી ત્યારે એનાં કારણો શોધવા વાલી બેસે છે અને એની જવાબદારી પોતા સિવાય બીજાના માથા પર તેઓ નાખે છે.

બાળકોને પોતાની એક અલગ દુનિયા હોય છે. તેમને પોતાના અલગ તરંગો, ખ્યાલો હોય છે. આપણે પોતે નાની અવસ્થામાં એવા તરંગો કરતા હતા, તે વખતની આપણી પરિસ્થિતિ ભૂલી જઈએ છીએ. એટલે આવા તરંગોમાં રાચતું છોકરું કોઈ કામ ન કરે એનો દોષ આપણે શિક્ષકો પર પણ નાખીએ છીએ.

બાળકો પ્રત્યેના વર્તન સંબંધી, આપણે વાલી અને શિક્ષકો સમાન ભૂમિકા પર ઊભેલા નથી. આપણી આકાંક્ષા બાળક ન પૂરે ત્યારે આપણને જેવી બળતરા થાય, તેવી બળતરા શિક્ષકોને કદાપિ ન થાય, ન થઈ શકે. તેથી એની પાસેથી આવી બળતરાની આશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખી શકાય. છતાં અવશ્ય તે વિદ્યાર્થીઓના વિકાસનો વિચાર સમગ્ર રીતે કરે.

આજે કેળવણીની ચાલુ પ્રથા બદલવાની બધા વાતો કરે છે. પણ ચાલુ કેળવણી જે તંત્રમાં ગોઠવાઈ છે એ તંત્રના સંચાલકો એ પ્રથા બદલવા માગતા નથી. એ પલટો થતો નથી, એમાં આપણે વાલી પણ જવાબદાર છીએ. જૂની કેળવણીથી થયેલા નુકસાનથી બધા પરિચિત છે. છતાં એ કેળવણી દ્વારા જે થોડા-ઘણા લાભો મળ્યા છે તેને જવા દેવા કોઈ તૈયાર નથી ! ! ! એટલે એ લોકો એવું કરવા તાકતા હોય છે કે, જૂની પદ્ધતિથી મળતા લાભો તો મળવા જ જોઈએ અને નવી પદ્ધતિ અખત્યાર કરી નવા લાભો પણ મળતા કરવા જોઈએ !

કેળવણીમાં આજે ક્રાંતિ આવી રહી છે. ક્રાંતિનું એક લક્ષણ એ હોય છે કે, માણસ માણસ વચ્ચેના સંબંધોમાં પલટો આવે; અને બીજું લક્ષણ એ હોય છે કે, એ કાળે પાર વગરની હોંશ જાગે. ક્રાંતિ આવે ત્યારે જૂની વ્યવસ્થામાં લાભ જોનારા એ પલટાની સામે થાય છે. કેળવણીના ક્ષેત્રમાં આજે આવું જ ચાલી રહ્યું છે.

ત્યારે સવાલ એ થાય છે કે, જૂની કેળવણી સામે મોટામાં મોટી ફરિયાદ કઈ છે ? એમાં પાયાનો દોષ કયો છે? અંગ્રેજી ભણાવે છે કે ગુજરાતી નથી ભણાવતા, એને મૂળગત દોષ ન કહેવાય. એ તો હકીકત-ભેદ છે. ચાલુ પદ્ધતિનો મોટામાં મોટો દોષ એ છે કે, એ પદ્ધતિ બાળકના મનમાં પાર વિનાની મહત્ત્વાકાંક્ષા ઊભી કરે છે, (એને લઈને બાળકને પોતાની શક્તિનું ભાન થાય છે ખરું.) પણ એ મહત્ત્વાકાંક્ષા પાર પાડવા માટે જે સદ્‌ગુણો ખીલવવા જોઈએ એ સદ્‌ગુણો એ પદ્ધતિ ખીલવી શકતી નથી. ઊલટાનું બાળકમાં સંસ્કારગત થોડા સંસ્કારો હોય છે એનો પણ એ હ્રાસ કરે છે.

કેળવણીની જૂની પદ્ધતિથી થતા ગેરલાભ વિષે એક દાખલો આપું કે, એ તાલીમ લેતા વિદ્યાર્થીની દશા શેરડીના કોલુમાં પિસાઈને નીકળેલા કૂચાના જેવી નિઃસત્ત્વ હોય છે. જૂની પદ્ધતિ શેખચલ્લી થવાની ટેવ પાડે છે, પણ મહેનત કરવાની ટેવ નથી પાડતી. હું કહું છું કે, બાળકમાં આકાંક્ષા જરૂર પેદા કરો, એને કેળવણીનું એક કામ સમજો, પણ સાથે સાથે એ આકાંક્ષા પાર પાડવા ઉદ્યોગ-શીલ વૃત્તિ, સંયમ, નીડરતા વગેરે ગુણો કેળવવા માટે પણ જોગવાઈ કરો.

એટલે વર્તમાન સંજોગોમાં પલટો લાવવાનો છે. એમને ધરમૂળથી બદલવાના છે. એટલે મહાત્મા ગાંધીજીએ કેળવણીમાં ક્રાંતિ કરીને ઉદ્યોગ મારફત તાલીમ આપવા માંડી, આપવાની વાત કરી. બાળકોમાં મહેનત કરવાની ટેવ જણાતી નથી; એ ટેવ પાડવા માટે ઉદ્યોગ મારફત જ શિક્ષણ આપવું જોઈએ. એટલે જૂની પદ્ધતિના સકંજામાંથી નીકળી જઈને કેળવણીને ઉદ્યોગના પાયા પર મૂકવામાં જ ખરી ક્રાંતિ જણાશે.

જે દિવસે ઉદ્યોગ દ્વારા કેળવણીને સફળતા મળશે ત્યારે ચાલુ પદ્ધતિ દ્વારા મળતા લાભોથી ઊજળા દેખાતા લોકો ઝાંખા પડી જશે. એટલે જે માબાપો પોતાનું અને પોતાનાં બાળકોનું કલ્યાણ ઇચ્છે છે એમણે બુનિયાદી તાલીમના પ્રયોગોમાં રસ લઈ એ દ્વારા પોતાના જીવનમાં ફેરફાર કરવો અને પોતાના બાળકને પણ એવી તાલીમ આપવી. આવી શાળામાં જે વાલી બાળકને મોકલે છે એમણે પોતાનાં મૂલ્યાંકનો બદલવાં પડશે. નવાં મૂલ્યોની કિંમત લેવી હોય તો તેમણે નવો પ્રયત્ન કરવો પડશે.

આજે આપણા દેશમાં મોટા ફેરફારો થઈ રહ્યા છે. તે સામે ટકી રહેવાની શક્તિ મળે એવી કેળવણી આપણાં બાળકોને આપવી પડશે. વાલીઓએ પોતાની જવાબદારી બીજા પર ન ઢોળી દેવી જોઈએ. આપણાં છોકરાં આપણા વર્તન અને ચારિત્ર્ય દ્વારા આપણા ઘરમાંથી જ તાલીમ પામે છે; એમના ચારિત્ર્યનું ઘડતર ઘરે થઈ શકે છે. એ ઘડતર કરવાનો એકમાત્ર કીમિયો તે વાલી અને શિક્ષકનાં ચારિત્ર્ય સારા હોવાં તે છે.”

પ્રમુખશ્રીના ભાષણ બાદ ‘વંદેમાતરમ’ ગાઈ સંમેલન બરખાસ્ત થયું હતું.

ચંદ્રકાંત ઉપાધ્યાય
(આચાર્ય, કુ. મંદિર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

શ્રી એન. એમ. જોષી

પીઢ અને અનુભવી મજૂર નેતા શ્રી એન. એમ. જોષી તા. ૩૦મી મેને રોજ ૭૬ વરસની પાકટ વયે એકાએક ચાલ્યા ગયા. તેઓ સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાયટીના જૂનામાં જૂના સેવકોમાંના એક હતા. જોકે છેલ્લાં થોડાંક વરસથી તેઓ એ સોસાયટીના વિધિસરના સભ્ય નહોતા રહ્યા.

શ્રી જોષી મહાન માનવતાવાદી હતા. આખી જિંદગી એમણે ગરીબો ને દલિતોના હિત માટે કામ કર્યું; સહકારી પ્રવૃત્તિ, મજૂર સેવા, નાગરિક સ્વાતંત્ર્ય, સ્થાનિક સ્વરાજ્ય વગેરે સામાજિક સેવાના જે જે ક્ષેત્રમાં તે પડ્યા તેમાં તેમનો ઉદ્દેશ કેવળ ગરીબોની સેવા કરવાનો હતો. એ કામ તેમણે તેમના મહાન ગુરુ શ્રી ગોખલેના સાચા અનુયાયીને શોભે એવી રીતે લગભગ ધાર્મિક શ્રદ્ધાપૂર્વક કર્યું. હું માનું છું કે, તેઓ સાચા બુદ્ધિવાદી હતા. દેશના સવાલો પ્રત્યે તેમની બુદ્ધિવાદી દૃષ્ટિને કારણે તેઓ તેમના બધા સાથીઓને પ્રિય થઈ પડ્યા હતા. અને છેલ્લાં થોડાંક વરસોમાં તો તેમણે સામ્યવાદી ધગશથી ઊભરાતા યુવાન કાર્યકર્તાઓની મૈત્રી પણ સંપાદન કરીને તેમને દોરવણી આપી હતી. તેમણે લગભગ એક પેઢી સુધી મજૂર ચળવળનું હિત સાચવ્યું હતું. ભવિષ્યની પેઢીઓ તેમને મુખ્યત્વે આપણા એક મહાન મજૂર નેતા તરીકે ઓળખશે.

એમનું સેવામય જીવન દેશના યુવાનોને એમના જેટલી જ ઉદાત્ત ભાવનાથી ને નિષ્ઠાથી માતૃભૂમિની સેવા કરવાની પ્રેરણા આપો.

૪–૬–'૫૫ મ૦

(અંગ્રેજી પરથી)

સ્વ૦ દુર્ગાબહેન

ગુજરાતમાં અને બહાર જેઓ શ્રી મહાદેવભાઈ ને અંગત રૂપે ઓળખતા, તે સૌ તેમનાં ધર્મપત્ની શ્રી દુર્ગાબહેનને પણ ઓળખતા. સન ૧૯૧૭માં મહાદેવભાઈ ગાંધીજીની અને દેશની સેવામાં જોડાયા; ત્યારથી તે તેમના દેહાન્ત સુધી દુર્ગાબહેન એમનાં સાથી અને સહભાગી રહ્યાં — ગાંધીજીના સત્યાગ્રહાશ્રમનાં આશ્રમવાસી થયાં. આનો અર્થ શો છે, તે જેઓ જાણે છે તે જાણે છે. આશ્રમનાં વ્રતો લઈને રહેવાનું એ જીવન કઠણ ત્યાગમય, અપરિગ્રહી ગરીબાઈને વરેલું અને સતત સેવા- તથા શ્રમ-પરાયણ હોય છે. તેમાંય મહાદેવભાઈ ને ભાગે તો એવું કામ આવ્યું કે, તેને અંગે તેમણે વરસનો કેટલો મોટો ભાગ ગાંધીજીની જોડે પ્રવાસમાં રહેવું જોઈએ; અને તે એકાદ બે વરસ નહીં, આખી જિંદગી સુધી ચાલુ રહ્યું. દુર્ગાબહેન એમાં હૃદયપૂર્વક સંમત હતાં, અને આશ્રમના ગાંધીજીના બહોળા કુટુંબનાં એક થઈને રહેતાં. ગાંધીજી હસતાં હસતાં કહેતા, મહાદેવ તો દુર્ગાને.જ નહીં, મને ને મારા કામને પરણ્યો છે. (મારા શબ્દોમાં સાર આ કહું છું.) એ વ્રત સદ્ગત મહાદેવભાઈ એ કેવું યશસ્વી કરી બતાવ્યું છે, તે આપણે જાણીએ છીએ. એમાં દુર્ગાબહેનનો ફાળો ભારોભાર હતો.

દુર્ગાબહેન પોતે પણ સેવાનાં કામોમાં ભાગ લેતાં હતાં. ૧૯૧૮માં ચંપારણમાં ગાંધીજીએ સેવાશ્રમો ખોલ્યા, ત્યારે આશ્રમની બહેનો ત્યાં પહોંચી. તેમાં દુર્ગાબહેન એક હતાં, તે ગાંધીજીનાં લખાણોમાં નોંધાયેલું જોવા મળે છે. દુર્ગાબહેન કહેતાં, 'અમને શું આવડે! બાપુ અમને હિંમત આપતા અને કહેતા કે તમે કરી શકશો અને અમે કામ કરતાં.' આશ્રમજીવનમાં ઓતપ્રોત થઈને તે રહેતાં હતાં. ૧૯૩૦માં — સત્યાગ્રહ શરૂ થયો. ૧૯૩૩માં ગાંધીજીએ આશ્રમ ખાલી કર્યો અને રાસ જવા આશ્રમવાસીઓની ટુકડી કાઢી. દુર્ગાબહેન એમાં જોડાયાં. તેમના એકના એક સંતાન ચિ. નારાયણને એ વખતે છૂટો કરતાં એમના માતાહૃદયને કેવું લાગ્યું હશે! પણ બહુ સહજતાથી એ દુઃખ એમણે પોતાના અંતરમાં ભારી લીધું. જેલમાં ગયાં. ત્યાર બાદ ૧૯૩૫થી ગાંધીજી જોડે વર્ધા અને સેવાગ્રામ આશ્રમમાં ગયાં. ૧૯૪૨માં મહાદેવભાઈ એ જેલમાં જ પ્રાણ છોડ્યા, તે વસમો વિયોગ એમને નસીબે આવ્યો. ચિ. નારાયણને સાથમાં લઈ ને તેય એમણે જીરવ્યો. ૧૯૪૭ બાદ વેડછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમમાં ચિ. નારાયણે કામ કરવા માંડ્યું. દુર્ગાબહેને તેની સાથે ત્યાં રહેવાનું શરૂ કર્યું; તે એમના અંત સુધી.

કાલે અચાનક જાણવા મળ્યું કે, દુર્ગાબહેન, પરમ દિવસે રાતે હૃદય બંધ પડતાં, વેડછીમાં ગુજરી ગયાં. છેલ્લા કેટલાક વખતથી એમની તબિયત નરમગરમ તો રહેતી હતી. પરંતુ આમ ઓચિંતાં એ જશે એ તો કોણ જાણી શકે! વિધિના ખેલ વિધિ જ જાણે. ભગવાન એમને પોતાના ધામમાં શાંતિ આપો; ચિ. નારાયણ તથા સ્વ૦ના અન્ય પરિવારને આ ઘા ઝીલવા બળ આપો.

ગાંધીજીએ દેશની સેવાનાં વ્રતો આપીને દુર્ગાબહેન પેઠે કેટલીય બહેનોને રાષ્ટ્રના સ્વાતંત્ર્યયુદ્ધમાં મૂક રીતે છતાં વીરતાભર્યો ભાગ લેતી કરી હતી, તેનું ઉત્તમ દૃષ્ટાંત સ્વ૦ દુર્ગાબહેનનું જીવનકાર્ય આપે છે. હિંદ સ્વરાજનો પાયો એમના જેવી બહાદુર બહેનોના તપ દ્વારા ગાંધીજીએ નાંખ્યો હતો. એની ઇમારત પણ બહેનોના એવા તપ વડે જ ખરું જોતાં રચાશે, એ દુર્ગાબહેનના જીવનનો આપણને સંદેશો છે.

૨૨-૬-'૫૫ મ૦

કળા અને અંકુશનીતિ

ગાંધીજીનાં સ્મારકોએ દેશમાં એક ચિંતા જગવી છે! હજી એમને ગયે આઠેક વરસ થાય છે, ત્યાં આગળ તો કેમ થશે? ખરું જોતાં, આ બાવલાં, પૂતળાં ને સ્તંભોનો વિચાર જ વિચિત્ર છે. ગાંધીજી તો તેને કદી ઉત્તેજન આપતા જ નહીં. પણ એમની એ મહાત્મા-દૃષ્ટિની સજા કરવા જાણે ન નીકળ્યા હોઈએ, એવું એમનાં સ્મારકોવાળા કરવા મંડ્યા છે.

સ્મારકોની એક ચિંતા એ થઈ છે કે, જ્યાં ત્યાં જે પૂતળાં મુકાય છે, તે સારાં નથી હોતાં. તેથી વડી સરકારના શિક્ષણ ખાતાએ પ્રદેશ સરકારને એવી સલાહ આપી છે કે, 'જાહેર જગાએ કે જાહેર મકાનમાં પૂતળાં મુકાય તે પહેલાં ઉચ્ચ કક્ષાએથી તેની સંમતિ મેળવવી જોઈએ.'

આ વસ્તુ વિચારીએ તો બંને બાજુથી બેહૂદાપણું જોવા મળે છે. કળા એ રુચિની વસ્તુ છે. અને લોકો ભિન્ન રુચિના હોય છે એ તો સત્ય જ છે. તો એના પર 'ઉચ્ચ કક્ષાના' કાબૂનો શો અર્થ? કળાકારો પણ એક જ કૃતિ વિષે ભિન્ન મત નથી ધરાવતા! લોકોની રુચિ પર પણ સરકારી પરવાનગીનો અંકુશ! — આ રીત સારી નથી. પણ બીજી બાજુ જોઈએ તો ગમે તેવાં બેડોળ બાવલાં જાહેરમાં મુકાય, તો આપણા લોકોની કળાદૃષ્ટિની કદર ન થઈ જાય? પરદેશીઓ આપણે વિષે શું ધારે? અને આજે સરકારને પરદેશના સારા મતની બહુ પડી છે. તેથી બીજાં ક્ષેત્રોમાં ન કઠે એવી અંકુશનીતિ કળાક્ષેત્રમાં આણે છે. પણ એ બરોબર નથી. લોકરુચિ એમ તો ખીલે જ નહીં. અને હિંદી સરકાર આમ મા-બાપવાદી પદ્ધતિથી કામ કરે, તે એનેય ખીલવવામાં બાધક બને. એટલે લોકો સહજવૃત્તિથી વર્તે એના પર અંકુશ — જાહેર નીતિમર્યાદાના કારણ સિવાય — માત્ર લોકમતનો જ સાચો અને સારો માનવો. આ લોકમતને લોકશિક્ષણ સતત કેળવતું રહે, એના ઉપર આધાર રાખીને ચાલવું. છાપાં એમાં ઘણું કરી શકે.

૨૧-૬-'૫૫ મ૦

ગાંધી સ્મારક નિધિ

ગાંધી સ્મારક નિધિ પણ બાવલાં, સ્તંભ ઇ૦ સ્મારક-રીતિમાં ફસાયો છે. હમણાં એક ખબર મળી કે, દેશમાં કેટલાક ગાંધી-સ્તંભો મુકાશે અને ચાર સ્મારક-ધામો રચાશે તથા અનેક તખતીઓ મુકાશે. આ વાંચી મને કન્યાકુમારીમાં આટલા ટૂંક વખતમાં રવડતા થયેલા ચૂનામાટીના સ્મારકની વાત યાદ આવી; અશોક સ્તંભોના કકડા યાદ આવ્યા. આ ક્ષણભંગુર જગતમાં આવાં સ્મારકની અમરતામાં માનીને કામ કરવું, એ એક માયાનો ખેલ જ છે ને! શિલાલેખ અને શિલ્પ દ્વારા અમર કીર્તિ મેળવવાની વાસના જો રાખીએ, તો બીજું શું થાય? બાકી, આ પાછળ જે ખરચ થાય છે તેના ઉપર અંકુશ જરૂર મૂકવા જેવો છે. પણ એ ખર્ચ લગ્નના ખર્ચ જેવો જ ગાંડો છે. તેથી હાથમાં ન રહે, એમ પણ ખરું. ટૂંકમાં, ગાંધીજી પ્રત્યેના પ્રેમનો ઊભરો આમ રૂપ લે, એ સમજાય. પણ એમાં લાંબો વિચાર કરવો જોઈએ; એટલી પ્રૌઢિ લોક-વિચારમાં આવવી જોઈએ. એમાં ગાંધી-નિધિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબદારી મોટી છે. નિધિનો કેટલો ભાગ આવી રીતના ખર્ચમાં તે પોતે વાપરશે, એ ખબર નથી. ગાંધીજીની ઇચ્છાને માન આપવું હોય તો એવી રીતે પાઈ પણ ન ખરચવી જોઈએ; પણ હિંદના ગરીબોને માટેનાં રચનાકાર્યો તેમણે જે બતાવ્યાં અને ચાલુ કર્યાં, તેમને મદદ કરવામાં એ વપરાવો જોઈએ. તે ગાંધીજીનાં સાચાં ને જીવંત સ્મારકો છે. એ દૃષ્ટિએ આ નિધિના ઉપયોગ વિષે કાળજી રાખવી જોઈએ.

૨૧-૬-'૫૫ મ૦

ઉચ્ચ શિક્ષણનું માધ્યમ

દેશની કેળવણીમાં હમણાં જે ચાલે છે, તે તેની આગેકૂચની દૃષ્ટિએ જોતાં પ્રગતિ બતાવે છે. જોકે તે પ્રગતિનો પ્રકાર અત્યારે તો નકારવાચક છે. તેને લઈને જુનવાણી અંગ્રેજી કેળવણી જે હજી ચાલુ છે, તે ઠીક ઠીક ઉઘાડી પડતી જાય છે; જેને લઈને મને-કમને વિચાર કરવો પડે છે.

મુંબઈ યુનિવર્સિટીની વાત છે. તેની કૉલેજના પ્રિન્સિપાલોએ એવી વાત કરી કે, નવા દાખલ થવા આવેલા છોકરા જોડે સામાન્ય વાત અમે અંગ્રેજીમાં કરી તેમાંય તેમને મુશ્કેલી પડી. તો પછી તે ભાષાના માધ્યમનું શું?

આ વસ્તુ નકારવાચક છતાં પ્રગતિ બતાવે છે; કેમ કે અગમચેતીથી ન સમજાય તો વસ્તુસ્થિતિ સામેથી વાગે ત્યારે તો સમજાય છે, એવું આ થયું. આ લક્ષણ ક્રાંતિમાં રહેલું છે. અને ગાંધીજીએ પાયાની કેળવણી દ્વારા કલ્પેલી ક્રાંતિ બેસી ચૂકી છે, તે આ ઉપરથી જોઈ શકાય છે.

એટલે હવે મુંબઈ યુનિવર્સિટીએ માધ્યમનો વિચાર કરવા સમિતિ નીમી છે. મોડાય જાગ્યા તે સારું થયું. વડોદરા યુનિવર્સિટી હજી નથી જાગી, એ ઘણાને નવાઈ લાગે છે. ત્યાં પણ સવાલ તો સરખો જ હશે. આ વિષયમાં શાહમૃગવૃત્તિ રાખીને હવે ચાલવાનું પાલવે એમ નથી.

૨૧-૬-'૫૫ મ૦

અભિનંદન

ગુજરાત યુનિવર્સિટીની કૉલેજોમાં પ્રથમ વર્ષનો અભ્યાસ આ મહિને ઊઘડતા સત્રથી ગુજરાતી દ્વારા શરૂ થશે, એ ભારે અભિનંદનની વાત છે. જે અધ્યાપકો ગુજરાતી નહીં વાપરી શકે, તેઓ હિંદીથી યા બેએક વર્ષ સુધી અંગ્રેજીથીય કામ લઈ શકશે. આ ક્રાંતિમય પગલું ગુજરાત લે છે, એ તેને શોભા આપે છે. આથી કરીને, માધ્યમ-ફેરનો મહાન પ્રયોગ શરૂ થશે; તેથી એ વિષે નાહકની જે ભડક ભણેલાઓને છે તેય ટળશે. આવો માનસપલટો કરવાનો યશ આપણી યુનિવર્સિટીના અધ્યાપકો લેશે, એવી ખાતરી છે.

૨૨-૬-'૫૫ મ૦

ચોપડીવખુ શિક્ષણ

પાઠ્યપુસ્તકોનો પ્રશ્ન ગયા અંકમાં ચર્ચ્યો હતો. બીક સાચી પડી કે, તે બધાં વખતસર તૈયાર ન થઈ શક્યાં, એના બુમાટા છાપામાં આવવા લાગ્યા છે. આથી ઊઘડતી શાળાએ ચોપડીઓ નથી મળતી. આ વસ્તુને લઈને શાળાઓ બંધ જેવી નહીંવત્ કામ કરે છે, કેમ કે ચોપડીઓ વિના ભણાવાય કેમ!

આ પણ નકારવાચક મદદ કરનારું જ બન્યું ગણી શકાય. આપણી શિક્ષણપ્રથા કેવી ચોપડીવખુ છે, તે ઉઘાડું જોઈ શકાયું. તે વિષે સુધારકો તો કહેતા જ હતા, પણ શિક્ષણતંત્રવાહકોને તેની પડી નહોતી. ભણનારા થોડા હોવાને કારણે બધું કામચલાઉ ગબડ્યા કરતું હતું. હવે સ્વરાજ આવતાં ભણતર વધ્યું; ચોપડીનો સવાલ ધંધાનો, નફાનો, સરકારી અંકુશોનો એમ (શિક્ષણની સાફ નીતિદૃષ્ટિ સિવાય) જાત જાતનો બની ગયો. એના ગોટાળામાં વાત પડી અને શાળાઓ અટકી પડી, તેથી કાંઈ નહીં તો કેવી લાચાર દશા આપણા શિક્ષણની છે, તે જોવા મળે છે.

ચોપડી ન હોય તો ભણાવાય નહીં એ તે કેવી શિક્ષકનીય કરુણ દશા છે! શું તેની પાસે શીખવવાનું છે નહીં? તેની પાસે એવી પદ્ધતિ નથી, કે જે ચોપડી ન હોય તોય કામ દઈ શકે? શિક્ષણપદ્ધતિઓ આજે જાત જાતની યોજાય છે. 'વિઝ્યુઅલ' – દૃશ્ય પદ્ધતિઓ જાણીતી છે. 'વાચ્ય' એટલે કે ચોપડીવખુ પદ્ધતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં આવી જાય. પણ તે ઉપરાંત શ્રાવ્ય (લેક્ચર) પદ્ધતિ પણ છે, જે કૉલેજોમાં બહુધા ચાલે છે. આનું સુભગ મિશ્રણ કરીને કામ લઈ શકાય. પણ આપણું શિક્ષણની આફત એ છે કે, શ્રાવ્ય પદ્ધતિવાળી જે કૉલેજો છે, ત્યાંય ચોપડીવખુ વાચ્યપદ્ધતિ પેસી ગઈ છે. નહીં તો તેઓ માધ્યમ-ફેર થતાં ચોપડીઓની બૂમો શું કામ મારે?

કેળવણીની ઉદ્યોગપદ્ધતિ

ગાંધીજીની પાયાની કેળવણીની કલ્પના અહીં યાદ આવે છે. તે કાર્ય-પદ્ધતિ છે અથવા કહો કે ઉદ્યોગ-પદ્ધતિ છે. તેની આસપાસ, જેવી જરૂર તે મુજબ, દૃશ્ય, વાચ્ય અને શ્રાવ્ય અંશોની કાર્યસાધક ફૂલગૂંથણી આપણે કરી શકીએ છીએ. આજની શાળાઓ જો આ પદ્ધતિ પર આવી હોત, તો ચોપડી વગર તે બંધ ન થાત; તે ઉદ્યોગ દ્વારા કામ બરોબર ચલાવત. ઇંગ્લૅંડમાં ગયા યુદ્ધમાં શાળાઓ ખાલી કરી ગામડાંમાં લઈ જવામાં આવી હતી. તરત ત્યાંના શિક્ષકોએ અનુરૂપ પદ્ધતિ યોજી કામ લીધું; એ પદ્ધતિમાં ગામડાંની ખેતીના ઉદ્યોગમાં જોડાવું એ મુખ્ય હતું. અને તે કેન્દ્રની આસપાસ શિક્ષકો બહુધા શ્રાવ્ય તથા દૃશ્ય પદ્ધતિથી શિક્ષણ આપતા હતા.

શિક્ષણમાં બાહ્ય મદદોનો હારો ઘણો વધારેપડતો થઈ રહ્યો છે, તેમાં કેવું જોખમ રહેલું છે, તે ઉપરનો કિસ્સો બતાવે છે. પાયાનું શિક્ષણ ચોપડીઓને પણ મર્યાદામાં રાખીને કામ લેવાનું ધ્યેય રાખે છે, એય અહીં યાદ કરવા જેવું છે. અને ફરજિયાત શિક્ષણ કરવું હોય તો હિંદનાં ગરીબ માબાપોને માથે ચોપડીઓનો ખર્ચ નાંખવાનું અશક્ય છે, એ પણ ભૂલવું ન જોઈએ. પણ આ એક નોખી જ ચર્ચા છે, તે વળી આગળ ઉપર કરીશ.

૨૨-૬-'૫૫ મ૦

હિન્દી પ્રચાર તાલીમ વર્ગ

હિન્દી પ્રચારકોની હિંદીની યોગ્યતા વધે, ભાષા ઉપર કાબૂ આવે તથા એકબીજાના સંપર્કમાં આવે, તે હેતુથી ઉનાળાની રજાઓમાં ગૂજરાત વિદ્યાપીઠ તરફથી, દર વર્ષ તાલીમ વર્ગ ગોઠવવામાં આવે છે. તેવો એક વર્ગ ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદના આશ્રયે આ વખતે ૧૫ દિવસ માટે આણંદમાં ભરવાનું નક્કી થયું હતું. તે મુજબ તા. ૯ મી થી તા. ૨૩મી મે સુધી આ વર્ગ ચાલ્યો. વર્ગનું ઉદ્‌ઘાટન તા. ૯મી મેના રોજ સવારે ખેડા જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી ત્રિભુવનભાઈના હસ્તે થયું હતું.

જુદા જુદા જિલ્લાના ૩૦ પ્રચારક ભાઈઓએ આ વર્ગનો લાભ લીધો. જિલ્લાવાર સંખ્યા નીચે પ્રમાણે હતી:

અમદાવાદ-૪, અમરેલી-૧, ખેડા-૧૨, પંચમહાલ-૧, ભરૂચ-૨, મહેસાણા-૩, વડોદરા-૩, સુરત-૪.

વર્ગમાં અભ્યાસનો સમય પા કલાકનો રહેતો હતો. અને દરરોજ અર્ધો કલાક સમૂહ કાંતણ રાખવામાં આવ્યું હતું. કુલ ૯૬ આંટી સૂતર કંતાયું.

પુસ્તકોના અભ્યાસ ઉપરાંત, લખાણનો મહાવરો વધારવા માટે નિબંધ, પત્ર-લેખન, રિપોર્ટ-લેખન, વિચાર-વિસ્તાર, સંવાદ, અનુવાદ વગેરે રાખવામાં આવ્યા હતા. ૧૫ દિવસમાં કુલ ૮ નિબંધ, ૪ પત્ર, ૧ રિપોર્ટ, ૫ વિચાર-વિસ્તાર, ૧ સંવાદ અને ૯ અનુવાદ થયા. અને તે બધા જ તપાસીને સુધારવામાં આવ્યા.

વળી હિંદીમાં વિચારો વ્યક્ત કરવાની શક્તિ વધે તે હેતુથી દરરોજ એક કલાક ભાષણનો રાખવામાં આવ્યો હતો.

દરરોજ સાંજે સમૂહપ્રાર્થના થતી. તેમાં પ્રાર્થનાને અંતે પૂ. ગાંધીજીનાં અગિયાર મહાવ્રતો અંગે ટૂંકમાં રોજ એક એક વ્રત લઈને સમજૂતી આપવામાં આવી હતી.

વર્ગનો પૂર્ણાહુતિ સમારંભ શ્રી મગનભાઈ દેસાઈના પ્રમુખપદે થયો હતો. શ્રી મગનભાઈ દેસાઈએ પ્રચારકોને સંબોધતાં હિન્દી પ્રચાર અંગે એક મનનીય પ્રવચન કર્યું હતું.

વર્ગને બધા પ્રકારની સગવડો પૂરી પાડવા અંગે અંગત ધ્યાન આપી ચરોતર એજ્યુકેશન સોસાયટીના કાર્યકર્તાઓએ વર્ગનું સંચાલન ઘણું સહેલું બનાવી દીધું, તે માટે તેમનો તથા પોતાની રજાઓનો ભોગ આપી વર્ગમાં આવનાર પ્રચારક ભાઈઓનો આભાર માનું છું.

ગિરિરાજ કિશોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો : (પદ્યવિભાગ) લે૦ પ્રો. મંજુલાલ ર. મજમુદાર; પ્ર૦ આચાર્ય બુક ડેપો, વડોદરા; કિં. રૂ. ૮-૦-૦; પૃ૦ ૧૮+૮૪૬.

પ્રો. મંજુલાલ મજમુદારે મધ્યકાલીન તથા વર્તમાન યુગનાં ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોને અનુલક્ષીને ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ આલેખવાનું એક અગત્યનું કાર્ય ઉપાડ્યું છે. પ્રસ્તુત પુસ્તકમાં માત્ર પદ્ય-વિભાગને આવરી લેવામાં આવ્યો છે. ગદ્ય-વિભાગ હવે પછી પ્રસિદ્ધ થશે.

પ્રસ્તુત પુસ્તકમાં તેમણે મધ્યકાલીન તથા અર્વાચીન સાહિત્યનાં ત્રીસ પદ્ય-સ્વરૂપોને વર્ણવ્યાં છે. એ ઉપરાંત બીજાં પણ સ્વરૂપો — ઉદા૦ ભાસ, સજ્ઝાય, સ્તવન ઇ૦— મળી આવે છે. પરંતુ તે અંગે પૂરતાં અભ્યાસ-સાધનોને અભાવે લેખકે એ સ્વરૂપોનું વિસ્તારથી નિરૂપણ કર્યું નથી.

આખું પુસ્તક જોતાં પ્રો. મંજુલાલ મજમુદારે એ પાછળ લીધેલો પરિશ્રમ સહેજે ખ્યાલમાં આવે છે તથા તેમનો એ વિષય અંગેનો અભ્યાસ પણ જણાઈ આવે છે. આ પુસ્તક ગુજરાતને આપવા બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

સુ૦ ક૦

ગુજરાતી સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ : લે૦ ઈશ્વરલાલ ર. દવે; પ્ર૦ ખડાયતા બુક ડેપો, અમદાવાદ; કિં. રૂ. ૩-૦-૦; પૃ૦ ૧૧૫.

ઈ. સ. ૧૧૦૦ થી ૧૯૫૦ સુધીના ગુજરાતી સાહિત્યના ઇતિહાસને ૧૧૫ જેટલાં પાનામાં આવરી લેવાનો પ્રયત્ન શ્રી. ઈશ્વરલાલ દવેએ આ પુસ્તકમાં કર્યો છે. આ કારણે તેમને સંક્ષિપ્તતા (Brevity) જાળવવા માટે ઠીક ઠીક પરિશ્રમ પડ્યો હશે, એ આખું પુસ્તક જોતાં જણાય છે

સંક્ષેપમાં આ રીતે સાહિત્યના ઇતિહાસને વર્ણવતાં તે માત્ર ટાંચણ જ થઈ જવાનો સંભવ રહે છે. અને તેમાં આપેલી માહિતી પણ ગુજરાતી સાહિત્યના અભ્યાસી માટે કશી નવી સામગ્રી પૂરી પાડે એવી નયે બને. અવશ્ય આવું પુસ્તક શાળા કે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પરીક્ષા પૂરતી મદદ કરે ખરું. પરંતુ એ રીતે એનું મૂલ્ય તત્કાલીન પૂરતું જ અંકાય. આવું ન બને એ માટે સાહિત્યના ઇતિહાસને આલેખવા મથતા લેખકોએ ખૂબ જ જાગ્રત રહેવું જોઈએ અને પુસ્તક પ્રસિદ્ધ કરવાની ઉતાવળ ન કરતાં એ અંગે વધારે અભ્યાસ કરવાની જરૂર રહે છે

સુ૦ ક૦

આપણું સાહિત્ય : લે૦ ડૉ. બિપિન ઝવેરી; પ્ર૦ બાલગોવિંદ કુબેરદાસની કં. અમદાવાદ; કિં. રૂ. ૨-૦-૦; પૃ૦ ૪+૧૩૫

આજકાલ ઘણાખરા લેખકોનું ધ્યાન સાહિત્યનો ઇતિહાસ લખવા તરફ દોરાયું છે. અને એ રીતે પુસ્તકો પ્રસિદ્ધ થતાં જાય છે. એમાં આ પુસ્તક ઉમેરો કરે છે. આ પુસ્તકમાં લેખકે જૈન યુગથી દયારામ યુગ સુધીનો ઇતિહાસ સંક્ષેપમાં આપવા પ્રયત્ન કર્યો છે. એ અંગે પણ આ પહેલાંના પુસ્તકની સમાલોચનામાં દર્શાવેલી વાત ધ્યાનમાં લેવા જેવી છે. જો આવાં પુસ્તકો શાળા-કોલેજના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને અને એ રીતે પુસ્તકો જલદી ખપી જશે એ ગણતરી રાખીને જ ધોધમાર બહાર પડતાં જશે, તો એથી સાહિત્યના ચિરકાલીન ફાળામાં કશો ખાસ ઉમેરો ન થાય. ખરી રીતે આવું કામ એ માટેના પાત્ર અભ્યાસીએ જ ઉપાડી લેવું જોઈએ, તો જ શાળા કે કોલેજના વિદ્યાર્થીઓ સિવાય અન્ય સાહિત્ય-અભ્યાસીઓને પણ તે ઉપયોગી અને રસપ્રદ થઈ પડે. આવાં પુસ્તકો તો સાહિત્યના અભ્યાસી ઉપર એવી જ અસર ઉપજાવે છે: 'આ તો વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલી માર્ગદર્શિની-Guide-છે.' એથી વધુ મૂલ્ય આવાં પુસ્તકોનું કોઈ ન આંકી શકે.

અવશ્ય, પ્રસ્તુત પુસ્તક શાળા-કોલેજના વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે એવું તો છે જ. પરંતુ છાપવાની બાબતમાં ખૂબ ઉતાવળ થઈ હોય એમ લાગે છે. છાપભૂલ ઠીક પ્રમાણમાં છે. કેટલીક છાપભૂલ જરા વિચિત્ર રીતે થઈ છે. જેમ કે, '...દયારામને **ગરીબીનો** પિતા...' (પૃ. ૧૧) અહીં 'ગરબી'ને બદલે 'ગરીબી' છપાયું છે. નવા વિદ્યાર્થીઓ એ વાંચતાં જુદો જ અર્થ કાઢે. માટે આવાં પુસ્તકોમાં આ બાબત અંગે કાળજી રાખવી જોઈએ.

સુ૦ ક૦

કસુંબીનો રંગ : લે૦ ભૂપત વડોદરિયા; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ રૂ. ૩-૦-૦; પૃ૦ ૧૯...

શ્રી ભૂપત વડોદરિયાની બાવીસ નવલિકાઓનો આ સંગ્રહ છે. નવલિકાઓ જોતાં લેખકમાં ભવિષ્યના આશાસ્પદ વાર્તાકારની શક્તિ છે એનો સહેજે પરિચય થાય છે. એમની પાસે જીવનનાં જુદાં જુદાં પાસાં નિહાળવાની મંગળ દૃષ્ટિ છે. સંસારના વિવિધ સામાન્ય પ્રસંગોમાંથી વસ્તુ પકડી પાડવાની તેમની પાસે સારી પકડ છે. એટલું ખરું કે હજુ તેમની પાસે વાર્તાને બરોબર નિરૂપવાની શક્તિ પૂરી...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણમાં નથી. તેથી તેમની ઘણીખરી વાર્તાઓ માત્ર પ્રસંગનું સીધુંસાદું નિરૂપણ જ કરતી હોય એવી લાગે છે. જો લેખક મહેનત અને અભ્યાસ દ્વારા વાર્તાકારની હથોટી કેળવી લેશે તો ભવિષ્યમાં તે ગુજરાતને સારી નવલિકાઓ જરૂર આપી શકશે.

સુ૦કં૦

ઘડતર અને ચણતર (એક કેળવણીકારની અનુભવ કથા): લે૦ નાનાભાઈ ભટ્ટ; પ્ર૦ સણોસરા, સર્વોદય સહકારી પ્રકાશન સંઘ, ૧૯૫૪, કિં. રૂ. ૩–૪–૦; પૃ૦ ૧૬ + ૨૪૮.

અંગ્રેજી સત્તા હિંદમાં સ્થિર થતી હતી તે વખતે તેમ જ તે થયા પછી રાજ્યકર્તાઓની ગરજ પાર પાડવાના ઉદ્દેશથી જ મુખ્યત્વે તેમણે નવી કેળવણી આ દેશમાં દાખલ કરી; અને તેમાં અંગ્રેજી ભાષાના જ્ઞાનને એટલે અક્ષર-જ્ઞાનને જ હદ ઉપરાંતનું મહત્ત્વ મળ્યું. અલબત્ત એની સાથે સાથે કેટલાક વિષયોની માહિતી હોવી એ પણ જરૂરી હતું જ. શરૂઆતના દિવસોમાં અંગ્રેજી ભાષાના જ્ઞાનમાત્રથી જ ઐહિક ઉન્નતિનાં દ્વાર એકદમ ખૂલી જતાં. એટલે એ ભાષા શીખવા માટે આપણે ત્યાં ઉચ્ચ ગણાતા અને સંસ્કારી વર્ગોમાં પડાપડી શરૂ થઈ અને પરિણામે એ કેળવણી પ્રતિષ્ઠિત બની ગઈ; અને અહીં પરંપરાથી ચાલતી આવેલી જ્ઞાન આપનારી બીજી સંસ્થાઓ અનાદરને પામી અને ધીમે ધીમે લુપ્ત થઈ. પછી જ્યારે એ નવા ઉપલકિયા ભણતર દ્વારા આર્થિક ઉન્નતિ પહેલાંની જેમ સહેલાઈથી થઈ શકે એવું રહ્યું નહીં અને દેશ આગળના બીજા અનેક પ્રશ્નોનો પણ વિચાર કરવાનો આવ્યો, ત્યારે પ્રચલિત ભણતરમાં કઈ વસ્તુની ખામી છે તેનો વિચાર કરવા તરફ સમાજના આગેવાનો વળ્યા અને એ રીતે રાષ્ટ્રીય શિક્ષણની શરૂઆત થઈ અને ધીમે ધીમે કેળવણીમાં રહેલી ઊણપો દૂર કરવાના અને એને વધારે વિકસિત તેમ જ કાર્યકર કરવાના પ્રયાસો થતા ગયા.—અને માણસના ચારિત્ર્યનું ઘડતર એ કેળવણીનું હાર્દ છે અને કેળવણી સમગ્ર જીવનવ્યાપી છે, એનો કાળ વ્યક્તિના ગર્ભાધાનથી માંડીને તેના મૃત્યુ પર્યંતનો છે એવો સંદેશો ગાંધીજીએ આપણને આપ્યો — એ એની પરિસીમા કહી શકાય.

વિશાળ અર્થમાં કે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં ધર્મ, યોગ (સાધના) અને કેળવણી એ ત્રણેયની જાત આખરે એક જ છે. એ ત્રણેય માનવ જીવનનો વિકાસ કરવા માટે જ પ્રવૃત્ત થયાં છે. તેમને એકબીજાના પર્યાય કહી શકાય એટલું તેમની વચ્ચે સામ્ય છે. આજનો જમાનો કેળવણી શબ્દથી ટેવાયેલો હોવાથી તેને ગળે આ વાત ઝટ ન ઊતરે; પણ ગયાં સો દોઢસો વર્ષનો હિન્દના પુનરુત્થાનનો ઇતિહાસ તપાસીએ તો એનું તથ્ય સમજી શકાશે.

માણસનું ચારિત્ર્ય–જેને આપણે કેળવણીનું હાર્દ માન્યું છે — કેળવાય છે તેમાં ત્રણ બળો કામ કરે છે: માબાપ પાસેથી વારસામાં મળતા ગુણદોષો, ઘર તેમ જ આસ-પાસના સમાજમાંથી કે શાળાના વાતાવરણમાંથી જે સંસ્કારો તે ગ્રહણ કરે છે તે, અને છેવટે તે તે વ્યક્તિનું પૂર્વ સુકૃત કે પૂર્વજન્મના જે સંસ્કાર તેણે આત્મસાત્ કર્યા હોય તે. વારસામાં મળેલી વસ્તુઓ કે વાતાવરણમાંથી મળતી વસ્તુઓ જ જો તેનું ભાવિ સર્વાંશે ને સદાને માટે ઘડી નાખનારી હોય, તો માણસના પોતાના પુરુષાર્થને ઝાઝો અવકાશ ન મળે. પણ પહેલી બે વસ્તુઓ ગમે તેવી મર્યાદા મૂકનારી હોય તોપણ તેમનો સામનો કરીને કેટલાય વીર પુરુષોએ ભારે પ્રગતિ સાધી છે એની ઇતિહાસ સાક્ષી પૂરે છે. અને જેમણે પોતાની જાતને એવી રીતે ઘડી છે, પોતાનો વિકાસ સાધ્યો છે તેમની આગળ દુનિયા પોતાનું માથું આદરપૂર્વક ઝુકાવે છે.

શ્રી નાનાભાઈને પોતાના પૂર્વજો પાસેથી બ્રાહ્મણ્યના સંસ્કારો – ગરીબાઈ વિષે શરમનો અભાવ, નિસ્પૃહતા અને તેમાંથી પેદા થતી તેજસ્વિતા, ઇ૦ – સારા પ્રમાણમાં મળ્યાં હતાં એમ દેખાય છે. પણ આ વારસાને વારસા તરીકે પિછાણવો ને ટકાવવો એ ઘણું કઠણ કામ હોય છે અને એમાં નાનાભાઈએ સિદ્ધિ મેળવી છે એમ એમના ચારિત્ર પરથી આપણે જોઈએ છીએ.

પહેલી પત્ની શિવલક્ષ્મીનો ઉચિત આગ્રહ સમજી લઈને પોતા ફરતા ભેગા થયેલા રખડેલ લંગોટિયા દોસ્તોને સદાને માટે રુખસદ આપી નાનાભાઈ આપણને તેમની સંકલ્પ-શક્તિનો સારો પરિચય આપે છે.

યુવાવસ્થાએ માણસ પોતાની જાતને ઘડવાનું કામ ઉત્સાહપૂર્વક માથે લેવા માગે છે અને તે વખતે કોઈ માર્ગ-દર્શનની શોધમાં હોય છે. નાનાભાઈને એવે વખતે શ્રી નથુરામ શર્માનો ભેટો થાય છે અને તેમના વ્યક્તિત્વની છાપ નાનાભાઈના મન પર પડતાં તેઓ તેમના શિષ્ય બને છે. પણ નથુરામ શર્માના કર્મકાંડમાં તેઓ ડૂબી જતા નથી. તેમ જ તેમની મર્યાદાઓથી પોતે મર્યાદિત થતા નથી. નથુ-રામ શર્માની પ્રેરણાથી જ દક્ષિણામૂર્તિ એક છાત્રાલય તરીકે અસ્તિત્વમાં આવે છે અને તેમના અનુયાયીઓ જ તેના સંચાલનમાં પ્રથમ જોડાય છે. એટલે તેમાં સાંપ્રદાયિક વાતાવરણ અમુક અંશે જામે એ અનિવાર્ય જ હતું. પણ નાનાભાઈની દૃષ્ટિ સાચા કેળવણીકારની હોવાથી તેમણે સાંપ્રદાયિક જડતાને દૂર જ રાખી; અને આવશ્યક અને ઉચિત લાગ્યું તે તે વખતે સાંપ્રદાયિકતાને ધક્કો મારવામાં પાછું જોયું નહીં. અને તેથી જ દક્ષિણામૂર્તિ સંપ્રદાય-નિરપેક્ષ એવી કેળવણીસંસ્થામાં પરિણમી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જે દક્ષિણામૂર્તિને કાજે નાનાભાઈએ પ્રોફેસરની પ્રતિષ્ઠા, કમાણી અને નિરાંત જતી કરીને ભેખ લીધો, તે દક્ષિણામૂર્તિની બધે બોલબોલા થઈ હતી છતાં જ્યારે તેનો પ્રાણ કોતરી ખાનારાં અનિષ્ટ તત્ત્વો તેમાં દાખલ થયેલાં જોયાં ત્યારે તેનું વિસર્જન કરવામાં તેમજ તેની બધી મિલકત શિવનિર્માલ્ય સમજીને આંબલા તરફ પ્રયાણ કરવામાં નાનાભાઈએ અલૌકિક ધૈર્ય ને ધ્યેયનિષ્ઠા બતાવ્યાં એમ આપણે જોઈએ છીએ. અને આ બધાં ક્રાન્તિકારી પગલાં પ્રવાહપતિતની જેમ વિવશ થઈને નહીં પણ ઉઘાડી આંખે, જાણી બૂઝીને નાનાભાઈએ લીધેલાં આપણે જોઈએ છીએ ત્યારે તેમની ધ્યેયનિષ્ઠા शश्वत् तन्मयो भवेत्‌ની કોટિની છે એમ લાગ્યા વગર રહેતું નથી.

કેળવણીની સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં પ્રવેશ કરી તેમનાં જીવન ઘડવાં ને તેમ કરતાં કરતાં પોતાના જીવનનો વિકાસ સાધવો એ આદર્શ શિક્ષકની દૃષ્ટિ હોવી જોઈએ. એટલે શિક્ષક પણ સનાતન વિદ્યાર્થી હોવો જોઈએ, તો જ એ શિક્ષક તરીકેનું પોતાનું કર્તવ્ય યથોચિત પાર પાડી શકે, એ વસ્તુ પણ નાનાભાઈના જીવનમાંથી આપણે જોઈ શકીએ છીએ.

એ બધી રીતે જોતાં નાનાભાઈની આ અનુભવકથા શિક્ષકો માટે તો એક પાઠ્યપુસ્તકની ગરજ સારનારી છે એમ અમને લાગે છે.

૨૫૦ પાનાની આ કથા જોકે બહુ લાંબી ન કહેવાય; છતાં તેના પ્રકરણોને સૂચક મથાળાં આપ્યાં હોત તો વાચકની ઘણી સગવડ થાત. અહીં બીજાં પુસ્તકોના જેવી અનુક્રમણિકા નથી કે નથી સૂચિ. એ બેમાંથી એક વસ્તુ તો બીજી આવૃત્તિ વખતે દાખલ થશે એવી અપેક્ષા રાખીએ.

પાં૦

વૃક્ષ અને વેલી: લે૦ જયંતીલાલ દેવશંકર ઓઝા, પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, કિં. રૂ. ૨-૦-૦.

કુમાર માસિકમાં 'આપણી વનસ્પતિ'ની શ્રેણીમાં પ્રસિદ્ધ થયેલા ૪૪ લેખોનો આ સંગ્રહ છે. સંગ્રહ સુંદર છે. સંગ્રહ છપાઈ ગયા બાદ લેખક તેમને એકાદ વાર જોઈ ગયા હોત તો નાના સરખા શુદ્ધિપત્રકની પણ જરૂર રહેત નહીં. શુદ્ધિપત્રક જોતાં જ એ વાત જણાઈ આવે છે.

લેખક વનસ્પતિવિશારદ છે અને તેમણે પ્રત્યેક વનસ્પતિની ઓળખ માટે પાન, ફળ, ફૂલ, ઇ૦ના બ્લોક મથાળે આપેલ છે. તેથી વાચકને વનસ્પતિ ઓળખવામાં સુવિધા પડશે. વનસ્પતિનાં અંગ ઉપાંગના વર્ણન ઉપરાંત તે પ્રત્યેકના વૈદ્યકીય તેમ જ અન્ય ઉપયોગો પણ સાદી અને સરળ ભાષામાં આપેલા છે. કિંમતના પ્રમાણમાં આ પુસ્તક મોંઘું ન ગણાય. આવા સુંદર પ્રકાશન માટે લેખક તેમ જ પ્રકાશકને ધન્યવાદ ઘટે છે.

પુસ્તકની ઉપયોગિતા વધારે તેવી એક બાબતનો નિર્દેશ કરવો અસ્થાને નહીં ગણાય.

પા. ૭૨. "આસોપાલવનું રાસાયનિક અન્વેષણ કરતાં એમાં 'એ', 'બી', 'સી' અને 'ડી' વિટામિન હોવાનું માલૂમ પડ્યું છે."

આવાં લખાણ પુસ્તકમાં ઘણે ઠેકાણે છે. આસોપાલવના વૃક્ષના કયા અંગનું પૃથક્કરણ કરતાં ઉપરનાં વિટામિન મળ્યાં છે તે જણાવવું રહ્યું.

આવી હકીકતોમાં બને તેટલી ચોકસાઈ રાખવી જરૂરી છે.

બંસીલાલ ગાંધી

સાભાર સ્વીકાર

भारती साहित्य संघ लिमिटेड, अमदावाद તરફથી :

સરી જતી રેતી, ભાગ પહેલો: લે૦ યશોધર ન૦ મહેતા, કિં. રૂ. ૫-૮-૦; **વનની વાટે:** લે૦ ડાહ્યાભાઈ પટેલ, કિં. રૂ. ૪-૮-૦; **સુખદુઃખનાં સાથી:** લે૦ પન્નાલાલ પટેલ, કિં. રૂ. ૪-૦-૦; **પદ્મજા:** ચૂનીલાલ મડિયા, કિં. રૂ. ૩-૦-૦; **ચકમક:** લે૦ રંભાબહેન ગાંધી, કિં. રૂ. ૩-૦-૦; **ડૉ૦ નરેન્દ્ર:** લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, કિં. રૂ. ૩-૦-૦; **આસ્તિક:** લે૦ સાને ગુરુજી, અનુ૦ જ્યન્ત પરમાર, કિં. રૂ. ૩-૦-૦; **કરુણાદેવી:** લે૦ અનુ૦ ઉપર પ્રમાણે, કિં. રૂ. ૧-૦-૦; **માનવતાનાં ઝરણાં:** લે૦ ગણેશ વાસુદેવ માવળંકર, કિં. રૂ. ૨-૮-૦; **ભૂદાન:** લે૦ જયમલ્લ પરમાર, કિં. રૂ. ૨-૦-૦; **એ-આવજો!:** લે૦ બાબુભાઈ પ્ર૦ વૈદ્ય, કિં. રૂ. ૧-૮-૦; **સાધુ તો ચલતા ભલા:** લે૦ ઈશ્વર પેટલીકર, કિં. રૂ. ૧-૪-૦; **ઝબૂક વીજળી ઝબૂક:** લે૦ મકરન્દ દવે, કિં. રૂ. ૧-૪-૦; **શેખચલ્લી:** લે૦ નિરંજન વર્મા, જયમલ્લ પરમાર, કિં. રૂ. ૧-૪-૦; **જ્ઞાનકુંજ:** લે૦ ધૂમકેતુ, કિં. રૂ. ૧-૦-૦; **ગાંધીજી અને બાળકો:** લે૦ પુરાતન બુચ, કિં. રૂ. ૦-૧૦-૦

अनडा बुक डीपो, अमदावाद તરફથી :

ગદ્ધા પચાસી: લે૦ દિનુભાઈ જોષી, કિં. રૂ. ૦-૧૨-૦; **સૂરજ બોલાવે:** લે૦ મોહિનીચન્દ્ર, કિં. રૂ. ૦-૪-૦; **મગરૂર મંદાકિની:** લે૦ રમણલાલ નાનાલાલ શાહ, કિં. રૂ. ૦-૮-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં કેટલાંક શાળોપયોગી પુસ્તકો

અચલાયતન	૧-૦-૦	બાપુની પ્રસાદી	૨-૦-૦
અપંગની પ્રતિભા	૧-૮-૦	બાપુ — મારી મા	૦-૮-૦
અમારાં બા	૧-૮-૦	બુદ્ધલીલા	૦-૧૨-૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦-૧૪-૦	બે ખુદાઈ ખિદમતગાર	૦-૧૨-૦
અહિંસાનો પહેલો પ્રયોગ	૧-૦-૦	બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦
આત્મકથા	૨-૦-૦	ભાઈ અને વેરી	૦-૮-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦	મધપૂડો	૧-૪-૦
આત્મરચના અથવા આશ્રમી કેળવણી	૪-૮-૦	મલેરિયા	૦-૭-૦
આરોગ્યની ચાવી	૦-૧૦-૦	મહાદેવભાઈની ડાયરી - ૧	૦-૪-૮
આહાર અને પોષણ - ૧, ૨	૧-૬-૦	મહાદેવભાઈની ડાયરી - ૨	૫-૮-૦
આંધળાનું ગાડું	૦-૪-૦	મહાદેવભાઈની ડાયરી - ૩	૫-૦-૦
ઇદુને પત્રો	૧-૦-૦	મહાદેવભાઈની ડાયરી - ૪	૩-૦-૦
ઉર્દૂ લિપિ શિક્ષિકા	૦-૧૦-૦	મહાદેવભાઈની ડાયરી - ૫	૭-૦-૦
ઊધઈનું જીવન	૧-૦-૦	માનવી ખંડિયેરો	૨-૮-૦
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦	મારી જીવનકથા — જવાહરલાલ નેહરુ	૬-૦-૦
કન્યાને પત્રો	૧-૦-૦	સંક્ષિપ્ત જીવનકથા — જવાહરલાલ નેહરુ	૧-૮-૦
કરંડિયો	૧-૪-૦	મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ	૮-૦-૦
કાવ્યપરિચય - ૧, ૨	દરેકની ૧-૮-૦	મારું ગામડું	૧-૪-૦
કુંવરબાઈનું મામેરું	૧-૦-૦	યંત્રની મર્યાદા	૧-૦-૦
કેળવણીવિકાસ	૧-૪-૦	રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	૦-૩-૦
કેળવણીવિવેક	૧-૪-૦	રચનાત્મક કાર્યક્રમ — તેનું રહસ્ય અને સ્થાન	૦-૫-૦
કૌશિકાખ્યાન	૦-૩-૦	રાષ્ટ્રભાષાનો સવાલ	૦-૭-૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧-૪-૦	રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	૦-૬-૦
ખિસ્સાકોશ	૧-૦-૦	વિદાય વેળાએ	૧-૦-૦
ખેડૂતનો શિકારી	૦-૬-૦	વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦-૬-૦
ગાંધીજી	૦-૧૦-૦	વિરાજવહુ	૧-૪-૦
ગાંધીજીની સાધના	૨-૪-૦	વિશ્વશાંતિ	૦-૪-૦
ગીતાધ્વનિ	૦-૬-૦	वैज्ञानिक शब्दसंग्रह	૬-૦-૦
ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧-૦-૦	શિક્ષણ અને સંસ્કૃતિ	૧-૪-૦
જમનાલાલજી	૦-૬-૦	શ્રાદ્ધના તેર દિવસ	૦-૭-૦
જીવતા તહેવારો	૨-૦-૦	શ્રી નેત્રમણિભાઈને	૦-૧૪-૦
જીવન દ્વારા શિક્ષણ	૧-૮-૦	संकलिता भगवद्गीता	૧-૪-૦
જીવનનું પરોઢ	૮-૦-૦	સંક્ષિપ્ત કરણઘેલો	૧-૦-૦
જોડણીકોશ	૧૨-૦-૦	સંત ફ્રાન્સિસ	૦-૬-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦	સુદામાચરિત	૦-૧૪-૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	૩-૦-૦	સુદામાના કેદારા	૦-૧-૬
પ્રહ્લાદ નાટક તથા સહનવીરનાં ગીતો	૦-૧૦-૦	સીતાહરણ	૧-૦-૦
પ્રાકૃતિક ભૂગોળ	૦-૧૨-૦	સ્ત્રી-પુરુષ-મર્યાદા	૧-૮-૦
પ્રાચીન સાહિત્ય	૧-૦-૦	સ્મરણયાત્રા	૨-૦-૦
પ્રેમપન્થ - ૧, ૨, ૩, ૪, ૬	દરેકની ૦-૪-૦	હિમાલયનો પ્રવાસ	૧-૮-૦
બહેનોને	૦-૬-૦	હિંદની અંગ્રેજ વેપારશાહી	[illegible]-૦-૦
બાપુની સેવામાં	૨-૦-૦		

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ લોકોનો શાશ્વત ધર્મ

सत्यं सत्सु सदा धर्मः सत्यं धर्मः सनातनः ।
सत्यमेव नमस्येत सत्यं हि परमा गतिः ।।
सत्यं धर्मस्तपो योगः सत्यं ब्रह्म सनातनम् ।
सत्यं यज्ञः परः प्रोक्तः सर्वं सत्ये प्रतिष्ठिम् ।।
सत्यं च समता चैव दमश्चैव न संशयः ।
अमात्सर्यं क्षमा चैवं ह्रीस्तितिक्षाऽनसूयता ।।
त्यागो ध्यानमथार्यत्वं धृतिश्च सततं स्थिरा ।
अहिंसा चैव राजेन्द्र सत्याकारास्त्रयोदश ।।
एते त्रयोदशाकाराः पृथक्सत्यैकलक्षणाः ।
भजन्ते सत्यमेवेह बृंहयन्ते च भारत ।।
नास्ति सत्यात्परो धर्मो नानृतात्पातकं परम् ।
स्थितिर्हि सत्यं धर्मस्य तस्मात्सत्यं न लोपयेत् ।।
उपैति सत्याद्दानं हि तथा यज्ञाः सदक्षिणाः ।
व्रताग्निहोत्रं वेदाश्च ये चान्ये धर्मनिश्चयाः ।।
अश्वमेधसहस्रं च सत्यं च तुलया धृतम् ।
अश्वमेधसहस्राद्धि सत्यमेव विशिष्यते ।।

સત્પુરુષો સત્યને સદા ધર્મરૂપ માને છે; સત્ય એ જ સર્વ લોકોનો શાશ્વત ધર્મ છે. સત્યરૂપી ધર્મને જ સદા નમન કરવું જોઈએ; સત્ય જ સૌની પરમ ગતિ છે.

સત્ય ધર્મ છે; સત્ય તપ છે; સત્ય યોગ છે; સત્ય સનાતન બ્રહ્મ છે; અને સત્ય જ પરમ યજ્ઞ કહેવાય છે. સૌ કાંઈ સત્યને આધારે રહેલું છે.

સત્ય, સમતા, દમ (નિગ્રહ), અમત્સરતા, ક્ષમા, હ્રી (ખરાબ કર્મની લજ્જા), તિતિક્ષા (સહનશીલતા), અનસૂયતા, ત્યાગ, ધ્યાન, આર્યત્વ, ધૃતિ, અને અહિંસા – એ સત્યનાં તેર સ્વરૂપો છે. એ તેર સ્વરૂપ જુદાં જુદાં લાગે છે; પરંતુ તેઓ સત્યરૂપી એક જ લક્ષણવાળાં છે. તેઓ સત્યને આધારે જ રહેલાં છે, અને સત્યની જ વૃદ્ધિ કરે છે.

સત્યથી પર એવો કોઈ ધર્મ નથી; અસત્યથી મોટું બીજું કોઈ પાપ નથી. સત્ય એ જ ધર્મનો પાયો છે; માટે સત્યનો લોપ ન કરવો.

દાન, યજ્ઞ, વ્રત, અગ્નિહોત્ર, વેદો, તેમ જ બીજા જે કોઈ નિશ્ચિત થયેલા ધર્મો છે, તે બધું સત્ય દ્વારા જ પ્રવર્તે છે.

એક બાજુ હજાર અશ્વમેધ અને બીજી બાજુ એકલા સત્યને ત્રાજવામાં મૂકી જોયું; તો જણાયું કે હજાર અશ્વમેધ કરતાં સત્ય જ વધી જાય છે.

(મહાભારત, શાંતિપર્વ, અ. ૧૬૨, શ્લો. ૪, ૬; ૮, ૯, ૨૨, ૨૪, ૨૫, ૨૬.)

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ
ગોપાલદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)
ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૪ — અંક ૮
ઓગસ્ટ — નવજીવન, અમદાવાદ — ૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ઑગસ્ટ, ૧૯૫૫

વર્ષ ૧૪ અંક ૮

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
બુદ્ધિશાળી યુવાનોને ચેતવણી	ચક્રવર્તી રાજગોપાલાચારી	૨૨૫
પાઠ્યપુસ્તકો અને સરકાર	મગનભાઈ દેસાઈ	૨૨૬
એવરેસ્ટ પર ચડાઈ	મુ૦ ક૦	૨૨૭
જ્ઞાતિ, કોમ અને રાષ્ટ્ર	મગનભાઈ દેસાઈ	૨૩૨
'શાળાઓમાં શિસ્ત તૂટી પડી છે'	ગોપાળદાસ પટેલ	૨૩૩
કૉલેજોમાં તામિલનું માધ્યમ	મગનભાઈ દેસાઈ	૨૩૪
મુંબઈની અંગ્રેજ શાળાઓ	મગનભાઈ દેસાઈ	૨૩૬
ઉદ્યોગ દ્વારા તાલીમ	મગનભાઈ દેસાઈ	૨૩૭
યુગોસ્લાવિયામાં ખેતીસુધારણા	વિઠ્ઠલદાસ કોઠારી	૨૩૮
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૨૩૯
પંચશીલ	મુ૦ ક૦	૨૪૫
ક્રાંતિનાં એંધાણ	મગનભાઈ દેસાઈ	૨૪૭
ક્રાન્તિ અને શાન્તિ તથા સત્યાગ્રહ	પ્રો. નેમીસરણ મગનભાઈ દેસાઈ	૨૪૮
માસિક વિવેચન		
શિસ્ત અને સંસ્કૃતિ	મ૦	૨૫૧
પાઠ્યપુસ્તક, છાપકામ અને કાગળ	મ૦	૨૫૧
ચોપડીઓનો ખર્ચ	મ૦	૨૫૨
મુંબઈ યુનિ૦માં માધ્યમ વિચાર	મ૦	૨૫૩
અંગ્રેજી તો નહીં રહી શકે	મ૦	૨૫૩
માધ્યમ અને નોકરીઓ	મ૦	૨૫૩
ગુજરાત યુનિવર્સિટીનો ધડારૂપ નિર્ણય	મ૦	૨૫૪
માધ્યમ-ફેરની પ્રક્રિયા	મ૦	૨૫૪
બિનગુજરાતીઓ માટે ભાષાની પરીક્ષા	મ૦	૨૫૫
પંચશીલ		૨૫૫
અનુકરણીય	પરીક્ષિતલાલ મજમુદાર	૨૫૫
નવું વાચન		
સરી જતી રેતી	મુ૦ ક૦	૨૫૬
સાભાર સ્વીકાર		૨૫૬

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કાજીનું બજાર); રાજકોટ (લાખાજીરાજ રોડ), દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કોનૉટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમનો દર

દેશમાં રૂા. ૪); પરદેશમાં રૂા. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, અમદાવાદ-૧૪

અમારાં નવાં પ્રકાશનો

વિચારદર્શન ભાગ ૧ લો : લે૦ કેદારનાથ, સંપા૦ રમણીકલાલ મગનલાલ મોદી; કિં. રૂ. ૧-૮-૦; ટપાલરવાનગી ૦-૧૦-૦.

સ્થાનાંગ-સમવાયાંગ : સંપા૦ દલસુખ માલવણિયા; કિં. રૂ. ૧૦-૦-૦; ટપાલરવાનગી ૧-૮-૦.

ગાંધીજીના પાવન પ્રસંગો : લે૦ લલ્લુભાઈ મકનજી; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

શીલ અને સદાચાર : લે૦ મુકુલભાઈ; કિં. રૂ. ૦-૬-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

ઠક્કરબાપા : લે૦ કાન્તિલાલ શાહ; કિં. રૂ. ૪-૦-૦; ટપાલરવાનગી ૧-૩-૦.

સમૂહજીવન અને છાત્રાલય : શિવાભાઈ ગો૦ પટેલ; કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

टक्करबापा : ले० कान्तिलाल शाह; अनु० रामनारायण चौधरी; की. रु. ५-०-०; डाकखर्च १-५-०.

हरिजनसेवकोंके लिये : ले० गांधीजी; अनु० रामनारायण चौधरी; की. रु. ०-६-०; डाकखर्च ०-२-०.

अस्पृश्यता : ले० गांधीजी; अनु० रामनारायण चौधरी; की. रु. ०-३-०; डाकखर्च ०-२-०.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૪-અંક ૮] અમદાવાદ [ઑગસ્ટ, ૧૯૫૫

બુદ્ધિશાળી યુવાનોને ચેતવણી

ધર્મ બાબત આઈન્સ્ટાઈનની વિચારસરણી સમજવામાં કેટલાક સારા માણસોએ પણ ગોથું ખાધું છે. આઈન્સ્ટાઈન દાવો કરે છે કે તે 'ઊંડો ધર્મનિષ્ઠ માણસ' છે; પરંતુ કેટલાક ધર્મ-પ્રવણ લોકોને મતે આઈન્સ્ટાઈનનાં એ વિષય ઉપરનાં નિવેદનો તેના એ દાવાને જૂઠો પાડે છે. પણ એ ટીકા બરાબર નથી.

આઈન્સ્ટાઈન ખરેખર ઊંડો ધર્મનિષ્ઠ માણસ હતો. પરંતુ તેં મિથ્યા જિજ્ઞાસા અને સાધનાઓને અનુમોદન આપતો ન હતો. તે કહેતો કે, "જીવનની નિત્યતાનું રહસ્ય તથા વિદ્યમાન જગતની અદ્ભુત રચનાનાં ભાન અને યત્કિંચિત્ ઝાંખી તેમ જ પ્રકૃતિમાં પ્રગટ થતા ચેતનના અંશને— ભલે પછી તે ગમે તેટલો અલ્પ હોય — સમજવા એકનિષ્ઠ પ્રયત્ન, એટલાથી મને સંતોષ છે." તેની સાચી ધાર્મિક વૃત્તિ બાબત કોઈ શંકા હોય તો તે દૂર કરવા તેનું આ નિવેદન પૂરતું છે.

શારીરિક મૃત્યુ પછી કોઈ વ્યક્તિગત અંશ કાયમ રહે છે કે નહીં, એને લગતા પુનર્જન્મના સિદ્ધાંતને, તે મહાન ફિલસૂફ તથા ગણિતશાસ્ત્રી કશી અગત્યનો માનતો નહીં; એને મન એ જાતનો વિચાર મનના મનોરથરૂપ તથા નબળાઈ, ભય અથવા મિથ્યા અહંબુદ્ધિની નિશાનીરૂપ છે. આઈન્સ્ટાઈન કહે છે કે, "આપણા પોતાના અસ્તિત્વના અથવા બધાં પ્રાણીઓના અસ્તિત્વના હેતુ કે પ્રયોજન બાબત જિજ્ઞાસા કરવી, એ મને તાત્ત્વિક દૃષ્ટિએ હંમેશાં અર્થહીન લાગ્યું છે." આઈન્સ્ટાઈન આ જાતનો જે લોખંડી પડદો સ્વીકારવાની ભલામણ કરે છે, તેમાં ઊંડું તત્ત્વજ્ઞાન રહેલું છે: ઊંડું તત્ત્વજ્ઞાન જ નહીં પરંતુ ઊંડી ધર્મભાવના પણ. કેટલાક ઉપરછલ્લા વિવેચકોએ કલ્પી લીધો છે તેવો કશો વિરોધાભાસ તેમાં નથી.

આઈન્સ્ટાઈન એ રીતે ઈશ્વરની લીલા બાબતની વેદાંત-સિદ્ધાંતની કલ્પનાને જ રજૂ કરે છે. આપણે ઈશ્વરની લીલાનો તાગ મેળવી શકીએ નહીં; આપણે તેને સ્વીકારી લેવી જ રહી. ફિલસૂફની તાર્કિક દલીલ ઉપરાંત એ નિવેદનમાં ડહાપણ પણ રહેલું છે. આપણાં બધાં જ બુદ્ધિશાળી સ્ત્રી-પુરુષો શંકરાચાર્ય કે આઈન્સ્ટાઈન જેવાં મહાન નથી. તેમનાં મગજ પોતાના અસ્તિત્વના અથવા બધાં પ્રાણીઓના અસ્તિત્વના હેતુ કે પ્રયોજનનો તાગ મેળવવામાં પડતો બોજો સહન ન કરી શકે. અને એ બોજાનો ભય જડસુ લોકો કરતાં ખરેખર ઉત્સાહી અને બુદ્ધિશાળી છોકરાઓ અને છોકરીઓના દાખલામાં વધુ રહેલો હોય છે; કારણ કે, એ બોજો આપમેળે સ્વીકારી લેવાય છે અને તેથી કરીને જેમ વ્યક્તિ વધુ ઉત્સાહી અને બુદ્ધિશાળી, તેમ એ બોજો પણ વધુ અસહ્ય બની રહે છે.

માણસોને જો આ વિશ્વના રહસ્યનો તાગ મેળવવો હોય, તો તેમણે શ્રદ્ધાનો તારક-પટો ધારણ કરવો જોઈએ. એ સમુદ્ર કે જેને આઈન્સ્ટાઈન પણ જોખમભર્યો માને છે, તેમાં ઓછા બળવાળાઓએ શ્રદ્ધાની મદદ વિના હરગિજ ઝંપલાવવું ન જોઈએ. શ્રદ્ધાની મદદ હોય, તો અગાધતા એ ઉપર લાવનાર વસ્તુ બને; પરંતુ શ્રદ્ધા વિના માત્ર આત્મવિશ્વાસુ બુદ્ધિ તો માનસિક અવ્યવસ્થા જ નિપજાવે. બી. એસસી. તથા પી એચ. ડી. થયેલાઓ ઘણા ગાંડાની ઇસ્પિતાલોમાં ગયેલા આપણે જોઈએ છીએ, તેનું એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ છે. સામાન્ય માણસો જ્યારે જીવનનો ઊગમ અને હેતુ તથા વિશ્વના પ્રયોજનરૂપી મહાસાગરમાં ઝંપલાવવા જાય, ત્યારે તેમને માટે શ્રદ્ધાનો તારક-પટો અતિ આવશ્યક છે. માત્ર બુદ્ધિને આધારે અને શ્રદ્ધા વિના માણસથી હરગિજ ન ઉકેલી શકાય એવી આ બાબતો છે.

—ચક્રવર્તી રાજગોપાલાચારી

['વેદાંતકેસરી' જુલાઈ ૧૯૫૫ -માંના અંગ્રેજી લેખ ઉપરથી]

પાઠ્યપુસ્તકો અને સરકાર

પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ માટે જરૂરી પાઠ્યપુસ્તકોનો સવાલ કેવળ મુંબઈ રાજ્યમાં જ નહીં, દેશનાં બીજાં અનેક પ્રદેશ-રાજ્યોમાં પણ ફૂટી આવ્યો છે. અને તે બધામાં કેટલીક બાબતોમાં એક પ્રકારનું સરખાપણું જોવા મળે છે. તેમાં મુખ્ય તો એ કે, આ પ્રશ્ન શિક્ષણનો છે, તેને બદલે તે વેપાર અને પુરવઠાનો જાણે ન હોય, એમ માનીને વર્તાય છે. આ પાયાગત ભૂલ બધે સરખી દેખાય છે. આમ થવાનાં કારણોમાં ન પડીએ, પરંતુ શિક્ષણકાર્ય તેની રીતે જો ન થાય તો શું થઈને ઊભું રહે, તે તો આમાંથી જરૂર સમજી લેવું ઘટે છે.

આને લઈને, સૌથી ખરાબ વાત એ થાય છે કે, શિક્ષણક્ષેત્રમાં, તેને માટે પ્રાણરૂપ એવી ઉદાર દૃષ્ટિ રહેતી નથી અને તેના અમલદારો પલટન-શાહી ઢબે કામ કરતા થઈ જાય છે. સરકારી નિરીક્ષકો મહેસૂલ, ટપાલ, ઇ૦ બીજાં વહીવટી ખાતાં પેઠે, કેવળ કારભારું ચલાવતા બની જાય છે, અને કેળવણીના વિકાસની તથા ગુણવૃદ્ધિની બાબતો, — કે જે એમને માટે મુખ્ય ધ્યાનપત્ર ગણાય, — તે ગૌણ કે નહીંવત્ થઈ રહે છે. જેમ કે, આજે દેશમાં પાયાની કેળવણી જેવી મહા યોજના અમલમાં મૂકવાનું કામ દેશનાં કેળવણી-ખાતાં આગળ આવેલું છે; પણ તેમનું લક્ષ ક્યાં છે? તેઓ કઈ બાબતોમાં ખેંચાઈ ગયાં છે! શામાં તે ખાતાં પોતાનો સમય ખર્ચી રહ્યાં છે? તેમનાં અધ્યાપન મંદિરો તથા શિક્ષકો ક્યાં ધ્યેયોને લઈને ચાલી રહ્યાં છે? આવા આવા સવાલોનો જવાબ જોઈએ તો ઉપર જે કહેવા માગું છું તે તરત સ્પષ્ટ થશે માનું છું.

વસ્તુ આટલે જ રોકાતી નથી. એક વાર સ્થાનભ્રષ્ટ થયા પછી શિક્ષણ-ગંગા એવી આડી ઊતરે છે કે તેને પાછી તેના પવિત્ર પટમાં લાવી ન શકાય.

શિક્ષણ ખાતાએ ચોપડીઓ મંજૂર કરવાનો હક કાયદાથી પોતા પાસે રાખ્યો છે. આ વસ્તુ પરદેશી રાજ્યની નીતિનો એક ત્યાજ્ય અવશેષ છે. રાજ્ય પરદેશી રહ્યું એટલે દેશની પ્રજા પ્રત્યે વહેમાઈને તે ચાલે, એ ઉઘાડું છે. તેણે શિક્ષણના પ્રકાર ઉપર કાબૂ રાખવો જ પડે; તેમાં પાઠ્યપુસ્તક એક મોટી બીના ગણાય. તેથી તે ઉપર નિયંત્રણ એક સરકારી કામ બની ગયું. આ ખ્યાલ આજ સુધી ચાલુ છે. અને તેમાં રહીને તૈયાર થયેલું તંત્ર પણ તેને અનુરૂપ દોષોવાળું થઈને રહ્યું છે. તેથી સરકાર તરતોતરત વચ્ચેથી ખસી જઈ શકતી નથી, અને એ કામ શાળાના સંચાલકો પર નથી મૂકી દેવાતું. બલ્કે, જોવા તો એવું મળે છે કે, સરકારો તો પહેલાં નહોતો એવો કાબૂ લેવા તાકે છે અને જાત જાતના પ્રયોગો કરે છે, કે જેનાં પરિણામો જુદાં જુદાં રાજ્યોમાં આવતાં જોવા મળે છે. યુદ્ધકાળના અંકુશયુગમાં કેળવાયેલા ખ્યાલો અને સમાજવાદી રચના કરવાના નવા વિચારો પણ એમાં ખરાબી કરી રહ્યા છે, કે જેને લઈને શિક્ષણનો સવાલ શિક્ષણનો ન રહેતાં, — ઉપર શરૂમાં કહ્યું તેમ, — વેપાર અને પુરવઠાના અંકુશરાજ્યનો બની જાય છે.

મુંબઈ, ત્રાવણકોર, મધ્ય પ્રદેશ, પંજાબ, દિલ્હી ઇ૦ રાજ્યોમાં આજે જે ચાલે છે, તે બધું સ્વરાજ સરકારોને સાવચેતી રૂપ છે. આ બધા ઉપરથી દેશનાં બધાં રાજ્યોનાં કેળવણીખાતાં સજાગ બની જાય એ જરૂરી છે. નહીં તો અંગ્રેજી કેળવણી ચલાવવાને માટે થયેલાં એ તંત્રો તે કેળવણીની જોડે નકામાં થઈ રહેશે. આ કેળવણી આજે કાલગ્રસ્ત થઈ છે અને ખરતી જાય છે, તેની જોડે તેઓ પણ જો ખરતાં જાય, તો તેનું પરિણામ ઉઘાડું છે કે, પાયાગત સુધારાનું નવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ જે કરવું છે તે એ તંત્ર નહીં કરી શકે; અને બીજું તંત્ર તો છે નહીં કે જે એને સંભાળી લે.

આ પરિણામ આજે તો દેખાઈ રહ્યું છે. તેમાં ઊંડે ઊતરીને જોઈએ તો દેશના નવઘડતરની જે યોજનાઓ આજે વિચારાય છે, તેમાંય કદાચ તેનાં કારણો છુપાયેલાં જોવા મળે. તે દ્વારા દેશને સાચી ચાલના ને પ્રેરણા નથી મળતી કે શું, એવો સવાલ થાય છે.

આ યોજનાઓ ખરું જોતાં, દેશનાં સીધાં કામો જે સામે આવીને ઊભાં રહ્યાં છે તેમને ન લેતાં, જેને કેટલુંક ખ્યાલી કે તરંગી કહેવું પડે, એવાં કામોમાં ખેંચાઈ જાય છે. જેમ કે, ૧૪ વરસની ઉંમર સુધીની ફરજિયાત કેળવણી આપવાનું કામ લો. એની યોજના વિગતવાર વિચરાઈ છે? તેની પદ્ધતિ ગાંધીજીએ બતાવેલી ઉદ્યોગ-પદ્ધતિ* હશે, એમ કહેવાયું છે; પણ એના અમલનો વિચાર વિગતે કરાયો છે? ગઈ પંચવર્ષી યોજના વખતે એમ કહેવાયું કે અન્નની તંગી છે, તેથી તે પહેલું કામ ગણાયું. પણ હવે શું? અરે, કોઈ એક રાજ્ય પણ પોતાના શિક્ષણકામની યોજના કરીને ચાલે છે એમ કહી શકીએ? જો એમ હોત તો ચોપડીઓની બાબતમાં આવી ભૂલો થાત નહીં. કેળવણી એ પ્રજાકીય વ્યવસાય છે; તેમાં પ્રજા સ્વતંત્ર ઢબે પોતાનું કામ ગોઠવે એ રીતે સરકારે તેની મદદમાં રહેવું જોઈએ. તેને બદલે, કાંઈ મુશ્કેલ લાગે કે લાગલા લોકો માટે બધું પોતે કરવાની લપમાં સરકાર પડે, તો ગંભીર ભૂલ થશે. કલ્યાણ-રાજ્યના ખ્યાલો અહીં કામના નથી. કલ્યાણ-રાજ્ય જો સરકાર-માબાપવાદનું રૂપ પકડે, તો તેમાં લોકશાહીનો હ્રાસ થશે. શિક્ષણ-ક્ષેત્રમાં તો તે ઉપરાંત શિક્ષણનોય હ્રાસ થાય. અને તો તો પ્રજાને ઘડનારું જીવંત સાધન કથળે.

૧૦-૭-'૫૫ **મગનભાઈ દેસાઈ**

* આ પદ્ધતિ ચોપડીઓની બાબતમાં અમુક પોતાનું ખાસ વિચારબિંદુ ધરાવે છે; જેમાં ચોપડી એ આજની પેઠે શિક્ષણનું કેન્દ્ર અને વાહન નથી. તેની અસર આ પાઠ્યપુસ્તકોના સવાલ પર પણ નાનીસૂની નથી. પણ એ વિચાર અલગ કરવા પર રાખવો જોઈએ.

એવરેસ્ટ પર ચડાઈ

૧

આપણા દેશમાં પર્વતારોહણની વાત નવી કે અજાણી નથી. ઋષિ મુનિઓ અને સાધુસંતો હંમેશાં હિમાલયનાં ઉત્તુંગ શિખરો ઉપર નિવાસ કરી જપ-તપ કરતા આવ્યા છે. મહાભારતના યુદ્ધ પછી યુધિષ્ઠિરે પોતાનું બધું રાજપાટ છોડી દઈને પોતાના ચાર ભાઈઓ અને દ્રૌપદી સાથે હિમાલય તરફ પ્રયાણ કર્યું હતું. યુધિષ્ઠિર સિવાય બધાંનાં હાડ રસ્તામાં ગળી ગયાં હતાં અને માત્ર યુધિષ્ઠિર તથા તેમની સાથે આવેલો કૂતરો છેક ટોચ સુધી જઈ શક્યા હતા.

હિમાલયની બીજી એક વિશિષ્ટતા એ છે કે, તેનાં શિખરો ઉપર માનસરોવર, બદરીનાથ, કેદારનાથ, અમરનાથ, ગંગોત્રી, જમનોત્રી ઇત્યાદિ પ્રખ્યાત હિંદુ તીર્થધામો આવેલાં છે. પ્રાચીન કાળથી અસંખ્ય યાત્રાળુઓ કેટલુંય કષ્ટ વેઠીને તથા જાનને હોડમાં મૂકીને એ નામાંકિત ધામોની યાત્રા કરવા જાય છે અને પોતાનું જીવન સાર્થ થયેલું માને છે.

પરંતુ હિમાલયનું આકર્ષણ એક બીજી રીતે પણ છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં બ્રિટિશ સામ્રાજ્ય આપણા દેશમાં મજબૂત રીતે સ્થપાયું, ત્યારથી યુરોપના પર્વતારોહણપ્રેમી લોકોનું ધ્યાન નગાધિરાજ હિમાલયની ઊંચી ઊંચી પર્વતમાળા તરફ ખેંચાયું. આમ તો આશરે ૧૮૫૦થી હિમાલયનાં જુદાં જુદાં શિખરોની ઊંચાઈની મોજણી શરૂ થઈ હતી. જ્યારે લોકોને ખબર પડી કે, એવરેસ્ટ* એ દુનિયાનું ઊંચામાં ઊંચું શિખર છે, ત્યારે યુરોપના પર્વતારોહીઓ એ શિખર ઉપર ચડવાની તીવ્ર આકાંક્ષા સેવવા લાગ્યા

* એવરેસ્ટનું નામ શી રીતે પડ્યું એ જાણવા જેવી હકીકત છે. પહેલાં એ શિખરનું નામ 'લુંગ્મા' હતું. ૧૮૫૦ના અરસામાં રાધાનાથ સિકદારે તે શિખર પ્રથમ શોધી કાઢ્યું હતું. એ વખતે તે મોજણી ખાતામાં કામ કરતો હતો. એ ખાતાના ઉપરી અંગ્રેજ અધિકારીનું નામ 'એવરેસ્ટ' હતું. એટલે આ શિખરનું નામ 'એવરેસ્ટ' રાખવામાં આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ત્યાં કોણ પ્રથમ પગ મૂકે તેની સરસાઈ કરવા લાગ્યા.

૨

એવરેસ્ટ શિખર તિબેટ અને નેપાળની સરહદ ઉપર આવેલું હોવાથી, એ જમાનામાં યુરોપવાસીઓ માટે એ પ્રદેશનાં દ્વાર સમૂળગાં બંધ હતાં. યુરોપમાં ઊંચામાં ઊંચો પર્વત આલ્પ્સ; તેની ઉપર ચડવાના શોખીનો માટે ચાલતી આલ્પાઇન ક્લબે જ્યારે ૧૯૦૭માં પોતાની રજત-જયંતી ઊજવી, ત્યારે તેની ખુશાલીમાં બ્રિટિશ પર્વતારોહીઓએ એવરેસ્ટ પર વિજય મેળવવાનું બીડું ઝડપ્યું હતું. પરંતુ પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યાં સુધી એવરેસ્ટ પર ચડાઈની યોજનાઓ અમલમાં આવી શકી ન હતી.

૧૯૨૦ની સાલમાં તિબેટના દલાઈ લામાના અંગ્રેજ અંગત મિત્ર સર ચાર્લ્સ બેલ તેની રાજધાની લ્હાસાની મુલાકાતે ગયેલા, ત્યારે એવરેસ્ટ પર ચડવા માગતી એક ટુકડી માટે તિબેટમાંથી પસાર થવાની પરવાનગી ત્યાંની સરકાર પાસેથી મેળવી લાવ્યા હતા. એટલે ઇંગ્લૅંડની 'રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાયટી' અને 'આલ્પાઇન ક્લબ' એ બન્નેએ સાથે મળીને એવરેસ્ટ પર ચડાઈ લઈ જવાની તૈયારી કરવા માંડી.

૧૯૨૧ની સાલમાં પહેલવહેલી ટુકડી એવરેસ્ટ પર ચડવા માટે તૈયાર થઈ. લેફ્ટનન્ટ-કર્નલ હાવર્ડ બૅરી નામે એક અંગ્રેજ એ ટુકડીનો નેતા હતો. આ ટુકડીનો મુખ્ય ઉદ્દેશ એવરેસ્ટ ઉપર ચડવાના જુદા જુદા માર્ગોનું સંશોધન કરવાનો હતો. પરિણામે તિબેટના ૧૩,૦૦૦ ચોરસ માઈલ જેટલા અજાણ્યા પ્રદેશના નકશાઓ તેઓ તૈયાર કરી શક્યા. તદુપરાંત એવરેસ્ટની આસપાસ શક્ય એટલું પરિભ્રમણ કરીને તેના શિખરે પહોંચી શકાય તેવો માર્ગ શોધવાનું કામ એ ટુકડીના જૉર્જ મૅલોરી અને બુલોર્ડ નામના બે સભ્યોને સોંપાયેલું હતું. મૅલોરી અને તેના સાથીઓએ ૨૨,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી જઈ આવીને એવરેસ્ટ શિખરને માર્ગે એટલી ઊંચાઈએ પહેલવહેલો પગ મૂક્યો.

બીજે વરસે ૧૯૨૨માં પાછો પ્રયાસ થયો હતો. આ બ્રિટિશ ટુકડીએ પ્રાણવાયુનો સરંજામ પોતાની સાથે રાખ્યો હતો. પરંતુ એ વાપરવાની છૂટ હોવી જોઈએ કે નહિ, એ બાબત મતભેદ જેવું હતું. વળી પ્રાણવાયુના એ યંત્રનું વજન તે કાળમાં ૩૫ રતલ જેટલું હતું. એટલે એ યંત્ર લઈને ઉપર ચડવું અને કટોકટીને વખતે તે કામ કદાચ નયે આપે તો તે નકામું ભારરૂપ પણ થઈ પડે. તોયે આ ટુકડીમાંના ફિંચ અને બ્રૂશ નામના સાહસવીરોએ કૃત્રિમ પ્રાણવાયુની મદદ લઈને ખૂબ જહેમત ઉઠાવીને ૨૭,૩૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચવાની પહેલ કરી. પરંતુ અતિશય ઊંચાઈએ ચડવાને લીધે તેમના જ્ઞાનતંતુઓ બહેર મારી ગયા અને તેઓ લોથપોથ થઈને નીચેની છાવણીએ માંડ માંડ પાછા ફર્યા. ત્યાર પછી એ જ સમય દરમિયાન ત્રીજો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ ૨૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલી ચોથી છાવણીએ પહોંચતાં પહેલાં જ તેમની ઉપર એક હિમ-ધોધ તૂટી પડ્યો અને સાત શેરપા મજૂરોએ જાન ખોયા. આથી આ ટુકડીએ આગળ વધવાનું માંડી વાળ્યું.

૧૯૨૨ વાળી ટુકડીએ પહેલી છાવણી ૧૭,૭૦૦ ફૂટની ઊંચાઈએ, બીજી છાવણી ૧૯,૮૦૦ ફૂટની ઊંચાઈએ, ત્રીજી છાવણી ૨૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ અને ચોથી છાવણી ૨૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ સ્થાપી હતી. તે પછી ઉત્તર દિશામાંથી થયેલી તમામ ચડાઈઓ દરમિયાન પહેલી ચાર છાવણીઓ એ જ રીતે સ્થપાતી હતી.

એ વર્ષ બાદ ૧૯૨૪માં વળી એક બીજી ટુકડી તૈયાર થઈ. પરંતુ ઉપર ચડતાં હવામાન એકદમ બદલાઈ ગયું અને ભયંકર વાવાઝોડાં સાથે વરસાદની ઝડીઓ તેમના પર તૂટી પડી. તોયે ઉપરાઉપરી પ્રયત્નો કરી ટુકડીમાંના શ્રી નૉર્ટન અને શ્રી સોમરવેલ નામના વીરોએ આગળ વધવાની હિંમત જારી રાખી.

તેમણે પ્રાણવાયુનાં યંત્રો પણ સાથે લીધાં ન હતાં. સોમરવેલને તો ફેફસાંનું દર્દ પણ લાગુ પડ્યું હતું. વારે વારે લોહીવાળા ગળફાથી તેનું મોઢું ભરાઈ જતું અને શ્વાસ પણ રૂંધાઈ જતો. વળી થાકને લીધે નૉર્ટનની આંખે ઝાંખપ આવી ગઈ હતી. તોયે આ બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહસિકોએ પ્રયત્ન છોડ્યો નહીં. પરિણામે આટઆટલી જહેમત પછી નૉર્ટન ૨૮,૧૫૦ ફૂટની ઊંચાઈએ પહોંચી શક્યો હતો. સોમરવેલ થોડે અંતરેથી જ પાછો ફર્યો હતો. નૉર્ટન જ્યારે ચોથી છાવણીમાં પાછો આવ્યો, ત્યારે કેટલાય દિવસ સુધી તે આંખે જોઈ શકતો પણ ન હતો.

થોડા દિવસ પછી એ જ ટુકડીના મૅલોરી અને ઇરવિન વધુ એક પ્રયત્ન કરવા ઊંચે ચડ્યા. પરંતુ તે બંને પાછા ફર્યા જ નહીં!

ત્યાર બાદ એવરેસ્ટ પર ચડાઈ કરવા માટે તિબેટની સરકારે ઘણાં વર્ષો સુધી પરવાનગી આપી નહીં. એટલે ૧૯૨૪ પછી ૧૯૩૩માં ફરી ચડાઈ થઈ શકી. તેનો નેતા શ્રી રટલેજ કરીને અંગ્રેજ હતો. તે ત્રીજી છાવણીએ પહોંચ્યો ત્યાં તો રેડિયો દ્વારા ખબર આવી કે, નીચે તળેટીમાં ચોમાસું વહેલું બેસવા માંડ્યું છે. પવન પણ જોરથી ફૂંકાવા લાગ્યો. તેની સામે મરણતોલ જહેમત કરીને તેઓ ચોથી છાવણીએ પહોંચી શક્યા. ત્યાંથી આગળ પ્રયાણ કરીને ૨૫,૭૦૦ ફૂટની ઊંચાઈએ પાંચમી છાવણી તે લોકોએ સ્થાપી. પછી આગળ કૂચ કરવાની તેઓ તૈયારી કરતા હતા. પરંતુ તોફાની વાયરાઓએ તેમને વધુ ઊંચે ચડતા અટકાવ્યા. એટલે તેઓ પાછા ઊતરવા લાગ્યા. હવે ફરી પાછા ઉપર ચડાશે કે કેમ એ વિષે શંકા હતી. શેરપા મજૂરો પણ ખૂબ થાકી ગયા હતા. પરંતુ આંગતાર્કે* નામના શેરપાએ ઊંચે ચડવાનું બીડું ઝડપ્યું અને બીજા લોકોને પણ પ્રોત્સાહન આપ્યું. એટલે ફરીથી ચડાઈ શરૂ થઈ. આ પ્રયત્નમાં તેઓ ૨૭,૪૦૦ ફૂટની ઊંચાઈએ છઠ્ઠી છાવણી સ્થાપી શક્યા. ત્યાંથી આગળ વધવામાં ભારે સાહસ હતું. કારણ કે ચોમાસુ બરફના થર ઉપર જામવા લાગ્યા હતા. એટલે બધાએ પાછા ફરવામાં ડહાપણ માન્યું.

૧૯૩૫માં એક ટુકડીએ ૧૯૩૬ના રીતસરના આક્રમણની પૂર્વતૈયારીરૂપે એવરેસ્ટ ભણી પ્રયાણ કર્યું હતું. એ ટુકડીનો મુખ્ય હેતુ ૧૯૩૬માં થનારા આક્રમણ માટે પર્વતારોહીઓને તાલીમ આપવાનો હતો. આ ટુકડી ૨૦,૦૦૦ થી ૨૩,૬૦૦ ફૂટની ઊંચાઈવાળાં ૨૬ જેટલાં શિખરો ઉપર ચડી હતી.

૧૯૩૬માં રીતસરનું આક્રમણ થયું હતું. પરંતુ દુર્ભાગ્યે તેનું પરિણામ નિરાશાજનક આવ્યું. શેરપાઓ સાથે કેટલાક સાથીઓ ચોથી છાવણી સુધી પહોંચ્યા. પરંતુ ત્રણ ત્રણ દિવસ સુધી બરફ સતત વરસ્યા જ કર્યો, અને હિમાલયમાં ચોમાસું જલદી શરૂ થઈ ગયું. એટલે સૌને ત્યાંથી પાછા ફરવું પડ્યું.

ત્યાર બાદ ૧૯૩૮માં પ્રયાસ થયો. આ વખતે પણ હવામાન પ્રતિકૂળ નીવડ્યું. જેમ જેમ પર્વતારોહીઓ ઉપર ચડતા ગયા તેમ તેમ સંજોગો ઝડપભેર વણસવા લાગ્યા. ચોપાસ બધું રૂના પોલ જેવા નરમ, સુંવાળા બરફમાં દટાઈ ગયું હતું. બહુ જહેમત ઉઠાવીને શેરપાઓ સાથે કેટલાક સાહસિકો છઠ્ઠી છાવણી સુધી પહોંચી શક્યા. હજી હવામાન એવું જ હતું, તોયે તેઓએ આગળ ધપવા કેડ કસી. એક કલાકના તનતોડ પરિશ્રમ પછી તેઓ માંડ ૧૨ ફૂટ ઊંચે ચડી શક્યા. આવી મુશ્કેલ પરિસ્થિતિ જોઈને છેવટે એ ટુકડીએ પાછા ફરવાનું નક્કી કર્યું.

૩

અહીં સુધીના અનુભવ પરથી પર્વતારોહીઓને ખાતરી થઈ કે, ઉત્તર દિશામાંથી એવરેસ્ટ પર ચડાઈ કરવાનું કામ ઘણું કપરું છે. એ બાજુની કરાડો જ એવી છે કે, સારા હવામાનમાં પણ ઉપર ચડવું જોખમકારક હતું. એટલે તેઓ નવો માર્ગ શોધવાનું વિચારવા લાગ્યા. છેવટે તેઓને એમ લાગ્યું કે, એવરેસ્ટની દક્ષિણ બાજુથી ચડાઈ કરીએ તો ઓછી મુશ્કેલી નડે એમ છે. એ ભાગ નેપાળ બાજુ આવ્યો હતો. પરંતુ તે વખતે નેપાળની સરકારે એ દ્વાર વિદેશીઓ માટે સાવ બંધ રાખ્યાં હતાં. તેથી આ યોજના આખરે મુલતવી રાખવી પડી.

બીજા વિશ્વયુદ્ધ પછી નેપાળની સરકારે પોતાની નીતિ સહેજ બદલી અને ૧૯૪૯થી પર્વતારોહીઓ તથા સંશોધકો માટે નેપાળનો માર્ગ ખુલ્લો થયો. એટલે

---

* આ જ શેરપા આંગતાર્કે તે પછી ૧૯૫૦માં ફ્રેંચ ટુકડીની સાથે અન્નપૂર્ણા શિખર સર કરી આવીને જગમશહૂર થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૧માં રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાયટી અને આલ્પાઇન ક્લબે એવરેસ્ટનો દક્ષિણ-પશ્ચિમનો માર્ગ શોધવા સંયુક્ત ટુકડી મોકલી. એ ટુકડીએ ૧૯૫૧ના ડિસેમ્બરમાં એ તપાસ પૂરી કરી.

ત્યાર બાદ બ્રિટિશ ટુકડી એ માર્ગે જવાનો નિર્ણય કરે એ પહેલાં ૧૯૫૨માં એવરેસ્ટ ઉપર દક્ષિણ તરફથી ચડાઈ કરવા સ્વિટ્ઝર્લૅન્ડની એક ટુકડી તૈયાર થઈ ગઈ હતી. એ સ્વિસ ટુકડીએ ૨૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ પાંચમી છાવણી સ્થાપી અને મે માસના આખરી દિવસોમાં ૨૫,૮૦૦ ફૂટની ઊંચાઈએ છઠ્ઠી છાવણી સ્થાપી. મેની ૨૭મીએ લૅમ્બર્ટ, શેરપા તેનસિંગ અને બીજા બે સાથીઓએ શિખર ભણી પ્રયાણ આરંભ્યું. એક તંબૂ સિવાય રાતવાસો કરવા કશો સરંજામ તેઓએ સાથે લીધો ન હતો. તેઓ ૨૭,૫૦૦ ફૂટની ઊંચાઈ સુધી તે દિવસે પહોંચી શક્યા. લૅમ્બર્ટે તેનસિંગ સાથે ત્યાં રાત રોકાવાનું નક્કી કર્યું. બીજાઓ છઠ્ઠી છાવણીએ પાછા ફર્યા.

આ બે સાહસવીરોએ ખરેખર અહીં રાતવાસો રહેવામાં ભારે સાહસ જ ખેડ્યું હતું. તેમની પાસે પથારી નહોતી અને પીવાનું પાણી* બનાવવા માટે બરફ ઓગાળતો સ્ટવ પણ ન હતો. ઠંડી સખત વાતી હતી, અને તેમનાં અંગોમાં પ્રાણ ટકી રહે એ માટે એકબીજાના હાથપગ દાબવામાં જ તેમણે ઘણીખરી રાત પસાર કરી હતી. બીજે દિવસે તેઓ હિંમતભેર આગળ ધપ્યા અને ૨૮,૨૦૦ ફૂટની ઊંચાઈએ પહેલવહેલો પગ મૂકવા ભાગ્યશાળી થયા. પરંતુ ત્યાંથી એક ડગલુંય આગળ જવાની તેમનામાં શક્તિ રહી ન હતી. એટલે તેઓ પાછા નીચે ઊતર્યા.

૧૯૫૨ના ઉનાળાના અંતમાં સ્વિટ્ઝર્લૅન્ડની એક બીજી ટુકડીએ ચડાઈ કરવાનું આરંભ્યું. પરંતુ આ ટુકડીને પ્રારંભથી જ ઠંડી અને હિમ-વાયરાની ભારે મુસીબતો વેઠવી પડી. અધૂરામાં પૂરું એક શેરપાના માથા ઉપર હિમ-શિલા તૂટી પડવાથી તે ત્યાં ને ત્યાં મરણ પામ્યો. આવાં કારણોને લઈને આ ટુકડીની આગેકૂચ જરા મંદ પડી ગઈ. છતાં એ લોકોએ નવેમ્બર માસમાં ૨૫,૮૦૦ ફૂટની ઊંચાઈએ છાવણી નાખી. લૅમ્બર્ટ, તેનસિંગ અને રાઇસે ત્યાં એક રાત ગાળી. પણ ત્યાંથી ઊંચે જતાં મરણતોલ વાયરા સામા મળ્યા. તેથી આખરે થાકીને તેઓ પાછા ફર્યા.

૪

ત્યાર બાદ ૧૯૫૩ની યાદગાર ચડાઈનો સમય આવ્યો. આ ટુકડીએ પણ સ્વિસ ટુકડીએ લીધેલા દક્ષિણ માર્ગે જ પ્રયાણ આદર્યું હતું. આ ટુકડીનો નેતા જ્હૉન હંટ નામનો અંગ્રેજ હતો. ૧૯૫૩ની ૧૦મી માર્ચને દિવસે આ ટુકડીએ ખટમંડુથી ચડાઈનો પ્રારંભ કર્યો.

આ ટુકડીએ આરોહણ માટે અતિ ઉપયોગી થઈ પડે એવાં છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક ઢબનાં સાધનો રાખ્યાં હતાં. એ સાધનોમાં પ્રાણવાયુ માટેનું નવું યંત્ર આ વખતના વિજયની સફળતાનું એક કારણ ગણી શકાય. આ પહેલાં એ યંત્રનું વજન લગભગ ૧૪ રતલ જેટલું હતું. હવે તેનું વજન માત્ર બે રતલ જેટલું જ છે. એ ઉપરાંત હવે ઓછા વજનની સુવાની પથારી, ઊંચા શિખર ઉપર બરોબર કામ આપી શકે તેવા ઓછા વજનના તંબૂ તથા પહેરવા માટેનાં ખૂબ ઓછા વજનનાં કપડાં, બરફ પર ચાલવાને ઉપયોગી થઈ પડે તેવા મજબૂત જોડા, બરફને ભાગવા માટેની ઓછા વજનની કુહાડી, ખીણ જેવા ભાગને ઓળંગવા માટેની હલકા વજનની સીડી, ઇત્યાદિ સાધનો આ ચડાઈને સફળ કરવામાં ખૂબ મદદરૂપ થઈ પડ્યાં હતાં.

૧૯૫૩ની આ ટુકડીમાં તેનસિંગ, એડમંડ હિલરી વગેરે મળી મુખ્ય ચૌદ સભ્યો હતા. એ લોકો સાથે શેરપા પુરુષ-મજૂરો ઉપરાંત શેરપા સ્ત્રી-મજૂરો પણ હતી.

આ ટુકડી સવારે ૫-૩૦ વાગ્યે ઊઠતી. ચા વગેરે પતાવ્યા પછી ૬ વાગ્યે કૂચ શરૂ થતી. રાંધવા વગેરેની વ્યવસ્થા કરનારી મંડળી આગળ જતી અને અનુકૂળ

* પર્વતારોહીઓનો એવો અનુભવ છે કે, જેમ જેમ ઉપર ચડતા જઈએ તેમ તેમ તરસ ખૂબ જ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગ્યા પસંદ કરી ત્યાં પડાવ નાખતી. તે સ્થળે એ ત્રણ કલાક પડાવ રહેતો. રાંધનારી ટુકડી ત્યાં રસોઈ તૈયાર કરતી. કેટલાક પાસેના ઝરણામાં નાહવા પડતા, કેટલાક આરામ કરતા; કેટલાક વાંચતા અને કેટલાક ડાયરી લખવા બેસતા; વળી કેટલાક આગળ હવે કઈ રીતે કૂચ કરવાની છે, તેની વિચારણા કરવા બેસતા. બે ત્રણ કલાક પછી ફરીને પ્રયાણ શરૂ થતું.

નવમે દિવસે ૯,૦૦૦ ફૂટની ઊંચાઈએ તેઓ એક ઘાટ પાસે આવી પહોંચ્યા અને ત્યાંથી શેરપાઓના પ્રદેશમાં દાખલ થયા. ત્યાંથી આગળ ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા પછી ઉતારનો માર્ગ આવ્યો. અને તેઓ ૫,૦૦૦ ફૂટ સુધી નીચે આવી પહોંચ્યા. ત્યાંથી આગળ વધી ૨૫મી માર્ચને દિવસે આ ટુકડીએ ત્રણ અઠવાડિયાંનો પડાવ નાખ્યો. અહીં રહીને તેઓએ પર્વતારોહણની તાલીમ લેવાની હતી. પ્રાણવાયુનાં યંત્રો શી રીતે વાપરવાં ઇત્યાદિ તાલીમ તેઓ અહીં રહીને લેવા લાગ્યા. ૧૫મી એપ્રિલ પછી પાછી કૂચ શરૂ થઈ. અહીંથી આખી મંડળી દશ દશની ટુકડીમાં વહેંચાઈ ગઈ હતી.

આમ ધીમે ધીમે તેઓ મુશ્કેલી પાર કરતા આગળ વધતા હતા. ચોથો પડાવ ૨૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ નાખવામાં આવ્યો. ત્યાંથી આગળ જતાં એક કટોકટીનો પ્રસંગ બની ગયો. તેનસિંગ અને હિલરી સામાન ખસેડવા માટે આગળ ધપી રહ્યા હતા. એટલામાં હિલરીનો પગ એકાએક લપસ્યો અને તે લગભગ પંદર ફૂટ જેટલો નીચે ખીણમાં ઊતરી પડ્યો! પરંતુ તેનસિંગે હિલરીને બાંધેલું દોરડું ખૂબ મજબૂત રીતે પકડી રાખ્યું, તેથી હિલરી મોટી ઘાતમાંથી બચી ગયો, નહીં તો ઊંડી ખાઈમાં પડીને તેના ચૂરેચૂરા થઈ જાત.

આ છાવણી નજીકથી ટુકડીએ, તેનસિંગની સૂચના અનુસાર, લાકડાનાં કેટલાંક થડિયાં ઉપાડી લીધાં. મોટી કોતર જેવી જગ્યા ઓળંગવા માટે એ લોકો પાસે આમ તો એલ્યુમિનિયમની હલકા વજનની સીડીઓ હતી જ, તોયે આગળ જતાં આ થડિયાં એ લોકોને ખૂબ કામમાં આવ્યાં. વળી આ છાવણીની જગ્યાએથી આ પહેલાંની સ્વિસ ટુકડીએ રાખેલા લીંબુના રસના કેટલાક સીસા તથા પ્રાણવાયુના નળા પણ એ લોકોને મળ્યા. ખોરાકમાં ચૉકલેટ, બિસ્કિટ, ખાંડ, લીંબુનો રસ વગેરે લઈને આ ટુકડી પોતાનો નિભાવ કરતી હતી. ચડાણ ધીમે ધીમે વિકટ આવતું જતું હતું.

છેવટે ૨૭,૯૦૦ ફૂટની ઊંચાઈએ નવમી છાવણી સ્થાપવામાં આવી. ત્યાં તેનસિંગ અને હિલરી મોખરે રહી કૂચ કરવા લાગ્યા. ચડાણ વધારે ને વધારે વસમું આવતું ગયું. પરંતુ સાથોસાથ કેટલાંય વર્ષોથી સેવેલું સ્વપ્નું પણ સફળ થવાનો સમય નજીક આવતો જતો હતો. એવામાં તેનસિંગનું પ્રાણવાયુનું યંત્ર બરાબર કામ આપતું અટકી પડ્યું! પરંતુ હિલરીએ મહેનત કરીને તેને સુધાર્યું. પછી એ બંને જણ એવરેસ્ટની નજીક જવા લાગ્યા. એવરેસ્ટનું એ અજેય શિખર હવે હાથવેંત જ હતું.

છેવટે ૧૯૫૩ની ૨૯મી મેનો યાદગાર દિવસ આવ્યો. એવરેસ્ટના એ અજેય શિખર પર તે દિવસે તેનસિંગ અને હિલરી પહોંચી ગયા. તેનસિંગે ૨૯,૦૨૮ ફૂટ ઊંચા એવરેસ્ટના શિખર પર બ્રિટન, નેપાળ, સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને ભારતના ધ્વજને ફરકાવ્યા. પછી તેનસિંગે બરફમાં ખાડો કર્યો અને તેમાં ચૉકલેટ, બિસ્કિટનું પડીકું વગેરે વસ્તુ મૂકી પોતાના ઇષ્ટદેવને અર્ઘ્ય અર્પણ કર્યું. આ રીતે ઘણા દિવસથી સેવેલી તેની આ મનોકામના પૂર્ણ થતાં તેને અપૂર્વ આનંદ થયો. હિલરીને જૉન હંટે નાનકડો ક્રૉસ આપ્યો હતો, એ તેણે શિખર ઉપર રોપ્યો. પછી થોડી વાર ત્યાં થોભીને બંને જણ પોતાની વિજયયાત્રા પૂરી કરી હાથમાં હાથ મિલાવતા ઉત્સાહ અને આનંદભેર પાછા નીચેની છાવણીએ આવ્યા.

આમ દુનિયાના ઊંચા અજેય શિખર એવરેસ્ટ પર છેલ્લાં ૩૨ વરસની તનતોડ જહેમત પછી માનવે વિજય મેળવ્યો.

આમ, એક પછી એક દુર્ગમ એવાં ઉન્નતિનાં ઊંચાં ચડાણ સર કરતા જવું, એમાં જ માનવ પુરુષાર્થની સાર્થકતા છે.

મુ૰ કે૰

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાતિ, કોમ અને રાષ્ટ્ર

['શિક્ષણ અને સાહિત્ય'ના જુલાઈ અંકના 'કોમવાદ અને જ્ઞાતિવાદ' લેખના અનુસંધાનમાં.]

હિંદમાં અંગ્રેજ ખ્રિસ્તી પ્રજા આવી અને તેણે પોતાનું રાજ્ય સ્થાપ્યું, એની સાથે હિંદના સમાજ-કારણ તથા રાજકારણ અને અર્થકારણમાં પણ અસર થવા લાગી. તેનું કારણ એ પ્રજાના નવા સંસ્કાર તથા ખ્યાલો બન્યું.

યુરોપની ગોરી પ્રજામાં ધર્મવાર કોમ-અભિમાન એક કાળે નહોતું એમ નહીં. ઇસ્લામના ઉદય પછી તેની જાહોજલાલી વધવા લાગી, ત્યારે આ ખ્રિસ્તી પ્રજાઓ તેની સામે એક બનીને લડી હતી. તે અગાઉ યહૂદી પ્રજા સામે પણ તેઓ લડતા આવ્યા હતા. પરંતુ પ્રોટેસ્ટન્ટ ધર્મ, વિજ્ઞાન તથા બુદ્ધિવાદ વગેરે અર્વાચીન બળો જાગતાં, ત્યાં રાષ્ટ્રધર્મ અને નવી અર્થવિદ્યાનો જન્મ થયો. અંગ્રેજ પ્રજા આપણે ત્યાં આવી ત્યારે અર્વાચીન યુગની આ તેની બાબતો લઈને આવી.

આ કાળે આપણે ત્યાં ધર્મવાર કોમભાવ અને ધંધાવાર જ્ઞાતિભાવ કામ કરતાં હતાં. અંગ્રેજ રાજ્ય-કાળમાં તે વિષે બે રીતે નવપ્રયાણ શરૂ થયું: એક, અંગ્રેજ સરકારે બે વચ્ચે ત્રીજા પક્ષ તરીકે કામ કરીને પોતાની સ્થિરતા સાધવાની નીતિ ખીલવી. જ્ઞાતિઓમાં આગળપડતી અને પછાત એવા ભાગ પાડીને કામ લીધું. કોમોમાં હિંદુ, મુસલમાન ઇ૦ ભાગ દ્વારા કામ લીધું. આ બંને દૃષ્ટિઓ આજ સુધી હિંદના રાજવહીવટમાં રહી છે, તેની શરૂઆત આમ થઈ હતી. જેમ કે, આજે પણ 'પછાત કોમ કમિશન' નિમાય છે; અને પછાતપણું એક ફાયદો લાગે છે, એ માનસ આ રીતે પેદા થયું.

બીજી તરફ જે અસર થઈ તે લોકો ઉપર: નવી પ્રજાના સંસર્ગથી આપણે ત્યાં સંસારસુધારકો જાગ્યા, જે જ્ઞાતિસંસ્થા સુધારવા મથતા થયા. અને કોમ તરીકે જોઈએ તો કોમવાદી રાજકારણ શરૂ થયું. કોંગ્રેસથી જુદા પડી કેટલાક મુસલમાનોએ અલીગઢ હિલચાલ ઉપાડી અને ૧૯૦૯માં કોમી મતાધિકારનું ઝેર દાખલ કરાવ્યું, અને રાજકારણ એવું વિચિત્ર ચાલ્યું કે 'રાષ્ટ્રવાદી મુસ્લિમ' અને 'હિંદુ રાષ્ટ્રવાદી' એવા આજે વિચિત્ર લાગતા પ્રયોગો ચાલુ થયા. મતલબ કે, રાષ્ટ્રવાદની ભાવના સેવાતી ગઈ છતાં તેમાંય ધર્મવાર કોમભાવ પેઠો, જેમાંથી છેવટે અંગ્રેજ ત્રીજા પક્ષની ઓથને જોરે ઝીણા જેવા ચતુર મુત્સદ્દીએ ધર્મવાર એ અલગ રાષ્ટ્રવાદનો ઝંડો રોપ્યો ને પાકિસ્તાન કર્યું. ગાંધીજી જેવા સમર્થ નેતા પણ એમાં પાછા પડ્યા, કારણ હિંદુ જનતા ખરેખર કોમવાદમાંથી નીકળી નહોતી. નહીં તો જેમ હરિજનોને અલગ કરવામાં અંગ્રેજો અને આંબેડકર ન ફાવ્યા, તેમ અહીં પણ ન ફાવત. પરંતુ મૂળ પ્રેમબળ કે ઐક્યભાવનો અભાવ હોય, ત્યાં ગાંધીજી કઈ રીતે જીતે?

કોમભાવથી અને જ્ઞાતિભાવથી પર એવા એક રાષ્ટ્રભાવ કે પ્રજાભાવના ઉદયને માટે ગાંધીજી એક પેઢી સુધી સતત મથ્યા. છતાં એક રાષ્ટ્રને બદલે બે રાષ્ટ્ર ઉદય થયાં. તેમાં આપણી પ્રજાનો કોમી ઇતિહાસ વધુ જબરો નીવડ્યો અને તે ફૂટી નીકળ્યો. પણ તેથી કાંઈ તેની ઇતિ નથી આવતી. હિંદ હવે તેથી આગળ જવા માગે છે, અને તેને સારુ તે કોમ-તથા-જ્ઞાતિ-ભાવ-રહિત એવું એક પ્રજાભાવી રાષ્ટ્ર બનવા ચાહે છે. એટલે કે, અર્વાચીન યુગમાં આપણી ઇતિહાસઃજૂની આ બે ભાવનાઓનું હવે શી રીતે નિરસન કે નવ-સંગઠન કરવું, એ સવાલ આપણી સામે આવે છે.

જેઓ કોમ અને જ્ઞાતિના આ ભાવોની નાબૂદી કરવાની વાતો કરે છે, તેઓ ખરેખર તે ભાવોનું શુદ્ધીકરણ અને નવનિર્માણ જ ચાહે છે; કેમ કે પ્રજાઓ જમાનાઓથી જે સંસ્થાઓ દ્વારા કામ લઈને જીવે છે, તે તેના હાડનો ભાગ બને છે. તે તેમને સાવ ફેંકી ન દઈ શકે; તેમનું પુનઃસંસ્કરણ કરવાપણું જ હોય છે. હિંદની યુગોજૂની વિકાસયાત્રા હવે આ મજલે આવી છે. એના મુખ્ય મુદ્દાઓ જુદા લેખમાં વિચારવા જોઈએ.

૩-૬-'૫૫

મગનભાઈ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શાળાઓમાં શિસ્ત તૂટી પડી છે'

"અમેરિકાની શાળાઓમાં શિક્ષકોને વર્ગનાં ઓરડાઓમાં કાબૂ રાખવાનું વધુ ને વધુ મુશ્કેલ જણાતું જાય છે.

"દેશની જાહેર શાળાઓમાં શિસ્ત તૂટી પડી છે. વર્ગમાં વિદ્યાર્થીઓ જંપતા નથી, વારંવાર આજ્ઞાઓનું ઉલ્લંઘન કરે છે અને તેમનામાં ચિંતાનાં લક્ષણો જણાય છે."

આ નિર્ણય અમેરિકાના રાષ્ટ્રીય કેળવણી મંડળે નીમેલા એક કમિશને એક વર્ષ સુધી ૩૪૦૦ વિશિષ્ટ વર્ગ-શિક્ષકોને નડતા પ્રશ્નોનો અભ્યાસ કરીને જણાવ્યો હતો. આ તપાસ કરનારા કેળવણીકારોને આશ્ચર્ય સાથે જાણવા મળ્યું હતું કે, સામાન્ય શિક્ષકને સૌથી વધુ પજવતા પ્રશ્નોમાં શિસ્તનો પ્રશ્ન મુખ્ય હતો.

'કેળવણી દ્વારા લોકશાહીનું સંરક્ષણ'—એ માટેના કમિશને આ તપાસ કરાવી હતી. તે આ નિર્ણયોને રાષ્ટ્રીય કેળવણી મંડળનું ૯૩મું વાર્ષિક સંમેલન મળશે, ત્યારે (તા. ૩-૭-'૫૫) જાહેર કરશે. આ બેઠક છ દિવસ ચાલશે અને તેમાં દરેક રાજ્યમાંથી મળીને પંદર હજાર જેટલા શિક્ષકો, સંચાલકો અને બીજા શાળાકીય વ્યવસ્થાપકો ભાગ લેશે.

કમિશનના સેક્રેટરી મિ. કેનને જણાવ્યું કે, શિક્ષકોને નીચેના પ્રશ્નો સૌથી વધુ સતાવી રહ્યા છે–

૧. વિદ્યાર્થીઓમાં વધતો જતો અજંપો;

૨. શિસ્તની બાબતમાં સર્વસામાન્ય બગાડ;

૩. વર્ગમાં શિસ્ત જાળવવાની બાબતમાં વધી ગયેલી મુશ્કેલી.

જોકે, શિક્ષકો આ સ્થિતિ થવાનાં કોઈ ચોક્કસ કારણો દર્શાવી શકતા નથી. પરંતુ તેમણે પોતાના સામાન્ય અભિપ્રાયો નીચે પ્રમાણે દર્શાવ્યા છે—

૧. બહારની કેટલીક બાબતોની અસરો; જેવી કે, ટેલિવિઝન, મજાક-કટાક્ષની ચોપડીઓ ૪૦.

૨. તરવાની જગ્યાઓ, રમતગમતનાં મેદાનો અને તેવાં બીજાં આમોદ-પ્રમોદનાં જાહેર સ્થળોની તંગી અથવા અભાવ.

૩. પ્રાથમિક કે બાળશાળાઓમાં વિદ્યાર્થીઓને આત્મસ્ફૂર્તિ પ્રમાણે વર્તવા દેવાની છૂટ રાખતી નવી કેળવણીની પદ્ધતિઓ. પરિણામે, શિસ્ત એ શબ્દ જ શાળાઓનાં ઘણાં ધોરણોમાં ભુલાઈ ગયો છે.

૪. ઘરોમાં જ માબાપ કાંઈ શિસ્ત જેવું દાખવતાં હોતાં નથી; તેથી બાળકોમાં બીજી ગુનાહિત પ્રવૃત્તિઓની જેમ શાળાકીય અશિસ્ત પણ વધતી જાય છે.

૫. વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫ થી ૪૦ સુધીની કરી મૂકવામાં આવી હોવાથી, શિક્ષક વર્ગમાં વ્યક્તિદીઠ ધ્યાન આપી શકતો નથી.

ડૉ. કેનન જણાવે છે કે, "અમે અમારી તપાસનાં પરિણામોથી ભારે આશ્ચર્યમાં પડી ગયા છીએ તથા કંઈક અંશે ચોંકી ઊઠ્યા છીએ. આજના આપણા શિક્ષકોને વર્ગમાં શિસ્ત જાળવવાનો પ્રશ્ન આવો મહાપ્રશ્ન થઈ પડ્યો હશે, એવું જોવાની અમે આશા રાખી ન હતી."

['ન્યૂયોર્ક ટાઇમ્સ' ૩-૭-'૫૫]

—ખરે જ, ડૉ. કેનન અને તેમના સાથીઓ ભલે આ તપાસને અંતે આશ્ચર્યચકિત થઈ જાય કે, ચોંકી ઊઠે. પરંતુ આપણા ભારત દેશમાં આપણે તો એ જાતની તપાસ કરવાની ભૂલ જ કદાચ નહીં કરીએ કે જેથી ચોંકી ઊઠવું પડે!

પરંતુ આપણે ત્યાં પણ હવે આ પ્રશ્ન મહાપ્રશ્ન બનતો જાય છે. ઉત્તર પ્રદેશની વિદ્યાર્થી-હડતાળો અને તોફાનો, બંગાળામાં ચોરી કરતાં પકડતા પરીક્ષા-નિરીક્ષકોનાં ખૂન, પરીક્ષાના પ્રશ્નો તથા જવાબો ફોડવા-ફેલાવવા,—એ બધી બાબતો હવે સારી પેઠે જાહેર થયેલી છે. કૉલેજોના ઓરડાઓમાં અધ્યાપકો કે વિદ્યાર્થિનીઓની છેડતી અને પજવણી એ હવે રોજના બનાવ બની ગયા છે.

આપણા દેશમાં એ બધી સ્થિતિ ઊભી થવાનાં કારણોમાં વિશેષ એક ઉમેરવાનું રહે છે; અને તે છે, અત્યારની આપણી કૃત્રિમ, ક્રિયાવિહીન, અને વિપરીત કેળવણી. એ કેળવણી પરદેશી શાસકોએ પોતાના વિશિષ્ટ હેતુઓ માટે ઊભી કરી હતી. તેમાં વિદ્યાર્થી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓને કશી કૃતાર્થતા દેખાતી નથી, તથા પરદેશી ભાષાનું માધ્યમ હોવાથી નાહકની માથાકૂટ વધી જાય છે. એ જાતની કેળવણી લેવા માટે વિદ્યાર્થીને પોતાના જીવનનાં ક્રિયાશીલ વર્ષોનો મુખ્ય ભાગ વેડફી દેવામાં શી રીતે ઉમળકો આવે ?

અને છતાં, આપણે ત્યાં હજુ એ અંગ્રેજી કેળવણીના પક્ષકારો પડ્યા છે અને અંગ્રેજી ભાષાનું ભણતર ઊતરતું જવાના ભયમાં જ તેઓને પ્રજાકીય સર્વનાશ દેખાય છે. એ સિવાયનું બીજું જે કાંઈ ઉઘાડું છે, 'તે હું જોતો નથી, સાંભળતો નથી, ઉચ્ચારતો નથી !'

ગોપાળદાસ પટેલ

કૉલેજોમાં તામિલનું માધ્યમ

આ મથાળા નીચે हिन्दु પત્ર (તા. ૧૯ જૂન, ૧૯૫૫) નીચે મુજબની ખબર આપે છે :

'મદ્રાસ, જૂન ૧૮ : આજે યુનિવર્સિટી બિલ્ડિંગમાં કૉલેજો સહિતની કેળવણીની સંસ્થાઓમાં શિક્ષણના માધ્યમ તરીકે તામિલને સ્વીકારવાના સવાલની વિચારણા કરવાને તથા એવા ઉચ્ચ અભ્યાસ માટે ઉચિત પારિભાષિક શબ્દોની યાદી તૈયાર કરવા માટે ઉપકુલપતિઓ તથા બીજા સરકારી અને બિનસરકારી કેળવણીકારોની પરિષદ મળી હતી. કેળવણીખાતાના પ્રધાન મિ. સી. સુબ્રહ્મણ્યમ પરિષદના પ્રમુખ હતા.

'કેળવણીપ્રધાને કેળવણીકારોને તથા ત્યાં હાજર રહેલા બીજાઓને ખાસ કરીને (૧) કૉલેજોમાં તામિલને શિક્ષણના માધ્યમ તરીકે દાખલ કરવાના સવાલ વિષે તથા (૨) એ ભાષામાં ટેકનિકલ અને વૈજ્ઞાનિક પારિભાષિક શબ્દોની યાદી તૈયાર કરવા માટે સમિતિ નીમવી કે બીજી કોઈ સંસ્થા ઊભી કરવી તે વિષે પોતાના અભિપ્રાયો જણાવવાને સૂચના કરી.'

કૉલેજોમાં શિક્ષણના માધ્યમની પસંદગી વિષે મિ. સુબ્રહ્મણ્યમે કહ્યું :

'પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણના સંબંધમાં કહું તો એ ક્ષેત્રમાં આજે શિક્ષણનું માધ્યમ પ્રદેશ-ભાષા અથવા માતૃભાષા છે. જે વિદ્યાર્થીઓએ માધ્યમિક શાળાઓમાં ભાષા સિવાયના વિષયોનો અભ્યાસ પ્રદેશભાષાંમાં કર્યો છે, તેમને તેઓ જ્યારે કૉલેજોમાં — ત્યાં હજી અંગ્રેજીનું માધ્યમ ચાલુ છે — દાખલ થાય છે, ત્યારે સ્વાભાવિક રીતે જ મુશ્કેલી પડે છે. યુનિવર્સિટીની કેળવણી હજી વધુ બગડતી અટકાવવી હોય, તો આ મુશ્કેલી પર આપણે લક્ષ આપવું જોઈએ. એથી કરીને, કૉલેજોમાં પણ શિક્ષણનું માધ્યમ બદલવું એ કેવળ તર્કશુદ્ધ જ નહીં પણ જરૂરી પણ છે. પરંતુ દુર્ભાગ્યે આ બાબતમાં મતભેદ પ્રવર્તતા જણાય છે.

'આ બાબતમાં આપણે પ્રમાણભૂત માર્ગદર્શન માટે નજર કરવી જોઈએ અને એ માટે આપણે યુનિવર્સિટી કમિશન જેવી અગ્રગણ્ય સંસ્થા — આપણા ઉપકુલપતિ ડૉ. લક્ષ્મણસ્વામી મુદલિયાર તેના નામાંકિત સભ્ય હતા — વિષે વિચાર કર્યા વિના રહી શકીએ નહીં. કમિશને હિંદીને હિંદના સમવાયતંત્રની રાજ-ભાષા તરીકે, સ્વીકારવાના તેના દાવાનો બેશક સ્વીકાર કર્યો છે. પરંતુ યુનિવર્સિટીના અભ્યાસ માટે શિક્ષણના માધ્યમ તરીકેની તેની યોગ્યતાના સવાલ બાબત કમિ-શનને લાગ્યું છે કે બીજા પ્રાંતના લોકો પોતાની ભાષાને માટે ગૌણ સ્થાન સ્વીકારવાને તૈયાર થાય એટલી સ્વાભાવિક સરસાઈ હિંદી બીજી પ્રાંતીય ભાષાઓ પર ભોગવતી નથી; અંગ્રેજીએ જે ભાગ ભજવ્યો તે સ્થાન હિંદીને આપવાનું મુશ્કેલ છે. એથી કરીને તેણે સૂચવ્યું કે સઘળી સમવાયી પ્રવૃત્તિઓ — સાંસ્કૃતિક, કેળવણી વિષયક અને વહીવટી — માટે સમવાયી ભાષાનો ઉપયોગ કરવો પણ સમવાયતંત્રનાં ઘટકોમાં તથા રાજ્યોમાં પ્રદેશભાષાને એવું જ મહત્ત્વનું સ્થાન મળવું જોઈએ. તેણે વધુમાં એ વાતનો સ્વીકાર કર્યો કે, સમવાયી પ્રવૃત્તિઓમાં હિંદના પ્રત્યેક પ્રદેશ અને ઘટકે પોતાનો યોગ્ય હિસ્સો લેવો હોય તો તેમ જ રાજ્ય રાજ્ય વચ્ચે સમજૂતી ને પ્રોત્સાહન આપવાને તથા તેમની વચ્ચે એકતાને સુદૃઢ કરવા માટે હિંદના કેળવાયેલા લોકોએ બહુભાષી થવું જોઈએ અને માધ્યમિક શાળાઓનાં ઉપલાં ધોરણોમાં ભણતા તથા કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓએ પ્રદેશ ભાષા, સમવાયી ભાષા અને અંગ્રેજી એમ ત્રણ ભાષાઓ શીખવી જોઈશે.'

हिन्दुस्तान टाइम्सનો (દિલ્હી, ૨૮-૬-'૫૫) ખાસ ખબરપત્રી પોતાના साउथ इन्डियन रिव्यूમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એટલ ઑફ લૅંગ્વેજીઝ ઇન ધી સાઉથ' મથાળા નીચે લખતાં એ મુદ્દાઓ નીચે પ્રમાણે વર્ણવે છે:

'કેળવણીપ્રધાને કેળવણીકારો તથા અમલદારોની બોલાવેલી પરિષદ મળતાં રાજ્યની બે યુનિવર્સિટીઓમાં તથા તેમની સાથે જોડાયેલી કૉલેજોમાં પ્રદેશભાષાને શિક્ષણના માધ્યમ તરીકે દાખલ કરવાનો મુદ્દો એક ડગલું આગળ વધ્યો.

'રાજ્યની સરકારને કાર્ય કરવાનું છે તે સંજોગોમાં યુનિવર્સિટીમાં તથા તેની સાથે જોડાયેલી કૉલેજોમાં અંગ્રેજીને બદલે તામિલને શિક્ષણના માધ્યમ તરીકે દાખલ કરવાનો નિર્ણય એ જ એક શક્ય પગલું હતું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં તો તામિલ શિક્ષણનું માધ્યમ થઈ જ ચૂકી છે અને એ નિર્ણય ઉલટાવવાની શક્યતા હોય — એ અકલ્પ્ય છે — તે સિવાય રાજ્યે યુનિવર્સિટીની કેળવણીનું માધ્યમ પણ બદલીને તામિલ કરવું જોઈએ. રાજ્યની સરકારે આ કરવું જ જોઈશે. જેઓ રાજ્યની શાળાઓમાં હિંદી શીખવવાની વિરુદ્ધ છે, એટલા માટે કે એમ કરવાથી પ્રદેશભાષા તરફ દુર્લક્ષ થશે, તેમને પોતાની પ્રામાણિકતાની પ્રતીતિ કરાવવાને અર્થે પણ એમ કરવું જોઈશે. હિંદી સામેનો આ વિરોધ — એ કેવળ પૂર્વગ્રહને કારણે સેવવામાં આવે છે — લક્ષમાં લેતાં યુનિવર્સિટીના શિક્ષણની કક્ષાએ સમવાયી ભાષા વાપરવાનો વિકલ્પ સંપૂર્ણપણે તજી દીધે જ છૂટકો.

'પોતાના નિર્ણય પ્રમાણે આગળ ચાલવામાં મદ્રાસ સરકારને ગુજરાત યુનિવર્સિટીના પગલાથી ભારે ટેકો મળ્યો છે. ગુજરાત યુનિવર્સિટીએ પોતાના વાણિજ્ય, વિજ્ઞાન અને વિનયની જ્ઞાનશાખાના પ્રથમ વરસના અભ્યાસક્રમમાં શિક્ષણ તથા પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી દાખલ કરી છે. યુનિવર્સિટીની રચનાના કાયદામાં ૧૯૬૦ની સાલને અંતે કૉલેજની કેળવણીમાં અંગ્રેજીના માધ્યમને સંપૂર્ણ તિલાંજલિ આપવાનું વિચારવામાં આવ્યું છે. જે ગુજરાત અને સૌરાષ્ટ્રને માટે હિતાવહ છે તે ખસૂસ તામિલનાડ માટે પણ હિતાવહ છે. કેમ કે તામિલ કંઈ ગુજરાતી કરતાં ઓછી આગળ વધેલી નથી."

હિંદની કેળવણી સાચી દિશામાં આગળ વધે એ જોવાને ઇચ્છા રાખનારાઓ માટે એ બધા ખરેખર શુભ સમાચાર છે. એ સવાલમાં સંડોવાયેલા મુદ્દાની આ પત્રમાં અગાઉ સારી પેઠે ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. દક્ષિણ ભારતમાં પણ એ જ વસ્તુનું પુનરાવર્તન થઈ રહ્યું છે. એ સ્વાભાવિક છે. કારણ કે સ્વાધીન અને લોકશાહી હિંદના નવઘડતરના આ મહત્ત્વના વિષય પરત્વેનો નિર્ણય આપણી પ્રજાએ સવેળાએ કરવો જોઈએ. અને એ વેળા ઝડપથી નજીક આવતી જાય છે.

हिन्दुस्तान टाइम्सનો ખાસ ખબરપત્રી અહીં રાષ્ટ્રીય એકતાનો સવાલ ઉઠાવે છે અને કહે છે કે, 'પ્રદેશભાષાઓનો વિકાસ સંપૂર્ણપણે વાજબી બાબત છે પરંતુ જુદાં જુદાં રાજ્યોમાં એ ભાષાઓને ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બનાવતી વખતે રાષ્ટ્રની એકતાનાં બંધનો નબળાં પડે એવું કશું પણ ન કરવાની જવાબદારી રાજ્યોના પર આવે છે.'

એ વિધાન વાજબી છે અને સવેળાનું પણ છે. પરંતુ એ વાત ભુલાવી ન જોઈએ કે, રાષ્ટ્રની એકતા એ એકમાત્ર ભાષાને લગતી બાબત નથી; એની સાથે સંબંધ ધરાવતી બીજી પણ ઘણી બાબતો છે. અને હિંદના ભાષાના સવાલે, પ્રદેશભાષાઓની સાથે સાથે અને તેમના એક બહુ જ જરૂરી પૂરક તરીકે અખિલ હિંદ માટેનું સર્વસામાન્ય હિંદીનું માધ્યમ હોવું જોઈએ એમ ઠરાવીને એ ટીકાનો રદિયો ક્યારનોયે આપી દીધો છે. આપણી શાળાઓ તથા કૉલેજોમાં એ અભ્યાસનો એક વિષય બનવો જોઈએ જેથી કરીને આપણા ભાવિ નાગરિકોને રાષ્ટ્રની એકતાના ઘડતર માટેનું સહિયારી ભાષાનું હથિયાર મળી રહે.

સવાલની આ બાજુનો મદ્રાસની પરિષદે વિચાર કર્યો હોય એમ લાગતું નથી, જોકે એણે એટલું તો સ્પષ્ટપણે જોયું છે કે યુનિવર્સિટીના શિક્ષણના માધ્યમ તરીકે હિંદી અંગ્રેજીનું સ્થાન ન લઈ શકે અને યુનિવર્સિટીની કેળવણીની કક્ષાએ ત્રણ ભાષાઓ શીખવાની રહેશે. દક્ષિણ ભારત, કૉલેજોમાં તામિલના માધ્યમનો સ્વીકાર કરતાંની સાથે સાથે હિંદીના શિક્ષણને પણ યોગ્ય સ્થાન આપશે એવી આશા આપણે રાખીશું.

૧-૭-'૫૫ મગનભાઈ દેસાઈ

(અંગ્રેજી પરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈની અંગ્રેજ શાળાઓ

મુંબઈની અંગ્રેજ શાળાઓ — 'ઇંગ્લિશ ટીચિંગ સ્કૂલો' — રાજ્યના શિક્ષણ તંત્રને છેલ્લાં કેટલાંક વરસથી સારી પેઠે મૂંઝવતી આવી છે. જોકે એમાં એમનો એકલીનો વાંક ન ગણાય, કેમ કે સરકારી શિક્ષણ ખાતાની ધરેડમાં અંગ્રેજીના શિક્ષણ પ્રત્યે જે પક્ષપાત રહેલો છે, તે પણ એમાં એક કારણ રહેલું છે. આ વસ્તુ સમજવાને માટે થોડોક ઇતિહાસ યાદ કરવાની જરૂર રહે છે.

શ્રી. ખેર સાહેબ શિક્ષણ-પ્રધાન હતા, ત્યારે શિક્ષણમાં એ ત્રણેક પાયાગત સુધારાનો પ્રારંભ થયો હતો —

૧. શિક્ષણનું માધ્યમ બાળકની સ્વભાષા કે પ્રદેશભાષા રાખવામાં આવે.

૨. પ્રદેશ બહારના દરેક બાળકે મુંબઈ રાજ્યની એકાદ પ્રદેશભાષાનું અમુક જ્ઞાન મેળવવું જોઈએ; તેથી, તેવા બાળકે પોતાની ભાષામાં શીખતાં છતાં, ધોરણ ૩ થી પ્રદેશભાષા શીખવી જોઈએ.

બંને વસ્તુઓ સ્વયંસિદ્ધ છે. બીજી વસ્તુની અંદર એ ભાવ રહેલો છે કે, જે પ્રદેશમાં આપણે રહેતા હોઈએ, તેમાં સૌ સાથે ભાઈચારાથી રહેવાને માટે ત્યાંની ભાષા શીખવી જોઈએ. જે રાજ્યમાં અનેક પ્રદેશભાષાઓ હોય, ત્યાં તો આ વસ્તુ સવિશેષે જરૂરની ગણાય, જેથી એ ભાષાઓના પ્રદેશની સરહદ મળે ત્યાં ઝઘડો પેદા ન થાય.

ત્રીજી એક બાબત સુધારા તરીકે હાથ ધરાઈ તે અંગ્રેજી ભાષાના શિક્ષણને કયે વરસે શરૂ કરવું તે. એમાં એવો ઠરાવ થયો કે, પ્રાથમિક શિક્ષણનાં ૭–૮ વરસ પૂરાં થયા પછી આ ત્રીજી ભાષા શરૂ કરવી; કેમ કે પાંચમા વરસથી હિંદી શરૂ કરવી જોઈએ.

આ હિંદીના શિક્ષણને ચોથો મહત્ત્વનો સુધારો પણ ગણી શકાય.

આ સુધારા-નીતિની અસર અંગ્રેજ શાળાઓ પર થાય એ ઉઘાડું હતું. એમણે માધ્યમ બાબતમાં ન માન્યું અને સરકારી ખાતાએ શરૂમાં તે ચાલવા દીધું. તેમાં આગળ જઈને પંચગનીના અંગ્રેજ શાળાનો કિસ્સો જન્મ્યો અને પાછી અંગ્રેજી માધ્યમની શાળાઓ જાણે જોર ઉપર આવી. તેની સાથે અંગ્રેજીનું સ્થાન ફેરવવાનો જે ત્રીજો સુધારો ઉપર કહ્યો, તે પણ પાછો પડવા લાગ્યો. અને સરકારે એ બાબતમાં જાતજાતના ચિત્રવિચિત્ર ઠરાવો કરી, મુંબઈની નિશાળોને નમતું આપ્યા જ કર્યું. પરંતુ યુગબળ આગળ આ બધું ઝાઝી અસર ન કરી શક્યું. અંગ્રેજીએ પોતાનું ઘટિત સ્થાન મેળવ્યા વગર છૂટકો નથી. અને સરકારી નીતિ તો મૂળે ફરતી નથી, જોકે એ વિષેની ખાતાની શ્રદ્ધાના ટકા કેટલા હશે, તે સવાલ કોઈ કરી શકે છે.

આ વાતાવરણમાં હવે ઉપર કહેલા બીજા સુધારા પરત્વે તાજેતરમાં અંગ્રેજ શાળાઓ જોડે ઝઘડો જાગ્યો છે. અંગ્રેજીના શિક્ષણની વચગાળાની ધમાલમાં, આ મહત્ત્વની વાત કાંઈક યાદ ન રહી કે શું થયું — કોણ જાણે; એ વિષે અંગ્રેજ શાળાઓને ઘટતી સૂચના ન અપાઈ, — અપાઈ તો મોડી અપાઈ. આથી હવે તે શાળાઓ જાહેરમાં આ સુધારાનો વિરોધ કરે છે. તેઓ એમ માનીને ચાલતી હતી કે, અંગ્રેજી માધ્યમથી કામ લેવું, તે ભાષા ઉપરાંત હિંદી શીખવવી, — એટલું એમને માટે બસ છે. આ શાળાઓ, પ્રદેશ બહારનાં બાળકોને પ્રદેશભાષા શીખવવાનો સુધારો કેટલાંક વરસોથી અમલમાં મૂકતી આવી છે; આ વરસે તેમણે બંધ કર્યો, તે એમને સરકારે યાદ કરાવ્યો, તે સામે હવે તે પોતાનો વિરોધ જાહેર કરે છે.

આમ કરવું એમને માટે સારું નથી એ ઉઘાડું છે. જે વસ્તુ સૂચવવામાં આવી છે તે તેઓએ વરસો અગાઉ સ્વીકારી જ છે. તેમણે જ ઊભી કરેલી ગરબડમાં ગયે વરસે તેની સૂચના આપવામાં ભૂલ થઈ હોય ને તેને લઈને કેટલીક તકલીફ પડી હોય, તો તેની ચીડ તેઓ સરકારી ખાતા ઉપર કાઢવી હોય તો કાઢે; પરંતુ સુધારાની નક્કર વસ્તુનો વિરોધ તો તેઓ ન કરી શકે. બલ્કે, ત્રીજી ભાષા તરીકે પ્રદેશભાષાનું શિક્ષણ તે ચાલુ રાખે એમાં ડહાપણ અને સુશિક્ષણ રહેલાં છે, અને આગળ જઈને એમણે એ પણ જોવું જોઈએ કે, તે જો નવા સ્વરાજ-યુગમાં પ્રગતિશીલ રહેવા ચાહે, તો અંગ્રેજી ભાષાને તરણોપાય પેઠે વળગે નહીં; પ્રગતિ દેશની બધી રાષ્ટ્રીય ભાષાઓ અને તેની આંતરભાષાના ઉદય તથા વિકાસ અને તેમના સંગીન શિક્ષણમાં રહેલી છે: ભવિષ્ય આ વસ્તુના હાથમાં છે.

૧–૭–'૫૫ મગનભાઈ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્યોગ દ્વારા તાલીમ

[૨૯-૩-'૫૫ને શનિવારે વિદ્યાપીઠ સંચાલિત કાંતણ- વણાટ તાલીમવર્ગની પૂર્ણાહુતિ સમયે શ્રી મગનભાઈ દેસાઈએ આપેલા પ્રવચનમાંથી]

આજે બુનિયાદી શિક્ષણને નામે કેટલીક વિચિત્ર રીતો ચાલી રહી છે. કોઈ પણ જાતની હેતુલક્ષી કે હેતુવિહીન પ્રવૃત્તિઓ કાંઈક કરાવીને તેની જોડે અંકિત કરેલું અક્ષરજ્ઞાન અપાય છે, એને બુનિયાદી શિક્ષણ અગર ઉદ્યોગ દ્વારા શિક્ષણ કહે છે. એક વાત ખસૂસ ધ્યાન રાખજો કે, 'ઍક્ટિવિટી સ્કૂલ' (ક્રિયાપ્રધાન શાળા) એ બુનિયાદી શાળા નથી, કારણ 'ઍક્ટિવિટી' -ક્રિયા બેકાર હોઈ શકે છે. મહાત્મા ગાંધીને એવી બેકાર પ્રવૃત્તિ મંજૂર ન હતી. એમને મતે બુનિયાદી શાળાની પ્રવૃત્તિ (ઉદ્યોગ) સમાજને ધારણ-પોષણ કરનારી હોવી જોઈએ.

આવી સમાજોપયોગી સહજ પ્રવૃત્તિ (ઉદ્યોગ) દ્વારા અનુબંધનું કામ સરળ બની જાય છે. તેથી આવી પ્રવૃત્તિ યોગ્ય રીતે કરવી એ મૂળ વસ્તુ છે. મારે મતે આ એક એવું તેજસ્વી અને નૂતન બિંદુ બાપુએ રજૂ કર્યું છે કે સમગ્ર કેળવણીનું મંડાણ એ બિંદુ પર થઈ શકે.

આપણા સંમાન્ય નેતા જવાહરલાલજીએ આવડીમાં કહ્યું કે, મનુષ્યની પ્રવૃત્તિમાત્ર જીવન-ઉપયોગી પેદાશ સાથે વણાયેલી — સંકળાયેલી હોવી જોઈએ. બુનિયાદી શિક્ષણની વાત આ પાયા ઉપર રહેલી છે. દુઃખ એ છે કે, આધુનિક શિક્ષણશાસ્ત્રીઓને આ વાતનું મહત્ત્વ હજી દેખાયું નથી.

આજે ઉદ્યોગ દ્વારા જે ઉત્પન્ન થાય છે, એને વિષે પણ ઠીક ઠીક ચર્ચા ચાલી રહી છે. હું તો કહું છું કે, ઉદ્યોગ દ્વારા જે ઉત્પન્ન થાય છે એ પરિણામ-સ્વરૂપ છે, એ ઉદ્યોગનું અવશ્યંભાવિ પરિણામ છે. એટલે દા૦ ત૦ આપણી કાંતણ ઉદ્યોગ-પદ્ધતિ, ડૂચા-પદ્ધતિ તરીકે ન ઓળખાય એમ જોવું જોઈએ. કાંતણ કરતાં કરતાં ઘણા ભાગનો જો ડૂચો પડી બગાડ થાય તો તેને શું કહેવું ? તેમાં દોષ કોનો ? એવું શિક્ષણ કેવા સંસ્કાર નિર્માણ કરે? શરૂમાં બગાડના ટકા વધુ હોય એ સંભવે. પણ એ બગાડ આગળ ઉપર તો કમી જ થાય ને ? એટલે ઉત્પન્ન એની મેળે વધે જ ને ?

ઉદ્યોગશિક્ષણમાં 'બૌદ્ધિક' એવો એક ભાગ ન પાડી શકાય. ઉદ્યોગની પ્રક્રિયા જ એવી છે કે એમાં શ્રમ સાથે બુદ્ધિ કસાતી જાય છે, અને તેથી અનુષંગી જ્ઞાન સાથે એકરૂપ થતી જાય છે. અહીં જ અનુબંધનું બિંદુ આવેલું છે.

શિક્ષણમાં અનુબંધ અને રસની વાત કરવામાં આવે છે, પણ એ બધું વ્યાખ્યાન દ્વારા નિપજાવવા ઇચ્છવું એ બરાબર નથી. એ આંતરિક પ્રક્રિયા છે, બાહ્ય નથી.રસને માટે વ્યાખ્યાન ન હોઈ શકે. આપણે જે કંઈ કરતા હોઈએ એમાં રસ તો હોય જ છે. કહ્યું છે ને 'रसो वै सः।' એ રસ પીવા માટે આપણે પ્રયત્ન કરવો જોઈએ. શેરડીમાં રસ છે, પણ એને ચાવીને ખાઈએ તો જ એ રસનો આસ્વાદ આપણે માણી શકીએ. એ જ મુજબ ઉદ્યોગના મૂળમાં રસ છે જ. તે ચાખવા માટેનો પ્રયત્ન કરવો એ જ મુખ્ય વાત છે.

ઉદ્યોગકામ એ ચારિત્ર્યખિલવણીનો વિષય છે, અને એ રીતે જોતાં ઉદ્યોગ જ એક એવું ભૌતિક સાધન જણાય છે કે જે દ્વારા જીવનમાં સુટેવો નિર્માણ થાય.

વળી જેમ ઇતિહાસ શીખનાર ઇતિહાસકાર થતો નથી, તેમ કાંતણ-વણાટ શીખનારા બધા વણકર જ થશે કે મહાત્મા થશે એમ ન માનવું. ઉદ્યોગ દ્વારા સારી ટેવોવાળા નાગરિક થાય તો ઘણું છે. ઉદ્યોગ સામાન્ય 'લિબરલ' શિક્ષણની પણ ચીજ છે.

આજકાલ પાઠ્યપુસ્તકો માટે પણ ઠીક ઠીક ચર્ચા થતી જોવા મળે છે. અમુક અમુક વિષય, ચોપડી ન હોવાથી ભણવો-ભણાવવો-કઠણ લાગે છે એમ દલીલ થાય છે. એ બાબતમાં મારે એટલું જ જણાવવાનું કે ચોપડી હોવી જોઈએ એ એક વાત છે અને ચોપડી ન હોય તો કામ જ બંધ થાય એ બીજી વાત છે. આ બીજી વાત ભયંકર છે. એ વિપરીત દૃષ્ટિવાળી છે. પુસ્તકોનો ઉપયોગ કેવળ પરીક્ષા માટે જ થાય છે. એથી વિદ્યાર્થીઓ 'પરીક્ષાર્થી' થઈ જાય છે. તેઓ ઉમળકાભેર કામ કરતા નથી; અને પુસ્તકો તથા પરીક્ષા દ્વારા સર્જાતા ગોખણપટ્ટી અને ચોરીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝેરી ચકરાવામાં અટવાવાને પરિણામે વિદ્યાના અર્થી રહેતા નથી.

વળી, પરીક્ષાની પદ્ધતિનો સવાલ એ સામાન્ય સવાલ નથી. એની સાથે પ્રોમોશન, રોજગારી વગેરેને એટલે કે જીવનનાં અન્ય પાસાંઓને સંબંધ રહેલો છે.

આજકાલ શિક્ષણક્ષેત્રમાં વિદ્યાર્થીઓ પ્રત્યે ખોટી દયા બતાવવાનો ભાવ જણાય છે. વિદ્યાર્થીઓ પોતા વિષે કડક રહીને કામ કરે એવું શીખવવાને બદલે ઉપર ગણાવ્યો એવો વિપરીત ખ્યાલ આપવાથી કોઈને ફાયદો થતો નથી.

અંતમાં, કેળવણીને તેજસ્વી બનાવનારી એ વાતો આપ સૌને હું કહું છું. જે તાલીમ દંભ, અસત્ય અને જૂઠાણાને આધારે અપાય છે, તે તાલીમ એક પ્રકારની વિડંબના છે. તાલીમ આપનાર અને લેનાર બંનેમાં જો સત્યનિષ્ઠા અને પ્રામાણિકતા નહીં હશે, તો જાણજો કે એમના વિકાસ માટે ભગવાન પણ હાથ ધોઈ નાખે છે. શિક્ષક સત્યનિષ્ઠ અને પ્રામાણિક હશે તો બીજું એની મેળે સરખું થઈ જશે.

યુગોસ્લાવિયામાં ખેતીસુધારણા

યુગોસ્લાવિયા એ મધ્યયુરોપમાં આવેલો દેશ છે અને ક્ષેત્રફળમાં મુંબઈરાજ્ય જેટલો છે. વસ્તી તો મુંબઈ કરતાં અડધી છે (૧૭૦ લાખ). તે ખેતીપ્રધાન દેશ છે. તેમાં માર્શલ ટીટોની આગેવાની નીચે પ્રજાની સ્થિતિ સુધારવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. પહેલાં તે દેશ રશિયાની સામ્યવાદી અસર હેઠળ હતો; પણ ૧૯૪૮ પછી તેણે પોતાનો સ્વતંત્ર રાહ લીધો છે અને પોતાની રીતે પ્રગતિ કરી છે. આપણો દેશ પણ ખેતીપ્રધાન છે અને પોતાની રીતે પ્રગતિ કરવા ચાહે છે; એટલે બીજા દેશોના પ્રયત્નો આપણે જોવા જોઈએ અને તેમને આપણી રીતે ઘટાવવા જોઈએ. એ દૃષ્ટિએ યુગોસ્લેવિયાના પ્રયત્નો આપણે ટૂંકામાં જોઈએ.*

૧. ૬૮ ટકા ખેતરો ૧૨·૪ એકરથી ઓછા કદનાં હતાં. સરેરાશ માપ ૧૩ એકરનું હતું. ૨૪·૭ એકરથી મોટાં ખેતરો ૧૧·૭ ટકા હતાં. હવે કોઈ ખેડૂત જમીનના પ્રકાર મુજબ ૨૪·૭ એકરથી વધુમાં વધુ ૩૭ એકરથી વધુ જમીન ન ધરાવી શકે એવો કાયદો કરવામાં આવ્યો છે.

મુંબઈ રાજ્યમાં આ મર્યાદા ૫૦ એકરની ઠરાવવામાં આવી છે. પણ તે જાતે ખેતી કરાવનારા જમીનદારોને લાગુ પડતી નથી.

૨. ઉપરની મર્યાદા કરતાં વધુ જમીનોવાળા પાસેથી વગર વળતરે ૩૮ લાખ એકર જમીન લઈ લેવામાં આવી અને તેમાંથી ૨૦ લાખ એકર ૩,૧૬,૦૦૦ ગરીબ કિસાનોને આપવામાં આવી.

૩. આશરે પચાસ કરોડ રૂપિયાનું ખેડૂતો પરનું દેવું રદ કરવામાં આવ્યું.

૪. ૬૨ એકરે ૪૪ ખેતમજૂરો કામ કરતા હતા; એટલે યાંત્રિક ખેતી કરનારા દેશો કરતાં ૧૦ ગણા વધુ. ખેતીમાં યંત્રો અને સુધારેલી પદ્ધતિ દાખલ કરીને આ બોજો ઓછો કરવામાં આવ્યો.

૫. ૧૯૩૭ માં ખેતીમાંથી માથાદીઠ રોજની આવક આશરે પાંચ આના જેટલી થતી હતી. તેમાંથી દેવાનું વ્યાજ અને સરકારી કરવેરા જતાં ખેડૂત પાસે માથા દીઠ દૈનિક એક આનો ઘરખર્ચ માટે રહેતો હતો. તેમાં સુધારો થયો.

૬. ૧૯૩૯ પહેલાં ખેતી ઉપર નિભાવ કરનારા કુલ વસ્તીમાં ૭૬·૪ ટકા હતા. ૧૯૫૩ માં તે ઘટીને ૫૯·૬ ટકા થયા.

૭. કૃત્રિમ ખાતરોનો ઉપયોગ કરીને ખેતીની પેદાશ વધારવામાં આવી. એ રીતે ઘઉંની પેદાશ એકરે પાકા સાડા ત્રણ મણ જેટલી વધી.

૮. પાકના રોગો સામે સખત ઉપાયો લેવામાં આવ્યા. અને વરસે સાડા ચાર લાખ ટન અનાજ બચાવવામાં આવ્યું.

૯. આશરે રૂ. ૧૦૦૦ કરોડ જમીનધોવાણ અટકાવવા માટે, બંધો બાંધવા માટે અને સીંચાઈ યોજનાઓ પાછળ ખર્ચીને ૫૦ લાખ એકર જમીનને

* 'Agriculture in Yugoslavia': Published by — Yugoslav Embassyને આધારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો લાભ આપવામાં આવ્યો અને ખેતીની પેદાશ વધારવામાં આવી.

૧૦. ખેડવાનાં અને વાવવા લણવાનાં વગેરે કામો માટે યાંત્રિક સાધનોનો ઉપયોગ કરીને પાંચમા ભાગના પાકનો થતો બગાડ અટકાવવામાં આવ્યો.

૧૧. ફળફળાદિ વધુ ઉગાડવા અને સંઘરવા સગવડો ઊભી કરવામાં આવી. એને પરિણામે ફળફળાદિનો વપરાશ વાર્ષિક માથાદીઠ ૧૪૦ રતલ હતો તે વધીને ૨૦૫ રતલ થયો.

૧૨. જિલ્લાવાર ઢોર-સુધારણા માટે કેન્દ્રો રચવામાં આવ્યાં, ઘાસચારો ઉગાડવા અને ઢોરના રોગો અટકાવવા પ્રબંધ કરવામાં આવ્યો તથા ૮૦ નવી મોટી ડેરીઓ અને ૯૦ નાની ડેરીઓ ઊભી કરવાની યોજના કરવામાં આવી.

૧૩. ખેડૂતો માટે વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ વધારવામાં આવી અને તે દ્વારા ખેડૂતોની નાણા વિષયક અને બીજી અનેકવિધ મુશ્કેલીઓ ઓછી કરવાની યોજના કરવામાં આવી. ૧૯૫૨માં ત્યાં ૭,૧૭૦ સામાન્યહેતુક સહકારી મંડળીઓ હતી અને તેના લગભગ ૩૩ લાખ સભ્યો હતા.

૧૪. આ બધાં કામોમાં ખેડૂતોને નિષ્ણાત સલાહ-સૂચના અને માર્ગદર્શન આપવા ખેતીખાતું ચલાવવામાં આવે છે, જે સહાનુભૂતિપૂર્વક ખેડૂતોને મદદ કરે છે.

આપણે ત્યાં પણ ખેતી સુધારવા આવા પ્રયત્નો થઈ રહ્યા છે, પણ સરકારી તંત્રમાં ઘણી વસ્તુઓ અટવાઈ જાય છે અને ખેડૂતોને તેનો જોઈએ તેવો લાભ મળતો નથી. વળી મોટી મોટી યોજનાઓ અને પૈસાના બળે સુધારા કરવાના શંકાશીલ પ્રયત્નો થાય છે, જેનું પરિણામ બહુ આવતું નથી. ખરી રીતે ઝાઝી મૂડી વગર, જાતમહેનત, સંગઠન, સહકાર અને સમજણ વધારવાથી, અને સરકારી તંત્રને વધુ લોકહિતૈષી તથા તુમારશાહીમુક્ત કરવાથી ઘણો સુધારો થઈ શકે તેમ છે. તેની વિચારણામાં બીજા દેશોના અનુભવોનો જેટલો લાભ લઈ શકાય તે આપણા દેશની સ્થિતિનો ખ્યાલ કરીને લેવો જોઈએ. યુગોસ્લાવિયાએ જેમ રશિયાનું આંધળું અનુકરણ છોડ્યું તેમ આપણે પણ કોઈનું આંધળું અનુકરણ નહીં કરવું જોઈએ અને આપણા દેશની સાધનસામગ્રી અને પ્રજાની સમજબુદ્ધિને અનુકૂળ ઉપાયો યોજવા જોઈએ.

વિઠ્ઠલદાસ કોઠારી

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી]

તા. ૧૪-૧૧-'૪૭

બિરલા હાઉસ, નવી દિલ્હી

નિયમ મુજબ પ્રાર્થના. આજે ઠંડી ખૂબ હતી. પ્રાર્થના પછી બાપુજીએ થોડું લખાવ્યું:

"થોડા દિવસથી કારોબારીની સભા ચાલે છે. જોકે ઠરાવો તો સારા થશે, એવી આશા તો રાખું છું, પણ અમલ કેટલો થશે તે તો દૈવ જાણે. મારી તો સલાહ છે કે, કોંગ્રેસનો ઇરાદો માત્ર સ્વરાજ્ય હાંસલ કરવાનો હતો અને એ ધ્યેય તેણે પૂરું કર્યું,—જોકે હું તો 'સ્વરાજ્ય' માનતો જ નથી, પણ ભાષામાં તો કહી શકાય,—એથી હવે તો આ પક્ષની પૂર્ણાહુતિ કરી દેશમાં જેટલું સારું બળ હોય તે સર્વનો ઉપયોગ કરીએ, તો આપણે ઘણું કરી શકીએ તેમ છીએ. દા. ત. જયપ્રકાશમાં કેટલી અખૂટ શક્તિ ભરેલી છે! પણ એ 'પક્ષને' કારણે જ નહીં આવે. આથી જ હું ઇચ્છું છું કે, હવે જેનામાં જે શક્તિ ભરી હોય તેનો લાભ દેશને મળે તો આપણો દેશ ખૂબ આબાદ બની જશે."

* * *

"...વિધવાઓનું આપણે ત્યાં જેટલું અપમાન થાય છે તેટલું બીજા કોઈ દેશમાં નથી થતું. પણ હું વિધવાઓને એક આધ્યાત્મિક ઋષિની કક્ષામાં મૂકું છું. અને તમને બહેનોને ભલામણ કરતાં જરાયે સંકોચ નથી પામતો કે, જો વિધવાઓને શુભ અવસરોમાં આવવાનો કે તેને ખાવાપીવા અથવા પહેરવા ઓઢવામાં પ્રતિબંધ કરવામાં આવે, તો વિધુર પુરુષોને પણ એટલો જ પ્રતિબંધ તમારે તમારા સંગઠિત બળથી કરાવવો જોઈએ. સ્વેચ્છાએ પતિ પાછળ પત્ની ત્યાગ કરે તે જુદી હકીકત છે. પણ સામાજિક રૂઢિઓની પરંપરાની આ જડતા નીકળવી જ જોઈએ, એમાં મને લવલેશ શંકા નથી. મારી તબિયત સારી ચાલી રહી છે. આ પત્ર ચિ. મનુ પાસે લખાવું છું. ઠંડીને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ઓઢીને પડચો છું. અત્યારે હજુ ૫-૩૦ થયા છે. થોડું લખાવતાં લખાવતાં સૂઈ જઈશ. દિલ્હીનું કામ ઘણું મુશ્કેલીભર્યું છે. ઈશ્વરને કરવું હશે તેમ કરશે. આપણે એ ચિંતા શાના રાખીએ? પણ કંઈક અજુગતું બની રહ્યું છે એમ મને લાગે છે. હું માનું છું કે, આટલામાં તમે ઘણું સમજી જશો. સુજ્ઞેષુ કિં બહુના!! બાપુના આશીર્વાદ."

* * *

"મુઝે જરા ભી શક નહીં હૈ કિ, જબ તક જો બડે લોગ હૈં વહ હિન્દુસ્તાનીકા પ્રચાર નહી કરેંગે તો હિન્દુસ્તાની મર જાયેગી, માની હમારી સંસ્કૃતિ મર જાયગી. હમારી કમનસીબી હૈ કિ આજ હમારે ઘરોંમેં પિતા પુત્ર યા ભાઈ બહન અંગ્રેજી હી બોલતે હૈં, અપની માતૃભાષા ભી નહીં! સમુદ્રમેં આગ લગે તબ કૌન બૂઝાયે! આપકા મો૦ ક૦ ગાંધી..."

આટલુ લખાવ્યા પછી બાપુજીએ એ. આઈ. સી. સી. ના ઠરાવો વાંચ્યા. આ વાંચતાં વાંચતાં બાપુજી સૂઈ ગયા. ઠરાવમાં ખાસ તો આ સંસ્થા લઘુમતીનું પૂરું રક્ષણ કરશે તેના પર વિવેચન હતું. તેમાં બાપુજીએ થોડાક સુધારા કરેલ છે. બાપુજી માને છે કે, આપણે જો ભૂલ કરી હોય તો આપણે તે કબૂલી લેવી જોઈએ; એથી તેમાં એવું જણાવવું કે,

"કૉંગ્રેસે જે જાતની લડત ઉપાડીને જે સ્વતંત્રતાની કલ્પના સેવી હતી, તેના જેવું સ્વરાજ્ય તો નથી જ સાંપડયું. પરંતુ દેશમાં ભયંકર આફત ઊતરી પડી છે. હજારો બલ્કે લાખો બાળકો, સ્ત્રીઓ, અનેક નિર્દોષો દેશના ભાગલા થતાં નિરાધાર બન્યાં છે, એ દેશની કમનસીબી છે. અને 'સત્યાગ્રહ' જેવા પવિત્ર શબ્દ પર આ મોટું લાંછન લાગ્યું છે. દેશભાઈઓના આ અમાનુષી વર્તાવ માટે એ.આઈ.સી.સી. ને ઊંડો ખેદ થાય છે. અને પ્રભુ સહુને સન્મતિ આપે એ પ્રાર્થના કરે છે.

"છતાં કૉંગ્રેસની નીતિ સાફ અને સ્પષ્ટ છે કે, તે કોઈ પણ નાતજાતના ભેદભાવમાં માનતી નથી. કૉંગ્રેસે દેશના ભાગલાનો સ્વીકાર કર્યા પછી જ ભાગલા પડચા છે એ વાત સાચી છે. પણ એનો અર્થ એવો નથી કે, બંને દેશ એકબીજા પ્રત્યે આવી દુશ્મનાવટ રાખે અને અજુગતું આચરણ કરે. કૉંગ્રેસ એક અજોડ રાષ્ટ્રીય સંસ્થા છે, દરેકને માટે તેનાં દ્વાર ખુલ્લાં છે. અને લઘુમતીનું પૂરેપૂરું રક્ષણ થાય તેવી દરેક કૉંગ્રેસીઓની ફરજ છે, ધર્મ છે."

૭-૩૦ વાગ્યે બાપુજી જાગ્યા. ફરવા ગયા. ફરતી વેળા રાજેન્દ્રબાબુજી હતા. તેમને પણ આ ઠરાવો અંગેની વાતો કરતાં કહ્યું:

"આપણે જાણે હવે બુઝદિલ થઈ ગયા હોઈએ અથવા હવે એમ સમજતા હોઈએ કે, સ્વરાજ્ય તો મળી ગયું, નિરાંતે બેસો, આરામ કરીએ. તો આપણે મહાભૂલ કરી ભાવિ પ્રજાને ભારે નુકસાનીમાં નાખીને જઈશું, કારણ કે આપણે બધા હવે બુઢ્ઢા થવા આવ્યા છીએ. આખર માણસનું આયુષ્ય સો વર્ષનું ગણીએ તોપણ શું? માટે શરૂઆતમાં પાંચ વરસ જો તનતોડ મહેનત કરી જાગ્રત નહીં રહીએ, તો ૩૦ વર્ષથી સત્યાગ્રહની લડતો લડતા આવ્યા છીએ તેના પર પાણી ફરી વળશે. પ્રજા પાસે અત્યાર સુધી ફક્ત લડવાનું એક કાર્ય હતું, હવે આપણે પ્રજાને કેટલા . . . અને દેશ સમૃદ્ધ બને એ જાતનું કામ આપવું પડશે નહીં તો આ પ્રજા અંદરોઅંદર લડશે, અને તેનો દુરુપયોગ . . . . . . કરી લેશે. તમે સહુ વિચારજો. કુતુબમિનારના એ . . . કુતુબ પરથી પરબારું નીચે પડવાનો સમય ન આવે તો ઈશ્વરની કૃપા."

અને કૉંગ્રેસની પૂર્ણાહુતિ કરવા બાબત પર પણ ત્યાં ઠીક ચર્ચા થઈ.

ફર્યા પછી પગ ધોયા, મસાજમાં બંગાળી પાઠ કર્યો, અને હજુ જૂનાગઢ વગેરેનું ડહોળાઈ રહ્યું છે તે બાબતની ચિંતા કરતા હતા. કાશ્મીરનો પ્રશ્ન દિવસે દિવસે ઉગ્ર બનતો જાય છે.

સ્નાન વેળા બાપુજી મને કહે, 'તને હું જૂનાગઢ મોકલવા માગું તો જાય ખરી?' મેં ના કહી. મેં કહ્યું, લડતમાં જાઉં, પણ સંદેશાવાહક તરીકે નહીં. બાકી શામળદાસકાકા છે ના? એકે હઝારા!! બાપુજી કહે, "એના પર પૂરો વિશ્વાસ ન મૂકી શકાય. પણ તારે ઢેબર, બળવંતરાય વગેરે સાથે સારો પરિચય અને સંપર્ક છે. એથી જ પૂછું છું. પણ તારી અનિચ્છા હશે તો નહીં." મેં કહ્યું, "ઇચ્છા અનિચ્છાનો બહુ સવાલ નથી, પણ એ કાઠિયાવાડીઓમાં હું અટવાઈ જાઉં, અને એના કરતાંય આપની પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ હું દૂર ખસવા નથી માગતી એ મુદ્દાની વાત છે. જ્યાં આપ ત્યાં હું એ મારું સૂત્ર છે.” બાપુજીને સ્પષ્ટ વાત કહી એથી રાજી થયા મને કહે, “હવે તારામાં સ્પષ્ટ વાતો કહેવાની હિંમત વધતી જતી જોઈને હું રાજી થાઉં છું.”

મૃદુલાબહેન આવ્યાં. તેમણે પંજાબની કરુણ કહાણી સંભળાવી.

રા થી ૫ વર્કિંગ કમિટી ચાલી. એટલે આજે બાપુજી પાસે હું બહુ ઓછું રહી. એથી મુલાકાતીઓની નોંધ બહુ ન ટપકાવી શકી. આજની વર્કિંગ કમિટીમાં ખાસ તો મુસલમાનોને ફરી વસવાટ ઉપર ચર્ચા ચાલી. ઠીક ઠીક ગરમાગરમ વાતાવરણ જામ્યું. પ્રાર્થના સુધી આ ચર્ચાનો અંત નહોતો આવ્યો. પ્રાર્થનાનો સમય થઈ જતાં બાપુજી ઊઠ્યા, પણ કારોબારીની સભા ચાલુ જ રહી.

આજનું ભજન “ઔર નહીં કછું કામ કે” એ ગાયું હતું. એટલે એ ભજનથી જ બાપુજીએ ભાષણની શરૂઆત કરી:

“અહીં જે ભજનો ગવાય છે તેની કોઈ આગળથી તૈયારી નથી હોતી. છોકરીઓને મનમાં આવે તે ભજનો ગાય. આજનું ભજન ઐતિહાસિક છે. ૧૯૪૨માં મહાદેવભાઈ, સરોજિની નાયડુ, મીરાબહેન, કસ્તૂરબા અને હું જેલમાં હતાં ત્યારે મેં ૨૧ દિવસના ઉપવાસ કરેલા. આ ભજન મારા હૃદયમાં એક જ વખત સાંભળેલું ત્યારે કોતરાઈ ગયું હતું. પરંતુ શબ્દો મને યાદ નહોતા. આ ભજનનો ભાવાર્થ એ છે કે, બધું જ રામના સહારાથી જ થાય છે. એના સહારા વગર આપણે કશુંય કરી શકતા નથી. અંતે આ ભજન તારથી આશ્રમની બાળાએ મને મોકલાવ્યું. જે દિવસે આ ભજન આવ્યું તે જ દિવસે મારી તબિયત ભયંકર ખરાબ થઈ, અને હું જવાનો જ હતો, પરંતુ રામના આ સહારાથી એ દિવસે ટકી ગયો.

“આ ભજનમાં એમ કહેવામાં આવેલ છે કે સર્વોપરી રામનામ જ છે. આ વાત આજે ખાસ એટલા માટે જ મેં યાદ કરી છે કે, અહીં આવતી કાલે એ. આઈ. સી. સી. ની બેઠક મળશે. અને આ બેઠકમાં બેસનારા તમામ સભ્યોને મારી ખાસ વિનંતી છે કે, જે વિચારણા કરો તે રામને તમારા હૃદયમાં સ્થાપીને કરજો. કારણ કે આ સમિતિના સભ્યો કોંગ્રેસના છે, કોંગ્રેસીઓના હૃદયમાં સેતાન નહીં પણ ઈશ્વર બિરાજે છે એ મારી માન્યતા છે.

“આજે અહીં, કારોબારીની સમિતિ થઈ હતી, તેમાં મેં પૂરા ત્રણ કલાક આપ્યા. અને ચર્ચાના મુદ્દામાં મુખ્ય વાત શીખ, હિંદુઓ અને મુસલમાનોને, જો તેઓ સહુ ઇચ્છે તો, પોતપોતાના મુકામે મોભાભેર મૂકવા. પણ ચર્ચામાં વાતાવરણની ખરાબી કરવાની શરૂઆત તો પાકિસ્તાનમાંથી થઈ છે એમ કેટલાક સભ્યોએ કહ્યું. કોણે પહેલ કરી એ શોધવાનું કામ આપણું ન હોવું જોઈએ. ખરાબ કાર્યની નકલ કરવી એ આપણને ન શોભે. પણ સમિતિએ એક વાત જાહેર કરવી જોઈએ કે, હિંદી રાજ્યસંઘમાં લઘુમતીની સંપૂર્ણ કાળજી રખાશે. અને તેનો અમલ ખૂબ આણશુદ્ધ કરવામાં આવશે. તો મારી ખાતરી છે કે, પાકિસ્તાનની સરકારે પૂરા માન મોભા સાથે હિંદુ શીખોને પાછા બોલાવવા જ પડશે. અને તમને સહુને પણ કહું છું કે, જો તમારા હૃદયમાં રાવણને બદલે રામને સ્થાપો, અને આજે જે ગાંડપણ વ્યાપ્યું છે તેને છોડી મુસલમાનનું એક નાનું બાળક પણ કાળી રાતે નીડરતાથી જઈ શકે એવું સાત્ત્વિક વાતાવરણ બનાવી દો, અને જે મુસલમાનો અહીંથી કચવાતે મને પોતપોતાનું ઘર છોડીને ચાલ્યા ગયા છે તેઓ પોતાની મેળે પાછા આવશે, અને તો હિંદુ શીખોને આપોઆપ પાકિસ્તાન જવાનો રસ્તો સાફ થશે. મારા હૃદયના આ ઉદ્ગારોનો પડઘો તમારા અને તમારા દ્વારા મહાસમિતિના સભ્યોના હૃદયમાં પડે તો કેવું સારું? મારું તો આ અરણ્યરુદન છે, ઈશ્વર સહુને સન્મતિ આપે એ જ પ્રાર્થના.”

આજનું પ્રવચન ઠીક ઠીક કરુણ સ્વરોમાં બાપુજી બોલ્યા. પ્રાર્થના પછી હજુ કારોબારીની મીટિંગ ચાલે છે એટલે બાપુજી તેમાં બેઠા. હું થોડી વાર ગોપુ સાથે રમી. ગોપુ બાપુજીને પ્રણામ કર્યા વગર જવાની આનાકાની કરતો હતો. છેવટે મેં હિંમત કરી બારણું ખોલી આપ્યું, એ દોડતો દોડતો જઈ પોતાનું માથું બાપુજીના ખોળામાં મૂકી પ્રણામ કરવા લાગ્યો. આખી કારોબારી ખડખડાટ હસી પડી. આ ત્રણ વરસના ગોપુને થયું હું કંઈ ભૂલમાં તો નથી ને? શરમાઈ ગયો, પણ બાપુજીએ ઊંચકી લીધો, પછી પંડિતજીએ ખૂબ રમાડ્યો, અને ખૂબ ગરમાગરમ ચર્ચામાં આ નાનકડા ગોપુએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–ભલે ફક્ત દસ જ મિનિટનો આ બનાવ હતો પણ– બધાંનાં મગજ તર કરી દીધાં.

૮–૩૦ બધાં ગયાં. બાપુજી ફરવા નીકળ્યા. હું મીરાબહેનની સેવામાં રોકાઈ. કાશ્મીરના ડૉ. કિચલુ આવ્યા. એમના પછી નેશનાલિસ્ટ મુસલમાનો આવ્યા. પ્રવચન લખાવ્યું, તેવામાં સુધીરદા (સુધીર ઘોષ) આવ્યા. ત્યાર પછી સુહરાવર્દી સાહેબ આવ્યા. મને તો એવી ઊંઘ આવતી હતી કે મેં શહીદ સાહેબને કહ્યું, "તમને બાપુની દયા ન આવે તે હું સમજી શકું, પણ મારા જેવી નાનકડી છોકરીનીય દયા તમને આવતી હોય એમ લાગતું નથી. ઈશ્વરે કેમ આવું હૃદય મૂક્યું હશે? . . . ." એ હસી પડ્યા. એમને તો ગમે તેટલું કહીએ પણ ચીડ નથી ચડતી. અને બાપુજીને પણ તેમણે તો કહ્યું. બાપુજી કહે, વાત સાચી છે. "હું ૭૦ ઉપરનો થયો એટલે હવે જાઉં તો વાંધો નહીં પણ એ હજુ ૧૭–૧૮ વર્ષની બાલિકા રહી ને? એટલે એની દયા આપણે બંને જણ ખાઈને આજે વધારે વાતો નહીં કરીએ." આમ કહી એમને તરત વિદાય કર્યા.

અમસ્તા વાતોની લંબાણ કરી બાપુજીને જગાડે છે, અને બાપુજીને હજુ પ્રવચન લખી પ્રેસમાં આપવાનું હતું. બાપુજી પણ રાજી થયા.

૧૦ વાગ્યે કસરત કરી બાપુજી પથારીમાં પડ્યા. ખૂબ વિચારમગ્ન છે. મહાસમિતિમાં બાપુજીને જરાયે રસ હોય એમ લાગતું નથી. કારણ કે સહુ કહે છે કંઈક અને કરે છે કંઈક. વળી શનિ રવિ હોવાને કારણે 'હરિજન'ના લખાણનો મારો પણ સારી પેઠે રહે છે. ૧૧–૩૦ વાગે છે અને સૂવા જાઉં છું.

૧૫–૧૧–'૪૭
બિરલા હાઉસ, નવી દીલ્હી

નિયમ મુજબ પ્રાર્થના. પ્રાર્થનામાં હું અને ભાઈસાહેબ જ હતાં. બાપુજીને આ નથી ગમતું. પણ બાપુજી કહે, "સહુએ હું કહું તે પ્રમાણે કરવું જ જોઈએ એવું નથી. સહુ પોતાની શક્તિ અને ઇચ્છા અનુસાર ચાલે તો જ જગતનો આનંદ તે વ્યક્તિ લૂંટી શકે, અને જગતને તે વ્યક્તિ આનંદ આપી શકે.... નથી ઊઠતા અને પ્રાર્થનામાં નથી આવતા તેની ટકોર વારંવાર શી કરવાની હોય?"

પછી થોડું લખ્યું,

"હમણાં હમણાં ઈશ્વર મને ઠીક ઠીક જાગ્રત રાખે છે એમ હું જોઉં છું. એનો કેટલો પાડ માનું? વર્ષો પહેલાં હું કેમ આંધળો હતો એનો ક્યારેક વિચાર આવે છે, અથવા ઈશ્વરે જાણી જોઈને મને આંધળો કર્યો હશે? આ વાક્ય લખું તો મને લાગે છે કે સૂક્ષ્મ રીતે હું મને પોતાને દોષિત નથી માનતો, એથી પહેલું વાક્ય જ બરાબર છે. તમે તો વેદ-શાસ્ત્રોના અભ્યાસી છો, એટલે મારા મનનો ભાવ સમજી જશો એમ માની લઉં છું.

"હમણાં એક બનાવ બની ગયો. મારી પાસે નાનકડી બે છોકરીઓ છે. વયમાં બંને સરખી ગણી શકાય, કેળવણીમાં નહીં. એક તો આગાખાન મહેલમાં મારી પાસે જ નાનપણથી જ ઊછરી છે એમ કહું તો ચાલે. અને પૌત્રી છે. બીજી ...સગી જ છે. ચિ. મનુને નોઆખાલીમાં અનેક રીતે કસી છે ...કરતા એક વર્ષ નાની છે. અને હવે ચિ. મનુ ખૂબ ઘડાઈને તૈયાર થઈ ગઈ છે એમ કહેવું જોઈએ. પણ હજુ...ને પ્રાર્થનાનું મહત્ત્વ પણ સમજાવી નથી શક્યો. પરાણે ઉઠાડવામાં અથવા હું રાજી થાઉં માટે મને ગમે તે પ્રમાણે ચાલવું એના કરતાં એ જેવી છે તેવી દેખાય એ વધારે ઇચ્છવા જોગ છે. એથી હું એને પોષણ આપી રહ્યો છું. પણ હું મારા આત્માને ઢંઢોળું છું કે તે જાગે છે કે સૂતો છે? મારું ગઈ કાલનું ભાષણ જોયું હશે. હું નથી માનતો કે તેની અસર કંઈ પડશે. કારણ કે પ્રાર્થનાનું મહત્ત્વ જો ...ના જેવી છોકરીને ન સમજાતું હોય તો આ તો કેમ જ સમજશે? ઈશ્વરને જેમ કરવું હશે તેમ કરશે. મારી શ્રદ્ધા દિન પ્રતિદિન વધતી જાય છે એને શુભ ચિહ્ન ગણું છું.

"તમે તબિયત જાળવો છો ના? હજુ ઘણાં કામો કરવાનાં છે. અને ૧૫૦ વર્ષ જીવવાની અભિલાષા રાખવાની છે. નૈસર્ગિક ઉપચારનું કેમ ચાલે છે? મારે તો અહીં કરવું છે કે મરવું છે. એટલે વચલો રસ્તો હવે નથી.

"બધાને આશીર્વાદ — બાપુના આશીર્વાદ."

આજની ઠંડી તો વિષમ છે. બાપુજીના હાથપગ ખૂબ ઠંડા થઈ ગયા. એટલે વધુ લખ્યું નહીં. પણ લખાવ્યું. . . .-ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું અધીરો હોઉં તો સત્યનાં દર્શન ન થાય. સંસારની દૃષ્ટિએ હું નિરહંકાર હોઉં તેની કશી કિંમત નથી: એ ખોટું હોય ત્યાંય અહિંસાનું દર્શન ઓછું થાય. તેમ જ સત્યનું. પછી અહિંસાની સફળતાના વિચારો જ ઊડી જાય છે. જ્યાં અહિંસા છે ત્યાં અસફળતા અસંભવિત છે. એટલે જ્યાં અસફળતા જોવામાં આવે ત્યાં અહિંસા ન હોય એમ જ કહેવું ઘટે. સફળતા અસફળતાનો વિવેક કોણ કરી શકે એ નોખો વિષય છે. મારામાં અહંકાર, અધીરાઈ વગેરે દોષો હોય તેનો સાક્ષી હું ન થઈ શકું. કેટલેક અંશે બીજાઓ જ થઈ શકે. એનો ખરો સાક્ષી તો ઈશ્વર જ. હિંદુઓને વધારેપડતો ટેકો છે, એવો આભાસ પણ ન હોવો જોઈએ."

* * *

"જ્યોં જ્યોં અપનેકો ઢંઢોલતા હૂં, મુઝે લગતા હૈ કિ મેરે સાથ ઈશ્વર હૈ હી. દો હાથ દો પાંવ હો વૈસા નહીં, લેકિન મેરા ઈશ્વર તો નિરાકાર, નિરંજન, હૈ. વહી મુઝકો શક્તિ દે રહા હૈ. આજકલ યહાં કારોબારીકી બૈઠક હોતી હૈ, મૈં ઠીક ઠીક સાફ બાતેં સુના રહા હૂં, અગર હમ બુજદિલ બનેંગે તો હમ મર જાયેંગે, યાની કૉંગ્રેસ મર જાયેગી ઉસમેં મુઝે કોઈ શક નહીં હૈ."

* * *

"...મારે કબૂલ કરવું જોઈએ કે...બંને વચ્ચે મતભેદ ચાલ્યા કરે છે. મતભેદની સામે કશો વાંધો કોઈને ન હોય. પરંતુ મતભેદ અંગત સંબંધમાં પણ વિક્ષેપ પડાવે ત્યારે એ ખોટું ગણાય. હું સમજાવવા કોશિશ કરું છું. પણ મારું તો દોકડાનુંય ઊપજે તેમ નથી. એ જાણતો હોવા છતાં દિલ્હીમાં, કરવું છે અથવા મરવું છે."

આટલું લખાવી ફરવા ઊઠ્યા. ફરતી વેળા રાજેન્દ્રબાબુજી આવ્યા. શહીદસાહેબ પણ હતા. કાલે રાતે શહીદસાહેબ સાથે બાપુજી વાતો નહોતા કરી શક્યા, એટલે આજે સવારે તેમની સાથે જ વાતો કરી. તેમને અહીંના મુસલમાનોને મળવાની સૂચના પણ કરી. પણ અહીં તેમનું બહુ નહીં ચાલી શકે એમ તેઓએ કહ્યું. છતાં બાપુજી કહે, "તમારો ધર્મ છે કે અહીંના મુસલમાનો પાસે જેટલાં હથિયાર હોય તે સમજાવી પાછાં લેવાં. તેઓનું સ્થાન હિંદમાં ટકાવી રાખવું હોય તો તેઓએ શાંતિ જાળવવી જોઈએ. અને તેમને મળી એક અખબારી નિવેદન પણ કાઢો. ઉપરાંત હું તો તમને એ પણ સૂચવવા માગું છું કે, તમો પાકિસ્તાનની અને હિંદની એક તટસ્થ વ્યક્તિ તરીકે દૃષ્ટિ રાખી તમે જે જે નજરે જોયું હોય તેની માહિતી આપો, તો છાપાંઓમાં ખોટા ખોટા ગપગોળા આવે છે તેમાંથી પ્રજાને સાચી ખબરો મળે!"

ફર્યા પછી માલિશ બાથ વ. નિત્યકર્મ. બાથમાં બાપુજી ઊંઘી ગયા હતા. આજે ખૂબ થાક છે. ૩૦ મિનિટ સુધી તો સૂતા. પણ કારોબારીની સમિતિ મળવાની હતી અને પંડિતજી સહુથી પહેલાં આવી પહોંચ્યા, એટલે મેં બાપુજીને ઉઠાડ્યા. બાપુજી કહે, "તું જુએ છે ને કે મારા શા હાલ થઈ રહ્યા છે? હજુ શું થશે એ રામજી જાણે. એટલો થાક છે કે, અર્ધો કલાક સુધી ઘસઘસાટ સૂતો પણ ખબર ન રહી. સારું થયું તેં ઉઠાડ્યો. અને આટલી ઊંઘથી હું પણ તાજો થઈ ગયો."

૯ થી ૧૨ કારોબારીની બેઠક મળી. ત્યાર પછી ૧૨ થી ૧૨-૩૦ કૃપાલાનીજીએ વાતો કરી. બાપુજીની સલાહ માની તેઓએ આખરે રાજીનામું આપવાની સંપૂર્ણ સંમતિ આપી. એમના પછી રાજાજી આવ્યા.

રાજાજી સાથે બાપુજીએ સહુ પ્રથમ ઈડલી કેમ થાય એ પ્રશ્ન કર્યો. રાજાજી કહે, "હું સુંદર બનાવી જાણું છું. પણ ઈડલીમાં તો એની ચટપટી ચટણી ખાવાની જ મજા છે. અને તમે આ ખાઓ તો હું જ કરીને આપું." ખૂબ હસાહસ થઈ. એમની સાથે બાપુજીએ બીજી પણ અનેક વાતો કરી. કૉંગ્રેસમાં સારી પેઠે સડો વધતો ચાલ્યો છે, કારોબારીના સભ્યોનાં મન સાફ નથી, વગેરે. ૧૧ વાગ્યે રાજાજી ગયા. ૧-૩૦ વાગ્યે લીલાવતીબહેનને લઈ હું હૉસ્પિટલમાં ગઈ. બે વાગ્યે પાછી ફરી.

૩-૪૫ વાગ્યે બાપુજી એ. આઈ. સી. સી. માં ગયા. ૫-૩૦ પાછા ફર્યા. અમારી પાસે તો પાસ ન હોવાને કારણે નહોતા લઈ ગયા. પણ દૂધ પીતાં મેં બાપુજીને પૂછ્યું એટલે કહ્યું, "હું અહીંથી કશી જ તૈયારી કરીને નહોતો ગયો, તેમ જ મારે બોલવું પડશે એમ પણ નહોતો માનતો. છતાં એક કલાક બોલ્યો. મનમાં ભર્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું તે હાલવ્યું. અંકુશો નાબૂદ કરવા ઉપર ખાસ કહ્યું. અને મારી તો ખાતરી છે, હવે આમ થીગડાં દીધે કૉંગ્રેસ વધારે જર્જરિત થાય છે, તેના કરતાં તે સારી હાલતમાં છે ત્યાં જ તેને વિખેરી નંખાય તો વાતાવરણ ઘણું જ સુધરશે. પણ એ વાત હજુ કોઈને ગળે ઉતરાવી શક્યો નથી."

દૂધ, શાક, અને સફરજન ભોજનમાં લીધું, પછી પ્રાર્થનામાં ગયા. પ્રાર્થનામાં બાપુજીએ કહ્યું,

"આજે હું અખિલ હિંદ મહાસભાની બેઠકમાં ગયો હતો એથી તમને મેં ત્યાં શું કહ્યું તે જાણવા ખૂબ ઇંતેજારી થતી હશે. પણ ત્યાં મેં વધુ કશું નવું કહ્યું નથી. જે હું તમને રોજ અહીં કહું છું તે જ મેં ત્યાં કહ્યું છે. મને 'રાષ્ટ્રપિતા'નું સંબોધન કરવામાં આવે છે, કારણ કે ૧૯૧૫માં હું દક્ષિણ આફ્રિકાથી પાછો ફર્યો ત્યારથી કૉંગ્રેસના ઘડતરમાં મારો સધ્ધર ફાળો રહ્યો છે. એટલે કે, તે સમયે કૉંગ્રેસ ઉપર મારો પ્રભાવ હતો. પણ આજે એ દાવો હું કરી શકું તેમ નથી. પણ એનો અર્થ એવો નથી કે, મારો પ્રભાવ ઓછો થયો માટે મારે હાય હાય કરવું, અને લોકો પર પરાણે કોઈ વસ્તુ લાદવી. મારાથી શક્ય હોય એટલી નિઃસ્વાર્થ સેવા કરી ફળ ઈશ્વરને હાથ સોંપવું. માત્ર હું તો પ્રજાને એટલું જ કહેવા મથું છું કે, તમે સહુ તમારી ફરજ ઈશ્વરને સાક્ષી રાખી બજાવો. ઈશ્વરની મરજી વગર તો આ દુનિયામાં એક તણખલું પણ હલી શકે તેમ નથી. માણસે સંપૂર્ણ જવાબદારીથી પોતાની ફરજ સમજીને અદા કરવી જોઈએ. આથી જ મહાસભાની બેઠકમાં પણ હું મારી ફરજ સમજીને જ ગયો હતો. અને સભ્યોની રજા લઈને મને સાચું લાગે, મારો અંતરઆત્મા કહે તે મારે કહેવાનું હતું.

"મુખ્યત્વે અત્યારે તો મારા મનમાં એક જ વાત છે તે અંકુશના અને અંકુશો દૂર કરવાની. હું માનું છું કે, હવે અંકુશો રાખવા એ પ્રજાકીય ગુનો રાજદ્વારી નેતાઓ કરી રહ્યા છે. અંગ્રેજોના સમયમાં. અને યુદ્ધના સમયમાં અંકુશોની જરૂરિયાત કદાચ હશે. અને જ્યાં લશ્કરી રાષ્ટ્ર હોય ત્યાં આ પદ્ધતિ ઠીક ગણાય. પણ હિંદમાં અંકુશોની જરા પણ જરૂર છે જ નહીં, એ વિષે મને રજભર શંકા નથી. આપણા દેશમાં ખોરાક કે અનાજની જરા પણ તંગી હોય એ માનવા હું તૈયાર નથી. કારણ કે હું આખો દેશ ભમેલો છું, પ્રજાઓની વચ્ચે રહેલ છું, ખેડૂત છું, અને જાતે જ બધું કામ કરનારો મજૂર પણ છું. આટલાં વર્ષોના સ્વજાતીય અનુભવના આધારે કહું છું. જ્યારે અંકુશો ન કાઢવાની જેઓ તરફેણ કરે છે તેઓ માત્ર પોતાના સ્વાર્થ સાધવા અને બિનઅનુભવના આધારે કહે છે, એમ હું માનું છું. આપણા દેશમાં અઢળક કપાસ થાય છે, ચોમાસું સારું થાય છે, અનાજ પુષ્કળ પાકે છે. રેંટિયા અને હાથસાળ ચલાવી શકે તેટલા અને તેથીયે વધારે બેકાર હાથ પડયા છે. અને મિલો તો છે જ. એથી હવે સ્વરાજ્યમાં આવા ખેતીપ્રધાન દેશમાં અનાજ અને કાપડના અંકુશો અળખામણા લાગે છે. પેટ્રોલ અને ખાંડ પર પણ શા માટે અંકુશો મૂકવામાં આવ્યા છે તે પણ હું સમજી શકતો નથી. અંકુશોથી આપણામાં વધારે અસત્યતા, પાપ, ચોરી વગેરે અવગુણો વધ્યા છે અને આળસ તેમ જ પરાવલંબીપણું વધી ગયું છે. હું તમારી મારફતે મારો અવાજ મહાસમિતિના સભ્યોના કાને પહોંચાડવા માગું છું અને વિનંતિપૂર્વક કહું છું કે રાષ્ટ્રને હાનિ કરે છે તેવી બદી કાઢવા તેઓ એકમત થઈ જશે."

દાદા ધર્માધિકારીજી આવ્યા. પટ્ટણીસાહેબ પણ આવ્યા હતા. પટ્ટણીસાહેબ તો જમવા પૂરતા જ આવેલા. પછી સુધીરદા, પંડિતજી વગેરે એક પછી એક આવતા ૧૦-૪૫ થઈ ગયા. પથારીમાં પડયા ત્યારે ૧૧ થયા. દેવદાસકાકા કાકી આવ્યાં હતાં. કૉંગ્રેસના નવા પ્રમુખ કોણ થાય તે વિષે વાતો ચાલી. કાકાને બાપુજીએ કહ્યું, "તારા ધ્યાનમાં કોઈ છે?" કાકા કહે, "તમે થાઓને!". "દીકરો બાપની જ ભલામણ કરે ને?" – રમૂજમાં બાપુએ કહ્યું. સહુ હસી પડયા. બાપુ કહે, "હું થાઉં તો લોકોને ભારે પડી જાય. કૃપાલાનીનો ક્યાંય મોભો નથી, કોઈ કેબિનેટમાંથી નીકળવા ઇચ્છતું નથી, કૉંગ્રેસનું તંત્ર સારી પેઠે સડવા લાગ્યું છે. આજે હું એક કલાક બોલ્યો. બહુ શાંતિ તો રહી. વ્યવસ્થા સારી હતી. દર વખતે તો એ. આઈ. સી. સી. ના મેમ્બરોના સગાઓ પુષ્કળ વિના પાસે આવી જાય છે. આ વખતે તે બાબતની મેં ખાસ સૂચના કરી હતી. કોઈ બહારનું ન હતું એ મને ખૂબ ગમ્યું." બાપુજીના પગ દાબી મીરાબહેનની સેવા પતાવી ડાયરી લખી. ૧૨ના ટકોરા વાગી રહ્યા છે અને હું પણ સૂવા જઈ રહી છું.

— ચાલુ]

મનુબહેન ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચશીલ

૧

ચીનના વડા પ્રધાન શ્રી ચાઉ એન લાઈ હિંદની મુલાકાતે થોડા વખત પહેલાં આવ્યા હતા. તે વખતે ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુએ તેમની સાથે મળીને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ શાંત કરવા અર્થે તથા પ્રજાઓ એકબીજી સાથે ઘર્ષણમાં આવી પાયમાલ થાય તે કરતાં 'કો-એક્ઝિસ્ટન્સ' અથવા સહભાવનો સિદ્ધાંત સ્વીકારીને મેળજોડથી રહી શકે તે માટે પાંચ સિદ્ધાંતો વિચારી કાઢ્યા. તે પાંચ સિદ્ધાંતોને બૌદ્ધધર્મના જાણીતા શબ્દ 'પંચ-શીલ' નામથી રજૂ કરવામાં આવ્યા.

એશિયામાં બૌદ્ધધર્મ આજે પણ ઘણા દેશોમાં પ્રચલિત હોવાથી એ શબ્દ પેલા પાંચ સિદ્ધાંતો માટે યોજવામાં એ બંને રાજપુરુષોએ ભારે કુનેહ બતાવી કહેવાય. ઇંડોનેશિયા દેશે હમણાં જ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું છે. તેણે તો પોતાના રાજબંધારણના આમુખમાં નીચેની પાંચ બાબતોને પોતાનાં 'પચશીલ' (पांच सीलाः) તરીકે જાહેર કરી છે—(૧) ઈશ્વરમાં આસ્થા, (૨) માનવતા અથવા આંતરરાષ્ટ્રીયતા (૩) રાષ્ટ્રીયતા (૪) લોકશાહી અને (૫) સામાજિક ન્યાય અથવા સમાનતા. ઇંડોનેશિયન ભાષામાં બૌદ્ધ પરિભાષા તથા સંસ્કૃત પાલી ભાષાના શબ્દો સારા પ્રમાણમાં ચાલુ છે; અને ત્યાંના મુસલમાન કે ખ્રિસ્તી પ્રજાજનો બૌદ્ધ પ્રજાજનોની પેઠે જ એ ભાષાનો ઉપયોગ કરે છે.

આજકાલ રાજકીય તેમ જ અન્ય ક્ષેત્રમાં શબ્દોના અંગ્રેજી બારાખડી પ્રમાણે શરૂઆતના અક્ષરો લઈ જોડકાં ઉપજાવવાની બોલબાલા છે. જેમ કે, 'નેટો' 'સીઆટો', 'યુનો', 'યુનેસ્કો' ઇ૦. અંગ્રેજી ભાષા ન જાણનારાઓ માટે તે શબ્દો સાંકેતિક સિવાય બીજો કોઈ અર્થ ભાગ્યે ધરાવે. પરંતુ, એશિયાના એ મહાન દેશો ભેગા થઈ પોતાને માટે તેમ જ અન્ય પાડોશીઓ માટે કોઈ શબ્દ યોજે, તો બૌદ્ધધર્મનો લગભગ સર્વત્ર જાણીતો પંચશીલ જેવો શબ્દ ખૂબ જ આવકારલાયક થઈ પડે; તથા 'શીલ' શબ્દ પાછળનો સાંસ્કૃતિક અને નૈતિક ઇતિહાસ તે સિદ્ધાંતોને કોઈ રાજકીય કરારનામા કરતાં વધુ ઊંડાણ તથા ભાવના અર્પે, એમાં શંકા નથી.

ચીન, બ્રહ્મદેશ, સિલોન, ઇંડોનેશિયા વગેરે દેશોમાં બૌદ્ધ પરિભાષા જેટલી જીવતી જાગતી છે, તેટલી બૌદ્ધ ધર્મના ઉદ્ભવસ્થાન એવા ભારતમાં ન હોવી એ એક વિચિત્રતા ગણાય. છતાં, શીલ શબ્દ હિંદુધર્મમાં તેમ જ સંસ્કૃત ભાષાઓમાં ઘણો પ્રચલિત છે જ. એટલે પંચશીલ જેવા શબ્દથી કશો અર્થભેદ કે 'અનર્થ' થવો શક્ય ન ગણાય. છતાં અંગ્રેજી ભાષા અને કેળવણીની અસર હેઠળ આવીને પોતાનું પ્રાચીન તેમ જ મહત્ત્વનું બધું જાણે ભૂલી બેઠાં હોય તેમ, કે ભારતીય શબ્દોનાં પણ અભારતીય ઉચ્ચારણોમાં કંઈક મહત્તા માનતાં હોય તેમ, હિંદુસ્તાનનાં દેશી પત્રોએ તેનો ઉચ્ચાર 'પંચ શિલા' એ રીતે કરવા માંડ્યો. અને બિન-રોકટોક એનો ઉપયોગ એટલો બધો વ્યાપક બન્યો કે, 'હરિજન'ના તંત્રીશ્રીએ એ અંગે (તા. ૧૧-૬-'૫૫) સૌનું ધ્યાન ખેંચ્યું ત્યારે જ એ બાબતમાં કંઈક તપાસવા જેવું કે વિચારવા જેવું છે એમ કોઈ-કોઈને લાગ્યું!

પરંતુ 'હરિજન' પત્રની ચેતવણી બાદ પણ અમદાવાદના એક 'અગ્રગણ્ય' કહેવાતા દૈનિક પત્રમાં હજુ 'શિલા' કાયમ રહી છે; ત્યારે બીજી બાજુ કેટલાક વિદ્વાનો 'શિલા' શબ્દ ખરો હોઈ શકે એવી શંકા કરવા લાગ્યા છે. 'શિલા' એટલે પાયામાં નખાતો પ્રથમ પથ્થર એવો અર્થ ('શિલારોપણ વિધિ' એ શબ્દની રીતે) લઈએ, તો 'પંચશિલા' શબ્દ આંતરરાષ્ટ્રીય આચારના પાયાના પાંચ પથ્થરો કે શિલા-સ્તંભો એવા અર્થમાં બંધબેસતો કરી શકાય.

પરંતુ એ બધી કલ્પનાઓને ઐતિહાસિક કે સાંસ્કૃતિક ટેકો ભાગ્યે કહેવાય. જેમને આપણે પાંચ મહાવ્રતો કે પાંચ યમો તરીકે ઓળખીએ છીએ, એવાં અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, સત્ય વગેરે વ્રતો કે શીલો બૌદ્ધ દેશોમાં કોઈ પણ બૌદ્ધ માટે આવશ્યક પંચશીલ તરીકે જાણીતાં છે. બુદ્ધે ગૃહસ્થો માટેનાં એ શીલોમાં પાંચમા અપરિગ્રહવ્રતને બદલે 'સુરા-મેરય-મદ્ય-પ્રમાદસ્થાન-વિરમણ' એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'દારૂ વગેરે પ્રમાદનાં કારણરૂપ નશીલી ચીજોના ઉપયોગમાંથી વિરમવું તે' એ વ્રતને ગણ્યું છે. આમેય હિંદુ તથા જૈન ધર્મમાં ગૃહસ્થોને માટે કે શરૂઆતના સાધકો માટે પાંચ મહાવ્રતોને બદલે દેશ–કાળ વગેરેથી મર્યાદિત એવાં અણુ-વ્રતો સ્વીકાર્યાં છે; એટલે બુદ્ધ ભગવાને અપરિગ્રહ વ્રતના વસ્તુને અસ્તેય, અહિંસા વગેરેમાં ગણી લઈ, દારૂ વગેરે માદક વસ્તુઓમાંથી નિવૃત્તિ ઉપર ભાર મૂક્યો હોય તે બનવાજોગ છે.

બૌદ્ધ જાતક–ગ્રંથોમાં ગૃહસ્થ વગેરે સાધકોની બાબતમાં 'પંચશીલ' શબ્દ ઠેરઠેર ઉલ્લેખાયો છે. ભિક્ષુઓ વગેરેની દીક્ષા વખતે ઉપસંપદા વગેરે વિધિઓમાં પણ મુખ્ય શીલોનો ઉલ્લેખ આવી જાય છે; પરંતુ પંચશીલ શબ્દ ગૃહસ્થ સાધકોની બાબતમાં જ મુખ્યત્વે વપરાયો છે.

મનુષ્ય તરીકે દશ પાપોનો ત્યાગ બૌદ્ધધર્મમાં આવશ્યક મનાયો છે. તે જેમ કે, હિંસા, સ્તેય (ચોરી), વ્યભિચાર, ચાડી, કઠોર ભાષણ, અસત્ય ભાષણ, વૃથા બકવાદ, વ્યાપાદ (ક્રોધ), પરદ્રવ્યાસક્તિ અને મિથ્યા દૃષ્ટિ (નાસ્તિકતા).

મનુસ્મૃતિમાં પણ (અધ્યાય ૧૨) એ જ દશ પાપો ગણાવ્યાં છે એટલું જ નહીં પણ આયુર્વેદ (અષ્ટાંગહૃદય સંહિતા–અધ્યાય–૨) પણ એ જ દશ પાપોનો ત્યાગ આરોગ્ય માટેય આવશ્યક ગણે છે.

અર્થાત્ પ્રાચીનકાળમાં આ દશ પાપોનો ત્યાગ સર્વસંમત હતો. નાગરિકત્વ પામવા માટે આ પાપોનો ત્યાગ આવશ્યક છે, એમ બધાને લાગતું. એ દશ પાપોમાંથી નિવૃત્ત થવાને દશ શીલ પણ કહે છે. પરંતુ એ શબ્દ બહુ રૂઢ થયો નથી તથા પ્રચલિત પણ રહ્યો નથી. તેમ જ જૂના બૌદ્ધ ગ્રંથોમાં જ્યાં તે વપરાયો છે ત્યાં પણ શિથિલ રીતે વપરાયો છે, તથા દશ શિક્ષાપદોની સાથે તેની ભેળસેળ થઈ ગઈ છે, એ ઉઘાડું છે.

૨

એમ જરૂર કહી શકાય કે, બુદ્ધ ભગવાને સૂચવેલાં પંચશીલ એ આખા માનવ સમાજ માટે છે; માત્ર હિંદ પૂરતાં મર્યાદિત નથી. એ રાષ્ટ્રધર્મ નથી; પરંતુ માનવધર્મ છે. અમેરિકા, ઇંગ્લૅન્ડ કે એસ્કિમો લોકોને કે પછી કોઈ પણ દેશને એ પંચશીલ એટલાં જ જરૂરી છે.

બુદ્ધ ભગવાને જોયું કે રોહિણી નદીના પાણી જેવા પ્રશ્ન માટે પણ પ્રજાઓ વચ્ચે લડાઈ થાય છે. તેમને થયું કે, રાજ્યનું સુખ ભોગવવું હોય તો એમાં આવી નાની નાની બાબતો માટે પણ સંગ્રામ કરવો પડે. આમ સંહાર દ્વારા મળતું સુખ એ સુખ કહેવાય ખરું? વળી સાંસારિક સુખ પણ ક્યાં સ્થાયી છે? રોગ, જરા અને મરણ એની પાછળ પડેલાં જ છે! તો પછી એ સુખમાં પણ ક્યાં સાચું સુખ રહેલું છે? બુદ્ધે એક ઠેકાણે કહ્યું પણ છે:—

जरा व्याधिश्च मृत्युश्च यदि हि न स्यादिदं त्रयं।
तदा ह्येषु मनोज्ञेषु विषयेषु मे रतिर्भवेत्॥

'જરા, વ્યાધિ અને મૃત્યુ આ ત્રણ ન હોય તો આ મનોહર વિષયોમાં મારી પ્રીતિ થાય.'

પરંતુ દુન્યવી સુખભોગમાં તથા સંપત્તિમાં એ ત્રણ બાબતોની મોજુદગીને કારણે બુદ્ધે નિઃસારતા (Futility) જોઈ. એટલે એમને થયું કે એવું બીજું કયું સુખ છે જે ચિરંજીવી રહે? એ માટેનો માર્ગ શો? અને એ મહામન્થનમાંથી જ એમને પંચશીલનું રહસ્ય સાંપડ્યું. આમ પંચશીલ એ માનવમાત્ર માટેનો ધર્મ ઠર્યો.

આજના યુગમાં અર્થ એ જ મુખ્ય વસ્તુ બની ગઈ છે. અર્થ માટે જ એકેએક રાષ્ટ્ર સતત મથે છે; એકબીજા રાષ્ટ્ર સાથે સારા સંબંધ જોડાય છે; એકબીજા રાષ્ટ્રમાં પોતપોતાના પ્રતિનિધિઓને મોકલીને મૈત્રીસંબંધ બાંધે છે ને એવા એવા બીજા માર્ગો લેવાય છે. એ બધાની પાછળ બીજું રાષ્ટ્ર પોતાના ઉપર ચડી ન આવે કે પોતાને લડાઈમાં ઊતરવું ન પડે એ ભયને ટાળવાની જ વાત મુખ્ય છે. આમ રાષ્ટ્રના સુખને કે શાંતિને જાળવવા માટે એક બાજુથી યુદ્ધના સરંજામ વગેરેની તૈયારી કરવામાં આવે છે અને બીજી બાજુથી બીજાં રાષ્ટ્રો સાથે મૈત્રીભાવ જાળવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે! આ રીતે રાષ્ટ્રનો સંપૂર્ણ વિકાસ ન જ સંભવે. એટલે કેટલાક વિચારકો એક બીજી જ નિષ્ઠાની વાતો કરે છે. તે છે પંચશીલની. આમ આજના યુગમાં પણ ગીતાકારે દર્શાવ્યું છે. એમ, બે નિષ્ઠા ચાલી રહી છે. એક નિષ્ઠા ભૌતિક સુખ મેળવવા માટે યોજનાઓ, રાષ્ટ્રની રક્ષા માટે લશ્કરી સુસજ્જતા; રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે મૈત્રીભાવની મથામણ–એવી એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતો કરે છે; જ્યારે બીજી નિષ્ઠા પહેલી નિષ્ઠા પાછળની નિઃસારતામાંથી – Futility બચવાનો માર્ગ દાખવે છે.

પરંતુ જરા ઊંડા ઊતરીને વિચારીએ તો રાષ્ટ્રે માનવી વિકાસ માટે પંચશીલ જેવી માનવ-જગત-વ્યાપી નિષ્ઠા અપનાવવાની સાથે સાથે પોતાની આગવી રાષ્ટ્રનિષ્ઠા પણ નિર્માણ કરવી પડશે. એમાં સ્વાવલંબન, સ્વદેશી, અર્થ-સ્વાવલંબન, વગેરે રાષ્ટ્રના વિકાસને પોષક ગુણોનો સમાવેશ કરવો જોઈએ. જો રાષ્ટ્ર અર્થની બાબતમાં પરાવલંબન ભોગવતું ન હોય, એ માટે પર-રાષ્ટ્રની મદદ લેતું ન હોય, સ્વદેશીને મહત્ત્વ આપતું હોય, રાષ્ટ્રના ઉદ્યોગોને અપનાવતું હોય અને જેમ બને તેમ વધારે ને વધારે સ્વાવલંબન કેળવતું જતું હોય, તો એ રીતે રાષ્ટ્રનો વિકાસ સાધી શકાય એવી રાષ્ટ્રનિષ્ઠા તે ઊભી કરી શકે. અને સાથે સાથે તે પોતાના આંતરિક — માનવીય — વિકાસને માટે પઞ્ચશીલનું અનુસરણ કરે તો જરૂર તે સંપૂર્ણ વિકાસ સાધી શકે.

આ રીતે આપણું રાષ્ટ્ર બુદ્ધે દર્શાવેલી પંચશીલની નિષ્ઠા અને રાષ્ટ્રપિતા ગાંધીજીએ રાષ્ટ્રના ઉત્થાન માટે દર્શાવેલી — સ્વદેશી, સ્વાવલંબન ઇ૦ ને સંકલિત કરતી — રાષ્ટ્રનિષ્ઠા અપનાવે તો, જેમ અનેક દૃષ્ટિઓ તથા સાધનાઓના સંમેલનરૂપ હિંદુ ધર્મે બૌદ્ધ સંદેશને પોતામાં ગોઠવી લીધો છે, તેમ પંચશીલને પણ રાષ્ટ્ર-પિતા ગાંધીજીની અહિંસામૂલક રાષ્ટ્રનિષ્ઠામાં સરળતાથી ગોઠવી શકાશે.

સુ૦ ક૦

ક્રાંતિનાં એંધાણ

ક્રાંતિની વ્યાખ્યાઓ ઘણી ઘણી અપાય છે. તેમાં એક એવી પણ આપી શકાય કે, તે એક એવું મૌલિક બળ છે કે, જેને લઈને, સમાજના રૂઢ કે ચાલુ આચાર-વિચાર નભી ન શકે, એમ તેના સમર્થકોનેય લાગવા માંડે. હિંદના ચાલુ ઇતિહાસમાંથી દાખલો આપું.

અત્યારે ઉગ્ર રૂપે ડોકું કાઢીને પોતાને જોરે ઉપર આવેલા આ બે સવાલ લો — ૧. શિક્ષણનું માધ્યમ, ૨. ખાદી-ગ્રામોદ્યોગ. બંને વિષે રૂઢ આચાર-વિચાર કેવા છે? ભણેલા અથવા આજના જમાનામાં ફાવેલા વર્ગો એ બંને બાબતમાં રૂઢિચુસ્ત અને ચાલુ-ચીલા-વાદી છે. તેમને અંગ્રેજી માધ્યમ છોડવું નથી; અને તેમને નાના ઉદ્યોગ નહીં, પણ મોટા યંત્રોદ્યોગો અને શહેરી આરામનું અર્થતંત્ર ગમે છે.

હવે આપણે જાણીએ છીએ કે, આ બંને વસ્તુ આમ-પ્રજાના દ્રોહ કે ઇન્કાર પર ઊભી હતી. તેના ટેકામાં પરરાજ્ય હતું. તે ખસતાંની સાથે આ બંને જામી બેઠેલા ખ્યાલો દોદળા થઈ રહ્યા. ક્રાંતિ આ રીતે કામ કરે છે. પણ ભણેલા વર્ગો શું કહે છે? તેઓ શું સમજાવવા લાગ્યા છે?

પહેલું અંગ્રેજી લઈએ. એક મિત્ર સૌરાષ્ટ્રથી લખે છે, "આ સત્રથી કૉલેજોમાં પ્રથમ વર્ષમાં ગુજરાતી માધ્યમ શરૂ થયું. છાપાંમાં હેવાલો આવે છે કે, અધ્યાપકોને ગુજરાતી ફાવતું નથી. (માનું છું કેટલાકને નહીં ફાવતું હોય. – મ૦) વિદ્યાર્થીઓ 'ગુજરાતી ગુજરાતી' એમ બૂમો મારે છે, અને અધ્યાપકોને અંગ્રેજી બોલવા દેતા નથી. . . ."

એક કૉલેજ વિષે સાંભળ્યું કે, પ્રથમ વર્ષમાં ગણિત કે કોઈક વિષય અંગ્રેજીમાં શિખવાય છે. વિદ્યાર્થીઓ તેનો અભ્યાસ હાઈસ્કૂલમાં ગુજરાતીમાં કરીને આવ્યા છે. તે કહે છે, 'અમને આ સમજાતું નથી; સમજાય એ ભાષામાં શીખવો.' પણ કોઈ સાંભળતું નથી!

માનું છું કે, કોઈ આને તો વિદ્યાર્થીઓમાં અશિસ્ત વધે છે નહીં કહે. ખરું જોતાં અશિસ્ત શિક્ષણ-કારોમાં જ આ તો ગણાય. અગાઉ એક પ્રસંગે અંગ્રેજીને મેં 'અજ્ઞાન ફેલાવવાનું વાહન' કહેલું, તેનો દાખલો આ મળવા લાગ્યો છે એમ નહીં?

પરંતુ આ વસ્તુ તો પ્રશ્નની એક બાજુ થઈ. ક્રાંતિની દૃષ્ટિએ વધારે પ્રસ્તુત તો બીજી છે. તે છે ભણેલાઓ આ વિષે શું કરે છે એ. માધ્યમ અંગ્રેજી જ રાખો એમ તો તેઓમાંના ચુસ્તમાં ચુસ્ત પણ કોઈ કહેતા નથી. તે કહે છે, અંગ્રેજી બહુ ઉમદા ભાષા છે, ઇ૦ ઇ૦. કોઈ તો એટલે સુધી ચગે છે કે, રાષ્ટ્રને મળેલી ઉમદા અમોલી ભેટ છે!

હવે આમ કહે તેમાં ઝાઝું તકરાર કરવા જેવું નથી. એ કાંઈ આજે ભેટ નથી થઈ અને અમોલી બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી ગઈ. રાજા રામમોહન રાયે જ્યારે એ ભાષાનો અભ્યાસ આપણે ત્યાં પ્રેર્યો, ત્યારે એમને આ કિંમત દેખાઈ હતી, તે જ કારણ હતું. મતલબ કે, આ કાંઈ નવી વાત નથી. પણ એને માધ્યમ બનાવવાની વાત આ ન હોય. ભાષાનાં ગુણગાન કરી માધ્યમમાં પરિવર્તન કરવાની વાત પરત્વે ભ્રમ ઉત્પન્ન કરવાપણું જ આ વાતમાં રહેલું છે. ક્રાંતિયુગમાં સપડાયેલી રૂઢ વસ્તુ આવા જ આડા તર્કનો આશરો લે છે; પણ ક્રાંતિ તેથી રોકાતી નથી.

હવે ખાદી ગ્રામોદ્યોગ જોઈએ. ખેતી અને આ ઉદ્યોગો મળીને દેશનું મોટા ભાગનું વાર્ષિક ધન પેદા કરે છે. આ હકીકત છે, પણ કોઈના ધ્યાનમાં નથી. જાણે યંત્રોદ્યોગો જ ખૂબ ધન પેદા કરે છે, એવો ભ્રમ પેસી ગયો છે. આંકડા બીજી જ વાત રજૂ કરે છે. તે અહીં ટાંકીને લંબાણ નથી કરતો; તે આજે છાપાંમાં સાફ રૂપે આવતા થયા છે.

હવે જ્યારે રાષ્ટ્રનું આર્થિક આયોજન વિચારાય છે ત્યારે ભાન થાય છે કે, આ તરફ ધ્યાન ન આપીએ તો યંત્રોદ્યોગોને વધારવાનું કામ ચાલે એમ નથી. આ મોટા કહેવાતા ઉદ્યોગો નાણાં ખાનારા છે; અને નાણાં તો અંતે જઈને ઉત્પાદક શ્રમનો અવેજ જ બની શકે. એટલે તેના પાયામાં શ્રમ જોઈએ. અને શ્રમપ્રધાન ઉદ્યોગો તો ખેતી અને ગ્રામોદ્યોગો છે; તે દ્વારા લોકો પોતાનો પરસેવો રેડીને જીવનની મૂળ જરૂરિયાતો પેદા કરે તો તેના પીઠબળથી નાણાં ટંકશાળ ને છાપખાનામાંથી નીકળી શકે. આથી કરીને, ગ્રામોદ્યોગોનો ભાવ આવવા લાગ્યો છે અને તેમના ઉત્કર્ષને બીજી પંચવર્ષી યોજનામાં અંગભૂત સ્થાન અપાયું છે. આ શું બતાવે છે? ગ્રામોદ્યોગ અથવા શ્રમનું જે ક્રાંતિકારી સ્થાન હિંદના જીવનમાં છે તેની, મને કમને, આ કારણે કે તે કારણે, કદર કરવી પડે છે. સાચી વાત આખરે જય પામે જ છે, એ આ જાતની ઘટના પરથી સમજી શકાય છે. આમાં ઇતિહાસની નિયતિ રહેલી છે એમ જે કહેવાય છે, તે પણ આ જ કારણે. આપણે હિંદમાં કહી શકીએ કે, શિક્ષણનું માધ્યમ દેશની રાષ્ટ્રીય ભાષાઓ આપણી સ્વભાષાઓ બનવાની જ છે; તેમ જ લોકનો જીવન-ઉદ્યોગ,—જે તેમના નાના નાના ગૃહોદ્યોગો તથા ગ્રામોદ્યોગો છે — તેમનો ઉત્કર્ષ પણ હવે સિદ્ધ જ છે; માત્ર આપણે આ ભાવીનો લેખ જ્ઞાનપૂર્વક સમજીને ચાલીએ, તો તે નિયતિ સરળ, વિના વિઘ્ને અને જલદી થશે; અને તેમાં દેશને કોઈ સંઘર્ષ, વિપ્લવ કે ઊથલપાથલ નહીં અનુભવવી પડે. દેશની આજની સ્થિતિનું આ ઢબે આકલન કરીએ, તો ગાંધીજીએ જગવેલી ક્રાંતિનું દર્શન આપણને મળી રહે છે.

૨૩-૭-'૫૫ **મગનભાઈ દેસાઈ**

ક્રાન્તિ અને શાન્તિ તથા સત્યાગ્રહ

૧

ક્રાન્તિની પ્રક્રિયામાં માણસ એક અવસ્થામાંથી બીજીમાં એમ આગળ વધ્યો છે. પણ એ બહારના કોઈ બળને કારણે નહીં પણ વિકાસની અથવા ધીમા પરિવર્તનની પ્રક્રિયાથી બન્યું છે. એ વસ્તુ માણસની સમગ્ર દૃષ્ટિને સંપૂર્ણપણે બદલી નાખે છે. ક્રાન્તિ એટલે વિચાર, લાગણી અને કાર્યના ક્ષેત્રમાં સંપૂર્ણ અને પૂરેપૂરું પરિવર્તન. ક્રાન્તિ જૂની વ્યવસ્થામાંથી નવી વ્યવસ્થામાં અંતિમ પલટો છે. વિકાસની લાંબી અને એકધારી પ્રક્રિયા પૂરી થાય અને આધ્યાત્મિક, નૈતિક તથા ભૌતિક નવાં મૂલ્યો માટે નવી ભૂમિકા તૈયાર થાય ત્યારે એવો પલટો થવા પામે છે. આ રીતે ક્રાન્તિની પાછળ એક પ્રકારનું વાતાવરણ હોય છે. એ પરિવર્તનની પ્રક્રિયાની સરળ અને સહજ પૂર્ણાવધિ છે.

એથી કરીને કોઈ પણ પ્રજાની રાજકીય, સામાજિક અને આર્થિક રચનામાં બળજબરીથી કરવામાં આવેલો ફેરફાર ક્રાન્તિ નથી એ ઉઘાડું છે. ક્રાન્તિ દેખીતી રીતે જ, સામાજિક ચિત્તમાં સ્વેચ્છાપૂર્વક કે અન્યથા ક્યારનીયે શરૂ થઈ ચૂકેલી પરિવર્તનની અમુક પ્રક્રિયાની હળવી, નાજુક અને બિલકુલ સરળ પણ તાત્કાલિક પૂર્ણાહુતિ છે. એ પ્રક્રિયાનો તે સુખદ અંત છે. ક્રાંતિ એટલે, પ્રચલિત મૂલ્યોને બદલે તેનું સ્થાન લેવાને તાકવામાં આવેલાં પરિવર્તિત મૂલ્યોનો સામાન્યમાં સામાન્ય માણસ દ્વારા સ્વેચ્છાપૂર્વકનો સ્વીકાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથી કરીને, નારાજ અથવા નિર્દોષ કે અજ્ઞાન લઘુમતી પર વધુમતીની ઇચ્છા પરાણે ઠોકી બેસાડવી એ ક્રાન્તિ નથી. તે તત્ત્વતઃ પ્રજાનાં પરિવર્તિત મૂલ્યોનો સ્વાભાવિક આવિષ્કાર હોવો જોઈએ: એ હૃદય અને ચિત્તના પરિવર્તનનો આવિષ્કાર છે. તમે જેનાથી કંટાળ્યા હોય તેવા કોઈ અંગને છેદી નાખવાને તમે કરો તેવી ક્રિયા એ નથી. ઊલટું એ તો માનવસમાજના જ્ઞાનતંતુઓ તથા નસો અને દેહમાં નવા લોહીને દાખલ કરવા જેવું છે. એથી કરીને, ક્રાન્તિ સૌના હિતને માટે કરવામાં આવેલું પરિવર્તન છે.

ક્રાંતિ, હૉબ્સ આપણને કહે છે તેમ, રાજ્યની ઉત્પત્તિ પહેલાંના કાળમાં હતું તે રીતનો એક માણસનો બીજા માણસ સાથેનો ઝઘડો નથી. એકાંગી વિચારણાના પાયા પર ઉદ્ભવેલા બે પરસ્પર વિરોધી વર્ગો વચ્ચેનો કલહ પણ એ નથી. એ એક બાજુએ માણસ માણસ વચ્ચેના સંબંધોનો અને બીજી બાજુએ માણસ અને ભૌતિક જગત સાથેના સંબંધોનો યોગ્ય સુમેળ છે. એથી કરીને, ક્રાંતિની પ્રગતિ માટે હિંસાના સાધનનો વિચાર કરવાનું પણ શક્ય નથી. એ સ્પષ્ટપણે સમજી લેવું જોઈએ કે, અમુક ક્ષણે જ્યારે કોઈ એક સમાજની ભિન્ન ભિન્ન સંસ્થાઓની અવનતિ થવા પામે અને તેઓ પ્રત્યેક માણસના હિત માટેના સાધન તરીકે કાર્ય કરતી મટી જાય એટલું જ નહીં પણ તેમનામાં એક પ્રકારના આંતરવિગ્રહનો જ્વર પેદા થાય અને સમાજના જુદા જુદા સભ્યો એકબીજાની વિરુદ્ધ કામ કરતા થાય અને જડ માન્યતાઓથી દોરવાઈ ને વિરોધી હિતોના ખોટા ખ્યાલો ઝનૂનપૂર્વક કેળવે ત્યારે જ ક્રાંતિ માટેની જરૂરિયાત પેદા થાય છે. આ જાતની સ્થિતિ હિંસાની સ્થિતિ છે. આ સામાજિક અન્યાય, હિંસા અને આત્મવિરોધની સ્થિતિનો અંત લાવવાને ક્રાંતિ ઉદ્ભવે છે. ક્રાંતિ પ્રવર્તતી હિંસા વિરુદ્ધનું બળ છે. તેને નિર્મૂળ કરવાનું તેનું ધ્યેય હોય છે. એથી કરીને તેનું સ્વરૂપ તથા તેની અસર અહિંસક હોવી જોઈએ. એ માનવ સમાજના મૂઠીભર કે વધારે લોકો માટે જ નહીં પણ સૌને માટે સુલેહશાંતિ તથા વ્યવસ્થા સ્થાપવા માટેની પ્રતિજ્ઞા છે. એ શાન્તિના સિદ્ધાંતનો સ્વીકાર છે, એ રીતે એ યુદ્ધ અને હિંસાના ખ્યાલનો સદંતર નિષેધ છે. ક્રાંતિ શાન્તિનું મૂર્તિમંત સ્વરૂપ છે. તે યુદ્ધનો અંત લાવવાને તથા માનવસમાજમાં સુમેળ, શાન્તિ અને એકરાગ પ્રવર્તાવવાને કાર્ય કરે છે.

પણ કેટલાક લોકો જૂનાં મૂલ્યોને ટેકો આપતા અને નવાં મૂલ્યોનો વિરોધ કરતા જણાય એવી પરિસ્થિતિ પેદા થાય તો ક્રાંતિ તેમની સાથે કેવી રીતે કામ લેશે? દેખીતી રીતે જ ક્રાંતિની સફળતા હૃદયપલટો કરવાની તેની તાકાત પર અવલંબે છે. એ હૃદયપલટો માનસિક અથવા બૌદ્ધિક સ્વરૂપનો હોવો જોઈએ અને તે ચર્ચા, તર્કશુદ્ધ દલીલ અને હકીકતો રજૂ કરીને કરવો જોઈએ.

અમે ઉપર જણાવ્યું તેમ ક્રાંતિ કેટલાક લોકોની બીજા લોકો સામેની પ્રચલિત હિંસા વિરુદ્ધની યોજના છે. માણસની સ્વભાગવત ભલાઈને વિષેની મૂળભૂત શ્રદ્ધા વિના એ યોજના સફળ થઈ શકે નહીં. ક્રાંતિ માટેનું મૂળભૂત પીઠબળ આ સિદ્ધાંતમાં રહેલું છે: 'કોઈ પણ માણસનો ઘાત ન કરો, કેમ કે પ્રત્યેક માણસ પ્રકૃતિથી જ ભલો હોય છે અને તેની સાથે બુદ્ધિપૂર્વક કામ લેવામાં આવે, તો તેને ભલાઈને માર્ગે ફરીથી લાવી શકાય છે.'

(અંગ્રેજી પરથી) **પ્રો. નેમીસરણ**

૨

ઉપરના લેખના વિષય અંગે એક નોંધ ઉમેરવા જેવી માનું છું. હું વાચકનું લેખકના એક વિધાન તરફ ધ્યાન દોરું છું. તેઓ કહે છે: 'એ હૃદયપલટો માનસિક અથવા બૌદ્ધિક સ્વરૂપનો હોવો જોઈએ. અને તે ચર્ચા, તર્કશુદ્ધ દલીલ અને હકીકતો રજૂ કરીને કરવો જોઈએ.' વાચક આ સંબંધમાં એમ ખસૂસ પૂછી શકે કે સમજાવટ, એટલે કે, લેખક કહે છે તેમ ચર્ચા, તર્કશુદ્ધ દલીલ અને હકીકતોની રજૂઆત—આ બધું હૃદયપલટો કરવામાં નિષ્ફળ નીવડે તો શું? એનો જવાબ સત્યાગ્રહનો સિદ્ધાંત છે. આપણે જાણીએ છીએ કે ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં જનરલ સ્મટ્સ અને તેમની સરકારનો 'ચર્ચા, તર્કશુદ્ધ દલીલ અને હકીકતોની રજૂઆત દ્વારા હૃદયપલટો' કરવામાં નિષ્ફળતા મળી એ પરિસ્થિતિમાં તેમને એનો સાક્ષાત્કાર થયો હતો. એ વિષે ગાંધીજીના પોતાના જ શબ્દો ટાંકીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"૧૯૦૬ ની સાલ સુધી મેં એકલી બુદ્ધિની સમજાવટ ઉપર આધાર રાખ્યો હતો. હું બહુ જ ઉદ્યોગી સુધારક હતો. હું સત્યનો નૈષ્ઠિક ઉપાસક રહ્યો એને લીધે મારી પાસે હકીકતોનું પાકું જ્ઞાન હતું, તેથી હું સરસ લખાણો કરી શકતો. પણ મેં જોયું દક્ષિણ આફ્રિકામાં જ્યારે અણીની ઘડી આવી ત્યારે બુદ્ધિની અસર ન પડી શકી. મારા દેશભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા, (કીડો પણ કોઈ વાર સામો થાય છે.) અને વેર લેવાની વાત ચાલતી હતી. મારે હિંસામાં ભળવાની અથવા આપત્તિને પહોંચી વળવાની અને સડો અટકાવવાની બીજી કોઈ રીત શોધી કાઢવાની વચ્ચે પસંદગી કરવાની હતી. અને મને સૂઝી આવ્યું કે અમારે માણસાઈને હણનારા કાયદાને તાબે થવાની ના પાડવી જોઈએ, અને સરકાર ચાહે તો ભલે અમને જેલમાં મોકલે. આ રીતે શસ્ત્રયુદ્ધની અવેજીરૂપ આ નૈતિક શસ્ત્ર પ્રગટ થયું. એ વખતે હું રાજનિષ્ઠ હતો, કેમ કે મારી દૃઢ માન્યતા હતી કે અંગ્રેજી સામ્રાજ્યની પ્રવૃત્તિઓ સરવાળે હિંદુસ્તાન તેમ જ માનવજાતિને લાભદાયક છે. મહાયુદ્ધના ફાટી નીકળ્યા પછી વિલાયતમાં આવીને મેં તરત તેમાં ઝંપલાવ્યું, અને પાછળથી જ્યારે મને પ્લુરસી થવાથી મારે હિંદુસ્તાન જવું પડ્યું ત્યારે ત્યાં પણ મેં જીવને જોખમે સૈન્ય-ભરતીનું કામ કર્યું. એ જોઈને મારા કેટલાક મિત્રો કંપી ગયા હતા. ૧૯૧૯ માં કાળો રૉલેટ કાયદો પસાર થયો અને સાબિત થયેલા અન્યાય દૂર કરવાની જે સાદી પ્રાથમિક માગણી અમે કરેલી તે સંતોષવાની સરકારે ના પાડી ત્યારે મારી આંખ ઊઘડી ગઈ. એટલે ૧૯૨૦ માં હું બળવાખોર બન્યો. તે દિવસથી મારી એ પ્રતીતિ વધતી જ ગઈ છે કે, પ્રજાના પ્રાણ સમાન એવી વસ્તુઓ કેવળ સમજાવટથી મળતી નથી, પણ કષ્ટસહનની કિંમત આપીને ખરીદવી પડે છે. કષ્ટસહન એ મનુષ્યનો કાયદો છે; શસ્ત્રયુદ્ધ એ જંગલનો કાયદો છે. પણ જંગલના કાયદા કરતાં કષ્ટસહનમાં વિરોધીનો હૃદયપલટો કરવાની અને તેના કાન જે બીજી રીતે બુદ્ધિના અવાજ સામે બંધ રહે છે તે ઉઘાડવાની અનંતગણી શક્તિ રહેલી છે. મેં જેટલી અરજીઓ કરી છે અને નિરાશાની સામે પણ જેટલી આશા મેં રાખી છે તેટલી કોઈએ નહીં રાખી હોય. પણ મેં મનમાં ગાંઠ વાળી છે કે આપણે જો કોઈક ખરેખરું કામ કરાવવું હોય તો બુદ્ધિને સંતોષીએ એટલું બસ નથી, હૃદયને પણ હલાવવું જોઈએ. બુદ્ધિ મગજને વધારે સ્પર્શ કરે છે, પણ હૃદય સુધી સોંસરું પહોંચવાને તો સહનશક્તિ જ જોઈએ. એ માણસનાં અંતરનાં દ્વાર ખુલ્લાં કરે છે. તલવાર નહીં પણ કષ્ટસહન એ જ માનવજાતિનો સનાતન વારસો છે."

(નવજીવન, ૮-૧૧-'૩૧)

સત્યાગ્રહ એટલે પોતાને જે સત્ય લાગે તેનો પ્રેમ અને અહિંસા દ્વારા એકધારો આગ્રહ અને જીવનમાં તેનો અમલ. એ રીતે એ માણસના સમગ્ર વ્યક્તિત્વને ઉદ્દેશીને કરવામાં આવતી પ્રેમભર્યા કાર્યની અટલ અને અચૂક અપીલ દ્વારા વિરોધીનો હૃદયપલટો કરવાને તાકે છે. આ રીતે સત્યાગ્રહ એક પ્રકારની અહિંસક ક્રાંતિ અથવા માનવીના શ્રેયનું ઇચ્છિત ધ્યેય સિદ્ધ કરવાને અર્થે સામાજિક પરિવર્તન અથવા ફેરફાર કરવાની રીત છે. સાચું પૂછતાં, એ સમાજમાં ચાલી રહેલા માનવીના વિકાસની શાશ્વત પ્રક્રિયાનો નિયમ છે. કોઈક પ્રસંગે એ ક્રાંતિકારી કાર્ય તરીકે—જ્યારે ઉપર્યુક્ત સત્યના આગ્રહ માટેની ક્રાંતિકારી પ્રક્રિયા સમાજમાં રહેલાં હિંસક અથવા અપ્રગતિશીલ તત્ત્વો દ્વારા રૂંધાય અથવા અવરોધાય, એવી વિશિષ્ટ પ્રકારની ક્રાંતિકારી પરિસ્થિતિમાં જરૂરી બની જતી અહિંસક લડત તરીકે દેખા દે છે. પરંતુ આવા કાર્ય અથવા આવી લડતનો હેતુ કોઈ પણ ભોગે અને શાન્તિમય તથા અહિંસક કાર્ય દ્વારા પોતાને જે સત્ય લાગતું હોય તેનો આગ્રહપૂર્વકનો અમલ જ છે. એ કાર્ય વાજબી અને સૌના ભલાને માટે યોજેલું હોવું જોઈએ—સ્વાર્થી કે સમજ વિનાનું નહીં.

૨૮-૬-'૫૫

(અંગ્રેજી પરથી) **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

શિસ્ત અને સંસ્કૃતિ

આ અંકમાં ભાઈ ગોપાળદાસનો શાળાઓમાં શિસ્ત અંગેનો લેખ વાચકે ખાસ મનન કરવો ઘટે છે. તેમાં કરેલું વર્ણન અમેરિકા જેવા સમૃદ્ધ દેશના વિદ્યાર્થીઓનું છે. અહીં કરતાં ત્યાં બધું જ વધારે સમૃદ્ધ અને સંપન્ન છે. છતાં ત્યાં આમ કેમ હશે, એ સવાલ ગંભીર છે.

આપણા દેશમાં પણ શિક્ષકો, શિક્ષણકારો વગેરે શિસ્તની ચર્ચા કરે છે. તેઓ તેમાં એક બાબત કહે છે તે જરા વિચિત્ર છે. તે કહે છે કે, શિક્ષકોના પગાર વધારો, જેથી યોગ્ય માણસો ધંધામાં આવે, તો શિસ્તના ધોરણમાં સુધારો થાય. પગારને શિસ્ત જોડે લેવાદેવા હોય તો અમેરિકામાં તો સારા પગાર હોવા છતાં શું કામ સવાલ ઊઠે છે?

વાત એમ છે કે, વિદ્યાર્થીઓમાં શિસ્તના અભાવનાં કારણ ઉપરછલ્લાં વિચારાય છે. એનાં ઊંડાં કારણ આજના યુગના સંસ્કૃતિપ્રવાહની નીતિમત્તા અને અધ્યાત્મમાં રહેલાં છે. આજનો જમાનો ભોગવિલાસ- અને જીવનધોરણવૃદ્ધિ- યુગ છે. જીવનનો ઉદ્દેશ અને તેનું સાફલ્ય ભૌતિક અને ભોગ-પ્રધાન બનતાં ગયાં છે. વિદ્યા તેના સાધન તરીકે કામ દેનારી દાસી બની છે. પરિણામે જે જીવન-આદર્શની છાપ સમાજ પર પડે, તેમાંથી વિદ્યાર્થી કેવી રીતે મુક્ત રહી શકે?

શિસ્ત એ આત્માનો ગુણ છે; બાહ્ય દમન આંતરિક શમસાધનને મદદરૂપ જ હોઈ શકે. આજના યુગમાં શમની સિદ્ધિના ટકા નાબૂદ થતા જાય છે; લોકોનો જીવ ભોગનાં સાધનો મેળવવાની પડાપડીમાં — તેની તાલાવેલીમાં વળ્યો છે. એ સ્થિતિમાં વિદ્યાર્થી જો અમુક રીતે વર્તે છે તો તેમાં એનો જ માત્ર દોષ નથી; સમાજ અને જમાનાની ફિલસૂફી તેમાંથી મુક્ત નથી.

હિંદની ચાલુ — એટલે કે અંગ્રેજી કેળવણી પણ આજે તો ઉપરના ચપટીક લોકમાં જ આવી રહી છે. આ વર્ગો પશ્ચિમના રંગે રંગાયેલા છે; એમનાં ધોરણ પણ એને જ મળતાં છે.

શિસ્તનો વિચાર આ લાંબી દૃષ્ટિથી પણ કરવો જોઈએ.

૨૨–૭–'૫૫ મ૦

પાઠ્યપુસ્તક, છાપકામ અને કાગળ

અર્થ-ચર્ચાના એક અંગ્રેજી માસિકે ('ઇકૉનૉમિક રિવ્યૂ,' ૯–૭–'૫૫) પાઠ્યપુસ્તક પરત્વે કેટલોક આર્થિક વિચાર જે જાગે છે તે તરફ ધ્યાન દોર્યું છે. તે કહે છે કે, જો રાજ્યોએ થોડું કેય આગળથી વિચારીને યોજના કરી હોત, તો જે બન્યું તે ન બનત. શિક્ષણ વધે એટલે ચોપડીઓ વધારે જોઈએ; એનો અર્થ એટલો કાગળ અને એનું છાપકામ જરૂરનું થાય. આ પૂરતું છે કે કેમ એ કોઈએ જોયું? — આમ ટૂંકમાં એ પૂછે છે. અને તે સાચું છે.

તે પત્ર એક ગણતરી પણ કરે છે. દેશમાં છાપખાનામાંથી ૭૭·૨૫ ટકા કામ દે એવાં ચાલુ છે. આમાંથી અર્ધોઅર્ધ સરકારી છાપકામ રોકી લે છે. એટલે સરકાર કેટલું બધું છાપકામ કરે છે! અને તે વધવાનું જ; ત્યારે કેટલું થશે, એ જોવાનું રહ્યું. બાકી રહેલા ટકામાંથી ૨૨ાા ટકા છાપાં, સામયિકો તથા વેપાર-રોજગાર ઇ૦ ના છપાણમાં જાય છે. સત્તરેક ટકા જાહેરખબરોવાળા લઈ લે છે. પછી રહે છે ૧૧ાા ટકા કે જેમાં સાહિત્ય ને ચોપડીઓ આવે.

હવે કાગળની કહાણી કહે છે તે જોઈએ. પંચવર્ષીય યોજનામાં કાગળની અમુક ટકા પેદાશ વધારવાની જોગવાઈ છે. પણ તેને માટે કાચો માલ આજે મુખ્યત્વે વાંસ છે, તે પૂરતો નથી. એનો અવેજ શોધાય ને તેની મિલો નીકળે તો પૂરતો પુરવઠો મળી શકે. નહીં તો કાગળ પણ ખૂટે. સાંભળ્યા પ્રમાણે, અત્યારે ચોપડીઓ માટે કાગળ બાબતમાં ટાંચ જેવું પ્રકાશકોને લાગે પણ છે. તેમાં વળી તે ડેમી જ જોઈએ, એમ કહીને મુશ્કેલી અને મોંઘારત ઊભાં કર્યાં છે.

ચોપડીઓમાં કઈ બાબતમાં કેવો આગ્રહ રાખવો એમાં ભૂલ ન થવી જોઈએ; તે માટે સમગ્ર દૃષ્ટિએ વિચાર કેવો જરૂરી છે તે આ પત્ર બતાવે છે.

૨૨–૭–'૫૫ મ૦

ચોપડીઓનો ખર્ચ

ભણતાં બાળકો માટે ચોપડીઓ, નોટો, પેનસિલ-પેનો ઇ૦ ની જરૂર અને તેનો ખરચો એવાં થતાં ગયાં છે કે, તે એક સામાજિક સવાલ બની ગયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણની રીતો એવી અખતિયાર થતી જાય છે કે, આ બધી વસ્તુઓની વધારે ને વધારે જરૂર પડે. અરે, બાળક ભણવા માંડે કે તે શરૂ થાય છે અને બે ત્રણ વરસમાં તો એકદમ જોર કરીને ગણિતશ્રેઢીથી તે વધે છે!

એક મિત્રે મુંબઈ રાજ્યમાં ચોપડીઓના ખર્ચના ધોરણવાર આંકડા ગણી મોકલ્યા છે. ચોથા ધોરણથી ૪–૫ રૂ. ખર્ચ શરૂ થાય છે તે સાતમે ધોરણે જતાં ૮–૯ રૂપિયે પહોંચે છે. કાગળ પેન્સિલ ઇ૦ ખર્ચ જુદું! અને ત્યાર પછી હાઈસ્કૂલ અને કૉલેજમાં તો આ ખર્ચ એકદમ વધે છે.

કૉલેજોમાં છોકરાઓ ચોપડીઓ વગર ચલાવી લેતાં શીખે છે — ગાઇડોથી અને પરીક્ષામાં આવતા સવાલો મેળવી લેવા દ્વારા કામ લે છે, એ ખરું. પણ ભણવાનું એકંદર ખર્ચ ક્યાં ઓછું થાય છે? ખર્ચના પ્રકારો બદલાય છે— નવાં ખર્ચ શરૂ થાય છે. મતલબ કે, માબાપોને માટે શિક્ષણનો આ ખર્ચ ભારે થવા લાગ્યો છે.

શિક્ષણની રીતો એવી કેમ થઈ, તેનું કાંઈક કારણ વિલાયતમાં કેળવાતી રીતોનું અણસમજુ અનુકરણ લાગે છે. તે સમૃદ્ધ દેશોને એ પાલવે; તેમને એ ન સાલે. આપણાં શિક્ષણકારો તથા સરકારના સંચાલકો જો આ ભેદ સમજત. તો પેલું આંધળું અનુકરણ ન થવા દેત. પરંતુ એ યુગ જ એવો હતો કે, તેમ થયા વગર રહે નહીં.

આ રીતોથી શિક્ષકો માટે આડ-ધંધા જાગ્યા. તેઓ ગાઇડો જ નહીં, જાત જાતની ચોપડીઓ લખી કમાતા થયા. નોટો ઇ૦ વેચવા દ્વારા પણ શાળાઓ કમાણી કરવા લાગી. આર્થિક ફાયદાનાં કારણો પણ શિક્ષણના કામમાં ઘૂસ્યાં.

સરકારી ઇન્સ્પેક્ટરો ને ડિરેક્ટરો વગેરે પણ આ ધંધામાં ઊતરી પડતા થયા. આ દૂષણ આજકાલનું નવું નથી; ઘણે જૂનેથી — ઓછુંવત્તું ભલે, છતાં — ચાલુ છે.

આ ખરચ રોકવાને માટે સરકારે પ્રયત્ન કરવો પડે, એવું કબૂલ કરાયું. જેમ કે, મુંબઈ રાજ્યમાં પેનના ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો. પણ રાજ્યે ચોપડીઓની કિંમતો ઉપર કડકાઈ ન દાખવી. કેટલાંક રાજ્યો પોતે જ ચોપડીઓ તૈયાર કરીને વેચવાનો ધંધો લઈ બેઠાં! દરેક રાજ્યની આ બાબતની નીતિ વિષે હકીકતો મારી પાસે નથી; નહીં તો તેમાંથી રમૂજી વિગતો જાણવા મળે.

ખરચ રોકવાનો ઉપાય કરવો જોઈએ, નહીં તો બંધારણ મુજબ જે શિક્ષણ ફરજિયાત આપવાનું છે તે અશક્ય બનશે. અત્યારે સરકારો પોતાને કરવો પડતો ખરચ જ ગણીને ચાલે છે. તેઓ માબાપને પડતો ખર્ચ જોતી નથી, એ ભૂલ છે.

ગરીબ દેશનાં માબાપોને બાળકોને નિશાળે મોકલવાની ફરજ પાડવી હોય, તો તે એમને આર્થિક રીતે પોસાવું જોઈએ; એવી સ્થિતિ રાજ્યે પેદા કરવી જોઈએ. નહીં તો બાળક માટે માબાપને થતું ખરચ પોતે વેઠવું જોઈએ. ગરીબ માબાપનાં છોકરાં આજે તો ફાલતુ કામ કરીને કમાણી કરે છે અથવા કુટુંબની અંદર નાનું મોટું કામ કરીને સંગીન મદદ કરે છે. તે મદદ બંધ કરાવવાનો હક જો રાજ્યે કાયદાથી ભોગવવો હોય, તો માબાપને તેનું વળતર આપવું પડે. આ તો ક્યાં ગયું, — ઉપરથી ચોપડીના ખર્ચનો ચાંલ્લો ચોટે છે!

આ બાબત તરફ રાજ્યનું ધ્યાન અત્યાર સુધી ન જવાનું કારણ એ હોય કે, ચાલુ કેળવણી થોડા ઉપલા — પ્રમાણમાં સુખી લોકોને જ — મળતી ને તેઓ લેતા. તેઓ પણ આ જે તો શિક્ષણના ખર્ચથી ત્રાસે છે, તો ગરીબની શી દશા?

આમ આ સવાલ ઊંડો અને ભારે અર્થ-ગંભીર બન્યો છે. એનો ઉપાય શિક્ષણની ચાલુ પદ્ધતિમાં જ પાયાગત ફેર કર્યા વગર હાથ લાગે તેમ નથી. આપણે કહીએ છીએ ખરા કે, અત્યારનું શિક્ષણ અતિ કિતાબપરસ્ત કે ચોપડીવખુ, નિર્માલ્ય ને ગોખણિયું બની ગયું છે; પણ કોઈ તેનો ઉપાય નથી જોવા બેસતું. ઉપાય એ છે કે, બાળકની ૧૪ વરસ સુધીની ઉંમર સુધીના તેના શિક્ષણમાં કઈ કેટલી ચોપડી ખરેખર જોઈએ? તેને કઈ જોઈએ અને તેના શિક્ષકને કઈ જોઈએ? તેની પાસે ખરીદાવવી કઈ જોઈએ અને તેને શાળાના પુસ્તકાલયમાંથી મળે એવી જોગવાઈ કઈ માટે રાખવી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા અનેકવિધ સવાલોમાં સીધા ઊતરવું જોઈએ અને ધરમૂળથી આખી પદ્ધતિનો જ વિચાર કરીને આ વધતા જતા નાહક ખરચનો તોડ કાઢવો જોઈએ.

ગાંધીજીની પાયાની શિક્ષણપદ્ધતિ અહીં પણ કામની વસ્તુ છે; તેનું માધ્યમ પુસ્તક નહીં, ઉદ્યોગ છે. શિક્ષણકારો આ વિચારને વધારે ઊંડે જઈને તપાસવા માંડે એ હવે જરૂરતું બને છે.

૧૭–૭–'૫૫ મ૦

મુંબઈ યુનિ૦માં માધ્યમ વિચાર

આ વિષે એક સમિતિ કામ કરે છે એ ગયા અંકમાં જણાવ્યું હતું. આ સમિતિએ મુંબઈની કૉલેજોના આચાર્યો તથા અધ્યાપકોના મત પૂછ્યા; નવેક બીજી યુનિવર્સિટીઓના મત મંગાવ્યા; તથા મુંબઈ શહેરની કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓની સ્વભાષાવાર સંખ્યા વગેરે માહિતી પણ મેળવી. આવા મહત્ત્વના વિચારને માટે પૂરતી તપાસ કર્યા વગર કાંઈ ઓછો નિર્ણય લઈ શકાય? પણ અહીં વાત બીજી હતી: ઝાઝું ચર્ચવાનું કે જોવા મૂકવાનું આમાં છે? ખરી મુશ્કેલી આ સવાલમાં મક્કમ ઠરાવ પર પહોંચવાની છે. અને એ વિષે યુનિ૦ જેવી વિદ્વાન-સભા ડગમગતી દશા અનુભવે એવી દયાજનક સ્થિતિ આજે આપણી છે. ખેર.

અનેકના મત પૂછવામાં આવ્યા, એટલે પેલા ચિત્રકારના ચિત્રમાં સુધારા કરાવવા જેવું થઈ રહ્યું લાગે છે. કેમ કે, જેટલી વસ્તુઓ આ વિષયમાં દેશ આગળ રજૂ થઈ છે, તે બધી તેમાં ઊતરી આવી! પરિણામે સમિતિને તેનું વિચારવામાં શી મદદ થઈ હશે, એ તો એ જાણે.

એક વાત એ મળી કે, મુંબઈમાં અનેક ભાષા-ભાષી લોકોની પચરંગ વસ્તી છે; તેમાં યુરોપ આફ્રિકાના થોડાક છોકરા પણ ભણનારા છે. પરભાષા દ્વારા શીખવતા તેથી સૌ સાથે ભણી શકતા. પણ પરભાષા (અંગ્રેજી) તો હવે જવી જોઈએ, એટલું સ્વીકારાય છે, એ એક નક્કી વાત થઈ. પણ આ વસ્તુ સંગીન વિચાર તરીકે કે તેની સત્યતાની હાર્દિક પ્રતીતિ તરીકે સ્વીકારાતી નથી લાગતી; લાચારીથી નછૂટકે એ થતું હોય એમ છે. શિક્ષણમાં ક્રાંતિ બેઠી છે એનું એ દ્યોતક છે.

અંગ્રેજી તો નહીં રહી શકે

અંગ્રેજીને બદલે શું?— આ સવાલ એ સમિતિની સામે ખરેખર છે. આશા રાખીએ કે તેમાં તે દીર્ઘદૃષ્ટિ રાખે અને સાચી શિક્ષણ-સંસ્કૃતિ—ની નજરે તપાસ કરે.

આ સવાલ હિંદની બધી જ યુનિવર્સિટીઓનો છે. તે અંગે રાધાકૃષ્ણન કમિશને વિચાર કરીને જવાબ આપ્યો જ છે— હિંદની પ્રદેશભાષાઓ દ્વારા બધું શિક્ષણ થવું જોઈએ.

મુંબઈની યુનિવર્સિટીવાળા તથા કેટલાક બીજા અહીં એમ કહે છે કે, અમારી પચરંગી વસ્તી છે ત્યાં શું કરવું? ત્યાં પણ ઉપરનો જ સિદ્ધાંત સાચો છે. અને તેની સાથે દેશની આંતરભાષા હિંદી તો રહેલી છે. મુંબઈની કૉલેજો પોતાને માટે માધ્યમ વિચારી લે. વિદ્યાર્થીની પૂરતી સંખ્યા હોય ત્યાં મરાઠી, ગુજરાતી, કાનડી, હિંદી, બંગાળી, તામિલ ઇ૦ દ્વારા મુંબઈમાં સુખે ઉચ્ચ શિક્ષણ આપી શકાય. જે આ ભાષા જોઈએ તેવી સારી રીતે પોતે ન બોલી લખી શકે તેઓ હિંદીનો આશરો લઈ શકે. હિંદી આંતરપ્રાંતીય વ્યવહારના માધ્યમ તરીકે આપણા રાષ્ટ્રજીવનના ક્ષેત્રમાં અહીં પણ કામ કરી શકે છે.

માધ્યમ અને નોકરીઓ

માધ્યમનો વિચાર કરતી વખતે હજી નોકરીઓ અને પરદેશગમન ઇ૦ના ખ્યાલ છૂટી શકતા નથી. નોકરીઓમાં પણ હિંદની બધી ભાષાઓનું બરોબર કામ પડવાનું છે. તે સાથે આંતરભાષા હિંદી પણ જોઈશે. રાષ્ટ્રની કોઈ પણ ચાલુ ભાષા (તેમની યાદી બંધારણે નક્કી કરી છે.) બીજી કોઈની તુલનામાં અઘટિત લાભ નહીં ભોગવી શકે. બીજી રીતે કહીએ તો, નોકરી ઇ૦ બાબતોમાં ભાષાને કારણે કોઈને પાછો પાડવાની વાત નહીં બની શકે. આ વસ્તુ યુનિવર્સિટીવાળાએ સમજવી જોઈએ; બલ્કે, તેમણે તેને દેશના વહીવટદારો આગળ ભારપૂર્વક મૂકવી જોઈએ.

અને પરદેશ જનારા ગણ્યાગાંઠ્યા લોક અંગ્રેજી તો ભણશે જ; માત્ર તે માધ્યમ નહીં હોય. અને જો કોઈ જર્મની, જાપાન, ચીન કે રશિયા જવા ઇચ્છે તે શું કરશે? તેનો માટે તે ઓછો જ યુનિવર્સિટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર મીટ માંડશે? પરદેશ જનારા જેમ પોતાને માટે જરૂરી નાણાં ઇ૦ સામગ્રી જોઈ લે છે, તેમ જ ભાષા ઇ૦ પરત્વે પણ જોઈ જ લે છે. યુનિવર્સિટીએ એવા થોડાકના ખ્યાલથી સૌને માટેનો ન્યાય બગાડવો નહીં જોઈએ; નહીં તો તે પોતાનો ધર્મ ચૂકશે.

માધ્યમ-વિચારમાં આજે અધ્યાપકો અને રાજ્યકર્તાઓ પોતાની જરૂર વધારેપડતી વિચારે છે. મુખ્ય વિચાર વિદ્યાર્થીનો અને હિંદના ભાવી નાગરિકની સાચી શક્તિના વિકાસનો કરવાનો છે. આમ થાય તો નિર્ણય ઉઘાડો છે: જગતે તે આપેલો છે કે, શિક્ષણનું માધ્યમ સ્વભાષા જ હોય. જરૂર પ્રમાણે જેટલી ભાષાઓ ભણાવવી હોય તેટલી ભલે ભણાવો; પણ ભાષાઓનું જ્ઞાન એક વાત છે; શિક્ષણનું માધ્યમ કઈ ભાષા રહે એ બીજી વાત છે.

ગુજરાત યુનિવર્સિટીનો ધડારૂપ નિર્ણય

આ ચર્ચામાં ગુજરાત યુનિ૦ના વાઈસ ચાન્સેલર શ્રી દિવેટિયાએ મુંબઈમાં એક રોટરી ક્લબમાં ઠીક ફાળો આપ્યો ગણાય. તેમણે, એક રીતે જોતાં, ગુજરાત યુનિવર્સિટીએ કરેલા નિર્ણયનું નિરૂપણ કર્યું. આ નિર્ણય આખા હિંદને ધડારૂપ છે; તે કેવળ પ્રદેશ પૂરતા વિચારમાંથી નથી. તેનો સિદ્ધાંત અખિલ ભારતીય ધોરણે વિચારીને નક્કી કરાયો છે.

શ્રી દિવેટિયાના વ્યાખ્યાનનો સાર દૈનિક છાપાના રિપોર્ટ પરથી નીચે આપ્યો છે. તેમણે કહ્યું કે, હિંદની બધી યુનિવર્સિટીઓમાં પ્રદેશભાષાઓ સુખે માધ્યમ થઈ શકે; પણ વિદ્યાર્થીઓએ તેની સાથે હિંદી અને અંગ્રેજી પણ, પહેલી ડિગ્રી લેતા સુધી, ફરજિયાત ભણવું જોઈએ. તેમણે કબૂલ કર્યું કે, અંગ્રેજી જબરી ભાષા છે; પણ વિદ્યાર્થીઓને નથી અંગ્રેજી કે નથી હિંદીનું ઝાઝું જ્ઞાન, કે જેથી તે માધ્યમ બની શકે. હિંદીને માધ્યમ બનાવવા સામે છું, એમ કહીને તેમણે એ પણ જણાવ્યું કે, દક્ષિણ હિંદમાં તો તે લગભગ પરદેશી ભાષા જેવી જ છે. પાઠ્યપુસ્તકોના સવાલ વિષે તેમણે કહ્યું કે, એ કોઈ મોટી મુશ્કેલી નથી; બેએક વરસમાં એનો પણ રસ્તો નીકળી જશે. અને એમણે એ વાત પણ કહી કે, સરકારે તેની નોકરીની પરીક્ષાઓમાં બધી ભાષાઓને અને આંતરભાષા હિંદીને સરખું સ્થાન આપવું જોઈએ.

મુંબઈની જનતા તથા વિદ્યાર્થીઓ પણ આ તેમના નિકટના હિતના સવાલ વિષે વિચાર કરે, એ જરૂરી છે. આ સવાલ અધ્યાપકોની સંકુચિત મૂંઝવણથી અને રાજ્યવહીવટની અલ્પ દૃષ્ટિને લઈને ગૂંચવાવો ન જોઈએ. રાષ્ટ્રની પુનર્ઘટનાનો આ સવાલ છે.

૨૩–૭–'૫૫ મ૦

માધ્યમ-ફેરની પ્રક્રિયા

સૌરાષ્ટ્રથી એક શિક્ષક-સાહિત્યકાર ભાઈ લખે છે તે જાણવા જેવું છે. ગુજરાત યુનિવર્સિટીમાં માધ્યમ-ફેરનું કામ શરૂ થયું, તેની શી અસર થાય છે અને કેમ ચાલે છે, તેનો કાંઈક ખ્યાલ એમાંથી મળે છે. ગુજરાતની કૉલેજોમાં કેમ ચાલે છે તે વિષે ખાસ જાણવા મળ્યું નથી. પરંતુ ફેરફારથી વિદ્યાર્થીઓ રાચે છે અને અધ્યાપકો પણ અનુકૂળ બનીને કામ કરે છે, એમ છૂટક મળતી ખબરો પરથી લાગે છે.

સૌરાષ્ટ્રથી જે પત્ર છે તે આમ કહે છે:—

"આ સત્રથી કૉલેજોમાં પ્રથમ વર્ષમાં ગૂજરાતી માધ્યમ શરૂ થયું. છાપામાં અહેવાલો આવે છે કે, અધ્યાપકોને ગુજરાતી ફાવતું નથી. વિદ્યાર્થીઓ 'ગુજરાતી' 'ગુજરાતી' એમ બૂમો મારે છે અને અધ્યાપકોને અંગ્રેજીમાં બોલવા દેતા નથી. 'શિક્ષણ આમ ફારસ બની ગયું છે.' એમ એક વર્તમાનપત્ર લખે છે.

"પરદેશી ભાષા દ્વારા અપાતું શિક્ષણ એ જ એક ફારસ હતું. પણ વરસોથી ટેવાઈ ગયેલી પ્રજાને એ તેમ લાગતું ન હતું. હવે માતૃભાષા એ શિક્ષણના સ્વાભાવિક માધ્યમમાં શિક્ષણ આપવાનું શરૂ થાય છે ત્યારે અધ્યાપકો કે વર્તમાનપત્રો આવી ફરિયાદ કરે એ વાજબી નથી.

"ગુજરાત યુનિવર્સિટીએ માધ્યમ ફેરવવાનો નિર્ણય કર્યાને વરસ એક થવા આવ્યું. તો જે અધ્યાપકોને ગુજરાતી ભાષા નથી આવડતી, તે આ એક વરસમાં તૈયાર થઈ શક્યા હોત. હજી ય પણ તૈયાર થઈ શકે છે. આ અધ્યાપકો ઉચ્ચ કક્ષામાં પરીક્ષાઓ પાસ કરેલ વિદ્વાનો છે. તેમને એકાદ નવી ભાષા શીખવી એ મુશ્કેલ કામ નથી.

"વર્ગમાં અધ્યાપકોને પારિભાષિક શબ્દો યાદ આવતા નથી, એમ પણ વિદ્યાર્થીઓ ફરિયાદ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓએ થોડો સમય ધીરજ ધરવી જોઈએ અને અધ્યાપકોને પાંચપંદર દિવસમાં મહાવરો પડી જાય ત્યાં સુધી તેમને શાંતિથી સાંભળવા જોઈએ. પણ તે સાથે અધ્યાપકોએ પણ થોડી વધારે મહેનત કરવી પડશે. રોજ બે કે ત્રણ સમયનું તેમને કામ હોય છે. બાકીનો આખા દિવસનો સમય તેમને વર્ગ માટે તૈયારી કરવા માટે જ આપવામાં આવે છે.

"ગુજરાતીમાં પુસ્તકો ન મળવાની ફરિયાદમાં પણ સાચીખોટી હકીકતનું મિશ્રણ ચાલે છે. ઉચ્ચ શિક્ષણની બધી સંસ્થાઓમાં વ્યાખ્યાનપદ્ધતિથી શીખવાય છે. અને અધ્યાપક અંગ્રેજી કે બીજી કોઈ પણ ભાષાનાં પુસ્તકો પરથી તૈયારી કરીને વર્ગમાં શીખવી શકે છે. વિદ્યાર્થીના હાથમાં ચોપડી હોય તે પછી જ વર્ગનું કામ ચાલે એમ કહેવું એનો અર્થ એ કે — અધ્યાપકો પાસે કાંઈ શીખવવાનું છે જ નહીં. આવડો મોટો આક્ષેપ પાઠ્યપુસ્તકો માટે બૂમાબૂમ કરીને આપણા અધ્યાપકો પોતાના પર નહીં વહોરે એવી આશા રાખીએ."

૨૪-૭-'૫૫ મ૦

બિનગુજરાતીઓ માટે ભાષાની પરીક્ષા

ગુજરાતમાં વસતા કેટલાક બીજા પ્રાન્તોના ભાઈઓ તરફથી ગુજરાતી ભાષાની પરીક્ષાઓ યોજવાની માગણી આવવાથી ગૂજરાત વિદ્યાપીઠ તરફથી બિનગુજરાતીઓ માટે ગુજરાતી ભાષાની ચાર ક્રમિક પરીક્ષાઓ (પ્રાથમિક, સુબોધ, પ્રબોધ અને વિનય) લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે માટે પ્રારંભમાં મુંબઈ, સુરત, અમદાવાદ અને રાજકોટ એમ ચાર પરીક્ષા – કેન્દ્ર ખોલવા વિચાર્યું છે. પછી જરૂર જણાશે તેમ બીજાં કેન્દ્રો પણ આપવામાં આવશે.

સદરહુ પરીક્ષાઓના અભ્યાસક્રમની અને નિયમોની પત્રિકાની કિંમત ત્રણ આના છે. તે અંગેનો પત્રવ્યવહાર શ્રી પરીક્ષામંત્રી, C/o હિન્દી પ્રચાર સમિતિ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪ એ સરનામે કરવો.

મ૦

પંચશીલ

[નીચેનો ઉતારો વડા પ્રધાન નેહરુ (હિંદ) અને વડા પ્રધાન બલ્ગેનિને (સોવિયેટ રશિયા) ગઈ ૨૨ મી જૂને મૉસ્કો ખાતે બહાર પાડેલા સંયુક્ત નિવેદનમાંથી લીધો છે.]

સદ્ભાગ્યે સોવિયેટ સંઘ અને હિંદ વચ્ચેના સંબંધો મૈત્રી અને પરસ્પરની સમજૂતીના મજબૂત પાયા પર રચાયેલા છે.

આ સંબંધો નીચેના પાંચ સિદ્ધાંતોને અનુસરીને ચાલુ રાખવાનો બંને વડા પ્રધાનોનો નિર્ધાર છે:

(૧) એકબીજાની પ્રાદેશિક અખંડતા અને ઐશ્વર્યનો પરસ્પર આદર, (૨) અનાક્રમણ, (૩) આર્થિક, રાજકીય અથવા વિચારસરણીના કોઈ પણ કારણે એકબીજાની આંતરિક બાબતોમાં દખલગીરી ન કરવી, (૪) સમાનતા અને પરસ્પર લાભ, તથા (૫) શાન્તિપૂર્વકનું જીવન કે સહભાવ.

વડા પ્રધાનોને ખાતરી થઈ છે કે, આ સિદ્ધાંતો કે જેમને હમણાં હમણાં વધુ ને વધુ માન્યતા મળતી ગઈ છે, તે વધુ વ્યાપક ક્ષેત્રમાં લાગુ પાડી શકાય એમ છે; તથા રાષ્ટ્રો તેમના એકબીજા સાથેના સંબંધોમાં એ સિદ્ધાંતોને અનુસરીને ચાલે તેમાં તેમના મનમાંથી ભય અને અવિશ્વાસ દૂર કરવાની અને એ રીતે જગતમાં પ્રવર્તતી તંગદિલી હળવી કરવાની પ્રધાન આશા રહેલી છે.

એ સિદ્ધાંતોને વધુ વ્યાપક ક્ષેત્રમાં માન્યતા મળે તો શાન્તિનો વિસ્તાર વધવા પામે, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે વિશ્વાસની લાગણી પેદા થાય, તથા વધુ વ્યાપક આંતરરાષ્ટ્રીય સહકાર માટેનો માર્ગ મોકળો થાય. આ રીતે પેદા થયેલા શાન્તિના વાતાવરણમાં આંતરરાષ્ટ્રીય સવાલોનું વાટાઘાટ અને સમાધાનની પદ્ધતિ દ્વારા શાન્તિપૂર્વકનો ઉકેલ ખોળવાનું શક્ય બનશે.

બંને વડા પ્રધાનો સ્વીકારે છે કે, દુનિયાના જુદા જુદા ભાગોમાં નાનાં અને કમજોર રાજ્યોને પક્ષે મોટી સત્તાઓને વિષે અસ્પષ્ટ અને કદાચ અકારણ ભય સેવાય છે. તેમને લાગે છે કે, હરેક રીતે એ ભય દૂર કરવામાં આવે એ અતિશય જરૂરનું છે. એ બાબતમાં પણ ઉપર નિરૂપવામાં આવેલા સહજીવનના સિદ્ધાંતોને ચુસ્તપણે વળગી રહેવું એ જ એક સર્વોત્તમ ઉપાય છે.
(અંગ્રેજી પરથી)

અનુકરણીય

વડોદરાના સમસ્ત પાટીદાર વિદ્યાર્થી છાત્રાલયમાં અન્ય છાત્રોની જેમ હરિજન છાત્રોને દાખલ કરવામાં આવે એવી માગણી સંઘ તરફથી છાત્રાલયના વ્યવસ્થાપક મંડળ પાસે કરવામાં આવી. વ્યવસ્થાપક મંડળે આને અંગે સત્ર શરૂ થતાં ઘટતી તૈયારી રાખી: પરંતુ છેવટનો નિર્ણય કરતા પહેલાં વિદ્યાર્થીઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મત જાણવાની ઇંતેજારી બતાવી. અને આને માટે વિદ્યાર્થીઓને મળવાની તક આપી. વિદ્યાર્થીઓએ એકે અવાજે હરિજન વિદ્યાર્થીઓને દાખલ કરવાની સંમતિ આપી. અને વળતે જ દિવસે વ્યવસ્થાપક મંડળે આ નિર્ણયને વધાવી લીધો અને હરિજન સેવક સંઘ પાસે ચારેક હરિજન વિદ્યાર્થીઓને મોકલવાની માગણી કરી અને સંસ્થામાં એક ઓરડો અલગ રાખ્યો.

પ્રથમ વર્ષ એંજિનિયરિંગમાં ભણવા એક સંસ્કારી હરિજન યુવકને દાખલ કરતાં વિદ્યાર્થીઓ અધિક આગળ ગયા અને એક વિદ્યાર્થીએ પોતાના જ ઓરડામાં તેને સાથે રાખવાનો આગ્રહ રાખ્યો.

અસ્પૃશ્યતાનિવારણના પવિત્ર કામમાં આ નાનકડો પ્રસંગ આપણને એક ડગલું આગળ લઈ જાય છે. અને ન્યાતજાત અને ધર્મના ભેદ વિનાની અહિંસક સમાજરચના રચવાના આપણા પ્રયત્નમાં ઉત્સાહ આપનાર છે.

વડોદરાના આ પાટીદાર છાત્રાલયના વિદ્યાર્થીઓને અને તેના સંચાલકોને ધન્યવાદ ઘટે છે. ગુજરાતમાં આ દિશામાં પહેલ કરનારાં છાત્રાલયોમાં આ છાત્રાલયના નામનો ઉમેરો થાય છે તે આનંદની વાત છે.

પરીક્ષિતલાલ મજમુદાર

નવું વાચન

સરી જતી રેતી (ભાગ પહેલો): સાદ્યંત સંસ્કારેલી બીજી આવૃત્તિ: લે૦ યશોધર મહેતા; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં. સાડાપાંચ રૂપિયા; પૃ૦ ૩૩૬.

જેમ કોઈ દુર્ગંધ મારતા ઉકરડા પાસેથી પસાર થતાં આપણો જીવ અકળાઈ ઊઠે છે અને તેનાથી દૂર જતાં આપણે 'હાશ' અનુભવીએ છીએ, તેમ આ ચોપડીને (સાદ્યંત સંસ્કારેલી હોવા છતાં!) જેમ તેમ પૂરી કરતાં છુટકારાનો દમ ખેંચી કહેવાનું મન થઈ જાય છે કે, હે વિધાતા! આવા ગંદા પુસ્તકને વાંચવાનું કોઈના પણ 'શિરસિ મા લિખ મા લિખ મા લિખ'! આ પુસ્તક દ્વારા લેખકે સ્ત્રી-સમાજના ચારિત્ર્ય ઉપર, સતીત્વ ઉપર, શીલ ઉપર ખુલ્લું નિર્લજ્જ આક્રમણ જ કર્યું છે! જ્યાં વિષય-લોલુપતાની મોહમયી મદિરા પીને ઉન્મત્ત બનેલી વૃત્તિવાળા સર્જક હોય, એવા સર્જકની કૃતિને પ્રકાશિત કરવા ગુજરાતની મહામૂલી સેવા કરનારી પ્રકાશન-સંસ્થા હોય (આ પુસ્તકના જેકેટ ઉપર કેટલાક સાક્ષરોના આ સંસ્થા અંગેના પ્રશંસાપાત્ર મત ટાંક્યા છે), આવા સર્જકને પ્રોત્સાહન આપનારા ભદ્ર સંસ્કૃતિના સદ્‌ગૃહસ્થો હોય (પુસ્તકનાં છેલ્લાં પાનાઓમાં ટાંકેલા અભિપ્રાયો), તથા આવા પુસ્તકને સમાજમાં ફરીને પ્રકાશિત કરવાની છૂટ આપનાર સરકારી અધિકારીઓ હોય, તો પછી આવા સર્જનને પ્રજાજીવનમાં ધૃષ્ટતાપૂર્વક પ્રવેશવાનું સાહસ કરતાં તથા 'ડૉ. જેકિલ'ના લેબાસમાં 'મિ. હાઈડ'ને જન-સમાજમાં બેફામપણે ઘૂમીને પાપજંતુઓ ફેલાવતાં કોણ રોકી શકે? અમે તો એટલું જ કહીએ છીએ કે, જે ઘર પોતાની સુરક્ષિતતા ચાહતું હોય, જે ગૃહસ્થ પોતાની મા, બહેન, પત્ની કે પુત્રીને વેશ્યા જેવી વૃત્તિવાળી બનાવવા ન માગતો હોય તથા પોતાના ભાઈ કે પુત્રને વ્યભિચારના નરકમાં સબડતો કરવા ન ઇચ્છતો હોય, જે શિક્ષણ-સંસ્થા પોતાની ચારિત્ર્યપોષક નીતિના પાયા શિથિલ કરવા ન માગતી હોય, જે પુસ્તકાલય પોતાને વ્યભિચાર શીખવનાર અડ્ડો બનાવવા ન ઇચ્છતું હોય અને જે સરકાર પોતાના 'પંચશીલ'ના સિદ્ધાંતને અવરોધવા ન માગતી હોય, એ સૌએ આવાં પુસ્તકોને જીવતાં દફનાવી દેતાં જરાયે ખમચાવું ન જોઈએ. નહી તો પછી સદ્‌ગત શ્રી રમણભાઈ નીલકંઠે કહ્યું છે એમ,

'દુર્વૃત્તિઓ જે જગવે જનોની,
તે ખેલ માંડે ભયનો ભરેલો;
ભર્યાં તળાવો તણી પાળ તોડી,
રોકી શક્યું છે જળ-ધોધ કોણ?'

—એવા દુષ્પરિણામ માટે સૌએ તૈયાર રહેવું પડશે. કિં બહુના?

મુ૦ ક૦

સાભાર સ્વીકાર

सस्तुं साहित्य वर्धक कार्यालय, अमदावाद તરફથી:

ભાવપ્રકાશ-નિઘંટુ: અનુ૦ ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રી, કિં. રૂ. ૫-૦-૦; **સ્વામી વિવેકાનંદ**: લે૦ સ્વામી ચૈતન્યાનંદ, કિં. રૂ. ૧-૮-૦; **મહાત્મા ટોલસ્ટોય**: લે૦ રામનારાયણ નાગરદાસ પાઠક, કિં. રૂ. ૧-૪-૦; **પાતંજલ યોગસૂત્ર**: અનુ૦ નર્મદાશંકર બાલાશંકર પંડ્યા, કિં. રૂ. ૧-૦-૦; **ગીતાસાર**: લે૦ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, કિં. રૂ. ૦-૪-૦; **મીરાંબાઈનાં ભજનો**: સંપા૦ હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયા, કિં. રૂ. ૦-૧૨-૦; **જીવનસુવાસ**: લે૦ લાલભાઈ કહાનભાઈ દેસાઈ, કિં. રૂ. ૧-૮-૦; **ગૃહિણી**: લે૦ પૂર્ણાનંદ મહાનંદ ભટ્ટ, કિં. રૂ. ૧-૦-૦; **મદન-મોહના**: લે૦ કેશવપ્રસાદ છો. દેસાઈ, કિં. રૂ. ૦-૪-૦; **વીર હનુમાન**: લે૦ સોમાભાઈ ભાવસાર, કિં. રૂ. ૦-૩-૦; **ઉચ્ચ જીવનની મંગળ વાતો**: સંપા૦ પીતાંબર પટેલ, કિં. રૂ. ૨-૦-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વિશેષ વાચન' તરીકે મંજૂર થયેલાં પુસ્તકો

નવજીવન પ્રકાશન મંદિરનાં નીચેનાં પુસ્તકોને ૧૯૫૫–૫૬ના વર્ષ માટે, માધ્યમિક શાળાઓના આઠમા અને નવમા ધોરણમાં વિશેષ વાચન તરીકે ચલાવવાની સરકારી મંજૂરી ડિરેક્ટર ઑફ એજ્યુકેશનના તા. ૨૮–૬–'૫૫ના પત્ર નં૦ એસ – ૮૬ (એ) – ૨ –એચ થી મળી છે :

		કિંમત રૂ.
અહિંસાનો પહેલો પ્રયોગ (ગાંધીજી)	સંક્ષેપ૦ વનમાળા દેસાઈ	૧—૦—૦
બાપુની ઝાંખી	કાકાસાહેબ કાલેલકર	૧—૦—૦
શરદબાબુની ત્રણ વાર્તાઓ	અનુ૦ મહાદેવ દેસાઈ	૧—૪—૦
વિરાજવહુ (શરદબાબુ)	અનુ૦ મહાદેવ દેસાઈ	૧—૪—૦
અપંગની પ્રતિભા (હેલન કેલર)	અનુ૦ મગનભાઈ દેસાઈ	૧—૮—૦
તિમિરમાં પ્રભા (ટૉલ્સ્ટૉય)	વેશાંતરકાર કિશોરલાલ મશરૂવાળા	૧—૮—૦
અચલાયતન (રવીન્દ્રનાથ ઠાકુર)	અનુ૦ ગિરિધારી કૃપાલાની	૧—૦—૦
બાપુ	ઘનશ્યામદાસ બિરલા	૧—૪—૦
મહાદેવભાઈનું પૂર્વચરિત	નરહરિ પરીખ	૦-૧૨—૦
અમારાં બા	વનમાલા પરીખ સુશીલા નય્યર	૧—૮—૦
હિમાલયનો પ્રવાસ	કાકાસાહેબ કાલેલકર	૧—૮—૦
જવાહરલાલ નેહરુ (સંક્ષિપ્ત)	સંક્ષેપ૦ મણિભાઈ ભ૦ દેસાઈ	૧—૮—૦
ઓતરાતી દીવાલો	કાકાસાહેબ કાલેલકર	૦-૧૨—૦
સંક્ષિપ્ત આત્મકથા (ગાંધીજી)	સંક્ષેપ૦ મથુરાદાસ ત્રિકમજી	૧—૦—૦
સ્મરણયાત્રા	કાકાસાહેબ કાલેલકર	૨—૦—૦
સીતાહરણ	ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ	૧—૦—૦
સંક્ષિપ્ત કરણઘેલો (નંદશંકર તુળજાશંકર)		૧—૦—૦

દરેકની ટપાલરવાનગી અલગ

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दुर्गाणि अतितरन्ति ते

['તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે']

ये दम्भान्नाचरन्ति स्म येषां वृत्तिश्च संवृता ।
विषयांश्च निगृह्णन्ति दुर्गाण्यतितरन्ति ते ॥

प्रत्याहुर्नोच्यमाना ये न हिंसन्ति च हिंसिताः ।
प्रयच्छन्ति न याचन्ते दुर्गाण्यतितरन्ति ते ॥

ये वा पापं न कुर्वन्ति कर्मणा मनसा गिरा ।
निक्षिप्तदण्डा भूतेषु दुर्गाण्यतितरन्ति ते ॥

ये वदन्तीह सत्यानि प्राणत्यागेऽप्युपस्थिते ।
प्रमाणभूता भूतानां दुर्गाण्यतितरन्ति ते ॥

कर्माण्यकुहनार्थानि येषां वाचश्च सूनृताः ।
येषामर्थाश्च साध्वर्था दुर्गाण्यतितरन्ति ते ॥

येषां न कश्चित्त्रसति त्रसन्ति न च कस्यचित् ।
येषामात्मसमो लोको दुर्गाण्यतितरन्ति ते ॥

परश्रिया न तप्यन्ते ये सन्तः पुरुषर्षभाः ।
ग्राम्यादर्थान्निवृत्ताश्च दुर्गाण्यतितरन्ति ते ॥

मधु मांसं च ये नित्यं वर्जयन्तीह मानवाः ।
जन्मप्रभृति मद्यं च दुर्गाण्यतितरन्ति ते ॥

— જેઓ કદી દંભ આચરતા નથી, જેઓનું વર્તન સંયમિત હોય છે, અને જેઓ પોતાની વિષયેચ્છાઓનો નિગ્રહ કરે છે, તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે.

— પોતાની નિંદા કરવામાં આવે ત્યારે પણ જેઓ સામી નિંદા કરતા નથી, પોતાને ઈજા કરવામાં આવે તોપણ સામી ઈજા કરતા નથી, તથા જેઓ આપી જાણે છે પણ કોઈની પાસે યાચના કરતા નથી, તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે.

— જેઓ મન, વાણી અને કર્મથી પાપ કરતા નથી, તથા અન્ય પ્રાણીઓને દુઃખ થાય એવી પ્રવૃત્તિમાત્રનો જેમણે ત્યાગ કર્યો છે, તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે.

— પ્રાણસંકટ આવી પડે ત્યારે પણ જેઓ સત્ય જ બોલે છે, અને જેઓ અન્ય પ્રાણીઓને માટે પ્રમાણભૂત બની રહે છે, તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે.

— જેઓનાં કર્મ દંભ અર્થે હોતાં નથી, જેઓની વાણી સાચી અને મધુર હોય છે, તથા જેઓનું ધન ન્યાય્ય માર્ગે મેળવેલું હોય છે, તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે.

— જેમનાથી કોઈને ભય થતો નથી, તથા જેઓ કોઈનાથી ભય પામતા નથી, જેમને સર્વ લોક આત્મસમાન લાગે છે, તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે.

— પારકાની લક્ષ્મી જોઈને જેઓ સંતાપ પામતા નથી, તથા જેઓ આહાર-વિહાર વગેરેમાં ગ્રામ્યતા આચરતા નથી, તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે.

— જે મનુષ્યો હંમેશ દારૂ અને માંસનો ત્યાગ કરે છે, તથા જન્મથી માંડીને કોઈ પણ માદક ચીજનું સેવન કરતા નથી, તેઓ દુસ્તર દુઃખોને વટાવી જાય છે.

(મહાભારત – શાંતિપર્વ અ૦ ૧૧૦, શ્લો૦ ૩. ૪, ૭, ૧૧, ૧૨, ૧૬, ૧૭, ૨૨.)

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ
ગોપાલદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)
ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૪ — અંક ૧૦

ઑક્ટોબર — નવજીવન, અમદાવાદ — ૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ઑકટોબર, ૧૯૫૫

વર્ષ ૧૪ અંક ૧૦

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
હિંદી માધ્યમ અને ગાંધીજી	મગનભાઈ દેસાઈ	૨૮૯
વલ્લભ વિદ્યાપીઠ	મગનભાઈ દેસાઈ	૨૯૦
હિંદી અને ઉર્દૂ	મગનભાઈ દેસાઈ	૨૯૩
શિક્ષણ-જગતની શિસ્તનો સવાલ	મગનભાઈ દેસાઈ	૨૯૪
કાપડ ઉદ્યોગ માટે યોજના	વિ૦	૨૯૫
હિંદ અને પાકિસ્તાન	મગનભાઈ દેસાઈ	૨૯૬
આણંદ ગ્રામ વિદ્યાપીઠ	અન્નપૂર્ણા મહેતા	૨૯૮
પ્રાચીન અગ્નિએશિયા	રામલાલ પરીખ	૨૯૯
શ્રી રતન તાતા પરનો ગાંધીજીનો કાગળ		૩૦૨
પ્રાણીશાસ્ત્રની પરિભાષા		૩૦૬
બી. સી. જી. નો ઉપદ્રવ	મગનભાઈ દેસાઈ	૩૧૦
બી. સી. જી. રસી — હું શા માટે એનો વિરોધ કરું છું	ચક્રવર્તી રાજગોપાલાચારી	૩૧૧
માધ્યમ-ફેરનાં પરિણામ	નાથાલાલ દવે	૩૧૨
સાબુનો ઉદ્યોગ કેમ વધારવો?	વિ૦	૩૧૩
નવું વાચન		
પદ્મજા	મુ૦ ક૦	૩૧૪
જ્ઞાનકુંજ	મુ૦ ક૦	૩૧૪
ભૂદાન	મુ૦ ક૦	૩૧૪
માસિક વિવેચન		
વરસગાંઠની ઉજવણી	મ૦	૩૧૪
વિદ્યાર્થી મંડળોની મૂંઝવણ	મ૦	૩૧૫
લોકશાહી અને તદ્વિદશાહી	મ૦	૩૧૬
તદ્વિદ અને વહીવટદાર	મ૦	૩૧૭
રાજકારણના રંગ	મ૦	૩૧૮
વાવટો રાષ્ટ્રનો કે સરકારનો?	મ૦	૩૧૮
પંજાબમાં ભાષાઓનો પ્રશ્ન	મ૦	૩૧૯
સ્વ૦ રત્નમણિરાવ	મ૦	૩૨૦
અનુકરણીય	મ૦	૩૨૦
મુંબઈમાં માધ્યમનો જંગ	મ૦	૩૨૦ અ

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતિ છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતિ છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ; (લાખાજીરાજ રોડ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, કૉનોટ સર્કસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધીભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશો.

લવાજમના દર

દેશમાં રૂા. ૪; પરદેશમાં રૂા. ૬ અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

આહાર અને પોષણ : લે૦ ઝવેરભાઈ પુરુષોત્તમદાસ પટેલ; કિં. રૂ. ૦-૧૦-૦; ટપાલરવાનગી ૦-૩-૦.

સુસંવાદ [શ્રી કેદારનાથજી સાથેના કેટલાક વાર્તાલાપો]: સંગ્રા૦ નીલકંઠ ઈશ્વરદાસ મશરૂવાળા; કિં. રૂ. ૦-૫-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

વિચારદર્શન ભાગ ૧ લો : લે૦ કેદારનાથ, સંપા૦ રમણીકલાલ મગનલાલ મોદી; કિં. રૂ. ૧-૮-૦; ટપાલરવાનગી ૦-૧૦-૦.

સ્થાનાંગ-સમવાયાંગ : સંપા૦ દલસુખ માલવણિયા; કિં. રૂ. ૧૦-૦-૦; ટપાલરવાનગી ૧-૮-૦.

अहिंसक समाजवादकी ओर : ले० गांधीजी; अनु० रामनारायण चौधरी; की. रु. २-०-०; डाकखर्च ०-१२-०.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૪–અંક ૧૦] અમદાવાદ [ઑક્ટોબર, ૧૯૫૫

હિંદી માધ્યમ અને ગાંધીજી

ગુજરાત યુનિવર્સિટીના એક આદરણીય મિત્ર અને સહકાર્યકર્તાએ એક વખતે મને ગંભીર સવાલ પૂછ્યો હતો. તેમણે કહ્યું, 'મગનભાઈ, અહિંદીભાષી પ્રદેશોમાં રાષ્ટ્રભાષા હિંદી, શિક્ષણનું માધ્યમ થઈ શકે એવું બાપુએ (ગાંધીજીએ) કદી પણ કહ્યું નથી એવી ખાતરી તમે મને આપી શકશો? મારી પાસે વખત હોય તો હું પોતે જ તેમનાં લખાણો વાંચી જઈને, અખિલ હિંદની સહિયારી ભાષા નહીં, પણ પોતાની માતૃભાષા જ શિક્ષણનું માધ્યમ હોવી જોઈએ, એ અભિપ્રાયનો સામનો કરવા માટે તેમાંથી કંઈ પણ મળી શકે તો તે ખોળી કાઢું.' યુનિવર્સિટીમાં માધ્યમનો સવાલ ચર્ચાઈ રહ્યો હતો તે વખતે આ વાલ મને પૂછવામાં આવ્યો હતો.

એ મિત્રને મેં જવાબમાં કહ્યું કે, 'તમે કહો છો તેવું બાપુના લખાણમાં હજી સુધી કશું પણ મારા જોવામાં ખસૂસ આવ્યું નથી. આમ છતાં, એવું કશું પણ મળે તો તે તમે ખોળી કાઢવાનો પ્રયત્ન કરી જુઓ એમ હું જરૂર ઇચ્છું.'

તેમણે કહ્યું, 'મારાથી તો એ થઈ શકે એમ નથી કેમ કે મારી પાસે એટલો વખત નથી તેમ જ મને એવી ઇચ્છા પણ નથી. કારણ કે, મને વિશ્વાસ છે કે તમે ખોટું કહીને મને અવળે રસ્તે નહીં દોરો.'

મારા પરના તેમના આ વિશ્વાસ માટે તેમનો આભાર માનીને મેં કહ્યું, 'મને ખબર છે ત્યાં સુધી, બેશક, ગુજરાતીને સ્થાને પણ હિંદી રાખવાને બાપુ કબૂલ થાય એ દર્શાવવાને કશો જ પુરાવો નથી.'

કેટલાક લોકોના મનમાં આવો સવાલ કદાચ એટલા માટે ઊઠતો હશે કે, બ્રિટિશ અમલ દરમ્યાન જ્યારે પણ શિક્ષણના માધ્યમ અંગે ચર્ચા થતી હતી ત્યારે તે અંગ્રેજીના સંબંધમાં જ થતી હતી. હિંદી રાખવાનો ખ્યાલ કદાચ કલ્પવામાં આવ્યો નહીં હોય તેમ જ આજની જેટલી સ્પષ્ટતાથી રજૂ કરવામાં આવ્યો નહીં હોય. જોકે હમેશાં એમ તો કહેવામાં આવતું જ હતું કે, માતૃભાષા જ શિક્ષણનું માધ્યમ બનવી જોઈએ. હવે કેટલાક લોકોને લાગે છે કે અંગ્રેજી પરાઈ ભાષા છે જ્યારે હિંદી આપણી જ એક ભાષા છે. એ આખા દેશનું માધ્યમ બનવાની છે, એટલે તેઓ કહે છે કે, એ સ્વીકાર્ય થઈ શકે.

ગાંધીજીના મંતવ્યની બાબતમાં આ ખોટો તર્ક છે. તેમનું મંતવ્ય તો સીધુંસાદું અને વિધાયક હતું: તેઓ આપણી ભાષાના સમગ્ર વિકાસ અને પૂરેપૂરી ખિલવણીના હિમાયતી હતા. કારણ કે તેઓ માનતા હતા કે, એ રીતે જ જનસાધારણની પ્રગતિ થઈ શકે એમ છે. તેની ભાષાના પૂરેપૂરા ઉપયોગનો ઇન્કાર કરવો એ અનિવાર્ય રીતે તેનો સંપૂર્ણ વિકાસ અટકાવવામાં પરિણમશે. એટલા માટે તેઓ માનતા હતા કે, કોઈ પણ પ્રદેશની કેળવણી તથા રાજવહીવટનું સમગ્ર કાર્ય તે તે પ્રદેશના લોકોની ભાષામાં જ થવું જોઈએ.

અને ઉપરના મારા મિત્રની જેમ જ જે લોકોને ગાંધીજીને વિષે લાગે છે તેમને માટે એ મુદ્દાને અંગેનું ગાંધીજીનું સ્પષ્ટ નિવેદન હું નીચે ટાંકું છું. એ નિવેદન તેમણે તેઓ વિદેહ થયા તે અગાઉ થોડા દિવસ પહેલાં જ કર્યું હતું:

પ્રાન્તીય ભાષાઓનો પૂરેપૂરો વિકાસ સાધવા માટે ભાષાને ધોરણે પ્રાન્તરચના જરૂરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાની હિંદની રાષ્ટ્રભાષા* થવી જોઈએ પરંતુ તે પ્રાન્તીય ભાષાઓનું સ્થાન ન લઈ શકે. પ્રાન્તોમાં તે શિક્ષણનું માધ્યમ ન બની શકે — અંગ્રેજી તો હરગિજ નહીં. તેનું કાર્ય તો હિંદમાં વસતાં આપણે સૌ ભાઈ ભાઈ છીએ એ પ્રતીતિ કરાવવાનું છે. બહારની દુનિયા આપણને ગુજરાતીઓ, મહારાષ્ટ્રીઓ, તામિલો વગેરે તરીકે નથી પિછાનતી, પણ કેવળ હિંદીઓ તરીકે જ પિછાને છે. એથી કરીને એકતા તોડનારી બધી વસ્તુઓને આપણે નિશ્ચયપૂર્વક દબાવવી જોઈએ અને હિંદીઓ તરીકે વર્તવું જોઈએ. આ સર્વોપરી વિચારણા લક્ષમાં રાખ્યા પછી ભાષાને ધોરણે પ્રાન્તરચના કેળવણી તથા વેપાર રોજગારને ઉત્તેજન આપનારી થઈ પડશે.

૩-૯-'૫૫ **મગનભાઈ દેસાઈ**

* અહીં પંડિત જવાહરલાલ નેહરુનું એક કથન હું ટાંકીશ. આ સંબંધમાં તે ઘણું જ બંધબેસતું અને પ્રસ્તુત છે. તેમણે કહ્યું કે હિંદની આપણી સઘળી ભાષાઓ આપણી રાષ્ટ્રભાષાઓ છે. ભારતના રાજબંધારણની ૩૫૧મી કલમમાં વ્યાખ્યા કરવામાં આવી છે તેવી હિંદીનું રાજ્યે રાજ્ય તેમ જ અખિલ હિંદ સાથેના વહેવાર માટેની ભાષા તરીકેનું વિશિષ્ટ સ્થાન રહેશે. કેમ કે, તે આપણી પ્રજાનો ઘણો મોટો ભાગ સમજે છે. એથી કરીને મને લાગે છે કે, હિંદી આપણી આંતરભાષા છે એમ કહેવાથી વિચારની સ્પષ્ટતા થશે.

વલ્લભ વિદ્યાપીઠ

ગુજરાતના એક અગ્રગણ્ય સેવક અને કેળવણીકાર એક લાંબો પત્ર લખીને મને આણંદ વલ્લભવિદ્યાનગરમાં થતી નવી વિદ્યાપીઠને વિષે ચેતવે છે. આ પત્ર તેમણે, મારો ‘હ૦ બં૦’ નો તા. ૨૦-૮-'૫૫માં પ્રગટ થયેલો લેખ જોયા પહેલાં લખ્યો છે. તે પત્રમાં તેમણે મુંબઈ સરકારના આ પગલાની કડક સમીક્ષા કરી છે. તેમને જે કહેવું છે, તેનો મુખ્ય ભાગ સૌને જણાવવો જોઈએ. તે લખે છે —

"આણંદ યુનિ૦ માટે જે ખરડો તૈયાર થયો છે, તે તમે વાંચી ગયા હશો. મેં છાપામાં તો વાંચેલું, પરંતુ હવે તે ખરડાની કેટલીક મહત્ત્વની કલમો પણ વાંચી ગયો છું. ગુજરાત યુનિ૦ હજી તો બાલ્યાવસ્થામાં છે અને ગુજરાતી ભાષાને માધ્યમ બનાવી વિશાળ ગ્રામજનતા માટે પણ ઉચ્ચ શિક્ષણની કંઈક સગવડ કરવા મથી રહી છે. ત્યાં આણંદ યુનિવર્સિટીની સ્થાપના કેવળ ‘હિન્દી માધ્યમ’ને મહત્વ આપવાના હેતુથી થાય — એમાં ગુજરાત યુનિવર્સિટીને ભારે હાનિ પહોંચવાનો પૂરો સંભવ છે. વડોદરા જેવી છાત્રાલય-યુનિવર્સિટી હોય તો વળી કંઈક રાહત રહે. પરંતુ જે ખરડો તૈયાર થયો છે તેમાં તો એવી કલમો રાખી છે કે ગુજરાતની કૉલેજો આજે ગુજરાત યુનિવર્સિટીને જોડાયેલી છે તેને તેમાંથી આંચકી લેવાના જ પ્રયત્નો થશે. ગુજરાતના ધારાસભ્યો તેમ જ ગુજરાત યુનિવર્સિટીના સંચાલકો જાગ્રત અને દૃઢનિશ્ચયી નહિ થાય તો ગુજરાત યુનિવર્સિટી નબળી પડી જવાનો પૂરો ભય છે જ.

"તમે ‘જ્યુરિસડિક્શન’ની પાંચમી કલમ વાંચી જશો તો સ્પષ્ટ ખ્યાલ આવશે. ‘પ્રિએમ્બલ’માં પણ સ્પષ્ટ જણાવ્યું છે કે, હિન્દી માધ્યમના પ્રચાર માટે જ આ યુનિવર્સિટી ઊભી કરવામાં આવે છે. ગ્રામ વિદ્યાપીઠનો દાવો તો કેવળ નામનો જ છે. કારણ કે ચોથી કલમમાં શિક્ષણના પ્રકારો જણાવ્યા છે. તેમાં તો ગ્રામ શબ્દનો પણ ઉલ્લેખ નથી અને ગ્રામસંસ્કૃતિ કે ગ્રામપ્રજાની સમૃદ્ધિ કે ગ્રામપ્રજાના વિકાસ વિષેની સગવડોનો લેશમાત્ર પણ વિચાર કર્યો નથી.

"જ્યારે ગુજરાત યુનિવર્સિટીની રચના થઈ અને તે અંગે જે પંચ નિમાયું તેમાં વલ્લભવિદ્યાનગર મંડળે અલગ યુનિવર્સિટી માટે માગણી કરી હતી, તેમાં જે આગ્રહ રાખેલો, તેનો તો નહીં જેવો જ વિચાર આજે થાય છે. ગુજરાત યુનિવર્સિટી પંચના અહેવાલના પાના ૧૭૨ માં ૨૮-૨-'૪૮નો જે પત્ર તે મંડળના મંત્રીએ લખ્યો છે, તે તમે વાંચી જશો, તો તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે:

'The promoters have from the outset planned their educational activities on the basis of founding a *selfcontained* University of a *unitary* residential type'

"આ વિગતો જો ધ્યાનમાં રાખીએ તો એવું જ જણાય કે, તે મંડળનો અલગ યુનિવર્સિટી માટેનો આગ્રહ ફક્ત બે જ મહત્ત્વનાં કારણો માટે જ હતો. એ છે:

(૧) ગ્રામવાતાવરણનો આગ્રહ

(૨) ઉપર જણાવ્યું તેમ રેસિડેન્શ્યલ યુનિવર્સિટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આથી એટલું તો સ્પષ્ટ છે કે, વલ્લભવિદ્યાનગર મંડળનો અલગ યુનિવર્સિટી માટેનો એવો આગ્રહ કદી હતો જ નહીં કે, માધ્યમ હિન્દી રહે અને બીજી કૉલેજોને જોડવા માટે પણ પૂરો અવકાશ મળે.—એફિલિયેટિંગ નહીં પરંતુ રેસિડેન્શ્યલ યુનિવર્સિટીનો જ એમનો આગ્રહ હતો અને છે. જો હકીકત આમ છે તો, પ્રિયેમ્બલ તેમ જ પાંચમી કલમમાં જે આગ્રહો રખાયા છે, તે તો (૧) હિંદીને માધ્યમ કરવાનો તેમ જ (૨) તે હેતુ પાર પાડવા માટે યુનિવર્સિટીનો કાર્યવિસ્તાર ગમે તેટલો વધારવાનો અવકાશ મેળવવાનો. કલમ પાંચની પેટા કલમ ચારમાં આ આગ્રહ સ્પષ્ટ રીતે જણાવ્યો છે.

"નવાઈ તો એ લાગે છે કે, ગુજરાતના ધારાસભ્યો તેમ જ ગુજરાતનો શિક્ષિત વર્ગ હિંદી માધ્યમ સામે તેમ જ ગુજરાત યુનિવર્સિટીના કાર્યમાં ભારે વિઘ્ન ઊભું કરનારા આ (પગલા) સામે હજી ઊહાપોહ કેમ નથી કરતા!

"જો આણંદ યુનિવર્સિટી હિંદી માધ્યમના પ્રચાર માટે જ સ્થાપવામાં આવતી હોય, તો તે ગુજરાત યુનિવર્સિટી માટે ભારે વિઘ્નરૂપ નીવડશે જ. ગુજરાતની કૉલેજોમાં અવળા પ્રચાર હિન્દી માધ્યમ માટે થશે અને ગુજરાત યુનિવર્સિટી સમૃદ્ધ થવાને બદલે નબળી જ પડતી જશે. ગુજરાત યુનિવર્સિટી નબળી પડે એનો અર્થ જ એ કે, ગુજરાતી ભાષાના સરલ વિકાસ અને સમૃદ્ધિમાં ભારે ખલેલ પહોંચે. પરંતુ ઉચ્ચ શિક્ષણના કાર્યને આથીયે વધુ હાનિ પહોંચવાની છે. વિશાળ ગ્રામપ્રજાને જો ઉચ્ચ શિક્ષણનો વધુ ને વધુ લાભ આપવાનો હોય તો, હિંદી માધ્યમ કરતાં હજાર ગણી સરળતા ગુજરાતી માધ્યમમાં રહેવાની છે. આનું વિશેષ કારણ એ છે કે, ગુજરાતી ભાષાના માધ્યમનો પૂરો આગ્રહ રહેતાં ઝપાટાબંધ ઉચ્ચ શિક્ષણનાં વિધવિધ પુસ્તકો ગુજરાતી ભાષામાં લખાવાં માંડશે. ગ્રામપ્રજાના જે યુવાનો કે યુવતીઓ સંજોગવશાત્ રીતસરનો અભ્યાસ ગુજરાત યુનિવર્સિટીની કૉલેજોમાં નહીં કરી શકે, તેમને આવા ગુજરાતી ભાષામાં લખાયેલાં ઉચ્ચ જ્ઞાનનાં પુસ્તકો કેટલાં બધાં ઉપયોગી થઈ પડશે! વ્યાપક લોકશિક્ષણમાં આનો કેટલો બધો લાભ લઈ શકાશે!"

ઉપરના પત્રમાં રજૂ થયેલા વિચારોને મળતું મેં મારા ૨૦/૮ના લેખમાં પણ કહ્યું છે. છાપામાં પણ કોઈએ ભાગ્યે નવી વિદ્યાપીઠને 'ઍફિલિયેટિંગ' કરવાના વિચારને જરૂરી કે યોગ્ય બતાવ્યો છે; બલ્કે તેનો વિરોધ જ પ્રગટ કર્યો છે. આ પત્રલેખકે એક બાબત પર વધુ પ્રકાશ પાડ્યો છે અને તે એ કે, વલ્લભ વિદ્યાનગર મંડળની ઇચ્છા એક જાતની છે, ત્યારે સરકારી બિલ તેમાં હિંદી માધ્યમ અને તે દ્વારા 'એફિલિયેશન'ની વાત ઉમેરે છે! પરંતુ સારાંશે એક જ પ્રશ્ન પર તે આવે છે કે, નવી વિદ્યાપીઠ કરવામાં ગ્રામ વિદ્યાપીઠનો મુદ્દો મુખ્ય છે કે હિંદી માધ્યમનો? કેમ કે, એ બચ્ચે વસ્તુતાએ અને ગુણે કરીને પરસ્પર વિરોધ છે એટલું જ નહીં, એને ભેગા કરતાં એકબીજાને દબાવે અને નડે એવી વાત છે.

પરંતુ, આ પ્રશ્નમાં વ્યવહાર-દૃષ્ટિએ વિચારો તો હકીકતે જોતાં વસ્તુ તો બીજી છે: આજે હિંદી ભાષા નથી આવડતી અધ્યાપકોને કે નથી આવડતી વિદ્યાર્થીઓને. તે સંજોગમાં હિંદી માધ્યમ કહેવાનો અર્થ શો રહે છે, એ પ્રત્યક્ષ વહેવારુ સવાલ ઊઠે છે. કાયદો કરનારાએ જ નહીં, નવી વિદ્યાપીઠના શિક્ષકગણે તે વિચારવાનો છે. અને વિદ્યાર્થીઓને પણ આમાં ભૂલી ન જ શકાય. હિંદી માધ્યમનો સવાલ દેશમાં સર્વત્ર હિંદીનું શિક્ષણ ચાલુ થાય અને તે ભાષા દેશની આંતરભાષા તરીકે સ્થિર થાય, ત્યારે સંભવી શકે છે. ત્યાં સુધી તો દેશની પ્રદેશભાષા દ્વારા કામ લીધે જ છૂટકો, સિવાય કે હિંદી નથી તો અંગ્રેજી ચાલુ છે તે ભલે ચાલુ રહે, એવી વૃત્તિ—છૂપી કે છતી રીતે—સેવાતી હોય.

અને ગુજરાત યુનિવર્સિટી પણ હિંદી માધ્યમને સ્થાન નથી આપતી એવું નથી. તેણે સ્વીકાર્યું છે કે, હિંદની આંતરભાષા બીજી ભાષા તરીકે દેશભરમાં રહેશે તેમ યુનિવર્સિટીઓમાં પણ સર્વત્ર રહેશે જ. ગુજરાત યુનિવર્સિટીએ પોતાના માધ્યમનો વિચાર અખિલ ભારતીય દૃષ્ટિએ કર્યો છે, તેને રાધાકૃષ્ણન કમિશન તથા કૉન્ગ્રેસ સમિતિની ભલામણોનો ટેકો છે, અને તેનાં શુભ પરિણામો દેખાવા લાગ્યાં છે, એ ધ્યાન પર લેવાવું જોઈએ.

વલ્લભવિદ્યાનગર મંડળનો હિંદી માધ્યમનો આગ્રહ કેટલાક વખતથી હતો; અને તે વડી સરકારી નોકરીઓને લઈને હતો. પણ આજે દેશનો વિચાર આગળ વધ્યો છે, તેથી તે મુદ્દો હવે રહેતો નથી, કેમ કે પ્રદેશ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાને પણ તેમાં સ્થાન હશે, એમ રાષ્ટ્રપતિએ હમણાં જ જાહેર કર્યું છે. કૉંગ્રેસે પણ એ જ નીતિ જાહેર કરી છે.

અને એક વાત કહેવાને હવે વાંધો ન હોય માનીને કહું તો, વલ્લભવિદ્યાનગરના સંચાલક શ્રી ભાઈલાલભાઈએ ગુ૦ યુનિ૦ની માધ્યમની ચર્ચા વખતે મને કહેલું કે, નોકરીમાં પ્રદેશભાષાનું સ્થાન હશે તે જોતાં હિંદી માધ્યમનો મારો વિચાર હવે મોળો પડે છે અને હું તમારા પ્રદેશભાષાના વિચારમાં સાથે થાઉં છું.

તથા જાણવા મળે છે કે, વલ્લભવિદ્યાનગર મંડળે એવી ઇચ્છા બતાવી જ નથી કે, અમારી વિદ્યાપીઠ 'ઍફિલિયેટિંગ' કરો. તેમણે તો પાંચ માઈલના વિસ્તારમાં કામ કરતી સ્થાનીય અને ગૃહી ઢબની સઘન વિદ્યાપીઠ જ ચાહી છે, અને તેનાથી તેમને સંતોષ થશે. હિંદી માધ્યમ પરત્વે પણ તેમનો આગ્રહ, મેં ઉપર કહ્યું તે મુજબ, હવે નથી. અને ગુજરાત યુનિવર્સિટીના ધોરણ મુજબ, આજે ત્યાં કામ શરૂ પણ થઈ ગયું છે.

તથા ખરું જોતાં, ગ્રામ વિદ્યાપીઠ માટે તો માધ્યમ તેની આસપાસના ગ્રામપ્રદેશની ભાષા જ સંભવી શકે. તે વગર જ્ઞાનવિજ્ઞાનના વિષયો ગ્રામવસ્તીમાં ઊતરી શી રીતે શકે? આ બાબતમાં પત્રલેખકે જે ચર્ચા કરી છે તે બહુ ગંભીર અને મહત્ત્વની છે. ખેતી ઇ૦ જ્ઞાનવિજ્ઞાન ગ્રામપ્રજામાં આપોઆપ ઊતરે અને વગર વિઘ્ને ઓતપ્રોત વધ્યા કરે, એ તો તેની ભાષા દ્વારા એ વિદ્યાઓનું અનુશીલન થાય તો જ બની શકે. આ કુદરતી વાત હવે તો અંગ્રેજી રાજ્યના અનુભવે પછી સિદ્ધ થઈ છે.

અને વલ્લભવિદ્યાનગરથી દૂર મુંબઈ રાજ્યની બીજી કૉલેજોને જો હિંદીને કારણે તે વિદ્યાપીઠમાં લેવામાં આવે; તો તે કૉલેજો કાંઈ ગ્રામવિદ્યાપીઠના આદર્શવાળી તો નહીં જ હોય. તેમનો આદર્શ — જો કાંઈ હોય તો — જે છે તે છે. ભિન્ન ઉદ્દેશવાળી એ કૉલેજોનો બોજો લેવાથી ગ્રામવિદ્યાપીઠના આદર્શની આરાધનાનું શું થાય?

તથા ગ્રામવિદ્યાપીઠ જેવી મહા મોટી અને સાવ નવી વાત જો જમાવવી હોય તો વિસંગત ધ્યેયવાળી કૉલેજોનો બોજો શું કામ તેને સોંપવો? શું કામ લેવા તે તૈયાર પણ થાય?

ગુજરાત વિદ્યાપીઠ ગાંધીજીએ સ્થાપી, તેના ઉદ્દેશો યાદ કરીએ તો તેનો ઉદ્દેશ જેને આજે આપણે ગ્રામ વિદ્યાપીઠ શબ્દ દ્વારા વર્ણવીએ છીએ તે જ છે. અને વિદ્યાપીઠો સરકારથી સ્વતંત્ર રહીને કામ કરે એવી પણ એની નીતિ તેમણે આંકી છે. ૧૯૪૭ પછી તેનું કામ આ ઢબે ચલાવતાં હું જાતઅનુભવે કહું છું કે, ગ્રામવિદ્યાપીઠનો પ્રયોગ કેવો અઘરો અને છતાં આજે હવે કેટલો બધો જરૂરી છે. વલ્લભવિદ્યાનગર મંડળ એ પ્રયોગમાં નિષ્ઠાપૂર્વક જોડાય — ઇચ્છે તો ભલે સરકારમાન્ય ચાર્ટર લઈને તેમ કરે — તે આવકારપાત્ર છે. પણ તેની આ સીધી નેમ ન તે ચૂકે, ન સરકાર તેનો કાયદો કરતી વખતે એ ચૂકે, એ અતિ જરૂરી છે. સરકારના બિલમાં બીજા ઉદ્દેશો સાથે આ મૂળ ઉદ્દેશને ગૂંચવ્યો છે અને ગૂંગળાવ્યો છે, એમાં સુધારો કરવો જોઈએ, એ બધી રીતે જરૂરનું છે. પત્રલેખકે આગળ જઈને કહ્યું છે કે, આથી તો ગુજરાત યુનિવર્સિટીના કામમાં બાધા અને આડાઈ જાગશે, એ સો-ટકા સાચું છે. આમ તો ન સરકાર કે ન વલ્લભવિદ્યાનગર ઇચ્છે. તો પછી તે વસ્તુ દૂર કરવાનો ધર્મ એ બંનેનો ઊભો થાય છે.

૩૦-૮-'૫૫ **મગનભાઈ દેસાઈ**

તા૦ ક૦ આ લેખ લખાયા પછી, તા. ૨૫મી સપ્ટેંબરે ધારાસભામાં સદરહુ બિલ, ખાસ કશા સુધારા વિના, પસાર થયું છે. સરકારે એટલી જાહેર ખાતરી આપી છે કે, સરકારી કૉલેજોને નવી વિદ્યાપીઠમાં જોડવા માટે ઇરાદો નથી.

૨૬-૯-'૫૫ **મ૦**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદી અને ઉર્દૂ

પાકિસ્તાન દેશ પોતાની રાજભાષા ઉર્દૂ લેશે, એ હકીકત પરત્વે જરા શાંતિથી અને દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવાની જરૂર છે. એમ ન થાય તો હિંદના ઉજ્જવળ ભવિષ્યને પણ નુકસાન થાય એમ છે.

ઉર્દૂ હિંદની એક ભાષા છે એ તો નિર્વિવાદ છે. તે તરીકે તેને આપણા બંધારણમાં સ્થાન મળ્યું છે, એ એનો દીવા જેવો પુરાવો છે. એટલે જો સમજીએ તો આજે આપણે એવું નિર્દોષ ગૌરવ લઈ શકીએ કે, પાકિસ્તાનને હિંદે પોતાની એક ભાષાની ભેટ આપી છે. પાકિસ્તાન એ સમજે તો, તેને પણ દેખાય કે, ભાષા જેવી ઊંડી સાંસ્કૃતિક સાંકળથી તે હિંદ જોડે, પોતાના ઇતિહાસે કરીને, સાંકળાયેલું છે.

આ સમજમાં બંને દેશને ફાયદો છે. ભાષા જેવા જીવંત કારણે બે દેશો વચ્ચે પ્રેમ અને મેળની સાંકળ સાબૂત રહી શકે છે. પરંતુ આજે તો જૂનાં ઝેર અને વેર હજી ગયાં નથી, એટલે આ મહા હકીકત તેની તળે દબાઈ મરે છે. પરંતુ એમાં કોઈનું ભલું નથી; એ હકીકતને ઇન્કારવામાં અથવા તો આંખ આડી કરવામાં પોતાના જ પગ પર ઘા કરવા જેવી ભૂલ રહેલી છે.

ઉર્દૂ અને હિંદી જેવી બે બાબતો જ જ્યાં નહોતી, ત્યાં બે થઈ. એમ ભાષાના બે ભાગલા પડ્યા, જેવા કે ખરેખર પણ દેશના પડ્યા. દેશના પડ્યા તે તો ખેર; ભાષાના પડવાની જરૂર ન હોય. છતાં અત્યારે તો એમ થયું છે. પરંતુ પાકિસ્તાનને એ જ વસ્તુમાંથી પોતાની એકભાષા મેળવવાનું લાધ્યું! કહેવત છે કે, કોકને ખોળ તે બીજાને ગોળ પણ લાગે! ઉત્તર હિંદ આજે ઉર્દૂની નફરતનું ભોગ બન્યું છે; પાકિસ્તાન હિંદની નફરત કરતાં છતાં તેની એક ભાષાને પોતાની કોમી જબાન બનાવે છે! ઇતિહાસના ખેલ કહો કે ઈશ્વરના ખેલ કહો, — બંને એક જ છે, — તે કેવા છે, એનો આ દાખલો છે.

આ પરત્વે એક તેને મળતો ઐતિહાસિક દાખલો આપું તો ઇંગ્લૅન્ડ અને યુનાઈટેડ સ્ટેટ્સનો આપવા જેવો છે. બંને દેશો એક હતા. તેમની ભાષા અંગ્રેજી હતી. લડીને તે જુદા પડ્યા, પણ ભાષા એક ચાલુ રહી. અલબત્ત, તેમાં દેશકાળે કરીને ફેર પડવાથી 'અમેરિકન અંગ્રેજી' જેવો ભેદ થયો છે ખરો. પરંતુ તે દેશે જોડણી ઇ૦ બાબતોમાં ફેર કરવાનું કામ જ્ઞાનપૂર્વક બંધ રાખ્યું. નહીં તો ઇતિહાસે આપેલું સહજ સાધન ખોઈ બેસાય. આજે જ્યારે એ બે દેશનાં જૂનાં વેરઝેર ભુલાયાં છે, ત્યારે ભાષાના સાધને દિલી એકતાનો ભાવ અર્પ્યો છે, કે જે તે દેશોની રાજકીય સ્વતંત્રતા છતાં કામ દે છે.

હિંદ પણ આ કામ તેની ભાષા દ્વારા કરી શકે છે. પાકિસ્તાન તેમાં સાથ આપી શકે. તેનો રસ્તો એ છે કે, હિંદી ઉર્દૂ વચ્ચેની ખાઈ ઊંડી અને પહોળી પણ ખોદાતી જાય છે તેને બદલે બંનેએ લોકભાષા બનવાનો આદર્શ લઈને એક બનવું જોઈએ, જેને આપણે હિંદુસ્તાની કહેતા. આનો ઇશારો પણ આપણા બંધારણે કર્યો છે. એવી એક લોકભાષા પછી ભલે રોમન લિપિમાં લખાતી તેમ ઉર્દૂ લિપિમાં લખનારા લખે અને તે કારણે જરા જુદાઈ રહે. પરંતુ આ ઢબે જો આપણી એક આંતરભાષા ખીલવીએ તો તેનો લાભ પાકિસ્તાનનેય મળે. અને તે દેશ એને ઉર્દૂ લિપિમાં લખે તોય. આપણા જ દેશમાં યોજવામાં આવેલી તે લિપિ (અરબી-ફારસી લિપિની નવી હિંદી આવૃત્તિ. રૂપે) પણ જાણનારા આપણે ત્યાં હશે, તેથી બે દેશોનો આંતરરાષ્ટ્રીય સંબંધ ચાલુ રાખવામાં સહેલાઈ હશે.

આમ થાય તો આપણી સાચી પ્રજાકીય શક્તિ કેટલી વધે, એનો ખ્યાલ કરવા જેવો છે. એ તરફ આપણે પ્રયાણ કરીએ તો તેમાં કોઈએ કાંઈ જ ખોવાપણું નથી, બલ્કે પ્રેમ અને શાંતિનું સુખ વધારવાપણું એમાં રહેલું છે, એ સ્પષ્ટ છે.

૨૯-૮-'૫૫ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ-જગતની શિસ્તનો સવાલ

પટનામાં વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે એવી દારુણ ઝપાઝપી થઈ બેઠી કે, તેને પરિણામે સ્વાતંત્ર્ય-દિનના પર્વ ઉપર જ ત્યાંનું તમામ શિક્ષણકાર્ય (શાળા મહાશાળાઓ વગેરે) જ નહીં, શહેરનું બીજું જીવન પણ લગભગ ખોરવાઈ ગયું, અને શહેરની શાંતિ જાળવવાને માટે જ ચાંપતાં પગલાં લેવા જેવી નાજુક દશા આવી.! ગોળીબાર થયા અને કેટલાક માર્યા ગયા કે ઘાયલ થયા. આખું પ્રકરણ એવું અટપટું થઈ ગયું કે, સરકારે તેને માટે ખાસ તપાસ-સમિતિ નીમી છે. ગયે વરસે મધ્ય ભારતમાં આવી જ દશા પેદા થઈ, તેની તપાસ-સમિતિનો રિપોર્ટ હજી હમણાં બહાર પડે છે, ત્યાં આ વળી નવી તપાસ કરવાનું આવીને ઊભું રહ્યું!

ગોવાની મુક્તિને કારણે વાતાવરણમાં અમુક વ્યગ્રતા પણ આ જ અરસામાં આવી છે અને વિદ્યાર્થીઓમાં તેનો ખળભળાટ પણ જાગ્યો છે. મુંબઈ રાજ્યમાં એ સવિશેષે જોવા મળ્યું. અને મુંબઈ શહેરમાં તો એવી એવી વસ્તુઓ બની કે જેને લઈને કદાચ એના કરવૈયાઓ પણ હેબતાઈ ગયા હોય.

આ બધું ટાંકીને મારે કહેવાની મતલબ એ છે કે, વિદ્યાર્થીઓની લાગણીના આવા પ્રસંગોએ વાતનું વતેસર થઈ જાય છે, અને તેઓ તો બાજુએ રહી જાય છે અને માર ખાય છે કે હેરાન થાય છે, અને મામલો ક્યાંનો ક્યાં ચાલ્યો જાય છે. કહો કે, કોઈનાય કાબૂમાં પછી વાત રહેતી નથી અને પોલીસે જ પછી સંભાળવાનું થાય છે. આપણી લોકશાહી પ્રજા-શક્તિની કેળવણી અને ખિલવણી માટે આ વસ્તુ સારી નથી. વિદ્યાર્થીઓના સ્વાભાવિક નેતાઓ તેમનો શિક્ષકવર્ગ – હોય – હોવો જોઈએ. આજે એ બે વર્ગો વચ્ચે આંતરો ઊભો થયેલો તે હજી ચાલુ છે. એમાં સુધારો થવો જોઈએ: શિસ્તના ખ્યાલો બદલાવા જોઈએ.

આ લખું છું તે વખતે આપણે ત્યાંનો એક કિસ્સો સાથે સાથે યાદ આવે છે. નવસારી કૉલેજ વિષે કેટલાક વખતથી મારી પાસે ફરિયાદો આવતી હતી. તેમાં એક એ હતી કે, તે કૉલેજમાં લેવાતી પ્રથમ વર્ષની પરીક્ષામાં બહારથી બેઠેલા વિદ્યાર્થીઓનું પરિણામ ભારે કતરાતું આપવામાં આવ્યું, – ૨૦ ટકાની અંદર! અને એની પાછળ કારણ એ કહેવાયું કે, આમ જો પરીક્ષામાં બહારથી બેસવાની વસ્તુ વધુ ચાલે, તો કૉલેજની વિદ્યાર્થી-સંખ્યા ઉપર એની માઠી અસર પડે, આવક ઘટે અને મુશ્કેલીઓ આવે. આ વલણને પાછું પાડવા આમ થયું છે, અને તે કામ અમુક પરીક્ષક દ્વારા કરાવવામાં આવ્યું છે, એવો પૂર્વપક્ષ તે વિદ્યાર્થીઓનો છે. આ બાબત તેમણે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને પણ કહી; પરંતુ નવાઈની વાત છે કે, તેનું કાંઈ પરિણામ નથી આવ્યું.* એટલે વિદ્યાર્થીઓએ જાહેર પ્રજા પાસે પહોંચવું રહ્યું.

ત્યાં તો તે કૉલેજમાં વળી બીજા સવાલો જાગ્યા છે. એ બધામાં મારે અહીં પડવાનું નથી. હું એટલું અહીં નોંધવા માગું છું કે, નવસારીના વિદ્યાર્થીઓએ આ પ્રકરણમાં પોતા પર કાબૂ રાખીને કામ લીધું, તો એનો શાંતિથી રસ્તો નીકળશે, એમ લાગે છે. કૉલેજના પ્રિન્સિપાલે, પોતે થઈને અને પ્રતિષ્ઠાના ભૂતને બાજુએ કરી, બહારથી બેઠેલા વિદ્યાર્થીઓનું પરિણામ ફરી જોઈ કાઢીને તેમાં ઉઘાડી જણાતી ફરિયાદો દૂર કરવી જોઈએ.

વિદ્યાર્થીઓના સવાલો પ્રત્યે જો લાગતા-વળગતા લોકો તથા વર્ગો જવાબદારીભેર નહિ વર્તે, તો તેમના શિક્ષણમાં જ દોષ આવશે, કેમ કે સમજ અને શાંતિથી કામ કરવાની જે તાલીમ એ દ્વારા તેમને મળે કે આપી શકાય તે નહિ બને; અને ઊલટું જો થાય તો તેનાં અણધાર્યાં અને બધી રીતે દુઃખદ પરિણામો પણ આવે. હિંદના શિક્ષણ-જગતમાં આ બાજુ ધ્યાન આપવું જોઈએ. તે કામ કાયદા દ્વારા કૉલેજો ને યુનિવર્સિટીઓ પર સરકારી કાબૂ રાખવાથી ન બને. આ સંસ્થાઓએ સ્વતંત્ર રહીને વિદ્યાનું કામ કરતી થવું જોઈએ; કેવળ પરીક્ષા લેવા આપવાનાં ધામ તે હવે ન રહી શકે.

૨૬-૮-'૫૫ **મગનભાઈ દેસાઈ**

---

* ઉપરનું લખ્યા પછી ખબર મળ્યા છે કે, નવસારીની કૉલેજના આચાર્યે બહારના વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો બહાર પાડ્યો છે અને મીઠાશથી તે સવાલને પતાવ્યો છે. આને માટે તેમને અભિનંદન.

૨૩-૯-'૫૫ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાપડ ઉદ્યોગ માટે યોજના

આપણા દેશની પરિસ્થિતિ જોતાં લાગે છે કે, આપણાં ગામડાંનું ગૌરવ અને સ્વાતંત્ર્ય બંને જાળવવાં હોય તો જીવન-જરૂરિયાતોમાં તે સ્વાવલંબી હોવાં જોઈએ. આમ છતાં આપણે ત્યાં એ ઉદ્યોગ પરદેશી શાસન દરમિયાન જુદી જ રીતે વિકસ્યો છે અને ભારે કેન્દ્રીકરણ થયું છે. પરિણામે ગામડાંઓનો એક મોટો ઉદ્યોગ ભાંગી પડચો છે, અને બેકારી કે અર્ધબેકારી ખૂબ ફેલાઈ છે.

હાલમાં આપણે ત્યાં વપરાશ માટે ૫૭૬ કરોડ વાર કાપડ અને નિકાસ માટે ૮૦ કરોડ વાર કાપડની માંગ છે. એ બધામાંથી મિલો દ્વારા ૫૦૦ કરોડ વાર ઉત્પાદન થાય છે. જ્યારે તેમાં રોજી તો માત્ર ૭ થી ૮ લાખ માણસોને જ મળે છે.

તેથી બીજી પંચવર્ષીય યોજનામાં સામેલ કરવા માટે અખિલ હિંદ ગ્રામોદ્યોગ બોર્ડે એક ઉત્પાદનની યોજના તૈયાર કરી છે, જે દ્વારા બેકારીનો મોટામાં મોટો પ્રશ્ન હલ કરી શકાય અને તે ઉદ્યોગનું વિકેન્દ્રીકરણ પણ થાય.

બોર્ડની માન્યતા અનુસાર, ૧૯૬૦–૬૧માં, એટલે કે બીજી પંચવર્ષી યોજનાને અંતે, દેશનો વપરાશ ૭૨૦ કરોડ વાર જેટલો થશે. વળી નિકાસ પણ વધીને ૧૦૦ કરોડ જેટલી થશે. એટલે કુલ ૮૨૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરવું પડશે.

એ ૮૨૦ કરોડ વારની પેદાશ માટે બોર્ડે નીચે પ્રમાણે ફાળવણી કરી છે: મિલો અત્યારે ૫૦૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરે છે તે અને યંત્રસાળોનું ૨૦ કરોડ વાર કાપડનું ઉત્પાદન ચાલુ રાખવું. હાથસાળ ઉપર ૧૩૩ કરોડ વાર કાપડ વણાય છે તે વધારીને ૧૫૦ કરોડ વાર કરવું. તેમ જ અત્યારે ખાદીનું ઉત્પાદન ૩ કરોડ વાર છે તે વધારીને આવતાં પાંચ વર્ષમાં ૧૫૦ કરોડ વાર કરવું.

આમ કરવા માટે જરૂરી એવી નીતિ તરીકે, સૂચન કરાયું છે કે,

(૧) મિલોની ચાલુ વણાટ અને ઉત્પાદન શક્તિમાં ઉમેરો થતો અટકાવવો.

(૨) યંત્રસાળોની ઉત્પાદન શક્તિમાં થતો ઉમેરો પણ રોકવો.

(૩) મિલોની સૂતર કાંતવાની શક્તિને રોકવી.

(૪) હાથસાળની કુલ ઉત્પાદન શક્તિનો હાલ ૩૩·૩ ટકા જ ઉપયોગ થાય છે તેને બદલે ૬૬·૬ ટકા ઉપયોગ કરવો.

(૫) ૪૦ કરોડ રતલ જેટલી વધારાની સૂતરની માંગને પહોંચી વળવા માટે દેશભરમાં ૧૭ લાખ જેટલા અંબર ચરખા દાખલ કરવા.

ટેક્ષટાઈલ ઇન્કવાયરી કમિશનના મતે દેશમાં ૨૧·૯ લાખ જેટલી હાથસાળ છે. તેના પર ૧૫ લાખ માણસો આધાર રાખે છે. જ્યારે ગ્રામોદ્યોગ બોર્ડના મતે દેશભરમાં કંઈ નહીં તો ૨૫ લાખ સાળો છે અને તેના ઉપર ૩૭·૫ લાખ માણસોનો આધાર છે.

વળી હાથસાળ ઉપર રોજના છ વાર લેખે વર્ષમાં ૩૦૦ દિવસ કામ કરીને એ સાળો કુલ ૪૫૦ કરોડ વાર ઉત્પન્ન કરી શકે. જ્યારે બોર્ડના મતે તેઓ હાલ ૧૪૦ કરોડ વાર કાપડ જ ઉત્પન્ન કરે છે અને જે પ્રયાસો થયા છે તેને પરિણામે તે ૧૯૫૫–૫૬માં વધીને ૧૫૦ કરોડ વાર થશે. આમ તેમની ઉત્પાદન શક્તિના ૩૩·૩ ટકા જ ઉપયોગમાં લઈ શકાશે. પરંતુ અહીં સુધી તો તેઓ મિલના સૂતરનો જ ઉપયોગ કરશે.

આ અંગે નોંધવા જેવું એ છે કે, હાથસાળોની ૬૬ ટકા જેટલી ફાજલ ઉત્પાદન શક્તિ ઉપયોગમાં લેવા માટે જરૂરી ૪૦ કરોડ રતલ જેટલું સૂતર મેળવવા માટે ટેક્ષટાઈલ ઇન્કવાયરી કમિટીએ ૩૬ કરોડની મૂડી રોકીને વધારાની સૂતરની મિલો સ્થાપવાનું સૂચવ્યું છે!!

એની વિરુદ્ધમાં ગ્રામોદ્યોગ બોર્ડે હાથસૂતર પેદા કરવાની યોજના કરી છે. તે સારુ હાથ વડે ચાલતા ૧૨ થી ૪૦ આંક સુધીનું સૂતર કાંતતાં, ચાર તકલીવાળા ૧૭ લાખ અંબર ચરખાઓ સ્થાપવાનું સૂચવ્યું છે, કે જેમાં માત્ર ૧૫·૫ કરોડ રૂ. ની મૂડી જોઈશે!

આ અંબર ચરખાં દ્વારા દેશમાં ૩૪·૪ લાખ કાંતનારા-પીંજનારા રોજની સરેરાશ એક રૂપિયાની આવક મેળવી શકશે.

બીજી પંચવર્ષી યોજના દરમિયાન હાલના જે ચાલુ રેંટિયા છે તે તો ચાલુ જ રહેશે અને અંબર ચરખા તો ધંધાદારી અને પૂરો સમય કાંતનારાઓ દ્વારા જ ચલાવવામાં આવશે. જોકે ધીરેધીરે ચાલુ ચરખાને સ્થાને અંબર ચરખો વધુ વ્યાપ્ત બનાવી શકાશે. હાલમાં તો સાદા ચરખાની ખાદીનું ઉત્પાદન જે ૩ કરોડ વાર છે તે વધારીને ૫ કરોડ વાર બનાવાશે અને તે બાકીનાં પાંચે વર્ષ ચાલુ રખાશે.

ઉપર જણાવ્યા અનુસાર કાપડ ઉત્પન્ન કર્યા પછી પણ તેના વેચાણનો પ્રશ્ન પણ ઊભો જ રહે છે. અંબર ચરખાને દાખલ કર્યા પછી પણ એક જ પના અને આંકના મિલ કાપડ અને ખાદી વચ્ચે વારે ૦–૧૨–૦ નો ફેર રહે છે. એટલે મુક્ત બજારમાં હાથસાળના અથવા અંબર સૂતરના કાપડને ટકાવવું હોય તો હરીફાઈ થતી અટકાવવી એ જરૂરી છે અને તે આખાયે દેશના હિતમાં યોગ્ય ભાવનીતિ અપનાવીને જ થઈ શકે. બીજી રીતે કહીએ તો, એક સામાન્ય ઉત્પાદન કાર્યક્રમનો સફળ અમલ કાપડ ઉદ્યોગના બધા વિભાગોને અંકુશમાં રાખતી સામાન્ય ભાવનીતિ ઉપર જ આધાર રાખે છે અને એ ભાવ એ રીતે નક્કી થાય કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાદી સસ્તામાં સસ્તી વેચાય અને આબકારી જકાત દ્વારા મિલના કાપડનો ભાવ ઊંચો લેવાયો હોય.

આ ભાવ નક્કી કરવા માટે બોર્ડે એક કાપડ ઉદ્યોગ ભાવપંચની પણ સૂચના કરી છે. કે જે વિવિધ વિભાગોના પ્રતિનિધિઓનું હોય અને ચર્ચા અને વાટાઘાટો દ્વારા ભાવ-નિર્ણયનું કાર્ય કરે.

કાંતનારા અને પીંજનારાઓની તાલીમ માટે અંબર ચરખાની અને ચાલુ ખાદીની આ આખીયે યોજના પાછળ એકંદરે ૫૧.૭૩ કરોડ રૂ. નું ખર્ચ થવાનો અંદાજ છે. તે દ્વારા કુલ ૪૯ લાખ વ્યક્તિઓને પૂરા સમયનું કામ આપી શકાશે; અને ચાલુ ચરખા ઉપર રોજની બે આંટી લેખે વર્ષમાં ૧૫૦ દિવસ જ કાંતનારને પણ સાથે ગણીએ તો તેવા ૪૦.૧ લાખ કાંતનારા સાથે કુલ ૮૯ લાખ માણસોને આ રીતે રોજી આપવાની અને તેઓમાં આશરે ચાર અબજ રૂપિયાની આવક વહેંચવાની શક્યતા છે.

કાપડ ઉદ્યોગનો વિકાસ આમ નવે માર્ગે કરવામાં આવે તો જ આપણા દેશમાં આમજનતાની બેકારી-અર્ધબેકારીનો પ્રશ્ન હળવો કરવાનું સરળ બને.

૨૦-૮-'૫૫ વિ૰

હિંદ અને પાકિસ્તાન

૧

કાશ્મીરનો પ્રશ્ન હજી ઊભો છે, ત્યાં ગોવા-મુક્તિનો સવાલ જાગે છે, જે એનાથીય ચડે એવો અટપટો અને આડખીલીઓવાળો છે. પાકિસ્તાને માંડેલી કાશ્મીરની બાજીના કેટલાક દાવ અત્યાર સુધીમાં રમાઈ ચૂકયા છે. નવા દાવને માટે અત્યારે કદાચ તે દેશમાં બાજીનાં પાનાં ચિપાઈ રહ્યાં છે. તે કામ થઈ રહે એટલે પાછી એની નવી બાજી શરૂ થશે. એમાં ગોવા-પ્રકરણ પણ કાંઈક રંગ પૂરશે એવી ધાસ્તી છે.

પાકિસ્તાન હવે કાશ્મીર અંગે એમ કહેવા લાગ્યું છે કે, કાશ્મીરીઓનો લોકમત લેવાની વાત મુખ્ય છે; હિંદે તેને વળગી રહેવું જોઈએ!

હિંદે તો આ વાત શરૂથી કહીજ છે. તે વખતે પાકિસ્તાન આટલા જોરથી એ નહોતું કહેતું. લોકમત લેવાની શરતોના અર્થો કાઢી કાઢીને એ વાતને બદલે પોતાને સૂઝતા બીજા ત્રીજા રસ્તા તે તાકતું હતું. જગતના રાજકારણનો વિકાસ આજે એવો થઈ રહ્યો છે કે, એ રસ્તા પણ તેમનું ધાર્યું મેળવવા માટે બહુ આશા આપતા ન હોય, નહિ તો લોકમતની વાત ન નીકળત.

આ વાત એકદમ ઉપર આવવાનું તાત્કાળિક કારણ શ્રી ગોવિંદ વલ્લભ પંત થોડા વખત પર કાશ્મીરમાં એક જગાએ બોલ્યા તે બન્યું. તેથી પાકિસ્તાનને એમ લાગ્યું કે, હવે કાશ્મીરનો લોકમત જ લેવાની વાત નથી રહેતી કે શું? હિંદે જણાવ્યું છે કે, તેણે કરેલી કોઈ વાતમાં તે ફેર કરશે નહીં; પરંતુ વરસો વીતતાં જે નવું નવું બને છે અને કરાય છે, તે સત્ય હકીકત અને પરિસ્થિતિ ભૂલીને તો કોઈ વાત ન જ ચાલી શકે; પાકિસ્તાને આ વસ્તુ સમજવી જોઈએ એટલું જ.

કાશ્મીરનો પ્રશ્ન ઊપડચા પછીનાં વરસોમાં ગંગા અને સિંધુમાં ઘણું પાણી વહી ગયાં છે. તે જો પાકિસ્તાનની તરફેણમાં ન ગુજર્યાં હોય તો તેની જવાબદારી તેની છે. હિંદે હમેશ તેના પ્રત્યે સદ્‌ભાવ રાખીને મૈત્રી છોડી નથી. તેની કોઈ મુશ્કેલીનો ગેરલાભ લેવાની તો વાત નથી; તે પ્રત્યે દિલસોજી જ રાખી છે. કારણ, હિંદની નીતિ પ્રેમ તથા શાંતિ અને યુદ્ધનિષેધની છે.

આજે પાકિસ્તાન પોતાનું ઘર નવેસર ગોઠવે છે. તેને હજી પોતાનું રાજ્યબંધારણ ઘડવાનું છે. તેમાં તેણે પશ્ચિમ પાકિસ્તાનનો એક રાજ્યપ્રદેશ બનાવવો છે; પૂર્વ પાકિસ્તાન બીજો પ્રદેશ બને. બંનેનું સંયુક્ત સમવાય-રાજ્ય બનાવવાની તેમની ધારણા છે.

પરંતુ અંગ્રેજકાળમાં અલગ પ્રાંતિક સ્વરાજ ભોગવવાનો સ્વાદ ચાખેલો તેનું શું? પંજાબ, સિંધ, બલૂચિસ્તાન, સરહદ પ્રાંત શું કામ અલગ પ્રદેશ-રાજ્યો ન રહે? આ પ્રદેશોના લોકોમાં પ્રાંતવાદની ચડસાચડસી પણ ઠીક ઠીક છે. સરહદ પ્રાંત પેલી બાજુ અફઘાનિસ્તાન આમાં કાંઈક કહેવા માગે છે. આ બધામાંથી પાકિસ્તાન રસ્તો કાઢીને બંધારણ રચવા માગે છે. તે પરવારીને તેની કાશ્મીરનીતિનું કામ પાછું ઉપાડશે, એમ લાગે છે.

ગોવા અંગે તે આજે કાંઈ બોલતું નથી. નાનકડા ગોવા પાછળ કાંઈક સથવારો કે પીઠબળ ન હોય તો એ આજે વર્તે છે તેમ ન વર્તે. પાસેનું પાકિસ્તાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં શો ભાગ ભજવતું હશે, એ અત્યારે તો બાંધી મૂઠી છે! એ વિષે વધુ તો અમેરિકા – ઇંગ્લૅન્ડ જાણે. પણ તે કોઈ ઓછું જ કહે એમ છે!

૨

પાકિસ્તાન અને હિંદના સવાલોમાં કેટલુંક સામ્ય છે એ કદાચ નજર બહાર રહેવા ભીતિ જાય છે, જેને લઈને હિંદમાં આપણે ખોટી નિરાંત જો સેવીએ તો તેમાં ધોખો રહેલો છે.

રાજભાષાનો સવાલ લઈએ. પાકિસ્તાનમાં ઉર્દૂ સાથે બંગાળી રાજભાષા બને એવો આગ્રહ સેવાય છે. પૂર્વ પાકિસ્તાન એ માગે છે, અને ગયે વરસે ત્યાંની ચૂંટણી વખતે એ મુદ્દો એવો ઉગ્ર બન્યો કે, ઉર્દૂ-જ-એક-રાજભાષા-વાદી મુસ્લિમ લીગે ભારે ફટકો ખાધો. એ જોઈને હિંદમાં આપણે ચેત્યા અને કૉંગ્રેસ વર્કિંગ કમિટીએ પ્રદેશભાષાઓ તથા આંતર-ભાષા હિંદી વિષેની પોતાની નીતિ પાછી સાફ કરી. પાકિસ્તાનમાં હવે બંને ભાષાઓ રાજભાષા રહેશે એમ લાગે છે.

હિંદમાં આપણે એક હિંદીને રાજભાષા તરીકે ઠરાવી છે; પણ ચૌદેક પ્રદેશભાષાઓને પણ મહત્ત્વનું તે સમાન દરજ્જાનું સ્થાન આપ્યું છે. આંતરભાષા દૂધમાં સાકર પેઠે તેમાં ભળી જઈને એક સૂત્રરૂપે રહે એવી કલ્પના છે. આ કલ્પનાનો મુદ્દો આપણે હિંદના લોકાચારમાં ઉતારવો છે. તેમાં ભયસ્થાનો છે અને તે ભારે છે. તેથી પાકિસ્તાનને છે તેમ ભાષા વિષે આપણે ત્યાં પણ અમુક ધૂંધવાટ નથી એમ ન કહી શકાય.

પાકિસ્તાનમાં પૂર્વ પશ્ચિમ ભાગ છે, તો હિંદમાં ઉત્તર દક્ષિણ ભાગ સેવીને વાતો થાય છે. જેમ કે, દક્ષિણમાં દ્રવિડ સંઘની વિચારણા જુઓ. તેમને હિંદી નામે જ ન ખપે! એટલી ઉગ્ર લાગણી આખા દક્ષિણ-માં વ્યાપક નથી, એ ઈશ્વરની કૃપા છે. પરંતુ તેને પણ એમ તો વસેલું છે કે, અમે હિંદી શીખીએ તો ઉત્તરના લોક અમારી ભાષા કેમ ન શીખે! અને એ વસ્તુઓ નોકરીઓની પરીક્ષાઓને લઈને તીવ્ર બને છે.

વળી ઉત્તરમાં ઉર્દૂનો વિરોધ જુઓ. પંજાબમાં બધા ઉર્દૂ જાણે — શીખો તથા હિંદુ મુસલમાનો. પરંતુ શીખોને પંજાબી જ ખપે અને હિંદુઓને હિંદી જ! બંનેમાં સરખી જાણીતી અને આવડતી ઉર્દૂ ન ચાલે! યુ૦ પી૦ વગેરેમાં પણ એ જ દશા છે.

વળી હિંદમાં પણ પ્રદેશરાજ્ય રચનાનો સવાલ છે, જેવો પાકિસ્તાનમાં એક પશ્ચિમ-રાજ્યનો ઝઘડો હાલમાં છે. પ્રદેશરાજ્યરચના અંગે આપણી લાગણીઓ કેવી તીવ્ર છે! ચાર છ માસ પર લાગતું હતું કે, આ કામને માટે નીમેલું કમિશન શાંતિથી વિચાર કરીને તોડ આપશે, પછી એને તેવી જ શાંતિથી આપણે ઉકેલી શકીશું. પરંતુ દેખાય છે ઊલટું: કમિશનની જ શાંતિ કદાચ ન રહી. સરકારો પણ ચિંતામાં છે કે, અશાંતિનો મામલો તો ન જાગે!

ભાષાવાર પ્રાંતરચના આ બાબતમાં એકમાત્ર મુદ્દો નથી, એ ખરું. પરંતુ જો કોઈ એવો મુદ્દો કે જે લોકના રોજ-બ-રોજના જીવનને સ્પર્શતો હોય એવો જો બતાવી શકાય, તો આ જ છે એમાં શંકા નથી.

આર્થિક મુદ્દા આખા દેશના સમાન છે, સૌ પ્રદેશોના સહિયારા સુખદુઃખના છે. એને માટે પ્રદેશો વચ્ચે ખેંચાખેંચી ન હોય. પણ ઘણીખરી તીવ્ર લાગણી આ આર્થિક લોભની જ નથી?

વહીવટી એકમ અતિ નાનો ન જોઈએ. તેમાં ખર્ચ વધે અને વહીવટ વિશાળતાવાળો ન બને. તેમ જ અતિ મોટો પણ ન જોઈએ, નહીં તો બીજી બાજુની પીડા થાય. પરંતુ આ મુદ્દો ભાષા જેવો લોકસ્પર્શી નથી જ.

ભાષાનો મુદ્દો બે વાત માગે છે — અમુક ભાષા-પ્રદેશનો રાજ્યવહીવટ અને તેનું બધું શિક્ષણ તેની ભાષામાં થવું જોઈએ. આ મુદ્દો અર્થ તથા વહીવટના વહેવારિયા મુદ્દાઓથી ઉપર અને વિલક્ષણ છે. રાજ્ય-રચના ગમે તેવી કરો તોપણ આ મુદ્દો સચવાવો જ જોઈએ. એટલે કે, અનેકભાષી રાજ્યપ્રદેશો આનો ઇન્કાર કર્યા વિના — એની પરિપૂર્તિ કે પુષ્ટિ કરીને જ જો રહી શકે, તો ભલે અનેકભાષી રાજ્ય રહે. એમ ન થઈ શકે તો તેમણે ભાષાવાર ધોરણે ગોઠવાવું જોઈએ.

૩

મુંબઈ રાજ્યમાં આ દૃષ્ટિએ ભીતિ જાગી છે, એ એક દુઃખની બીના છે. મુંબઈ શહેરને ક્યાં કે કેમનું ગોઠવવું એ પ્રશ્ને કઠિનાઈ જગવી લાગે છે. એ ગમે તે હો કે થાઓ; છતાં ભાષા પરત્વે ભીતિ ન જાગવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ, સરકાર આણંદમાં કાયદાથી હિંદી માધ્યમની જોગવાઈ કરીને, નવી બીજી ઍફિલિયેટિંગ યુનિ૰ ઊભી કરે છે, એ ગંભીર બીના છે. હિંદી માધ્યમ કરવું ન કરવું યુનિવર્સિટી પર ન છોડતાં આ રીતે સરકાર કાયદો કરી મૂકે, તેથી દક્ષિણ હિંદ નહીં ચોંકે? તેનો દાખલો ટાંકી પોતાના હિંદી વિરોધમાં ટેકો નહીં મેળવે? મુંબઈ જેવું આગેવાન કૉંગ્રેસી રાજ્ય આમ કરે છે, તેની માઠી અસર ન પડે? એમાં કૉંગ્રેસે આંકેલી નીતિનો ભંગ નથી થતો? હિંદી પરત્વે આજે આવી લાગણી તો ત્યાં છે જ; તેમાં આવો દાખલો મળે તો તેથી નાહક કૉંગ્રેસની ભાષાનીતિ વિષે ગેરસમજ પેદા ન કરી શકાય? અને તેનો ગેરલાભ હિંદી સામેના વિરોધીઓ ખોટી રીતે ન લે?

ભાષાના સવાલ પરત્વે જે ઉદાર નીતિ બંધારણે અને કૉંગ્રેસે તથા શિક્ષણ-જગતે આંકી છે, તે જાગ્રત ભાવે સાચવવી જોઈએ, એ હિંદના હવે પછીના કામને માટે બહુ જરૂરી વાત છે. અતિહિંદીવાદીઓ આ બાબતમાં સાવધ રહે. હિંદીને આંતરભાષા તરીકે શિક્ષણમાં સ્થાન આપવું એ કામ આજનું છે અને પ્રદેશભાષાઓ દ્વારા અંગ્રેજીને તરતોતરત તેનાં અઘટિત સ્થાનોએથી હઠાવતા જવું એ કાર્યક્રમ આજને માટે છે. પ્રાંતરચનાનો સવાલ પણ આ મુખ્ય મુદ્દાને પોષક રીતે જ ઉકેલી શકાય.

૧-૯-'૫૫ **મગનભાઈ દેસાઈ**

આણંદ ગ્રામ વિદ્યાપીઠ

આણંદ મુકામે વલ્લભ ગ્રામ વિદ્યાપીઠની સ્થાપનાનું જે બિલ અત્યારે ધારાસભામાં ચર્ચાઈ રહ્યું છે, તે અંગે ગુજરાત નઈ તાલીમ સંઘ નીચે મુજબનું મંતવ્ય ધરાવે છે.

જે વિદ્યાપીઠને સરદાર વલ્લભભાઈના નામ સાથે સાંકળવામાં આવે છે, તેને અત્યારે શહેરોમાં જેવી અને જે રીતની વિદ્યાપીઠો ચાલે છે તેવી ન બનવા દેવી પણ સરદારશ્રીના જીવનને અને કેળવણી વિષયની તેમની દૃષ્ટિને અનુરૂપ એવી જ બનાવવી, એ તેના સ્થાપકોની અને સરકારની પ્રથમ ફરજ છે.

ગુજરાતમાં ગ્રામ વિદ્યાપીઠ સ્થપાય એ વિચારને અમે આવકારીએ છીએ. પરંતુ તે નામની પાછળ જે જે ભાવનાઓ અપેક્ષિત છે તે તેમાં હશે, તો જ તે નામ ધારણ કરવું યોગ્ય લેખાશે. એટલે કે, આ ગ્રામ વિદ્યાપીઠનું ચિત્ર ગાંધીજીએ દેશ સમક્ષ રજૂ કરેલા સર્વોદયલક્ષી ગ્રામજીવનના આદર્શને અનુરૂપ હોવું જોઈએ. એના વાતાવરણમાં ગ્રામીણ સંસ્કૃતિ હોવી જોઈએ ને તેમાં તૈયાર થયેલા સ્નાતકો ગામડાની નવરચનામાં એવા ચારિત્ર્ય તથા જ્ઞાનવાળા તૈયાર થાય તે રીતે તેના અભ્યાસક્રમો અને કાર્યક્રમો બનાવવા જોઈએ. ગ્રામ વિદ્યાપીઠનું નામ ધારણ કરવા માટે એટલું પૂરતું નથી કે, તે સંસ્થા કોઈ ગામની ભૂમિમાં ઊભી કરવામાં આવે. ગ્રામપ્રદેશનું સર્વોદયને માર્ગે નવરચના કરવાનું કામ તેણે ઉપાડી લેવું જોઈએ. એટલે જ તેણે પૂજ્ય બાપુજીએ દેશને આપેલા નઈ તાલીમના સિદ્ધાન્તો ઉપર કામ કરવું જોઈએ. ગ્રામપ્રદેશમાં શહેરનો ઢાંઠ ઘુસાડવાના સાધન રૂપ જ તેને થવા દેવામાં આવશે તો ગ્રામ વિદ્યાપીઠના નામનો દુરુપયોગ થશે, એમ આ સમિતિ માને છે.

ગ્રામ વિદ્યાપીઠના શિક્ષણના માધ્યમ સંબંધમાં આ સમિતિને જરી પણ શંકા નથી કે, તેનું માધ્યમ આ પ્રદેશની માતૃભાષા એટલે કે ગુજરાતી જ હોવું જોઈએ. તો જ વિદ્યાપીઠ પોતાના વિદ્યાર્થીઓના અંતરમાં પહોંચી શકશે અને ગ્રામજનતાની સાથે પણ એકરૂપતા સાધી શકાશે. ગ્રામ વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષાના શિક્ષણને પૂરતું મહત્ત્વ આપવું જોઈએ. પરંતુ તેને બોધભાષાનું સ્થાન આપવાથી તો અત્યાર સુધી જેમ અંગ્રેજી ભણેલો વર્ગ પોતાની માતૃભાષાને હલકી માનતો થયો અને સમાજથી અતડો થયો, તે જ પ્રમાણે હિન્દી મારફત ભણેલો ભવિષ્યનો વિદ્યાર્થી પણ માતૃભાષાને હલકી માનનારો અને સમાજથી અતડો રહેનારો નીવડશે. તેથી હિંદીને બોધભાષા બનાવવાનો વિચાર છોડી દેવા આ સમિતિ લાગતા વળગતા સર્વને આગ્રહ કરે છે.

અન્નપૂર્ણા મહેતા

મંત્રી, ગુજરાત નઈ તાલીમ સંઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન અગ્નિએશિયા

એક કાળે એમ માનવામાં આવતું હતું કે, ભારતીય સંસ્કૃતિનો વિસ્તાર ફક્ત ભારત પૂરતો જ મર્યાદિત હતો. આપણા પડોશી દેશોની પ્રાચીન સંસ્કૃતિનો સાચો પરિચય મળ્યા પછી આ માન્યતાની પોકળતા સિદ્ધ થઈ ચૂકી છે. ઘણા પ્રાચીન કાળથી પડોશી દેશો સાથે વ્યાપારી અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ભારતનો નિકટનો સંબંધ રહ્યો છે. છેક હડપ્પાની આદિ-ઐતિહાસિક સંસ્કૃતિના વખતથી આવો સંબંધ ચાલ્યો આવે છે. તેમાંયે ખાસ કરીને અગ્નિએશિયાના બર્મા, સિયામ, હિંદી ચીન, મલાયા અને ઈંડોનેશિયા સાથે ભારતે ગાઢ સાંસ્કૃતિક સંબંધો વિકસાવ્યા હતા. આ દેશોના રાજ્યતંત્ર અને પ્રજાકીય જીવનને ઘડવામાં ભારતીય સંસ્કૃતિનાં તત્ત્વોનો અમૂલ્ય ફાળો છે.

ઈ. સ. પૂર્વે ત્રીજી સદીમાં અશોકે કેટલાક બૌદ્ધ સાધુઓને એશિયાના જુદા જુદા દેશોમાં ધર્મના પ્રચાર અર્થે મોકલેલા. ઈશુની પહેલી સદીથી શરૂ કરીને છેક તેરમી સદી સુધી થોડે થોડે અંતરે ભારતીય પ્રજાના કોઈક ને કોઈક સમૂહનું અગ્નિએશિયાના દેશો ભણી સ્થળાંતર ચાલુ રહેલું. ભારતના પૂર્વ અને પશ્ચિમ કાંઠે દરિયાઈ સફર ખેડવાની સાહસિક વૃત્તિવાળા અનેક લોકો વસતા હતા. ઈ. સ. ૭૫ ની આસપાસ ગુજરાતમાંથી જ રાજકુમાર અજિશક જાવાની સફરે ગયેલો. ઘણું કરીને આ પરંપરાને આધારે જ ઈ. સ. ૬૦૩ માં ગુજરાતમાંથી હજારો ભારતવાસીઓ જાવા, સુમાત્રા વ. દેશોની સફરે ગયેલા. "જે જાય જાવા તે પાછા ના'વે ને આવે તો પોરિયાનાં પોરિયાં ચાવે તેટલું ધન લાવે" એ પ્રચલિત કહેવતમાં પણ જાવાની સફરનાં સંભારણાં સાચવી રાખવામાં આવ્યાં છે. ઓરિસ્સા અને બંગાળના દરિયાકાંઠેથી પણ આ રીતે કેટલાયે સાહસિક લોકો દરિયામાર્ગે આ પ્રદેશોમાં ગયેલા. હાલમાં ઓરિસ્સા છે તે સ્થળે પ્રાચીન જમાનાનો કલિંગ દેશ હતો. ત્યાંથી લગભગ ૨૦૦૦૦ કુટુંબો જાવા ગયેલાં અને ત્યાં જઈ નગરો વસાવી સમૃદ્ધ જીવન ગાળતાં હતાં એવો ઉલ્લેખ તો જાવાના ઇતિહાસગ્રંથોમાં પણ મળે છે. ઈ. સ. ૪૧૪ ના અરસામાં ચીની મુસાફર ફાહિયાને જાવાની મુલાકાત લીધી હતી. આ વખતે તેણે સેંકડો બ્રાહ્મણોને ત્યાં વસેલા જોયેલા.

ભારતવાસીઓ આમ ઘણા પ્રાચીન કાળથી પરદેશગમન કરતા આવ્યા છે. પણ તેની વિશિષ્ટતા એ છે કે, તેમણે કોઈ પણ સ્થળે વસવાટ કરવા માટે સૈનિકોનો આશરો લીધો નથી. લશ્કરી ચઢાઈઓ કરવાના પ્રસંગો ભાગ્યે જ બન્યા હશે. ભારતવાસીઓ તો બીજા દેશોમાં વ્યાપારીઓ, વહાણવટીઓ, કારીગરો અને ધર્મપ્રચારકો તરીકે આ બધા દેશોમાં ગયેલા. જ્યાં જ્યાં ગયા ત્યાં સ્થાનિક રહેવાસીઓએ તેમને આવકારેલા. પશ્ચિમ ભારતમાંથી ગયેલા ૫૦૦૦ ભારતવાસીઓને જાવામાં ભારે આવકાર મળેલો અને બીજા ૨૦૦૦ વધુ માણસોને બોલાવવાનું જાવાના રહેવાસીઓએ તેમને આમંત્રણ આપેલું. આ પ્રવાસીઓ ૬ મોટાં વહાણો અને ૧૦૦ હોડકાંઓમાં બેસીને જાવા પહોંચેલા. તેમના સમૂહમાં કવિઓ, વૈદો, ખેડૂતો, કારીગરો વ. હતા. આ પ્રદેશોની આગવી સંસ્કૃતિનો નાશ કરવાને બદલે તેમાં સાહિત્ય, કલા, ધર્મ વ. મારફતે નવો પ્રાણ પૂરવાનો ભારતવાસીઓ પ્રયાસ કરતા હતા. શાંતિ અને આધ્યાત્મિક જીવનની મહત્તાનો ફેલાવો કરવાનું કાર્ય તેઓ કરતા હતા. આ રીતે છેક પ્રાચીન કાળથી જ આંતરરાષ્ટ્રીય શાંતિની સ્થાપના કરવાની પરંપરા આપણા દેશમાં ચાલી આવી છે. સ્વતંત્ર ભારતમાં આ પરંપરાને આપણા વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ સજીવ કરી છે.

આ વિસ્તારના કેટલાક દેશો સાથેનો સાંસ્કૃતિક સંબંધ તપાસીએ. બર્મા એ તો ચીન અને ભારત વચ્ચેની સાંકળની ગરજ સારતો દેશ છે. બર્માનાં ધર્મ, ફિલસૂફી, સાહિત્ય અને ભાષામાં ભારતીય અસર વ્યાપક રીતે દેખાય છે. ત્યાંની લિપિમાં પણ તેલુગુ ભાષાની લિપિની અસર છે. ઈ. સ. પૂ. ત્રીજી સદીમાં અશોકે સોણ અને ઉત્તર નામના બે બૌદ્ધ સાધુઓને બર્મામાં ધર્મપ્રચારકો તરીકે મોકલેલા. ગુપ્તકાળમાં તો બર્માનું સાંસ્કૃતિક જીવન ભારતીય સંસ્કૃતિથી સંપૂર્ણ રીતે પ્રભાવિત હતું. બર્મામાં થયેલી ઐતિહાસિક શોધખોળોમાં છઠ્ઠી સદીમાં બંધાયેલા બૌદ્ધ સ્તૂપો મળી આવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણ બર્મામાં હિંદુ અને બૌદ્ધ બંને ધર્મોનાં કેંદ્રો હતાં. બર્માના ઘણા રાજાઓના નામને છેડે 'વર્મા', 'વિક્રમ' વ. શબ્દો રહેતા અને એક રાજાએ તો ભારતની પંચકલ્યાણી નામે કન્યા સાથે લગ્ન પણ કરેલાં. તેમના રાજકુમારનો રાજ્યાભિષેક ભારતીય વિધિ પ્રમાણે કરવામાં આવેલો. ઓરિસ્સાની મંદિરોની શૈલીની અસર હેઠળ જ બર્મામાં પેગનનું આનંદ મંદિર બાંધવામાં આવેલું. ૧૩ મી સદીમાં મુસ્લિમ આક્રમણને કારણે નાલંદાથી નાસી છૂટેલા ઘણા બૌદ્ધ સાધુઓને આ મંદિરમાં આશ્રય મળેલો. ઘંટના આકારનાં પેગોડા નામે ઓળખાતાં અનેક બૌદ્ધ મંદિરોમાં પણ ભારતીય સંસ્કૃતિની મોટી અસર જણાય છે. બર્મા અને ભારતનો સંબંધ ભૂમિમાર્ગે તેમ જ જલમાર્ગે બંને રીતે રહ્યો છે. અને આધ્યાત્મિક અને ઐહિક બંને ક્ષેત્રોમાં પરસ્પર વિનિમય થતો રહ્યો છે.

બર્માની પડોશમાં આવેલા સિયામ દેશમાં પણ ગુપ્તકાળની કલાની અસરવાળાં પુષ્કળ શિલ્પો મળી આવ્યાં છે. યક્ષ, કિન્નર, ઇંદ્ર અને ગરુડનાં શિલ્પો, વણાટકામ, અને કાપડ પરનું છાપકામ, લાકડાનું કોતરકામ, સોનાચાંદીનાં આભૂષણોની આકૃતિઓ વ. માં ભારતીય અસર સ્પષ્ટ રીતે તરી આવે છે. અહીંનાં કેટલાંક મંદિરોની ભીંતો ઉપર રામાયણના કેટલાક પ્રસંગો કોતરેલા છે. ગરુડ પર બેઠેલા વિષ્ણુની એક આકર્ષક મૂર્તિ પણ અહીંથી મળી આવી છે. બંગકોકમાં મંદિરના પાંચ મિનારાઓ ઉપર હિંદુ સંસ્કૃતિમાં પ્રચલિત ત્રિશૂળ ગોઠવવામાં આવ્યાં છે.

તેની પાસેના હિંદીચીનમાં પણ છેક પહેલી સદીથી ભારતવાસીઓ ગયેલા. કૌડિન્ય નામે બ્રાહ્મણે અહીં કંબુજ અથવા આધુનિક કંબોડિયાની સ્થાપના કરેલી. ત્યાંની રાજકન્યાને પરણીને તે રાજા થયેલો. તે વખતે અહીં લગભગ ૧૦૦૦ જેટલા બ્રાહ્મણો રહેતા હતા અને સ્થાનિક લોકો બ્રાહ્મણોએ આપેલા ગ્રંથો વાંચવાની પડાપડી કરતા હતા. ત્રીજી સદીમાં અહીંથી ગયેલા એક વેપારીએ ભારતની કીર્તિગાથા સ્થાનિક રાજાને સંભળાવી. રાજા આથી પ્રભાવિત થયો અને ભારતમાં પોતાના રાજદૂતો મોકલીને વિધિસરના રાજકીય સંબંધો બાંધ્યા. આ રાજદૂતોનું ભારતમાં યોગ્ય સન્માન કરવામાં આવેલું અને તેમને ચાર પાણીદાર ઘોડાઓની ભેટ આપવામાં આવેલી. હિંદીચીનમાં ચંપા નામે એક બીજું પ્રસિદ્ધ રાજ્ય હતું. પ્રાચીન ભારતમાં બિહારમાં આવેલા અંગદેશની રાજધાની ચંપા પરથી જ આ નામ લેવામાં આવ્યું હશે. અને ભારતના ચંપા નગરના રહેવાસીઓએ જ આ રાજ્ય વસાવ્યું હોય એવી માન્યતા પ્રવર્તે છે. અહીંયાં ઠેરઠેર અસંખ્ય શિવાલયો નજરે પડે છે. કેટલાંક મંદિરોની દીવાલો ઉપર કૃષ્ણચરિત્રના પ્રસંગો પણ શિલ્પ દ્વારા રજૂ થયા છે. અહીં મળી આવતા સેંકડો શિલાલેખો સંસ્કૃતમાં છે. અહીંના રાજવંશના ૩૨ જેટલા રાજાઓનાં નામને છેડે સંસ્કૃત શબ્દ 'વર્મા' હતો. અંગકોરના શાહી નગરમાં આ કાળે ૧૦ લાખની વસ્તી હતી.

આ સ્થળે વિશ્વની એક મોટામાં મોટી અજાયબી ગણી શકાય એવું વિશાળ અને મહાકાય મંદિર છે. વિશ્વનું આ સૌથી મોટું સ્થાપત્ય છે. ૧૨મી સદીમાં સૂર્યવર્મા નામના રાજાએ અંગકોરવટનું આ મંદિર બંધાવેલું. છેક ૧૯૦૭ સુધી તે જંગલોમાં દટાયેલું હતું અને ફ્રેંચોએ તેને શોધી કાઢેલું.

મંદિરની ઊંચાઈ ૨૧૩ ફૂટની છે. આસપાસ ૬૫૦ ફૂટ પહોળી ફરતી ખાઈ છે. તેને ઓળંગવાનો ૩૬ ફૂટ પહોળો રસ્તો છે. ખાઈની કુલ લંબાઈ અઢી માઈલ જેટલી છે. મંદિરને ત્રણ માળ છે અને પ્રવેશમંદિર લગભગ ૧૦૦૦ ફૂટ લાંબું છે તથા મુખ્ય મંદિર સુધી પહોંચવાનો રસ્તો લગભગ ૨૦૦૦ ફૂટ લાંબો છે. મંદિરની વિશાળતા અને ભવ્યતાનો ખ્યાલ આટલાથી જ આવી શકશે.

વિષ્ણુના દશાવતાર, તેમ જ રામાયણ અને મહાભારતના અનેક પ્રસંગો રજૂ કરતાં શિલ્પો મંદિરની દીવાલોને રમ્ય દેખાવ આપે છે. સ્થાપત્યમાં પ્રમાણ જાળવવાની ઝીણવટપૂર્વકની કાળજી અને છેક ઉપરથી નીચે સુધી સૂક્ષ્મ કોતરકામ મંદિરને મનોહર દેખાવ આપે છે. કોતરકામ એટલું, તો ઝીણવટભર્યું છે. કે દૂરથી જાણે લાકડાનું જ લાગે. પશુપંખી, ફૂલ, વેલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર્તિકાઓ વ.નાં શિલ્પોથી મંદિરના ખૂણેખૂણાને ભરચક રીતે શણગારવામાં આવ્યો છે. કેટલેક સ્થળે કોતરણી માંડ અર્ધો ઇંચ જેટલી ઊંડી હોય છે. મંદિરની દીવાલો પર કામદહન, યમરાજ અને ચિત્રગુપ્ત, રાવણનું કૈલાસને ડોલાવવું વ. દશ્યો પણ કોતરવામાં આવ્યાં છે.

હિંદી ચીનમાં ઠેરઠેર સંસ્કૃત વિદ્વાનોની પાઠશાળાઓ હતી. અહીં ભારતીય ખગોળશાસ્ત્ર, વ્યાકરણ, તર્કશાસ્ત્ર અને સાહિત્ય શીખવવામાં આવતાં. ભારતીય સંગીત પણ આ પ્રદેશમાં જાણીતું હતું. લશ્કરી કવાયત વખતે વપરાતાં સંગીતનાં ૧૩ વાદ્યો સંસ્કૃત નામવાળાં છે. વેદ, પુરાણ, મહાભારત, રામાયણ વ.નાં અનેક સૂત્રોનું ઉચ્ચારણ કરવાની પ્રથા પ્રચલિત બની હતી. દરેક દેવાલયને એક ગ્રંથાલય જોડેલુ હતું અને તેમાં હજારોની સંખ્યામાં મૂલ્યવાન સંસ્કૃત હસ્તપ્રતો સાચવવામાં આવતી.

ભારત અને ચીનના દરિયાઈ માર્ગો વચ્ચે મલાયા મહત્ત્વનું મથક હતું. મલાયા અને ઇંડોનેશિયાના પ્રદેશો તે કાળે 'સુવર્ણભૂમિ', 'સુવર્ણદ્વીપ' વ. નામે ઓળખાતા. ભારતવાસીઓ અહીં આવીને અઢળક ધન પેદા કરી શકતા. બૌદ્ધ સ્તૂપો અને શિવાલયોના અવશેષો અહીં પણ મળે છે. ગરુડ ઉપર આરૂઢ થયેલા વિષ્ણુની આકૃતિવાળું એક મનોહર આભૂષણ પણ અહીં મળે છે, જેમાં ભારતીય સંસ્કૃતિની સ્પષ્ટ અસર દેખાય છે.

ભારતીય સંસ્કૃતિના ફેલાવાનું ખરું ધામ તો રામાયણમાં 'યવદ્વીપ' નામે ઓળખાતું જાવા છે. અહીં પૂર્ણવર્મા નામના રાજાએ 'ગોમતી' અને 'ચંદ્રભાગા' નામની બે નહેરો બાંધી હતી અને તે પ્રસંગે ભારતીય વિધિ પ્રમાણે ૧૦૦૦ ગાયો બ્રાહ્મણોને ભેટ આપેલી. મૂળવર્મા નામના એક બીજા રાજાએ તો વૈદિક વિધિથી યજ્ઞ કરીને ૨૦૦૦૦ ગાયો આ રીતે બ્રાહ્મણોમાં વહેંચેલી. છેક પાંચમી સદી સુધી તો અહીં બ્રાહ્મણધર્મ વ્યાપક હતો. ત્યાર પછીના બે સૈકાઓમાં બૌદ્ધ ધર્મનો મોટો ફેલાવો થયો. સાતમી સદીમાં ચીની મુસાફર ઇત્સિંગે ૧૦૦૦ બૌદ્ધ સાધુઓ જોયેલા.

વિશ્વની અજાયબીઓમાં સ્થાન પામે એવું આઠમી સદીમાં બંધાયેલું બોરોબોદુરનું પ્રચંડ બૌદ્ધમંદિર આ પ્રદેશમાં આવેલું છે. કુલ ૯ માળના આ મંદિરમાં નીચેના ૬ માળ ચોરસ અને ઉપરના ત્રણ માળ ગોળાકાર છે. મંદિરની લંબાઈ લગભગ ૪૦૦ ફૂટ છે. તેમાં ૭૦૦ જેટલી બૌદ્ધ પ્રતિમાઓ છે અને બુદ્ધ ભગવાનના જીવનપ્રસંગો રજૂ કરતા ૨૦૦૦ જેટલાં શિલ્પો છે. તે બધાંને ભેગાં કરીને એક હારમાં ગોઠવીએ તો બે માઈલ લાંબી હાર થાય. મંદિરની પ્રદક્ષિણા કરતાં કરતાં જ બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન મળી જાય એવી ગોઠવણ છે. અહીંની શિલ્પકૃતિઓ સૂક્ષ્મ અને નાજુક ભાવો રજૂ કરનારી તથા દેખાવમાં રમ્ય છે. સ્થાપત્ય કળામાં વિવિધતા, એકસૂત્રતા અને સ્વભાવિકતા એક સાથે સાધવામાં આવી છે. બૌદ્ધ સ્તૂપ અને હિંદુ મંદિરોનાં સ્થાપત્યનો આમાં સુમેળ સાધવામાં આવ્યો છે. મંદિરનો દેખાવ ભવ્ય અને સપ્રમાણ લાગે છે. ગુજરાતના સલાટો આ મંદિરના બાંધકામમાં હતા એવી પણ એક નોંધ મળે છે.

જાવામાં મહાભારત અને રામાયણનો ફેલાવો ઘણા મોટા પ્રમાણમાં હતો. રામ અને પાંડવો તો અહીંના રાષ્ટ્રીય વીરપુરુષો ગણાતા. ભારતના કેટલાક ઉત્તમ ગ્રંથોની આવૃત્તિઓ પણ અહીં તૈયાર કરવામાં આવેલી. જાવાની સ્થાનિક ભાષામાં રામાયણની રચના કરવામાં આવી છે અને તેમાં ભગવદ્‌ગીતાનો પણ થોડો ભાગ છે. અહીંયાં આજ સુધી ભજવાતાં છાયાનાટકોમાં મુખ્ય વિષયો તો રામાયણ અને મહાભારતના જ હોય છે.

વળી આ જ પ્રદેશમાં આવેલા લારાજોંગરંજના મંદિરમાં તો ૪૨ શિલ્પોની હારમાળામાં રામાયણના મોટા ભાગના પ્રસંગો રજૂ કરવામાં આવ્યા છે.

આ રીતે ભાષા, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, હુન્નરકળા, નાટક, રાજવંશોનાં નામો, લિપિ એમ વિવિધ ક્ષેત્રોમાં ભારતીય સંસ્કૃતિના પ્રભાવ હેઠળ આ સઘળા દેશો એકબીજા સાથે નિકટનો સંબંધ રાખતા. કેટલાં અપાર સાહસો કરીને ભારતવાસીઓ પ્રાચીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળમાં આ પ્રદેશોમાં ગયા હશે ? તેમના ભારે પુરુષાર્થથી અગ્નિએશિયાના સઘળા દેશોમાં પરસ્પર શાંતિ અને સહકારથી રહેવાની પરંપરા ચાલી આવી છે.

૧૯૪૭ માં દિલ્હીમાં મળેલી એશિયાઈ પરિષદમાં આ સંબંધો ફરી તાજા કરવામાં આવેલા. તે પ્રસંગે આ દેશોનાં શિલ્પ, સ્થાપત્ય અને સાહિત્યનું એક પ્રદર્શન પણ યોજાયેલું. તે જોઈને પ્રાચીન અગ્નિએશિયાનું પુનરુત્થાન થયું હોય એમ સૌ કોઈને લાગતું હતું. આથી સ્વાભાવિક રીતે જ આ દેશો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એકબીજાના સહકારથી જ રહેવાનો પ્રયાસ કરે છે.

રામલાલ પરીખ

શ્રી રતન તાતા પરનો ગાંધીજીનો કાગળ

[કેળવણી વિષે ગાંધીજીએ બહુ વિચારો જણાવેલા છે. પચાસ વર્ષ પહેલાં એ વિચારોનો અમલ ફિનિક્સમાં પોતાના અને ફિનિક્સ સંસ્થાના કાર્યકર્તાનાં બાળકોથી શરૂ કર્યો. પણ દક્ષિણ આફ્રિકામાં ગોરા લોકોએ હિંદીની હસ્તી મટાડવાને જે કાળા કાયદાનું ઘડતર કર્યું તેની સામે સત્યાગ્રહની લડત શરૂ કરવી પડી. તેથી તેઓ શિક્ષણ પાછળ ધ્યાન આપવાની પોતાની ઇચ્છા પાર ન પાડી શક્યા. લડતમાં આખો સમય રોકાયેલા રહેવા છતાં લડતમાં ભાગ લેનારાં હિંદી માબાપનાં બાળકોની કેળવણી સચવાય અને જેલમાં જનારાં તે બાબત કાંઈક નિશ્ચિંત રહે તે માટે નાતાલમાં ફિનિક્સ ખાતે શરૂ કરેલી નિશાળના જેવી બીજી શિક્ષણ સંસ્થા ટ્રાન્સવાલમાં જોહાનિસબર્ગથી થોડે દૂર શ્રી કેલનબેક તરફથી મળેલ ટૉલ્સ્ટૉય ફાર્મમાં ઊભી કરી. લડત ચાલુ હતી તે અંગે આર્થિક મુશ્કેલી ઓછામાં ઓછી રહે તેવી ગણતરીથી કામ કે ધંધો વેપાર સંકેલી લઈ જેલમાં જનારનાં કુટુંબ અને ભણવા લાયક છોકરાઓને આ ફાર્મમાં રહેવાની ગોઠવણ થઈ અને થોડા સમય પછી સત્યાગ્રહની લડતના ખર્ચ માટે મુંબઈના પારસી ગૃહસ્થ શ્રી રતન તાતા તરફથી પચીસ હજાર રૂ.ની મદદ મળી. આવી મદદ બીજી વખત પણ પચીસ હજાર રૂ. મોકલીને તે સખી ગૃહસ્થે કરી. એ જમાનામાં ગાંધીજીને બહુ જ થોડા ઓળખતા. જેમ કામ વધતું ગયું તેમ પૈસાની ભીડ વધવા માંડી. ગાંધીજી પોતાની શ્રદ્ધા મુજબ અનેક પ્રસંગે કહેતા તેમ કહેતા કે, સારાં કામ પૈસાને માટે નથી રોકાવાનાં; આપણી દાનત સેવાની હશે તો સાધન મળતાં રહેશે. અને સાચે જ અણીને વખતે અણધારી જગ્યાએથી મદદ આવી ઊભી. આ રકમનો જવાબ લખવામાં તેમણે ટૉલ્સ્ટૉય ફાર્મની નિશાળનું ટૂંકમાં થોડું વિવરણ લખ્યું છે. પૈસાની પહોંચ તો સવેળા ગઈ હતી, પણ લડતની પરિસ્થિતિનો ખ્યાલ આપનારો પત્ર લખવામાં કાંઈક મોડું થયું હતું. તેનો ખુલાસો તથા નિશાળ અથવા વિદ્યાર્થીને અપાતા શિક્ષણનું ધોરણ કેવા પ્રકારનું છે તેનું દર્શન આ પત્રમાં છે. મારી ઇચ્છા તો કેવળ નિશાળને લગતા છેલ્લા પારિગ્રાફનો ઉલ્લેખ આ લેખમાં કરવાની હતી. પણ જાહેર પૈસાના હિસાબો અંગેની તેમની ચોકસાઈ તથા સત્યાગ્રહની આ પહેલી લડતને જે દોરવણી મળી તેનું ઐતિહાસિક વર્ણન છે; અને તેમણે લખેલ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'ના પુસ્તકના જેટલો તે અમર છે તેથી એ પત્ર આખો આપું છું.

છગનલાલ ખુ૰ ગાંધી]

ટૉલ્સ્ટૉયફાર્મ, લોલી સ્ટેશન, ટ્રાંસવાલ
તા. ૧-૪-૧૯૧૨

વહાલા શ્રી. તાતા,

સત્યાગ્રહની લડતના ખરચ માટે આપના તરફથી મળેલા રૂ. ૨૫ હજારની બીજી ઉદાર રકમની પહોંચ સ્વીકારતાં મારા કાગળમાં મેં આપને તથા મને પોતાને એક જાહેર કાગળ લખવાને વચન આપ્યું હતું. તે કાગળમાં પૈસાની આવકજાવકનો હિસાબ દાખલ કરવાનો મારો ઇરાદો હતો. આ વચન પાળવા હું માત્ર અત્યારે જ શક્તિમાન થાઉં છું. તેથી હું શરમાઉં છું. આ લાંબી ઢીલ થવાનું કારણ એ છે કે મારો બધો વખત લડતમાંથી ઊભી થતી એક કે બીજી બાબત વડે સાવ રોકાયેલો હોય છે. એ કામ મુલતવી રાખવાનું મારાથી બની શકે નહીં. અને હિસાબનું સરવાયું આપ્યા વગરનો કાગળ લખવાનું તો મને ઠીક લાગ્યું નહીં. છતાં બાહોશ સત્યાગ્રહી સોરાબજી શાપુરજીની ખંતીલી મદદથી મેં હમણાં જ હિસાબનું કામ પૂરું કર્યું છે અને હિસાબની તારીજ આ સાથે આપને મોકલું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિસાબમાં ખર્ચની બાજુએ ફાર્મ 'કેપિટલ-એકાઉંટ'ની રકમ જોશો. આ ખર્ચ મિ. કૅલનબૅકના ફાર્મ ઉપર રહેઠાણનાં ઘરો બાંધવામાં થયું છે. તે બધું નહીં તો તેનો મુખ્ય ભાગ સત્યાગ્રહીઓના ઉપયોગ માટે મિ. કૅલનબૅકે ફાર્મ વાપરવા આપ્યું તેની શરતોની રૂએ જ્યારે ફાર્મ ખાલી કરવામાં આવે ત્યારે તે મિ. કૅલનબૅકના તરફથી પાછો આપવામાં આવે તેમ છે. 'ઇંડિયન ઓપિનિયન'ની રકમ વિષે માનવંત ગોખલે પરના અગાઉના મારા જાહેર કાગળમાં આપેલા હિસાબમાં સમજ પાડેલી છે. સત્યાગ્રહી કુટુંબોને મદદની રકમમાં ગરીબ સત્યાગ્રહી કુટુંબોને ગુજરાન ખર્ચ તથા સત્યાગ્રહીઓ અને તેમનાં કુટુંબોને આપેલી બીજી બધી મદદનો સમાવેશ થાય છે. બીજી રકમો વિષે મારે કાંઈ ઉમેરવાપણું રહેતું નથી. આવક સંબંધમાં મારે જે કહેવાનું છે તે એ જ કે, રંગૂન તથા લંડનથી આવેલી રકમો માત્ર કુટુંબોને મદદ આપવાના કામ માટે જ વાપરવાની હતી. તેમ જ હિંદની અમુક રકમો પણ મિ. પિટિટ તરફથી તેવા કામ માટે અલગ રખાવવામાં આવી હતી. આ બધી સૂચનાઓને બરોબર પાળવામાં આવી છે. જમા રકમમાં 'સ્થાનિક' એવા નામ સાથે કેટલીક રકમોનો સમાવેશ કર્યો છે જેને ખરી રીતે મદદ કહી શકાતી નથી. તેમાં પાછી મળેલી રકમો અથવા ખાસ અપાયેલી મદદની રકમોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત તેમાં ફાર્મ ઉપર નિશાળમાં ભણતાં છોકરાંઓનાં માબાપોએ છોકરાંઓના ખર્ચ પેટે ભરેલી રકમોનો પણ સમાવેશ થાય છે. ઘણાએક વૉલંટિયરોએ પોતાની ખુશીથી પૈસા લીધા વગર કરેલી મદદ, મિ. કૅલનબૅકે વખતસર પૂરી પાડેલી ફાર્મની સહાયતા, અને તે બધા ઉપરાંત સત્યાગ્રહીઓનાં કુટુંબો ફાર્મ પર આવવાના વિચારને ખુશીથી અનુકૂળ થયાં, તે જો ન બન્યું હોત તો ખર્ચની રકમ આથી બહુ વધારે થાત.

આ હિસાબની બાબતને પૂરી કરું તે પહેલાં હું એ પણ ઉમેરવા ઇચ્છું છું કે, હિસાબમાં બતાવેલા આંકડાઓની અંદર અત્રે ઉઘરાવેલી અને સ્થાનિક કમિટી મારફત વહેંચી અપાયેલી સેંકડો પાઉંડની મદદનો સમાવેશ થયો નથી. તેમ જ ખાનગી રીતે અપાયેલી મદદનો સમાવેશ થયો નથી. આવી રીતે અપાયેલી મદદ વિષે આપણા દેશી ભાઈઓને કદાચ કોઈ દિવસ પણ કાંઈ જાણવામાં આવશે નહીં. ચાર વર્ષ ઉપરાંત ચાલેલી આ લડતમાં કોમે આપેલા પૈસા સંબંધી આપભોગ બહુ મોટો છે. અને મેં ખુશાલી તથા અચંબા સાથે જોયું છે કે, જેઓ પોતાની તથા પોતાના દેશની ઇજ્જત ખાતર ફરી ફરીને જેલ ગયા છે તેમણે લડતની મદદ માટે પોતાનો પૈસો પણ ખુશીથી ખરચ્યો છે.

આપ જોશો કે, અત્યારે જ હિસાબમાં ઘટત રકમ છે અને તેને પહોંચી વળવા જે માર્ગ મારે માટે ખુલ્લો હોય તેનો આશરો લેવાની મારે જરૂર પડી છે. તે સ્થિતિ લગભગ ત્રણ મહિના પહેલાં શરૂ થઈ છે. સારે ભાગ્યે થોડા વખતમાં મિ. પિટિટ તરફથી બે રકમો વખતસર પહોંચી. જો હિંદથી મદદ નહીં મળે — અને અહીં તો વધુ ઉઘરાણું કરવાનું સંભવિત નથી, — તો કાપકૂપની છરી કયે ઠેકાણે લગાડવી એ વિચારવા જેવું થઈ પડશે. ઘણાંખરાં સત્યાગ્રહી કુટુંબો ફાર્મ પરથી પોતાને ઠામે ગયાં છે; અને તેમના ધણીઓને અથવા તેમની રોટી કમાનારાઓને પોતાના ગુજરાનનાં સાધન મળી આવેલ છે. પણ તેઓ બધાં સમજે છે કે, જો ફરી લડત ઊપડે તો તેમણે ફાર્મ ઉપર આવવાનું છે.

યુનિયન પાર્લમેંટની બેઠકો હાલ ચાલુ છે, અને જનરલ સ્મટ્સ તથા મારી વચ્ચે ગઈ સાલ થયેલા પત્રવ્યવહારમાં બતાવાયેલી શરતોને અમલમાં મૂકવાની યોજનાવાળું બિલ પહેલી વાર વંચાયું છે. છતાં લડતનો આ સાલ સાવ અંત આવશે એમ કહેવાનું મુશ્કેલ છે. બિલમાં જ સત્યાગ્રહીઓની દૃષ્ટિથી કેટલાક વાંધા લેવા જેવું છે. મારા અભિપ્રાય પ્રમાણે, થયેલી સમજૂતીની બધી શરતો તેમાં પળાતી નથી. પણ મને મોટી આશા છે કે, સમજૂતીની શરતો તળેના વાંધા તો બિલમાંથી દૂર કરવામાં આવશે. જોકે કોઈ મુદ્દાની વાતમાં તે દૂર નહીં કરવામાં આવે તો એ તદ્દન ચોક્કસ છે કે લડત ફરીથી ઉપાડવામાં આવશે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વખતની પાર્લમેંટની બેઠકોમાં બિલકુલ પાસ ન થાય એમ માનવાને પણ કારણ છે, અને તે સ્થિતિમાં ફાર્મને ચાલુ રાખવું પડશે એવો દરેક સંભવ છે. આપ જાણો છો તેમ, લડતનું મધ્યબિંદુ તે ટ્રાંસવાલના ઇમિગ્રેશન કાયદામાં સમાયેલો કોમી ભેદ છે, અને ઠેઠ શરૂઆતથી એકસરખી રીતે અમે તેની સામે થતા આવ્યા છીએ. જ્યાં સુધી એશિયાવાસીઓને એશિયાના હોવાના કારણસર ટ્રાંસવાલમાં દાખલ થવાની બંધીની હઠ ટ્રાંસવાલ ચાલુ રાખશે, ત્યાં સુધી લડત પણ ચાલુ જ રહેશે. એક વખત તે ભેદ દૂર થાય અને તેને લગતી વિગતોનો (અને તે વિગતોનું વિવેચન આ પત્રમાં લખવાનું હું જરૂરી ગણુતો નથી.) લેખિત સમજૂતી પ્રમાણે નિકાલ કરવામાં આવે, એટલે સત્યાગ્રહીઓનો ધારેલો હેતુ સિદ્ધ થશે. ટ્રાંસવાલમાં અથવા યુનિયનની વાત હોય તો યુનિયનમાં કેટલાં અને કોણ દાખલ થશે એ એવી બાબત છે કે જેની ઉપર સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ તરીકે કાંઈ ભાર નથી મૂક્યો. દાખલ થનારાઓની સંખ્યા અને દાખલ થવાની રીતનો આધાર મોટે ભાગે અત્રેની કોમની વર્તણૂક ઉપર અને હિંદ જે માગણી કરે તે માગણીની ઉપર રહેશે.

નિશાળ

કદાચ લડતનું સહુથી વધારે ઉપયોગી ફળ તે ટૉલ્સ્ટૉય ફાર્મમાં સ્થપાયેલી નિશાળ છે. આજ સુધી બે અડગ સત્યાગ્રહી મેઢ અને દેસાઈની મદદથી, અને હવે મારા એક ભત્રીજા — જમનાદાસ ગાંધીની મદદથી હું તે નિશાળ ચલાવું છું. નિશાળિયાઓની સંખ્યા ૨૫ની છે. તેમાં ૫૦થી વધારેને દાખલ કરવાનો ઇરાદો નથી. માત્ર દિવસના ભણવા જ આવે એમ કોઈ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા નથી. દરેકે ફાર્મ ઉપર રહેવું જ જોઈએ. ઘણાખરા છોકરાઓનાં માબાપ તેમના ફરજંદના ગુજરાન ખર્ચ માટે માસિક દોઢ પાઉંડ આપે છે. આવી રીતે ભરેલી રકમો સત્યાગ્રહની લડતના હિસાબમાં જમા અપાયેલી છે. નિશાળિયાઓ પાસેથી ભણતરની ફી કાંઈ લેવામાં આવતી નથી. મગજની કેળવણીની સાથે અંગમહેનતની કેળવણી રાખવામાં આવેલ છે. પણ સહુથી વધારે ભાર તો છોકરાઓના વર્તન ઘડવાની બાબત પર મૂકવામાં આવે છે. શરીરશિક્ષા બિલકુલ કરવામાં આવતી નથી, પણ છોકરાઓનાં હૃદય અને બુદ્ધિને અસર કરી તેમનાં બધાં સારાં તત્ત્વો ખીલી નીકળે તે માટે દરેક પ્રયત્ન થાય છે. છોકરાઓ પોતાના શિક્ષકો સાથે પૂરતી છૂટ લે છે. ખરું કહીએ તો આ ખાતું તે એક નિશાળ નથી પણ એક કુટુંબ છે, અને તેમાંના દરેક વિદ્યાર્થીને કહીને તથા કરી બતાવીને શીખવવામાં આવે છે કે તેઓ બધા કુટુંબીઓ છે. સવારમાં છોકરાઓ કોઈક તરેહની અંગમહેનત કરે છે, અને તેમાં ખાસ કરીને સાદામાં સાદી જાતનું ખેતીનું કામ કરાવવામાં આવે છે. તેઓ જાતે જ પોતાનાં કપડાં ધુએ છે, અને દરેક બાબતમાં તેમને સંપૂર્ણ સ્વાશ્રયી બનાવવામાં આવે છે. વળી નિશાળની સાથે એક ચંપલ બનાવવાનો તથા એક સીવણનો વર્ગ રાખવામાં આવ્યો છે. સીવણ વર્ગ મિસિસ વોગલની દેખરેખ નીચે ચાલે છે. તે પોતાના ઉલ્લાસથી કાંઈ લીધા વગર આ કામ કરે છે. હિંદી ઓરતોનું બજાર ભરવાની વ્યવસ્થાનો ભાર પણ તેમણે જ ઉઠાવેલો. ફાર્મ ઉપર નિશાળ કે રસોડા સંબંધમાં પગારદાર નોકરો બિલકુલ રાખવામાં આવતા નથી. મિસિસ ગાંધી અને મિસિસ સોઢા બે ત્રણ વિદ્યાર્થીઓની વારાફરતી મદદથી રસોઈનું કામ કરે છે. બીડી ન પીવી, કેફી પીણાં ન પીવાં અને શાકાહારી ખોરાક એ ફાર્મ ઉપર પાળવા જ જોઈએ એ નિયમ છે. માનસિક કેળવણી રોજ ઓછામાં ઓછા સાડા ત્રણ કલાક આપવામાં આવે છે. તેમાં ભણનારાની માતૃભાષા, ઉપરાંત અંગ્રેજી, ગણિત અને પાઠોમાં આવે એટલું ઇતિહાસ ભૂગોળનું શિક્ષણ અપાય છે. શિક્ષણ આપવાની ભાષા વિદ્યાર્થીઓની માતૃભાષા એટલે કે ગુજરાતી, હિંદી અને તામિલ છે. હું કહેવાને દિલગીર છું કે, તામિલ શિક્ષણ બહુ પ્રાથમિક છે, કેમ કે સારો તામિલ શિક્ષક કોઈ મળતો નથી. દર સાંજે એક કલાક વિદ્યાર્થીઓને તેમના પોતાના ધર્મ વિષે શિક્ષણ આપવામાં આવે છે. અને આ હેતુથી મુસલમાની, હિંદુ અને ઝોરાસ્ટ્રિયન ધર્મપુસ્તકોમાંથી પાઠો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચવામાં આવે છે. છેલ્લામાંનું વાંચન હમણાં પડતું મુકાયેલ છે, કેમ કે નિશાળમાં ભણનારા બે પારસી વિદ્યાર્થીઓ હમણાં જ અહીંથી ગયા છે. ધર્મ પ્રમાણે ગણના કરતાં વિદ્યાર્થીઓમાં ૧૬ હિંદુ અને ૯ મુસલમાન છે. પ્રાંત પ્રમાણે ગણતાં ૧૮ ગુજરાતી, ૬ તામિલ અને ૧ ઉત્તર હિંદુસ્તાન તરફનો છે. પ્રત્યેક ધર્મના વાંચન વખતે બધા વિદ્યાર્થીઓ બધો વખત ધ્યાન આપે છે. વિદ્યાર્થીઓ સહુથી પહેલા હિંદી છે અને પછી બીજું બધું. અને તેમણે પોતપોતાના ધર્મમાં ચુસ્ત રહેવું જોઈએ જ. અને પોતાના સાથી વિદ્યાર્થીઓના ધર્મ પ્રત્યે સરખા માનની લાગણીથી જોવું જોઈએ, એ રહસ્ય તેમને ગળે ઉતારવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ફાર્મ ઉપરની જિંદગી અત્યંત સાદાઈભરેલી રાખવામાં આવે છે.

નિશાળ એ એક અખતરા રૂપે છે. તે છોકરાઓ મોટા થાય ત્યારે ખેડૂત થઈ રહે અને સાદી જિંદગી ગાળનારા થાય એવી વકી રાખવી તે તો જોકે વધુ પડતું છે, છતાં તેઓ સંસારના મેદાનમાં ઊતરે ત્યારે અત્યારે મેળવાતું કેટલુંક શિક્ષણ તેમની રોજની રહેણીકરણીમાં અમલમાં મૂકે એવી આશા રાખવી તે વધુ પડતું ગણાશે નહીં.

એવો સવાલ થશે કે આ નિશાળ ચાલશે કેવી રીતે? હું જ્યાં સુધી દક્ષિણ આફ્રિકામાં છું ત્યાં સુધી આ કામમાં મારો વખત ગાળવાની મારી ઇચ્છા છે અને નહીં કે ફરીથી વકીલાત કરવાની. વકીલાત તો મેં કેટલોક વખત થયાં સાવ છોડી દીધી છે. છતાં જે અત્રેનું રાજદ્વારી કામ ગણાય તેમાં તો મારે મારો હિસ્સો બજાવવો જ જોઈશે. આ રાજદ્વારી કામ તે પોતાનું ગુજરાન માનમરતબા સાથે મેળવવાનો જીવતોડ પ્રયાસ કરવો એ છે.

હું છું આપનો સાચો

(સહી) **મોહનદાસ ક૦ ગાંધી**

જ

હિસાબ

પા. શિ. પે.

૬૭૨૩-૯-૩	હિંદથી મળેલી મદદ જેમાં શ્રી રતન તાતા તરફથી રૂ. ૨૫૦૦૦ અને ૨૫૦૦૦ બીજી વખતની રકમનો સમાવેશ થાય છે.
૯૭૨-૦-૦	રંગૂનથી (ડૉ. મહેતા) હસ્તકની અને તેની પોતા તરફની
૧૫૯-૧૯-૪	લંડનથી
૧૫૧-૧૩-૧	જંગબાર મોઝાંબિક ડેલાગોઆબે તથા પૂર્વ આફ્રિકાથી મળેલી રકમ
૪૫૯-૧૦-૧	સ્થાનિક જેમાં દ. આફ્રિકાનાં ઉઘરાણાંનો તથા નિશાળિયાઓના ગુજરાન ખર્ચની રકમ વગેરેનો સમાવેશ થાય છે.
૪૩-૧-૩	બાકી દેવાના
૮૫૦૯-૧૩-૦	

ઉ

ખર્ચની વિગત

૨૩૩૫--૧--૩	સત્યાગ્રહી કુટુંબો અને સત્યાગ્રહીઓને મદદ
૧૪૯૦--૬--૨	લંડન કમિટી
૧૨૦૦--૦--૦	ઇંડિયન ઓપિનિયન
૫૨૦--૧--૩	પગારો
૪૮૨-૬-૧૧	મુસાફરી ખર્ચ, માલનાં નૂર વગેરે
૩૫૩-૧૯-૧	ભાડાં વગેરે
૩૭૧--૫--૩	કેપટાઉન નાતાલ અને ટ્રાંસવાલમાં વકીલની ફી
૧૨૧-૧૮-૬	તારો
૧૯૧--૯--૧	કેબલ
૧૫૪-૧૨-૧૦	વર્તમાનપત્રો.
૬૫-૧૨-૧	ટપાલ
૩૯-૧૩-૧૧	પરચૂરણ સ્ટેશનરી
૩૧--૧--૯	ચેક તથા ડ્રાફ્ટના વટાવખર્ચ
૪૯૨-૧૧-૧૧	ફાર્મ 'કેપિટલ ઘરોનું બાંધકામ તથા વસ્તુઓ
૬૫૯-૮--૦	ટૉલ્સ્ટૉય ફાર્મ પર રહેનારનું ગુજરાન ખર્ચ
૮૫૦૯-૧૩-૦	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણીશાસ્ત્રની પરિભાષા

[એપ્રિલ ૧૯૫૪થી ચાલુ]

B

Bacillus बेसिलस; रोग-जीवाणु
Backbone करोड
Bacteria बेक्टिरिया; जीवाणु
Bactericidal बेक्टिरियानाशक; जीवाणुनाशक
Bacteriology बेक्टिरियाविद्या; जीवाणुविद्या
Bacteriophage बेक्टिरियाभक्षक; जीवाणुभक्षक
Bacteriostatic बेक्टिरियादावक; जीवाणुदावक
Badger घोरखोदियुं
Balancers समतोल्क
Baleen क़ांसकियो दांत
Barb (of feathers) पिच्छकेश
Barbel अंकोडो
Basal तलस्थ; तळवर्ती; पायानुं; मूळ
Basal body तल – कण
Basal bone तलास्थि
Basal cell तल्कोश
Basal disc तलीय चकता
Basale मीन पक्षिका; मीन पक्षनो बेसणी
Basal ganglion तल गंड
Basal grannule तल कणिका
Basal segment तलवर्ती खंड; तलीय खंड
Basic dyes अल्कल रंग
Basi occipetal पृष्ठशीर्ष तली
(occipetal पृष्ठशीर्ष)
Basipodite बेसणी (સંધિપગાંના અવયવનો બીજા સાંધા અને ત્રીજા સાંધા વચ્ચેનો ભાગ)
Basophilic अल्कल रंगग्राही
Basphil अल्कलरंगी
Bathymetric वेधलक्षी
Bathypelagic पाताळजळवासी
Beak चांच
Beat धबकार, स्पंदन
Behaviour वर्तन
Behaviourism वर्तनवाद
Behaviour pattern वर्तनबिंब
Benthos समुद्रतल सृष्टि
Bifacial बेपासियुं
Bifid द्विशाखी; बेपांखियुं
Bilateral बेतरफी
Bilateral cleavage बेतरफी विभाजन
Bile पित्त; पित्तरस
Bile capillary पित्त केशवाहिनी
Bile duct पित्तवाहिनी
Bile salts पित्तक्षार
Bilicyamin श्यामल पित्तरंजक; पित्तश्यामल
Bilirubin रक्तल पित्तरंजक; पित्तरक्तल
Biliverdin नील पित्तरंजक, पित्तनील्क
Bill चंचुशृंग
Bilobed द्विखंडी
Binary Fission द्विगुणी विभाजन; द्विभाजन
Binocular vission सघन दृष्टि
Binomial nomenclature बेवडी नाम पद्धति
Binomics सजीव सृष्टिनुं वासविज्ञान; जैविक वासविज्ञान
Binuclear द्विकेन्द्री; केन्द्रद्वयी
Biochemistry जीवरसायण
Biodynamics जीवगतिविद्या
Biogenesis चेतनवाद; मातृवाद
Biological control जैविक नियंत्रण
Biology जीवविद्या
Bioluminescence जैविक-दीप्ति
Biometry जीवमिति,
Biophysics भौतिक जीव-विद्या
Bioplasm जीवनरस (syn. Protoplasm)
Biosphere पृथ्वीनुं जीवमंडळ
Biotic जैविक
Biotic factors जीव-परिस्थितिना घटको
Biparous जोड प्रसवी; जोड जन्मी
Bipectinate फणीदार (Monopectinate कंघीदार)
Biped बेपगां
Bipolar द्विशाखी
Biramous appendage द्विशाखी अवयव (appendage अवयव)
Birthpore जनन छिद्र
Bisexual उभय लिंगी
Bivalve छीपजीव; छीपमत्स्य
Bladder आशय
Bladder Gall पित्ताशय
Bladder Swim वाताशय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Bladder Urinary मूत्राशय
Bladderworm चंबुदार कृमि
Blastococle गर्भकोष्ठ
Blastocyst गर्भकोष्ठी कोटर
Blastoderm गर्भकोष्ठी चर्म
Blastomere गर्भकोष्ठीय कोश
Blastopore गर्भकोष्ठीय छिद्र
Blastula गर्भकोष्ठी अवस्था
Blending संकर
Blending inheritance संकरदत्त वारसो
Blepharoplast जुओ Basal grannule
Blind spot अंधप्रदेश
Blister bug फोडकियो
Blood रक्त; लोही; रुधिर
Blood clothing रक्तनुं जामी जवुं
Blood corpuscle रक्तकण
Blood film रक्तनी फिलम; रक्तनुं पातळुं पड
Blood group रक्तवर्ग
Blood plasma रक्तरस
Blood platelets रक्तकणिका
Blood plexus केशजाळ
Blood serum रक्तजळ
Blood sugar रक्तसाकर
Blood system रक्ताभिसरण तंत्र; रुधिराभिसरण तंत्र
Blood vessel रक्तवाहिनी
Blubber मेदचर्म; गोदडी
Body cavity देहकोष्ठ; देहगुहा
Bone हाडकुं; अस्थि
Bonyfish अस्थिमत्स्य
Book-gill झालर-पोथी
Book-lung फेफसां-पोथी
Brachial बाहुल; बाहुनुं
Brachicephalic लघुशीर्षी
Brachidactile लघु-अंगुलिक
Brachiopoda हस्तपदी; बाहुपदी
Brachiuric लघुपुच्छी
Brain मगज
Branchia झालर
Branchial झालरी; झालरियुं; झालरनुं
Branchial aperture झालरछिद्र
Branchial arch झालर कमान
Branchial cleft झालर फाट
Branchial respiration झालरी श्वसन
Branchiate झालरियां (जीव)
Branchiopoda झालरपदी
Branchiostegite पार्श्वकवची
Breeding उछेर
Breeding habits उछेरवृत्ति
Breeding season ऋतुकाळ
Bristle (chaeta) वज्रकेश
Bronchiole श्वसनकेशिका
Bronchus श्वासवाहिनी
(To) Brod सेववुं
Broood वेतरवेल; भूंजार
Brood pouch शिशुधानी
Buccal गलोफानुं; मुखगुहीय
Buccal respiration मुख-श्वसन
Bud फणगो; कळी; अंकुर
Budding फणगाट
Bulb कंद
Bulby, Bulbus कंदमय
Bulla अस्थिगंड
Burrowing खोतरनारां
Bursa झेब
Butterfly पतंगियुं (Moth फूदूं)
Byssus पायसूत्र

C

Cacoon कोशेटो, अंडघर
Caecum सीकम
Calamistrum कांसकी
Calamus दांडी (पींछानी)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Calcareous } चुनाळ, चूनामय
Calciferous

Calcification चुनवणी

To Calcify चूनववुं

Calcified चुनवायेलां, चूनवेलां

Callocity डण, आंटण

Calorie कॅलरी

Canal system वाहिनी तंत्र

Canaliculus अस्थिनाळ

Canine राक्षी

Cancellous छिद्राळु

Capillary केशिका, केशनळी, केशवाहिनी

Capitulum माथुं

Capsule कॅप्स्यूल

Carapace पीठकवच

Carcinology कर्कविद्या

Cardiac हृदयवर्ती; हृदयनुं; हृदयस्थ; हृदयाल

Carina चाप

Carinate चापाकार

Carnassial कृंतरिया (दांत)

Carnivora मांसाहारी; शिकारी

Carotid artery ग्रीवा–धमनी

Carpal कांडानुं, मणिबंधनुं, मणिबंधीय

Carpopodite मणिबंध

Carpus मणिबंध, कांडुं (हाथनुं)

Carrier वाहक

Cartilage कूर्चा

Cartilagenous कूर्चामय

(To) Castrate खसी करवी

Castration खसी

Catterpillar इयळ

Cauda पुच्छ, दूम

Caudal पुच्छवर्ती, पुच्छल

Cavity गुहा

Cavum विवर

Cell कोश

Cell lineage कोशवंश

Cell membrane कोशकला

Cell organ कोशना अवयव

Cell sap कोशवासी रस

Cellular कोशीय

Cellulose काष्ठसाकर

Cellwall कोशचर्म

Cement सिमेंट

Centiped कानखजूरा

Centriole तारककेंद्र

Centrosome तारक

Centrosphere तारकक्षेत्र

Centrolecithal जरदीकेन्द्री (ईंडुं)

Centrum मध्यक

Cephalic शीर्षीय

Cephalisation शीर्षदर्शन

Cephalophor शीशपगां (ब. व.)

Cephalothorax शीरोरस

Cerci, cercus पुच्छकेश

Cerebellum नानुं मगज

Cerebrum मोटुं मगज

Cerebral Cortex मगजनुं कोटलुं

Cervical गरदननुं

Cervix कमल; कमळ

Chaeta वज्रकेश, शूक

Chaetopods शूकपदी, वज्रपदी जीवो

Chalazae जरदीबंधन

Cheek गाल

Chela आंकडा

Chelicerate आंकडावाळां जीव

Cheliform पंजादार; चीपियादार

Chelonia कूर्मादि जीव

Chest Cavity उरोगुहा

Chiasma चोकडी

Chitin शृंगद्रव्य, वज्रद्रव्य

Choanocyte नाळचाकोश, कोलरकोश

Chondrin कूर्चाद्रव्य

Chordate करोडवाळां

Chorion जरायु

Chromatophore वर्णाशय; वर्णकोशाशय

Chyle पूर्णपाक

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Chyme जठरपाक; आमपाक
Cilia रसकेश (Flagellum रसतंतु)
Ciliate रसकेशयुक्त
Ciliated रसकेशधारी
Cingulum वलयिका
Circulation अभिसरण
Circulatory system अभिसरणतंत्र
Cirrus तंतु; सूत्र
Cirripedia सूत्रपगां
Clasper पकड; आंकडा
Clavical हांसडी
Claw पंजो
Cleavage विभाजन
Clitoris भगशिश्निका
Cloaca अवसारणी
Cnidoblast डंखकोश, विषकोश
Cnidocil डंखक
Coccyx पुच्छास्थि
Cochlea शंखिका
Cocoon कोशेटो
Coelenteron कोष्ठिन
Coelenterata प्रवालादय; परिवाविवंजीव
Coeliac देहकोष्ठीय
Coelom देहकोष्ठ
Coelomic fluid कोष्ठजल
Coil गूंचळुं
Collar bone हांसडी
Coleoptera वज्रपांखी
Collateral समपार्श्वीय; संपार्श्विक; सहायक; सहवर्ती
Collateral circulation समपार्श्वीय अभिसरण
Collaterial gland गुदग्रंथि
Collembola पुच्छकूदांजीव
Collumella पिच्छसळी; पिच्छाक्ष
Colon मळाशय; सफरो
Colonial वसाहती; संघकोशी
Colony वसाहत
Columnar स्तंभी
Commensal सहवासी
Commensalism सहवासित्व; सहवासन; सहकार
Commisure सळ
Conchifera शंखजीव; शंखमत्स्य
Conchin शंखद्रव्य
Conchiolin शंखपट
Condyle माथुं; मोगरो; दडो
Conjugation मिलन
Connective जोडक; जोड
Contraction संकोच
Contractile संकोचनशील
Controller नियामक
Conus शंकु
Conus arteriollus शंकु-धमनी
(To) Converge अेकठावुं
Convergence अेकठाण
Convolution गडी
Copepode हलपदी
Coprophagus खातरजीवी
Coracoid काक चांचा
Corium (धवडावनारां प्राणीमां) चर्म; त्वचा (जीवजंतुमां) आंटणपक्ष
Cornea डोळो
Corpus काय
Callosum महासांध
Corpuscle कण
Correlation मेळ
Cortex कोटलुं
Coxa कक्ष
Crown (of teeth) माथुं
Craniate खोपरीवाळा जीवो
Cranial खोपरियाळ
Cranium खोपरी
Cribellum चाळणपट्टी
Crinoid फूलजीव; दरियाई कमळ; कमळजीव
Crop अन्नाशय
Crustacians कवचधारी, कवची, कर्कादि
Crypt खांच
Cryptozoic तेजत्यागी
Cutaneous चर्मल, चर्मीय
Cuticle बहिर् चर्म
Cutis चर्म; त्वचा
Cyst कोष्ठ; रसकोष्ठ
Cytology कोशविद्या; कोशविज्ञान
Cytoplasm कोशरस

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બી. સી. જી. નો ઉપદ્રવ

હમણાં દેશમાં ધારાસભાઓનું સત્ર ચાલે છે. દવાદારૂ અને આરોગ્ય ખાતાના અનેક પ્રધાનો શ્રી રાજાજીની બી. સી. જી. વિરોધ ઝુંબેશ સામે વરાળ કાઢી રહ્યા છે. જેમ કે, ડૉ. બી. સી. રાયે કહ્યું, રાજાજી 'ડૉક્ટર' છે, પણ તે દવાના નહીં! મતલબ કે, તે બી. સી. જી.માં ના સમજે; પોતે સમજે. વાત સાચી છે. પણ તે ખોટી પણ છે. એ દાક્તરો ન સમજે, કેમ કે તે દવાના ધંધામાં પડી ગયા અને તેના એક પક્ષના વિચારમાં ફસાઈ ગયા. પ્રસિદ્ધ દાક્તરો જ સામે છે એનું શું? એમની જોડે મુદ્દો પતવીને પછી લોકો પર ક્ષયની રસીના પ્રયોગ કરો; નહીં તો તમે ઊંટવૈદું કરો છો એમ જ કહે તો એમાં ખોટું નહીં.

રાજકુમારી શ્રી અમૃતકોરબહેન કહે છે કે, ડૉ. રાય અને જીવરાજ મહેતા જેવા દાક્તરો પણ આ રસીની તરફેણ કરે છે; દુનિયામાં દસ કરોડ લોકોને રસી મુકાઈ ચૂકી છે; વગેરે. અમૃતકોરબહેન તો દાક્તર નથી; પણ સરકારનાં પ્રધાન છે. તેમણે એ જોવાનું છે કે, બી. સી. જી.નો વિરોધ કરનારા દાક્તરો પણ ભારે મોટા છે, એનું શું? અને રસી મૂકવાથી ક્ષય રોકાયો એમ કઈ રીતે કહી શકાય? રસી ન મુકાત તો બધા ક્ષયમાં સપડાત, એમેય ક્યાં છે? પણ દસ કરોડના શરીરમાં ક્ષયનાં જંતુ — ભલે મુડદાલ પણ તે નાંખ્યાં, એ જ એક નવો ઉપદ્રવ તમે માનવજાત માટે ઊભો કર્યો નથી, એની શી ખાતરી? 'બાળકો પર જંતુયુદ્ધ' જ તમે વિજ્ઞાનને નામે આદર્યું છે, એમાં ખોટું શું છે?

મદ્રાસના આરોગ્ય પ્રધાને નવી જ દલીલ કરી! તે કહે છે, રાજાજીએ રસી વિષે ભીતિ ઊભી કરી લોકોનાં મન પાછાં પાડવા માંડ્યાં છે! આ તો ચોર કોટવાળને દંડે એવો ન્યાય નથી લાગતો? ક્ષયરોગ વધી રહ્યો છે, એમ બૂમો પાડીને લોકોના મનમાં ભીતિ ઊભી કોણે કરી? અને ધારો કે, વધે છે તોય તેનો ઉપાય બી. સી. જી. નથી — દાક્તરો પણ એની અસર વિષે સંમત નથી. તથા બી. સી. જી. કાંઈ રોગ મટાડતી નથી; તે રોગને રોકે એવી આશા, બહુ બહુ તો, રખાય છે. અને પાછી બેએક વરસે તો તે આશાય ફોક જ છે; અને વારંવાર ફરી રસી લે તો નુકસાન થાય છે, એમ સૌ દાક્તર કહે છે. નુકસાન એ કે, રસીથી જ ક્ષય થાય! અરે, રસીમાં મુડદાલ કરી મૂકેલાં છતાં ક્ષયનાં જંતુ છે. એમ જોવામાં આવે છે કે, તે જ કોઈ વાર જબરાં થઈ ક્ષય કરી બેસે છે! અને શરીર કુદરતી રીતે પણ ક્ષય સામે તાકાત કેળવે જ છે. તેની તેવી તાકાત વધે એવું આરોગ્ય શરીરમાં રહેલું છે. તે સચવાય અને વધે એવા ઉપાય લેવાને બદલે વિજ્ઞાનની શંકાપાત્ર ને ભલતી વાતો કરી લોકોનાં શરીર પર પ્રયોગો કરવાનો હક સરકારને નથી.

વાત એમ છે કે, આ સરકારી ખાતાંને સામુદાયિક ઢબે કરવાનું કામ જોઈએ. કહેવાતી રોગરોધક દવાઓનો હમણાં રાફડો ફાટ્યો છે. તે દવાઓ વાપરીને આરોગ્યનું કામ કરી દેખાડાય, એવો લાગ મળે છે. ખરું જોતાં, આ કામ આરોગ્યનું નથી, પણ રોગનાં દવાદારૂનું છે. સાચો અને સચોટ રોગરોધક રસ્તો તો સ્વચ્છતા, પૂરતો પૌષ્ટિક યુક્તાહાર, હવાઉજાસવાળાં રહેઠાણ, ઇ૦ યોજવાં એ છે. આ કામ ઉપાડવાને બદલે અને એમાં દેશનાં બધાં નાણાં વાળવાને બદલે, આ સરકારી ખાતાં જાતજાતની રસીઓ પરદેશથી મંગાવીને લોકોનાં શરીરમાં નાંખે છે અને એમ કરીને માને છે કે સુધરેલી ગણાતી દુનિયા જોડે અમેય ચાલીએ છીએ. ગામડાના અજ્ઞાન લોકો કાંઈ જાણતા નથી, તેમને સરકારી રસીવાળા પલટનશાહી ઢબે સોયો મારતા જાય છે. તે બિચારા એમ જાણે કે, નહીં માનીએ તો સરકાર દંડશે! આમ ભીતિ અને અજ્ઞાનનો લાભ કોણ લે છે? હિંદની શરીરસંપત્તિમાં ક્ષયજંતુ જાણીજોઈને શું કામ નંખાય છે? આ દાક્તરોનો સવાલ નથી, કેમ કે તેઓ એકમત નથી. આથી બી. સી. જી.ની ઝુંબેશ બંધ થવી જોઈએ. ઇચ્છે તે દાક્તર પાસે જઈને લે. આ રસીનું ધતિંગ સરકારો ન ચલાવી શકે.

૧–૯–'૫૫ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બી. સી. જી. રસી—હું શા માટે એનો વિરોધ કરું છું

(૧)

હિંદમાં બી. સી. જી. રસીના 'હુ' નામની સંસ્થાની ક્ષયરોગ સંશોધન કચેરીએ કરેલા પ્રાથમિક ક્યાસના પહેલા પૅરામાંથી નીચેનો ઉતારો આપ્યો છે:

'આ કાર્યક્રમોનો ('હુ' નામની અને 'યુનિસેફ' નામની સંસ્થાઓના આશ્રય નીચે ચલાવવામાં આવતા બી. સી. જી. રસીના) ક્યાસ કેટલા પ્રમાણમાં ક્ષયરોગ અટકાવાય છે એ દૃષ્ટિએ દેખીતી રીતે જ ઇચ્છવાજોગ થઈ પડે; પણ એ તો લાંબા ગાળાનું કામ છે અને લગભગ અશક્ય થઈ પડે એટલું ખરચાળ અને મુશ્કેલ છે. વળી, એ કાર્યક્રમોએ ક્ષયરોગ અટકાવવામાં —એ આજે લગભગ સર્વત્ર નજરે પડે છે— કેટલો ફાળો આપ્યો છે એ કદાચ કદી પણ જાણી શકાવાનું નથી.'

આ કબૂલાત કર્યા પછી મજકૂર નિવેદન વધુમાં જણાવે છે કે, 'ભૂતકાળમાં શું સિદ્ધ કરવામાં આવ્યું છે તે નોંધવા માટે નહીં પણ ભવિષ્યના કામને માટે માર્ગદર્શન મેળવવાને એ ઝુંબેશમાં ઉપયોગમાં લેવામાં આવતી શાસ્ત્રીય કાર્યવાહીનો ક્યાસ કાઢવાનું મળે એ વધારે સુગમ કામ થઈ પડશે.'

આ મુદ્દા પર નીચેનાં વિધાનો કરવામાં આવ્યાં છે:

'હિંદમાં સામુદાયિક પાયા પર બી. સી. જી. રસી મૂકવાની ચલાવવામાં આવતી ઝુંબેશથી જે 'ઍલર્જી' પેદા થાય છે તે વધઘટ થતી માલૂમ પડે છે એટલું જ નહીં પણ કુદરતી ચેપથી પેદા થતી 'ઍલર્જી'ના કરતાં સરેરાશે ઘણી જ દુર્બળ જણાય છે. સાચે જ, ઘણાં નમૂનાને માટે તો ઇચ્છવાજોગ માનવામાં આવતા ધોરણ કરતાં તે ઘણી જ ઓછી હોય છે.

'આ પરિણામોને માટે કારણભૂત હોય એવી કોઈ એક બાબત મળી આવી નથી.

'પ્રકાશમાં ખુલ્લી મૂકવાથી થતી રસીની સુધારણા એમાં ભાગ ભજવતી માત્ર એક બાબત હોઈ શકે. ઝુંબેશનાં પરિણામોમાં જણાતી નોંધપાત્ર વધઘટ પરથી એવું સૂચિત થાય છે કે, રસી મૂકવાની પદ્ધતિ સાથે સંકળાયેલી કોઈક બાબત એમાં સંડોવાતી હશે.'

(૨)

બી. સી. જી. રસીની સમગ્ર યોજનાનો આધાર એ છે કે, ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે 'ઍલર્જી' કોઈક ને કોઈક રીતે સંરક્ષક રોગમુક્તિની સ્થિતિ પેદા કરનારી થઈ પડે છે, પછી ભલે તે ચાહે એટલી મર્યાદિત સ્વરૂપની હોય. નીચેનો ઉતારો ટૉપ્લી અને વિલ્સનના પ્રિન્સિપલ્સ ઑફ બૅક્ટીરિયોલૉજી ઍન્ડ અિમ્યુનીટી (જીવાણુવિદ્યા અને રોગમુક્તિના સિદ્ધાંતો) નામના પુસ્તકમાંથી આપ્યો છે:

'બી. સી. જી. રસીની લાભદાયી અસરનો આપણે સ્વીકાર કરીએ તોયે—અમે એવો સ્વીકાર કરવાને તૈયાર નથી.—વહેવારમાં તેનું મૂલ્ય કેટલું હોવાનો સંભવ રહે છે એ આપણે નક્કી કરવું રહ્યું. કેલ્મેટે પોતે પણ ૩, ૭ અને ૧૫ વરસની ઉંમરે એ રસી આપવાની સલાહ આપી છે. જો ફરીથી રસી મૂકવામાં ન આવે તો પહેલી વખત મૂકવામાં આવેલી રસીથી પેદા થતી રોગમુક્તિની સ્થિતિ—જો એવી કશી રોગમુક્તિની સ્થિતિ પેદા થતી હોય તો—ઘણું કરીને વરસ કે બે વરસમાં નષ્ટ થઈ જશે. અને જો બીજી વાર એ રસી મૂકવામાં આવે તો, ટ્યૂબરક્યૂલીન આપીને ક્ષયના રોગની અસર જાણવામાં આવી હોય એવા દરદીમાં એની તીવ્ર 'ઍલર્જી' ની પ્રતિક્રિયા થવાનું જોખમ રહે છે અને તેનાં ગંભીર પરિણામો આવવા સંભવ છે.'

(૩)

નીચેનો ઉતારો જેમને હું ઓળખતો નથી એવાં એક સન્નારી તરફથી આવેલા પત્રમાંથી આપ્યો છે:

'બી. સી. જી. રસી વિષેની આપની પુસ્તિકા હમણાં જ વાંચી ગઈ. થોડાક મહિના અગાઉ મેં વાંચી હોત તો છ અને બે વરસની મારી બે દીકરીઓને બી. સી. જી. રસી મેં આપવા દીધી ન હોત. ચાર પાંચ માસ અગાઉ નીલગિરિના પ્રદેશમાં એ રસી આપવાનું કામ ચાલતું હતું ત્યારે મેં એ અપાવી હતી. છાપાંઓમાં આવતાં આપનાં લખાણો વાંચીને જ અમે જાણ્યું કે રોગમુક્તતાની સ્થિતિનો ગાળો માત્ર બે વરસનો જ હોય છે. બી. સી. જી. રસીના પ્રચાર માટે ફરતી મોટરમાં લાઉડસ્પીકર દ્વારા કરવામાં આવતી જાહેરાતમાં આ હકીકતનો કદી પણ ઉલ્લેખ કરવામાં આવતો નથી. પ્રજાને જાણ થાત કે રોગમુક્તતાની સ્થિતિ આટલા ઓછા વખત સુધી જ રહે છે. અને ફરીથી રસી અપાવવી એ સલાહભર્યું નથી તો કોઈ પણ પોતાનાં બાળકોને બી. સી. જી. રસી મુકાવત નહીં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

નીચેનો ઉતારો ઇંગ્લંડના આરોગ્યખાતા તરફથી છેક હમણાં જ મળેલા પત્રમાંથી આપ્યો છે :

'. . . આપ જોશો કે, અમારી બી. સી. જી. રસી આપવાની યોજનાનું ક્ષેત્ર અમે ધીમે ધીમે વિસ્તાર્યું છે પરંતુ તેની અસરકારકતાની કસોટી કરવાના મેડિકલ રીસર્ચ કાઉન્સિલ તરફથી હાલ કરવામાં આવતા પ્રયોગો પૂરા થાય નહીં અને નજીકના ભવિષ્યમાં તેનો વચગાળાનો હેવાલ પ્રગટ થાય નહીં ત્યાં સુધી અમારી પાસે તેના મૂલ્યનો ચોક્કસ અંદાજ હજી નથી. . . . રસી આપવાનો અમારો કાર્યક્રમ હાલ વિસ્તારવાનો અમે ઇરાદો રાખતા નથી.'

(૫)

નીચેનો ઉતારો માર્ચ ૫, ૧૯૫૫ના લૅન્સેટમાં ડૉ. આર. સી. વેબ્સ્ટરે લખેલા પત્રમાંથી આપવામાં આવ્યો છે :

'પ્રોફેસર હીથ (ફેબ્રુ. ૧૨) કહે છે કે, 'બી. સી. જી. રસી ક્ષયરોગના ચેપનો સામનો કરવાની તાકાત વધારે છે એના પ્રબળ પુરાવા છે, જોકે તેનું આંકડાઓથી સમર્થન કરવાનું મુશ્કેલ છે.' તેઓ 'એલર્જી' વિષેનું અને ક્ષયના રોગમાંથી મુક્તતાની સ્થિતિ વિષેનું આપણું અજ્ઞાન કબૂલ રાખે છે. પરંતુ તેઓ એમ પણ કહે છે કે, 'રસીના આ માન્યતા પામેલા લાભો તેના ઉપયોગને વાજબી ઠરાવવાને પૂરતા છે.' આ લાભો સર્વમાન્ય માન્યતા પામ્યા છે ખરા? એ રસી સહેલાઈથી આપી શકાય છે તથા તે સોંઘી છે એ બહુ મહત્ત્વની વસ્તુ નથી. જેનો જવાબ આપણે જાણતા નથી એ મૂળભૂત સવાલ એ છે કે, ચામડી પર માલૂમ પડતી પ્રત્યક્ષ પ્રતિક્રિયા ક્ષયરોગમાંથી મુક્તતાની સ્થિતિ સૂચવવા માટે બહુ મહત્ત્વની છે ખરી? બીજા એવા ઘણા રોગો છે જેમાં ચામડી પર પ્રત્યક્ષ પ્રતિક્રિયા પેદા થાય છે પણ એ વસ્તુ રોગમુક્તતાની સ્થિતિ દર્શાવે છે એવું સૂચવવામાં આવતું મારી જાણમાં નથી. . . .એની સારી અસરો વિષે આપણી પાસે ખરેખર સંગીન જાણકારી ન હોય ત્યારે જે રસી આપવાથી ઘણી મોટી સંખ્યાનાં દાખલાઓમાં બૂરી સ્થાનિક પ્રતિક્રિયા પેદા થાય અને ગમે એટલું ઓછું તોયે સર્વસામાન્ય રોગ પેદા થવાનું જોખમ રહેતું હોય એ સ્થિતિમાં માબાપોને તેમનાં બાળકોને એ રસી અપાવવાનું કહેવું એ આપણે માટે ખરેખર વાજબી છે ખરું?'

મદ્રાસ, ૭–૮–'૫૫ **ચક્રવર્તી રાજગોપાલાચારી**

માધ્યમ-ફેરનાં પરિણામ

ગુજરાત યુનિવર્સિટીએ આ વરસના જૂન માસથી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પ્રથમ વર્ષના વર્ગોમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી દાખલ કર્યું, એ વાતને ત્રણ મહિના થયા. આટલા જ સમયમાં ઊહાપોહ શમી ગયો અને વાત થાળે પડતી જણાય છે.

અધ્યાપકોને ગુજરાતીમાં બોલવાની ટેવ પડી. હવે તે બાબત મુશ્કેલી છે એવી ફરિયાદ આવતી નથી. જે અધ્યાપકને ગુજરાતી નથી ફાવતું તેને માટે યુનિવર્સિટીએ અંગ્રેજીનો વિકલ્પ થોડા સમય માટે રાખ્યો છે. પણ આવા અધ્યાપકો અપવાદ રૂપ જ છે. મોટો ભાગ અત્યારે ગુજરાતીમાં શીખવે છે.

માધ્યમફેરની અસર શી થઈ તે વિશે અધ્યાપકો સાથે ચર્ચા કરતાં નીચેની વાતો જાણવા મળી :

(૧) વર્ગમાં પહેલાંના કરતાં વધારે કામ થાય છે. સંસ્કૃત જેવા વિષયમાં, જ્યાં અધ્યાપક એક તાસમાં પંદર પંક્તિ શીખવી શકતા, ત્યાં અત્યારે ૨૫ કે ૩૦ શીખવી શકે છે. વરસ માટે નિયત થયેલો અભ્યાસક્રમ ઓછો પડશે અને શીખવવાનું જલદી પૂરું થઈ જશે એમ લાગે છે. પરિણામે ભવિષ્યમાં અભ્યાસક્રમમાં વધારો કરી શકાશે.

(૨) પાઠ્યપુસ્તકો દરેક વિષય માટે મળવા માંડ્યાં છે. એટલું જ નહીં પણ ઉત્તમ પુસ્તકો બજારમાં આવ્યાં છે. આવતા વરસે હજી ઇન્ટરમાં ગુજરાતી માધ્યમ થશે ત્યાં આજથી ઇન્ટરનાં પુસ્તકો પણ પ્રગટ થવા માંડ્યાં છે. કેટલાક ઉત્તમ અંગ્રેજી ગ્રંથોના અનુવાદો પણ પ્રકાશકો તૈયાર કરાવવા લાગ્યા છે. સંસ્કૃતનાં પાઠ્યપુસ્તકો ગુજરાતી ટીકાટિપ્પણી સાથે એક કરતાં વધારે લેખકોએ તૈયાર કર્યાં છે. ગુજરાતી ભાષાની સમૃદ્ધિ આમ વધશે તેની પ્રતીતિ થાય છે.

(૩) અધ્યાપકની વાત વિદ્યાર્થીઓ સમજે છે તેથી વર્ગમાં ધાંધલ ઓછું થાય છે. વિદ્યાર્થીઓ ધ્યાનથી ભણે છે. સમજપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવાનો આ નવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવ છે. અને તેથી વગર સમજ્યે ગોખવાની ક્રિયા ઘટશે એમ દેખાય છે. વર્ગમાં અધ્યાપકોને વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછતા થયા છે; અને ચર્ચા કરતા નજરે પડે છે. માત્ર વ્યાખ્યાનપદ્ધતિ પર અત્યાર સુધી શિક્ષણ ચાલતું હતું, તેમાં આ નવીન પ્રક્રિયા શરૂ થઈ જણાય છે.

ગુજરાત યુનિવર્સિટીનું કામ આમ પાટે ચડતું જાય છે, ત્યાં એક બીજી યુનિવર્સિટી આણંદમાં શરૂ થાય છે અને તેનું માધ્યમ હિંદી રહેશે તથા બીજી કૉલેજો આ નવી વિદ્યાપીઠ સાથે જોડાશે, એમ ખબર મળે છે. મુંબઈ રાજ્યની ધારાસભાએ અસાધારણ ઝડપથી તેનો ખરડો પસાર પણ કરી દીધો.

એક બાજુ વડોદરાની યુનિવર્સિટી છે; આ બાજુ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી છે; વચ્ચે આ ત્રીજી યુનિવર્સિટી 'ગ્રામ વિદ્યાપીઠ' થવાની છે અને હિંદી માધ્યમથી કામ કરવાની છે.

એ વિદ્યાપીઠ 'ગ્રામ વિદ્યાપીઠ' શી રીતે બનશે તે તો કાંઈ સમજાતું નથી, કારણ કે ગ્રામ વિદ્યાપીઠનું એકેય લક્ષણ હજી તો ત્યાં વિકસ્યું સાંભળ્યું નથી. પણ હિંદી માધ્યમથી આ વિદ્યાપીઠ ગુજરાત યુનિવર્સિટી માટે સારો એવો વિક્ષેપ પેદા કરશે એ નિશ્ચિત વાત છે. માધ્યમ બાબત એથી લોકોમાં વિચારભેદ ઊભો થશે, અને ગુજરાત યુનિવર્સિટીનું કામ વધારે મુશ્કેલ બનશે.

જે ઝડપથી મુંબઈ રાજ્યની ધારાસભાએ આ નવી યુનિવર્સિટીને લગતો ખરડો પસાર કર્યો એ પણ બતાવે છે કે, માધ્યમની બાબતમાં આપણે ત્યાં લોકમત જાગ્રત નથી. નહિતર. શિક્ષણની દૃષ્ટિએ અવળું જ કહેવાય એવા આ પગલાને ધારાસભાની મંજૂરી આટલી સહેલાઈથી કેમ મળી જાય?

નાથાલાલ દવે

સાબુનો ઉદ્યોગ કેમ વધારવો?

સ્વચ્છતાની દૃષ્ટિએ સાબુ અગર તેના જેવી મેલ કાઢનારી વસ્તુ એ જીવનની આવશ્યક જરૂરિયાત છે. એટલે તેમાં વપરાતા કાચા માલમાં અને તેની બનાવટમાં પરાવલંબન ન હોવું જોઈએ.

યુરોપમાં માથા દીઠ વરસે ૩૦૦ થી ૪૦૦ ઔંસ સાબુ વપરાય છે. આપણા દેશમાં સરેરાશ ૧૨ા ઔંસ આવે છે. એ હિસાબે આપણા દેશમાં સાબુનો વપરાશ ઘણો ઓછો છે, એમ કહેવાય. ગામડાંમાં ઘણા લોકો સાબુ સિવાય બીજી ચીજોનો ઉપયોગ કરીને કપડાં, શરીર વગેરે સાફ કરી લે છે એ ખરું. છતાં હવે સાબુનો વપરાશ વધતો જાય છે. એટલે તે ઉદ્યોગને સ્વાવલંબી ધોરણે પગભર કરવાની જરૂર છે. તે માટે શું કરવું જોઈએ?

હાલ સાબુનું ઉત્પન્ન ૫૫ મોટાં કારખાનાંમાં દર વરસે ૮૮,૦૦૦ ટન થાય છે, અને ૩ થી ૪ હજાર નાનાં કારખાનાંમાં અને ગૃહઉદ્યોગી એકમોમાં ૪૫,૦૦૦ ટન થાય છે. એટલે વાર્ષિક ૧,૩૩,૦૦૦ ટન થાય છે. તેમાં વધારો કરવા માટે ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડે પંચવર્ષીય યોજનાને માટે કેટલીક નીચે મુજબની સૂચનાઓ કરી છે તે ધ્યાનમાં લેવા જેવી છે:

૧. આપણી વધારાની જરૂરિયાત પૂરી પાડવા માટે લીંબોળી, કણજીનાં બી, મહુડાં ઇત્યાદિ વસ્તુઓમાંથી બનાવેલાં અખાદ્ય તેલોનો જ ઉપયોગ કરવો.

૨. 'પેનલ ઑફ ઑઈલ ઍન્ડ સોપ ઇન્ડસ્ટ્રી'ના અંદાજ અનુસાર, દેશમાં અખાદ્ય તેલોનાં બિયાં લગભગ ૧૨૦ લાખ ટન ભેગાં કરી શકાય એમ છે અને તેમાંથી ૯ લાખ ટન તેલ પીલી શકાય. જ્યારે સૂચવેલા પંચવર્ષી કાર્યક્રમ અનુસાર ૬.૭૫ લાખ ટન બિયાં જ ભેગાં કરવાં પડે અને તેમાંથી ૫૦,૦૦૦ ટન તેલનું ઉત્પાદન થઈ શકે.

૩. એ ૫૦,૦૦૦ ટનમાંથી સાબુ બનાવવા માટે તો માત્ર ૧૦,૦૦૦ ટન તેલ જ વપરાશે. જ્યારે બાકીનું ૪૦,૦૦૦ ટન તેલ, સાબુ માટે ખાદ્ય તેલ વાપરતાં કારખાનાંઓમાં, તેને બદલે વપરાવવું જોઈએ.

૪. તેલ-સાબુના ઉત્પાદન માટે ૪૧૬ અખાદ્ય તેલ કેન્દ્રો, ૩૦૦ સ્વતંત્ર તેલસાબુ કેન્દ્રો અને બીજાં ૩૦૦ તેલસાબુ કેન્દ્રો સઘન વિસ્તારોમાં ખોલવાં. આ બધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેન્દ્રો દ્વારા બીજાં પાંચ વરસમાં ૧૭,૦૦૦ ટન સાબુની વધારાની જરૂરિયાત પૂરી પાડી શકાશે.

૫. આ આખીયે યોજનાનો કુલ ખર્ચ રૂ. ૯.૪૫ કરોડ થવાનો અંદાજ છે. તે દ્વારા ૩૫,૪૬૦ જણને પૂરા સમયની અને ૬૪,૮૦૦ જણને મોસમી એ માસની રોજી મળી શકે, અને તેમની વચ્ચે લગભગ ૧૯ કરોડ રૂપિયા રોજી તરીકે વહેંચી શકાય.

આ રીતે યોજના કરવાથી નીચેના લાભ થશે:

(૧) અત્યાર સુધી નકામા જતા તેલનો ઉપયોગ થશે અને તેના ઉદ્યોગ ચાલશે.

(૨) કારખાનામાં સાબુ માટે વપરાતું ખાદ્ય તેલ માણસોના વપરાશ માટે છૂટું થશે.

(૩) એક લાખ જેટલા લોકોને પૂરા સમયની યા તો ઓછાવત્તા સમયની રોજગારી મળશે.

હાલ કારખાનાંમાં થતા ઉત્પાદનને બંધ કર્યા વગર આટલા લાભ મળી શકે. કારખાનાંનું કામ વિકેન્દ્રિત રીતે થાય તો ઘણા વધુ લોકોને રોજી આપી શકાય. પણ બોર્ડે હાલ તે રીતે વિચાર કર્યો નથી.

વિ૦

નવું વાચન

પન્નાલ : લે૦ ચૂનીલાલ મડિયા; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ ત્રણ રૂપિયા; પૃ૦ ૧૮૪.

શ્રી ચૂનીલાલ મડિયાના 'ઘૂઘવતાં પૂર' નામક વાર્તા-સંગ્રહ પછી પ્રસિદ્ધ થયેલા પ્રસ્તુત વાર્તાસંગ્રહની આ બીજી આવૃત્તિ થઈ છે.

આ સંગ્રહમાં સત્તર વાર્તાઓ છે. એ વાર્તાઓ જોતાં લેખકની વાર્તાકાર તરીકેની શક્તિનો સારો ખ્યાલ આવે છે. લોકબોલી પર લેખકને સારી પકડ છે. તેથી એમની વાર્તાઓ વધારે આકર્ષક થઈ શકે છે.

આમ તો લેખક પાસે વાર્તાકારની સારી છટા છે. પરંતુ આ વાર્તાઓને બરોબર તપાસતાં કહેવાનું મન થાય છે કે, માત્ર વાર્તા નિરૂપવાની શક્તિથી સફળ વાર્તા ન સર્જી શકાય. એમાં અંતર્ગત જીવનતત્ત્વ પણ જરૂરી છે. લેખકની ઘણીખરી વાર્તાઓ જોતાં એ વાતની પ્રતીતિ થાય છે કે, લેખકની લેખનશક્તિ હજી 'પન્નન'ના પુરુષપાત્ર વિક્રમના જેવી છે! એમનામાં સાહિત્ય-જગતની સમીપ મૂકી શકાય એવી સત્ત્વશીલ સર્જનાત્મક જીવનશક્તિ (vitality) ના અભાવ નજરે પડે છે. જ્યાં વાર્તાકારને કંઈક કહેવાનું હોય ત્યાં જ તેમની સર્જનશક્તિ અટકી પડે છે. આપણે સૃષ્ટિનું નિરીક્ષણ કરતાં જોઈ શકીએ છીએ કે, પથ્થર જેવા સખત પદાર્થની તડમાંથી પણ માર્ગ કાઢીને વનસ્પતિ ઊગી નીકળે છે અને સુંદર ફૂલોથી જગતને શોભાવે છે. તેમ માનવ-જગતમાં પણ બધે નરી ભીષણતા અને ગંદવાડ જ નથી; ત્યાં પણ પોતાની સુવાસ ફેલાવનારી માનવતા પડેલી છે. આ વાત આજકાલના વાર્તાકારોએ ધ્યાનમાં રાખવા જેવી છે. નહી તો આ સંગ્રહમાંની ઘણીખરી વાર્તાઓની પેઠે, બધે ગંદકી જેવાનું બધાને સૂઝશે.

વળી 'ભેરવ બોલી', 'વોંકળાને કાંઠે', જેવી વાર્તાઓ વાંચતાં દેખાય છે કે, લેખકની કલ્પનાશક્તિ સામાન્ય પ્રાકૃત જન જેવી જ છે. બૌદ્ધ ધર્મગ્રંથ 'ધમ્મપદ'માં કહ્યું છે:

'नहि वेरेन वेरानि संमन्तीध कुधाचनं ।
अवेरेन च संमन्ति एस धम्मो सनंतनो ॥

એવા ઉચ્ચભાવ સુધી વાચકને દોરી શકે એવું બળ લેખકમાં નથી.

સુ૦ કા૦

જ્ઞાનકુંજ : લે૦ ધૂમકેતુ; પ્ર૦ ઉપર મુજબ; કિં૦ એક રૂપિયો; પૃ૦ ૮૦.

ધૂમકેતુને ૨૫ કથાપ્રસંગોનો આ સંગ્રહ છે. નવશિક્ષિત પ્રૌઢોને તથા કિશોરોને સારુ સંસ્કારી વાચન પૂરું પાડી શકે એવી આ પુસ્તિકા છે. મોટા ટાઇપમાં છપાયેલી આ પુસ્તિકાની કિંમત એના કદ પ્રમાણે વધારે કહેવાય.

સુ૦ કા૦

ભૂદાન : લે૦ જયમલ્લ પરમાર; ગીતકાર મકરંદ દવે; પ્ર૦ ઉપર મુજબ; કિં૦ બે રૂપિયા; પૃ૦ ૧૫૭.

આજે આપણા દેશમાં ભૂદાન પ્રવૃત્તિ જોશભેર વ્યાપી રહી છે. એની અસર સાહિત્ય ઉપર પણ પડી છે. નાટક એ પ્રચાર માટેનું એક સારું સાધન છે. એ રીતે આ દ્વિઅંકી નાટકનું મૂલ્ય તત્કાળ પૂરતું આંકી શકાય. નાટક પ્રચારાત્મક અંશવાળું વધારે હોવાથી એમાં સાહિત્યતત્ત્વ ઓછું છે. શ્રી મકરંદ દવેનાં ગીતોનું મહત્ત્વ પણ નાટક પૂરતું જ મર્યાદિત ગણી શકાય.

સુ૦ કા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

વરસગાંઠની ઉજવણી

વરસગાંઠ ઊજવવાનો રિવાજ, મને લાગે છે કે, દુનિયાની બધી પ્રજાઓમાં હશે. કોક સમાજવિજ્ઞાન-શાસ્ત્રી આની ખોળ કરીને કહે તો જાણવા જેવી હકીકતો મળે.

જન્મદિવસ ઊજવવામાં અમુક આનંદનો ભાવ હોય છે. કોક ઓલિયો કે ફિલસૂફ બાદ કરો તો બધા જ એમાં આનંદ માણતા હશે. એનું કારણ ઉઘાડું છે. વરસગાંઠ એ મૂળે જોતાં, સદાકાળ વિલસતા અનંત જીવનનો ઉત્સવ છે; સદા વહેતા જીવનની મંગળ અમૃતતાના પ્રતીક તરીકે, વરસગાંઠ દ્વારા, આપણે એ પરમ દૈવતને અર્ઘ્ય આપીએ છીએ. પણ સૌ કોઈ સામાન્ય રીતે આ તેના મૂળ કારણને જાણ્યા વગર ચાલે છે, અને જન્મદિવસ આનંદથી મનાવે છે.

જુદી જુદી પ્રજાઓ તે દિવસ કેવી રીતે મનાવે છે તેનાં વિધિ કે નીતિરીતિ પણ નોંધવા જેવાં હોય છે. જેમ કે, યુરોપમાં લોકો અમુક વજન અને આકારની 'કેક' બનાવે છે, તે કાપે છે, અને સૌમાં તે કકડો કકડો વહેંચે છે. જાણે કે, પોતાના દેહનો અમુક ભાગ આપી સૌ જોડે પોતાની એકતા અને પ્રેમ વ્યક્ત કરે છે. ઉંમરની સંખ્યા મુજબ દીવા કરે છે અને તેને બૂઝવવાનો વિધિ કરે છે. છેવટે જીવનદીપ બુઝાશે એ ભાવમાંથી આ હશે? કોણ જાણે!

"હરિજન'ના એક વાચકે ઉત્તર હિંદમાંથી એક પત્ર લખ્યો ને પૂછ્યું કે, વરસગાંઠ ઊજવીએ છીએ તેમાં 'મરણ-ગાંઠ' એક વરસ પાસે આવી એ પણ નથી ઊજવાતું? વાત સાચી છે. પણ સામાન્ય જગત એ ભણી જોતું નથી.

આપણે ત્યાં વરસગાંઠ ઊજવવાનો બહુ મોટો સંસ્કાર નથી. પશ્ચિમના લોકોનું જોઈને કદાચ એ વધવા લાગ્યો છે, અને તેને સુખી લોકો ઊજવે છે. પરંતુ બહુ વ્યાપક આચાર તે છે એમ કહેવાય?

પરંતુ જાહેરજીવનના ક્ષેત્રમાં આજકાલ આ કાંઈક વધવા લાગ્યું છે, એમ નથી લાગતું? આ યુગ જાહેરાતખોરીનો છે; યેન કેન પ્રકારેણ, બને તેટલા પ્રસંગો યોજીને કાંઈક ઊજવવાનું વધતું લાગે છે. વરસગાંઠ, 'વનપ્રવેશ', ષષ્ટિપૂર્તિ, જયંતી, અમુક-દિન, અમુક માટે અભિનંદન સભા, ઇ૦ રીતિઓ જાણીતી થઈ છે. પુસ્તક-પ્રકાશન-વિધિ પણ થવા લાગ્યા છે. આ બધામાં, જાહેર જીવનમાં પ્રસંગો યોજવાની ભૂખ — અને કેટલાક માટે તો ચળ પણ કહી શકાય, — કામ કરતી હોય છે. કોને માટે યોજાય છે, એ પણ સૂચક હોય છે. છાપાવાળા તેના ફોટા સહિત ખબરો દ્વારા આ ભાવોને ખાતર-પાણી પહોંચાડે છે. અને આ બધામાં અમુક સામાજિક વિવેક અને અભિરુચિથી આગળ જઈને ખુશામત અને દંભ ઇ૦ની છાંટ પણ પેસે છે, એમ ઉપર ટાંકેલા પત્રલેખક ટકોર કરે છે.

આ બધામાંથી, એક એવું પણ પછી થઈ રહે છે કે, મોટા લોકોને પોતાની સ્તુતિ સાંભળવી ગમે છે અને પછી તેના સ્તુતિપાઠકો તેનો સમારંભ કરવાનો લાગ જુએ તો તે ઝડપીને એ આપે છે. અને એમ પરસ્પર-ભાવથી આખું બધું ચાલે છે! સમાજના સ્વાસ્થ્ય માટે જરૂરનું છે કે, આ બધામાં પણ અમુક સુરુચિ, વિવેક મર્યાદા, ઇ૦ આવવાં જોઈએ. નહીં તો જાહેરજીવનના વાતાવરણમાં દંભ, ખુશામત, ઇ૦ ની વાસ અતિ વધી જવાથી ગૂંગળામણ થાય એવું બને. સ્વ૦ રમણભાઈ નીલકંઠે વરસો ઉપર 'માનપત્રના પાઠ' દ્વારા આ બાબતમાં ટકોર કરી છે, તે જાહેરજીવનની સદાબહાર વસ્તુ જ નથી?

૨૫-૯-'૫૫ મ૦

વિદ્યાર્થી મંડળોની મૂંઝવણ

અખિલ ગુજરાત વિદ્યાર્થી કોંગ્રેસ, ખેરવા, જિ૦ મહેસાણા, મુકામે તા. ૨૪-૯-'૫૫ના રોજ મળી. તેમાં મંગળપ્રવચન કરવા મને બોલાવ્યો હતો. તે અંગે પત્ર લખતાં, કોંગ્રેસના મંત્રીએ તેમાં લખ્યું તે શિક્ષણ-જગત આગળ મૂકવા જેવું છે. તેમણે કહ્યું કે,

"ઉદ્‌ઘાટન પ્રસંગે મારી તેમ જ વિદ્યાર્થી પ્રવૃત્તિની જે સામાન્ય મૂંઝવણ છે તેનું નિવારણ થાય તે માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે કંઈક માર્ગદર્શન કરાવો તે માટે નીચેના મુદ્દાઓ માત્ર સૂચન રૂપે, નમ્રભાવે રજૂ કરું છું:

"૧. પહેલાં કેળવણીની સંસ્થાઓ માત્ર સરકારી નોકરો તૈયાર કરનાર કારખાનાં જેવી હતી. એટલે તેમાં જે રાષ્ટ્રીયતાનો અભાવ હતો અને પૂર્ણ વ્યક્તિત્વના વિકાસની તકનો પણ અભાવ હતો, તે ગામડાં અને શહેરોનાં વિદ્યાર્થી મંડળો પૂરો કરતાં હતાં.

"આજે પરિસ્થિતિ બદલાઈ છે. પહેલાં વિદ્યાર્થી મંડળો કરતાં તેવી પ્રવૃત્તિનો શાળામહાશાળાઓમાં તેમ જ સરકાર દ્વારા સ્વીકાર થયો છે. તો આ સંજોગોમાં હવે એવાં સ્વતંત્ર વિદ્યાર્થી મંડળો શું કરે? તેમણે શી પ્રવૃત્તિઓ કરવી?

"૨. બીજું આજે વિદ્યાર્થીઓમાં 'ઇનિશ્યેટિવ' (પહેલ કરવાની વૃત્તિ) ખીલે એ ઢબે કશું ચાલતું દેખાતું નથી. બધે ઉપરથી આદેશ આવે છે અને વિદ્યાર્થીઓને સામાન્ય રીતે તે ગમતા હોતા નથી. તો ૧૯૪૨ના અરસામાં જે રીતે સ્વયંસ્ફૂર્તિથી તેઓ પ્રવૃત્તિઓ ચલાવતા હતા, તેવું આજે કંઈક થઈ શકે ખરું? વિદ્યાર્થીઓના જુસ્સાને 'ઇનિશ્યેટિવ' વિધાયક રીતે કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય?

"૩. શાળાઓમાં બાહ્ય ફેરફાર થયા છે. છતાં ઘણા કેળવણીની સંસ્થા ચલાવનારાઓ હજુ સુધી પહેલાંના વિચારોની પકડમાંથી છૂટી શક્યા નથી. જ્યારે વિદ્યાર્થીઓ તો સ્વાભાવિક રીતે સમાજમાં જે પરિવર્તન અનુભવી રહ્યા છે તેને પરિણામે તેઓ કંઈક નવું ઝંખે છે. તેમની આકાંક્ષાઓ જુનવાણી માનસના કેળવણીકારો સંતોષી શકતા નથી. અને પરિણામે તેઓમાં એક છેડે વ્યગ્રતા અને રોષની લાગણી અને બીજે છેડે નિરાશા અને મિથ્યાપણાની ભાવના દૃઢ થતી દેખાય છે, જે ખરેખર ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન છે.

"૪. અને એને જ પરિણામે નાની નાની બાબતોમાં તેઓ ઉશ્કેરાઈ જઈ હડતાળ કે તોફાનને આશરે જાય છે. તો તેમની મુશ્કેલીઓ, અગવડો, અન્યાયો અને ફરિયાદોના નિવારણ માટે શું કોઈ શાંતિભરી પ્રક્રિયા તેઓને ન આપી શકાય? શું એની કોઈ 'ટેકનિક' ન હોઈ શકે? કેળવણી ખાતું કંઈક ન કરી શકે?"

મારું વ્યાખ્યાન લખીને નહોતો જઈ શક્યો. તે પ્રસંગે જે વિવેચન કર્યું તેમાં આ સવાલોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જોકે તેના જવાબ ચર્ચ્યા એમ ન ગણાય. છતાં તેમને સ્પર્શીને કેટલીક વાતો કરી. તેમાંથી કેટલાંક બિંદુઓ સ્વતંત્ર રૂપે આગળ પર નોંધવા ધારું છું. અત્યારે ઉપરના પ્રશ્નો વાચકોની ચર્ચા માટે રજૂ કરું છું. વિદ્યાર્થીપ્રવૃત્તિને માટે એ તલસ્પર્શી છે, એ ઉઘાડું છે.

૨૫–૯–'૫૫ મ૦

લોકશાહી અને તદ્વિદશાહી

મુંબઈની નીચલી ધારાસભામાં વલ્લભ વિદ્યાપીઠનું બિલ ચર્ચાતું હતું તે દરમિયાન, એમ લાગે છે કે, તેના વાદવિવાદની ગરમીમાં મુખ્ય પ્રધાને એવું કહ્યું કે, તદ્વિદો કાંઈ દેવ નથી કે તેઓ કહે તે બાબા-વાક્ય માનવું જોઈએ. અને તદ્વિદો કદી એકમત થતા જોવા મળે છે ખરા? એવી ટકોર કરી. છાપાંવાળાઓએ આ વસ્તુને કાંઈક વધારેપડતી ઉપાડી લીધી; બાકી તેને વિનોદમાં સમજી લેવાય એવી હતી.

જ્યાં સુધી આપણે સર્વજ્ઞ ન થઈએ, ત્યાં સુધી બીજાની વાત સાંભળવી તો પડશે જ, અને તદ્વિદ પર તો ડગલે ને પગલે આપણે સૌ જાણ્યેઅજાણ્યે પણ, આધાર રાખીએ જ છીએ. છતાં તેનો અર્થ હરગિજ એમ નથી કે, આપણી સામાન્ય વિવેકશક્તિ બીજાને સોંપી દેવી. કોઈ પણ એકાંતિક 'શાહી' પેઠે તદ્વિદશાહી પણ અનિષ્ટ જ છે.

પણ આપણો વિવેક જ ખરો છે એમ પણ માની ન શકાય, જોકે નમ્રતાપૂર્વક છતાં વિવેકશક્તિ વાપરવી જોઈએ, એ મનુષ્યના બુદ્ધિવ્યાપારનો કાયદો છે.

પણ મુખ્ય પ્રધાનના આ વિધાન વિષે સરકારી બી.સી.જી.વાળા શું કહે? તેઓ શું માનીને ચાલે છે? તેઓ તો તદ્વિદોનું માનીને જ ચાલતા હોય એવું લાગે છે. તદ્વિદો એકમત ભાગ્યે હોય છે એ અહીં તો ઘણું સાચું છે. અમુક દાક્તરો બી.સી.જી. સારી છે કહે છે; એટલા જ કુશળ બીજા દાક્તરો ઊલટું કહે છે! સરકારો એમાંના એકને—અને તે પહેલા પક્ષને—દેવ માનીને ચાલે છે! અને ખરેખર 'દેવ' જ માને છે, કેમ કે તે દવા દ્વારા ક્ષયમાંથી મુક્તિ અમે આપીએ છીએ એવું દેવનું વરદાન જાણે આપે છે, એવા દાવાથી આગળ વધે છે! જેમ કે, વડી સરકારનાં આરોગ્ય પ્રધાન રાજકુમારી શ્રી અમૃતકોરબહેન કહે છે કે, ડૉ. રૉય અને ડૉ. જીવરાજ જેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાક્તરો બી. સી. જી. સારી રસી છે કહે છે; એટલે દેશભરનાં બાળકોની હવે ખેર નથી કે, તે એ રસીના ઝપાટામાંથી બચી શકે !

પણ શ્રી રાજાજી અહીંયાં જુદા પડે છે. તે કહે છે કે, તદ્વિદો તો સામે પણ કહે છે. તેથી કરીને આપણે તદ્વિદોથી તણાઈ ન જવું જોઈએ; આપણે આ રસી બાબતમાં સ્વતંત્ર વિવેક કરવાની જરૂર છે. તદ્વિદ દાક્તરો તો એની જ વાતોમાં રમ્યા કરે, તેથી તેમનો વિચાર વધારેપડતો રંગાયેલો કે ઘેરાયેલો હોય. અને દાક્તરી તદ્વિદોમાં બે મત છે તેનું શું ?

આ તદ્વિદોનું પણ એક અલાયદું તર્કશાસ્ત્ર હોય એમ લાગે છે. યુદ્ધકાળમાં જ્યારે ‘મિલો’–રાતડિયો ખવડાવવો હતો, ત્યારે તદ્વિદો તેને ઘટે એવો તર્ક–અને તે પણ શાસ્ત્રશુદ્ધ પરિભાષામાં !–બહાર પાડતા. ઘઉં ઓછા મળતા ને બાજરી મળતી ત્યારે તેના આહારગુણદોષ પરત્વે તેવો ઘાટ ઉતારતા. અરે, તાજો દાખલો જોઈએ તો પેલા ‘વનસ્પતિ’નો ક્યાં નથી ?

‘જેનું ખાઈએ ધાન, તેનું ગાઈએ ગાન’ એવા અર્થની એક અંગ્રેજી કહેવત છે. વિજ્ઞાનમાં પણ હવે એક ‘ગવર્નમેન્ટ સબ્સિડાઈઝ્ડ (એટલે કે, સરકારી નાણાંથી નભતું) વિજ્ઞાન કહેવાવા લાગ્યું છે. વિજ્ઞાની શોધખોળ કરવાનું ખર્ચ આજે એવડું મોટું હોય છે કે, વિજ્ઞાનીઓને તેને માટે સરકારનું શરણું લેવું પડે છે. અને જગતભરમાં સરકાર તો કેવી રીતે ચાલે છે, તે સૌ જાણે છે. તેઓ મતભેદ કે વિરોધ ઝટ સાંખી લેતી નથી; તેમને તે ગમતો નથી. તેમના નોકરોએ તો એ પરત્વે છેવટે ચૂપકી સેવીને પણ શિસ્ત સાચવવી જ પડે છે. અને જેઓ તેને અનુકૂળ હોય તેઓ સરકારના કામ પૂરતા પ્રમાણભૂત તદ્વિદમાં ખપે, એ ઉઘાડું છે.

આમ છતાં, જાહેર કામો અંગે તદ્વિદોની તકરારોમાંથી રસ્તો તો કાઢવો જ જોઈએ. અને એ રસ્તો સાચો પણ હોય એવી ચીવટ રાખવી જોઈએ. આ કઈ રીતે થાય છે તે પરથી દેશનો કારભાર કયા પ્રકારની ‘શાહી’થી ચાલે છે તે પરખાય છે. લોકશાહી ચાલે છે કે તદ્વિદશાહી કે સરમુખત્યારશાહી કે કેવી ‘શાહી’, એ તે પરથી જોઈ શકાએ. લોકશાહી તદ્વિદશાહી નથી; પણ તે તદ્વિદોનો ઇન્કાર પણ કરનારી નથી હોતી. તેમની મદદ લે, પણ તેનાથી દોરાઈ ન જાય. એવું હોવાથી જ ઘણાં રાજ્યોમાં બાંધકામ ખાતામાં ઇજનેર કે આરોગ્ય ખાતામાં દાક્તર-વૈદ પ્રધાનો નથી, એ સંભવી શકે છે. જોકે, બી. સી. જી. બાબતમાં તો તેમને ફાવતા તદ્વિદોને દેવ માનીને ચાલે છે અને તેથી બીજા વિચારને રોકે છે કે દબાવે છે કે કશા લેખામાં લેતા નથી, એ શ્રી રાજાજીએ કરેલી ટીકાને પાત્ર થાય છે.

૨૫–૯–’૫૫ મ૦

તદ્વિદ અને વહીવટદાર

મને લાગે છે કે, તદ્વિદ અને રાજવહીવટદાર કે કારભારી વચ્ચે ગજગ્રાહ જેવું લોકશાહીમાં એક સામાન્ય ભયસ્થાન જ છે, એમ નથી લાગતું ? તદ્વિદ તો તદ્વિદ જ છે; અમુક તમુક તે એટલું બધું જાણે કે તેમાં પછી બીજા કશા ખ્યાલ વિચાર કે ક્યાસને માટે જગા જ ન રહે. કારભારીની વાત એથી ઊલટી; તે બને એટલી બધી બાજુનું છૂટક છૂટક અને રંગબેરંગી અથવા મરચા–મસાલેદાર જાણે કે તેનો પાર નહીં. પણ તે બધાના મુખ્ય કેન્દ્રમાં એની નજરમાં એનો વહીવટ સચવાય અને બરોબર ચાલે એ રહે છે:— કહો કે એ રહેવું જોઈએ. પછી એમાંથી કારભારું એટલે પોતાને મંજૂર હોય તે વાત કે વિચાર કે પોતાની સત્તા, એવો ભ્રષ્ટાર્થ પણ થઈ જાય. એમાંથી જ હિંદના ગયા રાજ્યકાળમાં નોકરશાહી સરકાર બની બેઠેલીને ? આ ‘શાહી’ તે મૂળે જોતાં રાજવહીવટદારશાહી જ હતી ને ?

રાજવહીવટ કે કારભારાનું કામ પણ એક તદ્વિદકાર્ય જ છે. અને તેઓ પણ એક અર્થમાં તદ્વિદ જ ગણાય. લોકશાહી એથી પણ પર રહેલી વસ્તુ છે.

શ્રી જયકરે એક વ્યાખ્યાનમાં વરસો ઉપર, આ વિષે એક દાખલો આપીને ચર્ચા કરેલી યાદ આવે છે. તેમણે કહ્યું કે, ધારો કે એક ઇજનેરી કામ કરવું છે. ઇજનેરો કહેશે, આમ કરો ને તેમ કરો. તેઓ તેમની વિદ્યાની વાતને ગોઠવવા પહેલું તાકશે, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામની જરૂર હશે તેને તેમાં જોગવવા મથશે. થવું જોઈએ એમ કે, કામની જરૂર રાજકારભારી કહે તે મુજબ ઇજનેરે પોતાની વિદ્યા દાખવવી જોઈએ. હવે જો તેને બદલે ઇજનેર તેની વિદ્યા કહે તેમ કામને ગોઠવવા ને બંધબેસાડવા કહે, અને તેનાથી દોરવાઈને કારભારી ચાલે તો? આને તદ્વિદશાહી કહેવી પડે. કારભારીની દૃષ્ટિ તેથી આગળ જનારી વાત છે. ઇજનેરની તદ્વિદ્યા કોઈ કામ કેમ કરવું તેમાં રહેલી છે; કયું કામ કરવું તેમાં નહીં. પરંતુ ઘણી વાર તદ્વિદો આ ઝીણી મર્યાદા ઓળંગી જાય છે અને કારભારીઓ તેમાં સપડાય છે. આથી જ કહેવામાં આવે છે કે, રાજકારભારી કેવળ વહીવટિયો જ ન હોય, તે ઉદારનીતિજ્ઞ રાજપુરુષ હોવો જોઈએ, અને પોતાના અહમ્ ઉપર કાબૂ રાખી જાણનારો હોવો ઘટે.

૨૬–૯–'૫૫ મ૦

રાજકારણના રંગ

પટણામાં ઑગસ્ટ માસમાં તોફાન અને ગોળીબાર થયાં, તેણે ઠીક ઠીક હોહા અને ચર્ચા જગવી છે. બિહાર સરકાર જ નહીં, જવાહરલાલજી અને જયપ્રકાશજી પણ તેમાં આવે છે. વિદ્યાર્થીઓએ, કહે છે કે, રાષ્ટ્રધ્વજનું કોઈક રીતે અપમાન કર્યું. મુંબઈમાં પણ એમ થયું હતું, નહીં? હવે વાત એમ છે કે, ના પટણામાં કે ના મુંબઈમાં કોઈ જ એવી ઓછી દેશભક્તિવાળું, ખરેખર જોતાં, હશે કે જે પોતાના રાષ્ટ્રધ્વજનું અપમાન કરવાનું કદી તાકે. પણ ગુસ્સામાં આવી જઈએ ત્યારે ન થવાનું થઈ બેસે છે એ સૌને ખબર છે. તેમાંય ટોળા-માનસમાં તો એ વળી ઝટ અને વધુ જોરદાર રીતે બને છે, એમ માનસશાસ્ત્રીઓ કહે છે.

વિચાર કરીએ તો, એક વાત એ જોવાની છે કે, બંને જગાએ ટોળાં સરકાર સામે ગિન્નાયાં હતાં. અને રાષ્ટ્રધ્વજ સરકારનો ધ્વજ છે એમ માની બેઠાં, એટલે સરકાર પરની ચીડ ધ્વજ પર બતાવી અને જે બન્યું તે બન્યું, એમ લાગે છે.

પણ, જવાહરલાલજી પટણાના બનાવ અંગે એવા ચિડાયા કે તેમણે કહ્યું કે, રાષ્ટ્રધ્વજની શાન માટે લોકોને મારી પણ નાખવા પડે! આ ઉપરથી જાત જાતની ટીકાઓ જાગી છે. અગાઉ થોડાં વર્ષ પર કાળા બજાર અંગે પણ તેના કરનારાને ફાંસી આપવાની વાત નહોતી કરી? ભાવોદ્રેક એક અર્થાલંકાર છે, એમ જો સાહિત્યિકો હવે વિચારે તો સારું. કે પછી અતિશયોક્તિ કે અત્યુક્તિમાં તે આવી જાય?

એક છાપાએ એવું કહ્યું કે, રાષ્ટ્રધ્વજની શાન મોટી કે ઇન્સાન? અને એની દલીલમાં ચગીને સ્વ૦ કિશોરલાલભાઈએ રાષ્ટ્રધ્વજનું વેદાન્તી પંચીકરણ એક જગાએ કર્યું છે, તે યાદ અપાવ્યું. તેમાં ઘણું કરીને તેમણે એમ કહ્યું છે કે, ધ્વજ છેવટે તો એક વસ્ત્રનો ટુકડો જ છે ને! વાત સાચી; પણ ટુકડા ટુકડામાં ફેર હોય છે ને? અને તે ફેર આપણાં તે પરત્વેનાં ભાવ-ભાવનાઓથી જ હોય છે ને? દુનિયામાં જે બધી જુદાઈ જોવા મળે છે તે એથી જ છે ને? જુદા જુદા ઘાટ છે, પણ 'અંતે તો હેમનું હેમ હોય!'

અને જો એમ જ જોઈએ તો ઇન્સાનને તપાસતાં શું રહેશે? 'ગંદી દેહનો ગાડવો' જ ને? કે જેનો કાયદો છે—'જે જાયું તે જાય'! અને પછી ગીતાનો અર્જુનને અપાયેલો બોધ પણ ટાંકી દઈ શકીએ!

મને લાગે છે કે, આમ વાત કરવી એ રીતમાં જ કંઈક દોષ માનવો જોઈએ. પરંતુ રાજકીય રંગમાં વાતોની ચર્ચા કદાચ આપમેળે આ ઢબે ચડી જતી હશે, નહીં વારુ?

પટણાનો કિસ્સો હવે એક ન્યાયમૂર્તિ પાસે તપાસાય છે, એટલે એની ચર્ચામાં પડવાની જરૂર નથી.

૨૫–૯–'૫૫ મ૦

વાવટો રાષ્ટ્રનો કે સરકારનો?

રાષ્ટ્રધ્વજ આખા રાષ્ટ્રનો છે, નહીં કે તેની જે કોઈ તત્કાલીન સરકાર હોય તેનો કે તેના પક્ષનો. આ દીવા જેવી વાત ભુલાય ત્યારે કેવી કમનસીબી થઈ બેસે, તેનો એક દાખલો હમણાં દક્ષિણ હિંદમાં પણ બનેલો, તે વાચકને યાદ હશે.

દ્રાવિડ સંગઠનના નાયકે હિંદીના વિરોધમાં રાષ્ટ્રધ્વજ જાહેરમાં બાળીશ એવું ઠરાવેલું. છેવટે તે ત્યાંના મુખ્ય પ્રધાનના કહેવાથી માની ગયા. કારણ એક મદ્રાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રે આંખ મિચકાવી મને કહ્યું કે, શ્રી કામરાજ નાડર પણ અબ્રાહ્મણ છે ને!

અહીંયાં મને એક અંગ્રેજી કવિતા યાદ આવી. અમેરિકામાં આંતરયુદ્ધ થયું ત્યારે દક્ષિણ પક્ષનો સેનાની એક ગામમાં કૂચ કરતો દાખલ થયો. ગામના એક ઘરના ઝરૂખામાં અમેરિકાનો રાષ્ટ્રધ્વજ ફરકી રહ્યો હતો. દક્ષિણપક્ષના સેનાનીએ હુકમ કર્યો કે, તેને ગોળીથી તોડી પાડો. એમ થાય છે ત્યાં એક વૃદ્ધા આવીને ધ્વજને ઝાલે છે અને કહે છે, 'આ ધ્વજ આપણા રાષ્ટ્રનો છે — તમારો પણ છે. તેને અપમાનો તે પહેલાં મારા જાન લો.' કવિ કહે છે, સેનાનીને ભાન આવ્યું; હુકમ રદ કર્યો અને સેના ધ્વજને ઊડતો રહેવા દઈ આગળ ગઈ!

અહીં પણ પેલા સેનાનીએ એ જ ભૂલ કરી કે, રાષ્ટ્રના ધ્વજને તેણે ઉત્તરપક્ષનો માન્યો — સરકારનો માન્યો! એક વૃદ્ધ બાઈએ પોતાના જાન વચ્ચે હેકવીને તેને સાન આપી.

આ વસ્તુને એક કવિએ અમર કરી છે. મને થાય છે કે, દક્ષિણના આપણે ત્યાંના કિસ્સા પરથી કે પટણાના કિસ્સા પરથી આપણે ત્યાં કેમ કોઈ કવિતા ન ઝરી?

કદાચ આજે હિંદમાં કવિહૃદયો પણ ચાલુ રાજ્યરંગમાંથી નીકળીને એમના અગનવ્યોમમાં વિચરી ન શકતાં હોય, એમ તો ન હોય? આઝાદી આવ્યા કાળથી કાવ્યની પાંખો આ રીતે ભારે થઈ ગઈ હોય કે શાથી, આપણને આ મહા પરિવર્તન પરત્વે કવિગાન ઓછું — નહિવત્ સાંભળવા મળ્યું!

૨૫–૯–'૫૫ મ૦

પંજાબમાં ભાષાઓનો પ્રશ્ન

પંજાબ રાજ્યની રાજ્યભાષા પરત્વે કેટલાય વખતથી ઝઘડો ચાલે છે. તેની સાથે, ભાષાવાર અલગ પંજાબી રાજ્યરચનાનો સવાલ પણ સંકળાયો છે. એટલું જ નહીં, આમાં કોમવાદની પણ અસર છે. મતલબ કે, આ સવાલ ત્યાંની પ્રજાના મૂળ ઘડતરના ઊંડા ભાવોમાંથી જાગે છે.

ભાષાને કોમ જોડે શું, એમ કદાચ કોકને થાય તો કહું કે, ઉત્તર પ્રદેશમાં હિંદી અને ઉર્દૂ પરત્વે એ ભાવ નથી? એ ભાવ સંસ્કૃત, અરબી, ઇ૦ પ્રાચીન ભાષાઓ જોડે પણ નથી?

આવા આવા અનેક ભાવો આપણી ઇતિહાસ-જૂની પ્રજાની અંદર અંકાયેલા પડ્યા છે, જેમના તરફ આંખ આડા કાન કરી ન શકીએ. એટલે પછી તેમનું પરિશોધન કરવું રહ્યું. આપણા પ્રાચીન રાષ્ટ્રનો જે સાચો લોકાત્મા છે, તેનું સંશોધન કરીને આપણા સાચા રાષ્ટ્રભાવનું નવસર્જન કરવાનો સમય આવ્યો છે, એ આ બધા ઉપરથી દીવા જેવું ઉઘાડું છે.

પંજાબમાં મુખ્ય બે કોમો છે — હિંદુ અને શીખ. શીખ કોમ હિંદુઓથી પોતાને અલગ માને છે, જોકે શીખધર્મ હિંદુધર્મનો જ એક ફાંટો છે. પરંતુ તે ધર્મપંથે ઇતિહાસ-કાળમાં પોતાના વિકાસમાં નવો સંપ્રદાય જ નહીં, હિંદુ સમાજથી અલગ એવો બીજો સમાજ પણ રચ્યો છે. તેમાં તેણે નવી લિપિ — ગુરુમુખી પેદા કરી છે અને તેમાં ગુરુ ગ્રંથસાહેબ લખાય વંચાય છે. બીજી તરફ પંજાબમાં આર્યસમાજે ઠીક ઠીક પ્રભાવ પાડ્યો છે. શિક્ષણ, આચાર વિચાર વગેરે પર તેની અસર પહોંચી છે. હવે આર્યસમાજનો ધર્મગ્રંથ 'સત્યાર્થપ્રકાશ' હિંદી ભાષામાં નાગરી લિપિમાં છે.

આ બંને પ્રવાહો ત્રીજા ઇસ્લામના પ્રવાહ સામે અમુક વિરોધભાવ ધરાવતા રહ્યા છે. અને એકમેકમાં પણ અલગતા ભાળીને ચાલ્યા છે.

છતાં જો લોકાચાર જુઓ તો તે આખા પ્રદેશમાં ઉર્દૂ ભાષા ચાલતી આવી છે અને એ દશા આજ સુધી કાયમ છે! પણ હવેના વાતાવરણમાં આ ચાલુ વસ્તુ રુચતી નથી અને તેમાંથી ભાષા-યુદ્ધ જાગે છે!

પંજાબના અમુક હિસ્સામાં પંજાબી ભાષા અને ગુરુમુખી લિપિ ચાલે અને અમુક બીજા હિસ્સામાં હિંદી અને નાગરી લિપિ ચાલે, એવું ત્યાંના પ્રધાન-મંડળે વિચાર્યું છે. અને ઉપરાંતમાં એવું ઠરાવ્યું છે કે, બે વિભાગોની શાળાઓમાં એક ભાષા મુખ્ય રહે ને બીજીનું પ્રાવેશિક જ્ઞાન કે પરિચય પણ મેળવવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

11269

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેશે. આથી ઊલટું બંને વચ્ચે પરસ્પર પરિચયનું સાધન રહે, એમ ખ્યાલ રખાયો લાગે છે.

આ નિર્ણય લઈ શકાયો એ પણ એક સારી વાત મનાઈ, કેમ કે કશા જ તોડ પર અવાશે કે કેમ એ જ સવાલ હતો.

આ વિષે હમણાં દિલ્હીમાં કેટલાક એમ. પી. તથા બીજાની સભા થઈ, તેમાં ઉપરના નિર્ણય પર ટીકા થઈ. શ્રી ટંડનજીએ કહ્યું કે, "પંજાબી એ હિંદીની એક બોલી છે, — જેમ ઉત્તર પ્રદેશની અવધી, વ્રજભાષા અને બિહારની ભોજપુરી છે તેમ. તેને જુદી ભાષા માનો તોપણ તે કેવળ ગુરુમુખીમાં જ લખાય એ તદ્દન ગેરવાજબી છે." સભાની સૂચના એવી હતી કે, આખા રાજ્યમાં પંજાબી ભાષા ગુરુમુખી ને નાગરી બંનેમાં લખાવી જોઈએ. શ્રી ટંડનજીએ એમ કહ્યું કે, બાળકો એ ભાષામાંથી કઈ ભાષા દ્વારા શીખે તેની પસંદગી કરવાની માબાપને છૂટ હોય; અને શિક્ષકોને બંને ભાષા આવડે એવું હોવું જોઈએ.

ઉપરની સૂચના સારી છે. તે દ્વારા વધારે સારું કામ થઈ શકે; પરસ્પર-મેળ પણ વધે. આ જ નીતિને શ્રી ટંડનજી ઉત્તર પ્રદેશમાં ઉર્દૂ અંગે નથી માનતા એટલી વિચિત્રતા છે. ઉર્દૂ પણ હિંદીની શૈલી છે એમ તે કહેતા. જુદી ભાષા માનો તોય હિંદી સાથે બંને લિપિ લેવા તે તૈયાર નહોતા, અને યુ૦પી૦ની સંસ્કૃતમય હિંદી કરવા તરફ પોતાનું બળ પ્રેર્યું. બાકી તેમણે પંજાબી માટે જે ન્યાય તોળ્યો તેવો જ હિંદી માટે તોળત, તો રાષ્ટ્રની આંતરભાષાનો સવાલ બહુ સહેલાઈથી આગળ વધી શકત.

૨૬-૯-'૫૫ મ૦

સ્વ૦ રત્નમણિરાવ

ગુજરાતના ઇતિહાસના અભ્યાસી અને લેખક શ્રી રત્નમણિરાવ ૬૦ વરસની ઉંમરે થોડા દિવસ પર દેવલોક પામ્યા, તેની સખેદ નોંધ લઉં છું. ગુજરાતમાં ઇતિહાસના અભ્યાસી ગણ્યાગાંઠ્યા છે, તેમાં ભાઈ રત્નમણિરાવ અગ્રગણ્ય હતા. ગુજરાતની પોતાની યુનિવર્સિટી હવે થઈ છે, એટલે આ ખોટ ભાગવી જોઈએ. અર્વાચીન ગુજરાતનો સંશોધનપૂર્ણ અને સુસંબદ્ધ ઇતિહાસ તૈયાર કરવાનું એક મોટું કામ બાકી છે. તેનાં અનેક અંશો અને પાસાં છે, તેમાં જઈને અભ્યાસ અને સંશોધન કરવાની પ્રેરણા સ્વર્ગસ્થના જવામાંથી નવી પેઢીએ લેવી જોઈએ. એ એમનું સાચું તર્પણ છે. પ્રભુ એમને શાંતિ અર્પો.

૨૬-૯-'૫૫ મ૦

અનુકરણીય

ગયા મંગળવારે બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઈસચૅન્સેલર ડૉ. પી. રામસ્વામી આયરે 'ભારતીય ભાષા સંગમ' નામની સંસ્થાનો આરંભ કર્યો હતો. એ સંસ્થામાં તામિલ, તેલુગુ, કન્નડ, બંગાળી, મરાઠી, ગુજરાતી વગેરે ભાષાઓ શીખવાની જેમની ઇચ્છા હોય, તેમને તે શીખવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. એની પાછળ એ માન્યતા રહેલી છે કે,— એ માન્યતા ઘણા લોકો વારંવાર વ્યક્ત કરે છે પરંતુ એક અપવાદ સિવાય કોઈને પણ તેનો અમલ કરવાનું સૂઝ્યું નથી એ નવાઈની વાત છે! — ભારતનો પ્રત્યેક નાગરિક પોતાના સિવાયના પ્રદેશ અને સંસ્કૃતિને વિષે કંઈક જાણે એ રાષ્ટ્રીય એકતા અને સુદૃઢતાને માટે આવશ્યક છે. અને લોકોની ભાષા તથા તેમનું સાહિત્ય એ જ તેમના મન તથા તેમની સંસ્કૃતિનો પરિચય કરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે.

આ પહેલાં પણ અમે જણાવી ગયા છીએ કે, આપણી યુનિવર્સિટીઓ ચીની, સ્પેનિશ, ફ્રેંચ અને જર્મન વગેરે તથા બીજી પરદેશી ભાષાઓના વર્ગો કાઢવા માટે એકબીજી સાથે સ્પર્ધા કરી રહી છે, જ્યારે હિંદની કોઈ પણ પ્રદેશભાષા શીખવવા માટેના વર્ગો કાઢવાનો ભાગ્યે જ કોઈ વિચાર પણ કરે છે. એ જરા વિચિત્ર છે. ભારતીય ભાષા સંગમે તામિલ, તેલુગુ, બંગાળી, મરાઠી, ગુજરાતી વગેરે હિંદની જે કેટલીક ભાષાઓના વર્ગો શરૂ કર્યા છે તેમાં ડિપ્લોમા માટેના અભ્યાસક્રમો તેણે શરૂ કરવા જોઈએ તથા મધ્યસ્થ પબ્લિક સર્વિસ કમિશન તથા બીજાં પબ્લિક સર્વિસ કમિશનોએ જાહેર કરવું જોઈએ કે, એકથી વધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય ભાષા જાણનાર વહીવટી નોકરીઓના ઉમેદવારોને વધારે ગુણો આપવામાં આવશે.

[ઉપરનું લખાણ અલ્લાહાબાદના લીડર પત્રમાંથી (ઑગસ્ટ ૨૭, ૧૯૫૫) લીધું છે. 'શિ૦સા૦' હમેશાં આપણી યુનિવર્સિટીઓમાં એ સુધારો કરવા માટે હિમાયત કરતું આવ્યું છે. હિંદની એકતા તથા તેની સુદૃઢતા આપણી મહાન ભાષાઓના પરસ્પર અને આદરપૂર્વકના અભ્યાસથી તથા આપણા આંતરપ્રાન્તીય અને અખિલ હિંદ સાથેના સંપર્ક માટે સહિયારી ભાષા તરીકે હિંદીનો પરિચય મેળવી લેવા થકી સાધી શકાશે. આપણી સરકારોનાં કેળવણી ખાતાંઓ તથા આપણી યુનિવર્સિટીઓ આ મુદ્દા સમજે અને તે અનુસાર કેળવણીની નવરચના કરે.

૨-૯-'૫૫ મ૦]

મુંબઈમાં માધ્યમનો જંગ

સૌરાષ્ટ્રથી એક જાણીતા શિક્ષણકાર નીચે પ્રમાણે ઠીક વ્યંગમાં લખે છે કે,

"મુંબઈ યુનિવર્સિટીએ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં માધ્યમનો વિચાર કરવા ૨૩ સભ્યોની એક સમિતિ નીમી. હવે છાપામાં ખબર આવ્યા છે કે, આ વિદ્વાન સભ્યોએ પોતાનો નિર્ણય કરી લીધો છે. યુનિવર્સિટીને ૧૯૬૫માં માધ્યમ બદલવા આ સમિતિએ ભલામણ કરી છે.

"આ નિર્ણય તો ભારે ઉતાવળો છે! ઉચ્ચ શિક્ષણમાં આટલો ઝડપી ફેરફાર શા માટે? માધ્યમ-ફેર એ પ્રથમ ફેરફાર છે, અને તેને જેમ વાર લાગે તેમ સારું! રખેને કંઈ નુકસાન થઈ બેસશે. માધ્યમ-ફેરથી અધ્યાપકને દેશની એકાદ નવી ભાષા શીખવી પડે કે માતૃભાષામાં બોલવાની ટેવ પાડવી પડે, એ કેટલું વિકટ કાર્ય છે! આ પ્રશ્ન તો દૂર ધકેલાય તો જ ઠીક.

"એટલે મુંબઈ યુનિવર્સિટીએ માધ્યમ બદલવાનો વિચાર ૧૯૬૫માં નહીં, પણ ૨૦૬૫માં કરવો જોઈએ. સો વરસમાં ઘણા પ્રશ્નો એની મેળે ઊકલી ગયા હશે. અને શી ખબર, માધ્યમનો સવાલ પણ એની મેળે જ ઊકલી જાય. તો પછી યુનિવર્સિટીને ચિંતા નહીં. વખત જાય, વિલંબ થાય, એ જ ઠીક નીતિ છે. ફેરફાર તો કરવાના જ છે. પણ એમ કેટલેક પહોંચાય?

"દેશ સ્વતંત્ર થયો છે, નવાં બળો જોર પકડતાં જાય છે, એ વાત જૂનવાણી સંસ્થાઓને ભારે ઉપાધિ કરાવે છે. તાજી હવા અંદર આવવા ધસારો કરે છે અને અંદરનાની બધી શક્તિ જાણે કે ભોગળ ભીડી બારીબારણાં બંધ રાખવામાં જ વપરાઈ રહી છે!"

મુંબઈ યુનિવર્સિટી માધ્યમના પ્રશ્ન અંગે અતિ મોડી જાગી એમ તો ખરું, પણ તે એના ઘડપણનો દોષ ન કહેવાય. કેમ કે નવી અને અદ્યતન મનાતી વડોદરા યુનિવર્સિટી પણ હજી ક્યાં વિચાર કરતી દેખાય છે? છતાં, મુંબઈએ એક વાતનો તો ફેંસલો કરી આપ્યો ખરો કે, અંગ્રેજી માધ્યમ જાય છે! થોડાક લોક હજી તેને રાખવામાં છે ખરા, પણ તે વિકલ્પે. મુંબઈ, મદ્રાસ અને કલકત્તા આપણી સૌથી જૂની વિદ્યાપીઠોમાં અંગ્રેજી સરખું જ ગળે પડ્યું લાગે છે! ત્રણે જગાએ તેને રાખવાનાં ફાંફાં મરાય છે.

હવે જ્યારે તે રહે એમ નથી, ત્યારે મદ્રાસે તો કહ્યું કે, તેની જગાએ જ્યારે ત્યારે તામિલ આવશે. કલકત્તા બંગાળી જ કહેશે, એમ માનું છું. પણ મુંબઈ અવનવી અલબેલી નગરી છે; ત્યાં હિંદી આંતરભાષાની વાત ચાલે છે! તે શું મદ્રાસ, કલકત્તામાં પચરંગી વસ્તી નહીં હોય? અને મુંબઈમાં એવી કેવીક પચરંગી વસ્તી છે? કૉલેજ વિદ્યાર્થીઓના આંકડા જાણવા મળ્યા કે, કુલ પચીસેક હજારમાં ૯-૧૦ હજાર મરાઠી, ૮-૯ હજાર ગુજરાતી, અને બાકીના બીજી ભાષાઓના છે. આથી તો ઉઘાડો નિર્ણય છે કે, મરાઠી, ગુજરાતીને માધ્યમનું સ્થાન મળવું જ જોઈએ. એનો ઇન્કાર કરવામાં ભારતના બંધારણનો દ્રોહ રહેલો છે.

હવે મુંબઈમાં માધ્યમનું યુદ્ધ જાગ્યું છે; છેવટે આ સીધી વાત પર તે આવીને શમશે એમ આશા રાખીએ. માધ્યમની વાત આપણા શિક્ષણને સુધારવાનું પહેલું પગથિયું છે. તે સાચી રીતે નહીં ઊકલે ત્યાં સુધી શિક્ષણનું બધું કામ રાગે પડવાનું નથી, એ આપણે સમજી લેવું ઘટે.

૨૩-૯-'૫૫ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાર્વવર્ણિક શાશ્વત ધર્મ : ઇંદ્રિયનિગ્રહ

धर्मस्य विषयो नैके ते ते प्रोक्ता महर्षिभिः ।
स्वं स्वं विज्ञानमाश्रित्य दमस्तेषां परायणम् ॥ १ ॥
नादान्तस्य क्रियासिद्धिर्यथावदुपलभ्यते ।
दमो दानं तथा यज्ञान् अधीतं चातिवर्तते ॥ २ ॥
दमस्तेजो वर्धयति पवित्रं च दमः परम् ।
विपाप्मा तेजसा युक्तः पुरुषो विन्दते महत् ॥ ३ ॥
दमेन सदृशं धर्मं नान्यं लोकेषु शुश्रुम ।
दमो हि परमो लोके प्रशस्तः सर्वधर्मिणाम् ॥ ४ ॥
सुखं दान्तः प्रस्वपति सुखं च प्रतिबुध्यते ।
सुखं पर्येति लोकांश्च मनश्चास्य प्रसीदति ॥ ५ ॥
अदान्तः पुरुषः क्लेशमभीक्ष्णं प्रतिपद्यते ।
अनर्थांश्च बहूनन्यान् अप्रसृजत्यात्मदोषजान् ॥ ६ ॥
क्षमा धृतिरहिंसा च समता सत्यमार्जवम् ।
इन्द्रियावजयो दाक्ष्यं मार्दवं ह्रीरचापलम् ——
अकार्पण्यमसंरम्भः संतोषः प्रियवादिता ।
अविवित्सानसूया चाप्येषां समुदयो दमः ॥ ७–८ ॥

દ્રષ્ટા પુરુષોએ પોતપોતાના અનુભવ-જ્ઞાન મુજબ ધર્મનાં અનેક કર્તવ્યો બતાવ્યાં છે; પરંતુ ઇંદ્રિયનિગ્રહ એ સૌની પરાકાષ્ઠા છે. (૧)

ઇંદ્રિયનિગ્રહ વિનાનો પુરુષ ગમે તે ક્રિયાઓ કરે, તોપણ તેમની યથાયોગ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. દાન, યજ્ઞો, અને વિદ્યાભ્યાસ એ સૌને ઇંદ્રિયનિગ્રહ વટાવી જાય છે. (૨)

ઇંદ્રિયનિગ્રહથી તેજ વધે છે; અને ઇંદ્રિયનિગ્રહ પરમ પાવનકારી છે. એમ પાપરહિત બનેલો તથા તેજયુક્ત બનેલો પુરુષ જ મહાન વસ્તુ પ્રાપ્ત કરી શકે છે. (૩)

ઇંદ્રિયનિગ્રહ જેવો બીજો કોઈ ધર્મ આ લોકમાં અમે સાંભળ્યો નથી. સર્વ ધર્મી પુરુષો આ લોકમાં ઇંદ્રિયનિગ્રહનાં જ વખાણ કરે છે. (૪)

ઇંદ્રિયનિગ્રહી પુરુષ જ સુખે સૂઈ શકે છે અને સુખે જાગી શકે છે. લોકમાં પણ તે સુખે વિચરી શકે છે અને તેનું મન પ્રસન્ન રહે છે. (૫)

ત્યારે, ઇંદ્રિયનિગ્રહ વિનાનો પુરુષ હરઘડી ક્લેશ પામ્યા કરે છે; અને પોતાનાથી થતા દોષોને કારણે કેટલાય બીજા અનર્થો સર્જ્યા કરે છે. (૬)

ક્ષમા, ધૈર્ય, અહિંસા, સમભાવ, સત્ય, સરળતા, ઇંદ્રિયજય, દક્ષતા, મૃદુતા, લજ્જા, ચપળતાનો અભાવ, કૃપણતાનો અભાવ, ક્રોધનો અભાવ, સંતોષ, પ્રિયવાદીપણું, નિર્લોભતા અને અદેખાઈનો અભાવ — એ સૌ ગુણોનો સરવાળો, તેનું નામ જ ઇંદ્રિયનિગ્રહ છે. (૭-૮)

[મહાભારત, શાંતિપર્વ, ૧૬૦, ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫-૬]

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[illegible]
1[illegible]-9-1998

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar